॥ ૐ અનાદિ શ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ ॥

ભકતોની અભ્યર્થનાઓ તેમજ ભકતોની સેવા-ઉપાસના-અનુસંધાનો

અંતર્ગત

દેશ વિદેશથી પ્રગટ ભગવાન પર આવેલા ભકતોના પત્રોનો સંગ્રહ



: લેખક :

શ્રીહરિ શરણાગતિ મંડળ (મહારાજના ભકતો)

: પ્રાપ્તિ સ્થાન :

પરમધામ સ્મૃતિ મંદિર-ગાદી સ્થાન, જુનાગઢધામ

: પ્રકાશક :

શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી (મો. ૯૯૭૪૩ ૬૨૧૦૮)

આ ગ્રંથના સર્વહક પ્રકાશકને આધીન છે. - પ્રકાશન : ઈ.સ.૨૦૨૪

પત્ર નં.-૧ તા. ૩-૯-૭૫

નાના ગોખરવાળા, જીલ્લો અમરેલી, સૌરાષ્ટ્ર.

મુકામ જુનાગઢ વિરાજમાન શ્રીસદ્‌ગુરુજી પરમપૂજ્ય અનન્તકોટિબ્રહ્માણ્ડોના અધિપતિ પુરુષોત્તમનારાયણ કાલ કર્મ માયાના પ્રેરક ભક્તવત્સલ દિનબન્ધુ દયાસિન્ધુ ભક્તોના શુભ સંકલ્પો પૂરનારા સદ્‌ગુરુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, તથા કોઠારી સ્વામી સ્વયંપ્રકાશદાસજી તથા શાસ્ત્રી દેવપ્રકાશદાસજી તથા પુરાણી આત્મપ્રકાશદાસજી તથા પાર્ષદ હેમતભક્ત આદિક સર્વે સન્તમંડળને અમારા જાજા કરીને દંડવત્ પ્રણામ સાથ જય શ્રીસ્વામિનારાયણ કહેજો અને વાંચજો.

નાના ગોખરવાળાથી લિખિતં આપના દાસોનો દાસ મનજીભાઈ પુનાભાઈ તથા કાનજીભાઈ તથા હરજીભાઈ તથા શંભુભાઈ તથા હરદાસભાઈ તથા ડુંગરભાઈ આદિક સર્વે હરિભક્તોના જય સ્વામિનારાયણ વાંચજો.

તમારા આશીર્વાદની ભગવાનજી ઉપર લખેલ ટપાલ મળી, વાંચીને ઘણો આનંદ થયો છે, તમારી કૃપાથી અને તમારા ભક્તોની કૃપાથી અમો સુખી આનંદમાં છીએ, તમારી અમારા ઉપર અપાર દયા છે, તો હે મહારાજ ! હે કૃપાસિન્ધો ! હે શરણાગતવત્સલ ! અમારી પ્રાર્થના સાંભળજો, હે મહારાજ ! તે પ્રાર્થના એ છે કે આંહી શિખરબંધ મંદિર બાંધો અને તમારી પ્રતિમા પધરાવો અને તમો તમારા ભક્તોને આંહી રાખો, અને તમારું, સુખ આપો. અને અમોને તમારી તથા તમારા ભક્તોની સેવા આપો. આહીંથી જૂનાગઢ છેટું થાય તથા ગઢડા છેટું થાય તો વચલે ગાળે ધામ બાંધો અમો અમારું સર્વસ્વ મહારાજ તમોને અર્પણ કરીએ છીએ. એવી અમારી પ્રાર્થના છે, તો દયા લાવી અંગિકાર કરજ્યો, અને તમારો નિશ્ચય છે તેવોને તેવો જ રહે. અને અમારા દોષો હોય તે સામું જોતા નહિ, અને દોષો ટળે એવી બુદ્ધિ આપજ્યો. થોડું લખ્યું છે પણ અનન્તગણું લખ્યું છે એમ માનજ્યો, આ શુભ અમારો સંકલ્પ પૂરો કરો, દિલે દયા ધરીને જરૂર સફળ કરો, આ અરજ દિલે દયા ધરીને અંગિકાર કરજ્યો.

દસ્કત આપના સેવકોનો સેવક હરજી પુના પટેલના જાજા કરીને દંડવત્ પ્રણામ છે, અને મારા બાપા તમોને પ્રાર્થના કરીને લખાવે છે કે શરીરે વા બહુ પીડા કરે છે, તો તે ઓછો કરો, કાં તો ધામમાં લઈ જાઓ, એવી પ્રાર્થના છે. પટેલ હરજી મનજી પુના સાંગાણીના દંડવત્‌સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો. શ્રીહરિશરણાગતિ મંડળ સન્તો સત્સંગિઓને અમારા જય શ્રીસ્વામિનારાયણ કહેવા. જરૂરને જરૂર પધારજો.

❖❖❖❖❖

પત્ર નં-૨ તા. ૬-૧૧-૭૫

મુકામ ચાવડા, વાયા જામવણથળી, જિલ્લો જામનગર, સૌરાષ્ટ્ર.

ઓં શ્રી શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને નમો નમઃ । શ્રીસ્વામિનારાયણભગવાન સત્ય છે, સ્વસ્થાન શ્રીગામ જૂનાગઢ મધ્યે પ્રગટ ભગવાન શ્રીહરિ દયાસિન્ધુ પતિતપાવન અધમ ઉધ્ધારણ સર્વના નિયન્તા સર્વના બેલી, સર્વકાળથી રક્ષા કરનારા સર્વના અંતર્યામી સર્વથી શ્રેષ્ઠ તથા અક્ષરધામના અધિપતિ એવા પ્રગટ ભગવાન શ્રીશાસ્ત્રીજી મહારાજ તથા સંતમંડળ તથા પાર્ષદ હેમત ભગત આદિક સર્વેના ચરણોમાં અમારા દંડવત્પ્રણામ સહિત જય સ્વામિનારાયણ વાંચશો.

શ્રી ચાવડાથી લિખિતં દાસનો દાસ ચરણકમળ સેવક મગનલાલ તથા મારા બાપુજી હંસરાજ ભગત તથા કેશવજી બાપા પૂજારી તથા ટપુલાલ ભગત આદિકના દંડવત્પ્રણામ સહિત નમસ્કાર સ્વીકારશો.

હે પ્રભુ ! આપ તો દયાળુ છો, આપે તો ઉત્તમ જોર આપ્યું છે, હે પ્રભુ, અમો બધા તમારી દયાથી સુખિયા છીએ. આપની દયાથી બાજરી તથા જારનું ઘર ભરાઈ ગયું છે, પ્રભુ મારી દિવાળી પહેલા આવવાની ઇચ્છા હતી કે મગફળીના ઓળા મહારાજને આપી આવું, પણ આપને ત્યાં ન અવાયું, હે પ્રભુ આપ તો કૃપાળુ છો, હું ઓણ સાલ S.S.C. મેટ્રીકમાં જામવણથલી ભણવા જાઉં છું, મારે કયા વિષય રાખવા ? તે આપ કહો. બીજગણિત અને વાણિજ્યગણિત જુદાં છે, ૭૫ ટકા વિદ્યાર્થીઓએ વાણિજ્યગણિત રાખેલ છે, અમો ૨૫ ટકાએ બીજગણિત રાખ્યું છે, તો હું કયુ ગણિત રાખું ? અને અંગ્રેજી પણ રાખ્યું છે, અંગ્રેજી પણ ૭૫ ટકા વિદ્યાર્થીઓએ છોડી દીધેલ છે. કારણ કે અઘરું છે, પણ તેના વિના ભણવું જ નથી, આથી અંગ્રેજી રાખ્યું છે, પ્રભુ આશીર્વાદ આપીને કાગળનો જવાબ જરૂર જરૂર લખજો, હવે ચણાના ઓળા થાય ત્યારે આવવાની ઇચ્છા છે. બીજગણિત અથવા વાણિજ્યગણિતમાં હું કયું રાખું ? આપ કહો તે રાખું, બીજગણિત અઘરું છે. તેમ કિમ્મત વધારે છે, વાણિજ્ય સહેલું છે, તેમ કિમ્મત સાવ નથી, અંગ્રેજીમાં અથવા આપ કહો તેમાં રહું, આશીર્વાદ આપજ્યો. જેથી સહેલું લાગે.

બસ એ જ લિ. દાસનો દાસ ચરણકમળ સેવક મગનલાલ હંસરાજભાઈ રાઠોડના દંડવત્ પ્રણામ સહિત પૃથિવીસ્પર્શી નમસ્કાર સ્વીકારશો. હે ભગવન સારા સારા આશીર્વાદ આપજ્યો.

❖❖❖❖❖

પત્ર નં-૩ તા. ૩-૧૨-૭૫

શ્રીસ્વામિનારાયણાય નમઃ

સ્વસ્થાન ગામ જુનાગઢ મધ્યે પરમપૂજ્ય શાસ્ત્રીજી મહારાજ તથા સંત મંડળને અમારા જય સ્વામિનારાયણ છે. **એતાન ગામ ફુગેવાડીથી લિ. સેવક શામજી હીરજી ચૌહાણ તથા ધરમશી હીરજી ચૌહાણ તથા અન્ય નાના મોટા હરિભક્તોના જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો,** બાદ લખવાનું કે - તમારો કાગળ મળ્યો, વાંચી ઘણો આનંદ થયો છે, અને આંહી સર્વે તમારી દયાથી આનંદમાં છીએ, કામધંધા ચાલ્યા રાખે છે. ભજન કથા કીર્તન કરિએ છીએ, મંદિરે જઈએ છીએ, તમો અવતારોના અવતારી પરમપૂજ્ય શાસ્ત્રીજી મહારાજ મલ્યા છો તો તમારી દયાથી અમો સર્વે સુખિયા છીએ, વધારે લખતો નથી પણ મારા મોટાભાઈ ધરમશી હીરજી ચૌહાણને ઘરે કાંઈ સંતાન નથી, તો તમો આશીર્વાદ આપો તો જલ્દી સંતાનવાળા થાય, લગ્ન કર્યા તેને આઠ વર્ષ થયા તો પણ હજું કાંઈ સંતાન નથી. પૂજ્ય શાસ્ત્રી મહારાજને માલમ થાય જે અમો કેના દિકરા છીએ, તેના તમો સ્વામી છો, તે હીરજી પેથાના છીએ, વધારે કાંઈ લખાઈ ગયું હોય તો માફ કરશો.

લિ. સેવક શામજી હીરજી પેથા ચૌહાણના જય સ્વામિનારાયણ વાંચજ્યો. અમારું શિરનામું - શામજી હીરજી તથા ધરમશી હીરજી પેથા ચૌહાણ, મું. ફુગેવાડી, પોષ્ટ દાપોડી, જિલ્લો પૂના, નં. ૧૨, ઠે. સીતારામ ફુગેની ચાલ, બંને ભાઈઓનું એક જ શિરનામું છે. બસ એજ.

❖❖❖❖❖

પત્ર નં-૪ તા. ૫-૧૨-૭૫

શનિવાર, ફુગેવાડી, પૂના-૧૨.

સ્વસ્થાન શ્રીગામ જૂનાગઢ મધ્યે મહાશુભસ્થાને વિરાજમાન શ્રી પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંત મંડળ તથા હેમન્ત ભગત આદિકને આપ સુખી રાખો. **એતાન ગામ પૂના ફુગેવાડીથી લિ. ચરણકમળ સેવક દયાળજી તથા વેલજીભાઈ તથા બંને મોહન ભક્ત તથા ભગવાનજીભાઈ આદિક શ્રીહરિશરણાગતિમંડળના પૃથ્વી સ્પર્શી દંડવત્ પ્રણામ સ્વીકારશો,** બાદ લખવાનું જે હું અને ધીરજલાલ તા. ૭-૧૨-૭૫ના રવિવારના રોજ મુમ્બઈથી પ્લેનમાં દુબઈ જવાના છીએ, જાવાનું ઓચિંતાનું થયું એટલે પત્ર વહેલાસર લખી શક્યો નથી, ત્યાં પહોંચ્યા પછી પત્ર લખીશ, કૃપાદૃષ્ટિ રાખજ્યો, આશીર્વાદ ઇચ્છિએ છીએ, ખૂશી આનંદમાં છીએ, લિ. ચરણકમળ સેવક દયાળજીના દંડવત્ પ્રણામ સ્વીકારશો.

❖❖❖❖❖

પત્ર નં-૫ તા. ૯-૧૨-૭૫

પૂના.

શ્રીહરિ: શરણં મમ

સ્વસ્થાન ગામ શ્રી જૂનાગઢ મધ્યે મહાશુભસ્થાને પર પુરુષોત્તમ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીસ્વામિનારાયણ તથા સ્વયં પ્રકાશદાસજી તથા દેવપ્રકાશદાસજી તથા પાર્ષદ હેમતભગતરાજ વિગેરે અમારા સાષ્ટાંગ દંડવત્ સાથે જયશ્રીસ્વામિનારાયણ સ્વીકારજો. હાલમાં હરિલાલ વેલજીભાઈ ખોલિયા પૂના આવ્યા છે, આપના આશીર્વાદો આનંદ આપ્યા કરે છે, તીર્થની યાદગિરી અહોનિશ રહે છે, તીર્થમાં વસેલા શ્રીકૃષ્ણ નારાયણ સ્વામીને અહોનિશ યાદ કરીએ છીએ. આનંદ આનંદ માનીએ છીએ. અમારે ઘેર તમારા આશીર્વાદ પ્રતાપથી બાબાનો જન્મ તા. ૮, સોમવાર, સવારમાં સાડા આઠે થયો છે, તો તેનું નામ આપશો.

પૂનાથી લિ. મોહન કરશન તથા વેલજી રવજી તથા ભગવાનજી રાજાભાઈ તથા રામજી જેઠા વગેરે શ્રીહરિ શરણાગતિમંડળના તમામના જયશ્રીસ્વામિનારાયણ સ્વીકારશો. રક્ષા કરો છો તેથી સુખી છીએ. હરિકૃષ્ણ સાજો થઈ જાય તેમ આશીર્વાદ લખજ્યો, શ્રીજીરક્ષા બાંધી છે, તાવ ઉતરી જાય તેમ કરજ્યો. આપના શ્રીકૃષ્ણનારાયણ સ્વામિનારાયણ ચમત્કાર ભરેલા શાસ્ત્રો વાંચીને મહા આનંદ થાય છે, તેજ પ્રત્યક્ષ આપ જ શ્રી અનાદિ શ્રી કૃષ્ણનારાયણ સ્વામી છો, તમો મલ્યા તેનો કાયમ કેફ છે, અને વધારે કેફ રહે તેવા આશીર્વાદો લખજ્યો, ભક્તો વધારે રાજી થાય તેમ વધારે જ્ઞાન ભક્તિ લખજ્યો, આનંદ દેતા આવ્યા છો માટે આનંદ વધારે થાય તેમ આનંદ આપો, દ: સેવક મોહન કરશન મનાણીના કોટી કોટી દંડવત્ પ્રણામ સ્વીકારજ્યો.

❖❖❖❖❖

પત્ર નં-૬ તા. ૯-૧૨-૭૫

પોષ્ટ દાપોડી, મુ. ફુગેવાડી, ડી. જી. બાગલની દુકાને, પૂના-૧૨.

સ્વસ્થાન શ્રીગામ જૂનાગઢ મહાશુભસ્થાને મારા વહાલા પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા કોઠારી સ્વામી તથા દેવસ્વામી તથા હેમત ભગત તથા સંત મંડળ પ્રતિ, **એતાન ગામ ફુગાવાડીથી લિ. આપનો દાસાનુદાસ સેવક રતિલાલ પ્રેમજી વાઘેલા તથા ભરત તથા વેલજી ભગત તથા ભગવાનજી ભગત તથા રામજી ભગત તથા સર્વે શ્રી હરિશરણાગતિમંડળના જાજા કરીને જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.** બાદ લખવાનું જે લગભગ ત્રણ વર્ષો પહેલાં મારા માતુશ્રીની છેલ્લી ઘડીએ મેં બે મણ જાર તેમની પાછળ કબુતરોને ચણ નાંખવાનું

કહેલ, તે બાદ થોડી મિનિટોમાં તેનો અક્ષરવાસ થયેલ, પણ તે ટાઇમે મારી પરિસ્થિતિ નાખી શકાય તેમ ન હતી, તે પછી પણ હું નાખી શકેલ નથી, તો હવે નાખી દઉં કે શું કરું ? કે તેમની પાછળ બીજું કાંઈ પણ કરું ? તેમના આત્માનું સારું થાય એ પ્રમાણે મને જણાવશો એટલે તે હું કરી નાખું, મારી તબીયત બરાબર રહેતી નથી, શરીરમાં જરાય પણ શક્તિ લાગતી નથી, હાથ-પગ દુખ્યા રાખે છે. હાથથી કામ થાય તેવી હાથમાં શક્તિ નથી લાગતી, તો તમો ભગવાનને યોગ્ય લાગે તેમ જણાવશો, પ્રસાદી કે શ્રીજી રક્ષા જે મોકલતા હો તે મોકલશો, તમો તો બધુ જાણો છો, ભગવાન પ્રગટ છો. અંતર્યામી છો, મેં મજુરી કામ રાખેલ છે, તે ચાલુ કરેલ છે, તો તે આગળ ચાલુ રાખવામાં કાંઈપણ વાંધો નથી ને ? તે અને કામ ઓચિન્તુ નક્કી થયેલ એટલે તમારી સલાહ આજ્ઞા લઈ શકેલ નથી, અને આગળનું કામ નક્કી થાય તો રાખવામાં કાંઈપણ વાંધો નથી ને ? તે જણાવશો, આંહિયા સર્વે ભક્તજનો તમારી કૃપાથી સુખી છીએ. આ પત્રમાં લખાણમાં કાંઈ પણ ભૂલચૂક થઈ ગયેલ હોય તો માફ કરશો. લિખિતં આપનો ભક્ત સેવક દાસ રતિલાલ પ્રેમજી બાલંભાવાળાના દંડવત્ પ્રણામ સ્વીકારશો.

❖❖❖❖❖

પત્ર નં-૭ તા. ૧૦-૧૨-૭૫

મંગળવાર, પાનોજાલ, પો. બો. નં. ૫૪૧, યુ. એ. ઈ., દુબઈ.

સ્વસ્થાન શ્રી શહેર જૂનાગઢ મધ્યે મહાશુભસ્થાને વિરાજમાન પ્રગટ ભગવાન શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંત મંડળ તથા હેમત ભગત આદિકને આપ પ્રભુજી સુખી રાખો, **એતાન ગામ શ્રી દુબઈથી લિ. ચરણકમળ સેવક દયાળજી તથા ધીરજલાલ તથા પુરુષોત્તમ મનજી મનાણી આદિકના ઘણાં ઘણાં દંડવત્ પ્રણામ સાથે જયશ્રીસ્વામિનિરાયણ સ્વીકારશો.** બાદ લખવાનું કે હું તારીખ ૮-૧૨-૭૫ને રવિવારે દુબઈ પહોંચી ગયો છું, તમો પ્રભુ રક્ષા કરો છો, હરેક જગ્યાએ રક્ષણ કરતા રહો છો, પણ અમો જ એવા છીએ કે - તમોને ભૂલી જાઈએ છીએ, અમો પ્લેનમાં અર્ધે રસ્તે પહોંચ્યા ન હતા ત્યાં પાઈલોટ હાંકનારે ખબર આપ્યા કે - પ્લેનમાં આગ લાગવાનો સંભવ છે, પછી તમારું ભજન કરવા લાગ્યા, તમારી દયાથી પ્લેન ધીમું પડ્યું પણ આગ ન લાગી, અને દુબઈ સુરક્ષિત પહોંચી ગયા, તમો કુંજવૃત્તિ રાખજ્યો, કાલા ઘેલા ગાંડા તોય તમારા ભક્ત દાસ છીએ, તમારો આશરો છે, માટે શરીરે સારું છે. અત્યારે આંહિયા ઠંડી પડે છે, ખાવાનું હાથે બનાવીએ છીએ, થોડી ઘણી સેવા કરવી છે તો વળતાં પત્રમાં પૂરું એડ્રેસ નંબર ખાતું જેમ તમને મળે તેમ મોકલવા કૃપા કરશો, એજ લિખિતં સેવક દયાળજી અને પરશોત્તમ મનજીના કોટાનકોટિ દંડવત્ પ્રણામ સ્વીકારજો.

❖❖❖❖❖

પત્ર નં.-૮ તા. ૧૧-૧૨-૭૫

રાન્દેર, રામનગર, સુરત.

સેવક ભાયલાલ રાજાભાઈ તથા અમારા સહકુટુમ્બના જયશ્રીસ્વામિનારાયણ વાંચજો.

પ્રગટ પરબ્રહ્મ ભગવાન સદ્‌ગુરુજીને માલમ થાય જે દીવાળી પહેલા મેં તમોને એક પત્ર લખેલ છે તે મળી ગયો હશે, અને દસ સેવામાં મોકલ્યા છે તથા બીજા પાંચ મોકલું છું મળ્યા પછી આશીર્વાદ લખજ્યો દયાભાવ રાખજ્યો એટલે કામકાજ સારા ચાલ્યા કરે તમો રાજી રહેજ્યો, તમો સાક્ષાત્ ભગવાન છો, દયાળુ તમારા આજ મને દિવ્ય ચતુર્ભુજ દર્શન થયા છે, તમારી દયાથી બધાં આનંદમાં છીએ, કરૂણાસાગર તુરતજ પત્ર લખવા કૃપા કરશો. બસ એજ સેવક ભાયલાલાના જયસ્વામિનારાયણ સાથે દંડવત્ પ્રણામ સ્વીકારજો.

❖❖❖❖❖

પત્ર નં.-૯ તા. ૧૧-૧૨-૭૫

શુકવાર, જામવણથળી.

સ્વસ્થાન શ્રી ગામ જૂનાગઢ મધ્યે મહાશુભસ્થાને સર્વોપરિ ઉપમાવાળા અક્ષરાધિપતિ પૂર્ણ પૂરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ સર્વના કર્તા હર્તા સર્વના સ્વામી સર્વના નિયંતા સર્વના કર્મફળ પ્રદાતા ભગવાન પ્રતિ - **જામવણથળીથી લિખિતં તમારા ચરણકમળ સેવક રાઘવ પોપટ પોરીયા તથા જયન્તીલાલના જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** શાસ્ત્રીજી મહારાજ હવે આઠ દસ દિવસોમાં મારે મુમ્બઈ જાવું છે, તો મહારાજ કૃપાદૃષ્ટિ કરજ્યો જે તમારી દયાથી મને કાંઈ વાંધો આવે નહિ, કારણ કે હું પહેલીવાર જાઉં છું, અને ત્યાં ફાવી જાય તથા તબીયતને કાંઈ વાંધો ન આવે અને કામ શીખીને બરાબર કારીગર થઈ જાઉં એવી મહારાજ દયા કરજો, અને પ્રભુ સ્વામી સાથે થોડી મગફળી તથા થોડો બાજરો તથા થોડી મગની દાળ મોકલેલ છે તે જાણશોજી. અને બસોક મણ જેવી મગફળી થઈ છે, અને ૧૦૦ સો મણ બાજરો થયો છે અને દસ બાર મણ મગ થયા છે, અને મોસમ બધી વાવી છે તે જાણશોજી, અને હે ભગવાન શ્રીજીમહારાજ રાજી રહેજ્યો, અને હવે ચણા વાવ્યા છે, અને થોડી એરંડી વાવી છે.

હમણાં તા. ૧૨-૧૨-૭૫ના રોજ મારા બાપુજી બાજરો ઉપણતા હતા તે ઘોડી ઉપરથી પડી ગયા છે તો હાથ બહુ જ દુઃખે છે તો મહારાજ કૃપા કરજ્યો, અને હે ભગવાન અમારા બધાના જય સ્વામિનારાયણ વાંચજ્યો, અને ભરત આઠમી ભણે છે. અને બધાને સારું છે, તમો બધું જાણો છો, અમારે મહારાજ ! એક જ બળદ છે અને એક બળદ લેવાનો વિચાર છે તો લઈએ તો સારું કે કેમ ! તે વળતી ટપાલમાં લખજ્યો, બસ એજ અમારા સર્વેના જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી, ભૂલચૂક માફ કરશોજી.

❖❖❖❖❖

પત્ર નં.૧૦ તા. ૧૩-૧૨-૭૫

સોમવાર, વાણીયાવાડી, શેરી નં. ૭, ગલીમાં, રાજકોટ.

મોટા ગુરુજી શાસ્ત્રીજી મહારાજ તમે ભગવાન છો, દયા કરો, હે પ્રભુ મોટા બાબાને ઓરી નિકળ્યા છે તો તમો દયા કરો જીવજ ઠીક નથી, તો ખૂબ દયા કરો, ભગવાન તેને ઉગારો, સાજો નરવો કરો, આશા તૂટી ગઈ છે, અમે જીવ શું કરીએ, હે ભગવાન દયા કરો, જુનાગઢ બેઠા ધ્યાન કરો અને માંદગીથી ઉગારો, ગરીબના બેલી છો, નોધારાના આધાર છો, ચમત્કારી છો, તમારા પરચા ઘણાય થાય છે, અમારું સારું કરો, હે દીનબંધુ **સેવક દલાલ બાબુલાલ મોહનલાલના જય સ્વામિનારાયણ વાંચજ્યો.**

❖❖❖❖❖

પત્ર નં.૧૧ તા. ૧૭-૧૨-૭૫

ફુગેવાડી, પૂના.

અનાદિશ્રીકૃષ્ણનારાયણપ્રભુને નમો નમઃ

સ્વસ્થાન શ્રી જુનાગઢ મધ્યે સ્વસ્વરૂપ વિરાજમાન એવા અમારા પ્રભુ તથા સન્તમંડળને તમો પ્રભુ સુખી રાખો. **પૂના, ફુગેવાડીથી લિખિતં આપનો દાસોનો દાસ ચરણ સેવક રામજી જેઠા તથા વેલજી ભગત કુટુંબ એ સાત સર્વે શ્રીહરિ શરણાગતિ મંડળના દંડવત્પ્રણામ સહિત જય સ્વામિનારાયણ વાંચશોજી.** પ્રભુજી ! જણાવવાનું જે સાંજ સવાર તમારું ભજન કરિએ છીએ અને કામે જાઈએ છીએ, આંહિયાથી છ સાત ભક્તો ઈરાન જવા માટે નામ લખાવવાનાં છે, તો તમારી આજ્ઞા હોય તો હું નામ લખાવું ?, બીજી વિગત કુશળ છીએ, તમારી ભક્તિ ભજન વધે, આલસ નિદ્રા ઓછાં થાય એવી કૃપા કરશોજી, પાની બેન, પ્રભા, પુષ્પા, વગેરે પ્રાર્થના લખાવે છે જે સાજા નરવા રહિએ ભજન કરીએ દુઃખ ન પડે તેવી દયાદૃષ્ટિ રાખજ્યો, રક્ષા કરતા રહેજ્યો, ભૂલચૂક માફ કરજ્યો, અપરાધ ગણશો નહિ એજ દઃ દાસનો દાસ રામજી જેઠાના પૃથિવી સ્પર્શી દંડવત સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી.

❖❖❖❖❖

પત્ર નં.૧૨ તા. ૧૮-૧૨-૭૫

સુરત.

શ્રીભગવાન ગુરુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, શ્રી જૂનાગઢમાં વિરાજમાન પરમકૃપાળુ પ્રભુ શાસ્ત્રીજી મહારાજ પ્રતિ, **સુરતથી લિ. સેવક શાન્તિલાલ પૂંજાભાઈના દંડવત સ્વીકારજ્યો.** લખવાનું કે - હું જામવંથળીથી તા. ૧૫-૧૨-૭૫ના સુરત

પહોંચી ગયો છું, અને ગુરુદેવ શ્રીહરિ આપની દયાથી કામે પણ ચઢી ગયો છું, કામકાજ સારાં ચાલે છે, હે પ્રભુ અમારી ઉપર તમો રાજી રહેજ્યો, અમારું ધ્યાન રાખજ્યો, સારી સત્ બુદ્ધિ આપજ્યો, જેથી કરીને અમારે હાથે કોઈ ખરાબ કામ ન થાય, અને કોઈ ભૂલથી થઈ જાય તો માફ કરશો, સારાં કામ થાય એવા આશીર્વાદો આપજ્યો, ગુરુદેવ તમો તો પ્રગટ ભગવાન છો શ્રીહરિ છો અક્ષરધામના અધિપતિ છો, તમારા કેટલાય પરચા ચમત્કારો બધાય માણસો ગાય છે, આપ તો બધું જાણો છો, બધું પ્રત્યક્ષ દેખીને કહી દિયો છો, અને લખવાનું જે મને પેટનો દુઃખાવો રહે છે, રાતની નિદ્રા ઓછી આવે છે, ક્યારેક તો દુઃખાવાને લીધે ઊંઘ આવતી પણ નથી, હવે તો તમો મટાડો તો દુઃખ મટે, અને કામકાજમાંથી તમારી સેવા કરીશ, વધારે રાજી રહેજ્યો, અને સારાવાનાના આશીર્વાદ આપજ્યો, તથા સુખી રાખજ્યો, આજ સવારે જાગતી વખતે તમારા દર્શન થયાં, તે નજરોનજર તરી વળે છે, આજ મારા પેટમાં બિલકુલ નિરાંત છે, તેમને તેમ રક્ષા કરતા રહેજ્યો, ત્યાનાં મંડળને અમારા જય શ્રીસ્વામિનારાયણ કહેશો, અને અમારા બધાના જયશ્રીસ્વામિનારાયણ વાંચશો. લિ. સેવક ભક્ત શાન્તિલાલના દંડવત્ પ્રણામ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૩ તા. ૧૯-૧૨-૭૫

ફુગેવાડી, પૂના.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ નમો નમઃ, શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ

સ્વસ્થાન શ્રીજુનાગઢ મધ્યે શ્રી અનાદિકૃષ્ણનારાયણ પ્રતિ લિ. **ફુગેવાડીથી સેવક વાલજી કેશવજી ચોટલીયા તથા વેલજીભાઈ તથા મોહનભાઈ તથા સર્વ શ્રીહરિશરણાગતિ મંડળના સાષ્ટાંગ દંડવત્પ્રણામ વાંચશોજી.** સેવક વાલજીનું લખવાનું કે મારે ઈરાન જવા માટે પાસપોર્ટ કઢાવવો છે તો આજ્ઞા આપો તો કઢાવું, તમો ભગવાન રાજી રહો તેમ કરવું છે, આંહિયાં પણ કામકાજ ચાલ્યા કરે છે, સુખી છીએ, કૃપા છે તેથી વિશેષ રાખશોજી, સહુ મજામાં છીએ, ત્યાં આપ પ્રભુના દર્શન કરવા ગંગદાસ તથા નારણ તથા ડાયાલાલ આવ્યા હશે, તો જણાવવાનું જે આહીં નવું સિંહાસન બનાવવાનું ચાલુ છે, પહેલા સિંહાસન હતું નહિં, તેથી કરિએ છીએ, અને ભગવાનની મૂરતિ પધરાવીને વધારે ભજન કથાવાર્તા કરીશું, અને આંહી કામધંધો સારો લાગી જાશે તો પરદેશ નથી જાવું, કારણ કે ફુગેવાડી ભક્તમંડળ સત્સંગ છોડીને જાવાનું મન થાતું નથી, ભજન કરીએ છીએ, કૃપા રાખજ્યો, દર્શન દેતા રહેજ્યો, તમારા દર્શન વાર તહેવારે ઘણાને થાય છે સુખ થાય છે. દુઃખી થવા દેશો નહિ, બસ એજ. સેવક વાલજીના સાષ્ટાંગ દંડવત્પ્રણામ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.

❖❖❖❖❖

પત્ર નં-૧૪ તા. ૧૯-૧૨-૭૫

જામવણથળી.

પ્રગટભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમઃ, સ્વસ્થાન શ્રી ગામ જુનાગઢ મધ્યે પરમપૂજ્ય અનાદિશ્રીકૃષ્ણનારાયણ દયાના નિધિ કરૂણાસાગર પરમકૃપાળુ પરમાત્મા ભક્તવત્સલ ધારક રક્ષક પ્રેરક ભક્તપ્રતિપાળ સર્વજ્ઞ સર્વકર્તા સર્વકારણ અમારા જીવનપ્રાણ એવા પરમપુરુષ પુરુષોત્તમ નારાયણ, તમો આ ભરતખંડમાં પોતાનું નામ શ્રીકૃષ્ણવલ્લભચાર્યજી સ્વામિનારાયણ એવું રાખીને વિચરતા એવા ગુરુદેવ પ્રભુજી પ્રતિ - **ગામ જામવંથળીથી લિખિતં આપને અહોનિશ યાદ કરનાર દાસોનો દાસ ચરણકમળ સેવક છગનલાલના કોટાનકોટિ દંડવત્પ્રણામ સહિત શ્રીહરિશરણાગતિમંડળના જયશ્રીસ્વામિનારાયણ વાંચવા કૃપા કરશોજી.** વિનન્તિ સાથે લખવાનું જે - આપના તરફથી ભક્તજન દ્વારા ખુશી આનન્દના સમાચાર મળ્યા તે જાણીને કૃતાર્થ થયો છું, વલી પણ આપના સમાચાર મોકલી આનન્દિત કરવા પ્રાર્થના છે. ગુરુજીમહારાજ ! આપની કૃપાથી અમો સર્વે આનન્દમાં છીએ આંહીથી સર્વેના જયશ્રીસ્વામિનારાયણ વાંચવા કૃપા કરશોજી તથા સર્વ સન્તમંડળને મારા જય શ્રીસ્વામિનારાયણ કહેશોજી. આપ તો સર્વજ્ઞ છો બધું જાણો છો છતાં મારી ફરજ પ્રમાણે લખું છું, તો માફ કરશોજી.

મારી તબીયત હવે સુધારા ઉપર છે જે આપની કૃપાનો તથા આશીર્વાદનો જીવતો જાગતો પૂરાવો છે, આપ રાજી રહેજો, અઘટિત લખાણું હોય તો માફ કરશોજી કારણ કે તમો ભગવાન મારા માતા-પિતા, બંધુ, મિત્ર-સખા આધાર ગુરુદેવ જે કહું તે સર્વસ્વ તમેજ છો. જે આ લોકમાં કે પરલોકમાં કહેવાય છે મેળવાય છે કે પમાય છે તે બધું મેળવવા યોગ્ય અને પામવા યોગ્ય આપ જ છો, યોગ્ય અયોગ્ય લખાણું હોય તેની ક્ષમા કરશોજી, ખુશીના પત્રનો જવાબ આપવા કૃપા કરશોજી, રાજી રહેજ્યો એજ પ્રાર્થના છે. લિ. આપને અહોનિશ યાદ કરનાર દાસોનો દાસ ચરણકમળ સેવક છગનલાલના કોટાનકોટિ દંડવત પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી અમો કુટુંબસહિત સાજાનરવા સુખી રહિએ તેવી નિગાહ રાખશોજી.

❖❖❖❖❖

પત્ર નં-૧૫ તા. ૨૨-૧૨-૭૫

દુબઈ.

સ્વસ્થાન ગામ જુનાગઢ નિજમંદિરમાં વિરાજમાન પ્રગટ ભગવાન સ્વામિનારાયણ મારા ઇષ્ટદેવ સદ્‌ગુરુ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મારા દંડવતસહિત પ્રણામ સાથ જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

આપનો સેવક દાસોનો દાસ બાળક અમરસીના દંડવતપ્રણામ સાથે તથા શ્રીહરિશરણાગતિમંડળના પણ દંડવતપ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ સ્વીકારજ્યો. અમો તમારું ભજન કરિએ છીએ અને કથા વારતા કરિએ છીએ. અને નવીન કાંઈ હોય તો લખજ્યો. સવારે વચનામૃત વાંચિએ છીએ અને સાંજે સવારે ભગવાનની તમારી સેવા પૂજા કરિએ છીએ, અને આનંદમાં છીએ. અને કાગળ વાંચીને કાગળ લખજ્યો, તમારા કાગળથી ઘણોજ આનંદ થાય છે અને દર્શન થાય છે, તમો અમને કુંજની વૃત્તિ પ્રમાણે સેવજ્યો, અમારા વાંક સામું જોશો નહિ. તમારો ગરીબ ભક્ત છું, તમારી ભક્તિ વધે તેમ રહું છું, અને શ્રીહરિશરણાગતિમંડળના સત્સંગમાં વરતુ છું, અને ભક્તિ કરું છું, મારી રક્ષા કરતા રહેજ્યો, દરશન દેતા રહેજ્યો, તમારો છું, કમાઉં અને સેવા કરું એમ માગું છું. બાળક અમરશીના જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૧૬ તા. ૨૨-૧૨-૭૫

દુબઈ.

શ્રીસ્વામિનારાયણને નમઃ

સ્વસ્થાન શ્રી જુનાગઢ મહાશુભસ્થાને સર્વગુણે સમ્પન્ન શ્રીહરિસ્વરૂપે પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની સેવામાં **ચરણરજ સેવક દાસનોદાસ રણછોડ રવજીના તથા નાનો ભાઈ કાન્તિલાલ તથા અમારા માતુશ્રી તથા અમારા પિતાશ્રી તથા નાના મોટા સર્વેના ઘણા સ્નેહથી જયશ્રી સ્વામિનારાયણ વાંચશો.** બીજું આપનું લખેલું નવા વર્ષનું કાર્ડ અમોને મળ્યું વાંચી ઘણો જ આનંદ થયો, તો કાયમને માટે અમારા ઉપર દયાદૃષ્ટિ રાખશો. બીજું ઓણસાલ મગફળી બાજરો કપાસ ત્રણ થયા છે, અને વાડીમાં દસ વિઘામાં ઘઉં વાવેલ છે, બીજું અમારા બનેવી રમણિકલાલ ફુગેવાડી રહે છે અને અમારા બેન ફુગેવાડીથી વણથળી આંટો દેવા આવેલ છે, તે લખાવે છે કે મારા સાસુ એટલે રમણિકના બા ધામમાં ગયા, અને અમારા બેનની બેબી સાત વરસની છે તે રાતના બે ત્રણ વાગ્યે ઉંઘમાંથી ઉઠી જાય છે અને રાડ્યોરાડ્ય કરે છે અને કહે છે કે જો મોટા બા આવ્યા, તે કહે છે કે કાળા મોઢાવાળો જણ સફેદ કપડા પહેરીને આવ્યો છે, અને મોટું જનાવર આવીને મારા પગમાં ચાંચ મારે છે. આમ દરરોજ રાતના રાડ્યું પાડે છે, અને ત્રણમાંથી એકનું નામ લિયે છે, તો આ શું છે શું થાય છે, તે ખબર પડતી નથી, અમારા બેન તથા બનેવી બહુ જ ચિન્તા કરે છે તો આનો ખૂલાસો લખશો.

બીજું આપના આશીર્વાદથી મારી આંખ્યને સારું છે, અને કાગળ પણ સારી રીતે વાંચી શકાય છે, તમો ભગવાન દયા કરીને દુઃખ મટાડજ્યો, તેની સદ્‌ગતિ થાય તેમ કરજ્યો, બસ એજ, પ્રાર્થના. લિ. આપનો સેવક રણછોડ રવજી ચૌહાણના તથા નાનો ભાઈ કાન્તિલાલ રવજી ચૌહાણ જામવણથળીના જયશ્રીસ્વામિનારાયણ વાંચશો. ભગવાન તમો અમારા જીવનું સારું કરજ્યો. બધાયને સુખી કરજ્યો. હું કાન્તિલાલ કૉલેજના બીજા વરસમાં જામનગર અભ્યાસ કરું છું, તો આપથી મને મારા અભ્યાસમાં પ્રગતિ કરું તેવા આશીર્વાદ ચાહું છું, બીજું અમારા બહેન હાલમાં વણથળી છે તેથી આ કાગળનો જવાબ જલ્દી વણથળી રણછોડભાઈને લખજ્યો. દસ્કત આપનો સેવક કાન્તિલાલના ઘણા સ્નેહથી લાખ દંડવત્ સહિત જયસ્વામિનારાયણ વાંચશો.

❖❖❖❖❖

પત્ર નં-૧૭ તા. ૨૩-૧૨-૭૫

દયાનંદ નગરમાં શેરી નાં ૨/૭ કાટખુણામાં, રાજકોટ.

પરમ પૂજ્ય ગુરુજી ભગવાન ! અમે જે તમને સોમવારના દિવસે તા. ૧૩નો ટપાલમાં કાગળ નાખ્યો અને ઘેર આવ્યો ત્યાં તો ઘરમાં તમો દેખાણા, બાબાને હાથ ફેરવતા જોયા, હું ઘરમાં આવ્યો, તમો બોલ્યા આવરદા નથી, તમો દેખાતા બંધ પડ્યા અને અરવિંદનો સ્વર્ગવાસ થઈ ગયો, તે અમે અરવિન્દને તપાસ્યો ત્યારે ખબર પડી, ભગવાનને ગમ્યું તેમ થયું, તે તો તમારું જ આખો દિવસ રટણ કર્યા કરતો હતો, તો તે જીવને તમારા ધામમાં લઈ ગયા, આ ચોથો બાબો ગુજરી ગયો, તો આ મકાનમાં કાંઈ વાંક છે કે પિતૃનો દોષ છે ? નડતર હોય તો અમોને કહો તે કરિએ, હે ગુરુજી ! દુધ જેવો દિકરો દીધો અને તમે લઈ લીધો, હવે બે ભાઈઓ રહ્યા છે તેને સાજા નરવા રાખજ્યો, તમો આપો આપ ભગવાન છો, તમો અમારા બધાની રક્ષા કરજ્યો, અમને દસ દિવસોથી અન્ન ભાવતું નથી, આ કાગળ શોક દુઃખને લઈને મોડો લખાણો છે, નાના બાબાની દવા ચાલું છે, રક્ષા કરજ્યો, દર્શન દેજ્યો, જેથી ખાવું ભાવે, નાના મોટા બધાના જય સ્વામિનારાયણ વાંચજ્યો, અમે થોડાક દિવસો પછી જુનાગઢ દર્શન કરવા આવિશું **કડીયા બાબુલાલ મોહનભાઈના કુટુમ્બ બધાના દંડવત્પ્રણામ સાથે સાથે જય સ્વામિનારાયણ વાંચજ્યો.**

❖❖❖❖❖

પત્ર નં.-૧૮ તા. ૨૭-૧૨-૭૫

ડી. કે. બાગલ્સ શોપ, ફુગેવાડી, પોસ્ટ દાપોડી, પૂના-૧૨.

સ્વસ્થાન શ્રી ગામ જુનાગઢ મહાશુભ સ્થાને મારા વ્હાલા પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા કોઠારી સ્વામી સ્વયંપ્રકાશદાસજી તથા દેવપ્રકાશસ્વામી તથા હેમતભગત તથા સર્વે સન્તમંડળને અમારા દંડવત્પ્રણામ સર્વેને આપ સુખી રાખો. એતાન **ગામ કુલવાડીથી લિખિતં આપનો ચરણ સેવક ભગત રતિલાલ પ્રેમજી તથા વેલજી ભગત તથા સર્વે શ્રીહરિ શરણાગતિ મંડળના જાજા કરીને જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.** તમોએ મોકલેલ શ્રીજીરક્ષા મળી ગઈ છે, અને દેવને થાળ કરવો છે તો મારી ઇચ્છા છે જે માગસર મહિનામાં મારા માતુશ્રીની ચૌદશની તિથિ છે તો તે દિવસે થાળ કરવા આજરોજ રૂપિયા ૨૫, પચીસ મોકલાવું છું, તો ચૌદશને દિવસે તમોજ રસોઇ કરી ભગવાનને થાળ ધરાવીને તમો મંડળ જમજ્યો. અને મારા માતુશ્રીને પણ ધામમાં જમે તેમ તમો તેને જમાડજ્યો.

તમો શ્રીહરિકૃષ્ણમહારાજ શ્રીકૃષ્ણનારાયણ ભગવાન છો, મારા માતુશ્રીએ કહ્યું હતું જે શાસ્ત્રીજી ભગવાન તેડવા આવ્યા છે અને જાઉ છું એમ બોલતાં જય સ્વામિનારાયણ સ્વામિનારાયણ ઉચ્ચારતાં જોબૂં ખાઈ ગયાં અને મોક્ષમાં ગયાં છે. વળી બીજું લખવાનું જે તા. ૧૮-૧૨-૭૫ ગુરુવારે વહેલી સવારે પુનમના ૪ ચાર વાગ્યે અને ૧૦ દસ મિનિટે એટલે બુધવારની રાત ઉતરતાંજ સવારમાં ચાર વાગ્યે અમારે ત્યાં બાબાનો જન્મ થયો છે તો તેમની રાશી અને નામ લખી મોકલજો, આંહિયા આપની દયાથી સુખી છીએ, બસ એજ લિ. દાસાનુદાસ આપનો સેવક રતિલાલ પ્રેમજીના જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૯ તા. ૧-૪-૭૬

વિક્રોલી, મુંબઈ-૮૦.

શ્રીસ્વામિનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ

સ્વસ્થાન શ્રી ગામ જુનાગઢ મધ્યે પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાન સર્વના કર્તા અક્ષરાતીત શ્રીસ્વામિનારાયણ ભગવાન સર્વના સ્વામી સર્વના રક્ષક સર્વના નિયંતા પ્રતિ **ગામ વિક્રોલીથી લિખિતં શ્રી હરિશરણાગતિ મંડળના જય શ્રીસ્વામિનારાયણ દંડવત્ સાથે સ્વીકારશોજી.** સેવકો વાલજી ચકુ જાવિયા, રતિલાલ લાલજી જાવિયા, પ્રવિણચંદ ખીમજી મનાણી, ઓધવજી લખમણ મકવાણા, વશરામ લખમણ મકવાણા, તૂલસી મૂળજી મનાણી, અમૃતલાલ લાધા મકવાણા, વેલજી બેચર કાશિયાણી, તથા જયંતિલાલ રાઘવ પોપટ પોરીયા, એ આદિક ભક્તોની સેવા

અમારી રસોઈ તમો ભગવાન મંડળ શ્રીહરિને જમાડજો અને જમજોજી, બાકીના તમારા યોગ્ય કામમાં વાપરશોજી, તમારી કૃપાવડે અમો સર્વે ખુશી મજામાં છીએ, તમારી દયાથી બધાને બહુ જ સારું છે, જેટલું બને તેટલું તમારું ભજન કરિએ છીએ. હે મહારાજ ! રાજી રહેજ્યો, વિશેષમાં પત્ર મળે એટલે પ્રસાદીનો પત્ર લખજ્યો, સારા સારા આશીર્વાદો લખજ્યો, અમો આંહિયાં વચનામૃતો વાંચવા બેસીએ ત્યારે બધુંય સમઝાય અને યાદ રહે એવી દયા કરજ્યો. ક્યારેક કાન્દીવલી જાઈએ છીએ, ત્યાં દર્શન કરીને આનંદ થાય છે, બધા તમારી દયાથી ખુશી મજામાં છીએ, ક્યારેક ક્યારેક તમારા દર્શન થયા કરે છે તેથી ચઢતો રંગ રહ્યા કરે છે, ભૂલચૂક સુધારીને વાંચજ્યો, ક્ષમા રક્ષા કરતા રહેજ્યો, સાજા નરવા રાખજ્યો, બસ એજ, શ્રીહરિશરણાગતિમંડળના કોટાનકોટિ દંડવત્પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી, રૂમ નાં. બસો પાંસઠ ૨૬૫, વિકરોલી, મુંબઈ-૮૦, મુલુન્ડ, રાજેન્દ્રપ્રસાદ રોડ, સૂરજબલિ યાદવની ચાલ, વિકરોલી કામ ચાલે છે એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૦ તા. ૨-૪-૭૬

ઘાટકોપર, મુંબઈ.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને નમો નમઃ

સ્વસ્થાન શ્રીગામ જુનાગઢ મધ્યે પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણ ભગવાન સર્વ કર્તા સર્વના અન્તર્યામી સર્વના પ્રેરક સર્વના નિયન્તા અક્ષરધામના ધણી એવા શ્રીપ્રગટ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાન પ્રતિ, **ઘાટકોપરથી લિ. આપના ચરણ સેવકો વીરજી તથા શાંતિલાલ હેમરાજ તથા નારણ તથા ભરત અમો બધા તમારી દયાથી ઘણા ખૂબ ખૂબ સુખી છીએ, અમારા સર્વેના સાષ્ટાંગ પ્રણામ સાથ જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** તમારા આશીર્વાદનો કૃપા પત્ર મલ્યો પ્રસાદીનો પત્ર વાંચી બહુજ રાજી થયા છીએ. આ કાગળ મળે એટલે પ્રસાદીનો પત્ર લખજ્યો, આંહી ભરતની તબીયત સારી રહેતી નથી, ક્યારેક ઉલટી કરે છે. તો તેના માટે શ્રીજી રક્ષા મોકલજ્યો, સાજા નરવા રહિએ તેવી દયા કરજ્યો, બસ એજ તમો ભગવાન બધુંય જાણો છો, ત્યાં દેવપ્રકાશ સ્વામી તથા હેમત ભગત તથા મંડળના સન્તોને અમારા ઘણા જ હેતથી જયશ્રીસ્વામિનારાયણ કહેશોજી, લિખિતં આપનો ચરણસેવક વીરજી ડાયાના દંડવત્પ્રણામ હાથ જોડીને જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી. દસ્કત રતિલાલ લાલજીના ઘણા હેતથી સ્નેહ પૂર્વક દણ્ડવત્પ્રણામ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી બસ એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૧ તા. ૫-૪-૭૬

મુ.જામવણથળી, જિલ્લો જામનગર.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજનો સદા જય હો.

શ્રીસ્વામિનારાયણ પ્રભુનો સદા જય હો. અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ પ્રગટ પરમાત્મા પ્રગટ પ્રભુજી સર્વના સ્વામી સર્વના નિયન્તા અક્ષરપતિ સર્વ અવતારોના અવતારી એવા પ્રગટ સદ્‌ગુરુ પરમાત્મા પંડિતશ્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ ભગવાન અમારા સર્વેના ઘણા જ સ્નેહપૂર્વક દંડવત્પ્રણામ સહિત જયસ્વામિનારાયણ સ્વીકારશોજી.

હે પ્રગટ ભગવાન! આપની દયાથી અને આશીર્વાદથી અમારે ઘેર બાબાનો જન્મ સંવત્ ૨૦૩૨ના ફાગણ વદ ૮ આઠમને મંગળવાર તારીખ ૨૩-૩-૭૬ને દિવસે કલાક ૧૧, મિનિટ ૪૦ સવારે બપોર પહેલાં થયો છે તો પ્રભુ બાબાનું નામ શું રાખવું તે રાશી પ્રમાણે લખી મોકલજો, અમારા મોટાભાઈ ભગવાનજી તથા અમારા પિતા તથા માતુશ્રી તથા અમારા ઘરના નાના મોટા સર્વે આપની દયાથી ખુશી મજામાં છીએ, કે મહાપ્રભુજી! રાજી રહેજ્યો ભૂલચૂક માફ કરજ્યો, પ્રભુજી કાચા ગોવિન્દના પુત્રીને વળગાડ વળગેલ છે તે મટી જાય તેમ શ્રી રક્ષા મોકલાવવા તેના માવતરોએ કહ્યું છે તો સાજા થઈ જાય તેવી શ્રી રક્ષા મોકલાવજ્યો, લિ. **આપનો દાસાનુદાસ સોલંકી પરસોત્તમ કુંવરજીના દંડવત પ્રણામ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી.**

❖❖❖❖❖

પત્ર નં.-૨૨ તા. ૩-૪-૭૬

૫૪૧ સતવા, દુબઈ.

શ્રીઅનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સ્વસ્થાન શ્રી નગર જુનાગઢ મધ્યે મહાશુભસ્થાને વિરાજમાન પ્રગટ શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સન્તમંડળ તથા હેમન્તભગત આદિકને આપ ભગવાન સુખી રાખો. એતાન **ગામ દુબઈથી લિ. ચરણકમળસેવક દયાળજી તથા ધીરજલાલ તથા કેશવજીભાઈ, શાન્તિલાલ, તથા દેવરાજભાઈ, તથા પુરુષોત્તમભાઈ આદિકના ઘણા ઘણા પૃથ્વીસ્પર્શી દંડવત્પ્રણામ સ્વીકારશોજી.** બાદ લખવાનું જે આપના આશીર્વાદના બન્ને પ્રસાદી પત્રો મળી ગયા છે, વાંચી ઘણોજ આનંદ થયો છે, વળી પણ સંભારીને લખવા કૃપા કરશો. અમારી નજીકમાં કેશવજીભાઈનું કામ ચાલે છે દશપંદર મિનિટનો રસ્તો છે, ક્યારેક ક્યારેક તેમની પાંસે જઈએ છીએ,

શાન્તિલાલભાઈ અને દેવરાજભાઈ દૂર રહે છે, ટેક્સીમાં આવવા જવાના ઇન્ડિયાના ૧૮ અઢાર રૂપિયા થાય છે, જયન્તિલાલ, સવજી, અમરસી, જીવણ, પોપટલાલ આદિક તેમની પાસે જતાં અર્ધી કલાક થાય છે, શુક્રવારે છુટ્ટી રહે છે ત્યારે ભેગા થઈએ છીએ, કેશવજી ભાઈની પાસે આવીએ જઈએ છીએ, નજિક રહે છે, તમારુ ભજન કરીએ છીએ, કામધંધામાં સારું છે, ઉધડું કામ આપે છે, અત્યારે ગરમીની થોડી થોડી શરૂઆત થતી આવે છે, દરેક ચીજ વસ્તુ મળે છે, કૃપાદૃષ્ટિ રાખજ્યો, સુખિયા રાખજ્યો, ફુગેવાડીથી ભક્તોના પત્રો આવે છે, પત્ર લખવા કૃપા કરશોજી, આંહી દર્શન આપતા રહેશોજી, અમારી રક્ષા કરજોજી, લિ. ચરણકમળ સેવક દયાળજીનાં ઘણા ઘણા દંડવત્પ્રણામ સ્વીકારશોજી, શ્રી હરિશરણાગતિમંડળ સુખી વધારે વધારે થાય તેવી કૃપા કરતા રહેશોજી, પરદેશમાં તમારા બળવડે અવાણું છે તો કાયમ નજરમાં રાખશોજી, મુઝવણ ટાણે સંભાળ્ય તુરતજ લેતા રહેશોજી, તમારી મૂર્તિ આગળ પ્રાર્થના કરિએ ત્યારે જલ્દી સાંભળતા રહેશોજી, એજ પ્રાર્થના.

❖❖❖❖❖

પત્ર નં.-૨૩ **તા. ૨૬-૭-૭૬**

નં. ૪-એ, કરબલા મહમદ સ્ટ્રીટ, કલકત્તા.

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય જગન્નૌકારૂપ વિદ્વદ્વર્ય સદ્‌ગુરુશાસ્ત્રી સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ! પ્રતિ, જુનાગઢ. **કલકત્તાથી સર્વે હરિભક્તોવતી પુરાણી વાસુદેવપ્રસાદના કોટિદંડવત્પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** વિ. આપની કૃપાથી અમો સર્વે કુશળ છીએ, આપની કુશલતા ચાહિએ છીએ, આપને આંહિ પધરાવવા મારો તથા સર્વે સત્સંગિઓનો તીવ્ર સંકલ્પ છે, અને શહેરમાં ઠેર ઠેર જાહેર સભાઓ ભરાવી આપની પાસે ભાષણો કરાવડાવી સત્સંગનો દિગ્વિજય કરાવવા અમો સર્વે ઇચ્છિએ છીએ, મુંબઈમાં વ્યાસપીઠે બિરાજતી વખતે આપને લાખો માનવો દૈવી અંશ વાચસ્પતિ જેવા દિવ્યપુરુષ તરીકે જોતા વખાણતા હતા, તો આહીંનો સત્સંગવર્ગ મુંબઈની સભાને તથા આપને ઘણા યાદ કરે છે, અને આપને આ ચાતુર્માસમાં જ્યારે સમય મળે અને આવી શકો તો વિના સંકોચે લખી જણાવશો, તો અમો બધા તૈયારી કરીએ, આહીંથી સ્વામી કૃષ્ણજીવનદાસજી તથા સર્વે સત્સંગીઓના સદંડવત જય શ્રીસ્વામિનારાયણ વાંચશો અને કહેશો. જલ્દી પત્ર લખી જણાવશો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૪ તા. ૪-૮-૭૬

મુ. રાજકોટ, ઇન્દિરાનગર, રામદેવ પીરની ડેલી સામે, કાટખુણાનું મકાન,રાજકોટ.

શ્રીજી, પ્રગટ પુરુષોત્તમ સદ્‌ગુરુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ! તમારી દયાથી અમો સુખી છીએ, અને તમારું ભજન કરીએ છીએ, તમો તો અન્તર્યામી ભગવાન છો, વધારે શું લખવાનું, તમારા ભક્ત પ્રાગજીને ઘેર બાબાનો જન્મ થયો છે, શ્રાવણ શુદ પાંચમને શનિવાર, તા. ૩૧-૭-૭૬ના સવારના નવ વાગ્યે થયો છે, તો તમો રાશિ જોઈને નામ લખી મોકલાવશો, અમો તમારું ભજન કરીએ છીએ, લિ. **રાજકોટથી ભક્ત પ્રાગજી રણછોડ રાજા તથા નટવરલાલ તથા માવજી તથા હરિલાલ સર્વ મંડળના જય સ્વામિનારાયણ વાંચશોજી,** અમો પ્રગટ પ્રભુ તમારું ભજન કરીએ છીએ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૫ તા. ૩૧-૮-૭૬

ખંભાત.

પરમપૂજ્ય સંતશિરોમણિ સન્તસ્વરૂપે ભગવાન, દાર્શનિકપંચાનન્ ષડ્‌દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, સાંખ્યયોગવેદાન્ત મીમાંસાતીર્થ, મહાવ્યાસઅવતાર, સદ્‌ગુરુ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ પરમ દિવ્ય સત્પુરુષ વિદ્યામૂર્તિ સ્વામી શ્રી જુનાગઢ પ્રતિ **સ્વામી અક્ષરજીવનદાસજી માસ્ટર સ્વામી તથા ખંભાતના હરિભક્તોના દંડવતસહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** બાદ લખવાનું જે - આપશ્રી સંવત ૨૦૦૦માં શ્રીમાયાતીતાનન્દજી બ્રહ્મચારી સ્વામીજીના સાન્નિધ્યમાં ખંભાત પધારેલા, એક મહીનો જાહેર વ્યાખ્યાનો આપેલાં, તે વખતે આખું ખંભાત આપની મૂર્તિમાં આકર્ષિત થયેલું, શહેરમાં ત્રણ વાર પધરામણીઓ થયેલી, વાખારિયા શેઠ આપ માટે વૈષ્ણવ છતાં મોટર હાજર રાખતા, આપ મેતપર ગયેલા, ઘણાં લોકોએ કંઠીઓ બાંધેલી, વગેરે આપના દૈવી ચમત્કારો પણ જોએલા, શાસ્ત્રીવર્ગ આપને વ્યાસાંશ માનતો થયો હતો, હાલમાં મુંબઈમાં તેમજ ઘાટકોપરમાં જુનાગઢ મંદિરના સન્તો શાસ્ત્રીઓ કથાવાર્તા કરવા ગએલા, તેમણે જુનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં હાલમાં શ્રીસ્વામિનારાયણ ભગવાન સન્તરૂપમાં પ્રત્યક્ષ બિરાજે છે તો તેમના દર્શન માટે જાઓ, એવો ઉપદેશ પ્રચાર કરેલો છે, તો મુંબઈવાળા તેમજ આજુબાજુના પરાઓવાળા હરિભક્તો જુનાગઢ આપના દર્શન કરવા બસોમાં કે સ્પેશ્યલ ટ્રેનમાં ઉપડીને દર્શન માટેજ આવનારા છે.

તેમજ અમો પણ તા. ૭-૯-૭૬ના રોજ સવારના ખંભાતથી નીકળીને તમારે ત્યાં આપશ્રીના દર્શન કરવા આવવાના છીએ, આપનું ૩૦૦ ત્રણસો રૂપિયાની

કિંમતનું મોટું પુસ્તક અમોને આપશો, અને અમારા તથા હરિભક્તોના સંકલ્પો પૂરા કરશો, સુખેથી તમારું ભજન થાય તેવા સર્વેના સંકલ્પ પૂરા કરજ્યો, ભગવાન શ્રીહરિ સન્તમધ્યે જન્મ ધરીને બિરાજે છે, તે સત્ય સંકલ્પ પૂરશો. લિ. બિહારી ભગતના કોટાનકોટિ દંડવત્પ્રણામો સાથે ઘણાં ઘણાં જયશ્રીસ્વામિનારાયણ વાંચશો. થોડા પુણ્યવાળાઓને ભગવાન મળતા નથી, આહીં શ્રીમાયાતીતાનન્દ સ્વામી ભગવાન પ્રત્યક્ષમૂર્તિને અમો ભજિએ છીએ, શ્રીજીમહારાજ એ રૂપમાં મળ્યા છે એજ.

❖❖❖❖❖

પત્ર નં-૨૬ તા. ૨૭-૯-૭૬

વારાણસી.

પ્રગટ પ્રભુ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તીર્થ મૂર્તિના ચરણોમાં મનુના અનન્ત નમન હો. ભગવન ! વારાણસીના વિશ્વવિદ્યાલય તથા કૉલેજો તથા સારનાથ તથા રામનગર વગેરે જોયાં, શ્રીસ્વામિનારાયણ મંદિરમાં દર્શન કર્યાં, સારા મોટા નામધારી કુલપતિઓ તથા વિદ્વાનોના દર્શન કર્યા, ઘણાં સ્થળે આપના પુસ્તકો ન્યાયકિરણાવલી સાંખ્યકિરણાવલી ભણાવતા ભણતા પણ જોયા, મને તો ઘણું જ આશ્ચર્ય થયું, પછી મેં આ વિદ્વાન તો સૌરાષ્ટ્રમાં વસે છે, એમ મારાથી સાંભળીને તથા તેમના જન્મભૂમિના ગામમાં પ્રિન્સિપાલ એવા મને ઓળખીને, તેઓ આપની મુક્તકંઠ પ્રશંસા કરવા લાગ્યા, જે વર્તમાન સમય - મેં બડે ભારી વિદ્વાન સભી શાસ્ત્રોક પારંગત વાસસ્પતિ તુલ્ય પંડિત ધુરન્ધર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી હૈં, ભારત મેં ઉતના બડાભારી વિદ્વાન કહી ભી નહિ હૈ, કાશીજી મેં બડે બડે પંડિત હૈ, ઉન સભીસે બઢકર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહામહાપંડિત હૈ, દિગન્તવ્યાપી કીર્તિવાલે હૈં, અચ્છે અચ્છે પંડિત લોગ ભી શ્રી આચાર્યજી કે ટીકા ગ્રન્થો મેં સે નયે નયે તાર્કિક પદાર્થ પા કર ખૂશ ખૂશ હોતે હૈં.

વિશ્વવિદ્યાલયકે વિદ્વાન લોગ કહેતે હૈં કિ - યહાં કે હમ સબ ઉનકે દર્શન ચાહતે હૈં, વે સ્વામીજી જરૂર વિશ્વનાથ કે અવતાર યા બૃહસ્પતિકે અવતાર, યા તો સરસ્વતી સ્વયં અવતરિત હૈ, ચાર પાંચ પંડિત એક જન્મ મેં લિખે ઉતને બડે બડે ગ્રન્થ તો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજને ઈસ સમય મેં લિખે હૈં, તત્ત્વજ્ઞાનસે ભરા બડા ભારી ઇતિહાસ તો ઇનકે લિયે આશ્ચર્ય ઉપજાતા હૈ, - ઇત્યાદિ વાતો સાંભળી સાંભળીને ત્રણ ચાર દિવસ હું વધારે રોકાણો, અને વિદ્વાનોના અભિનન્દન જોઈને તેવું આયોજન કરવા પ્રેરાયો, તમોથી તેવો સાજ સમાજ મને મળે તે માટે જુનાગઢ આપના દર્શન કરીને પછી કુંકાવાવ જઈશ, અમારે જૈન મતમાં બધા તીર્થંકરો ભગવાન મનાય છે, મને કાશીના વિદ્વાનો દ્વારાજ આપ તીર્થકર સન્ત ભગવાન છો વ્યાસ પરમપુરુષ છો એમ નક્કી થયેલ છે, આપની

સેવા કરીશ, મહાવિદ્વાનોમાં આપ દૈવીશક્તિ અવતાર ભગવાન મનાએલા છો, તેવા વિદ્વાનોના અભિપ્રાયોથી ભરપૂર ગ્રન્થ તૈયાર કરીને આપને સમર્પિત કરીશ, ભક્તિ કરીશ, વિશ્વને આપના સ્વરૂપની ઓળખાણ મળશે. આપના ચરણોમાં મારા હજારો વન્દન. જય ભગવાન આપ સ્વયં જિનેન્દ્ર આપનો મનુ, પ્રિન્સિપાલ.

❖❖❖❖❖

પત્ર નં-૨૭ તા. ૩૦-૮-૭૬

ઓમન શાપુરજી, કમ્પની, પોસ્ટ બોક્સ ૪૩૪૭, રૂવી મસ્કત, દુબઈ.

શ્રીહરયે અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ

સ્વસ્થાન શ્રી ગામ જુનાગઢ મધ્યે મહાશુભસ્થાને વિરાજમાન સર્વોપરિ સર્વેના અન્તર્યામી સર્વેના કારણ સર્વેના નિધાન માયાના ગુણોરહિત સદા સાકાર તેજોમયમૂર્તિરૂપ પ્રભાવશાળી પ્રત્યક્ષભગવાન શ્રીશાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ ! આપનો દાસાનુદાસ આપનો ચરણ સેવક, **મસ્કતથી લિ. નારાયણ જેરામભાઈ ચૌહાણ તથા ભગવાનભાઈ, રતિલાલભાઈ, જગજીવનભાઈ, પરશોતમભાઈ, આંબાભાઈ, જીવરાજભાઈ, નરોત્તમભાઈ, મોતીલાલભાઈ, તથા શ્રી હરિશરણાગતિમંડળના ઘણા સ્નેહપૂર્વક સાષ્ટાંગ દંડવત્પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** વિશેષ વિનન્તિ સાથ લખવાનું જે - આપશ્રીના આશીર્વાદ ભરેલો પ્રસાદી પત્ર મળ્યો. વાંચીને આત્મામાં ઘણોજ આનંદ ઉપજ્યો છે, આત્મામાં શાન્તિ છવાઈ ગઈ છે, આપની કૃપાથી આહીં અમોને કોઈ જાતની તકલીફ નથી, સર્વ વાતે સારું છે, અમો આપ શ્રીહરિને સંભાર્યા કરીએ છીએ, તથા ભજન ભક્તિ કરીએ છીએ, ભગવાનજીભાઈ અમારાથી ઘણા દૂર છે, તેમને મળવા જાવું છે.

અમારા મોટાં બહુ ધન્ય ભાગ્ય છે જે ભગવાન પ્રત્યક્ષ શ્રીહરિની ઓળખાણ થઈ, અમો ભગવાન તથા ભક્તોના ગુણો ગ્રહણ કરતા રહિએ એવી આપની પાસે પ્રાર્થના કરીએ છીએ. આપ તો અમારી સામે હાજરો હાજર સાક્ષાત દર્શન દિયો છો, તમો સર્વજ્ઞ ભક્તવત્સલ દયાળુ છો, અમારાથી કાંઈ ભૂલ થાય તો તેની માફી માગીએ છીએ, તથા આપમાં ભગવાનપણાનો દૃઢનિશ્ચય થતો જ રહે છે એમના માગીએ છીએ, આહીં ખુશી આનંદમાં છીએ, ભગવાન ભજવાનું બળ આપજ્યો, રક્ષા કરતા રહેજો, પરદેશમાં સંભાળ રાખનારા હાજરોહાજર ભગવાન તમો એકજ છો, દેશકાળે દર્શન આપી રક્ષણ કરતા રહેજ્યો, બસ એજ. આપનો દાસાનુદાસ ચરણકમળ સેવક નારાયણ જેરામભાઈ ચૌહાણના સાષ્ટાંગપ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

❖❖❖❖❖

પત્ર નં-૨૮ તા. ૬-૧૧-૭૬

પો. બો. ૭૨, મસ્કત, દુબઈ.

ઓં શ્રીસ્વામિનિરાયણાય નમઃ

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ શ્રીબાળકૃષ્ણપ્રભુને નમો નમઃ સ્વસ્થાન શ્રી જુનાગઢ મધ્યે વિરાજમાન પરમદયાળુ પરમકૃપાળુ સુખના સાગર મોક્ષના દાતા ભક્તવત્સલ આનંદઘન પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ ભગવાન તથા તમારા સન્ત મંડળને અમારો કોટાનકોટિ દંડવતપ્રણામ સાથ જય શ્રીસ્વામિનારાયણ વાંચશો. **તમોને અહર્નિશ યાદ કરનાર તમારા દાસોનો દાસ દામજી ભીમજી તથા અમારા બનેવી રવજી આદિકના જય સ્વામિનારાયણ વાંચશોજી.** હું જૂનાગઢ તમારા દર્શન કરીને વણથળી આઠ દિવસ રોકાઈને પૂના ૪ઈ પંદર દિવસો રહીને મસ્કત જવા ઉપડી ગયો હતો, આપ ભગવાનના આશીર્વાદથી તા. ૧૯-૮-૭૬ બોટમાં બેસી. તા. ૨૩ના મસ્કત ૪ઈ તા. ૨૫ના કામે લાગી ગયો છું. આપની દયાથી રસ્તામાં મુશ્કેલી કાંઈપણ પડી નથી, ઓચિંતા ઉપડ્યા જેથી તમારે દર્શને અવાયું નથી,

મારા નાનાભાઈ નથુભાઈએ તમોને પત્ર તથા સેવા પહોચાડ્યાં હશે, આપની દયાથી મારે તંદુરસ્તી સારી છે, હું મસ્કતમાં મદીના કાબૂલમાં છું, ભગવાનજીભાઈ, જગજીવનભાઈ, પરશોત્તમભાઈ, રતિલાલભાઈ ૨૦૦ માઈલ દુર છે, ગયે શુક્રવારે બજારે ભેગા થયા હતા. અમો શ્રીજીમહારાજ તમારી કૃપાવડે સુખી છીએ, આશીર્વાદ લખજ્યો, આપણા સન્તોને સદંડવત્ જયસ્વામિનારાયણ કહેશો, આહીંથી ભગવાનજીભાઈ આદિ શ્રીહરિશરણાગતિમંડળના જય સ્વામિનારાયણ વાંચજ્યો, મલિન દેશમાં દુર છીએ, દયાદૃષ્ટિવડે સંભાળ રાખજ્યો, રક્ષા કરજ્યો, બસ એજ. લિ. દાસાનુદાસ દામજી ભીમજીભાઈ રાઠોડના સાષ્ટાંગ સદંડવત જય સ્વામિનારાયણ વાંચજ્યો.

❖❖❖❖❖

પત્ર નં-૨૯ તા. ૪-૧૧-૭૬

અજમાન, આરબ હેવી ઇન્ડસ્ટ્રીઝ, પો. બો. ૫૨૯, યુ. એ. ઈ., દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ

શ્રી સ્વસ્થાન જુનાગઢ મધ્યે પરમાત્મા અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણભગવાન શ્રીકૃષ્ણવલ્લભભાચાર્યજી મહારાજ તથા કોઠારી સ્વામી તથા દેવપ્રકાશસ્વામી આદિકની સેવામાં, એતાન શ્રી **અજમાનથી લિ. સેવકો વાલજી કેશવજી ચોટલીયા તથા માવજી તથા નાનજી તથા શાન્તિલાલ મેઘપરના તથા શ્રીહરિશરણાગતિ મંડળના આહીંથી**

સાષ્ટાંગ દંડવત સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો. અમો મુંબઈથી તા. ૨-૧૧-૭૬ના સાંજે પ્લેનમાં બેસી સાંજે સાત વાગ્યે દુબઈ પહોંચ્યા હતા, કમ્પનીની મોટર લેવા આવી હતી, ખુશી આનંદમાં છીએ, વાલજીને પાણી બદલો હોવાથી સહેજ નરમાઈ છે, દયા કરજો સારો આશીર્વાદ આપજો, પગાર અમારો ૩૨ દિયાર છે, ખાવાપીવાની સગવડ સારી છે, કમ્પની આપે છે, દરિયા કિનારે છીએ, પૂજા પાઠ આનંદથી કરીએ છીએ કંપની સારી મળી છે, તમારી દયાથી સુખી થયા છીએ અમારા જય સ્વામિનારાયણ વાંચવા.

❖❖❖❖❖

પત્ર નં.-૩૦ તા. ૪-૧૦-૭૬

ઓમન શાપુરજી કમ્પની, રૂવી, મસ્કત, દુબઈ.

શ્રીહરિશરણાગતિમંડળવતી, સેવક નાથાલાલ ડાયાભાઈના, સાક્ષાત્ મૂર્તિમાન પ્રત્યક્ષ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણમહારાજને નવા વર્ષના હજારો લાખો દંડવત્ પ્રણામ હો. તમારો આશીર્વાદ કાગળ તા. ૨-૧૦-૭૬નો મળ્યો છે, તમારા આશીર્વાદ વાંચીને ઘણોજ આનંદ થયો છે, હરવખત આશિષ લખતા રહેશો. તમારા પ્રતાપથી બધા સુખી છીએ, તા. ૧૬-૧૦-૭૬ના દિવસે બધા સેવકો ભેગા થઈને મોટા ધામધુમે આપ ભગવાનની જન્મજયન્તી અષ્ટમી ઉત્સવ ધુન્ય ભજન કીર્તન પૂજન નૈવેદ્ય મિષ્ટ ભોજન વગેરે કરીને ઉજવવી છે. એજ લિ. નાથાલાલભાઈના જય સ્વામિનારાયણ વાંચશો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૧ તા. ૧૨-૧૦-૭૬

સુલતાનેટ ઑફ ઓમન, શાપુરજી કમ્પની,

રૂવી. નં. ૪૩૦૭, મસ્કત, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમઃ, શ્રીહરિઃ શરણં મમ

સ્વસ્થાન શ્રી જુનાગઢ મધ્યે મહાશુભસ્થાને વિરાજમાન, સાંખ્યયોગતીર્થ, મીમાંસાતીર્થ, વેદાન્ततીર્થ, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય. સર્વોપરિ સર્વેનાં અવતારી અન્તર્યામી અધમોદ્ધારણ સર્વેના કારણ અશરણશરણ ભક્તવત્સલ દયાના સાગર એવા પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સેવામાં **આપના દાસાનુદાસ શ્રીહરિશરણાગતિ મંડળ ચરણ સેવકો - આંબાલાલભાઈ, જીવરાજભાઈ, નારાયણભાઈ, નરોત્તમભાઈ, ભગવાનજીભાઈ, રતિલાલભાઈ, જગજીવનભાઈ, પરસોત્તમભાઈ, મોતીલાલભાઈ, વશરામભાઈ, પ્રેમજીભાઈ, ધનજીભાઈ, પ્રભુલાલભાઈ, જયન્તીલાલભાઈ તથા સર્વે શરણાગતિમંડળ ભક્તોના ઘણાંજ સ્નેહપૂર્વક સાષ્ટાંગ**

દંડવત્પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ સ્વીકારશોજી. વિનંતિ એ જે આપનો આશિષ પ્રસાદી પત્ર મળ્યો, બધાને ઘણી જ શાન્તિ થઈ ખૂબ જ આનંદ થયો છે, અમારાં મહાભાગ્ય ઉદય પામ્યા છે, અમારે એક માસમાં કોઈ કોઈને દેશમાં આવવાનું થશે, અગ્યાર માસ પૂરા થયે એક મહિનો રજા મળે છે, તો અમારાથી બની શકે તેવી સેવા જણાવશોજી, આપ અન્તર્યામી બધું જાણો છો, આપનો નિશ્ચય દૃઢનિષ્ઠાભક્તિ ઉપાસના રહે અને વધે એવી પ્રાર્થના માગીએ છીએ, અમો આપની કૃપાથી સર્વ વાતે સુખિયા છીએ, કોઈપણ બાબતની તકલીફ નથી, દેશમાં આવ્યા પછી બીજી સારી કમ્પનીમાં જાશુ, આપનો રાજીપો ઇચ્છિએ છીએ. આપની જન્માષ્ટમીએ ભગવાનજીભાઈને ત્યાં જવાના છીએ, આપનો મોટો ઉત્સવ ઉજવશું, અમોને પત્ર દ્વારા ઉપદેશ બોધ આપતા રહેશોજી, બધાના જય સ્વામીનારાયણ વાંચશોજી, લિ. બધા શ્રીહરિશરણાગતિમંડળ વતી સેવક નારાયણના કોટિ દંડવત્ પ્રણામ સ્વીકારશોજી.

❖❖❖❖❖

પત્ર નં.૩૨ તા. ૨૮-૬-૭૬

રાજકોટ.

પ્રગટ પ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીસ્વામિનારાયણને નમઃ

સ્વસ્થાન શ્રી જુનાગઢ મધ્યે વિરાજમાન પૂર્ણ પુરુષોત્તમ નારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્રીસ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં લિ. **દાસાનુદાસ ખોલિયા પરષોત્તમ મોહનલાલના દંડવત્પ્રણામ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચવા.** આપ તો અન્તર્યામી છો ભક્તોના કષ્ટ દુર કરો છો, દુઃખ જ્યારે આવે, ત્યારે જ ભગવાનને સંભારે છે, માટે પત્ર લખવાનું કારણ સવિનય જણાવું છું. હાલ હું રાજકોટમાં હાયર સેકન્ડરીમાં સાયન્સ વિભાગમાં અભ્યાસ કરું છું, અભ્યાસક્રમ ઠીક ઠીક અઘરો છે, પરંતુ મહેનત કરુ છું, એથી અગવડ ઓછી પડે છે, ટયુશનની પણ સગવડ છે, આ લાઇનમાં આપ ભગવાનનો આશીર્વાદ માગુ છું, જેથી કાંઈ મુશ્કેલી ન આવે, વર્ષ સારી રીતે સફળ થઈ જાય, ભૂલચુક આવતા ચરણોમાં માફી માગું છું. દઃ. લિ. દાસાનુદાસ પરષોત્તમના કોટિ કોટિ દંવડત્પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.

❖❖❖❖❖

પત્ર નં.-૩૩ તા. ૧૫-૧-૭૬

વિકરોલી.

સ્વસ્થાન શ્રી જૂનાગઢ મધ્યે મહાશુભસ્થાને વિરાજમાન સ્વસ્વરૂપમાં વિરાજિત સર્વાત્મા સર્વાધાર સર્વ ઉપાસ્ય સર્વકર્તા આનંદઘન સર્વોપરિ પ્રત્યક્ષ શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સર્વ સંતોને આપ ભગવાન સુખી રાખો. **મું. વિક્રોલીથી લિ. દાસાનુદાસ ચરણકમળ સેવક રતિલાલ તથા વાલજી ભગત તથા માવજી ભગત તથા નાનજી ભગત તથા બીજા રતિલાલ ભક્ત તથા તુલસી ભક્ત, ઓધવજી ભક્ત તથા પ્રવીણચંદ્ર તથા વેલજી, બેચર તથા નારાયણ તથા અમૃતલાલ આદિ સર્વ શ્રી હરિશરણાગતિમંડળના ખૂબખૂબ સ્નેહથી દંડવત્સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** આપની દયા કૃપા વડે અમો ઘણાં સુખિયા છીએ. આપનું ભજન કરીએ છીએ. નાનજી ભગતની સાથે સુખના સમાચાર મળ્યા તેથી ખૂબજ આનંદ થયો છે. પ્રસાદી પત્રના આશીર્વાદ વાંચી આનંદ થયો છે, આંહી એકજ સાઈડ ઉપર કામ કરતાં અમો સેવક મંડળે આપને આપના સંતોને જમાડવા સેવા મોકલીએ છીએ, અમારા બધા વતી રસોઈ કરી જમજ્યો, વધે તે પુસ્તકના ઉપયોગમાં લેશો, આશીર્વાદની ટપાલ લખજો, ભૂલચુક માફ કરજ્યો, લિ. ચરણરજ સેવક રતિલાલના જયશ્રીસ્વામિનારાયણ અને દંડવત્પ્રણામ સ્વીકારજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૪ તા. ૧૬-૧-૭૬

પુના-૧૨.

સ્વસ્થાન શ્રી જુનાગઢ મધ્યે મહાશુભસ્થાને સ્વસ્વરૂપે વિરાજમાન સર્વેના નિયંતા સર્વેના કારણ સર્વેના અન્તર્યામી ભક્તવત્સલ ભગવાન પ્રગટ શ્રી હરિશ્રીકૃષ્ણલ્લભાચાર્યજી મહારાજ તથા આપના સંતમંડળ પ્રતિ, **મુ. ફુગેવાડીથી લિ. દાસાનુદાસ સેવક અમરશી તથા રતિલાલ હંસરાજ રાઠોડ ચાવડા વાળાનાં શ્રીહરિ શરણાગતિ મંડળના કોટાનકોટિ દંડવત પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** આપની કૃપાવડે અતિશય સુખિયા છીએ, આશીર્વાદનો પત્ર લખવા કૃપા કરશો. હે દયાળુ પ્રભુ! આલસ નિદ્રા દોષો ટાળીને શુદ્ધ થઈએ એવી દયા કરજ્યો, અમોને નિજ નજરમાં રાખજ્યો, તમારી મૂર્તિમાં અખંડ વૃત્તિ ચિન્તન રહે તેવા આશીર્વાદો આપશોજી. આપની દયાથી કામકાજ મળ્યા કરે છે, સેવા થયા કરે તેવી સ્થિતિ રાખજ્યો. અહંમમતારૂપ માયા થકી રક્ષા કરજ્યો, આપ અન્તર્યામી પ્રભુ છો, ભૂલચૂક માફ કરજો, અમરશી તથા રતિલાલ વગેરે સેવકોના કોટિ દંડવત સહિત જય સ્વામિનારાયણ વાંચશો, આજે સવારે જાગતી વખતે તમારી દિવ્યમૂર્તિના સાક્ષાત

દર્શન થયા, જેથી આનંદ આનંદ વ્યાપી ગયો છે, અને તુરત જ આ પત્ર લખ્યો છે, આવીને આવી કરૂણા વરસાવતા રહેજ્યો, બધાની સંભાળ રાખજ્યો, આજે સાંજે બધા એક કલાક ધુન્ય ભજન થાળ આરતી કથા કીર્તન કરીશું. પછી વાળું કરીશું એમ નક્કી કર્યું છે. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૩૫ તા. ૨૧-૧-૭૬

ઘાટકોપર, મુંબઈ.

શ્રીસ્વામિનારાયણ સત્ય છો સ્વસ્થાન જુનાગઢમાં નિજસ્વરૂપમાં વર્તનારા પ્રત્યક્ષ શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આદિ સર્વે સંતમંડળની સેવામાં ઘાટકોપરથી લિ. **ચરણ કમળ સેવક વીરજી ડાયા, તથા શાંતિલાલ, તથા હેમરાજ, તથા નારાયણ, તથા શ્રીહરિ શરણાગતિમંડળના ખૂબજ સ્નેહથી દંડવત્ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.** આપની દયા કૃપા વડે અમો બધા વધારે વધારે સુખિયા છીએ, હાલમાં ઘાટકોપરમાં રહિએ છીએ, રહેવાની તથા દર્શન ભજનની સગવડ સારી છે, કુટુમ્બ છોકરાંવ સર્વે સુખ આનંદમાં છે, તમારું ભજન કરે છે, તમારી દિવ્ય મૂર્તિમાં ભક્તિ વધે અને જગતથી તૂટે તેવી દયા કરજ્યો, કાન્દીવલીથી આપના સમાચાર ગુરુભાઈઓથી મળે છે, જેથી વિશેષ આનંદ થાય છે, કાલાઘેલાં તમારી છીએ, ભૂલચૂક માફ કરજ્યો. સેવક વીરજી ડાયા આદિકનાં દંડવત્ પ્રણામ સહિત જય સ્વામિનારાયણ વાંચજ્યો.

❖❖❖❖❖

પત્ર નં-૩૬ તા. ૨૭-૧-૭૬

જામવણથળી.

જય શ્રીસ્વામિનારાયણ સત્ય છે.

સ્વસ્થાન જુનાગઢ મધ્યે વિરાજમાન અમારા પ્રભુ ભગવાન સાચા સગા ગુરુમહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ આલોક તથા પરલોકના સાચા સગા તમો તથા મંડળના સર્વે સ્વામી તથા હેમતભગત સર્વે પ્રતિ, એતાન **શ્રી જામવણથળીથી લિ. સેવક ચરણનો દાસ ડાયા ભગત તથા ગોવિંદ ભગત તથા રાજેશ, ભરત તથા ઘરમંડળના દંડવત પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.** અમારા દિકરી કિરણ બેનને ઓરી નિકળ્યા છે તો નિરવિઘ્ને મટી જાય સાજા થવાય તેવી દયા કરશો, મણ એક બાજરો તમારે માટે મોકલાવી આપશું, મારે એક મહિનો વંથળી રોકાવું છે, બધા તમારું ભજન કરીએ છીએ, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૩૭ તા. ૧૧-૨-૭૬

જામવણથળી.

પ્રગટ પ્રભુ શ્રીહરિ અનાદિ અક્ષરધામના ધામી સ્વયં પ્રગટ પ્રભુની સેવામાં **જામવણથળીથી લિ. સેવક દેવશી વસ્તા જાવિયાનાં સહકુટુંબના જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો,** આપને હરઘડી યાદ કરનાર સેવક તથા સર્વ વડીલોના દંડવત સાથે પ્રણામ તથા જય સ્વામિનારાયણ છે વિનંતિ જે અમારા ગોમતી બેનના દિકરી મંજુલા હાલ વણથળી આંટો દેવા આવ્યા છે તેને વલગાડ જેવું છે તો આપ સ્વયં પ્રગટ પ્રભુ બધું જાણો છો તો ભક્તોનું દુઃખ નિવારણ કરશો, અમારી સહાય કરશો, આપના નામનું સ્મરણ કરીએ છીએ, તે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્વામિનારાયણ એવા નામની એક માળા ફેરવે છે ત્યારે વડગાડ શમી જાય છે, તો તે બિલકુલ નાબુદ થઈ જાય તેમ કરશો, એક ધ્યાનથી બેસી રહે છે, કોઈ સામું બોલતી નથી, તમારી છબી સામું જોઈ રહે છે, કોઈ માણસ તેને બોલાવે તો બોલે, અને કાંપે છે ને રોવા માંડે છે, તમારી છબીને પાણી ધરીને એક ઘુંટડો પાઈએ ત્યારે તુરત જ શાંતિ થઈ જાય છે, તમારું ભજન કરે છે, તમોને પ્રાર્થના કહેવરાવી છે, કોઈ ડાકણ્ય દેખાય છે એમ કહે છે, તે મટી જાય તેવી શ્રીજી રક્ષા મોકલજ્યો, તથા પ્રસાદીની ગુલાબ પાંખડીઓ કવરમાં મોકલાવજ્યો, જલ્દી સાજા થાય તેમ કરજો, એજ વિનંતિ છે, સેવક દેવશી વસ્તા જાવિયાના તથા સર્વે જાવિયાફળીના જય સ્વામિનારાયણ વાંચજ્યો. આપ પ્રત્યક્ષ પ્રગટપ્રભુ જરૂર જલ્દી રક્ષા કરજ્યો એજ પ્રાર્થના છે.

❖❖❖❖❖

પત્ર નં-૩૮ તા. ૨૭-૨-૭૬

રાજકોટ.

શ્રીહરિઃ શરણં મમ

પરમપૂજ્ય જગતના આધાર, જેના એક રોમને વિષે અસંખ્ય બ્રહ્માંડો ઉડે છે એવા દિવ્યમૂર્તિ અક્ષરધામના ધામી માનવ સ્વરૂપે સન્તમૂર્તિ સર્વજ્ઞ મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુજીના ચરણોમાં, **રાજકોટથી લિ. આપના શિષ્ય ભગવાનજીના દંડવત પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** આપની અસાધારણ કૃપાથી હું આનંદમાં છું, અમારી પરીક્ષા તા. ૮-૩-૭૬ના છે પહેલી તારીખે તમારા દર્શન કરવા આવીશ, વાંચવાનો બોઝો વધારે છે, આપની ઇચ્છા મુજબ આખું વિશ્વ ચાલે છે, મારી નજર રાખજ્યો, પાસ થવાય એવા આશીર્વાદો આપજ્યો એ પ્રાર્થના છે, લિ. ભગવાનજી હરજીભાઈ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૯ તા. ૫-૪-૭૬

સુરત.

શ્રી જૂનાગઢ નિવાસી, પરમકૃપાળુ ભગવાન પ્રતિ, **સેવક શાંતિલાલ પૂજાભાઈના જય સ્વામિનારાયણ વાંચશો.** આપની શ્રીજી રક્ષા બાધ્યા પછી પેટનો દુઃખાવો મટી ગયો છે, અમારી ઉપર રાજી રહેજ્યો સારા આશીર્વાદો આપજ્યો, આપની દયાથી અમારા કામ સારા ચાલે છે, ઘરમાં પણ સારાવાનાં છે, સાજા નરવા છે, અમો તમારું ભજન કરીએ છીએ, અમારા ઉપર વધારે દયા રાખજ્યો, તમો તો સાક્ષાત્ ભગવાન છો, અમારે હાથે સારા કામ થતાં રહે એવી સત્‌બુદ્ધિ આપજ્યો, તમારા આશીર્વાદોથી બધું સુખ છે અને સુખી રહેશું, મારા બાપુજીવાળા નારાયણબલિ કરશે, હું ત્યારે દેશમાં આવીશ, જૂનાગઢ પણ આપ ભગવાનના દર્શને આવીશ, મારા ઉપર રાજી રહેજો, અમારી રક્ષા કરતા રહેજ્યો, કામકાજ મળતા રહે એવા આશીર્વાદો આપવા વિનંતિ કરું છું. લિ. સેવક શાંતિલાલના દંડવત્ સ્વીકારશો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૦ તા. ૧-૫-૭૬

ફુગાવાડી, ડી. જી. દુકાને, પૂના-૧૨.

સ્વસ્થાન શ્રી જૂનાગઢ મહાશુભસ્થાને અમારી રક્ષા કરનારા, પ્રગટ ભગવાન તથા સંતમંડળ પ્રતિ **ફુગાવાડીથી શ્રીહરિશરણાગતિ મંડળ તથા રતિલાલ પ્રેમજી વાઘેલા તથા વેલજી ભગત તથા ભગવાનજી ભગત તથા રામજી ભગતના જયસ્વામિનારાયણ વાંચજો,** ભગવાન તમો મંડળ સહિત અમારા વતી રસોઈ જમજ્યો, કામ રાખ્યા પછી ડેન્જર કામમાં જીવનો જોખમ હતો તે કામ ચાલું કર્યું અને સાંજે સાત વાગ્યે દિવાલ પડી, અમો કામેથી છૂટ્યા પછી દિવાલ પડી, તમોએ અમોને ઉગારી લીધા છે, અમારી બધાની રક્ષા કરી છે, નહીં તો દબાઈ જાત, તમો નજર રાખો છો, તમારો મહિમા ગાતા ગાતા અમો બધા ઘેર ગયા, શ્રીજી મહારાજ તમો છો તમે બધું જાણો છો, હરવખત અમારો ખ્યાલ રાખતા રહેજો, રક્ષા કરતા રહેજો, તે કામ તેના માલિકને પૂરૂ કરી આપેલ છે, તે ધણી પાસેથી થોડાક રૂપિયા મળ્યા છે, બાકીના પછીથી આપશે. બીજું કે રતિલાલ, મારો પાસપોર્ટ તા. ૩-૪-૭૬ના રોજ આવેલ છે, પાસપોર્ટવાળા બીજા ભાઈઓ મળી ગ્રુપ પરદેશ જવાય તો સારું એમ ધારણા છે, આપની મરજી થાશે ત્યારે જાવાનું થાશે, વધારે દયા કરજ્યો, મંડળ મળીને જઈશું કથા વાર્તા ભજનનું સુખ આવશે, ભૂલચુક માફ કરજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૧ તા. ૯-૫-૭૬

જામવણથલી.

સેવક નરસિંહ કુકડીયા માસ્તર, પ્રગટ પ્રભુ શ્રીસ્વામિનારાયણ ભગવાનને સાષ્ટાંગ દંડવત્‌પ્રણામ તથા જય શ્રીસ્વામિનારાયણ ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ તથા જય શ્રીસ્વામિનારાયણ. આપની દયાથી આશિષથી આનંદમાં છીએ, આપના આશીર્વાદોથી અમારે ત્યાં સંવત ૨૦૩૨ વૈશાખ સુદ ૧૦ દશમને રવિવારે સવારે વહેલાં ચાર અને દસ મિનિટે બાબાનો જન્મ થયો છે, આપ ભગવાનના આશીર્વાદો ફળ્યા છે, વધારે આશીર્વાદ સાથે શ્રીજી રક્ષા મોકલાવશો બે. શ્રીજી રક્ષા, ૧ બાબા માટે, ૨ બાબાની માતા માટે સાજાનરવા રહે, તેમ આશીર્વાદ લખજ્યો, નામ, અક્ષર, રાશિ પ્રમાણે મોકલજ્યો, રણછોડ રાજા મનાણીનું મકાન લેવા વિચાર છે, તો કૃપા કરજ્યો કામ પૂરું થઈ જાય, અથવા બીજું મકાન મળી જાય, દયા વરસાવજ્યો, આપ ચમત્કારી પુરુષ છો, મહાપ્રભુજી છો, આપના ચમત્કારો ઘણાં છે, વચન ફળે છે, દુઃખ ટળે છે, ભક્તમંડળ સત્સંગિઓમાં ઘણાં ઘણાં પરચાઓ વખણાય છે, આપ સંત સ્વરૂપમાં પ્રગટ પ્રભુ છો, આપનું ભજન ભક્તિ કરીએ છીએ, આશિષ પત્ર તુરત જ લખી મોકલજો અમારી સંભાળ લેજો, અને રક્ષા કરતા રહેજ્યો, લિ. દાસાનુદાસ નરસિંહ કુકડીયા માસ્તરના સાષ્ટાંગ દંવડત સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૨ તા. ૩-૫-૭૬

રાજકોટ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સત્ય છે.

પ્રગટ પૂર્ણ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાન સર્વના નિયામકના અવતારોના અવતારી સર્વના કારણ સર્વ દેવોના દેવતા એવા પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મોટાશાસ્ત્રીજીની હંમેશા ચઢતી કળા હો, **રાજકોટથી આપનો શિષ્ય છગનલાલ રામજીના સહકુટુમ્બના સાષ્ટાંગ દંડવત પ્રણામ સાથ જય શ્રીસ્વામિનારાયણ વાંચવા,** શ્રી મહાપ્રભુજીને જણાવવાનું જે આપની દયાથી અમારે ઘેર દીકરાનો જન્મ થયો છે તેનું નામ રાશિ જોઈને મોકલાવશો, આ બીજો બાબો છે, તેની જન્મ તારીખ ૧૨-૨-૭૬, ગુરુવાર બપોર પહેલાં સાડા દસ વાગ્યે છે, માઘ શુદી ૧૨ ગુરુવારે છે, અમો તમારા ભક્ત છીએ, તમો ભગવાનના કામ કરો છો, અમારી રક્ષા કરતા રહેજ્યો, તમારા ચરણોમાં અમારા દંડવત પ્રણામ વાંચજ્યો, એજ. રાજકોટ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૩ તા. ૧૫-૫-૭૬

જામવણથળી.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ

શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ શાસ્ત્રીજી મહારાજનો સદાય જય હોજો. અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ પ્રગટ પરમાત્મા સાક્ષાત્ મહાપ્રભુજી, સર્વેના સ્વામી, સર્વાધિપતિ, અવતારોના અવતારી પ્રગટ ગુરુ પરમાત્મા શ્રીપંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અમારા સર્વના ઘણાજ સ્નેહપૂર્વક દંડવત્પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ સ્વીકારશોજી. **ગામ જામવણથલીથી લિ. પ્રગટ પ્રભુનો ચરણસેવક રમેશના જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.** બીજું પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને માલમ થાય જે ગૌમાતા ચાર દિવસોથી કાંઈ ખાતી નથી, દૂધમાં ઘણોય ફેર પડી ગયો છે, કોઈની નજર પડી હોય કે બીજું કાંઈ હોય તે તો તમો ભગવાન પોતે જાણતા હો, માટે જલ્દી સાજી થઈ જાય તેવી શ્રીજી રક્ષા બે લખી મોકલાવશો. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ હાજરોહાજર ચમત્કાર વાપરજ્યો, અમારા સર્વેના દંડવત્પ્રણામ સ્વીકારજ્યો. લિ. રમેશ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૪ તા. ૧૫-૫-૭૬

કોલ્હાપુર.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનો જય હો, પરમકૃપાળુ પરમદયાળુ, પ્રભુ શ્રીહરિ, માથાથી મોંઘા, પ્રાણથી પ્યારા ભક્તોના બેલી, ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં **ગામ કોલ્હાપુરથી લિ. આપના દાસનો દાસ ભક્ત તુલસી મનજી મકવાણા તથા ધર્મેશ તથા ભાવેશ એ સર્વેના શ્રી હરિસ્મરણ વાંચજો.** પ્રભુ તમારા જણાવ્યા પ્રમાણે ભાદરવામાં નારાયણબલિ કરાવી લેશું, શ્રીજી રક્ષા તમોએ મોકલાવી તે બાંધી છે, સારું થતું જાય છે, તમારી દયાથી ધંધા સારા ચાલે છે, ઘરમાં સુખ શાંતિ વરતે સારો સંપ વરતે સારી તમારી ભક્તિ થતી રહે સાજા નરવા રહીએ તે માગિએ છીએ તમારા સિવાય સુખી થવાના ઇલાજ ક્યાંઈ નથી, તમારી પરમકૃપા એજ આ ગરિબ ભક્તને સહારારૂપ છે, સદ્બુદ્ધિ સદા અમોને વરતે તેવા આશીર્વાદો આપજ્યો, આપ ભીડભંજન દુઃખીયાના સાથી છો, મોક્ષદાતા છો, ઉગારનારા છો, તમો પ્રગટ પ્રભુ અંતરની આરાધના સાંભળો છો, કૃપા કરી દિવ્યરૂપે દર્શન આપતા રહેજ્યો, આંહી શ્રીહરિશરણાગતિમંડળ કામકાજે આવનારા છે, અતિ આનંદ થાશે, ભૂલથી લખાઈ ગયું હોય તો માફ કરજો, આપના દાસનોદાસ ધર્મેશ, ભાવેશ, તુલસશી મનજીના સદંડવત્ જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો, ધોતીયાની સેવા મોકલાવીશ, રાજી રહેજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૫ તા. ૨૫-૫-૭૬

ફુગાવાડી, પૂના-૨.

શ્રીસ્વામિનારાયણ ભગવાન સ્વયં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, સ્વસ્થાન શ્રી જુનાગઢ મધ્યે પ્રગટ ભગવાન શ્રીહરિકૃષ્ણજી ભગવાન તમારી દયાદૃષ્ટિથી ઘણાં જ સુખી થયા છીએ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળને અમારા દંડવત્ પ્રણામ સાથે જય સ્વામિનારાયણ વાંચવા તથા કહેવા, **ફુગેવાડીથી દાસાનુદાસ દેવજી કાનજી રાઠોડ આદિક શ્રીહરિશરણાગતિમંડળના જય સ્વામિનારાયણ વાંચવા,** જત જત ખુશાલી સાથે લખવાનું કે અમારો ઇરાનનો પાસપોર્ટ આવી ગયો છે, તો દયાદૃષ્ટિ કરીને જવા આજ્ઞા આપો એટલે જઈએ, જવાબ તુરત લખજ્યો, આહીંથી શ્રીહરિશરણાગતિમંડળ નાના મોટાં બાળબચ્ચાં તમામના જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો, છોકરાંવ સાજા નરવા રહે ગડગુમ્મડ ફોડકા મટી જાય તેવા આશીર્વાદ આપજ્યો, આપ અન્તર્યામી છો સર્વ જાણો છો, તો પણ પ્રાર્થના કરી છે, સારું થાય તેમ જલ્દી કરજ્યો, કૃપાદૃષ્ટિ કરજ્યો, તમારા સેવકો તમોને બહુ જ યાદ કરે છે, તમે વચનસિદ્ધ સંકલ્પસિદ્ધ ભગવાન પ્રત્યક્ષ છો, જેવું કહો જેવું લખો જેવું ચિન્તવો છો તેવું થાય છે, એટલે બધાય આપને ભજીએ છીએ. આપના પત્રની વાટ જોઈએ છીએ, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૬ તા. ૧-૬-૭૬

ફુગાવાડી, પૂના-૨.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીસ્વામિનારાયણ ભગવાન તમો ભૂમંડળમાં વિચરતા છો, તમો જુનાગઢ મધ્યે વિરાજમાન છો, અમારા મહાપ્રભુજી સર્વેને સુખી રાખનારા અનાદિશ્રીકૃષ્ણનારાયણ છો, એતાન **ગામ ફુગાવાડીથી લિખિતંગ આપનો ચરણજીવી સેવક ઓધવજી ટપુ મનાણી તથા મહેન્દ્રકુમાર તથા કૃષ્ણકુમાર તથા હરેશકુમાર તથા ઘરમંડળના ભક્તમંડળના ઘણા સ્નેહ સાથે દંડવત્ પ્રણામ સહિત જયસ્વામિનારાયણ વાંચજો,** બીજું વિનંતિ જે અમારે ઘરેથી પગમાં વા થયો છે, બેસાતું ઉઠાતું નથી, દવાથી ફરક પડતો નથી, કાંઈ નડતર હોય તો પત્રથી જણાવશો, તમો કહેશો તેમ કરશું, તમો ભગવાન છો, મારા ભાઈ માંદા હતા, અને રાતે દસ વાગ્યે રાઘવ પોપટ પોરીયા તમારી પ્રાર્થના કરવા જામનગર મંદિરે આવ્યા, અને ઑફિસની ઓસરીમાં મોટી ખૂરસીએ આપ બિરાજતા હતા, આપને દંડવત્ કરીને મારાભાઈને સાજા થવાની પ્રાર્થના કરી અને પ્રસાદીનું જલ માગ્યું, પણ આપે તુરત જ કહ્યું કે - અમો જુઓ ફળિયા ઉપર આકાશમાં તેને તેડવા જોઈએ છીએ, પાંચ મિનિટમાં વંથળીથી તેના આત્માને તમો તેડીને ધામમાં મેલી આવ્યા,

પછી તમોએ કહ્યું જે - હવે તેને પાણી ફુલહાર પાલખીમાં શબને ચઢાવજો, આ વાત તેજ વખતે વંથળીમાં ભાઈએ દેહ તજ્યો, રાતે બાર પહેલાં રાઘવભાઈએ આવીને બધી વાત કરી તે તેમજ થયું, માટે તમો બ્રહ્માંડમાં વિચરો છો પણ એક ઠેકાણે રહેતા થકા અનેક ઠેકાણે ઘણાને દેખાઓ છો, દર્શન આપો છો, દુઃખ મટાડો છો, ભક્તોનાં ધારેલા મનોરથો દિવ્યસ્વરૂપે સાક્ષાત્ પૂરો છો, આવા સમર્થ છો, છતાં ઐશ્વર્ય દબાવીને સાધુની રીતે વરતો છો, બધાના અપમાન કુબોલ સહો છો, કોઈનું ખરાબ ઇચ્છતા નથી, તેમ ખરાબ કરતા નથી, સહન કરીને ખસી જાઓ છો, હજારો માણસો આપમાં તણાતા દેખાય છે, પણ આપ તો નિર્માની થકા સાદાઈથી રહો છો, કોઈ મોટાઈ માનમાં મંદિર માનતા કે સમૃદ્ધિમાં લેવાતા નથી, આ બહુ મોટું ઐશ્વર્ય છે, બધી વિદ્યાઓના સાગર છો, ત્રિકાળદર્શી છો, છતાં જરણા કરો છો, આવા ભગવાન પ્રત્યક્ષ છો, આમ આપની કથા સાંભળનારાઓ વખાણે છે, અને આપ ભગવાનને ભજે છે, આપ જરૂર સંતોના મધ્યે ભગવાન પ્રગટ બિરાજો છો, સર્વજ્ઞ છો, ધામના ધામી છો, જીવના સ્વામી છો, ભક્તોના ગરીબનિવાજ છો, અભિમાનીઓ પાસે પણ નિર્માની છો, એવા હે પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ ભગવાન અમારા જીવની સંભાળ રાખજ્યો, અને રોગ દુઃખ દુર કરજ્યો. ગરીબ તમારા દાસના કુટુંબને સુખિયા રાખજ્યો, બીજું કે - મારે ઇરાન જાવાનું થાય તેમ છે, પગમાં કપાસી છે, તે કઢાવ્યા પછી જઈશ, સાજો કરી દેજ્યો, તમારા દર્શન કરવા આવવું છે, પ્રસાદીનું જળ તથા શ્રીજીરક્ષા પહોંચી ગયાં છે, ક્યારેક ક્યારેક તમારા દર્શન થતા રહે છે, મુંઝવણ મટી જાય છે.

મારા ભાઈને લાલજીને અક્ષરધામમાં લઈ જવા તેડવા આવ્યા ત્યારે મારા ભાઈએ બેઠા થઈને હાથ જોડીને બધાને જયસ્વામિનારાયણ કહીને શાસ્ત્રીજી ભગવાન તેડવા આવ્યા છે હું જાઉં છું એમ કહીને દસ વાગ્યે દેહ મેલ્યો તે દિવસથી મને તમો ભગવાન સમજાણા છો, તમારું ભજન પૂજન થાળ આરતી ધુન્ય કરીએ છીએ, પરદેશણા જાઉં ત્યાં પણ અમારી ખબર રાખજ્યો, તમારા જન્માષ્ટમીના ઉત્સવમાં ઘણાંને ઘણે ઠેકાણે તેજસ્વી ચળકતા દિવ્ય - દર્શન થયા હતાં, તે દર્શન તો નજરો નજર તરી વળે છે, આવા ગરીબનિવાજ ગરીબદાસના બેલી છો, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ તમોએ ઓળખાવ્યા એવા શ્રીહરિશરણાગતિમંડળના ભક્તોની જેમ મારી પણ સંભાળ લેતા રહેશો, તમારા શરણમાં કોટિ કોટિ પ્રણામ, તમારો સેવક ઓધવજી ટપુ મનાણી તથા બાળબચ્ચાઓના દંડવત્ પ્રણામ વાંચજ્યો, જલ્દી આશીર્વાદ લખજ્યો જલ્દી સાજા કરજ્યો, આંહી અમારા ભાયું મોહન કરશન મનાણી તથા મોહનલાલ રતનશી વગેરે તથા તેમનું કુટુંબ તમારું ભજન કરે છે, અમો બધા તમારા કીર્તન કથા વાર્તા કરિએ છીએ, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૭ તા. ૧-૬-૭૬

મુંબઈ.

શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ.

સ્વસ્થાન ગામ શ્રી જુનાગઢ મધ્યે સર્વે શુભ ઉપમા યોગ્ય પરમપૂજ્ય આલોક તથા પરલોકના સાચા સગા, ભુક્તિ અને મુક્તિના આપનારા ભગવાન પ્રગટ પુરુષોત્તમનારાયણની જય થાઓ. આવું ઇચ્છનાર **ચરણકમળ સેવક નાથાલાલ ડાયાભાઈ તથા શ્રીહરિશરણાગતિમંડળના ઘણા હેતથી દંડવત્ પ્રણામ સ્વીકારશોજી.** પરમપૂજ્ય મહારાજશ્રીને માલમ થાય જે મારે દુબઈ જવાનું છે, વિમાનની ટીકીટ મળવામાં છે, ટાઇમ પૂરો થઈ ગયો છે, ટીકીટ મળે કે સાજાનરવા દુબઈ પહોંચી જાઈએ એવા આશીર્વાદ આપજ્યો, જલ્દી જવાબ લખજ્યો, અમો સર્વે આનંદમાં છીએ તમારા ભજન ભક્તિ કરીએ છીએ, તમારી મૂર્તિ ભેગી રાખશું રક્ષા કરજ્યો, બેત્રણ દિવસોમાં ઉપડશું, દુબઈ જઈને પત્ર લખશું, રાજી રહેજો, દઃ નાથાલાલ તથા ભાઈઓના જય સ્વામિનારાયણ વાંચજ્યો, મુંબઈ પ્લેનમાં દુબઈ કામકાજે સર્વે ઠેકાણે રક્ષા કરજ્યો, નજર રાખજ્યો, તમો ભગવાન ભક્તવત્સલ દીનદયાળ દયાળું અનાથના નાથ શરણાગતના મનોરથ પૂરનારા છો, તમારામાં ઐશ્વર્ય ચમત્કારો છો, તમો કોઈને વશ રાખવાનો દુર્ગુણ રાખતા નથી, એવા ભગવાન છો, ક્યાંઈ બંધાતા નથી, તાલેવાનોમાં બંધાતા નથી, ગરીબોથી કાંઈ ઇચ્છતા નથી, નિરાવરણ નિર્લેપ છો, એવા નિર્મલદૃષ્ટિવાળા ભગવાન સંત સ્વામી તમોને કોટિ કોટિ પ્રણામ હો. પરદેશમાં ધર્મરક્ષા કરાવજ્યો, સત્સંગ રખાવજ્યો, પાલન કરજ્યો કરાવજો, દર્શન દેતા રહેજ્યો. પ્રાર્થનામાં ધ્યાન દેજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૮ તા. ૨૮-૫-૭૬

કલ્યાણ, મુંબઈ.

શ્રીકૃષ્ણવલ્લાભાચાર્યજી મહારાજને નમઃ

અક્ષરાતીત પૂર્ણ પુરૂષોત્તમ શ્રીસ્વામિનારાયણ પ્રગટપરમાત્મા પ્રગટપ્રભુજી સર્વેના સ્વામી સર્વેના અધિપતિ શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અમારા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ સ્વીકારશોજી. **ગામ કલ્યાણથી લિખિતંગ પ્રગટપ્રભુના ચરણકમળ સેવક દાસ જયન્તિલાલ તથા અમારા ભાઈ તથા કુટુમ્બી સર્વેના જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** હું મેટ્રીકની પરીક્ષા આપીને કલ્યાણ મોટાભાઈ રતિલાલ પાસે ફરવા આવ્યો છું, પાસ થવાય એવી દયા કરજો, આગળ ભણું કે કામ ધંધો શીખું ? આજ્ઞા આપો તેમ કરું, મારા માત પિતા શાસ્ત્રી મહારાજ

કહે તેમ કરવાનું લખે છે, કાંઈક શંકાથી બ્રાહ્મણ પાસે જોવરાવ્યું ત્યારે પિતૃનડતર કહીને નારાયણ બલિ કરવા કહેલ છે, તો તમો કહેશો તેમ દેશમાં આવીને કરીશું, આ પ્રમાણે રતિલાલભાઈએ લખાવ્યું છે, રતિલાલભાઈના બાળબચ્ચાં સર્વેના જયસ્વામિનારાયણ વાંચજ્યો, સારા આશીર્વાદ આપજ્યો, પ્રારબ્ધ ફેરવનારા એવા કર્તું અકર્તું અન્યથાકર્તું સમર્થ એવા તમો ભગવાનને અમો શરણાગત ભક્તોના જાજા હેતથી દંડવત્પ્રણામ છે, અમારા સારા પ્રારબ્ધ કરજ્યો. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૪૯ **તા. ૧૮-૬-૭૬**

મેડીકલ હૉસ્ટેલ નાં. ૫, રૂમ નાં. ૨, જામનગર.

પ્રગટપ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ

પ્રત્યક્ષપ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભચાર્યજી શ્રીસ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં **જામનગરથી લિ. દાસાનુદાસ સેવક કાન્તિલાલ મોહનલાલના દંડવત્પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.** સવિનય લખવાનું જે આપની કૃપાથી મજામાં છું, અમારી ડૉક્ટરી કૉલેજ શરૂ થઈ ગઈ છે, એમ.બી.બી.એસ., પરીક્ષામાં ફાર્માકૉલૉજી વિષયમાં બે માર્કસ ઓછે ફેલ થયો છું તે પેપર ફરીથી પરીક્ષામાં લેવાશે ત્યારે પાસ કરી દેજો, હાનિ નથી, આપના આશીર્વાદ દયા ભરેલા મળવાથી આનંદમાં છું, આપની કૃપા વડે શ્રીહરિશરણાગતિભક્તિ વડે મારું ભાગ્ય ઊંચે દરજે હશે, અમારી ભૂલ્યો માફ કરજ્યો, પ્રગટપ્રભુ માનવ સ્વરૂપે ભગવાન આપની ઓળખાણ થવાથી જીવમાં ઉપાસના ભક્તિનું બળ વધ્યું છે, અને વિશ્વકર્તા આપ અમારા ઉપર કૃપા રાખજ્યો, ક્યાં હું અલ્પપ્રાણી અને ક્યાં તમો સૃષ્ટિસર્જનહાર પરમાત્મા, માટે તમારું માહાત્મ્ય નિશ્ચય મોક્ષમાં પહોંચાડે તેવી કૃપા કરશો, ભૂલચૂક માફ કરશો, લિ. દાસાનુદાસ કાન્તિલાલ મોહનલાલના દંડવત્ સહકૃત જય શ્રીસ્વામિનારાયણ વાચશોજી. કૃપાપત્રથી સંભાળ લેજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૦ **તા. ૨૨-૬-૭૬**

ચાવડા.

શ્રીસ્વામિનારાયણાય નમઃ

સ્વસ્થાન શ્રીજુનાગઢમધ્યે મહાશુભસ્થાને સ્વસ્વરૂપે વિરાજમાન આનંદઘન સુખનિધિ સર્વે તત્ત્વોમાં પ્રત્યક્ષમૂર્તિ શ્રીહરિકૃષ્ણમહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સર્વે સન્તો પ્રતિ, **ચાવડાથી લિ. ચરણકમળ સેવક હંસરાજ ભગત તથા રતિલાલ ભગત તથા મનસુખ તથા રમેશ તથા નવીન તથા અમારા ઘરમંડળ**

સર્વેના ખૂબ સ્નેહપૂર્વક દંડવત્પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારયણ વાંચશોજી. જત રતિલાલ આદિ અમો જુનાગઢથી નિકળી તીર્થ કુંકાવાવ ગયા, ત્યાં વરસાદ અને તળાવના પાણીના પૂર આવવાથી પણ રાષ્ટ્રીય ભવનને ભગવાનની મૂર્તિને જરાકેય આંચ આવી નથી, પરંતુ પૂરનું પાણી મૂર્તિના ચરણકમળના અભિષેક કરવા કડય સુધી પહોંચીને પાછું શમવા માંડ્યું હતું, રૂમમાં પાણીના ડોળની માટી ભરાઈ તળામાં ગારા જેવું હતું તે સાફસૂફ કરવું હતું, પણ તેમાં ઇલેક્ટ્રીકવાળા જીવરાજભાઈની દુકાનની ભીંત પડી જવાથી અમુક સામાન મંદિરમાં રાખેલ હોવાથી ધોઈ શકાયું નથી, મૂર્તિને પાણીવડે નવરાવીને પડખાં વાળીચોળીને ધૂપ દીપ આરતી નૈવેદ્ય નાળિએર ટોપરાં સાકર ફળ આદિક ધરાવીને પ્રસાદી વહેંચી હતી, ગામના ઘણા ભક્તોએ પણ નાળિયેર તથા સાકર ધર્યાં હતાં, દર્શન કર્યા હતાં, ધુન્ય કીર્તન કર્યા હતાં, પછી જન્મસ્થાને ગયા હતા, પોપટ બાપા આદિક તથા ભગવાન બાપાના દિકરા ભીમજીભાઈ આદિક ત્યાં રહેતા ઘરના મનુષ્યો મલ્યા હતા, તેઓ ખુબ રાજી થયા છે, પોપટબાપા વગેરે ભગવાનના કુટુંબને નક્કી સમજાણું મનાણું છે, જે અમારા ભાઈ સંતરૂપમાં ભગવાન છે, આમ તેમની વાતો વડે જણાણું, જે તેમને ભગવાનપણું ઓળખાણું છે, બાળપણથી જ ભગવાનના ગુણોવાળા છે એમ કહેતા હતા, પાંચ છ વર્ષના હતા ત્યારથી ન્હાવું પૂજા વગેરે કરતા મંદિરે જાતા માલા ફેરવતા એકાદશી વગેરે વ્રત કરતા નિશાળે જઈને મંદિરે દર્શન કરીને ઘેર આવતા વગેરે વગેરે કહેતા વર્ણવતા હતા, સાધુ સંતો મંડળ આવે ત્યારે વધારે ભક્તિ કરતા, દૂધ કળશો ભરી મંદિરે લઈ જતા, વાડી ખેતરની નવી ચીજું મંદિરે લઈ જતા, કીર્તન મોઢે કરીને બોલતા, અધિક મહિનામાં નદીમાં ખારામાં ન્હાવા જતા, ઘરે પણ બાઈઓ વડે પૂજા ન થઈ શકે તેમ હોય ત્યારે તથા બહાર ગામતરે મોટા જણ મેમાન થયા હોય ત્યારે પણ તેમની પૂજા ઘરે કરી લેતા.

એકવાર નવ-દશ વર્ષની ઉમ્મરમાં માવજીબાપા સાથે જૂનાગઢને સમૈયે ગયા હતા, ત્યાં મોટા સ્વામી સદ્‌ગુરુ શ્રી બાળમુકુન્દદાસજીના ચરણોમાં રોકાણા હતા, પછી ઘેર આવ્યા ત્યારે ભગવાનના અને મોટા સંતોના ચમત્કાર પરચાઓની ઘણી ઘણી વાતો કરતા સાધુ થઈ જવાનું કહેતા હતા, અક્ષરધામના ભગવાન શ્રીજીમહારાજ તથા મુકતમંડળના વર્ણન કરતા કરતા - આપણે ત્યાં જાવું છે સંસારમાં રહેવું નથી અને ભગવાન જ ભજવા છે એમ આતુરતા દેખાડતા હતા, ઉંઘમાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલતા હતા, ગાયો ભેંસો ચારવા જાતા ત્યાં નાના કાગળમાં છપાએલી મૂર્તિ સાથે લઈ જતા, જે કાંઈ ખાય તે મૂર્તિને ધરીને જમતા, ઘેર પણ મૂર્તિને દીવો કરીને આરતી ઉતારતા, સાકર અને મગફળી તથા બોર મમરા દાળિયાની પ્રસાદી ધુંજામાં રાખતા, રાતે માળા લઈને ઊંઘી જાતા, કંઠી તુટી

જાય તો તેને ફરકીના ઝીણા દોરામાં પરોવીને ટૂંકી તો ટૂંકી પહેરી લેતા, ફૂલ થયા હોય ત્યારે નાનો હાર ગલગોટાનો અને લાલ પચરંગી ગલના ફૂલનો બનાવીને મૂર્તિને પહેરાવતા, વાટ્ય ન હોય તો હાથે વાટ્ય વણીને દીવો કરતા, રૂ ન મળે તો ભીંડીના બોયાંનો દિવો ઝગાવીને આરતી ઉતારી લેતા, આરતી કીજે સહજાનંદસ્વામિ એમ બોલતા, રામ કૃષ્ણ ગોવિંદ બોલતા, ગૌમાતાને પગે લાગતા, તુલસીને પાણી પાતા, નાના વાછરડાં પાસે બેસીને તેને ખંજોળતા, રમતા, રમાડતા, ફળિયામાં છોડતા ઘરને આંગણે દાડમી હતી, દાડમ પાકે તે ઠાકોરજીને ધરતા, મંદિરે લઈ જતા, ફળીમાં રાવણા હતા તે જેઠમાસમાં વરસાદના છાંટા પડે ત્યારે પાકીને હેઠા પડે તેને ધોઈને મૂર્તિને જમાડતા, શાક મૂળા ચીભડાં મોગરીયું વિગેરે મંદિરે લઈ જાતા, ઠાકરશી ભગત પૂજારી હતા તેની વાતો સાંભળતા, હરિલીલામૃતના રાગ બોલતા, વચનામૃત વાંચતા, ઉત્સવોમાં મંદિરે સૂઈ રહેતા, કવિતાઉં મોઢે બોલતા, ઝીંજરા મંદિરે લઈ જાતા, ભગત માટે મેથી ભાજી લઈ જાતા, આવી આવી ઘણી ઘણી બાળચરિત્રોની વાતો કરી, તે સાંભળીને અમો ખૂબજ રાજી થયા, મોટો ગુંદો રસોડાના પાણી પીયે તે ઠેકાણે હતો, તેમાં મોટા મોટા ગુંદા થાતાં, તે પાકીને હેઠા પડે તેને ભગવાનને ધરીને જમાડતા જમતા, બ્રાહ્મણ જતી બાવા લોટ માગવા આવે તેને લોટ આપતા, કોઈ યાત્રાળુ ટીલાવાલા બાવા સંતને દેખે તો તેને છાશું પાવા જમાડવા ઘરે લઈ આવતા, તેને જમાડીને પોતા પાસે વાપરવાનું કાવડીયું હોય તો તેને આપી દેતા.

એકવાર ઉઘાડે ડીલે રામાનંદી ખાખી આવ્યા, તેને પોતાનું ફાળીયું આપી દીધું હતું, કોઈ વઢે તો બધુંય સહી લેતા અને રમતા પણ રીંસાતા નહિં, શરીરે પાતળા હતા અને કાંઈક ચીંધ્યું હોય તો હડી કાઢીને લઈ આવતા, વાડીપડામાં ઘઉં પવાતા ત્યારે પાણી વાળવા રોકાતા, બધાયમાં ભણતરમાં હુશીયાર હતા, સાધુ થવા જાવું હતું ત્યારે બાને પૂછીને ગયા, બાના કહેવાથી 'ભણજે' એ વચન પ્રમાણે ભણ્યા પણ સારી રીતે, અમારા કુટુંબને ધન્ય છે, અમો તેમને પ્રભુનો અવતાર છે એમ ઓળખવા મંડ્યા છીએ, સાધુ થઈને પણ અમોને કોઈ દિ કાગળ પણ લખ્યો નથી, આવા નિર્લપ રહ્યા છે.

આ સાંભળીને તો અમે પણ હાલના ઘણાં ઘણાં પરચાઓની વાતું કરી અને તે ખૂબ જ રાજી થયા હતા, પછી આ પાણી પીવરાવ્યા હતા, પછી સરપંચ સાહેબ લક્ષ્મણભાઈ ભગતને મળ્યા હતા, તેમણે અમને તમારા ઘણાં ખબર પૂછ્યા હતા, પછી તેમણે પાણીની હોનારતની વાત કરી અને બોલ્યા જે સ્વામિજીને રાષ્ટ્રીય સ્મૃતિ ભવનમાં પધરાવ્યા છે, તેમણે અમારા ગામની રક્ષા ઘણી કરી છે, બીજે દિવસે હોનારત થઈ હોત તો ઘણાં માણસો બચ્ચાં છોકરાં માલ પુસ્તક ઉતારા

ખોરાક વિગેરે તણાઈ જાત, તે ન થવા દીધું, આગલે જ દિવસે હોનારત વડે મોટું વિઘ્ન શમાવી દીધું, તેવા પ્રભુને વિષે અમોને પરમેશ્વરના અંશ પણાનો ભાવ ઉપજ્યો છે, શંકરાચાર્યજી મહારાજને પણ તણાઈ જણાનો ભય લાગ્યો હતો, તેમનામાં પણ રક્ષા કરવાનું સામર્થ્ય ન દેખ્યું, કુંકાવાવની તમામ કોમોને નક્કી થઈ ગયું છે જે દેવાણી કુટુંબમાં ભગવાન જન્મ્યા છે, અને સેંકડો વર્ષોમાં ન થયેલ હોય તેવા જળપ્રલયમાં જલપૂર વડે કુંકાવાવની ભૂમિને ધોઈ ધફોઈને શુદ્ધ કરીને ગામની તથા જીવોની રક્ષા કરી છે, પોતે જળ પૂરમાં કડય સુધી ન્હાયા અને સ્મૃતિ મંદિરને આંચ આવવા ન દીધી, સંભારણું થાય તેવી હોનારત અને પરચો આપ્યો છે, ગોકળબાપા સુખડીયા અને લિમ્બાબાપા દેવાણી વગેરેએ કુંકાવાવમાં સાધુસંતોષની કરેલી રોટલા પાણીના સદાવૃત્ત પુણ્યોની સ્મૃતિ આ વખતે ઉપજાવી દીધી અને તેવા દૈવી મોટા વૃદ્ધોનાં પ્રતીક દર્શન સ્વરૂપે શાસ્ત્રીજી સ્વામીને મંદિરમાં પધરાવીને શ્રીહરિશરણાગતિ મંડળે અને ગામના સેવકોએ ધામધુમથી જ જન્માષ્ટમી મહોત્સવ કરીને કુંકાવાવને સૌરાષ્ટ્રમાં ઊંચી કીર્તિ પાત્ર બનાવેલ છે. અમારે શાસ્ત્રીજીના નામે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આર્ટસ સાયન્સ અને ધર્મશિક્ષણ કૉલેજ બાંધવી છે. ઇત્યાદિ ઘણી વાતો કરી પછી તો અમોએ પણ પરચાની વાતો કરી, અને આનંદ મંગળ થયા, સરપંચ સાહેબે અમારી ઘણી સંભાળ રાખી પછી અમો રાજકોટ ગયા, ત્યાંથી ઘેર ચાવડા આવ્યા છીએ, બધાને પ્રસાદી કણિકો આપ્યો છે, રાજી થયા છે, તમારી કૃપાના આશીર્વાદોથી અપાર સુખિયા થયા છીએ, તમારું ભજન પૂજન કરીએ છીએ, વધારે વધારે થાય તેવા આશીર્વાદો આપજ્યો.

આપનો પ્રસાદી પત્ર લખજ્યો, વંથળીના પ્રદેશોમાં દુકાળ જેવું છે બધાને ઉપજ પાણી ઓછાં છે તો દાણાપાણી મળે અને સુખી થવાય એવી કૃપા કરજ્યો. ભક્ત મંડળને સુખી થવાના મેહુલા વરસાવજો, એટલી આ લોકની પ્રાર્થના પણ છે, દુખી થવા દેશોમા, કોઈ કોઈ ભગતને રોટલા શાકના પણ સાંધા રહ્યા નથી, ગરીબના બેલી તમો છો, તમારા સેવકો રોટલાથી સુખી થાય સાજા નરવા રહે, ડાકણ્યુંનો ઉપદ્રવ મટી જાય, દેવદર્શન ઉત્સવ સમૈયા કરાય તીર્થ થાય એવા સત્યસંકલ્પ કરજ્યો, હે મહારાજ, દેશ કાળ નબળા છે તેમાં નજર રાખજ્યો, એ સ્તુતિ છે, વંથળી ચાવડામાં તો ખેતર ખાવા દોડે છે, કાંઈ નથી, અને મુમ્બઈ પૂના જાઈએ છીએ પણ માંડ માંડ પુરું થાય છે, ધોતીયાની કે રસોઈની સેવા પણ થઈ શકતી નથી, હે પ્રભુજી ગરીબ ભક્તો ઉપર નજર ફેરવો તો કલેજાં ઠરે, અને ગણતીમાં અવાય, ભાગ્ય પ્રારબ્ધ ફેરવવાં તમારા હાથમાં છે, હે ભગવાન રાજકોટના કડીયા જામનગરના કડીયા સુખી દેખાય છે, પણ અમને તો હજું કાંઈ કમાણી કે સુખ દેખાતાં નથી, ચાવડા વંથળીની વાડ્યું પણ સુકાઈ ગઈ છે, કપડાં

લતા લેવાની પણ સામર્થી રહી નથી, આગળ, પણ આવીને આવી ગરીબાઈ રહેશે તો અમો શું કરશું, દર્શને આવવા પણ પગ ઉપડતા નથી, તમારા ધ્યાનમાં આવે એવી તમારા શરણાગતિમંડળ ઉપર દયા કરજ્યો. બીજું કે અમારી નાની બેન મંજુલાને રાજકોટ ભણવા મોકલાવી છે, ત્યાં જ રહેવા ભણવા જમવા બધું સંસ્થામાંથી જ છે, પગે ચાલવાની જરા ખોટ હોવાથી ચિન્તા કર્યા કરે છે તો તેમને માટે આશીર્વાદ મોકલાવજો ભણવામાં હુશિયાર રહે અને ચિન્તા ન કરે બાકી કૃપાદૃષ્ટિ રાખજ્યો રાજી રહેજ્યો, ભૂલચૂક માફ કરજ્યો આખી ખલકના ચલાવનારા તમો છો, અમારું રોડવજો, લિખિત દાસાનુદાસ સેવક હંસરાજભાઈ તથા રતિલાલ વિગેરેના ખૂબ જ હેતથી દંડવત્ પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો ટપાલ લખજ્યો, દ: આજ્ઞાંકિત રતિલાલ ભગતના દંડવત્ વાંચજ્યો.

❖❖❖❖❖

પત્ર નં-૫૧ **તા. ૨૬-૬-૭૬**

નાના વરાછા રોડ, સુરત.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે, સ્વસ્થાન શ્રી જુનાગઢ મધ્યે સર્વોપમા લાયક સન્તરૂપ શ્રીજીમહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજીને અમારા કોટાનકોટિ દંડવત્ પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો. **સુરતથી લિ. આપના ચરણકમલના ભક્ત ધીરૂભાઈ રામજી કાકડીયાના જય શ્રીસ્વામિનારાયણ વાંચવા,** આપની અમીમય કૃપાદૃષ્ટિથી અમો સુખિયા ખુશી આનંદમાં ઠીએ, આપ સુરત આવ્યા પછી ઘણાં ભક્તજનો આપને પ્રભુ તરીકે દેખે છે, તમો આનંદમાં સદા રહો છો, નિરંજન નિર્લેપ નિ:સ્નેહ નિષ્કામ નિર્લોભ નિર્માન સન્ત ભગવાન છો, સરસ્વતી આપની જીભમાં છે, ઋદ્ધિ સિદ્ધિ આપના વચનમાં છે, શુભ લાભ લક્ષ આપના સંકલ્પમાં છે, તમો સર્વે અવતારોના અવતારી પૃથ્વીમાં પ્રગટ થઈ વિચરો છો, અનન્તકોટિ સૃષ્ટિઓના ધણી રચનારા અને પોષક છો, તમો સાક્ષાત્ પુરુષોત્તમ ભગવાન છો, એવું અમારા દીલમાં લાગે છે, અમારા જેવા ભક્તોના કોડ પૂરા કરવાને સમર્થ છો, આપનું હેત અમારે માથે રહો, અનંતકાળથી રખડતા આ જીવને તમો અંતકાળે લેવા આવજો, અને અક્ષરધામમાં લઈ જજો, થોડુંક જાણવાનું છે તેના ખુલાસા લખજ્યો, બ્રહ્મા વિષ્ણુ મહેશે જ્યારે પૃથ્વીની ઉત્પત્તિ કરી તે પહેલાં પૃથ્વી વિગેરે ક્યાં હશે ? અને ત્યારે આંહી શું હશે ? ભગવાનના ધામ આંહિ હશે કે નહિ જ હોય, કે બીજે હશે ?

આવા પ્રશ્ન ઉગ્યા કરે છે તો નિવારણ થાય ટુંકું લખી મોકલજ્યો, અમો તમોને રાતદિવસ સંભારીએ છીએ, દર્શન પણ થાય છે, માટે અનેક રૂપ સ્વરૂપધારી

સામર્થ્યવાળા પ્રત્યક્ષ છો, આમાં કાંઈ શંકા નથી, તમોને ક્યારેય ભૂલતા નથી, સુરતમાં ઠેકઠેકાણે તમારા દિવ્યપણાની વાતું થતી હોય છે. તે પ્રમાણે તમોને હૃદયમાં રાખ્યા છે, લિ. ધીરુભાઈના જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો, તમારા દર્શન જેને જેને થયાં છે અને થાય છે તે તો તમોનેજ વર્ણવે છે, અને તમારું જ સ્વરૂપ દેખે છે, કથા માટે તમો પાટચ ઉપર બિરાજ્યા છો એ મૂર્તિ તો સદાય દેખાયા કરે છે, અખિલભૂમંડલીય પુસ્તક અમોએ વાંચ્યું છે, અને બીજાને પણ વાંચવા બીજું એક મોકલાવજો, અમારું શિરનામું - મું. સુરત, ૬, નાના વરાછા રોડ, માતાવાડી, હરિભાઈની ચાલી, રૂમ નં. ૩, દરબારને કારખાને ધીરૂભાઈ રામજી કાકડીયાને પહોંચે, તમારી નામવાળી કંકોત્રી કુંકાવાવથી સપ્તાહની હતી, તો તેથી અમો બહુ જ રાજી થયા છીએ, અમને એમ હતું જે તમો અમને ભૂલી ગયા હશો, કાંઈક તમારી પ્રસાદીની ચીજવસ્તુ કટકો મોકલાવજો, જે કાયમ પૂજામાં સંભારાય, એજ દઃ ધીરૂભાઈ, શ્રીસ્વામિનારાયણ પ્રગતિ-યુવક-મંડળ-પ્રમુખ.

❖❖❖❖❖

પત્ર નં.૫૨ તા. ૮-૨-૭૬

જાવીયા શેરી, જામવણથલી,

સ્વસ્થાન શ્રીજૂનાગઢ મધ્યે સદ્‌ગુરુ સ્વામી સર્વે વેદ આચાર્ય શ્રીહરિ સ્વામી **ગુરૂમહારાજશ્રીને મનજી જૂઠા વાઢેરના હજારો હજાર વાર દંડવત્ સાષ્ટાંગ પ્રણામ સાથ જય શ્રીસ્વામિનારાયણ.** જત સ્વામીને માલમ થાય જે આજ હું મુંબઈ જાઉં છું, મારે ઇરાન જાવું છે, હું સફળ થાઉં અને નિરવિઘ્ન પહોંચી જાઉં એવી કૃપા કરશો, આપની સેવાનો લાભ મળશે, મારી ધારણા પુરી કરીશ, આપ અંતર્યામી ભગવાન છો, ભક્તોનું ભલું કરો છો, જરૂર મને આશીર્વાદ આપજો, થોડું લખ્યું જાજું કરી માનજ્યો. લિ. મનજી જુઠા રાઘવ વાઢેર.

❖❖❖❖❖

પત્ર નં.૫૩ તા. ૧૦-૮-૭૬

વલ્લભનગર સોસાયટી, નાં. ૫૭, વરાછા રોડ, સુરત.

પ્રગટ પુરુષોત્તમ અક્ષરધામના ધામી સ્વય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, આ મોકલાવેલી રાખડી સ્વીકારજ્યો, **પટેલ લલ્લુભાઈ નારણભાઈ, ધીરુભાઈ વિગેરેના જય સ્વામિનારાયણ વાંચજ્યો,** ધામમાં તેડી જવા આવજ્યો, એજ, દંડવત્ પ્રણામ સાથે જયશ્રીકૃષ્ણનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં-૫૪ **તા. ૧૩-૯-૭૬**

નાશિક.

ગુરૂદેવ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યાજીને નમો નમ: **લિ. પુરુષોત્તમ ડાયાભાઈ મકવાણાના અનંત દંડવત્.** શ્રી ગુરુદેવ શ્રીહરિ ! આપની દયાથી પેટમાં દુ:ખાવો સાવ મટી ગયો છે, અને ફોટામાં પથરી દેખાણી નથી, ગરમીથી દરદ થયુ હતું, એમ ડૉક્ટરે કહ્યું છે, મેં રાતનો અખંડ ઘીનો દીવો કરી તમોને પધરાવી જાગરણ કર્યું હતું, પથ્થરી ઓગળવાની આરાધના તમારી મૂર્તિ આગળ ચાલુ રાખી હતી. આપની દયાથી સાવ આરામ થઈ ગયો છે, બધી રીતે આરામ છે, બે દિવસ દવાખાને રહીને તમારી સ્તુતિ કરતાં કરતાં પત્ર લખેલો છે, પૂનાથી જેરામભાઈ તથા દેવરાજભાઈ આવેલા છે, તમારો આશીર્વાદ પત્ર અને પ્રસાદી ગુલાબ પાંખડીયો મળ્યો છે, આજે વહેલી સવારે તમારા દર્શન થયા છે, હસતા હસતા હાથ ફેરવીને તરત જ અદૃશ્ય થઈ ગયા, તુરત જ આ કાગળ લખ્યો છે, મને સાવ આરામ છે, પ્રસાદી પત્ર લખજ્યો, પરદેશ જાવાનું થાય તેવા આશીર્વાદ આપજ્યો, સેવાઓ થઈ શકે, તમારા ભક્તોની ખબર તમારે રાખવાની છે, મારા તથા બાળબચ્ચાનાં દંડવત્ પ્રણામ સાથે જય સ્વામિનારાયણ વાંચજ્યો.

❖❖❖❖❖

પત્ર નં-૫૫ **તા. ૨૨-૯-૭૬**

રાધાસ્વામી મંદિર સામે, પૂના-૧.

પરમપૂજ્ય મોટાશાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીશ્રી, આપ તો અન્તર્યામી પ્રભુ છો, સર્વ જાણો છો, અમો સહ કુટુંબ આપના દર્શને આવશું, દેશકાળે રક્ષા કરતા રહેજો, ચન્દ્રકાન્તના લગ્ન પ્રસંગેની પૂજાની માનતા આપવા આવવું છે, આવતે મહીને આવીશું, આશીર્વાદ લખજ્યો. એજ દ: **સેવક અરજણ પ્રેમજીભાઈના દંડવત્સહિત જય સ્વામિનારાયણ વાંચજ્યો.**

❖❖❖❖❖

પત્ર નં-૫૬ **તા. ૩૦-૯-૭૬**

જામવણથળી.

શ્રીસ્વામિનારાયણાય નમ:

પરમપૂજ્ય ભગવાન શ્રી મોટા શાસ્ત્રીજી મહારાજ આપને સાષ્ટાંગ દંડવત્ સહિત જય સ્વામિનારાયણ, હે દયાળુ કરૂણાનિધિ પતિતપાવન મોક્ષપ્રદાતા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્વામિનારાયણ પ્રભુજી તથા સંતમંડળ આદિકને અમારા સાષ્ટાંગ દંડવત્ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચવા. **જામવણથળીથી લિખિતં**

આપના ચરણરજ દાસાનુદાસ માસ્તર ચંદુલાલ પ્રભાશંકર ઠાકરના જયશ્રીસ્વામિનારાયણ. આપની દયા-કૃપા આશિષોથી સુખી છીએ, આનંદમાં ભજન ભક્તિ કથા વાર્તા ધુન્ય વગેરે કર્યા કરીએ છીએ, તથા સદા આપના આશીર્વાદ ઇચ્છીએ છીએ, આપ દયાળુ છો, સર્વે જીવોના મોક્ષ દાતા છો, પ્રભુ મારી અરજ છે - જે, મારી એક બેબી ગયા વર્ષે ધામમાં ગઈ, આ વર્ષમાં મારે ઘેર પુત્ર થાય એવી પ્રાર્થના છે આપ આશિષ આપજ્યો એમ વિનવું છું, તમો તો સર્વજ્ઞ સર્વ જાણનારા ભગવાન છો, અમો અજ્ઞાની છીએ, આપનું ભજન અમોને લાભદાયક છે, તમારું રાતદિવસ ભજનભક્તિ થાય તેવું બળ આપશો, જેથી સદા આપને હૃદયમાં રાખિએ અને આનંદ માણીએ, નવમો માસ થયે દવાખાને દાખલ કરીશું, જેથી સુખે બાળક જન્મે, આપ ભગવાન રક્ષા કરજ્યો, રક્ષા તમારું ઐશ્વર્ય છે, હું શનિવારે જૂનાગઢ આપના દર્શને આવીશ, નિર્વિઘ્ન થવાય તેમ આશિષ પત્ર લખજ્યો, આંહી આપના દિવ્ય દર્શન વડે ઘણી તૃપ્તિ થાય છે, આપના સિવાય કોઈનો આધાર નથી, અમારા ઘર કુટુંબના જય સ્વામિનારાયણ વાંચશોજી, આપની આઠમ જન્મ જયન્તી ઉજવવા મોટી તૈયારી સર્વે કરી રહ્યા છીએ, સારી રીતે બળ આપજ્યો, ચરણસેવક ચંદુલાલના જય સ્વામિનારાયણ.

આપે મોટા પારાયણ સમયે સાંજે માથે વરસવા આરંભ કરેલા વરસાદને એક જ માળા ફેરવીને લાખાણી તરફ વળાવ્યો હતો, આવતા છાંટા ધનધોર તમામ બંધ થઈ ગયું હતું, આ પરચો હજારો માણસોએ પ્રત્યક્ષ જોયો છે. પારાયણના ખર્ચ માટે રાત્રિએ બધા ચિન્તામાં પડ્યા હતા, આપને રાતે બાર વાગ્યે પ્રાર્થના મોટેરાઓએ કરી ત્યારે સવારે આપ પહેલાજ વ્યાસપીઠે બિરાજ્યા અને ચાહવાળા દામોદર પોપટલાલ જામનગરથી આવેલાની રૂપિયા દોઢ હજારની એક રસોઈ તત્કાળ નક્કી કરી દીધી, બીજી બધી રસોઈઓના દરરોજના યજમાનો ઊભા કરી દીધા. ચાર ખૂણાઓમાં સભામાં કંટ્રાક્ટરો મોટા મોટાને ગોઠવીને બેસારી દીધા હતા. તેમણે હજારો રૂપિયાઓને ખર્ચે બધો ઉત્સવ ઉપાડી લીધો હતો તથા સાડત્રીશ હજારનો ફાળો પૂર્ણાહૂર્તિમાં કરી પારાયણનો અને મંદિરનો દિગ્વિજય કરાવ્યો, તથા ગામ જમાડ્યું, જયજયકાર બોલાવી દીધો હતો તથા ઉગેલા કૂણા મોલ સૂકાઈ જાતાં તમોએ ખેતરોમાં જોયા, અને ગાડી જોડાવીને ધારમાંથી વરસાદ લેવા જઈએ છીએ એમ કહીને પધાર્યા રેલ સડક વળોટીને ગાડું ઊભું રખાવ્યું, પાંચ માળા ફેરવી, તેટલામાં ચોખા આકાશમાં ધાર ઉપર વાદળી દેખાણી, તે વધી અને વરસાદની ગર્જના થઈ, તમો રેલ સડકે પાછા ફર્યા, અને જામવંથળી આખી સીમમાં રેલમછેલા વરસાદ એક કલાક વરસાવ્યો, તમો પલળીને મંદિરમાં આવ્યા, મોલ જીવાડી દીધા, આવો જાહેર મહાન ચમત્કાર કહીને દેખાડ્યો.

આવા આવા ભગવાનપણાના પરચા જોઈને જરૂર આપ ભગવાન સંતરૂપે છો, એવો નિશ્ચય થઈ ગયો છે, બધા દૈવી ભક્તો તમારું ભજન કરે છે, તથા જયકાર બોલે છે, એવા સમર્થ છતાં માયાના જીવના અપમાન સહો છો એવા તમોને પ્રગટ ભગવાનને વારીવારી અર્પિત થઈએ છીએ. હે ભગવાન જરૂર પ્રાર્થના સ્વીકારી ધ્યાનદ્વારા રક્ષા કરજ્યો, મનોરથ પૂરા કરજ્યો, ડાકણયુંના ઉપદ્રવ મટાડો છો, દૂધ સુકાયેલી માતાઓના ધાવણા બાળકોને માટે પ્રાર્થના સ્વીકારી તુરત જ દૂધ ઉપજાવી રક્ષા કરો છો, દુજણી ગાયો ભેંસો આદિકને દૂધ ઝરતાં કરી દીયો છો, પ્રસાદીના જળ સ્પર્શમાત્રથી જ - એવા ચમત્કારો વાપરો છો, માટે હે દૂધસર્જનહાર પાલક પોષક સંત ભગવાન અમારા બાળબચ્ચાંઓની રક્ષા રક્ષા કરતા રહેજો, આશીર્વાદ મોકલજો, આપે વરણાના પેટલનો કમ્પારાનો રોગ મટાડી દીધો હતો. તેની વાડીએ પધાર્યા હતા, આપે ચાવડાના ગલ્ઢેરા દરબારની ખડી ગયેલી જડબા દાઢી પોતાનો હાથ અડાડીને ઠેકાણે બેસાડી દીધી હતી, આપ મંદિરમાં બિરાજતા હતા તેજ વખતે સીમમાં ધારના રસ્તાની વાડી પાસે થઈ ખેતરમાં મગફળી વીણતા માણસો પાસે થઈને બીજી આથમણી વાડીએ જતા હતા, હાથમાં લાકડી હતી, આવા અનેક સ્વરૂપો ધારો છે તે તમારામાં આકર્ષણ કરાવે છે.

આપ સાક્ષાત્ ભગવાન મહાયોગી પરમપુરુષ છો, આ તદાકાર દેખાય છે, આપે ઘણાંના વીંછીના ઝેર પાંચ મિનિટમાં ભજન કરી હાથ અડાડીને ઉતારી દીધા છે, સ્કૂલ અને ડૉક્ટર ખાના પાસે રહેતી ચૂડેલને મોક્ષમાં મોકલી દીધી હતી, આપે સાકળચંદ શેઠના લાતીના ફરજામાં અવગતિએ ગયેલા અને અસુર સવાર દેખાતા અવગતિયા ભૂતને ત્યાં જઈ પાણી છાંટીને ગતિએ મોકલી દીધો છે, આપને સુતારની કોઢ્ય ઉપર બેસતા અવગતિયાને ગીધડાના સ્વરૂપમાંથી મુક્તિ આપી દીધી છે, આપે બ્રાહ્મણના ફળીમાં ઝાડને થડે અવગતિએ ગયેલી ચૂડેલને અંધારે બીવરાવતી ડોશી ભૂતડીને પાણી છાંટીને એક ભગવી લીર બાંધીને મોક્ષમાં મોકલી દીધી છે, આવા આવા અનેક ચમત્કારો જામવણથળીમાં દેખાડ્યા છે, તે બધા બધાને સાંભરે છે, અને પરોક્ષવાળા પણ ચોરે ચૌટે દુકાનોને ઓટે બેઠા બેઠા વર્ણવે છે સંભારે છે. આવા હે ભગવાન ઘણાની રક્ષા કરનારા તમો રોગ મટાડનારા છો, જીવનપ્રાણ આપનારા છો, આવી ઓળખાણથી આપને ભજીએ છીએ, આપનો જયજયકાર બોલિયે છીએ.

ગઈ જન્માષ્ટમીએ તમો ફૂલવાડીમાં ભજન ધુન્ય થતી વખતે દિવ્યપણે આવીને ચરણાવિંદના ઓટાની ઉગમણે તરફ ફરીને ઓરડા તરફ જઈને અંજવાળું કરીને માથે રૂમાલ પાઘડી બાંધેલા હાથમાં છડી લીધેલા ચાદર ઓઢેલા ઓસરીમાં જઈને ત્યાં મૂર્તિમાં અદૃશ્ય થઈ પ્રવેશ કરી ગયા, આ દર્શન ઘણાંએ કર્યા, આથી અમો આપના કાયમી ભક્તો થયા છીએ, તનમન ધન આપ્યાં છે, તો દૂર થકા પાસે

જ છો, રક્ષણ કરતા રહેજ્યો, પત્ર આશીર્વાદ લખજ્યો, એજ લિ. માસ્ટર ચંદુલાલ પ્રભાશંકર ઠાકર તથા માસ્તર કુકડીયા નરસિંહના સાષ્ટાંગ. દંડવત્ સહિત જયસ્વામિનારાયણ વાંચશો. જામવણથળી, જીલ્લો જામનગર. વધારે લખાણું હોય તો માફ કરશોજી. દર્શન આપતા રહેજ્યો. અમારા કુટુમ્બના તથા શ્રીહરિશરણાગતિ મંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

❖❖❖❖❖

પત્ર નં-૫૭ તા. ૮-૧૦-૭૬

કે. ૪૯૪, વીર અભિમન્યુ ફાલ, દાપોડી, ફુગાવાડી, પૂના-૧૨.

શ્રી પ્રગટભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સેવામાં **ફુગાવાડીથી લિ. દાસોનો દાસ સેવક માવજી મનજી તથા ઘનશ્યામ તથા દીલસુખ તથા ઘરમંડળના ગુરુભાઈમંડળના દંડવત્સહિત સપ્રણામ જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** લખવાનું જે - ભગવાન આપ જન્માષ્ટમીએ તથા નવમીએ પાકા થાળ કરાવીને સમંડળ, જમજ્યો, સેવા મોકલાવી આપીશું, આપના આશીર્વાદોથી કામકાજ સારા ચાલે છે, હાલમાં મારી તબીયત નરમ છે તો સારું થવા પ્રસાદીની ફૂલ પાંખડીઓ મોકલાવજ્યો, તમારું પ્રગટનું ભજન કથા વાર્તા કરિએ છીએ, કાલજામાં દરદ રહ્યા કરે છે, દાક્ટરે સોજો છે એમ કહીને મટાડવાની દવા આપી છે, જલ્દી મટી જાય તેમ દયા કરજો, તમો વિશ્વના નાથ છો તમારા હાથમાં નાડી પ્રાણ છે, સાજો થઈ જાઉં એવો કૃપાપત્ર લખજ્યો, ફૂલ ગુલાબ પાંખડીઓ મોકલજો ખાઈશ દવા સાથે પણ લઈશ, સાજો જલ્દી કરી દેજો, એજ, સેવક માવજી મનજીના જયસ્વામિનારાયણ વાંચજ્યો.

❖❖❖❖❖

પત્ર નં-૫૮ તા. ૧૯-૧૦-૭૬

મુ. ભલગામ, તાલુકા - લિમ્બડી.

પરમપૂજનીય પ્રભુજી સદ્ગુરુ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીભગવાનની સેવામાં **ભલગામથી લિ. આપનો શિષ્ય ભાવુભા હરિસિંહજી રાણાના જયશ્રીસ્વામિનારાયણ સાથ સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર સ્વીકારશોજી.** વિશેષ વિનંતિ સાથ લખવાનું જે - આપશ્રીના નવા વર્ષની કંકોત્રીમાં શુભ આશીર્વાદ વાંચી આનંદ થયો છે, આપની અમિદૃષ્ટિ તેમજ કથારૂપી કાયમી અમૃતપાન મને બહુજ યાદ આવે છે, જેથી દરરોજ આપની મૂર્તિ સંભારી આનંદ પામું છું. આપના આશીર્વાદોથી મારી તબીયત સુધારા ઉપર આવી ગઈ છે, આપના મંડળના સંતોની પ્રેમભાવના મારા ઉપર બહુ જ હતી અને છે, જામનગરમાં ખૂબ સત્સંગ લાભ મળતો હતો,

શ્રી સ્વયં પ્રકાશદાસજી કોઠારીજી તથા પૂજારીજી તથા ભગત આદિ સાંભરે છે, આપની પ્રસાદી કંઠી કે રૂમાલ મોકલજો, મારાલાયક કામકાજ ફરમાવજો, લિ. સેવક આપનો શિષ્ય ભાવુભાના જય સ્વામિનારાયણ વાંચજો, શ્રીહરિ આપ ભગવાનના પરચાઓ મેં જોયા છે તે નિત્ય સંભારું છું. -

૧-**શ્રી જેતપુરમાં મહાપૂજા કરવા આપ બેઠા હતા,** પથરણું જૂનું ફાટેલ હતું, તે દેવોનું પથરણું નવું કરાવવા આપે ધારેલું, અમો ત્રણ હરિભક્ત સામે બેઠા હતા, બેત્રણ પટેલિયા તથા જામકંદોરડાના બારોટ બાપ દિકરો ત્યાં બેઠા હતા, આપે ઉચ્ચાર્યું કે - પથરણું જુનું થઈ ગયું છે, નવું કરાવવામાં ત્રણેક રૂપિયા લાગે, તેવામાં બારોટે કહ્યું - લ્યો ત્રણ રૂપિયા, આજેજ કરાવી કાલે પૂજામાં પધરાવજો, ત્યારે આપે શાસ્ત્રીજી મહારાજે આશીર્વાદ આપ્યો - તમોને ત્રણને બદલે ત્રણસો રૂપિયા ભગવાન આપે. આ મહાપૂજા ચાલુ જ હતી તે બારોટ ભક્તો જેતપુરમાં ત્રણ દરવાજા દોઢી દરવાજે ગામમાં જાતાં હતા, ત્યાં આફ્રિકાવાળા તે બારોટના યજમાન, મળ્યા, યજમાને પોતાના બારોટને ઓળખ્યા, વાતચીત કરીને રાજીપાથી ભેટ દેવા ખીસામાં હાથ નાખ્યો અને સો સોની ત્રણ નોટો હાથમાં આવી તે બારોટને આપી દીધી, તુરત જ તેઓ બધા મંદિરે આવીને મહાપૂજાના અષ્ટક બોલાતાં હતાં ત્યાં આવીને ત્રણસોની ત્રણ નોટો દેખાડી, આપ વચનસિદ્ધ પ્રભુ-સંત છો, એમ કહી આશ્ચર્ય પામતા થકા રોકાણા, જમવાનું પત્યા પછી તેઓ પોતાને કામે ગયા. આ પ્રત્યક્ષ પરચો મેં જોયો છે.

૨-**ચાંદા, ચંદ્રપુર, સી. પી.માં ભાગવત પારાયણ વાંચવા શાસ્ત્રીજી મહારાજ આપ પધાર્યા** ત્યાં જાળિયાવાળા ઠકર પોપટલાલ કાછેલાએ જંગલના વેપારીએ નવા બંગલા કર્યા હતા, તેના એક સીમેન્ટ કોંક્રેટ તલા માલ ભરેલ કમરામાં તેનો વીશ વર્ષનો તાજો પરણેલો પુત્ર ચાલવા ગયો થોડોક ઈંટોનો ઢગલો હતો, નીચેથી આઠમે દિવસે ટેકા કાઢી લીધેલા હતા, કાંતિલાલ ત્યાં પહોંચ્યો તેવામાં તે રૂમનું તળ-છત બેસી ગયું, તેજ ઠેકાણે છોકરો ચેપાઈ ગયો, મરણ પામ્યો તેની અસદ્‌ગતિ થઈ, દેખાયા કરતો હતો, તેની પાછળ ભાગવત પારાયણ તે મૃત્યુ જગ્યાએ વ્યાસાસન રખાવી વંચાવ્યું હતું, છઠે દિવસે તે કાન્તિલાલે પોતાના પોતાના બાપની માંને દેખાઈને કહ્યું - બા મેં છ દિવસ ભાગવત સાંભળ્યું હવે હું મોક્ષમાં જાઉં છું, કાલે મારી પાછળ જે કરવું હોય દાન પુણ્ય કરજ્યો, આવી વાતો કરતો હતો, પોપટલાલ હરજીવનભાઈ કાછેલાના માતુશ્રી પોપટલાલભાઈને તથા સગાંઓને બોલાવી બ્રાહ્મમુહૂર્તમાં કહેવા લાગ્યા - આ કાન્તિલાલ આવ્યો છે જુઓ તે ધામમાં જાવાનું કહે છે, શાસ્ત્રીજી મહારાજના ગુણ ગાય છે, બધા તેને મળી લ્યો, આમ માતુશ્રીએ કહ્યું, અને તે પ્રેત છોકરો પ્રેત મટીને દિવ્ય થઈને ધામમાં ગયો. આવો

શાસ્ત્રીજી મહારાજ તમારી કથાનો પરચો થયો, સાતમે દિવસે બાવીશહજાર રૂપિયા આવ્યા, તે તમોએ જામનગર મંદિરની જગ્યા વધારવા સભામંડપ કરવા દેવાર્પણ કર્યા છે, અને મંદિર સુધાર્યું છે, તે રૂપિયા આપીને પૂર્ણાહૂતિની પૂજા કરનારા ચાર યજમાનો, ૧ - બલારશવાળા મણિભાઈ ૪૫ વર્ષ ઉંમરના, ૨ - મદ્રાસી વકીલ સ્વામી ૫૦ વર્ષની ઉંમરના ત્રીજા ૩ - વૈષ્ણવ ઠકર ભક્ત, ચોથા તે ગામના હરિભક્ત તે ૫૫, ૫૫ની ઉંમરના, તે બધાને પુત્ર પ્રાપ્તિની ઇચ્છા હતી, અને પ્રાર્થનાઓ કરી, શાસ્ત્રીજી મહારાજ ! તમોએ વ્યાસપીઠેથી આશીર્વાદો આપ્યા, 'પુત્રાવાળા હો', એક વર્ષમાં તે ચારેય પુત્રોવાળા થયા, એક વર્ષ પછી તે ચારેયને કંઠીઓ બાંધવા તેમના બોલાવ્યા થકા ત્યાં પધાર્યા હતા, મદ્રાસી સ્વામિને સાત દિકરીઓ ઉપર દિકરો થયો તે દિલ્હી લોકસભામાં મેમ્બર થયેલો છે, ચાંદાથી આપ પોપટલાલભાઈની મોટરવડે જંગલમાં હિંસક રાજાને ત્યાં ૨૦૦ માઈલ દુર પધાર્યા, તે રાજાને તેના કુટુમ્બને કંઠીઓ બાંધી તેની હિંસા-ક્રિયા તજાવી, તેણે બાવીસ સો રૂપિયા ભેટ મેલ્યા, તે જામનગર મંદિરમાં કોળીના કિનારાના આરસમાં અહીરી સ્ટેટના રાજાની જન્મતિથિ બંધાવી લેખ કોતરાવ્યો છે, આમ ચારેય જણાને પુત્રવાળા કર્યા, આ પરચો પ્રખ્યાત છે, તેવા સોથી વધારે વૃદ્ધોને પુત્રોવાળા કર્યા મજુદ છે.

૩ - **જામનગરના ખવાસ વઢવાણ જંકશનમાં રેલગાડીમાં બેઠેલા,** ભીડ્ય ઘણી હતી, ખવાસ ભવાન ભક્તે બારીએથી તમો બે સંતને અંદર ડબામાં લઈ લીધા, તેના પત્ની દિલગીરી થયા જણાણા, પૂછાણથી માલમ પડ્યું-એકનો એક દિકરો સ્વર્ગવાસી થયો તેથી દિલગીર થાય છે, ખવાસ ભવાન બાપાએ ભીડ્યમાં શાસ્ત્રીજી મહારાજ તમોને સીટે બેસાર્યા પોતે ઊભા રહ્યા તે વખતે 'આપને ભગવાન પુત્ર આપશે' એવો આશીર્વાદ આપ્યો તેથી એક પુત્ર થયો તે રાજકોટમાં હાલમાં છે તેને ઘેર દીકરા છે, આવા વચન સિદ્ધ છો, પરચા આપો છે.

૪ - **હળવદમાં નાનાલાલ ભટ્ટને વચન વડે બે પુત્રો જોડલું આપ્યા,** સૌરાષ્ટ્રમાં ઘણાં સ્થળોએ ઉપલેટા, જામનગર ગળોદર, બાબરીયાવાડ, કાઠિઆવાડ સોરઠ ગુજરાત આદિ આદિ સ્થળે ઘણા હરિભક્તોને વચનસિદ્ધિ વાપરી પુત્રવાળા કર્યા છે અને હજુ પણ તેવા પરચાઓ પ્રખ્યાત છે.

૫ - **લાઠીના ગરાશીયા હરિસિંહભાઈના દિકરાને, હાલ તે ઢોરના ડૉક્ટર છે,** તેને તેરશ ચૌદશ અને અમાસ ભારે હતાં, પહેલાનો કુમાર તે ભારે દિવસોમાં મરણ પામેલ, તેથી માવતરોએ આની માંદગીમાં ત્રણ દિવસો માટે આપને વિનતિ કરી, આપ માલા લઈને ત્રણ દિવસ તેની પડખે ભજનમાં બેઠા રહ્યા, પડવાને સવારે તે કુમાર કહે બાપુજી ! શાસ્ત્રીજી મહારાજ અને સારંગપુરના હનુમાનજી મને કહે છે તારું વિઘ્ન ગયું બેઠો થા, આમ પરચો આપ્યો હતો.

૫ - જામનગરના સોની કનુભાઈને આપના વચનથી નવા ઘરને પુત્ર થયો, તે પ્રાર્થના મેં પોતે જોએલી છે.

૬ - જોડીયાના સુતાર જબ્બલપુરથી જામનગર આવ્યા હતા, તેનો જંગલનો ઈજારો દિવાને બીજાને આપી દીધો હતો તેથી પ્રાર્થના સાંભળીને તમે શાસ્ત્રીજી મહારાજે અરજી લખાવીને ઘનશ્યામમહારાજના ચરણોમાં મેલાવીને ટપાલમાં નખાવી અને જામનગર મંદિરની પ્રદિક્ષણા ઢાંકવા માટે દસહજાર રૂપિયાની માનતા કરાવી, તેથી અરજી એક માસમાં પાસ થઈને આવી, ભગવાનજીભાઈ જેરામભાઈને છ લાખનું જંગલ મળ્યું, તેથી પ્રદક્ષિણા બંધાવી, આ પરચો પ્રત્યક્ષ જોયો છે.

૭ - નોંધણચોરા ગામમાં જેસંગજીભાઈના દિકરા પ્રભાતસિંહના વિવાહ પ્રસંગે રાતે ગામમાં ફુલેકા ટાણે બરાબર ઘનઘોર વરસાદ આવવા શરૂ થયો. દરબારોની પ્રાર્થના સાંભળી જે હજાર હજાર રૂપિયાના પહેરવેષો પલળશે ફુલેકું નહિ ફરી શકે, તમો શાસ્ત્રીજી માલા લઈને મંદિરના ફળિયામાં અવળી માળા ફેરવવા લાગ્યા, ચઢેલો શરૂ થયેલો વિજળી થતો વરસાદ પલટો ખાઈને આથમણો પાછો વળી ગયો, અર્ધું આકાશ ઘેરાયેલું તે ચોકખું થઈ ગયું, પછી સવારે ફુલેકાનું કામ પતી ગયા પછી તે વરસાદ આવ્યો, આ પરચો સાક્ષાત્ જોયો છે.

૮ - શ્રીઘનશ્યામ મહારાજને પગે લગાડીને બાળકની માતાને ધાવણ ન હતું તે ધાવણ ચાલુ કરાવી દીધું, આ પરચો પ્રત્યક્ષ જોયો છે, સંવત ૨૦૧૬ અને ૨૦૧૭ની સાલના આ ચમત્કારો ગામોગામ વર્ણવામાં સંભળાયા કરે છે, જરૂર આપ પ્રભુ છો.

૯ - બાબરીયાવાડના સમઢીયાળમાં, ખોડી ગામમાં, નાનીકુંકાવાવમાં, તથા ઘણા ઘણા સ્થળોમાં ભૂતયોનિની ચૂડેલોને જલ છાંટીને પોતાના ભગવા પટકાની લીરો બાંધીને મોક્ષમાં મોકલ્યા છે, ઘણાને ધામમાં જતી વખતના આગળથી એંધાણ બતાવ્યાં છે, રીબમાં તાવ આવેલા પટેલને ઘડિકમાં સાજા થઈ બાજરાનો રોટલો જમી દર્શને આવેલને તમે શાસ્ત્રીજીમહારાજે કહ્યું - તમારા ભાલમાં આવરદાની રેખા મટી ગઈ છે, તે પટેલ ઘરે જઈને તુરત જ દેહ મેલી ગયા.

૧૦ - રાજકોટમાં પ્રસાદીની બોરડી નીચે હરિલીલાકલ્પતરૂના પારાયણ વખતે શ્રોતા બ્રાહ્મણી બાઈને કેરીની એક ચીર જમાડીને ત્યાંને ત્યાં ધામમાં મોકલ્યા હતા, બધા આશ્ચર્ય પામી ગયા હતા.

૧૧ - જેતપુરમાં નાનજી મિસ્ત્રીના ભાઈને બીમારીમાં દિવ્યદેહે તેડવા ગયા અને તે વખતે મંદિરમાં પણ બિરાજતા હતા, તે દેહ મેલનારે કહ્યું - શાસ્ત્રીજી મહારાજ વગેરે સંતો તેડવા આવ્યા છે ધામમાં જાઉં છું.

આવા આવા આપના જોએલા પરચાઓને સંભારું છું, શ્રીજીમહારાજને તમારે સ્વરૂપે જોઉં છું, અને ભજન ભક્તિ કરું છું, અન્તકાળે મને ભાવુભાને તેડવા આવજ્યો. લિ. આપનો શિષ્ય દરબાર ભાવુભા હરિસિંહજી રાણાના ભલગામડા વાળાના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૯ તા. ૨૮-૧૦-૭૬

દુબઈ.

પ્રગટ શ્રીહરિને નમો નમઃ, સ્વસ્થાન શ્રી જુનાગઢ મધ્યે ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમણ્ડળ પ્રતિ, **દુબઈથી લિ. સેવક મોહનલાલ રતનશી શાપરીયા તથા રતિલાલ ભગત તથા દયાળજી ભગત તથા અમરશી ભગત તથા સર્વે શ્રીહરિશરણાગતિમંડળનાં ઘણા ઘણા દંડવત્ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાચજ્યો,** તમારા પ્રસાદીપત્ર આશીર્વાદ મળ્યા, અમોને ઘણોજ આનંદ થયો છે, અમો આપ ભગવાનની જન્માષ્ટમી ઉચ્છવ ગુરુભાઈઓ મળીને ઉજવવા તૈયારી કરીએ છીએ, આંહી હાલમાં કામની સાઇડ ઉપર હું એકલો છું, રતિલાલ અને દયાળજીભાઈ બીજી સાઇડ ઉપર છે, તમારા રાજીપાથી ઘણાં સારા કામ ચાલે છે, અને ખુશી મજામાં છીએ, બધી એકાદશીઓ વ્રતો રહિએ છીએ કોઈ ભૂલ પડે તે માફ કરજ્યો, ભજન ધુન્ય ઉત્સવ કરીએ છીએ, હે ભગવાન અમારી નજર રાખજ્યો, દર્શન દેતા રહેજ્યો, સેવાઓ બતાવજો, અમારા તથા શ્રીહરિશરણાગતિમંડળ સર્વેના જય શ્રીસ્વામિનારાયમ વાંચશો. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૦ તા. ૧૬-૧૦-૭૬

કાંદીવલી, મુંબઈ.

શ્રીહરિ શ્રીસ્વામિનારાયણ સત્ય છે.

પરમ પરમાત્મા, પરમ કલ્યાણકારી, પરમદયાળુ ગૌબ્રાહ્મણ પ્રતિપાલ સૂર્યસમ તેજસ્વી, ચન્દ્રસમ શીતળ, દયાના સાગર, અક્ષરધામના અધિપતિ, શ્રીજીમહારાજ, સ્વયં, વિવેક ભકત્યાદિ અનેક સમસ્ત દિવ્યગુણસાગર, સદ્‌ગુરુ સર્વસ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજ પ્રતિ જૂનાગઢ, **કાંદીવલીથી લિખિતં આપના સેવક વ્રજલાલ રણછોડના ઘણાં જ સ્નેહપૂર્વક દંડવત્ પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો,** જત જણાવવાનું જે -હે પરમેશ્વર અતિ આનંદ થાય છે, તમારી દયાથી દુબઈ જાવાનું થયું છે, ત્યાં લાભ થાય તેમ દયા કરજ્યો,

આહીં તમારી દયાથી અમો સર્વે આનંદમાં છીએ, ભજન ભક્તિ થાય તેટલી કરિએ છીએ, વધારે બળ આપજ્યો. તા. ૨૩ કે ૨૪, જાવાનું થાશે, આહીં મંદિરમાં મૂર્તિ પધરાવી છે, શ્રી હરિશરણાગતિમંડળ તેનો હિસાબ રાખે છે, મારે મલાડ મનુભાઈને ત્યાં જાવાનું છે, તમો સર્વત્ર બીરાજો છો, બધે મારી નજર રાખજ્યો, કેશવજીભાઈ, રતિલાલભાઈ, હરિભાઈ, મગનભાઈ, નારણભાઈ, મોહનભાઈ, સર્વેના જયસ્વામિનારાયણ વાંચજ્યો. મને શરીરે સારું રહે તેવા આશીર્વાદ આપજ્યો, કામકાજમાં સહનશક્તિ આપજો, સેવા બતાવજો, ભૂલચૂક ક્ષમા કરજો, આશાવાદી જીવું છું. લિ. વ્રજલાલ રણછોડના સાક્ષાત્ દંડવત્પ્રણામ વાંચજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૧ તા. ૮-૧૦-૭૬

સોહાર, મસ્કત, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

શ્રીપ્રગટપુરૂષોત્તમને નમો નમઃ, શ્રીશ્વેતાયનવ્યાસજીને નમો નમઃ, શ્રીસ્વામિનારાયણ સ્વરૂપને નમો નમઃ, સ્વસ્થાન શ્રી જુનાગઢ મધ્યે મહાશુભસ્થાને જુનાગઢ મહાશુભસ્થાને તીર્થમાં વિરાજમાન પરમદયાળુ પરમકૃપાળુ સંતશિરોમણિ અવતારના અવતારી ભક્તવત્સળ આનંદઘન મૂર્તિ સુખના સાગર મોક્ષના દાતા અક્ષરધામાધિપતિ એવા અમારા પ્રગટભગવાન શ્રીકૃષ્ણ સ્વયં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ તથા સંતમંડળને હંમેશા યાદ કરનાર તમારા દાસનો દાસ **ચરણકમળ સેવક ચરજરજ ઇચ્છનાર નાનામાં નાનો ભક્ત વિસરામ ભીમજીના નવા વરસના દંડવત્ પ્રણામ સ્વીકારશો,** પરદેશમાં અહીં અમારા સત્સંગની રક્ષા કરજ્યો, બે માસ પછી દેશમાં આવીશું, આપ ભગવાનના દર્શન માટે જુનાગઢ પણ આવીશું, અહીંથી શ્રી હરિશરણાગતિ મંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી. દઃ વિસરામ ભીમજી હાલાઈ, દહીંસરા, કચ્છ હાલ - સોહાર મસ્કત.

❖❖❖❖❖

પત્ર નં-૬૨ તા. ૯-૧૦-૭૬

સોહાર, મસ્કત, દુબઈ.

શ્રી જુનાગઢ દેવનાદેવ અમારા વ્હાલા ભગવાન પરમકૃપાળુ પરમદયાળુ કરૂણાસાગર શાંતમૂર્તિ મોક્ષકર્તા અક્ષરધામના પતિ ભક્તવત્સલ ભક્તપતિ આનંદઘન દિવ્યમૂર્તિ પ્રગટપ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા કોઠારીસ્વામી સંત પાર્ષદ મંડળ પ્રતિ, **ગામ સોહાર, મસ્કતથી લિ. આપનો ભક્ત ચરણરજ સેવક રતિલાલ બાલંભા વાળાના તથા ભગવાનજી ભગત તથા જગજીવન ભગત તથા પરશોત્તમ**

ભગત તથા શ્રી હરિશરણાગતિમંડળના જાજા કરીને સંભારીને જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી, હે ભગવાન આપ ભક્તોનું ઘણું ધ્યાન રાખો છો, તથા ઘણી કૃપા વરસાવો છો, તમારા રાજીપાથી વધારે શું જોઈએ.

પરદેશમાં કાંઈક ધાર્મિક તકલિફ આવે તે દૂર કરતા રહેજ્યો, વધારે દૃષ્ટિ રાખજ્યો, તમો અંતર્યામી છો દિવ્યદૃષ્ટિવાળા છો બધુંય પ્રત્યક્ષ દેખો છો. હાજરો હાજર છો, અમો બધા ભક્તો ખુશી મજામાં છીએ, આશો વદ આઠમનો મહામહોત્સવ બધા ભક્તો ઉજવશું, તમો યોગ્ય એવા દર્શન આપજ્યો. આંહીથી બધા શ્રીહરિશરણાગતિ ભક્તોના જય શ્રીસ્વામિનારાયણ વાચજ્યો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૬૩ તા. ૧૬-૧૦-૭૬

સુલ્તાનેટ ઑફ ઓમન, સોહાર, મસ્કત, દુબઈ.

શ્રીજીમહારાજને નમઃ

સ્વતીર્થમાં વિરાજમાન સર્વશુભોપમાં યોગ્ય, અનાદિ પ્રગટ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સંતમંડળ પ્રતિ, **ગામ સોહારથી લિ. આપનો ચરણકમળ સેવક જગજીવન વિગેરે શ્રીહરિશરણાગતિમંડળના ભક્તોના જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો,** આપના નૂતનવર્ષાભિનંદન આશીર્વાદ મળ્યા, રાજી રાજી રાજી થયા છીએ, કૃપાદૃષ્ટિ કરતા રહેજ્યો, આજ સવારના છ વાગ્યે આપનો જન્મજયન્તી મહામહોત્સવ ઉજવ્યો છે, દેશ કાળ અનુસારે ધામધૂમ કરી છે, તમો ભગવાનને મિષ્ટ પ્રસાદ થાળ સાકર દાડમ સફળજન મેવો પણ જમાડ્યા છે, અમૃતભોજન સમર્પ્યાં છે, આપના વચનઅમૃત તથા સ્વામીની વાતોના પાઠ દરરોજ ચાલુ રાખ્યા છે, ભજન કીર્તન કરીએ છીએ, આપની કૃપાથી સર્વે સાજા નરવા છીએ, ભૂલચૂક માફ કરજો, ક્ષમામાગિએ છીએ, મસ્કત અવાયું ત્યારથી અમોએ પત્ર લખેલ નથી, સમૂહ પત્ર ભગવાનજીભક્તે લખેલ છે. અવસર ટાઇમ થોડો રહે છે, કામ ઉપર તથા ભોજનમાં અને ભક્તિમાં સમય પસાર થઈ જાય છે, માટે માફ કરજ્યો.

સુખેથી તમારા ગુણગાન સાથે તમારું ભજન કરીએ છીએ, દિવ્યસ્વરૂપે મૂર્તિમાં દર્શન આપતા રહેજ્યો, રક્ષા કરતા રહેજો, અહીં શ્રી હરિશરણાગતિ મંડળ તથા દેશી બીજા હરિભક્તો દેશની પેઠે જ આનંદમાં રહીએ છીએ, ત્યાં સર્વે ગુરૂભાઈઓ તથા શ્રીહરિશરણાગતિમંડળને જય સ્વામિનારાયણ કહેતા રહેવા, આપના ચરણરજ બધાવતી જગજીવનના જય સ્વામિનારાયણ વાચવા, પગાર સારા મળે છે. તેથી થાક જણાતો નથી, આપની દયાથી ઓવરટાઇમ મળે છે કામ વધારે મળે છે, સારા ભાગ્ય તમારી કૃપાવડે ઉઘડ્યા છે, યોગ ક્ષેમ કુશળપણું નિભાવજ્યો. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૪ તા. ૭-૧૦-૭૬

મસ્કત, દુબઈ.

શ્રી જુનાગઢ, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ, પ્રગટપુરણ પુરુષોત્તમ ભગવાન શ્રીહરિની હજુરમાં **મસ્કતથી લિ. પુરુષોત્તમ તુલસી તથા રામજી તુલસી ટાંક તથા શ્રીહરિશરણાગતિમંડળના જય શ્રીસ્વામિનારાયણ વાચજો.** હે ભગવાન ! હું આવા અજાણ્યા દેશમાં આવ્યો છું, બલૂનમાં બેસીને મસ્કત ઉતર્યો છું, અહીં કમ્પનીના માણસો લેવા આવેલ હતા, મોટરમાં રહેઠાણ ઉપર અને કામ ઉપર લઈ ગયા હતા, બીજા પણ કચ્છી તથા દેશી કડિયા કામ કરે છે, મલિન દેશ છે, છતાં દેશી આપણા માણસોનો યોગ છે, તેથી મુંઝવણ થાતી નથી, તમો ભગવાન રક્ષા કરતા રહેજ્યો, શરીરે શરીરે સાજા નરવા રહેવાય તેમ નજર રાખજ્યો, આશીર્વાદપત્ર લખજ્યો, કંઠી મોકલજ્યો, પ્રસાદીના ગુલાબ ફૂલ પાંખડીયો મોકલાવજ્યો.

કામકાજે તમારું ભજન કરું છું, જમવામાં આપણી દેશી રસોઈ પ્રમાણે દેશીભક્તો ભેળો જમું છું, કમ્પની બહુજ સારી સંભાળ રાખે છે, માંદા ન થવાય તેમ ગરમ કપડા વાહન આદિક આપીને કામ ઉપર મોકલે છે, કમાણી સારી છે, તમારી કૃપાથી ગરીબ ભક્તોને સોનાનો સૂરજ ઊગ્યો છે, સેવા થાય તેવા વધારે સારા દેશકાળ કરજ્યો, એક વર્ષની બંધણી પછી દેશમાં એક કે બે મહિના માટે આવવા દે છે, દેશમાં આવીશ ત્યારે તમારા દર્શન કરવા આવીશ, મારા માવતરને આશીર્વાદનો પત્ર લખજ્યો, તમારી મૂર્તિ મને કવરમાં મોકલજ્યો, કામકાજે ફોટો ભેગો રાખીશ, પત્ર જરૂર લખજ્યો, શ્રીહરિશરણાગતિમંડળને જયસ્વામિનારાયણ કહેજ્યો, સેવક પુરુષોત્તમ તથા રામજી તુલસી ટાંકના જયસ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં-૬૫ તા. ૫-૧૦-૭૬

દુબઈ.

ઓમ્ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમઃ

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આપનો જય થાઓ, ભગવાનને માલમ થાય જે - આપના ફોટા મૂર્તિઓ પચાસેક મોકલાવજો, નવા વર્ષના દંડવત્ પ્રણામ વાંચશોજી, તથા સંતમંડળને જય શ્રીસ્વામિનારાયણ કહેશોજી, આપ પરબ્રહ્મ પ્રભુ પરદેશમાં રક્ષા કરતા રહેજ્યો, બધા **સેવકો રતિલાલ ભગત, મોહનલાલભગત, પ્રાગજીભગત, નાથાલાલભગત, હરિલાલભગત, રામજીભગત, દેવરાજભગત,**

દયાળજીભગત, સર્વે શ્રીહરિશરણાગતિમંડળના તમામ ભક્તોના જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી. શુક્રવારે બજારમાં ભેગા થવાય છે, પચાસથી વધારે શ્રી હરિશરણાગતિમંડળના ભક્તોને મળાય છે, આપના પત્રના સમાચાર તથા દેશના કુટુંબોના ખુશી ખબર અરસપરસ મળી જાય છે, છુટા છવાયા કામકાજે જાઈએ છીએ, સર્વે ઠેકાણે આપણા દેશીજ કારીગરો મોટેભાગે છે, ઘણો આનંદ આવે છે, કારીગરોમાં ઘણાંક તો નજીકના સત્સંગિઓ પણ છે, જયસ્વામિનારાયણ કહીએ છીએ, દેશની સત્સંગની ઘણી વાતો પણ જાણવા મળે છે, આપ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તો ઘણે ઠેકાણે પ્રસિદ્ધ છો, ઘણાંક તો તમારી કથાની લાઉડ સ્પીકરની વાંચવા સંભળાવવાની વાતો કરે છે, આપની કીર્તિ પ્રશંસા સાંભળી વધારે હેત આનંદ થાય છે, આપ ભગવાન દુનીયાભરમાં વિશ્વમાં પ્રસિદ્ધ છો, પોતાના જાણી અમારી રક્ષા કરજ્યો, ભગવાનને આખું જગત ઓળખે એમ તાજું થાય છે, તમારા ચરણોમાં કોટાનકોટિ વન્દન હો, દર્શન દેજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૬૬ તા. ૧૬-૧૦-૭૬

ખાનસાહેબ ગેમન કંપની નં. ૧૯૧૨, સારજાહ, દુબઈ.

પ્રત્યક્ષ પ્રગટ ભગવાન શ્રીહરિની જય હો.

સ્વસ્થાન જુનાગઢ મધ્યે, પરમપ્રિય સ્વામીનાથ, આલોક પરલોકમાં પ્રાણના સાથી, જીવનના જીવન, સુખદુઃખમાં સદા રક્ષણ કરનારા અનન્તકોટિ મુકતોના પ્રાણજીવન સ્વરૂપ પૃથ્વીમાં પ્રગટ વિચારતા શ્રીહરિ મોટાશાસ્ત્રીજી મહારાજ તથા મુક્તમંડળીની સેવામાં **સારજાહથી લિ. આપના દાસનો દાસ, ચરણકમળ સેવક ભક્તો પ્રાગજી ડાયા ચૌહાણ તથા દેવજી કાનજી તથા શામજી હીરજી તથા દેવરાજ ડાયા તથા દયાળજી ભગત તથા નાથાલાલ ભગત તથા વીરજી ભગત, તથા રતિલાલ ભગત, અમરશી ભગત, ધીરજલાલ ભગત, સવજી ભગત, હરિલાલ ભગત, પરશોત્તમ ભગત, કુંવરજી ભગત, નરસિંહ ભગત, હરિલાલ ડાયા, રામજી તથા નાના મોટા શ્રીહરિશરણાગતિના સભ્ય સંતો ભક્તોના ઘણાંજ સ્નેહથી સાક્ષાત્ દંડવત્ પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાચજો,** વિનંતિ લખવાની જે આપનો નવાવર્ષનો આશીર્વાદપત્ર મળ્યો, લખેલા બધા ભક્તો રાજી થયા છીએ, સાક્ષાત્ મળિયા એવો આનંદ આવ્યો, સાક્ષાત્ આપ લખી રહ્યા છો એવી મૂર્તિ દેખાણી, ઘણું જ સુખ આવ્યું, આનંદ લીધો, અમો જન્માષ્ટમીનો ઉત્સવ સારી રીતે ઉજવવા ધારેલ છે, થાળ ધરશું, સમૂહ પ્રસાદી ભોજન જમશું ભક્તિ કરશું, સવારે પાંચ વાગ્યેથી ધુન્ય પૂજા આરતી કરશું, સવારે પાંચ વાગ્યેથી મહાપૂજન કરશું, આખો દિવસ ભજન

ધુન્ય ભક્તિ ચાલુ રાખશું, ભોજન જમાડીને બધા એક સાથે ધુન્ય કરશું, સાંજે સહુ સહુને ઘેર જશું, આશીર્વાદ લખવા કૃપા કરજ્યો, ચમત્કાર સાથે દર્શન આપજ્યો, લિ. ચરણ કમળ સેવક બધાવતી પ્રાગજીના નવા વર્ષના સાક્ષાત્ દંડવત્ પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ સ્વીકારશો.

❖❖❖❖❖

પત્ર નં.-૬૭ તા. ૧૦-૬-૭૬

જામવંથળી.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ સત્ય છે. જુનાગઢમાં મહાપ્રભુજી, પરમકૃપાળુ પરમદયાળુ પરમપૂજ્ય પતિતપાવન અધમઉધ્ધારણ અશરણ શરણ સહજાનંદસ્વરૂપ શ્રીસ્વામિનારાયણ ભગવાન તમો અમારા સર્વેના અન્તર્યામી છો, અમારા મનોરથ માત્રના સિદ્ધ કરનારા છો, હે ભગવાન તમારી દયાથી અમો સર્વે મજામાં છીએ અને તમારું ભજનન ભક્તિ કરીએ છીએ, સદા અમારી રક્ષામાં રહેજ્યો, અમારા ગિરીશ બાબાની તબીયત ત્રણ ચાર દિવસો થયાં મોળી રહે છે, તો તમો શ્રીજી રક્ષા મોકલાવજ્યો, તથા પ્રસાદીનું જળ મોકલાવજ્યો, અમારે તમારો એક આશરો છે, કંઠી મોકલાવજ્યો, બાબો સાજો નરવો રહે તેમ જલ્દી પ્રતાપ વાપરશો, **ખીમજી હીરજીના દંડવત્, અમારા જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો.**

❖❖❖❖❖

પત્ર નં.-૬૮ તા. ૨૪-૧૦-૭૬

દુબઈ.

શ્રીજી શ્રીસ્વામિનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજની જય હો.

પરમ પૂજ્ય ભગવાન શ્રી પ્રગટ પુરુષોત્તમ અવતારોના અવતારી એવા સાક્ષાત્ પરમાત્મા શ્રીહરિ શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સેવામાં, **ગામ દુબઈથી લિ. દામજી ગંગદાસ રાઠોડ તથા શ્રી હરિશરણાગતિમંડળના ગુરૂભાઈઓ સવજીભાઈ, નરસિંહભાઈ, ટપુભાઈ, જયંતિલાલભાઈ, નટુભાઈ, જાદવજીભાઈ, હરજીવનભાઈ, વજુભાઈ, જીવણભાઈ, ભગવાનજીભાઈ, નારણભાઈ આદિકના નવા વર્ષના જાજા કરીને જય શ્રીસ્વામિનારાયણ સ્વીકારજો,** બધા ગુરુભાઈઓને સુખી સાજા નરવા રાખજ્યો, નવા વર્ષના આશીર્વાદો વધારે વધારે આપજ્યો, સત્સંગ અને ભક્તિ તમારી કથાવાર્તા અને ધારણા ઉપાસના વધતી રહે તેમ આશિષ દેજો, અમો સર્વે સત્સંગી ભાઈઓ તમારી દયાથી અહીં પણ દેશમાં હોઈ તેમજ રહિએ છીએ, આપ અમોને ઘણા આશીર્વાદો આપો છો તેથી ખૂબજ આનંદ થાય છે, નરસિંહ ટપુ ચાવડાના જય સ્વામિનારાયણ વાંચજો, નવા વર્ષના દિવસે અમો ગુરુભાઈઓ મળીને

કથા વાર્તા ઉત્સવ કરીને ધામધૂમે થાળ ધરીને આપને જમાડીને ખૂબ રસોઈ જમ્યા છીએ, મહોત્સવ કર્યો છે, ભગવાન શ્રીગુરૂદેવ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ મૂર્તિને સાક્ષાત્ દંડવત્ પ્રણામ ફૂલહાર ધુપ દીપ આરતી અષ્ટક કીર્તન કર્યા છે, રાજી રહેજ્યો ચઢતી કળા કરજ્યો. સર્વેના સ્વામી સદ્‌ગુરૂ પરમપૂજ્ય ભગવાન પરમાત્મા પ્રગટ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યસ્વામી શ્રીસ્વામિનારાયણની સેવામાં દુબઈથી આપને હરઘડી યાદ કરનાર હરવખત ડગલે અને પગલે સંભારનાર જિરાગઢના આપના સેવક ભગવાનજી નારણના જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી, આપના પ્રતાપથી હું દુબઈ આવેલ છું, અમો જ્ઞાતિગુરૂભાઈઓ સર્વે તમારું ભજન કરીએ છીએ, દરરોજ આપની મૂર્તિની પૂજા સેવા કરીએ છીએ, આપની આજ્ઞામાં સુખી છીએ સત્સંગ વધારે કરીએ છીએ, આપને દર્શને જુનાગઢ આવ્યો હતો ત્યારે ઘણો આનંદ મળ્યો હતો, દુબઈ આવીને તો આપનો વધારે વધારે મહિમા સમઝાતો જાય છે, શ્રીહરિશરણાગતિમંડળમાં મને ઘણું જ હેત વધ્યું છે, તમારી મોટામાં મોટી ઓળખાણ થઈ છે, હવે દેશમાં આવીશ ત્યારે, સેવા કરી રાજીપો મેળવીશ, ભગવાનજી નારણ મનાણી જિરાગઢવાળાના દંડવત્ પ્રણામ વાચજો, પ્રગટ ભગવાન અમારી રક્ષા કરજ્યો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૬૯ તા. ૧૮-૧૧-૭૬

ગવનપાડા, મુ. થાણા, મુંબઈ.

શ્રીસ્વામિનારાયણ ભગવાન શ્રી મોટા શાસ્ત્રીજી મહારાજ તમો સત્ય ભગવાન છો.

પરમપૂજ્ય ગુરૂજી અક્ષરધામના ધામી સર્વેના સ્વામી અધિપતિ શ્રીપતિ પ્રગટ પુરૂષોત્તમ ભગવાન મહાપ્રભુજી મહાઆચાર્યજી સર્વેના નારાયણ સર્વ કર્તા હર્તા તમો પ્રભુ છો. તમારું ધાર્યું બધું થાય છે, મારા મનની બધી ઇચ્છા પૂરણ કરશો. **મુલુન્ડથી લિ. સેવક જીવરાજ લાલજી કુકડીયા તથા વેલજીભાઈ તથા દામજીભાઈ તથા ઓધવજીભાઈ તથા મનોજકુમાર અમારા બધાના કોટિ દંડવત્ સાથે જય સ્વામિનારાયણ વાચજ્યો,** તમારું ભજન ધુન્ય ભેગા મળીને કરીએ છીએ, ગુરૂદેવ ડૉક્ટરની દવાથી પેટનો દુઃખાવો મટતો નથી, પણ તમારી ગુલાબપાંખડી અને પ્રસાદીજળ પિવાથી તરત મટી જાય છે, તમોએ ઘણાના દુઃખ દરદો મટાડી દીધા છે, મારું દરદ કાયમ નજ થાય તેવું મટાડી દેજ્યો, ડૉક્ટરે ટી. બી. કહ્યો છે, પણ તમારા પ્રસાદીના ફુલથી તે મટી જાશે, શ્રીજી રક્ષા એક મોકલાવજો, આપનો ભક્ત જીવરાજ કુકડીયા.

❖❖❖❖❖

પત્ર નં-૭૦ તા. ૨૪-૧૧-૭૬

કાંદીવલી, મુંબઈ.

શ્રીજી, શ્રીકૃષ્ણઃ શરણં મમ

સ્વસ્થાન જુનાગઢ નિજધામ મહાશુભ સ્થાને સર્વોપમાં યોગ્ય વિરાજતા પરમકૃપાળુ પરમાત્મા સ્વામિનારાયણ ભગવાન સ્વયં શ્રીકૃષ્ણ શાસ્ત્રીજી મહારાજ તથા સર્વસંતમંડળની સેવામાં, **કાંદીવલીથી સેવકો હરિલાલ તથા કેશવજી તથા રતિલાલ તથા શ્રીહરિશરણાગતિ મંડળ તથા ઘર કુટુંબના સર્વેના કોટાનકોટિ દંડવત્ પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ તથા જય શ્રીકૃષ્ણનારાયણ વાચશોજી,** શ્રીજી મહારાજને માલમ થાય જે -આપની આશિષથી મારે હરિલાલને બહેરીન જાવાનું તા. ૩-૧૨-૭૬ના પ્લેનમાં સીટ મળવાથી નક્કી થયું છે, બીજા સત્સંગીભક્તો પણ છે, અમારી રક્ષા કરજ્યો, આપ ગુરુમંત્ર રક્ષામંત્ર ચીઠી લખીને મોકલાવજો, આહી મંદિરની વ્યવસ્થા બરાબર ચાલે છે, કાગળ જલ્દી લખજ્યો, હું બહેરીનથી પાકું સરનામું લખીશ, તીર્થમાંથી સપ્તાહનું આમંત્રણ આવેલ છે, બેહરીન બે વર્ષનો એગ્રીમેન્ટ કરેલ છે, પછી આપ ભગવાનની મરજી હશે તેમ વરતશું, બધું તમારા હાથમાં છે, મારા હેત પ્રમાણે મારી નજર રાખજ્યો, સર્વસ્વ તમોને સમર્પિત જાણજ્યો, હું તો પ્રસાદીના કણિકાનો ભાગીદાર છું, માદરડીમાં પહેરવાની બે શ્રીજીરક્ષા મોકલાવજ્યો, જાવાની આજ્ઞા આપો અને ફેરો સફળ થાય તેવી સ્થિતિ કરજ્યો, મારા પુણ્યનો પાર નથી, જે તમો ભગવાન રાજી રાજી છો, સેવક **હરિલાલ વેલજી** ખોલિયાના જયસ્વામિનારાયણ વાંચજ્યો, એજ. દર્શન દેતા રહેજ્યો.

❖❖❖❖❖

પત્ર નં-૭૧ તા. ૨૩-૧૦-૭૬

દુબઈ.

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજના ચરણોમાં જયંતિલાલ મનજી કાચા તમારા શિષ્યના તથા શ્રી હરિશરણાગતિ મંડળના સેવકોના કોટિ દંડવત્ નમસ્કાર પહોંચે, તમારી કૃપાવડે પાંગળો પર્વત ચઢે, તમારી કૃપાવડે અંધને આંખ્યું જડે, એમ મહારાજ અમોને નજીવને તમોએ સોનાના પ્રદેશમાં પહોંચાડી દીધા છે, આંહિ તમોને સંભારીને કામ કરીએ છીએ, આંહિ તમોને સંભારીને ભક્તિ કરીએ છીએ, આંહિ તમામને દોઢ હજારથી ત્રણ ત્રણ હજાર સુધી મળે છે, તમારા ભક્તોને એક વર્ષમાં ન્યાલ કરી દીધા છે, કુકાવાવમાં મૂર્તિ પધરાવીને તરત જ તમારે પ્રતાપે બધાના ભાગ્ય સોનાના કરી દીધા છે, મૂર્તિ આથમણું જોઈને બિરાજે છે, તમો અથમણા દેશમાં અરબસ્તાનમાં અમારી ઊંચી સ્થિતિ શોધવા બિરાજતા હશો,

કે અક્ષરધામના ધામી કુંકાવાવની રક્ષા કરી, શંકરાચાર્ય મહારાજની પૂરના પાણીમાં રક્ષા કરી લીધી, ૫૦૦ - બ્રાહ્મણોની રક્ષા કરી, તમો પોતે નવે વરસાદના જળે ન્હાયા, તમામના મેલ કાઢી નાખ્યા, કુંકાવાવને તીર્થ ભૂમિ કરી દીધી, પ્રખ્યાત શહેર કરી દીધું છે, ત્યાં મોટામંદિર માટે પહેલેથી જ રાષ્ટ્રી સ્મૃતિભવનમાં સરકારી માનવંતા અધિકારીઓને હાથે બિરાજ્યા, આ યુગના માનવોના કલ્યાણકર્તા ભગવાન તમો છાના છપરા ડરતા બીતા વિનીત વ્યાસ અવતાર બ્રહ્મચારી પરચા ચમત્કારો દેખાડતા દેખાડતા દેખાડતા અને વેદ શાસ્ત્રો ઇતિહાસોના ગ્રન્થો લખતા લખતા પરદેશ કાશીમાં ભણીને મોટા પંડિત થઈને હવે મંદિરોની સેવાઓ કરીને તથા કથા વ્યાખ્યાનો આપીને તથા દિવ્યદર્શનો આપીને દુ:ખિયાઓના દુ:ખ મટાડીને અણધાર્યું મુક્તમંડળ શ્રીહરિશરણાગતિનું સંતમંડળ પ્રગટાવીને જન્મભૂમિમાં જ પ્રથમ ભગવાનપણે પ્રકાશમાં ભક્તોએ મેલ્યા, એવા હે અવતારી મહારાજ અમારી આંહી રક્ષા કરતા રહેજ્યો.

આપને વન ગમતું હશે, તેથી વંથળીમાં રહ્યા, અને મંદિર ગમતું હશે તેથી તીર્થ કુંકાવાવમાં રસ્મૃતિ મંદિરમાં રહ્યા, અને સત્સંગ ગમતો હશે એટલે જૂનાગઢ સંતસંગમાં રહ્યા, અને પૃથિવી પાવન કરવી હશે એટલે ભારતમાં બધેય વિચર્યા છો, અને લાંબી આવરદાએ રહ્યા છો, અને આપ પોતાને વખાણતા નથી, તેમ કોઈની કથણી કરતા નથી, તે આપને એવી સાધુતા ગમતી હશે, અને પદાર્થોમાં અધિકારમાં બંધાતા નથી, એટલે આપને વૈરાગ્યમાં બહુજ રૂચિ છે, આપ કાંઈ માગવા નિકળતા નથી, એટલે આપને વૈરાગ્યમાં રૂચિ છે, આપ કાંઈ ઇચ્છતા પણ નથી, એટલે આપને ભગવાનની ઇચ્છાએ થાય તેવી રૂચિમાં સંતોષ છે, બીજાઓ આપને વિના પગારે પ્રસિદ્ધ કરતા રહે છે તે ખરેખર આપ શ્રી હરિએ તેવા દુતો ગોઠવ્યા છે, જેઓ તમોને જ દેખે છે, ગાય છે, સંભારે છે, અને દુર્ગુણસ્વરૂપમાં ગુણોને ફેરવી ફેરવીને ગાય છે, મોટા સમ્રાટ સામે લડાયકો પણ તેવાજ ઊભા થાય, આ તો શાંતિના સરોવર સ્વર્ગ ધામમાં બેઠા થકા આખી ખલકમાં પેટ બળતરાવાળા દાઝેલા ગ્રહોદ્વારા તમોએ પોતાનો શક પ્રવર્તાવ્યો છે.

હવે પછી તમો પ્રગટ ભગવાન ભજાશો, અને તમારો શ્વેતાયનવ્યાસ - શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજ અનાદિશ્રી કૃષ્ણનારાયણનો સ્વારાજ્ય સાથેનો અવકાશી યુગ પ્રવર્તશે, શ્વેતાયન શકનું ૭૧મું વર્ષ પ્રવર્તે છે, આવો સત્યુગ તમોએ પ્રવર્તાવ્યો છે, જેમાં આકાશ પાતાલ સ્વર્ગ લોક લોકાંતરમાં પ્રજા એકમેક દેવતાઈ થવા લાગી છે, આકાશવાણી, ઉપગ્રહો, રેડિયા, યંત્રો, સામુદ્રિક જળ તલ યાન. અવકાશમાં સ્વર્ગ યાત્રા, ભૂસ્તર શોધન યંત્ર, ટેલિવિઝન, તત્ત્વશોધન, ધાતુશોધન, કાયાકલ્પ, અણુશસ્ત્ર, વિદ્યુતશસ્ત્ર, વિદ્યુતશક્તિ, બાષ્પશક્તિ, રાસાયણનશક્તિઓ, ગર્ભિતસામર્થ્યો,

ભૂતકાલીન શબ્દ પકડવો, આદિ આદિ અનંત પ્રકારના જ્ઞાતાઓને સર્વજ્ઞ અવતારી પુરુષ આપે અવતારો પ્રથમથીજ પ્રગટ કરીને આ યુગ વિકસાવ્યો છે, પૃથ્વીને સ્વર્ગ બનાવી છે, નારીઓને દેવીઓ બનાવી છે અનાથોને સનાથ કર્યા છે, પરતંત્રને સ્વાતંત્ર્ય આપ્યું છે, આ કામ પરમાત્મા વિના કોણ કરે ! ભૂમિને ગોલોક વસતિ બનાવી છે, તમો છાના પરમાત્માએ અનેક ઈશ્વરો પ્રગટાવી સામ્રાજ્યોના પલટાઓ કરાવી ભારતનું મહાભારત પણ સજીવન રાખી મહાદિવ્ય લક્ષ્મીનારાયણ સંહિતા સવાલાખશ્લોકોનો ઇતિહાસ જગતને આગમ-નિગમ-ભર્યો આપ્યો છે, હજારો વિદ્વાનો તે ઉપર મુગ્ધ થઈ ગયા છે, અમારી અલ્પબુદ્ધિ તમારે પ્રતાપે સર્ચ લાઇટ જેવી થઈ છે, અને આબધોય તમારો મહિમા સમઝાયો છે.

તમારા ચમત્કારો તમારી ઉજ્જ્વલમૂર્તિ અને સામુદ્રિક તમારા ઈશ્વરીય પરમેશ્વરપણાના ચિન્હો તે તો અવતારીપણું નક્કી કરાવે છે, તમે અબુધ ઇર્ષ્યાળુને કાંઈ દેખાડતા નથી બળતરીયા તો બહુ જ બળે છે, અને તેની મેળે શમી જાય છે તમારો મહિમા તમો ના પાડો છો તોય પણ વધતો જ જાય છે, ત્રિલોકમાં વ્યાપતો જાય છે, અમારા જેવા ગરીબ જીવની રક્ષા કરતા રહેજ્યો, એજ સેવક જયંતિલાલ મનજી ભગા, વેલજી મનજી કાચા, પ્રાગજી મોહન ધૂળકોટના, મંગુ નીછા બીલીમોરાના, અર્જુન નાથા ફાટસર કાઠીના, સવજી ડાયા કાચા, નારાયણ લાલજી પ્રેમજી કાચા, વગેરે તમારા ભક્તોની ભક્તિ સંચવાવજ્યો, નજર રાખજ્યો, રક્ષણ કરજ્યો, જય અનાદિશ્રીકૃષ્ણનારાયણ, જય સ્વામિનારાયણ વાંચજ્યો, દુબઈ શરણાગતિમંડળના દંડવત્પ્રણામ.

❖❖❖❖❖

પત્ર નં.-૭૨ તા. ૧૮-૧-૭૭

પોસ્ટ બૉક્સ નાં. ૨૦૬૪, યુ. એ. ઈ., દુબઈ.

દેવરાજ ડાહ્યાભાઈ મકવાણા બગીચાવાળા.

ઓમ્ અનાદિ શ્રીકૃષ્ણ પુરુષોત્તમનારાયણાય નમો નમઃ,

પ્રગટ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ મહારાજશ્રીને નમો નમઃ

તર્જ: વિકટ છે માર્ગ ભક્તિનો

પ્રગટ પરબ્રહ્મ પૂર્ણ શાસ્ત્રીજી, કરો મંજુર આ અરજી,
અતિ આતુર છું ઉપરથી, પછી તો આપની મરજી ॥૧॥

તપેલાને તપાવોમાં, રડેલાને રડાવોમાં,
વૃથા વિલંબ કરશોમાં, કરો મંજુર આ અરજી ॥૨॥

પ્રગટ પરબ્રહ્મ કહાવો છો, ડૂબે તેને બચાવો છો,
ગુરુદેવ શીદ સંતાપો, કરો મંજુર આ અરજી ॥૩॥

છે મોટપ્ય વિચારે મન, ડૂબાવી કે પછી તારો,
વિરૂદ મહારાજ સંભાળો, કરો મંજુર આ અરજી ॥૪॥

ન ઇચ્છા લાખ લેવાની, ન પાસે પાઈ દેવાની,
ફક્ત બે વાત કહેવાની, કરો મંજુર આ અરજી ॥૫॥

ભવોના બંધનો તોડી, ચરણમાં ચિત્ત દઉં જોડી,
કહું છું હાથ બે જોડી, કરો મંજુર આ અરજી ॥૬॥

હવે શરમાવમાં સ્વામી, નથી કોઈ વાત આ છાની,
કહે નિજ દાસ દાસોનો, કરો મજુર આ અરજી ॥૭॥

અરજ છે એટલી મારી, પ્રભુ લ્યો ઉરમાં ધારી,
સદા નિજ આપજ્યો સેવા, ચરણના નિત્ય સુખ દેવા ॥૮॥

તમો છો ધામના ધામી, બધાના દીલમાં સ્વામી,
ખલકમાં સહુ ભજે તમને, ન તાવ્યા આપ તે અમને ॥૯॥

કહે દેવરાજ દયા સિન્ધો, હરિશરણાગતિબંધો,
આ લોકેને પરે લોકે, કરું સેવા તમો ચિન્ધો ॥૧૦॥

❖

જુષ્ટો મુક્તગણૈ ર્નિજાક્ષરપદે દિવ્યાકૃતિ: સાદરમ્
યો ભૂમૌ પ્રકટીબભૂવ દયયા તીર્થે જનશ્રેયસે
શાસ્ત્રાણ્યંકયિતું સ્વતીર્થમવિતું દાતું નિજાન્ સ્વં સુખં
ધ્યાયે કૃષ્ણસુવલ્લભં મુનિવરં શ્વેતાયનં શ્રીપ્રભુમ્

પ્રગટ પરબ્રહ્મને નમઃ

પૂર્વછાયો

સ્વસ્તિ શ્રી જુનાગઢ મધ્યે, રહ્યા જે રાજા અધિરાજ,
સર્વ શોભા સુખ ત્યાં રહે, જ્યાં આપ બિરાજો મહારાજ ॥૧॥

સર્વ સુખ આનંદ સિંધુ, દીનબંધુ દિલના દયાળ,
અધમ ઉદ્ધારણ નાથજી, શ્રીપતિ પરમ કૃપાળ ॥૨॥

ક્ષર અક્ષરના આત્મા, પરિપૂર્ણ સહુથી પાર,
સર્વ ઉપાસ્ય શ્રીહરિ, છો સર્વ સારમાં સાર ॥૩॥

સર્વેના કર્મ ફલદ છો, સર્વજ્ઞ છો દિવ્ય મૂરતિ,
સર્વાધાર આનંદઘન, સર્વોપરિ અક્ષર પતિ ॥૪॥

સર્વ આશ્ચર્યની મૂરતિ, સર્વશ્રેષ્ઠ સર્વના કારણમૂ,
સર્વ ચિન્તનીય શ્રીહરિ, સુખમય સર્વજ્ઞ પૂરણમૂ ॥૫॥

અપાર કૃપા જીવ ઉપરે, કરી તમે ધર્યું નરતંન,
નિજ જનોને સુખ આપવા, વિચારો છો ભૂતલ ભગવંન ॥૬॥

હળ્યા મળ્યા બહુ હેતે કરી, વળી વાળી રંગડાની રેલ,
અકળ આજની વાત છે, તમે અઢળ ઢળ્યા અલબેલ ॥૭॥

બહુ રીતે આશ્રિત જનોને, આપ્યો અખંડ આનંદ,
સ્વામિ સુખદ છો સર્વના, શ્રી ગોપાળકૃષ્ણ કુલ ચંદ્ર. ॥૮॥

જમ્યા રમ્યા જોડ્યે રહ્યા, દયા કરીને દીન દયાળ,
સમે સમે સુખ આપિયાં, અને કાપ્યાં દુઃખ વિશાળ ॥૯॥

કસર ન રાખી કોઈ વાતની, આંક વાળીઓ તમે આ વાર,
અરસપરસ એકમેક રહ્યા, અંતરાય નહિં અણુભાર ॥૧૦॥

ભાંગી ભૂખ ભુખ્યા તણી, સ્વામિ તમે કરી ઘણી મેર,
એવો કોણ અભાગિયો જે, દુઃખી રહેશે આ વેર ॥૧૧॥

નિર્ભય કર્યા નરનારીને, આપી નિજ ઉત્તમ ઉપદેશ,
અનેક જીવ ઉદ્ધારવા, તમો ફર્યા દેશ વિદેશ ॥૧૨॥

પ્રભુ જે અરથે આવિયા, તે અરથ સારીઓ આપ,
દુરના દેશ વિદેશમાં, ઓળખાવ્યો અપાર પ્રતાપ ॥૧૩॥

અમૃતમય ગ્રંથો સુણી, મોટા મુનિયો વિચારે મંન,
દેહધારીથી નવ બની શકે, નક્કી હોય શ્રી ભગવાન ॥૧૪॥

બાંધ્યું સ્મારક નિજ તીર્થમાં, મહા મોટું થયું તે ધામ,
પ્રગટ પ્રભુ પધરાવિયા, જનો થાશે પૂરણકામ ॥૧૫॥

કળ ન પડી તેની કોઈને, એવું કરીયું દીન દયાળ,
અકળ લીલા પ્રભુ તમારી, પામે નહિં કોઈ પાર ॥૧૬॥

ચોપાઈ

બીજું લખવા કારણ એહ, નાથ સાંભળજો તમે તેહ,
શરણાગતિ મંડળ માટે, દયા કરી આપે શિર સાટે ॥૧૭॥

પત્ર લખ્યો પ્રભુ રૂડી પેર, સુણ્યો વાંચ્યો થયા લીલા લ્હેર,
કાલા ઘેલા તમારા આ બાળ, અમારા છો જીવ-પ્રતિપાળ ॥૧૮॥

જેમ કેશો રેશું તેમ નાથ, સદા રાખજ્યો આપની સાથ,
અમને તમારા ચરણોમાં પ્રીત, તેથી ક્યાંઈ ચોટ્યું નથી ચિત્ત ॥૧૯॥

આપ પ્રતાપે કરીને હરિ, કાળ માયાનું ન ચાલે જરી,
આશરો અમને છે તમારો, અંતર શત્રુથી નાથ ઉગારો ॥૨૦॥

સ્વામિ આપની જે જેવી મરજી, તેમાં રહિએ અમે નિત્ય રાજી,
અજાણ્યું તમને ન લગાર, તમો જાણો છો ભીંતર બ્હાર ॥૨૧॥

જાણે અજાણે ભૂલ જે હોય, ક્ષમા કરજો અપરાધ સોય,
અમને થયો છે નિશ્ચય જેમ, સદા તે રહે તેમનો તેમ ॥૨૨॥

સારી સદ્‌બુદ્ધિ રહે સદાય, તમોને તમારા જન માંય,
દિવ્યભાવની દૃષ્ટિ તમારી, દઈને માયાથી લેજ્યો ઉગારી ॥૨૩॥

રહે સદાય સત્સંગ રંગ, નવ લાગે જગતનો કુસંગ,
આટલી પ્રભુ વિનતિ મારી, સુણી બંધન નાખો વિદારી ॥૨૪॥

વધારે નથી માગવું કાંઈ, રહો રાજી પ્રસન્ન સદાઈ,
લખ્યું ઓછું અધિકું જણાય, માફ કરજ્યો ઈશ્વરોના રાય ॥૨૫॥

મૂર્તિ મંદિરો સત્સંગ ધર્મ, વળી સ્થાપો સુશાસ્ત્રોનો મર્મ,
સંત ભક્તિ આપો મહારાજ, એહ માગે ભગત દેવરાજ ॥૨૬॥

ઇતિ શ્રીપ્રગટ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રતિ ભક્ત પ્રાર્થના દુબઈ. શ્રીહરિશરણાગતિમંડળના ભક્જનોની શ્રી હરિજન્માષ્ટમીની મહાસભામાં મહોત્સવના અવસરમાં સવાજિંત્ર ગાએલ સ્તુતિ.

❖❖❖❖❖

પત્ર નં.-૭૩ તા. ૨૪-૨-૭૭

ઈરાનીવાડી, વીરહેમુકલાની ક્રોસ રોડ ના. ૪, શ્રીરામનિવાસમાં, મુંબઈ-૬૭.

ઓમ્ પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણ પરમાત્માનો જય હોજો.

શ્રીસ્વામિનારાયણ પ્રભુનો સદાય જય હોજો અક્ષરાતીત પૂર્ણ પૂરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ પ્રગટ પરમાત્મા પ્રગટ પ્રભુજી સર્વેના સ્વામી સર્વેના નિયન્તા સર્વેના અધિપતિ સર્વે અવતારોના અવતારી એવા પ્રગટ શ્રીહરિ સદ્‌ગુરુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ સર્વોપરિ મોટા શાસ્ત્રીજી એવા સ્વામિશ્રી શ્રીકૃષ્ણનારાયણને અમારા સર્વેના ઘણા જ સ્નેહપૂર્વક દંડવત્‌પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ સ્વીકારશોજી, **ગામ કાંદીવલીથી લિખિતંગ પ્રગટ પ્રભુજીના ચરણ સેવક રમેશચંદ્ર મોહનલાલના ઘણા જ સ્નેહપૂર્વક દંડવત્પ્રણામ સ્વીકારશોજી,** શ્રી ગુરુજીમહારાજ ભગવાનને માલમ થાય જે હું દુબઈ જવાની ઇચ્છાથી મુંબઈ આવ્યો છું, કાંદીવલીમાં છું, તમારી દયાથી ગુરૂભાઈઓ સાથે દુબઈ જવાય એમ આશિર્વાદ લખજ્યો, રમેશના દંડવત્ સ્વીકારજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૭૪ તા. ૧૨-૫-૭૭

મુ. શીલા.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે.

શ્રીમાન પવિત્ર સદ્‌ગુરુ પરમાચાર્ય જગતગુરુ શ્રીહરિકૃષ્ણસાક્ષાત્ પ્રભુજી તથા સ્વામીશ્રી સ્વયંપ્રકાશજી તથા દેવપ્રકાશજી, તથા હેમંગભગત તથા સંતમંડળને અમારા

જય શ્રીસ્વામિનારાયણ છે, **શીલાથી લિ. વેલજી મનજી વિગેરેના જય શ્રીસ્વામિનરાયણ વાંચશોજી,** જત આચાર્ય મહારાજશ્રીને માલમ થાય જે દુબઈના મંગૂ નીછાભાઈ કુંભાર બીલીમોરાવાળા તથા પ્રાગજી મોહન કાચા ધૂળકોટવળા તથા અર્જુન નાથા મનાણી ફાટાસરવાળા તથા વેલજી મનજી કાચા જામવંથળીવાળા તથા શ્રી હરિશરણાગતિમંડળ આપના ભક્તો અમો યથાશક્તિ ફૂલપાંખડી સેવા વિદ્યાદાન પુસ્તક માટે મોકલાવશું તે સ્વીકારજો, આપના આશીર્વાદોથી અહીં કમાતા થયા છીએ સુખી થયા છીએ, આનંદથી કામકાજ કરીએ છીએ, ભજન તમારું કરીએ છીએ, કોઈપણ મુશ્કેલી નથી. તમારા આશીર્વાદો મદદ કરે છે, કાગળ લખજ્યો, રાજી રહેજ્યો, અમારા કોટિ દંડવત્ માનજ્યો, સાજાનરવા રાખજ્યો, સર્વેના જયસ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં.-૭૫ **તા. ૭-૭-૭૭**

મુ. જાયવા.

શ્રીગુરુકૃપા, પ્રગટભગવાન શ્રીશાસ્ત્રીજી મહારાજ સ્વામિનારાયણ પ્રભુજી, તીર્થભૂમિ જુનાગઢમાં વિરાજિત પરમપૂજ્ય પ્રત્યક્ષ શ્રીહરિ શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્વામીશ્રી અક્ષરધામના ધણીના ચરણકમળોમાં સેવામાં **ગામ જાયવાથી સેવક રામજી જીવા કાશીયાણી, તથા જયનારાયણ તથા નાનો બાબો તે સર્વેના ઘણાજ કરીને આપના ચરણોમાં સ્નેહ પૂર્વક વારવાર દંડવત્ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાચશોજી,** પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણનારાયણને જણાવવાનું જે અમારે ઘેર બાબાનો જન્મ આષાઢ સુદ ૨ બીજના રાતના દોઢ ૧॥ વાગ્યે થયો છે, તેના નામના જન્માક્ષર તથા નામ મોકલાવશો, આપની દયાથી સુખી છીએ, અમારા સર્વેના ખૂબજ ભાવથી જય શ્રીસ્વામિનારાયણ વાચશો, જે નામ આપને સારું લાગે તે લખી મોકલાવજો એમ અમારા બન્નેની પ્રાર્થના છે. એજ, રામજી જીવાના દંડવત્.

❖❖❖❖❖

પત્ર નં.-૭૬ **તા. ૧૧-૭-૭૭**

ચાવડા.

શ્રીસ્વામિનારાયણ ભગવાન તમો સત્ય છો.

સ્વદિવ્ય ધામ જીરણદુર્ગ મધ્યે વિરાજમાન સ્વસ્વરૂપસ્થિત શ્રીપ્રગટપ્રભુજી કર્મફળપ્રદાતા સર્વનિયન્તા સર્વજગત્પતિ પતિતપાવન અધમઉદ્ધારણ સર્વેના અંતર્યામી પરમપૂજ્ય પરમદયાળુ અતિકૃપાળુ અક્ષરધામના ધામી સર્વાધિપતિ અમારા સર્વેના

પ્રાણપતિ ભક્તપતિ અમારા મુક્તોના લાડિલા સદ્‌ગુરૂજી શ્રી શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ શ્રી પ્રતિ, **ગામ ચાવડાથી લિ. દાસોનો દાસ ચરણકમળ સેવક મગનલાલ હંસરાજ તથા હંસરાજ અદા તથા મારા બાપુજી અને સર્વેના અમારા જાજા કરીને જયશ્રીસ્વામિનારાયણ વાચશોજી.** આંહી વાવણી સારામાં સારી થઈ છે, અને તમારી કૃપાથી વાવ્યા ઉપર વરસાદ પણ સારામાં સારો થયો છે, તમારી કૃપાવડે અમો બધા સુખી છીએ, હે પ્રભુ હું એસ એસ સી પરીક્ષા પાસ થઈ ગયો છું, તો હવે ભણતર ચાલુ રાખું કે કડીયા કામ શીખું, ભણતરમાં સાયન્સ કે આર્ટસ કે કોમર્સ ભણું, કે ઇજનેરી લાઈન ભણુંકે ડીપ્લો શીખું છે, તે વળતી ટપાલે લખજ્યો, તમો પ્રભુજી મારું ભવિષ્ય ભાખીને આશીર્વાદ લખજ્યો, પ્રગટ શ્રીકૃષ્ણનારાયણ મારા ઉપર રાજી રહેજ્યો, અમો તમારી દયાથી આનંદમાં છીએ, તમારું રટણ કરીએ છીએ, સોલંકી અમૃતલાલને તમારા સાક્ષાત્કાર દર્શન થયા પછી સાવ સારું છે, લિ. મગનલાલના પૃથ્વીસ્પર્શી દંડવત્પ્રણામ, મારુ ધ્યાન રાખશોજી. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૭૭ તા. ૧૮-૭-૭૭

કાંદીવલી, મુંબઈ.

શ્રીહરિ: શરણં મમ, શ્રી હરિશરણાગતિ મંડળને નમ:, અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમ:, અવતારી શ્રીકૃષ્ણભગવાનને નમ:, સર્વોપરિ શ્રીસ્વામિનારાયણ ભગવાનને તમોને નમ:

દિવ્ય ધામ શ્રી જુનાગઢ નિજનિવાસે વિરાજમાન પરમપૂજ્ય દયાનિધિ કૃપાસાગર અખંડવંદનીય ભંડારને મેડે સ્થિર મૂર્તિ સર્વ શિરોમણિ સર્વાધાર સર્વસર્જનપ્રમુખ સર્વ અવતારોના અવતારી સર્વેના અંતર્યામી અશરણના શરણ રાજાધિરાજ ભક્તવત્સલ દીનબંધુ સર્વ કારણના કારણ પ્રગટ શ્રીહરિ સત્સંગમાં મહામહામહોત્સવોના મુખ્ય પ્રમુખ દિવ્યદેવેશ્વર સંતશ્વેર ભક્તેશ્વર ધામેશ્વર પ્રગટ માનવમૂર્તિ શ્વેતાયનમૂર્તિ શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ તથા સંતમંડળની સેવામાં, **કાંદીવલીથી લિખિતં આપનો ચરણસેવક ચરણરજ દાસનો દાસ છગનલાલ ડાહ્યાભાઈના ઘણાંજ હેતપૂર્વક જયશ્રીસ્વામિનારાયણ જયશ્રીકૃષ્ણનારાયણ વાંચશોજી,** આપના આશીર્વાદનો પત્ર મોહનભગતના ભાઈ ચંદુલાલે ફુગાવાડાથી આંહી કાંદીવલી મોકલાવી દીધો છે, તમારી દયાથી વાંદ્રાથી મોટો પાસપોર્ટ આવી ગયો છે, વરસાદ ચાલું છે, તમારા દિવ્ય દર્શન આપજો, કાગળમાં ફૂલપાંખડીઓ પ્રસાદી મોકલાવજો, અહીંથી મોહનભગત તથા તુલસીભગત દુબઈ ગયા છે, ફુગેવાડી મંદિરમાં આપની

પ્રગટમૂર્તિને પૂજીએ છીએ, સાજાનરવા રાખજ્યો, પરદેશ જવાય અને કમાવાય, એવી દયા વધારે કરજ્યો, સન્લીમાં ઇન્ટરવ્યુ તા. ૨૮-૭-૭૭નો થવાનો છે, તેમાં પાસ થવાય અને ગુરૂભાઈઓને સાથે દુબઈ જવાય તેવી કૃપા કરજ્યો, પછી તમારા દર્શન કરીને દુબઈ જશું, શાન્તિ થાય તેમ કાગળ લખજ્યો, ભગવાનજી રાજા, નારણ જેરામ. વગેરે શ્રીહરિશરણાગતિના, નાશિકના ભક્તોના, પણ જયશ્રીસ્વામિનારાયણ વાચશો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૭૮ **તા. ૨૫-૭-૭૭**

મુંબઈ.

સાક્ષાત્ પ્રકટ શ્રીહરિ પૂરણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને નમઃ

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ દાર્શનિકપંચાનન, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય સાંખ્યયોગવેદાન્તમીમાંસાતીર્થ કાવ્યકુશલ સાહિત્યવારિધિ એવા ભગવાનના **સેવક ચંદુલાલના ઘણા કરીને જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** હે ભગવાન હું તમારું રાત-દિવસ ભજન કીર્તન કર્યા કરૂ છું, તમો તો અન્તર્યામી છો, તમારી મરજીથી અને તમારી આજ્ઞાથી આ બધી સૃષ્ટિ થાય છે, તમારી મરજી સિવાય કોઈ સુકુ પાનડું હલાવી શકે તેમ નથી, આ પૃથ્વી ઉપર જ્યારે ભગવાન અવતાર ધરે છે ત્યારે ભગવાન મનુષ્ય જેવી ક્રિયા કરે છે, જેથી આ કલિયુગમાં ભગવાન ઓળખવા બહુજ મુશ્કેલ છે પણ આ સમે તો પૃથ્વી ઉપર સાક્ષાત્ શ્રીકૃષ્ણનારાયણરૂપે ચિન્હે સહિત વિચારો છો ચમત્કારો દેખાડો છો તેમાં જે હરિભક્તને તમારી ઓળખાણ થઈ ગઈ કે થાશે તેને અહીં બેઠાજ અક્ષરધામ છે, તમો તો સર્વ ક્રિયા કરતા કરાવતા પરમેશ્વર સર્વેના પ્રેરક છો, હું તમારી મૂર્તિની સેવા કરું છું, તમારી મરજી હશે તેમ થાશે, મારા મોટાભાઈ મોહનભગત તા. ૧૨-૭-૭૭ મંગળવારે રાતે દોઢ વાગ્યે એરોપ્લેનમાં દુબઈ ગયા છે તે જાણશો, મને પણ આશીર્વાદ આપશો, ભૂલચૂક માફ કરજ્યો, તમારા સેવક ચંદુલાલ કરશન મનાણીના જયસ્વામિનારાયણ વાચજ્યો, બસ એજ.

❖❖❖❖❖

પત્ર નં-૭૯ **તા. ૨૫-૭-૭૭**

ડી. જી. બાગલ, ફુગેવાડી, પૂના.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે.

સ્વસ્થાન ગામ જુનાગઢમધ્યે નિજભવનમાં વિરાજમાન પ્રગટ ભગવાન રાજાધિરાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ તથા કોઠારી સ્વામી સ્વયં પ્રકાશદાસજી

તથા આતમપ્રકાશદાસજી તથા દેવપ્રકાશદાસજી તથા હેમતભગત તથા સર્વે સંત હરિભક્ત શ્રીહરિશરણાગતિમંડળ પ્રતિ, **ફુગાવાડીથી લિ. આપનો સેવક ભક્ત શાન્તિલાલ નરસિંહ તથા ભક્તોના જય શ્રીસ્વામિનારાયણ સ્વીકારજો,** અમારો પાસપોર્ટ સન્લીમાં જમા કરાવ્યો છે, જલ્દી જવાય તેવી દયા કરશોજી, અહીં કામકાજ બહુ સારા ચાલે છે, છતાં પરદેશ જવાના સંકલ્પ થાય છે તે પૂરા કરજ્યો, તમારું ભજન ભક્તિ કરીએ છીએ, અમો બધા ખુશી મજામાં છીએ, પત્ર આશીર્વાદો લખજો, દર્શન આપજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૮૦ તા. ૫-૮-૭૭

કાછીયા ફળી, મુ. પોસ્ટ હાલોલ.

મીસ્ત્રી રમેશચંદ્ર ધનજી મનજીના કોટિકોટિ દંડવત્ સહિત ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજને નમો નમઃ, શ્રીહરિકૃષ્ણ શ્રીઘનશ્યામ મહારાજ એવા તમોને નમો નમઃ, તુમી હો માતા તુમી હો પિતા તુમી હો વિદ્યા તુમી હો પ્રિયપ્રાણ, હે પ્રભુ આપ તો અંતર્જામી છો, દયાળુ છો બધું જાણો છો, ભક્તને આધીન ભગવાન છો, મારા ઇષ્ટદેવ છો, પરમગુરુ છો, ઈશ્વરોના ઈશ્વર છો, આપને મારા હજારો વખત કોટિ કોટિ વંદન હો, હે પ્રભુ આપ પ્રગટ ભગવાનના દર્શન કરવા હજારો લોકો દેશ પરદેશમાંથી આવે છે, આપના દર્શને મારા માતા પિતા જૂનાગઢ આવ્યા હતા, આપના ઘણાં ચમત્કારો સંતો ભક્તોથી સાંભળ્યા, આપ મને પણ ઓળખાણા, આજ તમારા દિવ્યદર્શન મારા રૂમમાં થયા. આપ મને મળ્યા. મારો જન્મ સુફળ થયો, મારો માનવ ફેરો સફળ થયો, મારો મનુષ્ય અવતાર સફળ થયો, આપ મુગટ પહેરેલા છડી ધારેલા ઉજળા ઉજળા અંજવાળામાં આવીને તરત જ વયા ગયા, હે ભગવાન મારા હવે બધાય સારાવાના થવાનાં છે, આપ સાક્ષાત્ પ્રભુ છો, મારી નજર રાખજ્યો, આપના ભક્ત રમેશના જય શ્રીકૃષ્ણનારાયણ વાચજ્યો.

બુધવાર, તા. ૨૭-૭-૭૭, કાછીઆ ફળી, હાલોલ, જિલો- પંચમહાલ, હવે હું તમારું શ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણનારાયણ એમ ભજન કરું છું, બસ, એજ, તમારો છું, મારા માવતર પણ તમારા ભક્ત છે, હવે અમે બધાય તમારી મૂરિતની પૂજા સેવા આરતી થાળ ઘરમાં સિંહાસનમાં કરીએ છીએ, તમારા કીર્તન ગાઈએ છીએ, બીજા પડખાવાળા પણ ઓછવ કરવા આવે છે, સાકર દરરોજ પ્રસાદી કરીએ છીએ, એકાદશીએ તમારી મૂરતિમાં ઘણુંય અંજવાળું બધાને દેખાયું હતું, તમો હસીને પાછા લીન થઈ ગયા હતા, હે મહારાજ દર્શન દેતા રહેજ્યો એજ લિખિતં રમેશના દંડવત્ વાચજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૮૧ તા. ૨૯-૭-૭૭

ફુગેવાડી, પૂના.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ

શ્રીપતિ લક્ષ્મીપતિ સર્વપતિ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રગટહરિ સંતપતિ ભગવાન મળ્યાથી મોંઘા પ્રાણથી પ્યારા સાક્ષાત્ જુનાગઢમાં બિરાજમાન ભક્તોને લાડ લડાવવાવાળા શ્રી અનાદિશ્રીકૃષ્ણનારાયણના ચરણોમાં, **ગામ ફુગેવાડીથી લિ. તુલસી મનજી મકવાણા તથા ધર્મેશ તથા ભાવેશ તથા બાળબચ્ચાં શ્રીહરિશરણાગતિમંડળના ઘણા જ માન સન્માન પૂર્વક જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** હે ભગવાન અમો કુટુંબ તમારા ચરણોમાં વંદન કરીએ છીએ, તુલસીભાઈ દુબઈ પહોંચી ગયા છે, ઘરે બેબીનો જન્મ તા. ૧૩ને બુધવારે રાતે સવા બે વાગ્યે થયો છે, તેની રાશિના અક્ષરો અને નામ વળતા પત્રમાં લખશો, ચોઘડીયાનો વ્હેમ છે તેનો નિવારણવિધિ લખશો, અને ભક્તોની રક્ષા કરતા રહેજ્યો, દિવ્યમૂર્તિના દર્શન આપતા રહેજ્યો, ઘણાને દર્શન થયા કરે છે, ભૂલચૂક માફ કરજો, ઘર બધાના જયસ્વામિનારાયણ વાંચજ્યો, દુબઈથી કાગળ આવશે ત્યારે ખબર મોકલાવશું, તમો તેમને આશીર્વાદ લખજ્યો, ભગવાન અમારો ઉદ્ધાર કરજ્યો. પરદેશમાં ગયા ત્યાં તેમની વધારે નજર રાખજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૮૨ તા. ૧-૮-૭૭

કાછિયા ફળી, હાલોલ.

રમેશચન્દ્રના કોટિદંડવત્ વાચજ્યો, હે પ્રભુ ! આજ તો તમોએ કૃપાનો સાગર રેલાવ્યો છે, સવારે ધ્યાનમાં બેઠો, તમો મૂરતિમાંથી નીકળી મારા મસ્તકને પકડી માથું હલાવીને મારી આંખ્યો ખોલાવીને દર્શન દઈ મૂરતિમાં સમાઈ ગયા, શ્રીસ્વામિનારાયણ આપ છો, અન્તર્યામી છો, હે મહારાજાધિરાજ તમો અનંત કોટિ બ્રહ્માંડોના પતિ છો, અક્ષરના આત્મા છો, અનંત ઈશ્વરોના ઈશ્વર છો, હે મહારાજ ! આ સૂર્યચંદ્ર તમારી આજ્ઞાથી આકાશમાં રહ્યા છે, આ પૃથ્વી તમારી આજ્ઞાથી રહી છે, હે પ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ! તમારો મહિમા શેષ સરસ્વતી શારદા સરખા પણ સંપૂર્ણ કહી શકતા નથી તો હું શી રીતે કહી શકું, હે સ્વામી ! તમોને પ્રસન્ન કરવા સારૂ ભેટ કરું એવી અમૂલ્ય વસ્તુ આ જગતમાં નથી, તમારા વાસ્તે તમારા ચરણારવિન્દોમાં તન મન ધન સર્વસ્વ મુક્યાં છે, તમારે વાસ્તે હું કુરબાન છું, હે શ્રીજી મહારાજ, નારદ સનકાદિક જેવા તમારું ધ્યાન ધરે છે, હે મહારાજ ! તમો પૂર્વે કોસળ દેશમાં જન્મ લઈને અમારા સારૂ આ દેશમાં પધાર્યા અને રસ્તામાં

ટાઢ્ય તડકા ભૂખ તરસના સંકટો ભોગવ્યા, તથા દુષ્ટ લોકોએ તમોને અનેક ત્રાસ આપ્યા, ઉપદ્રવ કર્યા, તે સઘલું પોતાના ભક્તજનોના વાસ્તે તમે સહન કર્યું. અહોહોહો હે સ્વામી ! એ ઘણો મોટો ઉપકાર કર્યો, તેને ભૂલે તે અભાગીયો કહેવાય હે સહજાનંદસ્વામી, દયાળ દીનબંધુ હું તમારા દાસોનો દાસ છું, હે ભક્તિ ધર્મના પુત્ર તમારો ઉપકાર હવે હું ભૂલીશ નહિ, ઘણાંક યુગોથી હું ભવસાગરમાં ભટકું છું, હવે તમારા સાચા સ્વરૂપની વાત મને ઓળખાણી, હે પ્રભુ આ ભવમાં વનસ્પતિજન્મોમાં કુવાડાથી છેદાયો, પશુઓમાં ભૂખતરશના દુઃખો વેઠ્યાં, હવે હું નહિં ભૂલું.

હે ભક્તવત્સલ પૂર્ણપુરુષોત્તમ ભગવાન, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ! આ જગતમાં તમારા હજારો અવતારો થઈ ગયા, તેમાં મને કોઈ એકેયની ઓળખાણ થઈ નહિં તથા માનવમાં આવ્યા નહિ, આ ફેરે ભટકતાં પણ તમારી માહિતી મળી ગઈ છે, હવે છેતરાઈશ નહિ, હે સ્વામી તમારી આજ્ઞામાં બરાબર રહીશ, મારા અંતકરણમાં હું કુસુંગાં પેસવા નહિ દઉં, હે શ્રીકૃષ્ણવવલ્લભાચાર્યજી મહારાજ ! પ્રાણપતિ પ્રભુ તમો અમારા આત્માના ખરા સગા છો, બીજા સાચા સગા નથી, તમો હે સ્વામિનારાયણ મારી જીવનદોરી છો, મારા આત્માના આધાર છો, મારી આંખ્યોના તારા છો, હૈયાના હાર છો, હે સ્વામી હે પ્રભુ, હું તમોને ઘડીભર પણ નહિ ભૂલું, માફીનું ઠેકાણું તમે છો, આ સંસારરૂપી ખારા સાગરમાં તમો મારા માથાથી પણ મોંઘા છો, અને જીવપ્રાણથી પણ વિશેષ છો, તમે જ મારા ઇષ્ટદેવ છો, હે શ્રીજીમહારાજ, તમો અધમઉદ્ધારણ છો, પતિતપાવન છો, અશરણના શરણ છો, અનાથના નાથ છો, દીનના બંધુ છો, હે સાચા સગા, મને કેવલ તમારો જ ભરોસો છે, બીજા કોઈ દેવ-દેવીઓનો નથી, એક તમારી જ આશા રાખું છું, બીજા કોઈની આશા રાખતો નથી. હે વ્હાલા ભગવાન તમારા સ્નેહનો ભૂખ્યો છું, મારે બીજું કોઈ જોઈતું નથી.

હે મહારાજ ! મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીના જેવો સત્સંગ અને સમજણ આપજો, મૂળજીબ્રહ્મચારી અને વાસુદેવનંદબ્રહ્મચારીના જેવું નિષ્કામવ્રત આપજ્યો, નિષ્કુલાનંદસ્વામી અને મુક્તાનંદસ્વામી જેવો વૈરાગ્ય આપજ્યો, તમારા ભક્તોનો અખંડ સમાગમ આપજ્યો, હે હરિકૃષ્ણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ! જાગ્રત સ્વપ્નમાં તમારા દર્શન થતા રહેજો, ભક્ત તમારા લોકો ઓળખે એવો કરજ્યો, અને છેવટે તમારા ધામમાં રાખજ્યો, આંહી અંતરમાં વસજ્યો, હે મા બાપ ! તમારો છું તમો મારા સ્વામી છો, કૃપા કરજ્યો, રમેશચંદ્રના મનોરથ પૂરજ્યો, શ્રીપતિ પ્રત્યક્ષપ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને પ્રણામ જયસ્વામિનારાયણ જય શ્રીકૃષ્ણનારાયણ બસ એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૮૩ તા. ૮-૮-૭૭

સુરત.

શાન્તિલાલ પૂંજાભાઈના દંડવત્ વાંચજો. હે પ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મારે દુબઈ જવાનું તા. ૧૫ સુધીમાં થાશે, આપના આશીર્વાદથી ખર્ચની સગવડ થઈ ગઈ છે, તમો ત્યાં અને આંહી રક્ષા કરજ્યો, વધારે રાજી રહેજ્યો, આપ જગતના તાત સાક્ષાત્ ભગવાન છો, આપની ઇચ્છા પ્રમાણે થાશે, આપનું ભજન કીર્તન માળા ફેરવું છું, મુશીબતમાંથી પાર ઉતારજો, આશીર્વાદ મોકલજો, ત્યા જઈને શિરનામું લખીશ, રક્ષા કરજ્યો, સેવક શાન્તિલાલના દંડવત્ સ્વીકારજ્યો. શ્રીજી તમો સત્ય છો.

❖❖❖❖❖

પત્ર નં.-૮૪ તા. ૧૩-૯-૭૭

ગણદેવી.

જયશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ તમો તો સર્વે દેવોના દેવ છો, સર્વ અવતાર અવતારી છો, મહારાજ અમો તમોને શું કહિએ, તમો અમારી ઇચ્છાઓ પૂરી કરશો, મહારાજ ભગવાન અમોને દર્શન આપજ્યો, મનોરથ પૂરા કરજ્યો. **લિ. મગનભાઈ કરશનભાઈ સેવકના જય સ્વામિનારાયણ વાચશો.**

❖❖❖❖❖

પત્ર નં.-૮૫ તા. ૩-૧૦-૭૭

બહેરીન, મોહારક, દુબઈ.

શ્રીજી અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ, પરમપૂજ્ય શ્રીસ્વામિનારાયણ ભગવાન પ્રગટ શ્રીહરિજી શ્રીકૃષ્ણની સેવામાં **બહેરીનથી લિ. સેવક હરિલાલ વેલજીના દંડવત્ પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાચશોજી,** શ્રીહરિ ગુરૂજીને માલમ થાય જે તીર્થમાં જન્મસ્થાનની જગ્યા પૂરેપૂરી વધારે લેવા માટે સેવા એક મોકલાવું છું, તે માટે ખૂબ ખૂબ આનંદ થઈ પડ્યો છે, પ્રભુ દયા છે, તેથી વિશેષ રાખશો, ફુલવાડીના કમ્પાઉન્ડ માટે પણ તીર્થના કામની પેઠેજ કરાય તો સારું, સુવાંગભક્તો મળીને મદદ કરે તે સારું કામ થાય, આપ તો અન્તર્યામી છો બધુંય જાણો છો, શરણાગતિમંડળ કરે તે સારું થશે, પત્રનો જવાબ લખજ્યો, સેવક હરિલાલના જય સ્વામિનારાયણ વાચશો, હેમંત ભગતને જય સ્વામિનારાયણ, પત્ર મળ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૮૬ તા. ૮-૧૦-૭૭

જુમેરાહ, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સ્વસ્થાન જુનાગઢ બિરાજતા પ્રગટશ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળ તથા હેમંતભગત આદિકને આપ પ્રભુ સુખી રાખો, **દૂબઈથી સેવકો દયાળજી લાલજી તથા ધીરજલાલ, તથા બન્ને મોહન ભક્ત તથા ટપુલાલ તથા રતિલાલ તથા તુલસીદાસ તથા શ્રીહરિશરણાગતિમંડળના પૃથ્વીસ્પર્શી દંડવત્પ્રણામ સ્વીકારશો,** આપનો લખેલો આશીર્વાદોનો પ્રસાદી પત્ર મળ્યો, વાંચી ભક્તોને ઘણો ઘણો આનંદ થયો છે અને સમૂહ મંડળને પણ વંચાવ્યો છે, ત્યાંના શરણાગતિમંડળના ભક્તોએ જન્મભૂમિ લઈ લીધી તે સાંભળી વધારે વધારે આનંદ થયો છે, આંહીના શ્રીહરિશરણાગતિમંડળનાં ભક્તો પણ તેમાં મદદ માટે તન મન અને ધનથી સેવા વડે સાર્થક થવા ઉત્સાહ ભર્યા છે, અમો બધા ભેળા મળીને શુક્રવારે તથા જુમાની છુટીમાં કથાવાર્તા કર્યા કરિએ છીએ, સર્વે ભક્તો સુખિયા સુખિયા થઈ રહ્યા છે, આપના દિવ્ય દર્શન અહીં થતા રહે છે, અને થતા રહે એવી દયા કરજ્યો, પરદેશમાં આંહી તમો ભેગા છો એ વાત નક્કી છે, જામવંથળી ટ્રસ્ટીઓનું સૂચન ફુલવાડી માટે છે, પ્રથમ તીર્થનું કાર્ય કરીને તે કાર્ય પણ કરીશું, તે જાણશો, દયાળજીના દંડવત્પ્રણામ સ્વીકારજો.

❖❖❖❖❖

પત્ર નં.-૮૭ તા. ૪-૧૦-૭૭

દુબઈ.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે.

શ્રીજીમહારાજ સ્વયં સ્વામિનારાયણ ભગવાન સ્વરૂપ સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રતિ, જુનાગઢ, ધામમાં, **દુબઈથી લિ. આપનો સેવક મગનલાલ મુરજી રાંપરીયાના દંડવત્પ્રણામ વાચજ્યો,** હે ભગવાન તમારા આશીર્વાદનો કૃપાપત્ર મળ્યો, તમો પ્રભુએ અમારી પરદેશમાં ખબર લીધી છે, તેથી અમો નિર્ભય થયા છીએ, અમો, તા. ૪-૧૧-૭૭ના દુબઈમાં ભેળા થાશું આશો વદ ૮ જન્માષ્ટમી ત્યાં કરશું, ઘણું ધામધૂમ મહોત્સવ કરવાના છીએ, કૃપાપત્ર જરૂર લખજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૮૮ તા. ૮-૧૦-૭૭

રાસઅલ ખીમા, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ ભગવાન તમો સત્ય છો.

પરમકૃપાળુ આલોક પરલોકના સાચા સગા માવતર પોતાની ભક્તિ આપનારા, સર્વના સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજના પ્રતિ, **રાસઅલ ખીમાથી લિ. આપની સેવામાં રહેતા ભક્ત જયન્તિલાલ મોહન કાશીયાણીના જય શ્રીસ્વામિનારાયણ વાંચવા.** પ્રગટ ભગવાન આપ શ્રીસ્વામિદેવને જણાવવાનું જે - અમારી તબીયત સારી છે, ૨૦ રિયાલ પગાર મળે છે, ૩૦ મળે તો કાંઈક બચત રહે, તો તેવી દયા કરજો. અમારાં કામ ગમે અને પગાર વધે, ભગવાન તમો ધારો તો બહુ જ સારું થાય, તમો અન્તર્યામી છો, માટે દયા કરી સારી કમાણી અપાવજો, ધાર્યું તમારું થાશે, તમારું ભજન પૂજન કરીએ છીએ, શ્રીહરિશરણાગતિમંડળમાં બહુ જ આનંદ આવે છે, જાયવાના ત્યાં આવે તેને અમારા સારા સમાચાર આપજ્યો, અમારી તબીયત સારી છે, તમો ભગવાન શ્રીહરિ રક્ષા કરતા રહેજ્યો, એજ, જયન્તિલાલ મોહન કાશીયાણીના જય સ્વામિનારાયણ વાંચજો, આપની ઇચ્છા એજ અમારું પ્રારબ્ધ છે, દર્શન આપજો, રક્ષા કરજ્યો, આશીર્વાદ લખજ્યો, બસ એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૮૯ તા. ૧૦-૧૦-૭૭

કારમા સાઇટ, દુબઈ.

સ્વસ્થાન જુનાગઢ ધામમાં બિરાજમાન પ્રગટપરમાત્મા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમ: આપણા સન્તમંડળને તથા સર્વે શ્રીહરિશરણાગતિમંડળના ભક્તોને નમો નમ: એતાન **દુબઈથી મોહનલાલ રતનશી સાપરીયા તથા શ્રીહરિશરણાગતિ મંડળના ઘણા ઘણા દંડવત્ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાચશોજી,** તમારા પ્રસાદી પત્ર વાચી બધાને ખૂબ જ આનંદ થાય છે, તીર્થની જન્મભૂમિ મેળવવા માટે અમો બધાએ પૂરતી તૈયારી કરી છે, જરૂર તે જન્મભવન લઈ લેશું, જલ્દી લેવાઈ જાય તેમ ત્યાં શરણાગતિમંડળને અમારો ઉત્સાહ પત્ર લખ્યો છે, અત્યારે કાગળ આવ્યો તેમાં લેવાઈ ગયાનું લખે છે, તો તે બહુ જ સારું થયું, કર્તા હર્તા પ્રત્યક્ષ ભગવાન છો, અમો તો નિમિત્ત માત્ર છીએ, અમારો દેહ ભગવાન અને સંતને માટે છે, જન્મભૂમિનો કબજો મળ્યા પછી, તે ઉપર ભગવાન આપનાં સંકલ્પ પ્રમાણે કામ ચાલુ કરી દેવરાવવું છે, મુંબઈ પુનાને લખ્યું છે, જલ્દી કરે એમ જણાવ્યું છે, અહીં તથા સન્લીમાં સેવકો પણ ઘણી ભલામણ કરે છે, અમો ત્યાં કાલે ભેળા થાશું, અમારા ભગવાનની પ્રેરણા એવી છે જે નિર્માની થઈ પરસ્પર હેત પ્રીતવાળા રહેવું, હે પ્રગટ શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણનારાયણ શાસ્ત્રીજી મહારાજ આ દેશમાં

પણ દિવ્ય મૂર્તિરૂપે બધાને દર્શન આપતા રહેજો. જન્મભૂમિ માટે બધી ભક્તિ સેવા સહાય કરીશું, અમોને સાજા નરવા રાખજ્યો, બધી પૂરી તૈયારીમાં છીએ, બધા મળીને લાભવાળા થયા છીએ, ભક્તરાજ માવજી લખમણભાઈ ત્યાં આવીને તીર્થ માટે સર્વ કરીને બધું સફળ થાય તેમ પતાવશે, રાજી રહેજો, થોડું લખ્યું તે જાજું માનજ્યો, અમારી ચિન્તા તમોને ભગવાનને હોય જ પણ ભક્તોને ભગવાન માટે સર્વસ્વ અર્પણ માટે કટિબદ્ધ તૈયારીમાં રહેવું જ જોઈએ, એમ જ છે, ભૂલચૂક સુધારીને વાચજ્યો, માફી કરજ્યો, દ: મોહનલાલ રતનશી બાલંભાવાળા પૂજારીના કોટિદંડવત્, ગુરૂભાઈઓને તથા શ્રીહરિશરણાગતિમંડળને તથા સંતમંડળને કહેશો, છગનભગત, વેલજીભગત રામજીભગત ભગવાનજીભગત વિગેરેને અમારા ઉત્સાહના ખબર પહોંચાડજ્યો, અને સફળ કરવાનું કહેજ્યો, અમોએ મુંબઈ પૂના વણથળી લખ્યું છે, તો તમો દયા કરજ્યો, બાકી ન રાખે તેમ પતાવવાનું જણાવજો, અમારા દંડવત્ વાંચજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.૯૦ **તા. ૯-૧૦-૭૭**

સફાત, મુ. કુવેત, દુબઈ.

સ્વસ્થાન શ્રી જુનાગઢ મધ્યે નિજસ્વરૂપે વિરાજમાન પ્રગટ પુરુષોત્તમ નારાયણ શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળ પ્રતિ, **કુવેતથી લિ. ચરણકમળ સેવક માવજી મનજી રાઠોડ તથા કુંવરજી મેપા મનાણી તથા વાલજી મેપા, તથા નટવરલાલ ધનજી, તથા અમૃતલાલ તથા નરેન્દ્ર તથા મનસુખ, તથા જીવરાજ લાલજી તથા શ્રીહરિશરણાગતિમંડળ સર્વેના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાચજ્યો,** આપ ભગવાન દયાળુના આશીર્વાદોથી અમો બધા સુખી છીએ, દુબઈથી રતિલાલ હંસરાજનો પત્ર ખુશી ખબરનો છે, કામકાજ ચાલે છે, ઓવર ટાઇમ પણ મળે છે, ઠંડી ઋતુ ચાલુ થઈ ગઈ છે, અહીં પરદેશમાં કાંઈક મુંઝવણ થાય કે તુરત જ તમોને પ્રત્યક્ષ ભગવાનને સંભારીએ છીએ, તેથી મૂંઝવણ દુ:ખ તત્કાળ મટી જાય છે, ઘુંચવણ વઈ જાય છે, પ્રત્યક્ષને પ્રતાપે કાંઈ સારી નરસી તબીયત પણ રામબાણની પેઠે સારી થઈ જાય છે, આપ પ્રત્યક્ષ ભગવાનનો પ્રતાપ અત્યારે બહુ જ જબરો છે પરદેશમાં બધાની સાક્ષાત રક્ષા કરો છો અમારા બધા ઉપર આપ પ્રભુની ઘણી દયા છે. કમાણી સારી છે, બધા આપના પ્રતાપે છે.

રક્ષા કરતા રહેજ્યો, આપના પૂજા પાઠ દીપ નૈવેદ્ય આરતી ઉત્સવ કરિએ છીએ, ક્યારેક - ઓચિંતા દરશન થાય છે, આપનો મોટો ચમત્કાર પ્રતાપ છે, હે પ્રગટ શ્રીહરિ શ્રીહરિશણાગતિમંડળની ચઢતી કળા તમે કરી, રૂપિયા સોનાના રીયાલમાં પરબારા ફેરવીને બેસારી દીધા, સાવ નવી ઉપજ અણ ચિન્તવી નજિકમાં જ આપી દીધી, તમારી મૂર્તિ તીર્થમાં પધરાવી અને ધજા ફરકાવી તેનો યજ્ઞ કર્યો

તેનો તાત્કાલિક આ બદલો અકળ કળાએ આપ્યો છે. આપનો અકળ ચમત્કાર ભક્તજનો બરાબર સમજ્યા છે, ગરીબનિવાજ નજર રાખજ્યો, ત્યાં અમારા કુટુંબ બાળબચ્ચાંઓની નજર રાખજ્યો, લિ. સેવક માવજી મનજી રાઠોડના પૃથ્વી સ્પર્શી દંડવત્ પ્રણામ સાથ જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી.

❖❖❖❖❖

પત્ર નં.-૯૧ તા. ૧૭-૧૦-૭૭

રવિવાર, સારજાહ, નં. ૨૦૧૫, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ ભગવાન તમો સત્ય છો, ગામ જુનાગઢ વિરાજમાન પ્રગટ ભગવાન પ્રગટ સદ્‌ગુરુ સર્વોપરિ સર્વે ધામોના ધામી પ્રગટ પ્રભુ સર્વરૂપ સ્વરૂપમય અતિ ઉજ્જ્વલ તેજસ્વી મૂર્તિ શ્રીકૃષ્ણનારાયણસ્વામી નામથી શોભી રહ્યા છો, અક્ષરધામના અધિપતિ, તમો બ્રહ્મલોકના ધામોના ઈશ્વર સૃષ્ટિઓના તત્ત્વોના અને માયિકસૃષ્ટિઓના સર્વેના એક સ્વરાટ એવા સર્વાધિપતિ છો દયાળુ છો, એવા અનાદિશ્રીકૃષ્ણનારાયણ તથા સંત પાર્ષદ મંડળના પ્રતિ, **ગામ દુબઈથી લિખિતં છગનલાલ હિરજી આજ્ઞાંકિત આપના શિષ્યના તથા શામજીભાઈ તથા ધરમશીભાઈના તથા શ્રીહરિશરણાગતિમંડળના ભક્તોના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.** તમો ભગવાન પ્રગટ ગુરૂ હજુરા હજુર વરતો છો, શ્રીકૃષ્ણનારાયણ હાજરો હાજર રક્ષા કરો છો, આંહી દર્શન આપો છો, આ મહા આશ્ચર્ય જણાય છે, સેવા સંપત્તિથી રાજી રહેશો.

હે પ્રભુ તમો દયાળુ અંતર્યામી છો, ધામના ધામી છો, ભક્તોની સાથે પણ રહ્યા છો, હે પ્રભુ અમો તમારા છીએ, તમો અમારા પ્રગટ ભગવાન છો રક્ષા કરો છો, ભૂલચૂક માફ કરજ્યો. તમારા જ આશીર્વાદોથી સુખી થયા છીએ, અહીં કમાણી સારી છે, તમોએ બહુ જ કૃપા કરી છે, બધા નિર્ધનો ભક્તોને સારો લાભ તમારા આશીર્વાદોથી થયેલ છે, અમારા દાળદર કાઢી મેલ્યાં, સુખી કરી દીધા, હે ભગવાન તમોને કાયમ ખાતાં પીતાં હાલતા ચાલતા યાદ કરીએ છીએ, તમારી ઇચ્છા વિના સુકું પાંદડું પણ ખરે નહિ, ભક્તોની ઇચ્છાઓ છે જે - આપનું મોટું મંદિર કરવું છે, આપ અંતર્યામી છો, સર્વે આપનું ધાર્યું થાશે, સાચો આધાર તમો છો, હે પ્રભુ કરતા કારવતા તમો બીજાને સુખી રાખનારા છો, તમારી દયા ઘણી છે, સાજા નરવા રાખજ્યો, અપરમ પાર કૃપાળુ છો, અમો તમારા બાળક છીએ, આજ્ઞા કરજો તે કરીશું, સાચા દિલથી તમોને ભજીએ છીએ, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ આપણા પરમગુરુ અને આપણે તેમના વેચાણ શિષ્યો ભક્તો છીએ. અમો કેવા ભાગ્યશાળી છીએ, મનુષ્ય અવતારમાં આનંદ થાય છે, જે પ્રગટ ભગવાન આપણને કેવા કેવા આશીર્વાદો આપે છે, હે પ્રભુ તમોને કેમ ભૂલાય, જ્યાં તમો

ત્યાં અમો, એમ સેવશું, નહિ જ મુકિયે. અને સ્નાન શણગાર થાળ ચરણચમ્પી આદિ સેવા કરીને રાજી કરીશું, તમારી ઇચ્છા થાશે ત્યારે જ બધા મનોરથ પૂરા થાશે, જુનાગઢ આવીને સેવા ચાકરી કરીશું, તમારાથી વધારે શું હોય, સાચા તો ભગવાન જ હોય, વધારે લખાણું માફ કરજ્યો, રાજી રહેજ્યો, કામકાજ લખજ્યો, ભૂલચૂક માફ કરજો, જોઈએ તે મોકલશું, લખજ્યો, સેવા બતાવજો, બધુંય તમારું જ છે હે મહારાજ સારી સમજુતી આપજ્યો, અહીંના તમામ શ્રીહરિશરણાગતિમંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી, છુટીમાં તમારા ઉચ્છવ કરીએ છીએ. સમૂહ ભોજનથાળ પૂજા ભજન કીર્તન કથા વાર્તા કરીએ છીએ. દેશમાં હતા તેથી વધારે આનંદ આવે છે, બધા સંપીને મળિએ છીએ, સંપીને રહિએ છીએ. એજ. દર્શન દેજો. લિ. છગનલાલ હીરજી કાચાના જય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય જય શ્રીકૃષ્ણનારાયણ જયશ્રીસ્વામિનારાયણ વાંચજ્યો.

❖❖❖❖❖

પત્ર નં-૯૨ તા. ૧૮-૧-૭૭

અજમાન, દુબઈ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને નમો નમઃ

સ્વધામ જુનાગઢમાં નિવસિત ભગવાન પ્રગટ પ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા કોઠારી સ્વયંપ્રકાશસ્વામી તથા દેવપ્રકાશસ્વામી તથા આતમસ્વામી તથા હેમંત ભગત આદિ સર્વે સંતો તથા શ્રીહરિશરણાગતિમંડળ પ્રતિ **ગામ અજમાનથી લિ. આપનો ચરણસેવક હરિલાલ તથા ચિમનલાલ તથા રતિલાલ લાલજી જાવિયા શ્રીહરિશરણાગતિમંડળના ભક્તોના તથા કચ્છી ભક્તોના વિગેરેના સાષ્ટાંગ દંડવત્પ્રણામ સાથ ઘણા ઘણા હેતથી જય શ્રીસ્વામિનારાયણ વાચશોજી,** બીજુ આપનો આશીર્વાદોનો પ્રસાદીનો પત્ર ઘણા વખત પહેલા હતો પણ અમારાથી તરતજ પત્ર લખાણો નથી તો માફ કરશોજી, આપની દયાથી ઘણી કમાણી છે ઘણા સુખિયા થયા છીએ, શરીરમાં સાજા નરવા રહિએ અને કમાણી વડે તમારી કાંઈ સેવા કરતા રહિએ એવા આશીર્વાદ આપજ્યો, જન્મભૂમિ તીર્થ માટે ઘણી જ સેવાની આતુરતા છે તે કરવી છે, અને ત્યાં ભક્તોને તે બાબત યથાશક્તિ સોંપી છે. આપણા પ્રસાદીના હેતથી ભરેલ પત્રો મોહન રતનશી ઉપર તથા સન્લી કંપની ઉપર આવેલ તે વાંચી સાંભળીને ખૂબ ખૂબ આનંદ થઈ પડ્યો છે, ભક્તોનું કામ ભક્તોએ ઉપાડી લીધું છે, દર જુમે બધા ગુરુભાઈઓ ભેગા થઈએ છીએ, અને દેશના તથા કુટુંબના તથા શરણાગતિ મંડળના ભક્તોના તથા આપ ભગવાનના તથા કામકાજના અને ઉત્સવ સમૈયાનાં વાવડ મળી જાય છે, અમો સર્વે ગુરુભાઈઓ ઓછવ સેવા માટે તીર્થ સેવા માટે સન્લીમાં રોકાણા હતા, સેવાઓ કરી છે, અમારે

માટે શ્રીજી રક્ષાઓ મોકલાવજ્યો, શરીરે સાજા રહેવાય તેમ કરજ્યો, તમારી ઇચ્છા હશે તેમ થવાનું છે. તમારી ઇચ્છા એજ અમારું પ્રારબ્ધ છે, ગરીબાઈના તથા પ્રારબ્ધના ઘણાં ઘણાં દુઃખો સહન કરવા પડ્યા છે, તે બધૂંય તમો જાણો છો, હવે તો બહુ જ દયા કરી છે, એક જ વર્ષમાં એક હારે પૈસાના મેહુલા વરસાવી દીધા છે, સેવા રાજીપો લેવાના સમય આપ્યા છે, ખૂબ ખૂબ સેવશું, કાગળ તુરત જ લખજ્યો, હે ભગવાન! દરરોજ તમારા કાગળોની વાટ જોઈએ છીએ, બધા ભક્તો એકબીજાને જ્યાં જ્યાં મળે ત્યાં ત્યાં તમારા ખબર પૂછતા હોય છે, માટે ભગવાન દૂરદેશમાં એકલસૂડા તમામ સેવકોની ખબર બે પાંચ લિટી લખીને પણ લેતા રહેજ્યો, તમારા સિવાય આ જગતમાં અમારું કોઈ નથી, ભૂલચૂક માફ કરજ્યો. બસ. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૯૩ તા. ૧૨-૫-૭૭

દુબઈ.

આપના દાસનો દાસ જયંતીલાલ દેવશીના જય સ્વામિનારાયણ વાંચજ્યો.

પ્રગટ પરબ્રહ્મ શ્રી મોટા શાસ્ત્રીજી ગુરુ મહારાજને નમો નમઃ ભક્તોના લાડિલા અને પરમકૃપાળુ એવા પ્રગટ શ્રીહરિ પરમાત્માના આશ્રિતો **શ્રી જયન્તીલાલ દેવસી માધાપુર કચ્છના તથા કરશન હીરજીભાઈ તથા સનલી કંપનીના દેવરાજ ભગત તથા મોહનલાલ ભગત તથા પૂજારી મોહન ભગત તથા ટપુલાલ ભગત તથા તુલસીદાસ ભગત તથા નથુ ભગત તથા દયાળજી ભગત તથા રતિલાલ ભગત તથા રામજી ભગત અને શ્રીહરિશરણાગતિ મંડળના તમામ હરિભક્ત સભ્યોના પ્રેમપૂર્વક જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** નવા વર્ષના કોટિદંડવત્ પ્રણામ સ્વીકારશોજી, સુખના સમાચાર લખશોજી, બધાની રક્ષા કરશોજી, ચઢતીકળા કરશોજી, સારી કમાણી મળે તેવી દયા કરશોજી નાડીપ્રાણ તમારા હાથમાં છે, કામધંધા ખૂબ જ આપજ્યો, સદા દેખરેખ રાખજ્યો, હે ભગવાન શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનાથ સ્વામીશ્વર સંતસમાજેશ્વર પરમેશ્વર મહામહામંડલેશ્વર સેવા કામ જણાવશો, શ્રીહરિશરણાગતિમણ્ડલીશ્વર સર્વકામનાપૂરક ભગવાન સર્વે મનોરથ પૂરશો, એજ, લિ. શ્રી હરિશરણાગતિમંડળ જયંતીલાલ દેવશી બમ્ભાણીયાના દુબઈથી જય શ્રીસ્વામિનારાયણ જય શ્રીકૃષ્ણનારાયણ વાંચશોજી, ત્યાં આપણા સંતો હરિભક્તોને નૂતનવર્ષના જય શ્રીકૃષ્ણનારાયણ કહેશોજી, હે સચ્ચિદાનંદપ્રભુજી દર્શન દેતા રહેશોજી. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૯૪ તા. ૨૪-૧૦-૭૭

નાં. ૧૯૧૨, સારજાહ, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે, દિવ્ય અક્ષરધામ પરમધામ શ્રી જીર્ણદુર્ગ સ્વભવનકૃત નિવાસ પ્રગટ પુરુષોત્તમનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળને અમારા કોટિ દંડવત્ પ્રણામ. **સારજાહથી સેવકભક્ત શામજી હીરજી તથા દેવજી કાનજી તથા વિસરામ લખમણ તથા કુંવરજી વેલજી તથા છગનલાલ આદિક શ્રી હરિશરણાગતિમંડળના ચરણસ્પર્શી જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** બાદ લખવાનું જે - નવા વર્ષના તમારા આશીર્વાદો વાંચી ઘણો જ આનંદ થયો છે, સાજા નરવા રાખજ્યો, ભૂલચૂક માફ કરજ્યો, આપ ભગવાનની દયાથી અમો સર્વે સુખી આનંદમાં છીએ, નવા વર્ષમાં નવા નવા દર્શન આપતા રહેજો, સંભાળ રાખજ્યો, રક્ષા કરજ્યો, તમોને વધારે ભજીએ એમ માનવ જીવનનું સાર્થકપણું કરાવતા રહેજ્યો, હે ભગવાન રાજી રહેજ્યો, લિ. ભક્ત શામજી હીરજી કાયાના જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.

❖❖❖❖❖

પત્ર નં.-૯૫ તા. ૧૪-૧૦-૭૭

દુબઈ.

પ્રગટ પરાત્પર પરાત્મક પરમાત્મા શ્રીશાસ્ત્રીસાર્વભૌમ ગુરૂજી મહારાજને નમો નમઃ તમને શ્રીહરિને નમો નમઃ

શ્રીજી શ્રીમાન શ્રીપતિ ભગવાનને નમઃ 'તમો અમારા અમે તમારા, તમે છો સાગર અમે કિનારા' કૃપાસિન્ધુ પરમેશ્વર એવા આપ કૃપાળુ. અમને હરઘડી હર પગલે હર પળે તમારામાં અખંડવૃત્તિ રહે એવી પ્રાર્થના કરતા આપના **દાસાનુદાસ સેવક જયંતીલાલ માધાપુર કચ્છના તથા કરશન હીરજી વેકરીયા માધાપુર કચ્છના તથા સન્લી કંપનીના શ્રીહરિશરણાગતિ મંડળના પ્રેમપૂર્વક જય શ્રીસ્વામિનારાયણ વાંચશો,** આપ દયાના સાગર એવા કૃપાળુ પ્રભુજીના આશીર્વાદેથી તથા શ્રીહરિશરણાગતિ મંડળના ભક્તોના સમાગમથી પ્રગટ શ્રીપુરુષોત્તમનારાયણની ઓળખાણ ઉપાસના ભક્તિ વિગેરે દૃઢ થયા છે. હું કરશન હીરજી વેકરીયા આપની સેવા ભક્તિ કરું છું, પ્રગટ ભગવાનનું માહાત્મ્ય સમઝાયું છે, હું તમારો ભક્ત છું, કૃપા કરજ્યો દર્શન આપજ્યો, ભક્તિ આપજ્યો, કૃપાપત્ર લખજ્યો આશીર્વાદ મોકલજ્યો અમો દેવરાજ ભગત બગીચાવાળા મોહન ભગત બાલંભાવાળા તથા મોહનલાલ વણથળીવાળા તથા જયંતીલાલ માધાપરવાળા તથા અમો સર્વે તમારા ભક્તો પ્રગટ ભગવાનની ઇચ્છાનુસાર સમયાનુકૂળ પ્રત્યક્ષ પણે માહાત્મ્ય સહિત ભક્તિ ઉત્સવ કરીએ છીએ.

જયંતીલાલ દેવશી તથા કરશન હીરજી બન્નેની પ્રાર્થના, હરિગીત છન્દ, ગજલ-પદ

શાસ્ત્રીજી ! આ દાસની અરજી સૂણો પરમાત્મા ।
શરણે સ્વજનને રાખિયો ક્યાં હતો ઉત્તમ જાતમાં ॥
આશ્રિત બહુ ઓધારિયા સદ્ ગ્રંથ પૂરે સાખ્ય જો ।
હે વિશ્વના સ્વામી તમો નિજ દાસની પત રાખજ્યો ॥૧॥

અવતાર ધરિયા આપ તે તો ભક્તજનને કારણે ।
હું દાસ આવ્યો યાચવા 'સ્વામી' તમારે બારણે ॥
સંતોષ ને સમતા તણી મનમાં અતિ અભિલાષ જો ।
હે વિશ્વના સ્વામી તમે નિજ દાસની પત રાખજ્યો ॥૨॥

જે કોલ ઉદરમાં કર્યો હરદમ નાથ ભજવા તણો ।
ભવ રાગમાં ભૂલી ગયો અપરાધ મેં કીધો ઘણો ॥
તે પાપના પરતાપથી ભટક્યો ચોરાશી લાખ જો ।
હે વિશ્વના સ્વામી તમે નિજ દાસની પત રાખજ્યો ॥૩॥

આપે કૃપા અનહદ કરી આપ્યો અમૂલખ દાવ જો ।
ઉપકારને ભૂલું નહિ પ્રભુ અંતકાળે આવજો ॥
છે જન્મ જે અગણિતના કરમોને કરજ્યો ખાખ જો ।
હે વિશ્વના સ્વામી તમે નિજ દાસની પત રાખજ્યો ॥૪॥

માતા પિતા સુત બાંધવા પત્ની અને પરિવાર જો ।
સહુ સ્વારથે ભેલા થયા નાતો થયો દિન ચાર જો ॥
મમતા રજુ બાંધી કરી મારે છે મોહ મ લાખ જો ।
હે વિશ્વના સ્વામી તમે નિજ દાસની પત રાખજ્યો ॥૫॥

માતા પિતા બંધુ તમે સ્વામી તમો સર્વસ ખરા ।
હરદમ હૃદયમાં આ વસો ક્ષણ એક નહિ જાશો પરા ॥
શિર કાળ મહા સર જોર છે હર વખત મારે હાંક જો ।
હે વિશ્વના સ્વામી તમે નિજ દાસની પત રાખજ્યો ॥૬॥

આ શરીર ક્ષણ ભંગુર છે બાજી તમારા હાથમાં ।
કર જોડી હું વિનંતી કરું રહેજો સદા મમ સાથમાં ॥
પ્રભુઆપની કરપા વિના ઉડે નહિ મુખ માંખ જો ।
હે વિશ્વના સ્વામી તમે નિજ દાસની પત રાખજ્યો ॥૭॥

હરિજન તણે હિદયે વસો સંતો તણાં શિરતાજ છો ।
અપરાધને જોશો નહિ આ 'દાસના' નાથ આપ છો ॥
અંતે તમારા દાસને નિજ ધામમાં સુખ દાખજ્યો ।
હે વિશ્વના સ્વામી તમે નિજ દાસની પત રાખજ્યો ॥૮॥

લિ. આપ ભગવાન શ્રીકૃષ્ણનારાયણનો દાસ જયંતીલાલ દેવશી માધાપુર કચ્છના જય સ્વામિનારાયણ સ્વીકારશો. આપના આશીર્વાદનો પ્રસાદી પત્ર પ્રાપ્ત કરેલ છે, તે અમારા ધન્ય ભાગ્ય છે દુબઈથી ભક્તોના જય શ્રીકૃષ્ણનારાયણ વાંચજ્યો.

❖❖❖❖❖

પત્ર નં-૯૬ તા. ૧૯-૧૧-૭૭

યાદવરાવ મેનરોડ, પબ્લીક વર્ક ડીપાર્ટમેન્ટ, ભંડારા, મહારાષ્ટ્ર.

પરમપૂજ્ય પંડિતજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્રી ૧૦૦૮ શ્રીના ચરણોમાં ભંડારા સત્સંગ મંડળ શ્રીહરિશરણાગતિમંડળના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાણ વાંચશોજી. જત **દાસાનુદાસ ચરણસેવક સોની માધવજી ભગવાનજી તથા ચિ. મહેન્દ્રકુમાર, નિતીનકુમાર, સુરેશકુમાર, તથા ભગવતકર બાબુ, દેશકર બાબુ, ધર્મવાલીભૂતે બાબુ, બુધેબાબુ, બેન્ડે બાબુ, મીશાલ બાબુ, તથા શ્રી હરિશરણાગતિના હરિભક્તોનો સાષ્ટાંગ દંડવત્પ્રણામ પાઠવીએ છીએ,** અમારે માટે અત્યારે આપ શ્રીપ્રત્યક્ષ સાક્ષાત્ શ્રીજીમહારાજ પોતે જ અવતારરૂપે છો, તે રૂબરૂ ભક્તોમાં જાણવા સમઝવા મળ્યું સાંભળ્યું હતું, આપ અવતારના અવતારી છો, શ્રીજી મહારાજ મળ્યા છો, મારા આ જન્મનું કલ્યાણ થઈ ચૂક્યું આપના દર્શન થયા પછી બહુ જ સુખ સમ્પત્તિ મળી છે, અમારા ભવો ભવના દુ:ખ ગયાં, અને કલ્યાણ થઈ ચુક્યું, અહીંના શ્રીહરિશરણાગતિના અમારા મંડળને પણ અલૌકિક સુખ વર્તે છે, આપનું ભજન કરે છે. આપની મૂર્તિ પધરાવી છે, તથા મહાસમર્થ સદ્‌ગુરુસ્વામી બાળમુકુન્દદાસ સ્વામી તથા અવતારીની મૂરતિઓ પધરાવી છે, દર શનિવારે ભજનકીર્તન કરીએ છીએ, મૂર્તિમાં આપના દર્શન થાય છે, એ અલૌકિક ચમત્કાર છે, આંહિ એક મકાન મળે છે તેમાં સારું એવું મંદિર કરવું છે, આપ આશીર્વાદ આપો બધા મળીને તે વેચાતું લઈને મંદિર કરિએ, શ્રીહરિશરણાગતિમંડળને ઘણો ઉત્સાહ છે, આપ શ્રીજી મહારાજ શ્રીહરિ છો, મંદિર માટે બળ આપજ્યો, આખા વિશ્વની ચાવી આપના હાથમાં છે, બધા ભક્તોના જયસ્વામિનારાયણ વાંચજો, આશીર્વાદ લખજ્યો, પરમપૂજ્ય ગુરૂજી સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીકો સુરેશ ભાઈકા સાષ્ટાંગ દંડવત્ આપકે આશીર્વાદ હમેં હંમેશા મિલતે રહેં યહી આપ શ્રીજીસે પ્રાર્થના હૈ.

❖❖❖❖❖

પત્ર નં.-૯૭ તા. ૧૫-૧૨-૭૭

ભંડારા, મહારાષ્ટ્ર.

શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રગટ પ્રભુને **સોની માધવજી ભગવાનજી શ્રીહરિ શરણાગતિમંડળના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ. તથા જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** આજ ગુરુવારે સવારેથી જનમંગળના પાઠ આઠ કલાક સુધી સર્વશ્રીહરિશરણાગતિમંડળે કર્યા છે, પછી પુષ્પ તુલસી ચોખા અર્પણ હવન આરતિ વિગેરે વાજંત્ર વગાડીને કરેલ છે. બધાને ભોજન પ્રસાદ જમાડ્યા છે, સવારે ૯ થી રાતના ૧૨ વાગ્યા સુધી આપનો મહામોહત્સવ કર્યો છે, હરિભક્તોએ કંઠીઓ બાંધી છે.

આજે શ્રીહરિશરણાગતિમંડળના ભક્તો થયા તે - ૧ સુરેશભાઈ છે, ૨ વિશ્વનાથ, ૩ બુદ્ધે બાબૂ, ૪ ધર્મમાલી, ૫ - નાના ધર્મમાલી શ્રીરામ, ૬ રત્નકુમાર, ૭ રાજેન્દ્રપ્રસાદ, ૮ અન્ના દેવ સત, ૯ દાઢી પંડ્યા નાનાજી, ૧૦ બેલે બાબુ ૧૧ માકડે બાબુ તથા ૧૬ સુધી તેમના પુત્રો, તથા ૧૭ ચંદ્રકિશોર, ૧૮ બેન્ડે બાબુ, ૧૯ ભુતે બાબુ, ૨૦ રઘુનાથ, ૨૧ તેમના બહેનો બાઈ લોગ, ૩૦ થી ૪૦ નાના બાળકો કુમારો આટલા ભક્તો થયા છે, મંદિરમાં ધામધુમ થાય છે. શ્રી હરિશરણાગતિમંડળની માગણી છે કે દશ પંદર દિવસોની અંદર આશીર્વાદનો કાગળ લખજ્યો, આપ શ્રીનારાયણના હાથનો કાગળ લખજ્યો. આપ શ્રીનારાયણના હાથનો કાગળ મળે તેથી બધાને સત્સંગ શરણાગતિ બળ વધે આ અમો બધા હસ્તાક્ષર કરી આપના ચરણોમાં અર્પણ છીએ, બોલો શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજ કી જય.

❖❖❖❖❖

પત્ર નં.-૯૮ તા. ૨૨-૧૨-૭૭

ભંડારા, મહારાષ્ટ્ર.

પરમપૂજ્ય શ્રીજીમહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને **માધવજી ભક્ત તથા સુરેશ આદિકના દંડવત્પ્રણામ શ્રી હરિશરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચવા,** મંડળની કામના પૂર્ણ કરશો, પ્રસાદી પત્ર લખજ્યો, એક નવા હરિભક્ત આપનું રટણ કરે છે, તે ગુલાબદાસ લાભશંકર સાહેબે સ્વતંત્ર રાજ્ય સીટમાં બેસવા ધારેલ છે, સરકારી કર્મચારી કુશળ છે, માટે તેમને આશીર્વાદ આપશો, અંગ્રેજી પત્ર સાથે છે, આપ પ્રભુ શ્રીહરિશરણાગતિમંડળ સત્સંગ વધે તેમ આશીર્વાદ લખજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૯૯ તા. ૧૮-૧૧-૭૭

લાઠી, સૌરાષ્ટ્ર.

કાન્તિભાઈ પ્રહલાદજી.

સંસ્કૃતિના સિંહ, નવ્યન્યાયાચાર્ય, મહામહોપાધ્યાય, ભારતભૂષણ, વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, દાર્શનિક પંચાનન, ષડ્દર્શનાચાર્ય, સાંખ્યયોગવેદાન્ત મીમાસાતીર્થ, સાહિત્યમનીષી, દાર્શનિકમાર્તણ્ડ, તાર્કિકવાચસ્પતિ M.A. Ph. D; D. Phil, D. Lit, સદ્ગુરુ શાસ્ત્રીજી મહારાજ, પંડિતધુરંધર સ્વામીશ્રી શ્વેતાયનવ્યાસમૂર્તિ, સ્વયં ભગવદવતાર, મહાપ્રભુજી પરમાત્મા સાક્ષાત્ પ્રગટ શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીસ્વામિનારાયણ ભગવાન સંતસ્વરૂપે પોતે જ પ્રત્યક્ષ પ્રગટ પ્રમાણ વિચરતા જગદ્ગુરૂ સર્વગુરુ પરમપુરુષોત્તમ શ્રીકૃષ્ણનારાયણ શ્રીલક્ષ્મીપદ્મા કમલા સરસ્વતી શારદા શતી શક્તિ સ્વામી મહામહા પ્રગટ પરમેશ્વર દિવ્યમૂર્તિ અન્તર્યામી અક્ષરધામાધિપતિ સર્વધામોના ધામી મુક્તપતિ સંતપતિ સાવિત્રીગાયત્રીકૌમુદીદેવતોપાસ્યમૂર્તિ સર્વશરીરી સર્વકર્મફળપ્રદાતા સર્વરક્ષક દયાળુમૂર્તિ મોક્ષપ્રદાતા ભગવાન વેદવ્યાસાચાર્ય એવં અનેક ઉપમાયોગ્ય ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સર્વદ્રષ્ટા તમો જગતની રક્ષા કરો છો શરણાગતને તારો છો ભક્તોને પોતાના પોતાના આશરામાં પોષો છો, સર્વત્ર રજે રજમાં બીરાજો છો, સર્વત્ર રહ્યા થકા એક ઠેકાણે રહો વિચારો દર્શન આપો છો, સાધારણ ભક્તોની સેવા અંગીકાર કરો છો ભક્તપતિ ભગવાન છો.

એવા આપ કરુણાસાગર પતિતપાવન અધમઉદ્ધારણ સંસારસાગરતારક હૃદયના વ્હાલા હાર આત્માના આત્મા પરમ પરમાત્મા શ્રીહરિશરણાગતિમંડળના અંતરાત્મા તમો પ્રભુજી સર્વના જીવનહાર છો નૈષ્ઠિકવ્રતશીલધારી નરનારાયણ છો, જ્ઞાનવિજ્ઞાનધારી કપિલજી છો, ઐશ્વર્યધારી દત્તાત્રેય છો, નિર્લેવ રહેતા બુદ્ધ તપસ્વી છો, ન્યાયવેત્તા ગૌતમ છો, નીતિજ્ઞ વિદ્યામૂર્તિ બૃહસ્પતિ છો, મનોરથ પૂરનારા વાસુદેવ છો, સત્તાધારી પૃથુરાજ છો, અકલગતિવાળા ત્રિવિક્રમ છો, વેદવેત્તા હંસ પરમહંસ છો, અરણ્યવનપ્રિય ઋષભદેવ છો, હવન-અનુષ્ઠાનકર્તા યજ્ઞનારાયણ છો, ભાગવતધર્મધારી રામચંદ્રજી છો, તમામ ઐશ્વર્યધારી શ્રીકૃષ્ણ છો, દમનકર્તા પરશુરામ છો, પાપ ધોનારા કલ્કિ છો, સહન કરનારા ક્ષમાવાળા સંત છો, પ્રત્યક્ષદર્શન દેતા તત્ત્વમૂર્તિ છો, આકાશ જેવા નિરાવરણ મૂર્તિ છો, સર્વસિદ્ધિઓ વડે સેવિત પરમસિદ્ધ છો, ઐશ્વર્યશાલી મહાયોગેશ્વર છો, જલશાયી શેષનારાયણ છો, અસંખ્યરૂપધારી અનંત ભગવાન છો, તથા સહસ્ત્રશીર્ષા પુરુષ છો, બ્રહ્માંડરૂપે વૈરાજ નારાયણ છો, સૃષ્ટિધારી વાસુદેવ સંકર્ષણ અનિરુદ્ધ પ્રદ્યુમ્ન છો, માયાસ્વામી પ્રકૃતિ પુરુષ છો, મુક્તધારી બ્રહ્મ છો, બ્રહ્મધારી પરબ્રહ્મ છો, પુરુષાવિશેષ પુરુષોત્તમ છો, ત્રિગુણધારી

ત્રિવેદ છો, જળશાયી નારાયણ છો, સાધુ સ્વરૂપે પરોપકારી પ્રભુ છો સર્વેમાં રસ રૂપે છો કામપૂરક કલ્પદ્રુમ છો સર્વેનું બીજ પરમ પુરુષ છો, સુખપ્રદ સાત્ત્વિક મુક્તપતિ પતિદેવતા છો, સાકાર મૂર્તિ યુવામૂર્તિ આકર્ષક છો, આપ ભગવાનને શાસ્ત્રો આમ વર્ણવે છે મારી સ્નિગ્ધ સ્તુતિનું સ્મર્પણ અપનાવજો.

સ્તુતિ

હે સદ્‌ગુરૂજી જેમ કહેશો તેમ કરશું જોડી હાથજી
હે દયાનિધિ કૃપા કરીને રાખો આપની સાથજી

આપ અસહ્ય દુઃખમાં સાથ રહો ।
દઈ દર્શન કૃતાર્થ કરી રહો ॥
તમ પારજ પામે કોણ કહો ।
હે સદ્‌ગુરૂજી જેમ... ॥૧॥

આપ દર્શ સમાગમ જેણે કર્યા ।
દિવ્યભાવે તેના અંગ ફર્યા ॥
તે તો શ્રીજી સુખમાં સહુ ઠર્યા ।
હે સદ્‌ગુરૂજી જેમ... ॥૨॥

આપ દિવ્ય સ્વરૂપે દર્શન દેજો ।
વળી હિતકારી વચનો કહેજ્યો ॥
જાણી બિરૂદ સદા ભેળા રહેજ્યો ।
હે સદ્‌ગુરૂજી જેમ... ॥૩॥

આપ કૃપા કરી આશિષ દેજ્યો ।
હોય ગુન્હા અમારા તો માફ કરજ્યો ॥
આ સેવકની વિનતિ ઉર ધરજ્યો ।
હે સદ્‌ગુરૂજી જેમ... ॥૪॥

આપ ધામમાં સેવામાં લેજ્યો ।
આંહી પ્રારબ્ધ પૂરાં કરી દેજ્યો ॥
કાન્તિ કુટુંબ પર નિગાહ રાખજ્યો ।
હે સદ્‌ગુરૂજી જેમ... ॥૫॥

કહે રામપ્રતાપ ક્ષમા કરજ્યો ।
કૈલાસની સ્તુતિ હૃદે ધરજ્યો ॥
કાન્તિભાઈ પ્રલ્હાદજી વરજ્યો ।
હે સદ્‌ગુરૂજી જેમ... ॥૬॥

એજ. લાઠીથી સદા ધ્યાન દર્શન સેવા અભિલાષી કાંતિભાઈ પ્રહ્લાદજી પટેલ મોખાસણવાળા ભક્તના કુટુંબનાં રામપ્રતાપ, કૈલાસ વિગેરેના દંડવત્ સહિત જયસ્વામિનારાયણ વાંચજ્યો. જ્યાં ભગવાન છે ત્યાં બધુંય છે, શરણમાં રાખજ્યો, શ્રીહરિશરણાગતિમંડળનો સત્સંગ દૃઢ રહે, મુક્તોનો મુક્તમંડળોનો સંગ પ્રસંગ સદા રહે એવો અભિલાષી આ સેવકને અપનાવશો એજ. દર્શન આપતા રહેજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૦૦ તા. ૨૪-૧૨-૭૭

એ. એલ. મુસા બુંગા, નં. ૪૧૧૨, ટેકન-૭૨૨, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ નમો નમઃ

જુનાગઢ નિવાસી સર્વત્ર નિવાસી અમારા પ્રભુ સદ્‌ગુરૂસ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચર્યજી મહારાજ સંત શિરોમણિ ભક્તવત્સલ પરમભગવદીય વિશ્વવંદ્ય પણ્ડિતવર્યની સેવામાં ઘણાં ઘણાં દંડવત્‌પ્રણામ. **દુબઈથી લિ. કાન્તિલાલ લાલજી ચોટલિયા તથા ગોવિંદ કુરજી ચોટલિયા તથા મનુ લાડુબેનના દિકરાના દિકરા મુલુન્ડનવાળા તથા શ્રીહરિશરણાગતિમંડળના સર્વે ભક્તોના જય સ્વામિનારાયણ વાંચશોજી.** જત લખવાનું જે - હું કાન્તિલાલ તા. ૫-૧૨-૭૭ના અલકાગ કંપનીમાં દુબઈ પહોંચ્યો છું, રસોડું હાથે બનાવીએ છીએ, આપની દયાથી સારું છે, સવારે સાડા સાતથી બપોરના સાડાબાર અને બે થી છ સુધી કામ પર જાઈ છઇં, શુક્રવારે આપણા ભાઈઓને મળાય છે, આવતી કાલે નાકા ઉપર મળશું, તમારી દયાથી રામજી કાનજી ચોટલીયા થોડાક દૂર છે તે કાલે મળશે, પગાર ૨૫ રિયાલ છે, ધીરે ધીરે વધશે, શિયાળો છે, પ્લાયવુડનો રૂમ રહેવા કંપનીએ આપ્યો છે, તમો પ્રગટ શ્રીહરિ ભગવાન અમારી સંભાળ રાખજો, પગાર વધે સારી કમાણી થાય તેવો આશીર્વાદ પત્ર લખજ્યો, તમારી છબીમાંથી દર્શન આપતા રહેજો, મુંઝવણ ન આવે એમ રક્ષા કરતા રહેજો, સાજાનરવા રહીએ તેવી નજર રાખજો, એજ ગોવિંદ કુરજી તથા મનુ ભવાન, કાંતિલાલ લાલજી, તથા દામજી તથા દેવસી આદિકના દંડવત્ પ્રણામ સાથે જય સ્વામિનારાયણ વાંચજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૦૧ તા. ૨૦-૧૨-૭૭

નં. ૨૭૦૭. બર્નાડ સન્લી, એન્ડ સન્સ કુ. દુબઈ.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સ્વામી ભગવાન શ્રીહરિ સત્ય છે. પોરીયા જયંતીલાલ તથા ભગવાનજીના સમર્પણ દંડવત્. શ્રીજી નિજ દિવ્ય બંગલે વિરાજમાન અક્ષરાધિપતિ પૂર્ણપુરુષોત્તમ સર્વધામના ધામી શ્રીસહજાનંદસ્વામી પંડિત સાર્વભૌમ

શ્રીઅનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ પ્રતિ **જયંતિલાલ રાઘવ તથા ભગવાનજી ટપુ પોરીયા તથા શ્રીહરિશરણાગતિ મંડળના જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** ભગવાનને માલમ થાય જે આશીર્વાદ પત્ર લખજ્યો, સેવા લખજ્યો, અમે તમારી દયાથી મહારાજ ખુશી મજામાં છીએ, મારા બાપુજી જુનાગઢ દર્શને આવ્યા હતા, અમારી ઉપર કાગળ હતો અમોને અહીં સારું ફાવી ગયું છે, પાણી ભોજન હવા વિગેરે સદી ગયા છે, તમારી પ્રગટ ભગવાનની પૂજા કરીએ છીએ, દર્શન દેજો, સાજા નરવા રાખજ્યો, કમાણી વધારે અપાવજો, કાંઈ તકલીફ નથી, મુંઝવણ નથી, શુક્રવારે ગુરુભાઈઓ બધા ભેગા થાય છે, દેશના બધા સમાચારો મળે છે, ભારે આનંદ થાય છે, આપના આશીર્વાદો પણ પત્રોમાં હોય તો મળે છે, ઠંડીની રૂતુ ચાલે છે, ભૂલચૂક માફ કરજ્યો, પ્રસાદી પત્ર લખજ્યો, હે મહારાજ સવારે બપોરે રાતે કામ ઉપર પણ તમારું ભજન કરીએ છીએ, આ દેશમાં ભક્તોની સંભાળ લેવા આટો ફેરો કરો ત્યારે અમારી પણ સંભાળ લેજો, દિવ્ય દેહે એક બે મિનિટ પણ સંભાળ લેતા રહેજ્યો, બસ એજ. જયંતીલાલ તથા ભગવાનજીના જય શ્રીકૃષ્ણનારાયણ જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૧૦૨ તા. ૨૪-૧૨-૭૭

સારજાહ, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ ભગવાનને નમો નમ: ઓં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમ: નં. ૧૯૧૨. સ્વનિવાસે સર્વત્ર વિરાજમાન અંતર્યામી ભગવાન પ્રગટ શ્રીહરિ સદ્‌ગુરુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા કોઠારી સ્વયંપ્રકાશદાસજી સ્વામી તથા આતમ સ્વામી તથા દેવપ્રકાશસ્વામી તથા હેમત ભગત તથા શ્રીહરિશરણાગતિમંડળને જયસ્વામિનારાયણ સમર્પણ. **દુબઈ સારજાહથી લિ. દાસાનુદાસ સેવક દેવજી કાનજી તથા છગનલાલ શ્રીહરિશરણાગતિમંડળના ઘણાજ હેતથી જયશ્રીસ્વામિનારાયણ વાંચજો** જત લખવાનું જે હરિલાલ મેપા ઉપરનો આપનો પત્ર તથા નવા વર્ષનો પત્ર તમામ નામો વાળો મળ્યો ઘણો જ આનંદ થયો છે, સંભાળ લેતા રહેજો, કૃપાદૃષ્ટિ રાખજ્યો, માવજીભાઈ દુબઈ પહોંચી ગયા છે, વાલજી કેશવજી તમારે દર્શને આવ્યા હશે, આપના બોધ ટેપરેકર્ડમાં મોકલાવજો, સાંભળીને અમારું જીવન આનંદમાં રહે. સર્વેના અંતર્યામી ભગવાન આપ બધાના અંતરની જાણો છો, ચાવડાથી અમારું કુટુંબ દિવ્ય દર્શન ઇચ્છે છે. કૃપા કરજ્યો, હાલમાં પેટ તંદુરસ્તી સારી છે, કૃપા કરજ્યો, હાલમાં અખિલ ભૂમંડલીય કથા વાંચીએ છીએ આંહિ અમારે સાત મહીના પછી બે વરસ બંધણીના પૂરા થશે ત્યારે દર્શને ત્યાં આવશું. ભગવાન તમોને વારમવાર ડગલે અને પગલે સંભારીએ છીએ, દર

૧૫ દિવસે તો જરૂર ભેગા થઈ બધા તમારું ભજન કરીએ, મળીએ છીએ, જમીયે છીએ, દેશના ખબર મળે છે. અમારા ઘરબાર વિગેરેની રક્ષા કરજ્યો, તમારી ભક્તિના બળ આપજ્યે, દલિલો અંતર્યામીપણે જાણી લેજ્યો, બીજે સ્વરૂપે દર્શન દેજો, રાજી થશે, મનોવાંછિત પૂરાં કરજ્યો, વધારે રક્ષા કરજ્યો, આંહી બધા કુશળ છે, ત્યાં પણ કુશળ છે, આંહીથી ટપુલાલ, રતિલાલ, અમરશી બધા કુટુંબીઓને માટે ટેપ કરી આપની વાણી મોકલાવજો, સાંભળીને બહુ જ રાજી થાશું, મહોત્સવમાં સાંભળશું શ્રીહરિશરણાગતિ મંડળના કારીગરો પાસેના તથા દુરના પણ મોટે ઉત્સવે ભેગા થઈએ ત્યારે આપની વાણી સંભળાય ધન્યભાગ્ય મનાય રાજી રાજી થવાય તેમ ટેપ મોકલાવજો. રાજીપાનો કાગળ પણ લખજ્યો, ભૂલચૂક માફ કરજ્યો, ભક્તોને દેશકાળમાં બીજે સ્વરૂપે દર્શન દઈને સંભાળ લ્યો છો તેમ વધારે વધારે સંભાળ લેજો, દયાદૃષ્ટિ કરજ્યો. બસ એજ લિ. દેવજી કાનજીના જયસ્વામિનારાયણ વાંચજ્યો. ભૂલચૂક માફ કરજ્યો.

જુનાગઢ બેઠા થકા વાર તહેવારે ઉચ્છવ ઉપર વંથળી ચાવડા દુબઈ બધે દર્શન દેતા રહેજ્યો, દર્શન દેવા વિચરો ત્યારે નાના મોટા કોઈને રાખી ન દેતા, તમારા દર્શન માટે ઠેર ઠેર હજારો ભક્તો તલખતા હોય છે, બાળ ઘનશ્યામ મંડળી તો આ ભગવાન આવ્યા આ આવ્યા એમજ વાટ જુએ છે, દુબઈ બીજાને આધું છે પણ તમારે આધું નથી, મટકું ભરે એટલામાં તો દુબઈ મસ્કત સાઉદી ભારત વિગેરેમાં ભક્તોની સંભાળ લઈ લ્યો છો, પહેલા આફ્રિકામાં સંભાળ લઈ લેતા, ઇંગ્લેન્ડ લીસ્ટરમાં સંભાળલ્યો છો, તેમ સંભાળ લેતા રહેજો, અમેરિકામાં સંભાળ લેવા જાઓ છો, જાપાનમાં હોંગકોંગમાં સંભાળ લેવા જાઓ છો તેમ સંભાળ લેતા રહેજો, એજ વિનંતિ. હે મહારાજ તમારા વિના શાંતિ વળતી નથી, આંખના મટકા જેટલી વારમાં અમોને હાથ અડાડતા હસ્તા થકા વયા જાઓ છો તો થોડું રોકાતા હો તો અમૃતસાગરના સુખ મળે, માટે કાયમ સુખ વર્ત્યા કરે તેવા તાજા દર્શન દેતા રહેજો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૦૩ તા. ૧૦-૧૨-૭૭

દુબઈ.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે. શ્રીઅનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમોનમ: સદા દિવ્ય મહલ નિજભવનમાં વિરાજમાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના તથા સંતમંડળને **દુબઈથી લિ. સેવક શાંતિલાલ નરસિંહ, તથા શ્રીહરિ શરણાગતિ મંડળના સર્વના જયશ્રીસ્વામિનારાયણ વાંચશો** અમો નારણ જેરામ શાંતિલાલ નરશી, શાંતિલાલ કેશવજી રમેશચંદ્ર કેશવજી રતિલાલ ઓધવજી પાંચજણા તથા પ્રાગજી રણછોડ

બુધવારે દુબઈ પહોંચી ગયા છીએ ખાનસાહેબ કંપની છે, જામવંથળીના બીજા તેર જણા એમો ભેગા રહીએ છીએ, બધા શ્રીહરિશરણાગતિમંડળના છે, અંહી કથા કીર્તન થાય છે, અમારી રક્ષા કરતા રહેજો, દર્શન આપતા રહેજો, બળ ખૂબ આપજ્યો, ઉપદેશ લખજ્યો, મલિન દેશમાં ધર્મરક્ષણ કરાવજો, તમો ભગવાન બધું દેખો છો બધું સાંભળો છો, બધેય બધામાં રહ્યા છો, બધાના અંતરને ઓળખો છો, અંતર્યામી છો, સાજા નરવા રહીએ સારા પગાર મળે મુંઝવણ ન આવે કામકાજમાં યશ મળે ભક્તો મળીને ભજન કરીએ, સેવા ચાકરી કરિએ એવી નજર રાખજ્યો, બધાવતી શાંતિલાલ નરસિંહ મકવાણાનાં જયસ્વામિનારાયણ વાંચજ્યો, કાગળમાં પ્રસાદીની ગુલાબપાંખડીઓ મોકલજો, શુક્રવારે તમારું ભજન કીર્તન કરીએ છીએ, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૦૪ તા. ૧૫-૧૨-૭૭

સ્મેલ્ટર સાઇટ, નાં. ૧૮૧૧, એલ ફુટન વં. કંપની, દુબઈ.

હરિલાલ રામજી મનાણીના જય સ્વામિનારાયણ વાચજ્યો. પ્રગટ પુરુષોત્તમ નારાયણ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ન્યાયશાસ્ત્રીજી મહારાજ પરમપૂજ્ય ભગવાન ગુરૂવર્યપ્રભુજી તમારા નવા વર્ષના આશીર્વાદ આવ્યા. રાજી થયા છીએ, તમારી અપાર દયાથી પાંગળો પર્વત ચઢે એમ મને કમાણીમાં પહોંચાડ્યો છે. મારી તબીયત સારી છે, તમારું ભજન કરીએ છીએ, ગુરૂભાઈઓ કામ ઉપર ભેગા થઈએ છીએ આનંદથી તમોને સંભારીએ છીએ, તમારો પત્ર આશીર્વાદ મળી ગયા છે, પ્રાગજીભાઈ પણ અહીં આવી ગયા છે, તમો ભગવાન બધું જાણો છો, દયાભાવ રાખજ્યો, ભૂલચૂક માફ કરજ્યો, દેશમાં અમારે ઘેર બેબીના જન્માક્ષર મોકલ્યા તે પ્રમાણે નામ પાડ્યું છે, દુબઈથી ભક્ત શિષ્ય હરિલાલના કોટિ દંડવત્ સાથે જયસ્વામિનારાયણ વાચજ્યો, અમારી રક્ષા બધે ઠેકાણે કરજ્યો, ખબર રાખજ્યો, તમારા સિવાય પરદેશમાં અમારું કોઈ નથી, સાજા નરવા રાખજો, રક્ષા કરજો, આશિષ લખજ્યો, દર્શન દેજો, સંભારીએ છીએ, દયાભાવ રાખજ્યો, બસ એજ,

❖❖❖❖❖

પત્ર નં.-૧૦૫ તા. ૩-૧૨-૭૭

એ. એલ. સાહેબ કોન્ટ્રેકટીંગ કંપની: નાં. ૩૮૧૫ જોબ નાં. ૩૭, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ ભગવાન તમો સત્ય છો, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ તમો શાસ્ત્રીજી મહારાજ સત્ય છો, પરમદયાળુ કૃપાળુ સંસારસાગરતારક ભગવાન સંતરૂપી પ્રગટપ્રભુ સદ્‌ગુરુ સ્વામી પંડિતમંડલેશ્વર કાશીરાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

પ્રતિ, **દુબઈથી લિ. ચરણરજ સેવક દયાળજી નથુભાઈ મેપા ટાંકના દંડવત્ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી**, અમો તા. ૨૬-૧૧-૭૭ના મુંબઈથી સ્ટીમરમાં બેસી તા. ૧-૧૨-૭૭ના સવારે દુબઈ પહોંચ્યા છીએ, તમારું ભજન કરતા કરતા પહોંચ્યા છીએ, અહીં આપની દયાથી બધુંય સારું થઈ ગયું છે, કામે લાગી ગયા છીએ, દર્શન આપજ્યો, રક્ષા કરજ્યો, અમોને સાંચવજો, સાચા માવતર ભગવાન તમો છો, અમારા નાડી પ્રાણ તમારા હાથમાં છે, ત્યાં સંતમંડળને અમારા જયસ્વામિનારાયણ કહેશો, દ: સેવક દયાળજી નથુભાઈ તથા પ્રાગજી રણછોડ મનાણી, પ્રાગજી રણછોડ ટાંક, તથા શ્રીહરિશરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચશો, બધા ભક્તો શુક્રવારે ભેગા થાઈએ છીએ, કૃપાળુ આશીર્વાદનો કાગળ લખજ્યો, બસ એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૦૬ તા. ૬-૧૨-૭૭

નાં. ૧૮૧૫, ટોપ નાં. ૩૭, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રગટ શ્રીહરિ તમો સત્ય છો.

પરમદયાળુ કૃપાળુ સંસાર તારણહાર ભગવાન શ્રીશાસ્ત્રીજી મહારાજ, પ્રતિ, **સેવક પ્રાગજી રણછોડ ટાંકના દંડવત્ સાથ જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** અમો તા. ૨૬ના ઉપડી તા. ૧-૧૨-૭૭ના દુબઈ આવ્યા અને કંપનીએ કામે લગાડી દીધા છે, પગાર મળશે ત્યારે ફરીથી કાગળ લખશું, અમારી નજર રાખજ્યો, સાજા રાખજ્યો, આંહી ઘણાં સત્સંગિઓ છે, શ્રીહરિશરણાગતિમંડળ ગુરૂભાઈઓ પણ ઘણાં છે, બધા આનંદમાં છે, તમારું ભજન કરે છે, તમારા સમાચાર પૂછે છે, જુનાગઢ સંતોના આશીર્વાદ અને તમારી કૃપાવડે બધા સુખી છે, દ: પ્રાગજી રણછોડ રાજા મનાણી તથા શ્રીહરિશરણાગતિમંડળના સેવકોના જય સ્વામિનારાયણ વાંચજ્યો દંડવત સ્વીકારજ્યો દયા કરજ્યો દર્શન આપજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૦૭ તા. ૧૩-૧૨-૭૭

સારજાહ, દુબઈ.

શ્રીહરિ શ્રીસ્વામિનારાયણ ભગવાન સત્ય છો.

સ્વદિવ્યસ્થાન નિજનિવાસ દિવ્યધામવાસી પ્રગટ ભગવાન શ્રીશાસ્ત્રીજીમહારાજ તથા સંતમંડળને, **ગામ સારજાહથી સેવક ભક્ત છગનલાલ તથા ધરમશી તથા શામજી હીરજી તથા શ્રીહરિશરણાગતિમંડળના સદંડવત્ જય શ્રીસ્વામિનારાયણ વાંચજો,** તમારા આશીર્વાદોથી બધા સુખી છીએ, આશીર્વાદ પત્ર લખજ્યો, પ્રગટની

વાણીથી બધા આનંદમાં ગરકાવ થઈએ છીએ, પ્રસાદી કરીને કંઠીઓ કોઈ સાથે મોકલાવજો. સાકર પ્રસાદી મોકલાવજો, શુક્રવારે ભજન ભક્તિ ઉચ્છવ કરવાના છીએ, ૧૮ જણા સાથે છીએ, દંડવત્ વાંચજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૦૮ તા. ૧૭-૧૨-૭૭

દુબઈ.

પ્રગટ ભગવાનનો દાસ સેવક પ્રાગજી રાજાના હજારો દંડવત્ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો. પ્રત્યક્ષ શ્રીહરિ તમોએ દુબઈમાં મને મોકલ્યો, હું સુખી છું, બધા અહીં સુખી છે, તમોએ પોતાના નિર્ધન ભક્તો માટે આ નવો સોનાનો દેશ અમારે માટે તૈયારી રાખી કમાવા માટે ખોળી આપ્યો છે, ૧૫૦૦ થી ૨૦૦૦, ૨૫૦૦ સુધી પણ પગાર છે, ઓવર ટાઇમથી ત્રણ હજાર સુધી મળે છે, રૂપિયાઓના ગંજમાં બેસારી દીધા છે, આ બધા પ્રતાપ તીર્થની મૂર્તિ પ્રતિષ્ઠા કર્યા પછીના છે, તુરત જ આવકાર થવા માંડ્યા અને કમાણી વધવા માંડી, એક એક સાકરને ગાંગડે હીરા મોતીની કમાણી અપાવવા મંડ્યા છો, ભગવાન અહીં આપણા બધા આવો મહીમા ગાય છે, તમો જરૂર જરૂર બ્રહ્માંડના કરતલ ભક્તોનાં ભરતલ છાનાં છપરા ભગવાન છો, અત્યારે તો સાવ પાસેના દેશમાં સ્વર્ગ આપી દીધું છે, તમારું ભજન પૂજન કીર્તન ઉચ્છવ સમૂહ ભોજન થાળ આરતી ફૂલહાર સેવા વિગેરે અહીં આવેલા બધા કરીએ છીએ, ચઢતી કળા રાખજ્યો, ભક્તો સાથે અભક્તોને પણ લાભ વરસાદની પેઠે આપ્યો છે, પાંચ વર્ષોમાં એક એક જણ લાખપતિ હશે, તેથી વધારે હશે, સોનાના સૂરજ ઉગાડ્યો છે, આ પરચો કોઈ ન જાણી શકે એવું સામર્થ્ય આપે વાપર્યું છે, દર્શન આપજો, પ્રાગજી રણછોડ રાજા મનાણી વિગેરેના આત્મસમર્પણ દંડવત્ પ્રણામ વાંચજો, રાજી રહેજો, આશીર્વાદ લખજ્યો. શરણાગતિમંડળ વતી દંડવત્પ્રણામ. કાગળમાં શિરનામું છે.

❖❖❖❖❖

પત્ર નં.-૧૦૯ તા. ૨૨-૧૨-૭૭

આબુધાબી, દુબઈ.

પરમપૂજ્ય સદ્‌ગુરુ સ્વામી પ્રગટ પ્રભુ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્રીસ્વામિનારાયણ ભગવાન સ્વરૂપે અખંડ વિરાજમાન નવ્યન્યાયાચાર્ય અવતારી પુરુષ **પ્રગટ દિવ્યમૂર્તિ અંતર્યામીની સેવામાં, લિ. નારણ પ્રેમજી ખોલિયાના ઘણા નમસ્કાર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** તમારી આજ્ઞા વડે અહીં આવીને ત્રણ માસ કંપનીમાં કામ કરીને બીજી અને ત્રીજી કંપનીમાં ગયો હતો, સરકારી

કાનૂનથી પાછો પહેલી કંપનીમાં દાખલ થયો હતો, તેણે દેશમાં જવા હુકમ કર્યો હતો, પણ તમારી ભક્તિ વડે કસ્ટમવાળાએ પાસપોર્ટ પાછો આપ્યો અને કામે લગાડી દીધો, હવે આરબે બીજી કંપનીમાં જવા છુટ આપી છે, કામે લાગી ગયા છીએ, હે પ્રગટ શ્રીહરિ તમારી કૃપાથી અને મોટા રાજીપાથી તથા આશીર્વાદોથી મહીને દેશના ત્રણ હજાર મળે છે, મોંઘવારી પણ છે, તમારી દયા થઈ છે એક વર્ષનો નવો એગ્રીમેન્ટ કર્યો છે, પાસપોર્ટમાં એકસાલની વીઝા મળી છે, ચાલૂ પગારે શુક્રવારે રજા મળે છે, વીઝા પૂરી થયે આપના દર્શને આવીશ, રક્ષા કરજો, સેવા કરવી છે. કરજ નથી. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૧૦ તા. ૫-૧૨-૭૭

નાં. ૩૮૧૫, જોબ નાં. ૩૪, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ ભગવાન તમો સત્ય છો,

શ્રી જુનાગઢ નિજધામમાં વિરાજમાન પરમેશ્વર ગુરુદેવને નમો નમઃ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, **દુબઈથી આપના શિષ્યો પ્રાગજીના જય સ્વામિનારાયણ વાચશોજી,** તા. ૨૯-૧૧- ૭૭ હું દુબઈ પહોંચી ગયો છું. કંપની સારી છે. ૩૨ ગ્રામ રોજ મળે છે, કંપની ચાર વચાળે એક રૂમ આપે છે, ગાદલા ગોદડાં ધુસા આપે છે, કાંઈપણ તકલીફ નથી. રસોઈ હાથે બનાવીને તમોને જમાડીને જમીએ છીએ, કામે ચઢી ગયા છીએ, તબીયત સારી છે, તમારી દયાથી પાણી સદે છે, તમારું ભજન કીર્તન કથા વાર્તા કરીએ છીએ. અને કરતા રહેશું, અમે સમજીએ છીએ જે - પ્રત્યક્ષ ભગવાનની દૃષ્ટિમાં જ આપણી બધાની હાજરી છે, આપ પ્રત્યક્ષ બ્રહ્માંડને દેખો છો, દુબઈના નવા વર્ષે જ અમો દુબઈ પહોંચ્યા છીએ, તમારા નવા ફોટા આશીર્વાદ સાથે મોકલાવજો, હરિલાલ તથા નટવરલાલ બાવાજી શુક્રવારે અમોને મળશે, હે ભગવાન આપે અમોને વધારે કમાવાનું, સુખી થવાનું સત્કાર સાથે ગોઠવી આપ્યું છે, તેથી અમો જીવાત્માઓને રાજ્ય કરતા હોઈએ તેવા સમય આપી દીધા છે, આનંદનો પાર નથી, કમાણી સારી છે, રાજાધિરાજના સમ્માન સાથે કમાણી માટે સૃષ્ટિના ધણી આપ પ્રગટપ્રભુને સેવીને તથા ભજી ભજીને પરમ શાંતિમાં પહોંચ્યા અને પરમપાર પામ્યા હોઇ એમ રહીએ છીએ, હવે અમોને પરદેશમાંથી જ સુદામાની પેઠે સોનાના મહોલ બનાવી દેવાયા હોય તેવા સુખમાં નાખ્યા છે, દેશમાં કડીયા મજુર અમો હતા, પણ અહીં તો માનવતા કારીગરો મનાઈએ છીએ, રખડતા ભટકતાઓને સ્વર્ગ જેવા રહેઠાણ, અમૃત જેવા ભોજન, દિવાન જેવા પહેરવાસ અને મહિને હાથમાં ખોબામાં સોનાના રિયાળ મળે છે, મહારાજ ! જાજું શું કહિએ, અહીં આપણા સત્સંગી સેવકો કારીગરોને આંહીના માણસો પવિત્ર અલ્લાના ઓલિયા કારીગરો માને છે, આપણી શુદ્ધિ રેણી કહેણી

સ્નાન પૂજન માલા જપ નિષ્કપટ, કામકાજ ભજન જોઈને નમી દે છે ખુશી થાય છે આંહીની પ્રજાને આપણા વાલાનો વસવાટ બહુ જ ગમે છે. કંટ્રાક્ટરો અને કમ્પનીવાળા પણ સારી પવિત્ર ભાવનાથી સાંચવે છે, હે ભગવાન તમોએ બગલમાં જીવતાં જ અમોને ઓલિયા ફિરસ્તાનું ભાન કરાવી દીધું છે, અમારા સર્વેના સદંડવત્ જયસ્વામિનારાયણ વાંચજો, પ્રાગજીના દંડવત્.

❖❖❖❖❖

પત્ર નં-૧૧૧ **તા. ૧૪-૧૨-૭૭**

દુબઈ.

સર્વેના અવતારી પરમેશ્વર નિજસ્વરૂપે વિરાજમાન શ્રીહરિ દિવ્યમૂર્તિ ભગવાન શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના પ્રતિ, લિ. **સેવક દામજી ભગવાનજી રાઠોડ જીરાગઢવાળાના તથા ભગવાનજી હીરજી ચૌહાણ જામવણથળીવાળાના તથા અહીંના શ્રીહરિશરણાગતિમંડળના ભક્તોના દંડવત્ પ્રણામ સ્વીકારશોજી.** બધા અમો દરરોજ યાદ કરીએ છીએ, આપના આશીર્વાદોથી ભગત ભાઈલાલ અહીં આવે છે, ઘણો જ આનંદ થાશે, દયા કરજો, અમો તથા ભાઈલાલ સારી કંપનીમાં આવી જાઈએ, અત્યારે હજારનો પગાર છે, પણ બે હજાર થાય તો ગણત્રીમાં અવાય, અને પછી વધે તો ઘણો લાભ મળે, તમારી પ્રગટની માનતા કરેલ છે, તે આસ્તા ફળવા લાગી છે, વધારે કામ પણ મળતું જાય છે, દેશમાં આવશું ત્યારે આપના દર્શન કરવા આવશું આશીર્વાદ લખજ્યો, બધાના જયસ્વામિનારાયણ વાંચજ્યો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૧૧૨ **તા. ૧૨-૭-૭૭**

હસન મન્સુરી, નં. ૫/૪૫ બહેરીન, દુબઈ.

સેવક હરિલાલ વેલજીભાઈ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્રીમહાપ્રભુજીને નમો નમ: જુનાગઢ દિવ્ય મહલમાં વિરાજિત ભગવાન શ્રીહરિ ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજ ! શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સંતમંડળના ચરણોમાં - **બહેરીનથી લિખિતં ચરણસેવક હરિલાલ વેલજીના તથા શ્રીહરિશરણાગતિમંડળના દંડવત્ પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** પ્રગટ પુરુષોત્તમનારાયણને આપના મંડળને જમાડવા સેવા મોકલી છે ભગવાનને જમાડજો આશીર્વાદ મોકલજ્યો. હરવખત સંભાળ લેતા રહેજ્યો, કૃપાદૃષ્ટિ વધારજો. તમારા સિવાય અહીં અમારો રક્ષક બીજો કોઈ નથી, તમારું ભજન કરું છું, બીજા ગુરુભાઈઓને અહીં રહેવા તથા કામ મળે તેવી કોશીષ કરું છું, તમારી ઇચ્છા હશે તેમ થાશે, અમારું ધ્યાન તમારે રાખવાનું છે, પગાર સારા છે, આપ ભગવાને રાજી થઈને ભુક્તિ મુક્તિ નાણાં

આપ્યા હવે નાણાંની ભૂખ મટી જાશે, ભક્તિનું ફળ આપ્યું છે, મારા બાપુજીએ આંખ્યનો મોતીયો ઉતરાવ્યો છે તેમને કંઠી તથા આશીર્વાદ મોકલજો, મુંબઈના ઘરનું ધ્યાન રાખજો, ભૂલચૂક માફ કરજો, દયા કરજો, ઘણાં કામ છે તે બધા થઈ જાશે, દરરોજ સવારે પૂજામાં તમોને સાકર જમાડુ છું યથાશક્તિ દક્ષિણા મેલુ છું, અનંતગણું ફળ આપનારા તમો છો, સેવા મોકલીશ, સુખી રાખજ્યો, દરરોજ રિયાળના દર્શન થાય છે, તમારી મૂર્તિ અલૌકિક છે તે અણધાર્યું આપે છે, ઓવર ટાઇમમાં કામ પણ મળે છે, અમુક વર્ષો પછી તો મોજડીયુંમાં પણ સોનું હોય તેવા અવસરો આવશે, આંહી કંપની અમારા ઉત્તમ કામ જોઈને આંહીના તહેવારો પણ ચાલૂ પગારે પળાવે છે, આ તમારો અકળ પરચો પ્રતાપ છે મારા ઉપર અમી દૃષ્ટિ રાખજો, આશીર્વાદ વરસાવજ્યો, નાણાની ભૂખ ભાંગી જાશે, અમારા અંતઃકરણમાં સદાય વસજ્યો, વધારે સુખી રાખજ્યો, પરદેશ જવા તમારા આશીર્વાદ લેવા દર્શન માટે આવ્યો હતો તે વખતે કરેલ સંકલ્પ પ્રમાણે સેવા કરીશ, હમણાં બોઝો ઉતાર્યો છે, ફુલવાડીમાં મોટું કામ કરવું છે, તમો પ્રત્યક્ષ ભગવાન છો, અમારી નજર રાખજ્યો સાજા નરવા રાખજ્યો, સેવક હરિલાલના સદંડવત્ જયશ્રીકૃષ્ણનારાયણ તથા જયશ્રીસ્વામિનારાયણ વાચજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૧૧૩ તા. ૧૫-૧૨-૭૭

દુબઈ.

સેવક બન્ને મોહનલાલના જય સ્વામિનારાયણ વાંચજો. ભગવાન તમો સર્વે ભક્તોમાં દેખાયા કરો છો, અમારા ઇષ્ટદેવ મહાપ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મોહનલાલ રતનશી તમારું જ રટણ કરે છે, તમોને જ દેખે છે, મને પણ એમ જ વરતે છે, ગુરૂભાઈઓમાં તમોને જ દેખીએ છીએ. મૂર્તિમાં દેખાઓ છો, વધારે ચમત્કાર વાપરશો તો તમેજ દેખાશો, કામકાજ નહીં થાય, માટે સાવ દૃષ્ટિ બદલી ન નાખતા. શ્રીહરિશરાગતિમંડળના જય સ્વામિનારાયણ વાચજ્યો, મુક્ત છું અને ભક્ત છું, હે મહારાજ તમોએ ઘણું આપ્યું છે, તમારી સેવા તમારા દીધેલમાંથી થાય છે પણ એમ મનાય જે - મેં સેવા કરી તમારા વિના કાંઈ થઈ શકતું નથી. સુખના દિવસો દીધા છે. તમો સંકલ્પસિદ્ધ ભગવાન છો, તમોંએ આશીર્વાદોમાં દુબઈ મસ્કત વિગેરેમાં જવાની આજ્ઞાઓ આપી આપીને ભારે સુખમાં નાખી દીધા છે, બધા ભક્તોને સાવ ઘેર જ હોઈએ તેવો આનંદ આવે છે, અમારા છોકરાવની નજર રાખજ્યો, આ લોકની સૃષ્ટિ દૃષ્ટિમાં ન રહે તેવી નિર્વિકલ્પ સ્થિતિ તથા અમારા આશીર્વાદનું સુખ કથા વાર્તા ઉચ્છવમાં પણ ઘણું જ આવે છે, હૃદયમાં તમો ધ્યાનમાં વધારે દેખાઓ એવી કૃપા કરજ્યો, અણસમઝણ રહેવા

દેશો નહિ, દર્શન આપતા રહેજો, ટાણે કટાણે સંભાળ લેતા રહેજો, સોનાના રિયાલ હાથમાં આવે છે, તમારી મૂરતિ તથા આજ્ઞાઓ તથા આશીર્વાદો સાંભર્યા કરે છે, બધાનાં ભાગ્ય ખૂલી ગયાં છે હવે વનસ્થળી રાજસ્થળી બ્રહ્મસ્થળી મુક્તસ્થળી થતી જાય છે, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૧૪ તા. ૩૦-૧૧-૭૭

અજમાન, ઓમન કંપની, નાં. ૫૩૪, દુબઈ.

રામજી ભગવાનજી રાઠોડ તથા ભગવાન હીરજી ચૌહાણના કોટિ દંડવત્ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો. પ્રગટ પ્રમાણ ઈશ્વરોના પરમેશ્વર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને હજારો દંડવત્, આપના આ ભક્તોને સંભાળતા રહેજ્યો અને સાજા નરવા રાખજ્યો, અને ખૂબ ધન વહેલાસર શ્રીપતિ લક્ષ્મીપતિ સંતપતિ ભક્તપતિ ભગવાન તમો અપાવજો, જિરવાય તેવું બળ આપજો, વધારે વધી જાય તો તમો લઈ લેજ્યો, પણ ભક્તિમાં સ્થિરતા રખાવજો અહીંના બધાના જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૧૫ તા. ૯-૭-૭૭

કુવેત, સફાત, નં. ૨૪૩૧૩, દુબઈ.

શ્રીજુનાગઢ દિવ્યમૂર્તિ પ્રગટ શ્રીહરિશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળ પ્રત્યે, કુવેતથી શ્રીહરિશરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચશોજી, સેવા યથાશક્તિ મોકલાવી તે મળે ત્યારે આશીર્વાદનો પત્ર લખજ્યે, **માવજી મનજી રાઠોડ તથા કુંવરજી મેપા તથા જીવરાજ લાલજી, તથા અમૃતલાલ લાધા, તથા વાલજી મેપા, તથા નટવરલાલ ધનજી તથા નરેન્દ્રકુમાર અમરશી તથા મનસુખલાલ અમરશી, વિગેરે શ્રી હરિશરણાગતિ મંડળના તમારા સેવકો શિષ્યોના ખૂબ જાજા જાજા હેતથી જયસ્વામિનારાયણ વાંચશોજી,** ખૂબ દિનાર મળે તેવી કૃપા કરશોજી, અમારું ધ્યાન રાખજ્યો, આશીર્વાદ લખજ્યો, તમારા ભક્તો અમો તમારે આધારે આવા દેશમાં રહ્યા છીએ માટે ખબર રાખજ્યો, મુંઝવણમાં દર્શન દેતા રહેજ્યો, બધા પાસે તમારી છબી છે, ખીસામાં ભેળી રાખીએ છીએ, તમો હૃદયમાં વસેલા છો, દર્શન કરીને ખાવું પીવું એવું નિયમ રાખેલ છે, છબિઓ તમોને સાથે જ રાખીએ છીએ, ભૂલચૂક માફ કરજો, આશીર્વાદ લખજ્યો, સેવા મગાવજો, દિનારનું સોનું તમારું જ છે, તેત્રીશ ૩૩ દિનારે ભારતના હજાર રૂપિયા થાય છે. ભાવ વધે ઘટે છે. કોઈ પણ ભય નથી, સુખે સુઈએ છીએ, ખાઈએ પીઈએ છીએ, ભેગા રહીએ છીએ, કામકાજે પણ નિર્ભયતા છે. કંટ્રાકટરો ધર્મવાળાઓને બહુ જ માને છે, પૂજા પાઠ જોઈને ચક્તિ થાય છે. અમને હાથ જોડે છે, ઘણી સગવડો આપે છે, હે ભગવાન તમારો પ્રતાપ છે, સાધુ ભગવાનના શિષ્યો પૂજાય છે. રક્ષા કરજ્યો. બસ એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૧૬ તા. ૩૦-૭-૭૭

સલાલાહ નં. ૮૧૯૬. સુલતાનેટ ઑફ ઓમન, ટાઈલ્સ ફેક્ટરી, દુબઈ.

ભગવાન શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્.

સકળગુણનિધાન પરમપુરૂષ પુરુષોત્તમ ભગવાન પ્રગટ શ્રી હરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનાથ તથા આપણા સંતપાર્ષદો વિગેરે પ્રતિ, હાલારના જીરાગઢના રહીશ ઓમન સલાલાહથી આપ પ્રભુને વારમવાર અહોનિશ ભજનારા **ચરણસેવક વરૂ રવજી નાનજીભાઈ તથા કરશનભાઈ તથા પરષોત્તમ શામજી તથા કેશવજી વસ્તા તથા જગજીવનભાઈ આદિક શ્રીહરિશરણાગતિમંડળના જાજા કરીને જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** પ્રગટપ્રભુ, અહીં ભગવાનજી રાજાભાઈના સમાગમવડે આપશ્રી પ્રગટ ભગવાનમાં ભાવના થયા પછી આપશ્રીની દિવ્ય પ્રત્યક્ષમૂર્તિ દેખાણી હવે તો તેવાજ દિવ્યદર્શન આપીને કૃતાર્થ કરજ્યો, ભગવાનજીભાઈ આપના દર્શને આવવાનાં છે, મારા જેવું કામકાજ સેવા લખજ્યો, અમારા ઉપર વધારે હેત લાગણી રાખજો, પત્ર લખજ્યો, ધામમાં સેવામાં રહેવું છે, એજ, ચરણસેવકોના જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૧૭ તા. ૨-૮-૭૭

અજમાન, નાં. ૫૩૪ એ. એન. ટી. સી. દુબઈ.

શ્રીહરિસ્વરૂપ અનંતજીવોના ઉદ્ધારક આ લોકમાં અવતારી વિચરતા ભગવાન પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ તથા સંતમણ્ડલ પ્રતિ **અજમાનથી સેવક રતિલાલ ભગવાનજી રાઠોડ, દામજી ભગગવાનજી રાઠોડ તથા નારણભાઈ ખોલિયા તથા હેમરાજ મુળજી જામસરવાળા તથા ચુનીલાલ ડાયાલાલ પરમાર માધાપરવાળા તથા ભગવાનજી કેશવજી તથા ખીમજી કેશવજી મેઘપરવાળા બધા શ્રીહરિશરણાગતિમંડળના જયશ્રીસ્વામિનારાયણ વાંચવા,** પરમપૂજ્ય પરમપ્રભુ અંતર્યામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજ ! આપના આશીર્વાદોનો પત્ર મળ્યો છે, સેવા મોકલવાવું છું મળે એટલે જવાબ લખજો, આપ જમજ્યો સંતોને જમાડજો, આશીર્વાદો વડે આનંદ છે, ઓવરટાઇમ કામ મળે છે, વધારે સેવા મોકલાવશું, ૨૭ સત્તાવીશ દિયાર મળે છે, બીજી કંપનીઓમાં ૫૫ થી ૬૦ દિયાર મળે છે, જો તમો ગુરુજી શ્રીહરિ દયા કરો તો જાજો લાભ મળે, ઇંગ્લીશ ખૂબ બોલતા આવડે, અમારા બનેવી ભાયલાલને સારા સમાચાર આપજ્યો, કામે સવારે છથી બાર અને બપોરે ત્રણથી છ સુધી છે, કંપની પૈસા કાપે છે, અમારા ઘરબારની ચિંતા ન થાય તેવી દયા કરતા રહેજ્યો, દિલથી પૂજાપાઠ વધારે કરિએ છીએ,

આપની મૂરતિ જીરાગઢ મોકલવાની છે, તેઓ બધા આપ ભગવાનને ભજે છે. અમને ભગવાનની વૃત્તિ વધારે આપજ્યો. ભૂલચૂક માફ કરજ્યો. બધાના જય સ્વામિનારાયણ વાંચજો, શ્રીહરિશરણાગતિમંડળની ચઢતી કળા છે. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૧૧૮ તા. ૪-૮-૭૭

સલાલા, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમઃ

સ્વસ્થાને વિરાજમાન પ્રગટ પુરુષોત્તમ નારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા શ્રીહરિશરણાગતિમંડળના પ્રતિ, **ગામ સલાલાથી લિ. આપના દાસાનુદાસ ચરણકમળસેવક કેશવજી વસ્તા તથા જગજીવન રાવજી તથા પરષોત્તમ શામજી વિગેરેના જાજા કરીને જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** વિનંતિ સાથે લખવાનું જે - તા. ૧૯-૭-૭૭ના આશીર્વાદો વાંચીને ઘણો આનંદ થયો છે, સાઇડ બદલવાથી વધારે સુખશાંતિ મળે છે, ટ્રાન્સપોર્ટ ટ્રકદ્વાર સલાલાહ આવેલ છીએ. શ્રાવણના ઝાપટા પડ્યા કરે છે, મસ્કતથી સલાલાહ ૧૨૦૦ કિલોમીટર દૂર છે, ૨૫ કલાક ટ્રકનો રસ્તો છે. ૪ કલાક છોડીને ૨૦ કલાકનું રણ છે, વરસાદનું પાણી પીધું હતું, હાલમાં વચનામૃત કથા કરિએ છીએ. અહીં બીજી કંપનીમાં કચ્છીઓના નાનામંદિરમાં જઈએ છીએ, સમાગમ થાય છે, કામકાજ ખૂબજ છે, કૃપાદૃષ્ટિ રાખજ્યો, તમારું ભજન સ્મરણ કરીએ છીએ, ભજનમાં ત્રણેય ભેગા રહીએ છીએ, કેશવજી વસ્તા, નાં. ૮૧૯૬, આર. એસ. એમ. નાં. ૩૦૧, સુલતાનેટ ઑફ ઓમન. મુ. સલાલાહ, કૃપાપત્ર લખજ્યો.

❖❖❖❖❖

પત્ર નં-૧૧૯ તા. ૬-૭-૭૭

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીસ્વામિનારાયણ સત્ય છે.

જુનાગઢ વિરાજિત પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણ શ્રીહરિ અક્ષરધામના ધામી અધિપતિ સર્વના રક્ષક સર્વના નિયંતા એવા પ્રગટ ભગવાન પ્રતિ - **દુબઈથી લિ. તમારા ચરણકમળ સેવક જયંતિલાલ રાઘવ તથા ભગવાનજી ટપુ પોરીયાના ઘણા કરી જય શ્રીસ્વામિનારાયણ વાચશો,** અમારે પરદેશમાં જવા ઉપડતી વખતે તમારા દર્શનનો સમય રહ્યો નહિં, રતિલાલ ભગતના પત્રમાં તમોએ અમોને 'ક્યાં રહે છે' એમ સંભાર્યા છે, તો મહારાજ માફ કરશો, તમારી દયાથી અહીં સારું

છે કંપની સારી છે, પગાર પણ સારા છે. ફાવી ગયું છે, તમારી દયાથી બધું સારું છે કંપનીમાં પગાર પણ સારા છે, સારું થયું છે, તમારી દયાથી તરી ગયા છીએ, શુક્રવારે ગુરુભાઈઓ ભેગા થઈએ છીએ, કાગળ લખજ્યો સેવા લખજ્યો રાજી રહેજ્યો, ઉંઘમાંથી ઊઠતાં જ સાકરનો ગાંગડો મુખમાં પડે એમ કમાણી આપી છે, ચોવીશેય કલાક તમારું ભજન કરીએ છીએ, આપણા બધા કામો થઈ જાય એમ ઇચ્છિએ છીએ, ઘેર ગાયમાતા દૂધ દે છે તેનું ધ્યાન રખજ્યો, દર્શન આપતા રહેજ્યો, ભગવાનજી તથા જયંતીલાલના દંડવત્ પ્રણામ સાથે જય સ્વામિનારાયણ વાંચજ્યો, પી. એચ. ક્યુ. સાઇટ, બર્નાર્ડ સન્લી એન્ડ સન્સ કંપની નાં. ૨૭૦૭, દુબઈ, યુ. એ. ઈ, કૃપાપત્ર લખજ્યો, સાજા નરવા રાખજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૧૨૦ તા. ૮-૭-૭૭

પો. બો. નં. ૬૫, દોહાકટાર, અરેબીયન ગુલ્ફ, દુબઈ.

ઉત્તમોત્તમ પ્રગટપ્રભુજી શ્રી શાસ્ત્રીજી મહારાજ, **દુહાકટારેથી સેવક ભગવાનજી હીરજીનાં દંડવત્ પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** હું પંદર દિવસોથી દુહાકટાર આવ્યો છું, કંપની સારી છે, તમારી આશિષ ફળી છે, રહેવાની સગવડ સારામાં સારી છે, લાઇટ નળ પંખા પથારી ધાબળા ભોજન રાજકુમાર જેવું છે, પ્રાર્થનાનો પત્રનો જવાબ આપ્યો કે તરત ફળીભૂત થયું છે, આનંદ વર્તે છે, તમારી દયાથી પગાર પણ સારો મળશે, મારો બાબો કંઠી બંધાવવા આવશે સારો આશીર્વાદ આપજો, કામ સેવા ફરમાવજો, બાબો અને સોનાના રિયાલ તથા એસ આરામ બંધુ તમોએ એક સાથે આપ્યું છે, અમારા ભાગ્યમાં કાંઈ ન હતું,

અહીંનું હવામાન આપણા દેશ જેવું છે, જાજે ભાગે માણસો કચ્છ કાઠિયાવાડના છે, વાતાવરણ દુકાનો બજાર મકાન વસ્તિ કારીગરો બધુંય સૌરાષ્ટ્ર જેવું જ છે, શુક્રવારે બધા મળે ત્યારે બધા અરસપરસ સમાચારો મળે છે, તમારા ભજનનો સારો સમય મળે છે, કામે પાંચ વાગ્યેથી બાર વાગ્યા સુધીજ છે, પછી નવરાશ ભારે સારું છે, દયા રાખજ્યો, ફુલવાડીના ટ્રસ્ટીઓને મોટું કામ વંડાનું ઉપાડવું છે, તમારી કૃપાથી થઈ જાશે, આંહી શ્રીહરિશરણાગતિમંડળ ખૂબજ જોરમાં છે, કમાણીમાં સારું છે, એક બે વર્ષમાં બધુંય થી જાશે, મોટું મંદિર કરવું છે, ભગવાન તમો ધારશો તે થાશે, દુનિયામાં તમારો ડંકો વધારે વાગશે, પરચા આપતા રહેજ્યો, દર્શન દેતા રહેજ્યો ઉત્સવોમાં દેખાઈને વયા જજો, ભગવાનજી હીરજી કાચાના તથા શ્રીહરિશરણાગતિમંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.૧૨૧ તા. ૧૪-૮-૭૭

સારજાહ, દુબઈ.

પ્રગટ ભગવાન અમારા સાચા સાચા માવતર પરમાત્મા પૃથ્વીપર બિરાજતા અનેક જીવોના ઉદ્ધાર તથા અનેક કાર્યો માટે પધારેલા, સૌરાષ્ટ્રને નિજજન્મ વડે કુંકાવાવને ગણત્રીમાં લાવવા પ્રગટ થયેલા શ્રીહરિ અવતારી પ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં અનંતવાર દંડવત્ પ્રણામ. **શ્રીહરિશરણાગતિમંડળના શામજીભાઈ, ધરમશીભાઈ, છગનલાલભાઈ, દેવજીભાઈ, વિસરામભાઈ, કુંવરજીભાઈ, રતિલાલભાઈ, માવજીભાઈ, નાનજીભાઈ, વાલજીભાઈ, મોહનલાલભાઈ, પ્રાગજીભાઈ, શ્રીહરિશરણાગતિમંડળ સર્વેના જયશ્રીસ્વામિનારાયણ વાંચજ્યો.** દુબઈના અડખા પડખાના તમામ સેવકો સેવા માટે ધારેલા કામકાજો માટે તૈયાર છે. જરૂર લખજ્યો. સેવશે તે લેખે થાશે બધા ભક્તો જોરમાં છે. સારી સમ્પત્તિના ગણત્રીમાં આવશે, આપ બે પાંચ વરસ આમને આમ રખાવજો. નાડી પ્રાણ તમારા હાથમાં છે, આરબોનો દેશ ભક્તોને આપ્યો તે તમારી અકળ કળા છે, સાવ પાસે પ્લેનમાં બે કલાકનો રસ્તો. વાહ પ્રભુજી પ્રગટ ભગવાન તમોએ પ્લેનમાં બેસતા કર્યા સોનાના રિયાળ દેખાડ્યા, પરદેશમાં હિંમતવાળા કર્યા, તાલેવાન જેવી સ્મૃદ્ધિ આપી, તમારો પરચો કોઈ જાણી ન શકે. સેવા ખૂબજ કરવી છે. ભૂલચૂક માફ કરજ્યો. બધા સેવા માટે તૈયાર જ છે એજ. સર્વેના જયસ્વામિનારાયણ વાંચજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.૧૨૨ તા. ૧૦-૮-૭૭

મસ્કત, રૂવી ગોબરા. નાં. ૪૩૪૭, દુબઈ.

નિજ નિવાસે વિરાજમાન પરમપૂજ્ય દયાળુ મોક્ષદાતા ભગવાન અંતર્યામી શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રગટ પ્રભુજીની સેવામાં **મસ્કતથી આપનો શિષ્ય પરશોત્તમ તથા અંબાલાલ તથા નરોતમ તથા જીવરાજ તથા મોહનભાઈ તથા જેરામભાઈ તથા દામજીભાઈ તથા પાચાભાઈ તથા શ્રીહરિશરણાગતિમંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** તમારી દયાથી સર્વે ખુશી મજામાં છીએ, કંપનીમાં કામ પૂરા થવા આવ્યા છે, બીજે કામ મળે તેમ દયા કરજ્યો, ધાર્યું આપ પ્રગટ શ્રીહરિકૃષ્ણ ભગવાનનું થાશે, અમારે કામકાજ ચાલુ છે, બે કલાક ઓવરટાઇમ પણ મળે છે, વરસાદ આવે છે, ગરમી પણ છે, અમારી સંભાળ કાગળ વડે લેતા રહેજ્યો, પરશોત્તમ તુલસી ટાંક આદિકના શ્રીહરિશરણાગતિમંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી, ભગવાન દર્શન દેતા રહેજ્યો, દુઃખ ટાળતા રહેજ્યો, આંહીના બધાને તમો દેખાયા કરો છો બીજા કોઈમાં એવો ચમત્કાર નથી કે જે

સંભારે તેની ખબર લ્યો છો, માટે તમો પ્રગટ ભગવાન છો, આપ ભગવાનને ઓળખીને તમને દેશ પરદેશમાં બધા ભજે પૂજે છે, અમોને સુખી રાખજ્યો પરશોત્તમ તુલસી ટાંક વિગેરે શ્રીહરિશરણાગતિના દંડવત્ પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશો કાગળ આશીર્વાદ લખજ્યો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૨૩ તા. ૫-૮-૭૭

બહેરીન, મનામા નં. ૫૧૮૫, દુબઈ.

શ્રીહરિ શરણં મમ.

હરિલાલ વેલજીનાં જયસ્વામિનારાયણ વાંચશો. ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ પ્રગટ ભગવાન પ્રત્યક્ષ દર્શન થાય છે, આવી કૃપા રાખજ્યો, ગુલાબ પાંખડીઓ તથા કંઠી મળી ગયાં છે, પૂનાથી વેલજી ભગત લખે છે જે લાલજીની મૂર્તિની સેવા પૂજા ચાલુ કરી છે, ઘણો આનંદ વધ્યો છે, બધુંય તમારું છે, મારું કાંઈ નથી, કામકાજ હોય તે લખજ્યો, કોઠારી સ્વામી વિગેરે સન્તમંડળને હેમતભગતને જયસ્વામિનારાયણ કહેવા, મારી સામે મૂર્તિમાં આ બેઠા એવા સાક્ષાત્ વિરાજમાન ભગવાનની જય.

❖❖❖❖❖

પત્ર નં.-૧૨૪ તા. ૯-૯-૭૭

સન્લી. નં. ૨૭૦૭, દુબઈ.

શ્રીઅક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અક્ષરાતીત અવતારી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રીહરિકૃષ્ણ ઘનશ્યામ સંતપતિ ભક્તપતિ સર્વપતિ શ્રીજી પ્રતિ, **ચરણકમળસેવક જયંતિલાલ તથા ભગવાનજી પોરીયાના ઘણાં ઘણાં દંડવત નમન વાંચવા.** આપના આશીર્વાદો મળ્યા ઘણો જ આનંદ થયો, ફૂલપાંખડીયો તથા શ્રીજી રક્ષા પણ મળ્યા છે, મહારાજ તમારી દયાથી તબીયત સારી છે તકલીફ નથી, બધું સાનુકૂલ છે, દેશમાં વરસાદ સારા છે તેથી વધારે નિરાંત છે, હે ભગવાન વણથળી આશીર્વાદ મોકલજો. તમારા ચમત્કાર પરચાઓ એવા છે કે - તમોને કોઈ ન ભૂલે, આંહી શીયાળો આવશે, ઠંડકમાં કામ વધારે મળે છે, આંહી ગુરૂભાઈઓની પાર્ટી મંડળી સન્લી કંપનીમાં ખૂબજ બળવાળી થઈ છે, ઘણાજ સો થી ઉપર દોઢસો જેટલા છીએ, ઘણી મજા આવે છે, કાંઈક ચિંતા જેવું જણાય કે તુરતજ તમારી બાધા લ્યે છે, તેને ચિંતા ઊડી જાય છે, પીડા મટી જાય છે, શુક્વારે તમારી મહાપૂજા આરતી થાળ ધુન્ય કીર્તન ઉચ્છવ વિગેરે કરીએ છીએ, સત્સંગ બહુજ શોભે છે, જાણે વંથળી અને ફૂલવાડી

જ હોય તેવી મજા આવે છે, આંહીના દેશી બીજાઓ પણ અમારા ધુન્ય કીર્તનમાં ભળીને મોટો ઉચ્છવ કરે છે. મહારાજ તમારો પ્રતાપ વિશ્વમાં વ્યાપેલો છે નજર રાખજ્યો, ભૂલચૂક માફ કરજ્યો, જોઈએ તે મગાવજો, તમારું દીધેલું છે, નજીવા છોકરાઓને પણ સોનાની લગડીયો આપી દીધી છે. ભૂલચૂક માફ કરજ્યો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૨૫ **તા. ૧૮-૮-૭૭**

નાં. ૫૪૩, દુબઈ.

મહાદિવ્યનિજમંદિરમાં વિરાજતા પરમપૂજ્ય ધ્યાન કરવાની મૂર્તિ પ્રગટભગવાન મહાપ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળ સર્વેને **દુબઈથી રમણિકલાલ જેરામના દંડવત્ પ્રણામ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચજો.** કામકાજ મળ્યા છે, આંહી ૭૫ રૂપિયા પગાર છે, ઓવર ટાઇમ નથી મળતો દુબઈ સીટીમાં છીએ, બધા ગુરુભાઈઓ તથા દેશી ભાઈઓને મળાય છે, જાજી વસ્તી આપણા તરફની છે, કંપનીનો મોટેરો આરબ છે એક મહીનાનો પગાર ચઢતર રોકે છે, તકલીફ કાંઈ નથી, એજ. શુક્રવારે બેથી ત્રણ વચ્ચે ભજન કરીએ છીએ સાંજે છ વાગ્યે કામેથી છૂટીને આઠ વાગ્યે વાળું કરીને ભજન કથા પ્રસાદી આરતી વિગેરે કરીને છૂટા પડીએ છીએ, રાજી રહેજો સારા આશીર્વાદ આપજ્યો, કંપની વધારે પગાર આપે તો સેવા વધારે થાય એવા આશીર્વાદ મોકલાવજો, ભૂલચૂક માફ કરજ્યો, તમારા પત્ર વડે પ્રત્યક્ષ ભગવાનના દર્શનનો આનંદ થાય છે; દ: લિ. રમણિકલાલ જેરામના તથા સાથેના શ્રીહરિશરણાગતિમંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી, મોહબીન સેફ કંપનીમાં અમો આવતી જન્માષ્ટમી મોટી ધામધૂમે ઉજવવાના છીએ, દયા રાખજ્યો, સમૂહના દંડવત્ પ્રણામ વાંચજ્યો, જય સ્વામિનારાયણ જય શ્રીકૃષ્ણનારાયણ વાંચજો, દર્શન દેતા રહેજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૨૬ **તા. ૧૪-૮-૭૭**

અજમાન, નાં. ૫૩૪, એ. એન. ટી. કં., દુબઈ.

પરમપૂજ્ય પરમાત્મા શ્રી ગુરુદેવ શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા **અજમાનથી દામજી ભગવાનજી રાઠોડના દંડવત્ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** આપની દયાથી આનંદમાં છીએ, ભાયલાલના પત્રમાં આપની શ્રીજીરક્ષા આવી છે, ખલીવલીના કાયદામાં '૪૦ દિવસોમાં પોતાની કંપનીમાં આવી જાય અથવા ઇન્ડિયા ચાલ્યા જાય' એમ છે તેથી ઘણા દેશમાં આવવા તૈયારી કરે છે, પ્રસાદી પત્ર આવવાથી અમોને હિંમત આવી ગઈ છે, ભગવાન દયાળુ છો, બીજાં કામ અપાવજો, ઇન્ડિયા ન આવવું પડે તેમ કરજ્યો. અમરશીનો પાસપોર્ટ આવી

ગયો છે, સન્લીમાં આવે તેવી દયા કરજ્યો, તે યુરોપિયન કંપની છે, પગાર સારો છે, માણસો માટે વ્યવસ્થા ઘણી સારી છે, જીરાગઢ મારી થોડી ખેતીમાં કપાસ વાવ્યા છે, વરસાદ સારા છે, આંહી તા. ૧૫ના રમજાન ચાલુ થાય છે. રોજા પાળવાના રાતે ખાવાનું એમ રાખવું પડે છે, આપનો પ્રસાદ મળ્યો જમીને ઘણો આનંદ થયો, જીરાગઢ પ્રસાદ મોકલાવ્યો છે, દર્શન દેજો, ભૂલચૂક માફ કરજ્યો, જીરાગઢ મારા માવતર આપનું ભજન કરે છે, મૂર્તિ મગાવે છે પૂજાથી મળશે.

❖❖❖❖❖

પત્ર નં.-૧૨૭ તા. ૯-૮-૭૭

સન્લી, નં. ૨૫૯૬. એ. એન. કંપની. દુબઈ.

રામજી તુલસી ભગત.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવા પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ. જુનાગઢમાં વિરાજમાન દિવ્યમૂર્તિ દેવોના દેવ ભગવાન આપ ખુશી હશો, અમો બધા ખુશી છીએ, તમારું ભજન કરીએ છીએ, તમોને સંભારીએ છીએ, તમો બ્રહ્માંડોના કર્તા હર્તા છો, જગદ્‌ગુરૂ વિશ્વવંદ્ય છો, નથુભાઈ સાથે મોકલેલી સેવા તમોને મળી તે આશીર્વાદ પત્રથી જાણ્યું, વળી પણ લખજ્યો, આનંદ થયો છે, કહો તેમ કરશું, દેવરાજ ભગત સન્લીમાં દુબઈ આવી ગયા છે, તમો પ્રગટ ભગવાન અમોને મળ્યા તેથી અમારું કલ્યાણ થઈ ગયું છે, હે મહારાજ ભૂલચૂક માફ કરજ્યો, તમારુ ભજન કરીએ છીએ, તમોને જમાડીને પ્રસાદી જમીએ છીએ, દર્શન આપજ્યો, રક્ષા કરજ્યો, કામકાજ લખજ્યો, પ્રસાદી ગુલાબ પાંખડીઓ મોકલજો, શરણાગતિમંડળ અમારા સર્વેના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૨૮ તા. ૨૮-૮-૭૭

એલ જાસ્મી કંપની. નં. ૩૧૪૫, દુબઈ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અનાદિ શ્રીકૃષ્ણનારાયણનો સદા જયકાર રહો, શ્રીઅક્ષરાતીત એવા શ્રીહરિ તમોને વારમવાર નમો નમઃ શ્રી પ્રગટ પુરુષોત્તમ નારાયણ શાસ્ત્રીજી મહારાજને નમો નમઃ ગામ **દુબઈથી લિખિતં સેવકો ગુરુભાઈઓ રતિલાલ તથા શ્રીહરિશરણાગતિમંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો,** આશીર્વાદ તથા પ્રસાદીની કંઠિઓ મોકલાવશો, પ્રગટ ભગવાન એવા માવતર તમારા આશીર્વાદો વડે અમો રાજી ખુશીમાં છીએ. ચાવડેથી સેવા લઈને આવશે. રાજી થાજ્યો. દામજી ભગત જુનાગઢ આવશે. દર્શન કરી જાશે, અને પ્રસાદીની વસ્તુ લઈ જાશે, અમારા માતુશ્રીને માયાનો દુઃખાવો મટી જાય તેવી શ્રીજી રક્ષા મોકલજો, તમોએ લખ્યું

હતું તે ભાગ્ય ભાગ્ય કરવામાં ભાગી જવામાં માલ નથી, તો તે સાચું પડ્યું, સન્લીમાં અમોને ઘણુંજ સારું છે. ભાગતા ફરતાને નોટીસો નિકળી છે, રક્ષા કરજ્યો, અમોને સંતાન આપજ્યો, ઇચ્છા પૂર્ણ થાય એ પ્રાર્થના છે, તમારા આશીર્વાદનું સુખ તો ઘણું જ છે, અમારી તબીયત સારી છે, આપને સંભારીએ છીએ, ભગવાન આપના પૂજા પાઠ નામ ભજન રટણ સેવા કરીએ છીએ, આશીર્વાદ લખજ્યો, રાતદિવસ રટનારા રતિલાલ ગંગદાસ શ્રીહરિશરણાગતિમંડળના જય સ્વામિનારાયણ વાંચશોજી, કોટિ દંડવત્ સ્વીકારશોજી એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૨૯ તા. ૨૭-૮-૭૭

એસ. એસ. લુધી કંપની, દુબઈ.

અક્ષરાતીત અનાદિ શ્રીકૃષ્ણનારાયણ જુનાગઢ વિરાજમાન સર્વોપરિ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રગટપ્રભુ સર્વે અવતારોના અવતારી કૃપાસિંધુ દીનબંધુ સર્વેની રક્ષા કરનારા પરમેશ્વર ગુરુદેવ, દેવોના દેવ, શ્રીકૃષ્ણનારાયણ શાસ્ત્રીજી મહારાજ પ્રગટ શ્રીહરિ તથા સંતમંડળ પ્રતિ, **સેવક તુલસી મુળજી મનાણી તથા ઓધવજી તમારા ભક્તના ઘણા હેતભર્યા દંડવત્ પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો,** ભૂલચુક માફ કરજ્યો, તમો ભગવાન મળ્યા તેથી અમોને બધૂંય મળી ગયું છે, તમારા આશીર્વાદો વડે બધા સુખી છીએ, અમો તા. ૭- ૮-૭૭ના રવિવારે સાડા આઠ વાગ્યે દુબઈ પહોંચી ગયા છીએ, કર્તા હર્તા બધું તમો છો, બધું જાણો છો. અમોએ એસ. લુથા કંપનીમાં છીએ, તુલસી તથા ઓધવજી તથા લખમણ સાથે છીએ, શુક્રવારે ગુરુભાઈઓ બધા ભેળા થાય છે, સુખી છે, અમારો પગાર ચઉદસો ઉપર થાય છે, બાવીશ રિયાળ રોજ મળે છે, ચાર હજાર આઠસો એજન્ટને મુંબઈ ભર્યા હતા, કામમાં આરામ છે. ઠંડી વધારે છે, છ થી બાર અને બેથી સાડા છ સુધી કામ હોય છે. ઓવર ટાઇમ નથી મળતો, તમોને સંભારીએ છીએ, મુંઝવણમાં નથી, તમારું ભજન કરીએ છીએ, તમો કરતા હરતા છો, અમારે માટે બધું સારું જ કરો છો.

અમારા મોટાભાઈ આબુધાબી છે, રમજાન મહિનો ચાલે છે તેથી છથી બાર સુધી કામ, પછી છુટી મળે છે, હે શ્રીકૃષ્ણ ભગવાન શ્રીકૃષ્ણનારાયણ સંતમૂર્તિ દયા રાખજ્યો, શરીરે સાજા રાખજ્યો, ભૂલચૂક માફ કરજ્યો, આશીર્વાદ પત્ર લખજ્યો, જેથી અમોને વધારે શાંતિ વરતે, પગાર વધે તેવો સંકલ્પ કરજ્યો, આપ સત્યસંકલ્પ ભગવાન છો, કામ ઉપર તમારી છબી ભેગી રાખીએ છીએ, તમોને ધરીને ખાઈએ પીએ છીએ, અમારી નજર રાખજ્યો, દર્શન આપજ્યો, દેશમાં વિરોધ

કરતા હતા તે આંહી તમારું ભજન પૂજન કરે છે, તેઓને તમારો મહિમા સમઝાણો છે, પ્રગટ ભગવાન શ્રી શાસ્ત્રીજી આચાર્ય સંત શ્રીહરિ સિવાય કોઈમાં ચમત્કાર નથી, સોનાનો દેશ ખોળીને આપણને આપ્યો છે, એમ મહિમા ગાય છે, અને ભજે છે, દયાળુ છો, અમારા સારાવાના કરતા રહેજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૧૩૦ તા. ૧૮-૯-૭૭

ભાટીયા કંપની, નાં. ૨૦૬૪, દુબઈ.

પ્રગટ પરમાત્મા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમ: શ્રીસ્વામિનારાયણ ભગવાનને નમો નમ: શ્રીહરયે તમોને નમો નમ: શ્રીસ્વામી તમોને નમો નમ:, ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ, ત્વમેવ વદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવદેવ. નારાયણો નીલકંઠ: સ્વામિનારાયણો હરિ:, હરિકૃષ્ણશ્ચ સહજાનંદ: કૃષ્ણો'સ્તુ મે હૃદિ. અપરાધસહસ્ત્રાણિ ક્રિયન્તેઽહર્નિશં મયા દાસોઽયમિતિમાં જ્ઞાત્વા ક્ષમસ્વ પુરુષોત્તમ. પરમદયાળુ પરમેશ્વર તમારી કૃપાથી અમોને નિરંતર પ્રત્યક્ષ ભગવાનનું માહાત્મ્ય અને નિષ્કામ ભક્તિ વરતે છે, **દુબઈથી સેવક જયંતિલાલ દેવશી બંભાણીયા માધાપુર કચ્છના તથા સન્લી કંપનીવાળા શ્રીહરિશરણાગતિ ભક્તોના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.** આપ ભગવાન જગત્પિતાની દયાથી સરવે સેવકો આનંદમાં છીએ, આપનો આશીર્વાદ પત્ર મળ્યો છે, વધારે ધન્યભાગી થયા છીએ, આપે પરમએકાન્તિક ભક્તોને સન્લી કંપનીમાં મોકલ્યા છે તેથી આહીંની ભૂમિને દૈવી બનાવી છે, સત્સંગપ્રદેશ બનાવી દીધો છે, આવો આ અલૌકિક આનંદ મેળવીને અમારા જીવનને ધન્ય ગણિએ છીએ.

સન્લીમાં રજાના દિવસે ભક્તમંડળ મળીને મહામહોત્સવ કરીએ છીએ, આપ ભગવાનની કૃપાવડે અમો પ્રત્યક્ષ નિષ્કામ ભાવના વ્રત નિયમ ભક્તિ કરીએ છીએ, રમજાનમાં ઇદમાં તા. ૧૪થી, ૧૭ ચાર દિવસો દરરોજ, ૧ દિવસ સન્લી કંપનીમાં, ૨ દિવસે નથુ ભગતને મુકામે, ૩ દિવસે રામજીભગત એલ મહમદિયાવાળાને મુકામે, ૪ દિવસે શ્રીહરિશરણાગતિમંડળના સમૂહ નિવાસે, કથાવાર્તા સત્સંગ ભજન ભોજન મહોત્સવ આપની આરતી પૂજા કર્યા છે. બહુજ સત્સંગનો કેફ વર્તે છે, જુનાગઢ જ નિજ ભવન રૂપી ગુફામાં બિરાજો છો તે પણ ઘણું મોટું તપ છે, અનેકને દર્શન આપો છો, અખંડ તૃપ્ત તપસ્વી ભગવાન જેવા ભગવાન મૂર્તિ છો, આપ માવતર કૃપાદૃષ્ટિ સર્વે બાળકો ઉપર કરતા રહેજો, ઘણા ભગવાનોને ઘણા પ્રકારો વળગેલા હોય છે, જ્યારે આપ ભગવાન માળા ધ્યાન ભજન લેખનમાં અલમસ્ત નિર્લેપ વર્તો છો, દત્તાત્રેયથી નરનારાયણથી અને વ્યાસજીથી પણ વધો છો, આપના

પરચા ચમત્કારોનો તો પારજ નથી, તે સાંભળીને સત્સંગનો કેફ વધતો રહે છે, ભક્તિમાં ગરકાવ રહેવાય છે, દર્શન દેતા રહેજ્યો, હવે જન્માષ્ટમીઓ પૂરજોરમાં પ્રોસેશન વાજાં શણગાર ગાડીઓ મૂર્તિ છત્ર વિગેરેની શોભા સહિત ઉજવવા નક્કી કરેલ છે, કંપનીયોના મોટેરાઓ ભક્તિ જોઈને બહુ જ રાજી થાય છે, મદદ આપે છે, અને ભેગા મળે છે, આ તો ભગવાન તમારી લીલા છે, તમારી મૂર્તિ સૂર્ય સામે ચળકે છે, ત્યારે અંદર હસતા તમો દેખાયા કરો છો, હજારો ફૂલોના હાર ચોખાથી વધાવાય છે, ધન્ય છે પ્રભુ પ્રત્યક્ષ ભગવાન વિના આવો આનંદ ક્યાંથી હોય ?, પ્રસાદી આશીર્વાદ પત્ર લખજ્યો, ભૂલચૂક ક્ષમા કરજ્યો, દુબઈ, નાં. ૨૦૬૪, આંહી કરશન હીરજી વેકરીયા માધાપરના આપના ભક્ત થયા છે, તેમને શરણમાં રહે તેવો પરચો આપજ્યો, સંકલ્પ પૂરજ્યો, કૃપાપત્ર લખજ્યો, સંભાળ રાખજ્યો, દર્શન આપજ્યો, જયંતીલાલના તથા શ્રીહરિશરણાગતિમંડળ તમામના જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૩૧ તા. ૨૭-૮-૭૭

નાં. ૫૪૧, જુમેરાહ, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ દુબઈથી ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યમહારાજના ચરણ કમળોમાં દયાળજીભાઈ વિગેરેના જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી, અમો આપ ભગવાનની દયાથી ખુશીમાં છીએ, માનસીપૂજામાં તથા પ્રત્યક્ષપૂજામાં સવારે સાંજે આપ ભગવાનની પૂર્ણ પૂજા કરીએ છીએ, શ્રીહરિશરણાગતિના મંડળના ભક્તોએ આપને મંડળને શ્રાવણમાસ પૂરેપૂરો પાકી રસોઈ જમાડવાનો નિયમ લીધેલ છે, સેવા મોકલાવી દેશું, દરરોજ થાળ જમજો જમાડજો, અમો પણ છેવટે મોટી રસોઈ કરાવીને બધા ભક્તો સમૂહ ભોજન ભક્તિ ધુન્ય મહોત્સવ કરશું. કોરી પ્રસાદી પોષ્ટથી મોકલાવજ્યો, અમો જમાડીએ ત્યારે સાક્ષાત્ જમજો, આ વર્ષે બધાને સારા લાભમાં ફળીભૂત છે, કૃપા આશીર્વાદ દેજો ખૂબ ઉપજ થાય સેવા થાય આનંદ ઉત્સવ થાય, રાજીપાના દર્શન દેજ્યો, બધાની સંભાળ રાખજ્યો, બધાના વતી દ: દયાળજી ભૂલચુક માફ કરજ્યો, દયાળજીભગત ધીરજલાલ ભગત, બંને મોહનભગત, રતિલાલભગત, તુલસીદાસભગત, ટપુલાલભગત, દેવજીભગત, સામજીભગત, નાથાલાલભગત, પ્રાગજીભગત, અમરશીભગત, આદિક નાના મોટા શ્રીહરિશરણાગતિમંડળને જમતાં જમતાં આશીર્વાદ આપજો નજર રાખજો જય સ્વામિનારાયણ વાંચજો. પૃથ્વીસ્પર્શી દંડવત્ પ્રણામ સ્વીકારજો, બસ એજ. છૂટા છવાયા તમામને શ્રાવણનું ફળ આપજો, એજ પ્રાર્થના.

❖❖❖❖❖

પત્ર નં.-૧૩૨ તા. ૨૯-૮-૭૭

સલાલાહ, ઓમન, નાં. ૮૧૬૬, દુબઈ.

પરમપૂજ્ય પરમપ્રભુ સાક્ષાત્ શ્રી શ્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, જુનાગઢ પ્રતિ, **સેવકો કેશવજી વસ્તા જાવીયા તથા જગજીવન રવજી, તથા પરસોતમ સામજી, તથા રવજી નાનજી તથા શ્રીહરિશરણાગતિમંડળના ગુરૂભાઈઓ ભક્તોના કચ્છીસત્સંગીઓના દેશી ભક્તોના પણ સ્નેહ સાથે જયસ્વામિનારાયણ વાંચજ્યો,** આહીં ઘણો આનંદ છે, આપ શ્રીની કૃપાદૃષ્ટિથી શાંતિ વર્તે છે, ખુશી આનંદમાં છીએ, કામકાજ ચાલ્યા રાખે છે, રાજી રહેજ્યો, દેશમાં ઘેર એક વર્ષમાં સાડાતેર મોકલાવેલ છે, બધા ખર્ચા કરજ સેવાઓ બધું પણ તે સિવાય કર્યું છે, બધા સેવકોએ શરદપુનમે રક્ષાબંધન બળેવ સમૂહ મળી ઊજવણી કરેલ છે, બધા બળમાં છે, આશીર્વાદ આપજો, સેવાઓ મોકલાવી છે, સંભાળ લેતા રહેજો, સાજા નરવા રાખજ્યો, બધાવતી કેશવજીના જય સ્વામિનારાયણ વાંચવા.

❖❖❖❖❖

પત્ર નં.-૧૩૩ તા. ૨૦-૮-૭૭

દુબઈ.

શ્રીહરિશરણાગતિમંડળ તથા સેવકો સંતોના, ભગવાન પ્રગટપુરુષોત્તમનારાયણ શ્રીહરિ આનંદઘન ભક્તવત્સલ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને કોટિ દંડવત્ સહિત નમસ્કારો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા, મોહનલાલ રતનશી વિગેરે તમારા ભક્તો સુખી રહો વધારે કમાઓ એવા આશીર્વાદ આપજ્યો, શ્રાવણના ઉચ્છવથી બધાને ખૂબજ આનંદ વરતે છે, ભગવાને રાજી કરતા આવડ્યું છે, ભગવાન પણ રાજી જ છે, દેશમાંથી આપના દર્શન કરીને ભક્તો આવે ત્યારે એક દિવસ સભા ભરીએ છીએ સાકર પ્રસાદી વ્હેંચીએ છીએ, શુભ સમાચારો મળે છે, વિશેષ આનંદ થતો રહે છે, જુમ્માને દિવસે બધાને સમાચાર પહોંચી જાય છે, થાય તેટલું ભજન કરીએ છીએ, તમારો કેફ બહુજ રહે છે, રાજી રહેજ્યો, દર્શન દેતા રહેજ્યો, આશીર્વાદ આપજ્યો, અમીના ઓડકાર આવે તેમ સેવકોની સેવાઓ સ્વીકારજ્યો, અક્ષરધામના મુક્તોને નવા નવા થાળ પ્રસાદ જમાડીને રાજી કરજ્યો, ભક્તોને બધાં સુખ મળશે, આપ રાજી તો બધું ય સુખ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૩૪ તા. ૨-૭-૭૭

દુબઈ.

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રતિ, વીરજી ડાયાભાઈ ભગત તથા કચ્છી પ્રેમજીભાઈના જયસ્વામિનારાયણ વાંચશોજી, હે પ્રભુ શ્રીહરિ ફૂલપાંખડી

સમ સેવા સ્વીકારજ્યો, આશીર્વાદ મોકલજો, તમારા દર્શન ભજન થાય શ્રીહરિ શરણાગતિમાં કથા વાર્તા ભજન થાય તેમ રક્ષા કરજ્યો, પત્રથી સંભાળ લેજો, તમો પ્રગટ પ્રભુ વિના આહીં બીજા કોઈ રક્ષા કરે તેમ નથી, થોડું લખ્યું જાજું માનજ્યો, બધાના જયસ્વામિનારાયણ સ્વીકારશો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૩૫ તા. ૪-૯-૭૭

મસ્કત, રૂવી, નાં. ૪૩૪૭, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સેવામાં **મસ્કતથી લિખિત સેવક પરસોતમ તૂલસી ટાંક તથા શ્રીહરિશરણાગતિમંડળના તમારા ભક્તોના જય સ્વામિનારાયણ વાંચવા,** શ્રી શાસ્ત્રીજી મહારાજ ! કાંદીવલી તમારી દયાથી બધાને સારું છે, મોટાભાઈનો પત્ર દુબઈથી આવ્યો છે બધા પ્રગટ શ્રીહરિ તમારું ભજન કરે છે, તમારી દયાથી સાજા નરવા રહીએ છીએ, મુકેશ શ્રીજી રક્ષા બાંધ્યા પછી કજીયા કરતો નથી સારું થઈ ગયું છે, સાંજે સવારે તમારી માળા ફેરવીયે છીએ, તમારું ભજન કરીએ છીએ, તમારી દયાથી સુખી છીએ, તમારે પ્રતાપે બધા દુઃખ ટળી ગયા છે, કમાણી પણ તમોએ સારી આપી છે, આશીર્વાદ પત્ર લખજો, બધા વાંચીને ખુશીમાં રહેશું, રક્ષા કરતા રહેજો, નારણ મુંબઈ છે, આપનો દાસ સેવક પરષોતમના તથા શ્રીહરિશરણાગતિમંડળના સદંડવત્ પ્રણામ જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.

❖❖❖❖❖

પત્ર નં.-૧૩૬ તા. ૬-૯-૭૭

એલ. ધુરેર સન્સ કંપની. નં. ૮૦૭, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે. સર્વશુભોપમાં યોગ્ય, પરમકૃપાળુ દયાળુ ગૌ બ્રાહ્મણ સંત વિનીત પ્રતિમાળ, ભક્તવત્સલ, અક્ષરધામના અધિપતિ શ્રીસ્વામિનારાયણ ભગવાન સ્વયં સ્વરૂપ સર્વેના સ્વામીનાથ રાજાધિરાજ તપસ્વી પુરુષ પરમયતિબ્રહ્મવ્રતી સ્વામિજી શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રગટ પુરુષોત્તમ નારાયણ અનાદિ શ્રીકૃષ્ણાનારાયણ શ્રીહરિકૃષ્ણ મહારાજ શ્રીઘનશ્યામ મહારાજ શ્રીકંભરાગોપાળકૃષ્ણાત્મજ સર્વાત્મા સર્વનિયંતા સર્વેના અંતર્યામી સર્વેના સાક્ષી સર્વેના સાક્ષી સર્વ કર્મ ફલ પ્રદાતા માનવ દિવ્યમૂર્તિ, અસંખ્ય ઐશ્વર્ય સામર્થ્ય ચમત્કારભરી મૂર્તિ, અગણિત વિદ્યા સર્વકલાઓના સાગર, અસંખ્ય વિશ્વકર્માઓના શિક્ષક બ્રહ્મવિદ્યાપ્રવર્તક મોક્ષદાતા ભક્તસમાનશીલવાળા પ્રગટપ્રભુ શ્રીમહાચાર્ય વેદાચાર્ય વ્યાસાચાર્ય શ્રીશ્વેતાયનવ્યાસમૂર્તિ સ્વયં ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રતિ

મુ. જુનાગઢ, શ્રીસ્વામિનારાયણ મંદિરમાં ભંડારને મેડે નિજભવનમાં વિરાજતા તથા ડેરામાં વિરાજતા સર્વભક્તોના મનોહરમૂર્તિ શ્રીહરિકૃષ્ણમહારાજ શ્રીસ્વામિનારાયણભગવાન શ્રીઅનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણભગવાન પ્રતિ, **દુબઈથી લિખિત આપના ચરણ કમળનો દાસ સદા ભજન કરનાર સેવક મગનલાલ મુરજીભાઈ તથા શ્રીહરિશરણાગતિમંડળના અનંતકોટિ દંડવત્ પ્રણામ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચવા.** આપણા સંતમંડળ શ્રી કોઠારીસ્વામી તથા દેવસ્વામી તથા હેમતભગત વિગેરેને દંડવત્ સાથે જય સ્વામિનારાયણ વાંચવા, આપણા સંત મંડળ શ્રી કોઠારી સ્વામી તથા દેવસ્વામી તથા હેમતભગત વિગેરેને દંડવત્ સાથે જય સ્વામિનારાયણ સ્વીકર હો, હે ભગવાન તમોએ મને ઘણાએ રોગ અને દુ:ખમાંથી બચાવ્યો છે, વળી કમાણીના ક્ષેત્રમાં પહોંચાડ્યો છે, અને ભક્તિમાં સમઝણમાં સેવામાં તથા સારા સત્સંગમાં મેલ્યો છે, આપના પરચાઓ જોઈને ચરણોમાં અર્પિત થયેલો ભક્ત છું, આપની કૃપાથી મારે બધુંય સારું છે, આંહી અમારી કંપનીએ અઠાવીશમાંથી વીશ રિયાલ કરી નાખેલ પણ આપની મહાપૂજા દરરોજ સવારે ધૂપ દીપ નૈવેદ્ય આરતી વિગેરે કરીને પ્રાર્થના કરવા વડે એક મહિનાના નિયમ પછી તમારાં દર્શન થયાં પગાર કંપનીએ વિના કહ્યે પાછો અઠાવીશ કરી દીધો છે, તમો મારી બહુ જ સંભાળ રાખો છો, મહારાજ દયાળુ મારાથી કાંઈ સેવા બની નથી. આપના આપેલામાંથી આપને સેવીશ, આપ ભગવાન બધું જાણો છો, આ દેશ પરદેશ છે પણ સ્વદેશ અને સ્વગામ સ્વકુટુંબ જેવો જ છે આપણા ઘણાં ઘણાં દેશી માણસો ભક્તોજન કારીગરો દુકાનદારો વિગેરે છે, મુંઝવણ નથી તો પણ ખબર રાખજ્યો.

આજરોજ મેં આપની જન્માષ્ટમીનો ઉપવાસ કર્યો છે, કોઈએ તા. ૫-૯-૭૭ની જન્માષ્ટમી કરી છે દર્શન આપતા રહેજો. સર્વે ગુરૂભાઈઓના જય સ્વામિનારાયણ વાંચશો દુબઈથી અમો દોઢસો માઈલ દૂર છીએ, છુટીમાં દુબઈ જાઈએ છીએ, વાહન સગવડ ઘણી છે, વાણીનો સાક્ષાત્ પત્ર લખજો, અમારી તબીયત સારી છે, તા. ૬-૯-૭૭નો આજે ઉપવાસ છે. કામ બંધ રાખેલ છે. દયા ભાવ રાખજ્યો, આશીર્વાદ લખજ્યો, ધ્યાન રાખજ્યો, અગ્યારસ રહિએ છીએ, એકટાણું કરીને પણ વ્રત કરીએ છીએ, તમારો ઉચ્છવ કરીએ છીએ, આપના દર્શન ઇચ્છતા સેવક મગનલાલ શ્રીહરિશરણાગતિમંડળના જય સ્વામિનારાયણ સ્વીકારજ્યો. દસ્કત મગનલાલ મુરજી રાંપરીયાના દંડવત્ પ્રણામ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૩૭ તા. ૩-૯-૭૭

દુબઈ.

શ્રી બ્રહ્મધામ નિજધામ જીર્ણદુર્ગમાં વિરાજમાન દિવ્યમૂર્તિ અમારા ઇષ્ટદેવ મહાપ્રભુજી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીનાથ તથા સંતમંડળ પ્રતિ **મોહન ભગત તથા સર્વે ગુરુભાઈએના દંડવત્પ્રણામ સ્વીકાર હો.** આપના આશીર્વાદ અને પ્રસાદી ગુલાબ પાંખડીઓ મળી, બધા ભક્તોએ પ્રસાદી ખાધી, આપના પ્રતાપે સર્વ ખુશી આનંદમાં છીએ, આ રમજાન મહિનામાં દરરોજ પાંચ કલાક અને ઓવર ટાઇમ પણ થાય છે, દુબઈના રોજ છત્રીશ રિયાળ છે, આઠ કલાક કામે રહેવાનું છે, અમો બધા ભક્તો હળીમળીને સંપીને રહિએ છીએ, અખિલભૂમંડલીય વાંચીએ છીએ, દશમી મુક્તિને વારમવાર વાંચીને ઘણો આનંદ લઈએ છીએ, તેની રીતો સમઝીને આનંદ થાય છે, અમારા બનેવી દામજી પ્રેમજી લખે છે જે ફૂલવાડીમાં પિલાસ્તર ભગવાનજી રાજા તથા ચંદુલાલ કરશન કરે છે, શરણાગતિમંડળને જલ્દી દુબઈ મોકલજો, પૂના બધા સેવાભક્તિ કરે હરિકૃષ્ણ વિગેરે સેવા કરે એમ આશીર્વાદ લખજ્યો, અમોને લખવા યોગ્ય જરૂર લખજ્યો, ભક્તો ભેગા મળીને અવસર પ્રમાણે કથાવાર્તા કરીએ છીએ, આનંદ થાય છે, તમારા ચમત્કાર પ્રતાપોની વાતો બગીચાવાળા દેવરાજ ભગત કરે છે, તમોને સંભારીએ છીએ, દર્શન આપતા રહેજ્યો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૩૮ તા. ૧૮-૮-૭૭

પાનગુલ્ફ કંપની, દુબઈ.

શ્રીહરિશરણાગતિમંડળ, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પ્રગટ ભગવાન તથા સંતમંડળને **દુબઈથી મોહનલાલ રતનશી સાપરીયા વિગેરે શ્રીહરિશરણાગતિમંડળના સમૂહના જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** વિશેષ જે તીર્થમાં જન્મભૂમિની જમીન ઘર લઈ લેવાય એમ વેલજી ભગતનો પત્ર હતો તેમને જલ્દી લઈ લ્યો એમ અમોએ લખેલ છે, આપ રાજી થજો. ભગવાનની મરજીથી સારુ થયું છે, કિંમત નક્કી લખસે તે પ્રમાણે છગનભગત ભગવાનજીભગત વેલજીભગ તને પહોંચાડી દેશું, આપનું ભજન કથા વાર્તા કરિએ છીએ, નવા વરસમાં કબજો મળી જાય તેમ તેમને અમોએ લખેલ છે, એજ, ચોપડીનું કામ શ્રીહરિશરણાગતિમંડળ તરફથી ચાલે છે. તીર્થનું કામ છગનભગતને સોંપશું, તે જાણજ્યો, સેવકોને આશીર્વાદ દેજ્યો એજ. મોહનલાલ રતનશી તથા હાજર સેવકોના દંડવત્પ્રણામ વાંચજો, બંન્ને મોહનલાલભગત, રતિલાલભગત, દેવરાજભગત, અમરશીભગત, તુલસીદાસભગત, ટપુલાલભગત, વાલજીભગત, માવજીભગત, નાનજીભગત, ભગવાનજીભગત,

જયંતિલાલભગત, રામજીભગત, અમૃતલાભગત, મગનલાલભગત, શામજીભગત, વૃજલાલભગત, કરશનભગત, વેંકટસ્વામીભગત, કેશવજીભગત, પરષોતમભગત, જગજીવનભગત, રવજીભગત, હેમરાજભગત, પ્રેમજીભગત, દેવજીભગત, ગોરધનભગત, પ્રભુલાલભગત, સિવજીભગત, પ્રાગજીભગત, રામજીભગત, છગનલાલભગત, વીરજીભગત, કુંવરજીભગત, મનસુખલાલભગત, નરેન્દ્રભગત, ચુનીલાલભગત, શાંતિલાલ બંને, તમામ શરણાગતિમંડળ સેવકોનાં પૃથ્વીસ્પર્શી દંડવત્પ્રણામ વાંચજો, બધા ઉપર દયા રાખજ્યો, એજ પ્રાર્થના, સાજાનરવા રાખજ્યો, દર્શન દેજો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૩૯ તા. ૧૨-૧૧-૭૭

સલાલાહ, નાં. ૪૩૪૭, રૂવી, મસ્કત, દુબઈ.

શ્રીદિવ્યવિભૂતિભૂમિ ગિરિનાર તળાટીના દિવ્યગઢમાં વિરાજમાન શ્રીહરિગુરુમહારાજ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સેવામાં **મસ્કતથી લિખિતં સેવક પરસોત્તમ તુલસી ટાંક વિગેરે ગુરુભાઈઓના તથા શ્રીહરિશરણાગતિમંડળના નવા વર્ષના જય શ્રીસ્વામિનારાયણ વાંચવા,** આપની દયાથી અમોને બધાને સારું છે, શુક્રવારે મળીએ છીએ, ભગવાન તમો અમારી નજર રાખજ્યો, તમારે આધારે ભરોંસે રહિએ છીએ, તમારા દર્શન થતા રહે છે, રતિલાલ, આંબાલાલ, અને પરસોતમ ત્રણ સલાલાહમાં ભેગા છે, બીજા રૂવીમાં છીએ, દિવ્યદર્શનની કૃપા કરજ્યો, વાર તહેવારે મુમ્બઈ પૂના મસ્કત દુબઈ વિગેરે સ્થળે નિજ ભક્તોને જરૂર દર્શન દેવા ફરતા રહેજો.

આપને કાંઈ ગમતું નથી તે અમો જાણીએ છીએ પણ દર્શન તો દેવા, તેથી બળ વધે, તમો ભગવાન છો, વ્યાસજી છો, અવતારી છો, છાનાં વરતો છો, ભક્તિ વડે ભક્તોનું પોષણ કરતા રહેજ્યો, કરોડપતિ શેઠિયો નાણાં આપીને ગરીબોને આઘા રાખે, તમોએ નાણાં સોના ખુબ અપાવ્યા પણ આઘા નથી કાઢવા પાંસે રાખ્યા છે, તમારા રોપડા છીએ, કૃપાનો વરસાદ થોડો થોડો વરસાવતા રહેજો, લીલા રાખજો, તેમાંથી અમાપ વનરાઈ ફેલાશે, જન્મસ્થાને નવું બનાવવાનું બધા ધારે છે, મસ્કત દુબઈ વિગેરે મોટી તૈયારીમાં છે, બધા કટિબદ્ધ છે, દિવ્ય મહાપ્રાસાદ કરવા ધારે છે, આપ આશીર્વાદ આપજો મુંબઈ કાન્દીવલી સાજાનરવા છે. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૪૦ તા. ૫-૧૧-૭૭

દોહાકટાર, દુબઈ.

પરમદયાળુ કૃપાળુ પ્રગટ બ્રહ્મસ્વરૂપ સદ્‌ગુરૂવર્ય ભગવાન શ્રીહરિ શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની પવિત્ર સેવામાં **દોહાકટારથી તમારું ભજન કરનાર શિષ્ય તુલસી ડાયાભાઈ ટાંકના સદંડવત્ જય સ્વામિનારાયણ વાંચજ્યો,** નૂતન વર્ષાભિનંદન સ્વીકારજ્યો, કામકાજ સારા છે, આપની કૃપા છે, માસિક ૧૫૦૦ મળે છે, વધારે પણ મળશે, આવવાનો ખર્ચ કરજ ઉતરી ગયું છે, ૧ વર્ષનો એગ્રીમેન્ટ છે વધારે મળશે તો કઢાવશું. પછી જૂનાગઢ આપના દર્શને આવશું, કૃપા કરજ્યો, અમારો વ્રજલાલ દેહ મેલી ગયો તેના આત્માને મોક્ષમાં પહોંચાડજ્યો કામ સેવા ફરમાવજ્યો, દંડવત્ સાથે જય સ્વામિનારાયણ વાંચજ્યો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૪૧ તા. ૩-૧૧-૭૭

લેબર કેમ્પ, નં. ૨૦૫૦, દુબઈ.

પ્રગટ શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રતિ, **રામજી કાનજી ચોટલિયા તમારા શિષ્યના દંડવત્પ્રણામ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચજ્યો,** મહારાજ હું ઇરાક તા. ૫-૧૧- ૭૭ ગયો હતો, પછી ૧૦-૬-૭૭નો મુંબઈ આવીને એક મહીના બાદ દુબઈ આવ્યો છું, તો ભગવાન આંહી આપની દયાદૃષ્ટિથી વધારે સુખી થયો છું, મારા ઉપર કુંજના જેમ વૃત્તિ રાખીને સેવજ્યો, ચાર માસ થયા છે પગાર બહુ જ સારો છે, કંપની સારી છે, નવા વર્ષના આશીર્વાદો મોકલજો, મારા ઘર કુટુંબ મુંબઈ મુલુન્ડ છે, ગોવિંદ કુરજી દુબઈમાં છે, દર શુક્રવારે મળીએ છીએ, તમો ભગવાન અમારી રક્ષા કરજ્યો, શ્રીહરિશરણાગતિમંડળીની ભેળી સેવા મોકલાવશું, રાજી રહેજો, ટોક નં. ૫૩૦, પો. નાં. ૨૦૫૦, આશીર્વાદ મોકલજ્યો, ભગવાન શ્રીહરિ તમો રક્ષા કરજ્યો, મુંબઈ રક્ષા કરજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૪૨ તા.૫-૧૧-૭૭

દુબઈ.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમ:, બ્રહ્મધામતુલ્ય નિજભવનમાં વિરાજીત પ્રગટ શ્રીહરિકૃષ્ણ ભગવાન સર્વના કર્મફળ પ્રદાતા, અશરણના શરણ તથા શ્રીહરિશરણાગતિમંડળના શિરતાજ તથા શ્રીસ્વામિનારાયણ સમ્પ્રદાયના જ્ઞાની વિજ્ઞાની વિશ્વવંન્દ્ય મોટા સૂર્યસમાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ તથા સત્સંગના અમૃત મહાસાગર એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અને સંતમંડળ પ્રતિ, ગામ

દુબઈથી લિખિતં મોહન ભગત, દયાળજી ભગત તથા સેવકો નાના મોટા ૭૦થી ૭૫ આપના ભક્તો સમૂહના દંડવત્પ્રણામ સ્વીકારશો. આશીર્વાદો મળ્યા ઘણો આનંદ થયો છે, સન્લી કંપનીના મોટા ભવનમાં શુક્રવારના ખૂબજ ધામધૂમથી ઓચ્છવ ઉજવ્યો છે, ભક્તો કારીગરો, મોટેરાઓ બધા બસો ઉપર માણસોએ ભજન ભોજન પૂજન વિગેરેનો લાભ લીધો છે, કીર્તન આરતી વખતે હર્ષના આંસુ ઝરતા હતાં, ભગવાનનો પ્રસાદ સમૂહ ભોજન કર્યાં હતાં, તીર્થભવન માટે સુધારવા શ્રીહરિશરણાગતિમંડળની તૈયારી વ્યવસ્થા કરી છે, આપે માળા ભજન આશીર્વાદો આપવા જેથી બધું સફળ થાય, થોડું કર્યું વધારે માનજ્યો.

તમારામાં પ્રીતિવાળા એકાન્તિક ભક્તોના સમૂહમાં રહેવાય દિવ્યભાવ રહે એવા આશીર્વાદો યોગ સુયોગ આપજ્યો, ઉત્સવમાં અલૌકિક દિવ્યદર્શન આપજ્યો, થાળ આરતી ધુન્ય કીર્તન વિગેરેમાં યોગ્ય લાગે તેમ દર્શન દેતા રહેજ્યો, ઘણાંઓને દર્શન થયાં તે તો મુક્તપણે વરતવા લાગ્યા છે, ત્યાં દેશના શરણાગતિમંડળને તીર્થ ભવન કરવા અમોએ લખેલ છે. આપે ભક્તો ઉપર બધું મેલ્યું છે. આપ સત્યસંકલ્પ છો, જેમ ધારશો તેમ થાશે. વિશાળતાનો સંકલ્પ કરજ્યો, એજ અમો તો પ્રભુ એરણની ચોરી કરીને સોયનું દાન કરે તેવા છીએ, પાંચ પૈસાની માનતા કરીને હજારો રૂપિયાની માંગણી કરીએ એવા છીએ, ચિન્તામણિ મળેલ છે પણ બાળક બુદ્ધિ છે. ચિંતવતા નથી આવડતું. પ્રભુ તમો અંતર્યામી છો, માવજી ભગત દેશમાં ભર્યા ભર્યા આવે છે, દેશમાં જન્મભવન માટે ભક્તોને મળશે, તેઓ કરશે તેમાં આનંદ માનીશું, અહીં સન્લીલાં ભારે સત્સંગ કરીએ છીએ, ભગવાન નવે વર્ષે ચમત્કાર વાપરજ્યો, બધાને માટે શુભ સંકલ્પો કરજો, સર્વેના હૃદયોના સમર્પણ ભાવ સ્વીકારજ્યો, યોગ સમાધિમાં કાયમ ન રહેવું. ભક્તો ભેગું ભળવું બધાનાં કલ્યાણ કરજ્યો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૪૩ તા. ૨૪-૧૦-૭૭

સલાલાહ, ઓમન કંપની, નાં. ૮૧૯૬, દુબઈ.

અનંત ધામોના ધામી, અસંખ્ય અવતારોના અવતારી પ્રગટદિવ્યમૂર્તિ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળ, **સલાલાહથી લિખિતં, શ્રીહરિશરણાગતિમંડળ તથા કેશવજી વસ્તાના સદંડવત્ જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો,** આપના નવા વર્ષના આશીર્વાદો મળ્યા, ઘણો આનંદ થયો, આપની જન્મજયન્તીનો અમોએ મહામહોત્સવ કર્યો હતો, ધામધૂમે ઉજવ્યો છે, જામવંથળીથી લખે છે - જગદીશને ત્રણ વખત પડી જવાથી હાથ ભાંગી ગયેલ છે તો નડતર

શંકા જેવું હોય તો જોઈને લખજો નિવારણ કરાવી લેશું, ઘેરથી ટેક લીધી છે, ખર્ચ થાશે તે કરીશું, ધક્કા વારમવાર લાગે છે તો જરૂર નડતર હશે, જામવણથળી બે શ્રીજીરક્ષા મોકલાવજો, અહીં ધરમશી નેણસીની કચ્છી કંપનીમાં ઓરડો મંદિર બનાવેલ છે. શ્રાવણમાં હિન્ડોળાના ઉત્સવો કર્યા છે તેનો ફોટો આ કવરમાં છે, વંથળી મોકલાવી દેજ્યો, કચ્છી સત્સંગીઓ કારીગરો આંહી ઘણાં છે, તથા પરશોતમભાઈ, જગજીવનભાઈ રવજીભાઈ, તથા કચ્છીઓના જય સ્વામિનારાયણ વાંચશો, અમો મંદિરે રાતે જઈએ છીએ પાછા મકાને આવીને છીએ, એજ, પ્રગટ શ્રીહરિ તમોને તેઓ ઘણાં ઓળખે છે, આશીર્વાદ લખજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૪૪ તા. ૨૬-૧૦-૭૭

બર્નાર્ડ સન્લી કંપની, નાં. ૨૭૦૭, દુબઈ.

દેવવન્દ્ય ઈશ્વરવન્દ્ય મુક્તસેવ્ય કૃપાળુ ભગવાન સર્વના સ્વામી સર્વેના નિયન્તા અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મહાપ્રભુ દિવ્યમાનવસ્વરૂપ શ્રીશ્વેતાયનવ્યાસમૂર્તિ પ્રતિ, **દુબઈથી આપના ચરણકમળ સેવક જયન્તિલાલ તથા ભગવાનજી પોરિયા, અને મોહનભગત વિગેરેના શ્રીહરિશરણાગતિમંડળના જાજા દંડવત્ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચજ્યો,** આપના આશીર્વાદો વડે ભક્તો સંતો રાજી રાજી છીએ, જન્મજયંતી અષ્ટમી શુક્રવારે છુટી હોવાથી બધા ધામધુમે ઉજવશું આંહી શ્રીહરિશરણાગતિમંડળ સારું મોટું એકઠું થઈ ગયું છે, તમારી દયાથી બધાને સર્વ રીતે ચઢતી કળા છે, તમારું અહોનિશ ભજન થયા કરે છે, ભૂલચૂક માફ કરજ્યો, સેવા જણાવજો, તમો મહારાજ અમારી ભેગા છો, એટલે અમારે કાંઈ ચિંતા નથી, ભગવાનના કામ ભગવાન કરશે, અમે તો ગેડીયા ભરાવશું, તમારી ઇચ્છા હશે એમ થાશે રાજી રહેજ્યો આજે શરદપૂનમે પત્ર લખ્યો છે, તમોને દૂધ પુવા જમાડશું, દરિયા કિનારે બહુજ શોભાઓ થાય છે, તે જોઈને તમો ચંદ્રમુખ તેજસ્વી સાંભરો છો, અમારે ઘરે આશીર્વાદ મોકલાવજો સાજા નરવા રહે, બધાની સંભાળ લેજો, જન્મજયન્તીએ મુંબઈ પૂના દુબઈ મસ્કત વિગેરેમાં દર્શન આપજો, સત્સંગ વધશે મૂર્તિમાં દેખાજો હાજર રહેજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૪૫ તા. ૬-૯-૭૭

એ-૧, સલુન, શેખ મહમદ રોડ, મોહરક, બહેરીન, દુબઈ.

શ્રીકૃષ્ણ; શરણં મમ, શ્રીહરિ: શરણં મમ,

સેવક હરિલાલ વેલજી, તથા સાથેના શ્રીહરિશરણાગતિમંડળના જય

શ્રીસ્વામિનારાયણ સહ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજના ચરણોમાં સર્વાર્પણ દાસભક્તિ સહિત દંડવત્ પ્રણામ સાથે જય શ્રીહરિ વાંચવા જય સ્વામિનારાયણ વાંચવા જય શ્રીકૃષ્ણનારાયણ વાંચવા, તમારા સંકલ્પો પ્રમાણે સેવકો તૈયાર થાય છે, તમારા ધારવા પ્રમાણે સાધ્યસિદ્ધ થાય છે, હું યથાશક્તિ તમારી સેવામાં જ છું, આવા યુગમાં પ્રગટ શ્રીહરિની ઓળખાણ એ જ મોક્ષ આપનારા છે, દેહ છતાં જ અક્ષરધામનું સુખ મળ્યું છે એમ મનાણું છે, મારો બાબો આપનો સેવક બાળકૃષ્ણ આનંદમાં રહે, સારી રીતે ભણે આશીર્વાદ આપજ્યો, તીર્થજન્મસ્થળીમાં નવીન કામકાજ કરવાનું હોય તેમાં મારો પૂરો સહકાર આપીશ, પ્રત્યક્ષને રાજી કરી લેવા છે, વેલજી ભગતને પણ લખેલ છે, આપની આજ્ઞાની ભક્તો વાટ જુએ છે, આશીર્વાદ લખજ્યો સેવક હરિલાલ તથા શરણાગતિભક્તોના જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૪૬ તા. ૭-૯-૭૭

નાં. ૧૮૧૧, ફૂલેમ વીમ્પીંગ કંપની, દુબઈ.

ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ પૂજનીય પ્રગટ પ્રભુજી શ્રીહરિ શાસ્ત્રીજી મહારાજ તથા સંતો પાર્ષદો પ્રતિ, **દુબઈથી સેવક હરિલાલ રણછોડ મનાણીના સર્વાર્પણ સહિત દંડવત્ સ્વીકારજ્યો,** તમારી આશિષો વડે બહુ જ આનંદ છે, આઠમની રાતે એક વાગ્યે આ પત્ર લખુ છું હું જન્માષ્ટમી રહ્યો છું, તમો બધું જાણો છો, આંહી તમો ભગવાન સિવાય બીજો સાચો આધાર કોઈ નથી, ખાવા પીવાનું કંપની તરફથી છે, તમો જીવાડો છો તેમ જીવિએ છીએ, તમોને યાદ કરતાં હૈયું ભરાઈ જાય છે, તમારી છબીના દર્શન કરવા ફોટા સામા બેસીએ છીએ, પૂજામાં દેખાઓ છો, નામ ભજન સ્મરણ કરીએ છીએ, સારી કમાણી વધે એવા સંયોગ આપજ્યો, મુંઝવણ ન થાય તેમ વધારે સારા વાના કરજ્યો, ઘેરથી ખોળો ભરવાનો ઉત્સવ પતી ગયો છે, આશીર્વાદ કાગળ માગે છે, ભગવાનને સંભારે છે, રણછોડભાઈ ઉપર કાગળ બધાને આશીર્વાદ મળે તેમ લખજ્યો, લક્ષ્મી આવે પુત્ર આવે તે તો તમારી મરજીની વાત છે, તમો અંતર્યામી છો આપત્ દુઃખ ટાળતા રહેજ્યો, સાજા નરવા રાખજ્યો, તમારો એક ફોટો મોકલાવજ્યો, માંદા પડવા દેશોમા, તમો ધ્યાન રાખો એટલે બધું ગયું, તમારી મરજી સિવાય તરણું પણ ઉડતું નથી, આશીર્વાદ પત્ર લખજ્યો. સેવક હરિલાલના જાજા કરીને જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૪૭ તા. ૧૦-૮-૭૭

મસ્કત, રૂવી, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા ભગવાન તમોને નમો નમઃ સેવામાં લિખિતં **જેરામ ડાયાભાઈ ચૌહાણના તથા શ્રીહરિશરણાગતિમંડળના જાજા કરીને જય શ્રીસ્વામિનારાયણ વાંચશો,** તમારી કૃપાથી સર્વે સુખી છીએ કામધંધા સારા ચાલે છે, આપની ભક્તિ સેવા પૂજા કરીએ છીએ, બહેરીનનું હરિલાલ વેલજીનું સરનામું લખી મોકલજ્યો, અમો મળવા જાશું, અને મહોચ્છવ કરીશું, આશીર્વાદ પત્ર લખજ્યો એજ. નાં. ૪૩૪૩, જેરામ ડાયાભાઈના જય સ્વામિનારાયણ વાંચજ્યો, તથા આંબાભાઈ જીવરાજભાઈ, નરોત્તમભાઈ, પરસોત્તમભાઈ, કરશનભાઈ, મોહનભાઈ, દામજીભાઈ, નથુભાઈ, વિગેરેના જય સ્વામિનારાયણ વાંચશો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૪૮ તા. ૮-૧૧-૭૭

મેગેસ્કી ઇન્ટરનેશનલ, પ્રાઇવેટ કંપની. બોક્સ નં. ૨૪૧૯૭, કુવેત, દુબઈ.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રી શાસ્ત્રીજી મહારાજને નમો નમઃ સર્વના નિયન્તા, સર્વેના સ્વામી, સર્વહિતકારક, પ્રગટપ્રભુ પરમગુરુરાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અમારા કોટિ દંડવત્ સહિત જય શ્રીસ્વામિનારાયણ, **કુવેતથી તમારા ચરણસેવક જાવિયા રણછોડ કરશન, તથા શ્રીહરિશરણાગતિના મંડળના જય સ્વામિનારાયણ વાંચશો.**

પ્રગટ પ્રભુ ગુરુ મહારાજને જણાવવાનું જે હું તા. ૩૧-૧૦-૭૭, સાંજના ૧૧ વાગ્યે દીલ્હીથી કુવેત પ્લેનમાં આવ્યો છું, તા. ૧-૧૧-૭૭ સવારે વહેલો પહોંચ્યો છું, કામે ચઢી ગયો છું, ઓવર ટાઇમ મળતો નથી, અમોએ જન્માષ્ટમી ગુરુભાઈઓએ ધામધૂમે આરતી ધુન્ય કીર્તન કથા થાળ પૂજા આદિવડે ઉજવી છે, તમારું ભજન રટણ કરીએ છીએ, આશીર્વાદ આપજ્યો, કરજ ઉતરી જાય, અને સેવાઓ થાય, સાજાનરવા રાખજ્યો, વંથળી રમણિક તથા મારા માવતરોને ખુશી ખુશી સમાચાર દેજ્યો, મારી ઉપાધિ ન કરે, વધારે સારાવાના થાશે ત્યારે પ્રગટ ગુરૂની મહેરબાનીથી ભાગ્ય વધારે ખીલશે ત્યારે ત્યાં મદદ સેવા વિગેરે સારી રીતે મોકલાવીશ, નજર રાખજ્યો, પ્રસાદી કાગળ લખજ્યો, પ્રત્યક્ષ પ્રમાણ ભગવાન ગુરુમહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને બધાના નવા વર્ષના દંડવત્ પ્રણામ સહિત હેતપૂર્વક જયશ્રીસ્વામિનારાયણ વાંચવા, ભૂલચૂક માફ કરજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૪૯ તા. ૧૭-૧૧-૭૭

દુબઈ.

આજ્ઞાકારી છગનલાલ હીરજી કાચાના પૂરણ પુરુષોત્તમ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અનંતગણા દંડવત્ પ્રણામ સહિત જયશ્રીસ્વામિનારાયણ સ્વીકાર હો, ભગવાન આપ ભારતમાં સૌરાષ્ટ્રમાં બિરાજો છો તેમજ ઘટ ઘટમાં અંતર્યામી બીરાજો છો, સન્લીમાં પણ બિરાજો છો. આપનો જન્મ જયંતી મહોત્સવ મોટી ધામધુમે સન્લીમાં શ્રીહરિશરણાગતિમંડળે અમોએ સર્વેએ ઉજવ્યો છે, નૂતન વર્ષના જાજા કરીને દંડવત્પ્રણામ જયસ્વામિનારાયણ વાંચવા, સાજાનરવા રાખજ્યો, દયા કરજ્યો, તમારા ભક્તો ગુરુભાઈઓને તમારા દિવ્યદર્શન આપજ્યો, અવારનવાર ચમત્કાર દેખાડતા રહેજ્યો, ભૂલચૂક માફ કરજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૫૦ તા. ૫-૧૧-૭૭

દુબઈ.

પ્રત્યક્ષ ચમત્કારી દિવ્યમૂર્તિ ભગવાન પ્રકટહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીસ્વામિનારાયણ મહારાજને નમો નમ: શ્રીહરિકૃષ્ણભગવાન આપનો સદા જયકાર હોજો. અક્ષરાતીત પરમાત્મા શ્રીહરિ અખિલ વિશ્વના સ્વામી સર્વેના નિયામક સર્વેના અધિપતિ સર્વેના પ્રાણપતિ સર્વાવતારી પ્રગટ સદ્‌ગુરુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સર્વેશ્વરસ્વામીશ્રીને, **દુબઈથી લિ. આપ પ્રભુનો ચરણ સેવક રમેશ તથા ધનજીભાઈ તથા શ્રીહરિશરણાગતિમંડળના સદંડવત્ જયસ્વામિનારાયણ વાંચશોજી.** આપની કૃપા વડે અહીં બધા વધારે સુખી થયા છીએ, સવારે સવા ચાર વાગ્યે સ્નાન પૂજાપાઠ કરીને રસોઈ કરી થાળ ધરીને ઠાકોર જમાડીને કામ ઉપર જાઈએ છીએ, કામકાજ ખૂબજ ચાલે છે.

સારી કંપનીમાં છીએ, પગાર ઘણા સારા છે. તમારી દયા વડે અહીં અને દેશમાં કુટુંબી પણ સુખી છે, અહીંના હવામાન અનુકૂલ છે, ગુરૂભાઈઓ દર શુક્રવારે ભેળા થઈ ઉચ્છવ કરીએ છીએ, સેવા લાભ મળે છે, રણછોડ કરશન ૧૩-૧૦-૭૭ના કુવેત ગયા છે, ગુરુ મહારાજ આપે આશીર્વાદ આપ્યો તે મારે ઘેર બાબાનો જન્મ થયો છે, નામ સંજય પાડ્યું છે, હમણાં ચાર પાંચ દિવસથી તબીયતમાં કળતર હતી, આ પત્ર લખ્યો કે કળતર બંધ થઈ ગઈ છે. સાજો થઈ ગયો છું, તમો દેખાણા અને હું બેઠો થયો, પાણી પીધું હાલતો ચાલતો થઈ કામે જાઉં છું, આઠમનો જન્મજયંતી મહોત્સવ બહુ જ મોટે પાયે કર્યો છે, જમણવાર મોટે પાયે કર્યું હતું, મોજમજાએ ઉજવણી કરી હતી, ચરણ સેવક રમેશચંદ્રના તથા બધાના જયસ્વામિનારાયણ અને વંદન વાંચજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૫૧ તા. ૧૨-૧૧-૭૭

દુબઈ.

નિજસ્વરૂપમાં વિરાજમાન પ્રગટ શ્રીહરિકૃષ્ણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરસ્વરૂપ આનંદ ધન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં સંતો પ્રતિ **સેવક રતિલાલ તથા અમરશી વિગેરે શ્રીહરિશરણાગતિમંડળના જય સ્વામિનારાયણ વાંચશોજી.** આપના આશીર્વાદો વડે અમો બધા સુખિયા છીએ. 'જન્મ જયંતિ મોટે પાયે બધાએ ઉત્સાહપૂર્વક ઉજવી છે.' આખો દિવસ ધુન્ય ભજન કથા વાર્તા રાસમંડળ પ્રસાદ શરબત ભોજન વિગેરે કર્યા હતા, ૬૫૧ રિયાલની આરતી કચ્છ માધાપરના જયંતિલાલ દેવશીએ તથા તેના બનેવીએ ઉતારી હતી, પ્રગટ ભગવાન એવા આપની દિવ્યમૂર્તિમાં આરતી ઉતારતી વખતે જળજળાટ દિવ્ય ઉજળાં સાક્ષાત્ તમારા દર્શન થાતા હતા, ખૂબ જ આનંદ આવ્યો હતો, આપની મીઠી દૃષ્ટિ છે, તેથી વધારે લ્હેર છે, સત્સંગ શરણાગતિની ચઢતી કળા છે, નવા વર્ષે વિશેષ ચઢતી કળાઓ થશે, આપના આશીર્વાદો ફળશે, બધાને સુખિયા કરી દીધા છે, કંપનીમાં બીજાં બીજાં કામ મળતા જાય એમ આશીર્વાદો આપજ્યો, સત્સસંકલ્પ કરજ્યો બે ચાર વર્ષ કામ મળે તો તૃપ્તિ થઈ જાય એવી માગણી છે, આશીર્વાદ પ્રસાદી પત્ર લખજ્યો, આપના મંડળને જયસ્વામિનારાયણ દંડવત્ સ્વીકારવા અરજ એજ રતિલાલ તથા અમરશી ચાવડાવાળા.

❖❖❖❖❖

પત્ર નં.-૧૫૨ તા. ૫-૧૧-૭૭

મુસાફિક નં. ૩૧૮૫, દુબઈ.

સદ્‌ગુરુ શ્રીમન્નારાયણ સ્વરૂપ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ પ્રગટ ભગવાનની જય હો શ્રીહરિ તથા સંતમંડળ પ્રતિ, **મુસાફિકથી લિ. આપના લાડિલા ભક્ત રતિલાલ ગંગદાસ તથા દામજી વિગેરે શ્રીહરિશરણાગતિમંડળના કોટિ દંડવત્ સ્વીકારજો,** આપે કંઠી મોકલાવી પણ કવર તૂટેલ હતું કોઈએ કાઢી લીધી છે. દામજી જુનાગઢ આવશે સેવા કરશે, અમારા માતૃશ્રીનો માથાનો દુઃખાવો આપની શ્રીજી રક્ષા વડે મટી ગયો છે. મારે સંતાન માટે આશિષ આપજ્યો. આપના પત્ર વડે ઘણો ઉપદેશ મળ્યો છે. સંતોષ થયો છે. કર્તા હર્તા ભગવાન છો, આ જન્મ તમારા માટે મોક્ષ માટે છે. રક્ષા કરજ્યો મોહ તજાય, ભક્તિ સુખે થાય એમ કરજ્યો, લેણિયાત દિકરો થાય તો આખી જિંદગી દુઃખ, આપનું ભજન રટણ સુખદાયી છે. મોહ દુઃખદાયી છે, અમારે મોક્ષનું તાન છે, દિકરાનું તાન મટી ગયું છે, આપની જન્મજયંતીનો મહામહોત્સવ બધા મળીને કર્યો છે, હું ૨૦૦ માઈલ દુરથી તેમાં આવેલ હતો, તબીયત સારી છે, ભગવાન ઓળખાણા છે, બગાસું

ખાતાં મુખમાં સાકરનો ગાંગડો મળ્યો છે, કરતા કારવતા તમો ભગવાન છો, તમારા ઉપદેશ વડે હૃદયનું અંધારું ટળી ગયુ, જેથી ભક્તિમાં ચિત્ત રહે છે, તમારું ભજન કરું છું, રક્ષા કરતા રહેજ્યો. ભૂલચૂક માફ કરજ્યો, ભક્તિનો કેફ વરતે. સંસાર વાસના સુકાઈ જાય તેમ કરજ્યો. આશીર્વાદ લખજ્યો, આંખ્ય ઉઘડી છે એષણા તૃષ્ણા મટી છે, એજ ચરણસેવક રતિલાલ ગંગદાસ રાઠોડ તથા શ્રીહરિશરણાગતિમંડળના ભક્તોના જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી.

❖❖❖❖❖

પત્ર નં.-૧૫૩ **તા. ૨-૧૦-૭૭**

દુબઈ.

શ્રી પરમપૂજ્ય ભગવાન પ્રગટ પુરુષોત્તમ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળ પ્રતિ, **કાચા નરસિંહ મનજીના જયસ્વામિનારાયણ વાંચશો.** પૂનાથી ચાર કડિયા, અમરશી રમણીકલાલ, પરશોત્તમ અને હું નરસિંહ અહીં આવ્યા છીએ, કામે જોઈએ છીએ, ઓવર ટાઇમ મળતો નથી, સીમેન્ટ વડે હાથ ખાજવે છે, મટી જાય તેમ આશીર્વાદ આપજ્યો, દેશમાં ચાર કાગળો લખ્યા છે, વણથળી બે કાગળો લખ્યા છે, પણ જવાબ નથી, તો તમો બંને ઠેકાણે પૂના અને વંથળી આ સાથેના કાગળો મોકલાવી દેજો અને તે ખૂશી સમાચાર મોકલાવે એમ ભલામણ લખજ્યો, અમારી રક્ષા કરજ્યો, સાજા નરવા રાખજ્યો, ભગવાન બધું તમારું કર્યું થાય છે. અહીં ટકાય તો સારી કમાણી થાય એવી કૃપા કરજ્યો, નરસી મનજી વિગેરેના જયસ્વામિનારાયણ વાંચજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૫૪ **તા. ૨૪-૯-૭૭**

બહેરીન, દુબઈ.

શ્રીપતિ અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળ પ્રતિ **બહેરીનથી લિ. સેવક હરિલાલ વેલજી તથા આસપાસના શ્રીહરિશરણાગતિમંડળના ભક્તોના જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો.** જન્મસ્થાનના સહીસિક્કા થઈ ગયા અને સેવા વપરાશે તેથી ઘણા રાજી છીએ, વેલજી ભગતનો પૂનાથી કાગળ હતો તે વાંચી ઘણો આનંદ થયો છે. જરૂર આજ્ઞા સેવા ફરમાવજ્યો. આપ સત્ય સંકલ્પ ભગવાન ધારશો તે થાશે, શરણાગતિમંડળ જોરમાં છે સારા વખત છે. હરિલાલ વેલજીનાં જયસ્વામિનારાયણ વાંચજો, આશીર્વાદ લખજ્યો.

❖❖❖❖❖

પત્ર નં-૧૫૫ તા. ૨-૧૧-૭૭

સન્લી કંપની, કાર્ડ નં. ૩૩૭૮ બી-૧, દુબઈ.

શ્રીહરિ: શરણં મમ, અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમ:

પરમપૂજ્ય પ્રગટ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સૌરાષ્ટ્રના સૂર્ય ભારતના ચિન્તામણિ સ્વયં માનવાકૃતિ વિરાજિત તથા આપના સંત મંડળ વિગેરે પ્રતિ **દુબઈથી શ્રીહરિશરણાગતિમંડળના સર્વના પ્રમુખ ટપુલાલ વિગેરેના હજારો દંડવત્ પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.** આપના પ્રસાદિ પત્રો મળ્યા છે, સેવાના પત્રો મૂદ્રિત મોકલાવ્યા છે, આપ ભગવાનનો અને ભક્તોનો રાજીપો જોઈએ. જન્મજયન્તિ અષ્ટમીનો મહોત્સવ ભજન, ભોજન, કીર્તન, પૂજન, આરતી, પ્રસાદ વિગેરે ધામધૂમે સન્લીમાં કરવા ધારેલ છે. ત્યાં તેણે અમોને મોટો હોલ આપેલ છે, ૨-૧૧-૭૭ને બુધવારે હોલ શણગારીશું.

ટપુલાલભાઈ બંને મોહનભગત, દેવરાજભગત, ભગવાનજીભગત, જયંતીલાલભગત, તુલસીદાસભગત આદિ મળીને જોઈતી વસ્તુઓનું લીસ્ટ બનાવીને તૈયારી કરીએ છીએ, શ્રીહરિને શું જમાડવું ? તો લાડુ દાળ ભાત શાક સંભારા પાપડ આદિક બનાવીને પ્રગટ શ્રીહરિને લાડ લડાવવા સ્વયં હાજર મૂર્તિમાન જમે એવા ભક્તોના જોરદાર સંકલ્પો આપ દયાળુ પૂરા કરજ્યો સમઝાય તેમ બુદ્ધિ આપજ્યો, આ અવસર રાજી કરવાનો છે, કૃપા કરતા રહેજ્યો, દિન પ્રતિદિન શ્રીહરિશરણાગતિમંડળના ઉમંગો શ્રીહરિ આપની કૃપાથી આગળ વધી રહ્યા છે, ભગવાન આપની જેવા પાકા થઈએ આવા આશીર્વાદો આપજ્યો, આપ કાયમ પાસે જ રહેજ્યો પાસે છો એવી સમજણ આપજ્યો, નવા વર્ષના જય સ્વામિનારાયણ વાંચજો, સન્લીમાં સગવડ માટે મોટો હોલ વાસણો પાણી લાઇટ પાટલાઓ રસોડું પથરણા પાટય વિગેરે બહુ મોટી સગવડો છે. બધા ત્યાં મહોત્સવ કરીશું ભૂલચૂક માફ કરજ્યો, ભક્તોનું કામ ભક્તો કરીશું. ભગવાનનું કામ ભગવાન કરજ્યો, જલ્દીથી આશીર્વાદો લખજ્યો, બધાવતી આજ્ઞાથી તુલસી મનજીનાં બધાનાં સાષ્ટાંગ દંડવત્પ્રણામો સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો. અમારી ચઢતી કળામાં તમો ભગવાન ભેગાજ રહેજ્યો. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૧૫૬ તા. ૨૬-૧૧-૭૭

કુવેત, નાં. ૨૪૩૧૩, દુબઈ.

સ્વસ્થાન ધામવતની શ્રીજુનાગઢ વિરાજિત સ્વસ્વરૂપમાં સ્થિત પ્રગટ શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળ પ્રતિ **કુવેતથી લિ. કુંવરજી મેપા તથા શ્રીહરિશરણાગતિમંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો,** સેવા મળે કે જવાબ

લખજ્યો, આપને તન મન ધન વડે સમર્પિત થઈને રાજી કરવા ઇચ્છીએ છીએ, રાજી થજો, અમારા કામકાજ વધે, ઉપજ મળે, દિયાર વધારે મળે એવી કૃપા કરજ્યો. સોનામાં નાખ્યા છે, તે ભરાઈ ધરાઈને તમોને માવતરોને કુટુંબને તીર્થને બાળબચ્ચાને ધર્મને સેવિએ એવી વૃષ્ટિ કરાવજ્યો, આપની અકળ કળા છે, બધાને અરેબિયામાં નજિક નિરૂપદ્રવી દેશી પ્રદેશી સમાન જ દેશમાં મેલી દીધા છે, છોકરાઓ કારીગરો સુવર્ણ અંજલિ મેળવતા થઈ ગયા છે, ધન્ય છે ભગવાન તમારા સત્ય સંકલ્પને તીર્થની મૂર્તિને ધન્ય છે, જેમાં રહીને આપે પ્રતિષ્ઠા કરાવીને મહાફળ હજારો હજાર ગણું બધાને દીધું. ખબર રાખજ્યો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૫૭ તા. ૧૯-૧૧-૭૭

નં. ૩૩૯૩, સન્લી કંપની, દુબઈ.

શ્રીહરયે નમઃ, શ્રીકૃષ્ણાય નમઃ, રૂકિમણીપતયે નમઃ સંતપતયે નમઃ, સર્વસ્વામિને નમઃ જગત્‌ગુરૂજીને નમઃ વિશ્વવંધપ્રભુને નમઃ, શ્રીશ્વેતાયનવ્યાસ ભગવાનને નમઃ, શ્રીસ્વામિનારાયણ ભગવાનને નમઃ શ્રીઅનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમઃ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમઃ શ્રી પ્રગટ મહાપ્રભુજીને નમો નમઃ, નવા વર્ષના અનંત દંડવત્પ્રણામ અસંખ્ય અનંતસ્વરૂપ એવો આપ ભગવાનને હો, અંતર્યામીને નમઃ, કર્મફળપ્રદાતાને નમઃ, શ્રીકંભરાબાળ શ્રીબાળકૃષ્ણપ્રભુને નમઃ, શ્રીહરિશરણાગતિમંડળના ઉદ્ધારક સર્વ ઉદ્ધારક પરમાત્માને નમઃ અનાથના નાથને નમઃ અનાથના નાથને નમઃ નિરાધારના આધારને નમઃ, શ્રીહરિશરણાગતિમંડળના ઉદ્ધારક સર્વ ઉદ્ધારક પરમાત્માને નમઃ, શ્રીકંભરાબાળ શ્રીબાળકૃષ્ણપ્રભુને નમઃ, શ્રીગોપાળકૃષ્ણાત્મજને નમઃ, શ્રીતીર્થોદ્ધારકર્તા શ્રીતીર્થમાં વિરાજમાન, શ્રીપતિપ્રભુ તમોને નમઃ, શ્રીમહાવિદ્યાલય સ્થાપક ભગવાન શ્રીકૃષ્ણનારાયણને નમઃ, સર્વને દર્શન આપતા રાષ્ટ્રીય સ્મૃતિ ભવનમાં વિરાજતા ભગવાનને નમઃ

શંખ ચક્ર ગદા પદ્મધારી ધનુષ મીન ત્રિશૂલ સ્વસ્તિક ધ્વજ ધારી ભગવાનને નમઃ, શ્રીવ્યાસોત્તમ વ્યાસ શ્રીશ્વેતાયનવ્યાસને નમઃ સર્વે શાસ્ત્રોના મહામોહાપાધ્યાય ભારતભૂષણ ભગવાન સૃષ્ટિભૂષણ ભક્તઆભૂષણ હૈયાના હાર એવા સમર્થ ભગવાનને નમઃ, જન્મજયંતી કર્તા એવા શ્રીહરિ શરણાગતિના પ્રાણ આધારને નમઃ, ભક્તો માટે તન મન ધન સોનું વરસાવનારા ભરણ પોષણ કરનારા માનવ નિજસ્વરૂપમાં વર્તતા એવા પ્રગટ શ્રીહરિ તમોને નમો નમઃ, કથા વાંચતા ઉપદેશ આપતા સાકાર પ્રસાદી આપતા પ્રસન્ન મુખ એવા ભગવાનને નમો નમઃ બધાને સરલ સોંઘા ગરીબોના બેલી ભગવાનને નમઃ, વિદ્યાપતિ શ્રીપતિ સતીપતિ શાંતિવાળા

દયાવાળા વિજય જયવાળા, મુક્તપતિ આત્મપતિ શાંતિવાળા દયાવાળા વિજય જયવાળા મુક્તપતિ આત્મપતિ અક્ષરપતિ ઈશ્વરપતિ દેવપતિ પિતૃપતિ રૂષિપતિ ચંદ્ર સૂર્ય તારા નક્ષત્ર ગ્રહ સુરપતિ પાતાળપતિ અનંતપતિ શેષપતિ ભગવાનને નમ:, કાળ કર્મ માયા સ્વભાવ તત્ત્વપતિ એવા સ્વપતિ ભગવાન તમોને નમ:, **શ્રીહરિશરણાગતિમંડળના નવા વર્ષના દંડવત્ પ્રણામ સ્વીકારતા ભગવાન બધાવતી મોહનભગતના જય સ્વામિનારાયણ,** નવા વર્ષના આશીર્વાદ પાઠવશોજી, અમારા ઇષ્ટ મહાપ્રભુજી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજી મહારાજને તથા આપણા સંતમંડળને નવા વર્ષના અમારા સાષ્ટાંગ દંડવત્પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા, નવા વર્ષે બધાને વધારે રિયાલ અપાવજ્યો, વધારે રક્ષા કરજ્યો, બધાને આશીર્વાદો મોકલજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૫૮ તા. ૨૨-૧૧-૭૭

નાં. ૧૫૨ સાઇટ બી-૬૩, દુબઈ.

શ્રીહરિશરણાગતિમંડળ સમસ્તના ભગવાન વિશ્વના પરમાત્મા જુનાગઢ નિવાસી પ્રગટ સાક્ષાત્ માનવમૂર્તિ પ્રભુજી અવતારોના અવતારી અમારા લાડિલા માવતર શ્રીસ્વામિનારાયણ સ્વરૂપ શ્રીકૃષ્ણવલ્લભચાર્યજી મહારાજની જય હો.

દુબઈથી સેવક દામજી ગંગદાસ રતિલાલ ગંગદાસ પ્રેમજી ભગત વિગેરેના જાજા કરી જય શ્રીસ્વામિનારાયણ વાંચવા. આપ ભગવાન અનેક નામો વડે ભજાવ છો, આપના નામો અમો દરરોજ પાઠ કરીએ છીએ, એકએક નામ લઈને પગે લાગિએ છીએ, તમો બધું સાંભળો છો, પ્રત્યક્ષ દેખો છો, અમોએ દુબઈમાં આપની ૭૩મી જન્મજયંતી મોટા ધામધુમે ઊજવી છે, કથા વાર્તા રાસમંડળ ભોજનથી બહુ જ આનંદથી ઉજવી મજા લીધી છે, આખો દિવસ ભગવાનમય થઈ ગયો હતો. તમારા નામોને વાંચીને હોમ હવનમાં જય બોલાવી હતી, અનાદિ શ્રીકૃષ્ણનારાયને નમ: શ્રીકૃષ્ણનારાયણને નમ:, શ્રીહરિવરને નમ:, શ્રીબાલકૃષ્ણપ્રભને નમ:, શ્રીહરિને નમ:, શ્રીપરનારાયણને નમ:, શ્રીપુરુષોત્તમને નમ:, શ્રીવિદ્યામૂર્તિભગવાનને નમ:, શ્રીપુરુષોત્તમ નારાયણને નમ:, શ્રીતપસ્વીમુનિને નમ:, શ્રીગોપીપતિ પ્રભુને નમ:, શ્રીશ્વેતાયનવ્યાસજીને નમ:, શ્રીકૃષ્ણનારાયણસ્વામિને નમ:, શ્રીનારાયણને નમ:, શ્રીભગવાનને નમ:, શ્રીગોપાલકૃષ્ણબાળને નમ:, શ્રીકંભરાત્મજને નમ:, શ્રીપરમપુરુષને નમ:, શ્રીપરબ્રહ્મને નમ:, શ્રીમહાપ્રભુજીને નમ:, શ્રીજગન્નાથસ્વામિને નમ:, શ્રીઅનાદિનારાયણને નમ:, શ્રીકૃષ્ણને નમ:, શ્રીવલ્લભને નમ:, શ્રીઆચાર્યને નમ:, શ્રીસ્વામિને નમ:, શ્રીશક્તિપતિને નમ:, શ્રીમુક્તિપતિને નમ:, શ્રીશ્રીપતિને નમ: શ્રીકૃષ્ણમહાપ્રભુજીને નમ:,

શ્રીમહારાજને નમઃ, શ્રીહરિકૃષ્ણને નમઃ, શ્રીકૃષ્ણકાંતને નમઃ, પાંત્રીશ નામધારીને નમઃ, અસંખ્યનામધારીને નમઃ, સર્વે નામોના નામીને નમઃ, હે મહારાજ આપને જણાવવાનું જે - અમો દેશમાં તમારે દર્શને આવશું, અમારા સામાનને હરકત ન આવે તેવી કૃપા કરજ્યો, અમો પ્લેનમાં રીટર્ન ટીકીટે આવશું. અમો ફોરમેનનું કામ કરીએ છીએ, અમારો રેટ બદલી જાય અને - સુખ સન્માન સાથે કમાણીમાં વધારે બરકત રહે એવા આશીર્વાદ તુરતજ મોકલાવજ્યો, કોઈ ભૂલ થઈ હોય તો માફ કરજ્યો, ભક્તિ વધવાના આશીર્વાદો મોકલાવજ્યો, રસ્તામાં પણ રક્ષા કરજ્યો, દામજી તથા રતિલાલ ગંગદાસ વિગેરેના જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો, શરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચજો, રક્ષા કરતા રહેજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૧૫૯ તા. ૧૧-૫-૭૭

નાં. ૯૪૩, સુલતાનેટ ઓફ ઓમન, મસ્કત, દુબઈ.

શ્રીહરિકૃષ્ણમહારાજને નમો નમઃ, સ્વસ્તિ શ્રીજુનાગઢ મહા શુભસ્થાને સર્વશુભોપમાવન્ત પરમપવિત્ર પ્રગટપુરુષોત્તમને નમો નમઃ, તમો સર્વે સંતો ભક્તો મંડળ ખુશીમાં હશો, ખુશીના પત્ર લખતા રહેજ્યો, અમો તા. ૨૫-૪-૭૭ બોટમાં મુંબઈથી રવાના થઈ તા. ૩૦ના મસ્કત પહોંચ્યા છીએ, કાગળ લખવાનો વખત રહ્યો ન હતો, રાજી રહેજ્યો, દેશમાં ભગવાનજી આવશે સારા સમાચાર આપને આપશે, આંહી શ્રીહરિશરણાગતિમંડળના ભક્તો ભગવાનજીભાઈ, રતિલાલભાઈ, ધનજીભાઈ, વિગેરે મળ્યા છે, તમારી પ્રત્યક્ષ આજ્ઞાનું પાલન કથા કીર્તન પૂજા ઉત્સવ ધુન્ય વિગેરે કરિએ છીએ, તમારું ભજન કરીએ છીએ, રાતદિન યાદ કરીએ છીએ, અમો તમારા છીએ, તમોને દૂર નથી કરતા, અહોનિશ સાંભરો એવી કૃપા કરજ્યો, તમારી દયાથી આંહિ સુખી છીએ, આલોકના કામ પૂરા થવાના નથી, તેથી ભગવાનને ભજીને રાજી કરવા ભક્તિ કરીએ છીએ, તેણે કરી બધાં કામ સુઘરી ગયાં છે જ, પત્ર લખજ્યો, સંતો ભક્તજનોને ઘણાં ઘણાં જય સ્વામિનારાયણ કહેજ્યો, ત્યાં આપને દર્શને ઘણો આનંદ આવ્યો હતો, **ચરણ સેવક વિસરામ ભીમજી હાલાઈના દંડવત્ વાંચજ્યો,** તમો પ્રગટ ભગવાન છો, મૂર્તિમાં દર્શન આપજ્યો, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ પ્રગટ ભગવાનને નમો નમઃ એજ.

❖❖❖❖❖

પત્ર નં-૧૬૦ તા. ૨૩-૭-૭૭

મસ્કત, રૂવી, દુબઈ.

પુરુષોત્તમ તુલસી ટાંક તથા શ્રીહરિશરણાગતિમંડળના ઘણા સન્માન સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા, પરમપૂજ્ય ગુરુજીમહારાજ મોક્ષના દાતાર પરબ્રહ્મધામના

અધિપતિ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ, તમારી દયાથી આંહિ અમો સત્સંગી ગુરુભાઈઓ સર્વે ખુશી મજામાં છીએ, કાંદીવલી તમારી દયા વડે દિવાળીબેનને બધાં દુઃખ મટી ગયાં, તેથી અમો ઘણા રાજી થયા છીએ, તમારું ભજન કરીએ છીએ, તમારી માળા ફેરવીને છીએ, કાગળ લખજ્યો, હેતમહેરબાની રાખજ્યો, કેશવજીભાઈ વિગેરે પાંચ જણા સલાલાહ કામ ઉપર ગયા છે, ત્યાં રહેશે, દીવાળીબેન લખે છે - શાસ્ત્રીજી મહારાજ ભગવાને મને નવું જીવન આપ્યું છે, મારું દુઃખ નડતર મટી ગયાં છે, આથી બીજું કયું સુખ ? એજ બધાના વતી પુરુષોત્તમના જયસ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૬૧ તા. ૨૨-૭-૭૭

નં. ૫૩૦, કેમ્પ નં. ૫૩ લેબર ઇસ્ટેટ, દુબઈ.

સ્વસ્થાન શ્રીજુનાગઢમાં પ્રગટ પ્રભુજી વિરાજતા શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં **દુબઈથી લિ. શિષ્ય રામજી કાનજી ચોટલિયા અને ગુરુભાઈઓના જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** હે ગુરુજી હુ ઇરાક હતો ત્યાં બગદાદની કંપનીએ પાંચ મહીને છુટો કર્યો, પછી પ્લનમાં તા. ૧૦-૬-૭૭ મુંબઈ આવી બીજી કંપનીમાં તા. ૨૭-૬એ બીજી દુબઈની કંપનીમાં નંબર લાગવાથી તા. ૧-૭-૭૭નો સ્ટીમરમાં દુબઈ આવ્યો છું, શિરનામું અને કાગળ મારો મળે કે તુરતજ આશીર્વાદ લખજ્યો, આંહિ કંપની સારી છે, ખાવા પીવા રહેવા પહેરવા વાહન વિજળી પાણી નળ બાથરૂમ પંખા વિગેરે ઘણી સગવડ આપી છે, કામ ઉપર ૮૦૦, હિન્દીઓ છીએ, ૫૦, ૬૦ તો મારા નાતિલા દેશી છે, ધુળકોટ મેઘપર સામપર માધાપર ગુજરાત સૌરાષ્ટ્ર વિગેરેના કડીયા જ છે, શીપમાં પણ ઘણાં છે, સ્ટીમરમાં બેઠા તે દિવસેથી જ અમારો પગાર ચાલું છે, ૩૨ રિયાળ આપે છે, શુક્રવારે વણથળી ચાવડા આદિના ગુરૂભાઈઓ મળીએ છીએ, આનંદ થાય છે, સવારે છ વાગ્યેથી આઠ કલાક કામ ઉપર રહેવાનું છે પછી છૂટી મળે છે, ખૂશી મજામાં છીએ.

તમો ભગવાન છો, અમો સાજા નરવા રહીએ એવી નજર રાખજો, બે વરસમાં ઘણું કમાશું, આશીર્વાદ આપજ્યો, લાબુ રહેવાય, ઇરાકનો ધક્કો માથે પડ્યો તે ઉતરી જાશે, સારી કમાણી છે, ઘરની સ્થિતિ સારી થાશે, સેવા પણ થાશે, તમારા આશીર્વાદ આવ્યા પછી બીજી ટપાલ લખીશ, ગુરૂભાઈઓ તથા સ્વયંપ્રકાશસ્વામી વિગેરેને જયસ્વામિનારાયણ કહેશો, શિરનામું - કેમ્પ નં. ૫૩, પોષ્ટ નં. ૫૩૦, લેબર કેમ્પ દુબઈ, રામજી કાનજી ચોટલીયા, એ પ્રમાણે છે, હે ભગવાન મારા માવતર દુઃખી હાલતમાં ગલ્ઢા થઈ ગયા, હું સેવું રાજી કરું એવા આશીર્વાદ આપજ્યો, ગોવિંદ કુરજી આંહિ છે, સો એક જણા તો હાલાર વંથળી તથા અડખા પડખાના છે,

શ્રીહરિશરણાગતિમંડળના જાજામાં જાજા છે. કંપનીને ગમી ગયા છે, તમારી દયાથી બધા સારાવાનાં થયા છે, રાજી રહેજ્યો, શ્રીહરિશરણાગતિમંડળને તો છાની છપરી આરબી ખાણ્યો આપી દીધી છે, પાંચ દશ વરસોમાં બધાં સોના વડે ભરપૂર થશું, બહુ કૃપા તમારી થઈ છે સ્વર્ગ જેવા સુખિયા કર્યા છે, વધારે ધ્યાન રાખજ્યો, ભગવાનપણું વાપરજ્યો, દર્શન દેતા રહેજ્યો, મુંઝવણ આવવા દેશો નહિં, આંહિ બધા તમારું ભજન કરે છે, દુઃખથી તારે તે ભગવાન તે તમો છો, કાયમ દેખાવ છો, દુબઈથી ભૂમિમાં ભક્તો ઉતર્યા છે. તેથી લાંબે કાળે તમો આંહિ કોઈ મોટા મંદિરમાં બિરાજમાન હશો, એવો યુગ આવશે.

કુંકાવાવના તમારા શિષ્ય સોની આંહિ લાખોપતિ છે, સત્સંગી છે, સુરતના શાકના વેપારી તમારા શિષ્યની વેપારીની પેઢી છે, તમારા જ કંઠી બાંધેલા છે, લંડનમાં તમારા ભક્તો છે, અમેરિકા તમારા ભક્તો છે, જાપાનમાં તમારા ભક્તો છે, તમો જગત્‌વ્યાપી પ્રભુ છો, હવેનો યુગ તમારો શક પ્રવર્તાવશે એમ દેખાય છે, તમો વિદ્વાનસન્ત પ્રતાપી પ્રભુ જગદગુરુ વિશ્વવન્દ્ય ભગવાન છો, તેથી વ્યાપાકપણું જલ્દી સમઝાય છે, તમે બધેય દેખાઓ છો, આફ્રિકામાં તો લાખો માણસો આપને પ્રભુ તરીકે ઓળખે છે, અમારી રક્ષા કરજ્યો, એજ, લિખિતં રામજી કાનજી તથા શરણાગતિમંડળના સદંડવત્ જય સ્વામિનારાયણ વાંચજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૬૨ તા. ૧૮-૭-૭૭

નાં. ૧૯૧૨, સારજાહ, દુબઈ.

શ્રીપ્રગટપ્રભુ ગુરુમહારાજને નમો નમઃ જુનાગઢમાં શ્રીસ્વામિનારાયણ મંદિરમાં ભંડારને મેડે વિરાજમાન મહાયોગીશ્વર એકાગ્રનિરોધપરાયણ શ્રીહરિકૃષ્ણ મહારાજ સદ્‌ગુરુસૂર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંત પાર્ષદ મંડળને જય સ્વામિનારાયણ સ્વીકૃત હો, **દુબઈથી સદા યાદ કરનાર સેવક દેવજી કાનજી રાઠોડ, ટપુલાલ કાનજી, રતિલાલ હંસરાજ, શામજી હીરજી, વાલજી કેશવજી આદિ શ્રીહરિશરણાગતિમંડળના ઘણા જ હેતથી દંડવત્ પ્રણામ સાથે જયસ્વામિનારાયણ વાંચવા,** આપના આશીર્વાદોથી ઘણો આનંદ થયો છે, રક્ષા કરતા રહેજો, ટપુલાલભાઈને ૧૮-૮-૭૭નું ઑપરેશન કરાવવું છે, પ્રસાદીના ફુલ મોકલજો, ચિન્તા નથી આપની દયાથી સારું થઈ જાશે, બાળ બચ્ચાં પૂના રૂમ ખાલી કરીને ચાવડા ગયા છે, અમારે બીજી કંપનીમાં ટ્રાન્સફેર કરવો છે, પ્રયત્નમાં છીએ, દયા કરજ્યો, સરલતાથી થઈ જાય, કમાણી વધારે મળશે, આપની ઇચ્છા હશે તેમ થાશે, કૃપાદૃષ્ટિ કરજ્યો, તમો કહો તેમ કરશું, અથવા ઇન્ડિયા આવીને બીજી કંપનીમાં જાશું,

મુંઝવણ મટાડજ્યો, તમારી આજ્ઞા પ્રમાણે કરશું જલ્દી લખજ્યો, ભજન કરીએ છીએ, દેવજી કાનજીના દંડવત્ સહિત જયસ્વામિનારાયણ વાંચવા, તમો ભગવાન ભવિષ્ય દેખતા હો છો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૧૬૩ તા. ૨૦-૬-૭૭

નાં. ૨૭૦૯, સન્લી કંપની, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ પ્રગટ ભગવાન એવા આપનો સદાય જયકાર હો. અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ પ્રગટ પરમાત્મા સર્વેના સ્વામી નિયન્તા પ્રભુજી અધિપતિ અવતારોના અવતારી સદ્‌ગુરુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વસ્વરૂપમાં વિરાજતા સર્વોપરિ સ્વામીશ્રીને અમારા સર્વેના ઘણાંજ સ્નેહપૂર્વક દંડવત્પ્રણામ પહોંચે, ગામ **દુબઈથી પ્રગટપ્રભુના ચરણ સેવકો રમેશ વિગેરેના દંડવત્પ્રણામ વાંચજ્યો,** તમારા આશીર્વાદો કાંદીવલી આવ્યા હતા તે બધાને જલ્દી ફલ્યા છે, રામનવમીની રાતે દસ વાગેય મુંબઈથી સ્ટીમરમાં ઉપડી દુબઈ આવ્યા છીએ, બધાને બહુજ સારું છે, સુખી છીએ, આપના પૂજાપાઠ કરીએ છીએ, કામ ઉપર જાઈએ છીએ, કોઈ વાતની તકલીફ નથી, પગાર સારા છે, મકાન રસોઈ વીજળી બાથ નલ પલંગ બીસ્તરા ભોજન તમામ સારું છે, તમોએ એકદમ નિજબાળકોને શાહુકારના દર્જામાં પહોંચાડ્યા છે, સંભાળ રાખજ્યો, આશીર્વાદ મોકલજ્યો, તમારા ચમત્કારો અકળ છે સત્યવાણી છે, ધારો તે કરો છો, એવા ભગવાન તમોને હજારો લોકો પ્રગટ ભગવાન માને છે, તમારા ચમત્કારો રામબાણ જેવા કામ કરે છે તમો શ્રીરામ છો, વચનસિદ્ધ છો તમો શ્રીકૃષ્ણ છો, તમો કાગળમાં લખો છો તે થયેલું જ દેખાય છે, દેશ પરદેશમાં દર્શન આપો છો, ભાગ્ય ફેરવી નાંખો છો, સમર્થ થકા જરણા કરો છો, સાધુતા અને જ્ઞાનમાં અલમસ્ત રહો છો, ભગવાનમાં અને શ્રીશારદામાં પરોવાએલા રહો છો, બધાનું ભલું કરો છો, તમારામાં અજાતશત્રુપણું છે, તમારી વાણી નિર્દોષ સત્ય ભરેલી છે, ત્રિકાલદર્શી છો, અન્તર્યામી છો, અમારી રક્ષા કરજ્યો, નજર રાખજ્યો, આજ્ઞા ફરમાવજો, બધાના વતી શ્રીહરિશરણાગતિમંડળના સેવક રમેશના જય સ્વામિનારાયણ વાંચશોજી. દિવ્યદર્શન દેતા રહેશોજી, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૧૬૪ તા. ૨૦-૬-૭૭

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુજી શ્રીહરિકૃષ્ણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીસ્વામિનારાયણ પરાત્પર પ્રગટ **પરમાત્માના ચરણકમળોમાં જયંતીલાલ દેવશી માધાપરવાળાના તથા**

આપણા શરણાગતિમંડળના સર્વેના જાજા જાજા કરી પ્રેમપૂર્વક જયસ્વામિનારાયણ સ્વીકારશોજી, આપ પ્રભુની કૃપાથી અમો આંહિ સર્વે આનંદમાં છીએ, આપ ભગવાનની આજ્ઞાથી બનતું એવું ભજન કરીએ છીએ, પ્રગટ પરમાત્મા આપનું જાણપણું અમોને વિશેષ વિશેષ આવતું જાય છે, અમો સર્વે એ ભીમએકાદશી જેઠ સુદ ૧૧નો મહોત્સવ વ્રત ધુન્ય ભજન જાગરણ પૂજન આરતી વિગેરે મોહનભગતને ઘેર કર્યા હતાં. ઉપવાસ વ્રત ઉત્સવ ઉજવ્યો હતો, આપનો આશીર્વાદ પત્ર તે વખતે વાંચીને અમારો ઉચ્છવ ધન્ય ધન્ય થઈ પડ્યો હતો, ઉપદેશ જરૂર આપતા રહેજો, અમારી ખાસ વિનંતિ છે, સર્વે ભક્તોના વતી જયંતીલાલના દંડવત્ સ્વીકારજો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૬૫ તા. ૪-૭-૭૭

સન્લી કંપની, નાં. ૨૩૯૭, દુબઈ.

પ્રગટ ભગવાનની જય હો, સ્વસ્થાન જુનાગઢમાં વિરાજમાન પ્રત્યક્ષ ભગવાન અનેક જીવ ઉદ્ધારક, દયા કૃપા મીઠીદૃષ્ટિ રાખનારા, અધમ ઉદ્ધારણ, પતિપાવન, અવગુણ નહિં જોનારા, સર્વેને મોક્ષ આપનારા એવા દિવ્ય ગુરુજી શાસ્ત્રીજીમહારાજ ભગવાન તથા કોઠારી સ્વામી દેવસ્વામી હેમત ભગત આદિકના ચરણોમાં હજારો વાર દંડવત્ પ્રણામ સહિત **શ્રીહરિશરણાગતિમંડળ વતી ટપુલાલના જયસ્વામિનારાયણ વાંચવા,** તમો અન્તર્યામી છો ભીતર બહાર બધું જાણો છો, હાલમાં -

મને ટપુલાલને પેટમાં એપેન્ડીસ દરદ ઉપર તા. થી ૨૮-૬-૭૭ સુધી હૉસ્પિટલમાં ઑપરેશનની ડૉક્ટરે સહી લઈને દવા ચાલુ કરી હતી, તમો ભગવાન મારા ભેળા છો, તેથી દુઃખાવો મટી ગયો, રજા મળી ગઈ, આઠ દિવસ આરામ લઈ પછી કામે જાવાનું સર્ટિફિકેટ આપ્યું, તમોએ બહુ જ મોટી દયાદૃષ્ટિ કરી, કાચા સ્વપ્નમાં તમે દેખાતા હતા. મારું દરદ જાતું રહ્યું છે, સાવ આરામ છે, દવાખાનાનું ખર્ચ તથા બાવીસ દિવસનો કામ ઉપરનો પગાર કંપનીએ આપ્યો છે, તમારા આશીર્વાદ પત્ર વાંચી ઘણો આરામ સંતોષ સુખ વરતે છે, દર જુમાએ ભેગા થઈને તમોને બધા જયશ્રીકૃષ્ણનારાયણ તથા જયશ્રીસ્વામિનારાયણ કહીએ છીએ, સમાચાર પહોંચી જાય છે, આંહિ કમાણી સારી છે, કરજ ઉતારી દીધું છે, સેવા પણ થાશે ભક્તોનું કામ ભક્તો કરશે, ભગવાનનું કામ ભગવાન કરતા રહેજ્યો, મારે અધીરતા હતી પણ તમારા આશીર્વાદ વાંચી સાજો છું, એવા બળમાં આવી ગયો હતો, સંભાળ લેતા રહેજ્યો, બધા ભક્તોના જયસ્વામિનારાયણ વાંચજો, ધરમ બરોબર સચવાય છે, કંપની સારી છે, રસોડું હાથે પકાવીએ છીએ, ભૂલચૂક

માફ કરજ્યો, સાજા નરવા રાખજ્યો, વેલજીભાઈ પૂનાથી લખે છે ચરણકમળનું કામ ચાલે છે, અમે તમારા બાળકો છીએ ભૂલચૂક માફ કરજ્યો, સેવાઓ લખજ્યો, ઇન્ડિયાના ૯૯ રૂપિયા રોજ મળે છે, નવ કલાક કામ અને બે કલાક ઓવર કામ એમ કરીએ છીએ, રોજ ૩૬ રિયાલ છે, ઓવર ટાઇમના વધારે મળે છે, બહુ જ સુખી થયા છીએ, એકમદ સારે ઠેકાણે નાખ્યા છે, દેશમાં ઘેર યથાશક્તિ મોકલ્યા છે, કરજ નથી રહ્યું, બધા સારા સમય આવ્યા છે, એકદમ પ્રારબ્ધ ફેરવી નાખ્યાં છે, પત્ર લખતા રહેજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૬૬ તા. ૫-૭-૭૭

કુવેત, સફાત નાં. ૨૪૩૧૩, દુબઈ.

જુનાગઢમાં સ્વસ્વરૂપમાં વિરાજમાન પ્રગટ શ્રીહરિશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા શ્રીહરિશરણાગતિ સંતમંડળ તથા હરિભક્તો પ્રતિ, **કુવેતથી માવજી મનજી તથા કુંવરજી મેપાના બધાવતી દંડવત્ પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** આપ ભગવાન પ્રગટ હાજરો હાજર છો, ડગલેને પગલે અમારી રક્ષા કરો છો, આપના આશીર્વાદ તથા પ્રસાદીના ફૂલ મળ્યા છે, ઘણોજ આનંદ થયો છે, હેત મહેરબાની વિશેષ રાખજ્યો, આંહિ ભજનભક્તિ આપના પૂજાપાઠ પ્રત્યક્ષના ઉત્સવ પણ ભક્તો કરે છે, સેવક કુંવરજી ભગત કહે છે - પૂના અમારે ઘેરથી ઑપરેશન કરાવવા ધણીની સહી આવે તો થાય, તો તમો દયા કરો ઑપરેશન ન કરવું પડે, બીજું કુવેતનું ચલણ ૧ રિયાલ તે ભારતના ત્રણ રૂપિયા થાય, ૧૦ દિનારના ૩૦ રૂપિયા થાય છે. બીજાને પગાર -

૧૦૦ રૂપિયા સુધી મળે છે તો અમોને વધારે મળે તેવો સંકલ્પ કરજ્યો, આ દેશમાં તમો પ્રગટ ભગવાન સિવાય બીજા કોઈ રક્ષા કરનાર નથી, મુંઝવણમાં તમારી મૂર્તિ સામે જોઈને બેસીએ છીએ, ધૂપ દીપ આરતી પૂજા કરીએ છીએ, તેથી મુંઝવણ તરત જ મટી જાય છે, ઉકેલ થઈ જાય છે, કામકાજ સારા આપે છે, ટેકા પણ આપે છે, તેઓને ધર્મ પાળનારાઓનો ઘણો ભાર પડે છે, શ્રીહરિશરણાગતિમંડળને ખૂબ આપજ્યો ખૂબજ સેવા બતાવજ્યો, પૂના- રોગ મટી જાય એવી પ્રાર્થના છે, ક્ષમા કરજ્યો, ભૂલચૂક માફ કરજ્યો, કાગળ જલ્દી લખજ્યો, પ્રગટ ભગવાનને જયસ્વામિનારાયણ, કુંવરજી મેપા, સફાત, નંબર ૪૩૧૩ કુવેત, અરેબીયન ગુલ્ફ, દયાથી દર્શન દેતા રહેજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૬૭ તા. ૫-૭-૭૭

નાં. ૨૧૬, અમ્માક રીવેન, દુબઈ.

શ્રીમહાપ્રભુજી ધામનાધામી સદ્‌ગુરુ પ્રગટ પરમાત્મા અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા અમારા દિવ્ય ઇષ્ટદેવ અક્ષરાધિપતિ તમોને **દુબઈથી હું છગનલાલ હીરજી તથા ગિરધરલાલ લક્ષ્મણ જામસરના તથા શ્રીહરિશરણાગતિમંડળવતી તમામના આપને દંડવત્ પ્રણામ સાથે જયશ્રીસ્વામિનારાયણ સ્વીકારવા,** પ્રાર્થના - તમો ભગવાન છો, મને મનુષ્ય અવતાર આપ્યો છે, સાચો તમારો આધાર છે, તમારા વિના સૂકું પાંદડું પણ ન હલે, બે માસથી દુબઈ આવેલ છું, બધા આનંદમાં છીએ, બધો બોજો તમોને અર્પિત છે, આપને સુખે ભજું છું, ભાગ્યશાળીને શ્રીકૃષ્ણનારાયણરૂપે પ્રગટ ભગવાન ઓળખાય, તમારા આશીર્વાદો વડે મારે મોટું તમારું મંદિર બંધાવવું છે, તમો જામવંથળી પધાર્યા તે દિવસથી મારો વિચાર છે, અનેકનું કલ્યાણ કરવા કૃપા કરી હતી, અજ્ઞાનીઓને તે ખબર ન હતી, તમો અક્ષરાધિપતિ પ્રગટ ભગવાન છો, મારા જીવમાં છે જે શ્રીહરિશરણાગતિમંડળ દ્વારા મંદિર બંધાવીએ, સંત આશ્રમ બંધાવીએ, રૂપિયા તે માટે વાપરવા છે, આપના દર્શને આવવું છે, તમારી મૂર્તિમાં વૃત્તિઓ ખેંચાય છે, આશીર્વાદ લખજ્યો, દેશમાં આવીશ ત્યારે દર્શને આવીશ, તમારે ભરોંસે મારી ગાડી ચાલે છે, હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ વિશ્વકર્તા ધામોના ધણી તમોને મારા જયસ્વામિનારાયણ, શ્રીકૃષ્ણનારાયણને નમ: આપનો દાસ છગનલાલ હીરજી કાચાના દંડવત્ સ્વીકારશો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૬૮ તા. ૬-૭-૭૭

અજમાન, દુબઈ.

શ્રીઅનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમ: પરમેશ્વર પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ તથા આપના સંતમંડળની સેવામાં **દુબઈ - અજમાનથી લિખિતં સેવક વાલજી કેશવજી ચોટલિયા તથા માવજી, નાનજી વિગેરે શ્રીહરિશરણાગતિમંડળના સાક્ષાત્ દંડવત્ પ્રણામો, સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.** આપનો ઉપદેશ અને આશીર્વાદ પત્ર વાંચીને અમોને ઘણો જ આનંદ થયો છે, આપની દયાથી સુખિયા સાજા નરવા છીએ, મુશ્કેલીઓ આવતી જ નથી, વધારે વધારે દયા રાખજ્યો, પગાર સારા છે, સમય સારા છે, કુટુંબને પૂરતું મોકલેલ છે, સેવાઓ પણ થાય છે, બોનસ પણ મળશે, કંપની ચાલુ પગારે વર્ષે એક મહિનો દેશમાં આવવા દે છે, આરબ હેવી કંપની અમારે માટે ઘણી જ સારી છે, આપની દયા વરસી છે, તન, મન, ધન વડે મૂર્તિ સેવી તેના તાત્કાલિક સારાં ફળ મળ્યા છે, કંપનીએ

રાજકુમાર જેવી તો સગવડ આપી છે, સેવાનાં જ ફળ છે, હું, સાત વર્ષથી માબાપથી જુદો છું, છતાં ભેગા જેવો વરતું છું, માબાપને નાશિક વિગેરે તીર્થો કરાવ્યા છે, મારી પત્ની પણ આજ્ઞામાં વરતે છે, સમઝદાર છે, તેને સાજા રહેવાનો પૂના કાગળ આશીર્વાદ મોકલજો, રક્ષા કરજ્યો, તમારા દાસ છીએ, તમો ભગવાન છો. દઃ વાલજી તથા શ્રીહરિશરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચવા, દર્શન દેતા રહેજ્યો બસ એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૬૯ તા. ૨૧-૭-૭૭

૧૯૮-માર્ટીન સ્ટ્રીટ, લીસ્ટર, લંડન.

ભગવાન જુનાગઢવાસી પરમ પ્રભુજી શાસ્ત્રીજી તથા સંતોના પ્રતિ લીસ્ટર **લંડનથી લિ. ભગત કેશવજી લક્ષ્મણ ચૌહાણ તથા તમારો ભગત નારાયણ તથા અમારું કુટુંબ સર્વેના જાજા જાજા દંડવત્પ્રણામ તથા જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.** આશીર્વાદ લખજો, કામ સેવા ફરમાવજો. આપના આશીર્વાદથી જ અમો સુખી થયા છીએ, કામકાજ સારા ચાલે છે, આ દેશમાં જાત મહેનતથી નાણાં લાભ ઘણો થાય છે, નારાયણભાઈ પરીક્ષામાં પાસ થયા પછી ઉપલા સ્ટાન્ડર્ડમાં આગળ વધશે, સેવા યોગ્ય લાગે તેમાં વાપરજો, અમારા ઉપર લાગણી દયા પ્રેમ ભાવના રાખજ્યો, ઉપદેશ આશીર્વાદ આપજ્યો, ભૂલચૂક માફ કરજ્યો, આપ પ્રગટ ચમત્કારી અવતારી સંત છો, અમારી રક્ષા કરજ્યો, લિસ્ટરથી સેવક કેશવજી લક્ષ્મણના જય સ્વામિનારાયણ વાંચશો. કુટુંબનાં દંડવત્ વાંચજ્યો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૭૦ તા. ૬-૮-૭૭

નાં. ૩૩૯૩, સન્લી કંપની, દુબઈ.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીનો જય હો, સ્વસ્થાન શ્રીજુનાગઢ મહાશુભસ્થાને વિરાજિત પરમપૂજ્ય દયાળુ ઇષ્ટદેવ મહાપ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ પ્રગટ ભગવાન શ્રીહરિ તથા સંત પાર્ષદો પ્રતિ અમારા સાષ્ટાંગ દંડવત્પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા, **દુબઈથી લિખિતં સેવકો મોહનભાઈ વિગેરે શ્રીહરિશરણાગતિમંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચવા,** અમોએ ભેગા મળી જમવાનો ઉચ્છવ કર્યો હતો, પ્રગટના લીલા ચમત્કારોની વાર્તા કથાઓ કરી હતી, મહા આનંદ આવ્યો હતો, આ મોટી રસોઈ નિમિત્તે શ્રાવણમાં આપ ભગવાન તથા આપના સંત મંડળને શ્રાવણમાં જમાડવાની સારી સેવા શુક્રવારે એકત્રિત કરી હતી, બધા ભક્તો મળ્યા હતા, જયસ્વામિનારાયણ કહ્યા છે, આનંદથી

રહીએ છીએ, મુંઝાતા નથી. કામકાજ સારાં છે, બધા વધારે રાજી થાય તેમ આશીર્વાદ પત્રથી સંભાળ લેજ્યો, સંપ ઘણો છે, પરદેશ તે સ્વદેશ જેવો છે, આઠ કલાક કામ અને ઓવર ટાઇમ પણ મળે છે, સવારે છથી સાંજે છ સુધી કામ કરીએ છીએ, તબીયત સારી રહે છે, ભોજન પાણીમાં લોભ નથી કરતા, તમોને જમાડીને મૂર્તિમાં સંભારી દર્શન કરીને જમીએ રહિએ છીએ, આપના પ્રતાપ ચમત્કારો અનેક સ્થળોનાં યાદ આવે છે, તમારાં સુખ સંભારીએ છીએ, પ્રત્યક્ષને ભજીએ છીએ, મોહન કરશનના દંડવત્ સાથે જય સ્વામિનારાયણ વાંચવા, પૂના મુંબઈ કાન્દીવલી વંથળી ચાવડા દુબઈ મશ્કત વિગેરે છુટા છવાયા સ્થળ નિવાસી ભક્તોની સંભાળ રાખજો, તમો ભગવાન સમય પ્રમાણે દર્શન દઈને હિંમતમાં રાખજો, હાલમાં વનવાસ જેવું ગણાય, પણ તે વિના કમાણી થાય તેમ નથી, માટે તમારી કૃપાવડે વનવાસને નિજનિવાસ ગણીને રહ્યા છીએ, આંહિ કમાતા કરી દીધા છે, બે પાંચ વર્ષોમાં ઘણી કમાણી દેખાશે, ભગવાનનું તમારું કામ તમો કરજ્યો, ભક્તોનું કામ ભકતો કરશે, આંહિ ઘર મંદિર જેવો જ સત્સંગ કરીએ છીએ, આપનીદયા છે, કુંજની પેઠે સેવજ્યો, આશીર્વાદ લખજ્યો, સ્વતંત્ર ભગવાન ધારે તે થાય, સત્સંગ વૃદ્ધિ પામે તેમ કરજ્યો, સાક્ષાત્ દંડવત્પ્રણામ વાંચજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૧૭૧ તા. ૨-૧૦-૭૭

સન્લી નં. ૩૩૯૩ બી-૨, દુબઈ.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ નમ: શ્રીહરિ: શરણં મમ. પવિત્ર મહાદિવ્યભૂમિ બ્રહ્મનગરમાં વિરાજમાન રાજાધિરાજ પ્રગટ શ્રીહરિ તથા સંતમંડળ પ્રતિ **દુબઈથી શ્રીહરિશરણાગતિમંડળ તથા ભક્તોના જય સ્વામિનારાયણ વાંચશોજી.** આપની દયાથી આંહિ સત્સંગીઓ તમારી ભક્તિ કરે છે, તમારી સેવા પૂજા માટે તન, મન, ધન કુરબાન કરે છે, આપ સત્યસંકલ્પ છો, અમો બધા શ્રીહરિના ભક્તો ભગવાન માટે સેવા મગ્ન છે, સાજાનરવા છે, કામધંધા સારા છે, સહકાર મળતો જાય છે, મંડળનો ઉત્સાહ અને બળ વધતાં છે, શુક્રવારે આપનો આશીર્વાદ પત્ર વાંચી બધાને જય સ્વામિનારાયણ કહ્યા છે. એકબીજાને હેતથી મળીએ છીએ. પોતાપણું સમઝાણું છે, કોઈપણ ભગવાનનું કામ તુરત જ કરવું એમ આપની આજ્ઞાને વધાવે છે, જય જયકાર થાય છે, સહકાર વધતો જાય છે, શ્રીહરિશરણાગતિમંડળ ઘણું વિકસિત થયું છે, જન્મભવન માટે નવો પ્રાસાદ કરવા ધારે છે, શરણાગતિ ભક્તો તે કામ કરશે, સર્વે ભક્તોએ દસ દસની વ્યવસ્થા કરી રાખી છે, સમય પ્રમાણે વાપરશે, ટપુલાલ ભગતને પ્રમુખ રાખ્યા છે, પૂના વેલજી ભગતને મંદિર માટે પૂરતો ટેકો છે, આપની ભક્તિમાં સુખ છે, તમામ ભક્તોનાં દંડવત્પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચજો. ભૂલચૂક માફ કરજો, અમો મોહન ભગત, રતિલાલ ભગત,

દયાળજી ભગત, દેવરાજ ભગત, ટપુલાલ ભગત, તુલસી ભગત, દેવજી ભગત, શામજી ભગત, વાલજી ભગત, માવજી ભગત, નાનજી ભગત, નથુ ભગત, વીરજી ભગત, ભગવાનજી ભગત, જયંતીલાલ ભગત, ભગવાન ભગત, રામજી ભગત, વ્રજલાલ ભગત, રણછોડ ભગત, વિગેરે તમામ તમારા ભક્તોની ચરણકમળોપાસના ભક્તિ વધે તેવા આશીર્વાદો આપશો, પ્રગટ ભગવાનની જય હો, દર્શન દેતા રહેજો. સેવા ભક્તિ આપજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૭૨ તા. ૧૦-૧૦-૭૭

સન્હી, નં. ૩૩૯૩, દુબઈ.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણસ્વામિને નમઃ, આપ ભગવાન જય પામો, પ્રગટ પ્રભુજી અમારા રક્ષક, સૃષ્ટિના સર્જનહાર, અન્તર્યામિ, સર્વેના કર્મફળ પ્રદાતા, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં **અમારા મુક્ત સંતોના સર્વેના સાક્ષાત્ દંડવત્ પ્રણામ સ્વીકારશોજી.** જ્યાં જ્યાં આપના ભક્ત હોય તેમને આશીર્વાદ પત્રો લખતા રહેજો, દયા વડે સંભાળ લેજો, બધા આનંદ મંગળ છે, તીર્થ માટે બધા વાટ જુએ છે તૈયાર છે, પચાસેક ફોટાઓ મોકલાવજો, હરિણ્યંવર્ણ રૂકમસ્વરૂપ ઉજ્જ્વલ તેજસ્વી ભગવાન શ્રીકૃષ્ણમહારાજ ઘનશ્યામ મહારાજ સ્વયં આપ છો, અમારી રક્ષા કરજ્યો, ભક્તોના મનોરથ પૂરજ્યો, ભૂલચૂક માફ કરજ્યો, ભગવાનનું ધાર્યું હશે તેમ થાશે, રિયાલ અને દિનાર તો આપની સેવામાં કામ આવે તે સાચા, અરબસ્તાનમાં ૭૬, ૭૭ સાલમાં આવીને જુદે જુદે સ્થળે વસ્યા છે, જે જે જાણવામાં છે તે તે નીચે લખ્યા છે બધા શ્રીહરિશરણાગતિમંડળને શુક્રવારે ભેગા થાઈએ છીએ, બાકીના દુર દુર જંગલોમાં કામ કરે છે તે રહી ગયા છે,

મોહનલાલ રતનશી પૂજારી
મોહનલાલ કરશન મનાણી
કરશન નાનજી વરૂ જીરાગઢ
રવજી નાનજી વરૂ જીરાગઢ
પુરુષોત્તમ શામજી ચોટલીયા
કેશવજી વસ્તા જાવિયા
જગજીવન રાવજી ચોટલિયા
છગનલાલ હીરજી કાચા
વેલજી મનજી કાચા
પ્રાગજી મોહન ધૂળકોટવાળા
મંગુ નીશા બીલીમોરાવાળા
રામજી તુલસી ટાંક
પ્રાગજી ડાયાભાઈ
દેવરાજ ડાહ્યાભાઈ મકવાણા
તુલસી મનજીભાઈ
જયંતિલાલ રાઘવ પોરીયા
ભગવાનજી ટપુ પોરીયા
હરિલાલ વેલજી ખોલિયા
અમરશી ભગવાનજી રાઠોડ
દામજી ભગવાનજી રાઠોડ
રમણિકલાલ જેરામ મકવાણા
વીરજી ડાયા ચોટલીયા

અર્જુન નાથા ફાટસરવાળા
જયન્તિલાલ મનજી કાચા
સવજી ડાયા કાચા
નારાયણ લાલજી કાચા
બાબુલાલ ભાઈ સૌરાષ્ટ્રી
રતિલાલ ભગવાનજી રાઠોડ
છગનલાલ માવજી દેશી
ભોવાન ભાઈ કાઠીના
પરશોતમ તુલસી ટાંક જીરાગઢ
આંબાલાલ ડાયાભાઈ
નરોત્તમ ગોવિંદ કાચા
જીવરાજ ડાયાભાઈ
મોહન ડાયાભાઈ
જેરામ ડાયાભાઈ
દામજી ભીમજીભાઈ
પાંચાભાઈ...
દેવજી કાનજીભાઈ રાઠોડ
શામજી હીરજી કાચા
ભગવાનજી હીરજી લખમણ
તુલસી ડાયા ટાંક
હરિલાલ રણછોડ મનાણી
મગનલાલ મુરજી રાંપરીયા
જયંતિલાલ મોહન કાશિયાણી
જયંતિલાલ મેપાલાલ
નારાયણ જેરામભાઈ
અમરશી ભગત
કુંવરજી મેપા મનાણી
વાલજી મેપા મનાણી
નટવરલાલ ધનજી
મનસુખલાલ અમરશી
નરેન્દ્રકુમાર અમરશી
અમૃતલાલ લાધા ઝીણા
મનસુખલાલ નરસિંહ ખારચીયા
જીવરાજ લાલજી કુકડીયા
રવજી નાનજી જિરાગઢ
રતિલાલ હંસરાજ રાઠોડ
દયાળજી લાલજીભાઈ
નાથાલાલ ડાયાભાઈ
દેવરાજ ડાયાભાઈ બગીચાવાળા
ટપુલાલ કાનજી રાઠોડ
રામજી કેશવજી
વાલજી કેશવજી ભેંસાણ
નાનજી લખમણ
માવજી લખમણ
વ્રજલાલ રણછોડ કાચા
રતિલાલ મોહન
જયંતીલાલ દેવસી માધાપર
ધીરજલાલ લાલજી
તુલસી મુળજી રાજા
ઓધવજી લખમણ
રતિલાલ ગંગદાસ ચાવડા
દામજી ગંગદાસ
પ્રેમજી ગંગદાસ
શંકરભાઈ વિઠ્ઠલભાઈ વિશનગર
નથુભાઈ ગંગદાસભાઈ
મોતીલાલભાઈ મંડળના
કેશવજી મનજીભાઈ
ભગવાનજી જેરામ ડાયા
માવજી મનજી રાઠોડ
મનસુખલાલ અમરસી
દામજી કેશવજી રાઘવાણી
જયંતિલાલ મોહન ટપુ
કરશન હીરજી વેકરીયા માધાપર
રતિલાલ લાલજી જાવિયા
ચમનલાલ મોહન રાઠોડ
મગનલાલ કેશવજી મનાણી
વેંકટ સ્વામી કામાઠી
વસરામ લખમણ જેઠા
ભગવાન હીરા કાચા રામપર
નારણ પ્રેમજી ખોલિયા

હેમરાજ નાનજી ભેંસદડ
માવજી કરશન માંડવી
પ્રેમજી કારા અંબાળા
દેવજી ગાંડાલાલ રાઠોડ જિ.
જયંતિલાલ રવજી વરૂ
ગોરધન ગોવિંદ કાચા
પ્રભુલાલ રવજી રાઘવાણી રણજીતપુર
પ્રેમજીભાઈ
શિવજીભાઈ
બચૂલાલ ધરમશી જાયવા
નરસિંહ ધરમશી જાયવા
શાંતિલાલ ડાયા રાઠોડ
વાલજી કેશવજી હરિભાઈ
વિસરામ પ્રેમજી દહીંસરા
શાંતિલાલ કેશવજી બગીચાવાળા
રતિલાલ પ્રેમજી વાઘેલા
લાલજી પેથા
દેવજીભાઈ હરિજન
ઓધવજી ટપુ મનાણી
ભગવાનજી ડાયા સામપર
પ્રાગજી રણછોડ દેવજી
રમણિકલાલ કરશન જાવિયા
રણછોડ કરશન જાવિયા
રમેશ રણછોડ કરશન
ધનજી મોહન રાઠોડ
નટવરલાલ કેવલદાસ અગ્રાવત
ધીરજલાલ રણછોડ દેવજી ટાંક
હરિલાલ મનજી રાંપરીયા
રામજી કેશવજી જુઠા ચાવડા
જીવરાજ રતનશી ટાંક જિરાગઢ
મનજી પોપટ ચોટલિયા જિરાગઢ
હરસુખલાલ ધનજી
શાંતિલાલ નરસિંહ સામી
પ્રાગજી રણછોડ મનાણી
દયાળજી નાથાલાલ ટાંક
પ્રેમજી લાધા ખોલિયા
હરિલાલ પ્રેમજી ખોલિયા
રતનસીભાઈ દેશી
વશરામ ભીમજી હાલાઈ
રામજી કાનજી સુતાર વંથળી
રમેશચંદ્ર મોહનલાલ મકવાણા
નાગજીભાઈ
ધનજીભાઈ
દેવરાજ રામજી કિસાનપુર
ચમનલાલ હરિલાલ રાઠોડ
પ્રાગજી ભીમજી પરમાર
ગોરધનભાઈ જામસર
પરષોત્તમભાઈ ચૌહાણ જામસર
બચૂલાલ સવજી સોલંકી ધૂળકોટ
નરસી મનજી ભગત
હરિલાલ મેપાભાઈ
જેઠુ નરસી સોલંકી ધુળકોટ
લધુભાઈ હરજી રાઠોડ
પ્રેમજી શિવજી પિંડોરિયા
રામજી ટપુ ચાવડા
ચંદુલાલ કરશન વીરા
ભગવાનજી રાજા જાવિયા
છગનલાલ ડાયા મકવાણા
કાન્તિલાલ લીરા ચૌહાણ
શાંતિલાલ પૂંજા વાઢેર
નારાયણ કરશન ચૌહાણ
પ્રાગજી દેવસી ચોટલીયા
મધુભાઈ ધનજી
ખીમજી ભગત
રામજી જેઠા અજા
વલ્લભભાઈ બાણુગાર
ઘનશ્યામ શાંતિલાલ
છગનલાલ પ્રેમજી કાચા
છગનલાલ ડાયાભાઈ
મગનલાલ હંસરાજ ચાવડા

રતિલાલ વેલજી ખોલિયા	ચુનીલાલભાઈ મિસ્ત્રી
રમેશ કેશવજી ચોટલિયા	ભીખાલાલ ડાયા ચોટલિયા
જયંતિલાલ મેપાલાલ ચૌહાણ	અમૃતલાલ લીરા ચૌહાણ
છગનલાલ જીવરાજ જાયવા	બાલુલાલ વેલજી મનાણી
મૂળજી વેલજી ખોલિયા	કાનજી મુળજી કોદાળા
પ્રભુલાલ નરસિંહ ઘેલા	છગન ઘેલા બાણુગાર
મગનલાલ વેલજી દુધઈ	પોપટલાલ ભગત તીર્થનાં
જયંતિલાલ કચ્છી	વેલજી રવજી જુઠા
કરશન હીરજી વેકરીયા	ભગવાનજી હરજી પૂના
ગોવિંદ કુરજી ચોટલિયા	કિશોર રેવાશંકર
કાન્તિલાલ લાલજી ચોટલિયા	હેમતલાલ ધીરૂભાઈ
હરિલાલ રામજી મનાણી	પરષોત્તમ ડાયાભાઈ

શ્રીહરિશરણાગતિમંડળના ઉપરના તમામ ભક્તો અનાદિશ્રીકૃષ્ણનારાયણના દાસવર્ગ આપને ભજે છે, સેવે છે, પૂજે છે, શુક્રવારે તથા વાર તહેવારે મહામહોત્સવો કરે છે. સમૂહ ભોજન કરે છે, પોતપોતાના પ્રદેશમાં તમોને પધરાવેલ મૂર્તિને જમાડે છે, ભક્તિ કરે છે, અરેબિયામાં પ્રગટભગવાન આપે ભક્તો મોકલ્યા, સારી કમાણી આપી, ભક્તિ વધારી બલુનમાં બેસાર્યા, સોનાના રિયાલ દેખાડ્યા. ભાગવતધર્મ પ્રવર્તાવ્યો, આ ભક્તોને આપના અવારનવાર દર્શન થયા કરે છે, સર્વે જ્યાં જ્યાં ભેગા થાય ત્યાં ત્યાંથી મિત્રમંડળમાં જયશ્રીસ્વામિનારાયણ કહેવરાવે છે, આશીર્વાદો મંગાવે છે, આ તમામના પ્રાર્થનાપત્રો આપ ઉપર આવે છે, પોષ્ટ નંબર શિરનામાં મોકલે તે બધાની રક્ષા કરજ્યો.

ચાવડાના ટપુલાલ કાનજી રાઠોડ શ્રીહરિશરણાગતિમંડળનાં પ્રમુખ તરીકે સેવા બજાવે છે, બધા થોડી થોડી સેવા ફંડ ભેળું કરીએ છીએ, જેમાંથી સમય સમય ઉપર સામૂહિક ખર્ચ કરી શકાય છે, મુંબઈ પૂના કાન્દિવલી ફુલવાડી તીર્થભૂમિ વિગેરેમાં પણ સહાયતા થઈ શકે છે, ભગવાનને અરજ કે નિર્ધનો પણ હવે પૂર્ણધની બન્યા છે, ધન્યવાદ પાત્ર એવા આ બધાં ભક્તોનું વનસ્થળીમાંથી શ્રીકૃષ્ણસ્થળીનગર બનાવો દયા કરો, એવી પ્રાર્થના સ્વીકારશોજી.

મોહન ભગતના જયસ્વામિનારાયણ વાંચશોજી, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૭૩ તા. ૨-૧૦-૭૭

દુબઈ.

આલોક તથા પરલોકના સાચા સગા પ્રગટ શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ગુરૂમહારાજના ચરણોમાં લિ. **સેવક ગોવિંદ ડાયા જેરામભાઈ, દેવરાજભાઈ તથા રમણિકલાલ, તથા લવજીભાઈ તથા અમરસીભાઈ વિગેરેના શ્રીહરિશરણાગતિમંડળના સદંડવત્ જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** દુબઈમાં અમો તમારી દયાથી સુખી છીએ, જામવંથળીથી લખે છે - વરસાદ પાણી સારા છે, આંહી આપની જન્મજયંતી ઓચ્છવ અમારા કામ ઉપર હોલમાં રાખેલ છે, પતંગનો દોર તમારા હાથમાં છે, તમો ભગવાન ગૂરૂમહારાજ અમારી રક્ષા કરજ્યો, તમો સાથે જ છો, અમારો નિશ્ચે તમો પ્રભુ છો એ દૃઢ થતો જાય છે, સેવા ધારેલ છે, તે કરીને, સેવા ધારેલ છે. તે કરીને રાજીપો વધારે મેળવશું તમો સર્વ દેખો છો રક્ષા કરતા રહેજો. એજ ગોવિંદભાઈ તથા રમણિકલાલના દંડવત્ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૭૪ તા. ૨૦-૧૦-૭૭

અજમાન. નં. ૫૨૯, દુબઈ.

પ્રગટ શ્રીસ્વામિનારાયમ અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ સ્વદિવ્યનગરમાં વિરાજમાન શ્રીશાસ્ત્રીજી પુરુષોત્તમ નારાયણ તથા સંતમંડળની સેવામાં **અજમાનથી વિ. સેવક વાલજી કેશવજી વિગેરેના શ્રીહરિ શરણાગતિમંડળના સદંડવત્ જયસ્વામિનારાયણ વાંચજ્યો,** આશીર્વાદ પત્ર લખવા કૃપા કરજ્યો, સેવકો ઉપરના તમામ પત્રો વાંચીને ટેપરેકર્ડમાં લઈએ છીએ, ઘણો આનંદ અને સુખ થાય છે, સમૂહ ઉપદેશ લખ્યો તે અનુસંધાનનો મહા આનંદ આવ્યો છે. ઇદ ઉપર ત્રણ દિવસો ચાલુ પગારે છૂટીમાં બધા મળીને ઘણો સંત્સંગ કર્યો છે, રતિલાલ ભક્તે ઘણી વાતો કરી ચમત્કારો વર્ણવ્યા, સભા શાંત થઈ ગઈ હતી, તમામના ફોટાઓ લીધા છે, સારું કમાઈ છીએ, પગાર ૩૭ રિયાલ મળશે.

માવજી લક્ષ્મણ મકવાણા તા. ૧૦, ૧૧ના પ્લેનમાં દેશમાં આવશે. તીર્થભૂમિ માટે જે કરવું હશે તે કરશે. આંહિ વર્ષ પૂરું થયે, ૮૦૦, બોનસ મળે છે, કંપની સારી છે, અમો પાંચ પવિત્ર શાકાહારી છીએ, બીજા દૂર દૂર છે, કંપનીના મૅનેજર ધર્મમાં બહુ જ માને છે, તેની દયા છે, તમારી દયા વડે કંપની સારી મળી છે, પ્રગટનો પ્રતાપ પગાર સારા છે, અમારો ધર્મ સચવાય છે, પ્રગટ પરચો છે, અમારી નજર રાખજ્યો, એક માસ દેશમાં આવવા મળે છે, કસ્ટમ ન નડે તેવી દૃષ્ટિ દેજ્યો, ચમત્કાર આશ્ચર્ય બતાવજ્યો, ફુલવાડી માટે તૈયારી છે, હીરજી પેથાનો કાગળ મળ્યો છે, શ્રીહરિશરણાગતિમંડળ મંદિર કે ભવન કરવા ઇચ્છે છે, બધા

બળમાં છે, નાણાં તો ચૂનાવડા વડે એક મોટા જજને મળે તેટલા મળે છે, તમો સત્યસંકલ્પ પ્રગટ ભગવાન છો, ભગવાને ભગવાનનું કામ કરવું, ભક્તો સેવકોએ સેવાનું કામ કરવું, તે બરાબર થાશે, અમારા જીવ મુક્ત થયા છે, બ્રહ્મધામના અધિકારી થયા છે, અધુરું ન રહે તેવી કૃપા કરજ્યો, કૃપા અમાપ વરસાવજ્યો, દર્શન આપતા રહેજ્યો, ભક્તો માટે જ્ઞાન ભક્તિ મંદિર વધારે કરાવતા રહેજો, ભૂલચૂક માફ કરજ્યો, આશિષ લખજ્યો, એજ વાલજી વિગેરેના જય સ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં-૧૭૫ તા. ૧-૧૦-૭૭

અહમેદીયન કંપની, નાં. ૨૫૯૬, દુબઈ.

પ્રગટ ભગવાનને નમો નમ:, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પરમપ્રેમપાત્ર પરમપૂજ્ય શ્રીશાસ્ત્રીજી મહારાજ તથા સંત મંડળને **દુબઈથી તમારા ચરણકમળોના ઉપાસક રામજી તુલસીભાઈ વિગેરેના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો,** શ્રીહરિશરણાગતિમંડળ આંહિ તમારી દયાથી સુખી છે, કોટિકોટિ દંડવત્પ્રણામ સ્વીકારજ્યો, તમારું ભજન પૂજન વ્રત કરિએ છીએ, તમારા ચરણોમાં પ્રીતિ છે, તમારા આશીર્વાદ પત્ર વડે અંતરમાં ઘણું જ ટાઢું થયું છે, સન્લીમાં ભેગા થયા હતા આપનું ભજન કર્યું હતું, વધારે નજર રાખજ્યો, વધારે સુખ આપજ્યો, ભૂલચૂક માફ કરજ્યો, તમારો સત્સંગ વધતો જાય છે વધારે દયા કરજો, સેવક રામજીના દંડવત્ એજ.

❖❖❖❖❖

પત્ર નં-૧૭૬ તા. ૨-૧૦-૭૭

દુબી, સારજાહ, નાં. ૨૦૧૫, દુબઈ.

જીર્ણનગરીમાં વિરાજતા પ્રગટ ભગવાન અક્ષરાતીત ધામોના ધામી સર્વાધિપતિ પરમગુરુદેવ અનાદિશ્રીકૃષ્ણનારાયણ દયાળુ, કૃપાળુ સાક્ષાત્ રક્ષાકર્તા ભક્તો સાથે વસતા સર્વોપરિ અવતારોના અવતારી પ્રગટપ્રભુજી શ્રીકૃષ્ણનારાયણ એવા આપને તથા સંતમંડળને, **ગામ દુબઈથી આજ્ઞાંકિત શિષ્ય છગનલાલ તથા શામજીભાઈના તથા શ્રીહરિશરણાગતિમંડળના સદંડવત્ જય શ્રીસ્વામિનારાયણ સ્વીકાર હો,** તમો ભગવાન સાક્ષાત્ માનવસ્વરૂપમાં પરમપુરુષો શ્રીપુરષોત્તમ છો, અંતર્યામી છો, અમારા સર્વેના હૃદયના આત્માઓમાં સાથે રહેનારા છો, આપ શ્રીહરિને માલમ થાય જે - અમો સારજાહ આવીને સાત નંબરની સાઇડ ઉપર કામે જાઈએ છીએ, આપને માટે સેવા કરવી છે, આપના આશીર્વાદના પત્ર આવે છે, પણ ખાસ પોતાના માટે કાંઈ સેવાઓ લખતા જ નથી, ઉપદેશ વિગેરે હોય તોપણ સ્વાર્થ સેવા જણાવતા

નથી. અમારે ભગવાનના કામોમાં ટેકો થાય તેવી ઇચ્છા રહે છે તમોએ આપેલું આ ધન આપનું જ છે, આપને માટે વપરાય તેમ લખતા રહેજ્યો, અમો વાટ જોતા હોઈએ છીએ, તમારો પત્ર વાંચીએ ત્યારે સાક્ષાત્ સામે જ વિરાજતા હો તેમ લાગે છે, આપનો કંઠ અમારા કાનમાં ભણકારા કરે છે, મૂર્તિનું ઉજલું સ્વરૂપ આત્મામાં દેખાય છે, સામે આશીર્વાદો આપી રહ્યા છો એમ નેત્રો આગળ તરી વળે છે, હે ભગવાન ચિત્તના નિરોધે કરીને આવી સમાધિ કોઈને મળતી નથી, એવી શાંતિ એકાગ્રતા થાય છે, બહુ જ સુખ આવે છે, તમારી કથાવાર્તા વિના બીજું ગમતું નથી, સેવા જરૂર મોકલાવવી છે, તો શ્રીકૃષ્ણભગવાન તમોને રાત્રિદિવસ યાદ કરતા એવા અમારા મોટાં ભાગ્ય છે જે ભગવાન પોતે ગુરુ મળ્યા છે, પ્રગટ શ્રીકૃષ્ણનારાયણના હાથથી લખેલા આશીર્વાદપત્ર અમોને મળે છે તેથી દેવોથી પણ વધારે ભાગ્યવંત ગણાઈએ, દયાની તો સીમા નથી, ઊંચે દર્જે છીએ, સાચો આધાર તમારો છે, વંથળીના ફુલવાડીનો સુધારો કરવા જણાવે છે. ત્યાં પણ મોટું ધામ બનાવી દેવા ઇચ્છા છે, વાત સાંભળતાં જ આનંદ થયો છે, સંભાળ લેતા રહેજો, ભૂલચૂક માફ કરજ્યો, બધાના શ્રીહરિશરણાગતિમંડળના વતી છગનલાલ હીરજીનાં જય સ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૭૭ તા. ૨૧-૯-૭૭

પનગુલ્ફ કંપની, જાબીલ અલી સાઇડ નાં. ૫૪૧૦, દુબઈ.

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળ પ્રતિ **રતિલાલ ભગત તથા શ્રીહરિશરણાગતિમંડળના સદંડવત્ જય સ્વામિનારાયણ વાંચવા,** આપની દયાથી અમો સુખી છીએ, ઇદના પાંચ દિવસો રજામાં બધા ભક્તોએ ચારે તરફથી દુબઈમાં ભેગા થઈને આપની આરતી ધુન ભજન ભોજન વિગેરે સમૂહભોજન ઉચ્છવો કર્યા છે, અને યથાશક્તિ સેવાઓ નોંધાણી છે, દુબઈમાં જ ફુગાવાડીની પેઠે સત્સંગ સારો વધ્યો છે, આશીર્વાદ આપજ્યો, જયંતીના ઉત્સવો ઉજવીએ, એક મહા ઉત્સવ ઉજવીશું, ફુલેકા સહિત ઉજવવો છે, અમારું વર્ષ લેખે ગણાશે, જન્મભૂમિતીર્થમાં તથા ફુલવાડીમાં જે કાંઈ બાંધકામ હશે હશે તે બધું કરીશું. વધારે સુખિયા થઈએ તેવા આશીર્વાદો આપજ્યો, ભૂલચૂક માફ કરજો, બધા વતી સેવક **રતિલાલ હંસરાજ**ના જયસ્વામિનારાયણ વાંચજ્યો, ક્ષમા દયા કૃપા કરૂણા કરજ્યો, અઢલક ઢળતા રહેજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૭૮ તા. ૩૦-૭-૭૭

નાં. ૪૧૧૨. મુસા બેહ બુંગા, દુબઈ.

સર્વ અવતારોના અવતારી પ્રગટ ભગવાન શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીશ્રીસ્વામિનારાયણ ભગવાનને તથા કોઠારી સ્વામીને સંતમંડળને **ગોવિંદ કુરજી ચોટલીયાના અસંખ્ય દંડવત્ પ્રમાણ સ્વીકારજ્યો.** તમારી દયાથી ઘણું જ સારું છે, પગાર સારો છે, સાજા નરવા છીએ, શ્રીહરિશરણાગતિમંડળના ભક્તો તમામ તમોને ભજે છે, તમારા દર્શન થતા રહે છે, આજ મને દર્શન થયાં, તમે કહ્યું તારી ખબર કાઢવા આવ્યા છીએ, તારો પત્ર સમાચાર નથી, હવે લખતો રહેજે, મેં તરત આ કાગળ લખ્યો છે, મને આનંદ આનંદ થઈ પડ્યો છે, તમો જ દેખાયા કરો છો, ભગવાન કામકાજે મારી સંભાળ રાખજ્યો, મારા માવતરોને સેવાપૂજા થાય તેમ કાગળ લખ્યો છે, હવે બધા દુઃખ મટી જાશે, આનંદમાં છું, તમારું ભજન પૂજન કરું છું, આંહિ ભક્તોએ તમારો ઓટો ઉચ્છવ કર્યો છે, જન્મજયન્તીનો મહામહોત્સવ બજારે ફુલેકા સહિત કરવો છે, સારા આશીર્વાદ આપજ્યો. વધારે આશીર્વાદો આપજ્યો, ક્ષમા કરજ્યો, રાજી રહેજ્યો, આશીર્વાદ લખજ્યો, તમારી કૃપાથી હવે સારાવાના છે, માવતરોએ ઘણું દુઃખ વેઠ્યું છે, તમો રક્ષા કરજો, બધાના જય સ્વામિનારાયણ વાંચજો, શરણમાં રાખજ્યો, સેવક ગોવિંદ કુરજીના દંડવત્ પ્રણામ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૭૯ તા. ૧-૧૦-૭૭

મસ્કત, નાં. ૪૩૪૭, રૂવી, દુબઈ.

પ્રગટ શ્રીહરિ તમો શ્રીસ્વામિનારાયણ ભગવાન શાસ્ત્રીજી મહારાજ સત્ય છો, જુનાગઢ નિજમહોલમાં વિરાજિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સેવામાં **મસ્કતથી લિખિતં સેવક પરશોત્તમ તુલસી ટાંક તથા શ્રીહરિશરણાગતિમંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.** તમારા આશીર્વાદો વડે ઘણો જ આનંદ થયો છે, તીર્થનો કબજો મળે તે અમોને જણાવજ્યો, તે બાબત વંથળી કાંદીવલી દૂબઈ પૂના પત્રો લખ્યા છે બધા ખૂબ ઉત્સાહમાં છે, ભગવાનની જન્મભૂમિ શ્રીરામજન્મસ્થાન શ્રીકૃષ્ણજન્મસ્થાન તીર્થ અવિચળ રહેશે, જરૂર મોટું મંદિર કરાવશું, ભગવાનની મરજી મુજબ થશે, આંહિ તમારી દયાથી કામકાજ સારાં છે, ઉપજ લાભ સારા છે, ભજન ઉચ્છવ કરીએ છીએ, જન્મભૂમિ માટે જરૂર જરૂર તન, મન, ધન વડે સેવા કરશું, જેરામ ડાયાની ટપાલ મળી ગઈ છે, પ્રાગજી ડાયા ખુશીમાં છે, શુક્રવારે બધા મળીએ છીએ, સારંગપુર દર્શન કરવા દેશમાં આવ્યા પછી જાવું છે, મુંબઈ આપની મૂર્તિ વાળા મંદિરમાં તમારા સાક્ષાત્ દર્શન થાય છે, તે ચમત્કાર

છે. લિખિતં સેવક પુરુષોત્તમના તથા ભક્તોના જય શ્રીસ્વામિનારાયણ વાંચવા, ભૂલચૂક માફ કરશો, પુરુશોત્તમ તુલસી, રૂવી, જિરાગઢવાળાના જય સ્વામિનારાયણ વાંચવા. બધાંને જય શ્રીસ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં-૧૮૦ તા. ૨૫-૭-૭૭

રાસલ ખીમા, આલા અરીફ કંસ્ટ્રકશન કંપની, નાં. ૨૦૩, દુબઈ.

શ્રીસ્વામિનારાયણાય નમ:, પ્રગટ ભગવાન શ્રીશાસ્ત્રીજી મહારાજને નમ: પરબ્રહ્મ શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ તથા સંતમંડળની સેવામાં, **દુબઈથી નિજસેવક જયંતિલાલ કે. ચોટલીયા, કેશવજી હરિભાઈ ચોટલિયા તથા નરસિંહ મનજી વિગેરે શ્રીહરિશરણાગતિમંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચવા,** આપના આશીર્વાદના પત્રો વડે ઘણો આનંદ થાય છે, ઘણે લાંબે કાળે તમારા હસ્તાક્ષરો વાંચવા મળ્યા, સેવા પહોંચી તે નાથાભાઈના પત્ર વડે જાણ્યું, રમણિક દેશાભાઈ સોની દેશમાં આવશે અમારું સંપેતરુ તમોને પહોંચાડશે, આપના આશીર્વાદો વધારે સુખી કરે અને વધારે કમાણી આપે એવા આશીર્વાદો આપજ્યો, અમારી સેવા યોગ્ય લાગે ત્યાં વાપરજ્યો, જુનાગઢ બેઠા બેઠા અમારી રક્ષા કરજ્યો, તમારી દયાનો પાર નથી તમો કરેલા રક્ષણથી આંહિ જીવાય છે, ત્રણ ચાર જગ્યાઓ બદલી છે, કાંઈ ન નડે, બારમો ગુરુ ન નડે તેમ ધ્યાન રાખજ્યો, નવું કામ ગોતવું પડે છે, શ્રીજી રક્ષા અને પ્રસાદી પુષ્પ પાંખડીઓ મોકલાવજ્યો.

મારા પિતાજી તમારા દર્શને આવશે, નાણાં સગવડ કરી દીધી છે, સાજા કરી દેજ્યો, શાંતિ થાય તેમ કહેજો, અમારી ભૂલ માફ કરજ્યો, ક્ષમા રાખજ્યો, આંહિ સવારે સાંજે તમારી પૂજા સેવા માળા ભજન થાળ વિગેરે કરીએ છીએ, જુનાગઢના તમારા નિવાસ સંભારીને દર્શન કરીએ છીએ, કોઈ નિયમ બાકી રહી જાય તો બીજે દિવસે પણ કરી લઈએ છીએ, ગ્રહ ન નડે તેમ કરજ્યો, પ્રગટ ભગવાન શ્રીશાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને જયંતિલાલ કેશવજી ચોટલીયા તમારા સેવકના ઘણા દંડવત્પ્રણામ સ્વીકારવા, સતવા, આબુ ધાબી, અને રાસલખીમામાં ફર્યો છું, પગાર ઓછા છે, સારા પગારમાં મેલજો, ટપાલ જયંતીલાલ કેશવજી એલ અરીફ કંસ્ટ્રક્શન કંપની, પોષ્ટબોક્સ નં. ૨૦૩ના સરનામે લખજો, મને કેશવજીને મળી જાશે, હરિબાપાને ઑપરેશનથી બરાબર આરામ નથી તો જલ્દી આરામ થાય તેવી દયા કરજ્યો, એજ. દર્શન દેજ્યો, કેશવજીભાઈ, જયંતીલાલ, પ્રભુલાલ નરસીંહ, છગનલાલ ઘેલાભાઈ વિગેરે શ્રીહરિશરણાગતિમંડળના જયશ્રીસ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૧૮૧ તા. ૧૮-૧૦-૭૭

અજમાન, દુબઈ.

ભગવાનજી હીરજી કડીયા જ્ઞાતિ ભાઈઓના પરમેશ્વર પ્રગટ પ્રભુજી, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં પ્રેમભાવે અસંખ્ય દંડવત્ પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ સ્વીકારવા, આપના આશીર્વાદથી અમો બધા આરામથી રહિએ છીએ, બધા કામ સફળ થાય છે, માણામોરાના રહીશ હાલ વાડાબેકરમાં વર્ષથી નિવાસી એવા અમારે બાળકનું સુખ થાય એવા આશીર્વાદ આપજ્યો, તમારી આજ્ઞા પ્રમાણે ધર્મ કાર્ય નડતર નિવારણ પણ કરીશું, એજ જરૂર જણાવજો, વળી **સેવક દામજી ભગવાનજી રાઠોડના જય સ્વામિનારાયણ વાંચજો,** અમારી રક્ષા કરો છો તેમ કરતા રહેજ્યો, ભગવાનજી હીરજી ચૌહાણનો સંકલ્પ સિદ્ધ થયો છે, તેમ મોટો સંકલ્પ સિદ્ધ થયે બીજી ઘણી સેવાઓ ધારેલ છે ટેક રાખશે, તમોને ભજે છે, અમો સાથે રહિએ છીએ, ભાયલાલ તથા અમરશી આવવાનાં છે, સર્વે શ્રીહરિશરણાગતિમંડળના જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી, આશીર્વાદ લખજ્યો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૧૮૨ તા. ૦-૦-૭૭

ખાન સાહેબ ગેમન કંપની, સારજાહ, દુબઈ.

પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણ શ્રીકૃષ્ણવલ્લભચાર્યાજી મહારાજ સત્ય છે, જુનાગઢ દિવ્યશુભધામમાં વિરાજમાન પ્રત્યક્ષ શ્રીહરિ શાસ્ત્રીજીમહારાજ તથા સંતમંડળ પાર્ષદ વિગેરેએ **દુબઈથી દાસાનુદાસ દેવજી કાનજી રાઠોડના જયશ્રીસ્વામિનારાયણ વાંચવા શ્રીહરિશરણાગતિમંડળના દંડવત્ પ્રણામ જયશ્રીકૃષ્ણનારાયણ વાંચવા.** દયાદૃષ્ટિ રાખજ્યો, સામજી હીરજીના દંડવત્ વાંચજ્યો, દેવજીભાઈ તથા શામજીભાઈએ ફુલપાંખડી સેવા મોકલાવી છે તે મળી હશે, આશીર્વાદ લખજ્યો, ગુલાબ ફુલપાંખડી પ્રસાદી મોકલાવજ્યો, બહુત સુખી થયા છીએ, તમારું ભજન કરીએ છીએ, પૂજનમાં થાળ જમાડીએ છીએ, દર્શન આપજ્યો. જયસ્વામિનારાયણ વાંચજ્યો ગુરુદેવાય નમો નમઃ

❖❖❖❖❖

પત્ર નં-૧૮૩ તા. ૪-૧૨-૭૭

દુબઈ.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણસ્વામિને નમઃ. સ્વસ્થાન સ્વભવનમાં વિરાજમાન, સંતશિરોમણિ, સર્વોપરિ, અવતારોના અવતારી, ભક્ત વત્સલ, દયાસાગર, કરણાસાગર, શરણાગતતારણહાર, પોતાના ભક્તોને વ્હાલા, વિશ્વવન્દ્ય, એવા પ્રગટ

પ્રત્યક્ષ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળની સેવામાં **દુબઈથી શ્રીહરિશરણાગતિમંડળ સમસ્ત ગુરૂભાઈઓના વતી, શાન્તિલાલ તથા રમેશ વથા રતિલાલ, તથા પ્રાગજી તથા નારણ તથા ચરણસેવકોના જયસ્વામિનારાયણ વાંચશો.** અમો દુબઈ આવ્યા છીએ, રસ્તામાં કાંઈ પણ તકલીફ નથી પડી, આપની કૃપાથી કંપની સારી મળી છે, પગાર સારા છે, સ્ટીમરમાં પૂજાપાઠ કીર્તન રસોઈ કરતા આવતા આનંદ થતો હતો, માવજી ભગત સાથે આવેલી પ્રસાદિ બધાને મળી છે શુક્રવારે સન્લીમાં ભેગાં થઈએ છીએ સારો સમાગમ દર્શન થાય છે આવાં સંતોનો સમાગમ આપતા રહેજ્યો દયા વરસાવજ્યો, કસર ટાળી નાખજો, ભૂલચૂક માફ કરજ્યો, આશીર્વાદ લખજ્યો, રક્ષા કરતા રહેજો, બધાવતી સેવક નારણ જેરામના જયસ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૧૮૪ **તા. ૩-૧૨-૭૭**

નાં. ૫૪૧, શાપૂરજી કંપની, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણસ્વામિને નમ:, જીર્ણદુર્ગને મહાપવિત્ર તીર્થકારી વિરાજમાન ઇષ્ટદેવ મહાપ્રભુજી અનાદિશ્રીકૃષ્ણનારાયણસ્વામી તથા સંતપાર્ષદમંડળ પ્રતિ **રતિલાલ, મોહનલાલ તથા શ્રી હરિશરણાગતિમંડળના જયસ્વામિનારાયણ પહોંચે,** માવજીભગત આવી ગયા છે, પ્રસાદી કણિકા સર્વને મળી છે, તમારા પ્રત્યક્ષદર્શન સમાન વધારે આનંદ ઉપજ્યો છે, મહાસુખિયા થયા છીએ, ચરણકમળના દર્શન વડે વધારે આનંદ થયો છે, પુસ્તકો વાંચશું અને કેફમાં રહેશું, સંલીમાં સમૂહ સત્સંગ કર્યો છે, આજે પ્રગટના સન્લીમાં કથાવાર્તા ચમત્કાર ચરિત્ર શ્રવણ કર્યો છે, પ્રગટ શ્રીહરિને જમાડીને જમ્યા છીએ, ઉચ્ચવ કર્યો છે, કાયમ તમારી સ્મૃતિ રહે તેવો આવો સત્સંગ દેજ્યો, રાજી થજો, રતિલાલ એક મહીના પછી ભારતમાં આવશે સેવા આપશે સુખ મળશે, પ્રભુજી ભક્તોને મૂકી ન દેજો, બોલકોલ દીધા બળવંત શ્યામ સંભાળી લેશો, ચરણ કમળના સેવકોના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો, શરણાગતિમંડળ સમસ્તના સભાના જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો, ક્ષમા કરજ્યો, આશીર્વાદ પત્ર લખજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૧૮૫ **તા. ૨-૧૨-૭૭**

બેહરીન, શેખ એહમદ રોડ, મોહરકા. અ-૧, સલુન, દુબઈ.

શ્રીહરિ: શરણં મમ:, અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમ:, શ્રીજુનાગઢ મહામંગળમયભૂમિમાં નિજધામમાં વિરાજમાન શ્રીનિજઉપમેયમાત્ર એવા ભગવાન શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુજી શ્રીશાસ્ત્રીજી મહારાજ શ્રીગુરુદેવ તથા સંતો પ્રતિ

બેહરીનથી લિ. દાસાનુદાસ ચરણકમળની રજના અધિકારી **સેવક હરિલાલ વેલજીના નવા વર્ષના દંડવત્ પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** આપ સર્વજ્ઞ પ્રભુ છો, બધુંય દેખો જાણો છો, આપની દયાથી જ મને બહેરીન ગવર્નમેન્ટમાં નોકરી ધનતેરશથી મળી ગઈ છે, પગાર દેશના રૂ. ૨૫૦૦ છે, છ કલાકની નોકરી છે, બપોરના દોઢ વાગ્યેથી છૂટી મળે છે, તમોને જમાડીને જમું છું, પહેલી કંપનીમાં ૧૫૦૦ પગાર હતો, હવે આપની દયા વધારે ફલી છે, વર્ષે રીટર્ન ટીકીટ ચાલુ પગારે એક માસ દેશમાં આવવા મળે, આ તમારા રાજીપાનું ફળ છે, નવા વર્ષમાં સોનાની લગડીઓ મળી છે, પાસપોર્ટ નવી કંપનીમાં મોકલાવો એવી કૃપા તમો કરજો, જે કાંઈ ધન દોલત તે તમારું છે, હું તમારી પ્રગટ ભગવાનની સેવાનો વારસદાર છું, રાજી રહેજ્યો, વિઘ્ન ન આવે તેવી રક્ષા તમારે કરવાની છે, પ્રભુ તમોએ મારે માટે ઘણાં સારાવાના કર્યાં છે, તમારે નાણે તમોને સેવતો રહીશ.

મારી કરેલી ધારણા ચાલુ રહે તેમ મને સાંચવજ્યો, સર્વ પ્રકારે સહકુટુંબ-અમારી રક્ષા કરજ્યો, તમારા ઓથમાં અને કેફમાં મજા કરીએ છીએ, રક્ષા કરજ્યો, નોકરી કાયમી રહે તેવી કૃપા કરજ્યો, જન્મજયંતીના નવા વર્ષના મારા દંડવત્ પ્રણામ સહિત જયસ્વામિનારાયણ વાંચજો. કોઈપણ કામમાં સેવકની સેવા વિના સંકોચે વપરાવજ્યો, ભૂલચૂક માફ કરજ્યો, મારું નાણું તમારું ભગવાનનું જ છે, મારા બાપુજીની આંખનો મોતિયો સારી રીતે ઉતરી જાય તેમ રક્ષા કરજ્યો, દેખાય તેમ ધારજ્યો, ઘરે કાગળ લખી આશીર્વાદ આપજ્યો, તે બળમાં રહે, તમારે ધ્યાન રાખવાનું છે, હરિલાલ વેલજી ખોલિયા, એ - ૧ સલૂન, મુકામ - બહેરીન, શેખ એહમદ રોડ, મોહરકા અરેબીયન ગુલ્ફ, એજ શિરનામું છે, રાજી રહેજ્યો.

❖❖❖❖❖

પત્ર નં-૧૮૬ તા. ૭-૧૨-૭૭

કુવેત સફાત, મેગાસ્કી, નાં. ૨૪૧૯૭. દુબઈ.

સ્વસ્થાનમાં વિરાજિત અનાદિપ્રગટપ્રભુ એવા શ્રીકૃષ્ણનારાયણ શ્રીહરિકૃષ્ણ મહારાજ અમારા આત્માના સાચા સાથીદાર સગા છો, અધમ ઓધારણ છો, પતિતપાવન છો, અશરણના શરણ છો, અનાથના નાથ છો, દીનના બંધુ છો, એવા સાચા સગા ભગવાન્ મને તમારો ભરોંસો છે, હે પ્રગટ પ્રભુ તમે જ મારા જીવનપ્રાણ છો, હે મહારાજ આશરો એક તમારો છે, કરતા હરતા તમો છો, સર્વેના હિતના કરનારા એવા ભગવાન્ શ્રીસ્વામિનારાયણના અવતાર ધરનારા અમારા વહાલા સદ્‌ગુરુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અમારા દંડવત્ પ્રણામ સહિત હેતપૂર્વક જય શ્રીસ્વામનિરાયણ વાંચશોજી, **કુવેતથી લિ. પ્રેમી ભક્ત જાવિયા**

પત્ર નં.-૧૮૮ તા. ૪-૧૨-૭૭

શારજાહ, નાં. ૧૯૧૨, દુબઈ.

ઓં શ્રીસ્વામિનારાયણ સત્ય છે, ઓં શ્રીકૃષ્ણનારાયણ સત્ય છે, ઓં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સત્ય છે, ઓં હરિકૃષ્ણમહારાજ તમોને નમો નમ:, શ્રીબ્રહ્મધામ જૂનાગઢ મધ્યે વિરાજમાન મહાપવિત્રતીર્થે નિજભવને પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા કોઠારી સ્વામી સ્વયંપ્રકાશદાસજી તથા આતમસ્વામી તથા દેવસ્વામી તથા પાર્ષદહેમત ભગત તથા સર્વમંડળે અમારા ઘણા જ દંડવત્સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચવા **દુબઈથી ચરણકમળસેવક દાસોનો દાસ હરિલાલ મેપાભાઈ તથા રવજી વેલજી તથા પ્રભુલાલ નરસિંહ તથા મગનલાલ દુબઈવાળા તથા શ્રીહરિશરણાગતિમંડળના તમામ ભક્તોનાં જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** પ્રાર્થના જે અમો સુખી છીએ, આપનું ભજન કરીએ છીએ, આપના ગુણ ચમત્કાર કીર્તન ગાઈએ છીએ, પાછી તેની તે કંપનીમાં આવવું પડ્યું છે. પગાર પહેલાંય હતો તેજ મળે છે, સેવા કરતા રહેશું, દયા રાખજો, આશીર્વાદ આપજ્યો, કામકાજ લખજ્યો, તમો બધું જાણો છો, અમો તમારા બાળકો છીએ, રક્ષા કરજ્યો, પત્રવડે સંભાળ લેજો, ઉપદેશ લખજ્યો, ટેપ રેકર્ડીંગ કરીને બધાને આપશું, વધારે આનંદ થાશે, હરિલાલ મેપાના જયસ્વામિનારાયણ વાંચશો, વિદેશમાં વધારે સાંભરો છો, તમો ભગવાન દયાળુ ટપાલ બધા માટે લખજો.

સેવક દેવજી કાનજી ચાવડાવાળા તથા તમામ ભક્તોના જયસ્વામિનારાયણ વાંચશોજી, અમોએ આપની જન્મજયંતી તા. ૪-૧૧-૭૭ના દુબઈ સન્લીમાં મોટે પાયે બહુ જ ધામધૂમે ઊજવી છે, મોતૈયાની મોટી રસોઈ જમાડી સૌથી વધારે શ્રીહરિશરણાગતિના સેવકો તથા બીજા પણ હતા, દુબઈના ૬૬૦, રીયાળની આરતી જયંતીલાલ તથા તેના બનેવીયે ઉતારી હતી, ઘાટા અંજવાળા સાથે આપની મૂર્તિમાં આપના દર્શન થતાં હતાં, બધાં એક નજરે મૂર્તિમાં આપને જોતાં હતાં, તમારી દયાવડે સંપીને રહીયે છીએ, તમારી એકાન્તિક ભક્તિ કરીએ છીએ, સુખોને સંભારીએ છીએ, માવજીભાઈ સેવા સાથે આવી ગયા હશે, વાલજીભાઈ આવવાનાં છે, કુંજપક્ષીની પેઠે બાળકોની નજર રાખો છો, આપના કરુણાભર્યા શબ્દો વાંચીને ઘણો હર્ષ ઊપજે છે, ટેપ કરેલ છે, બધા વાણી સાંભળે છે કીર્તન કથા કરીએ છીએ, બીજાના ટેપ કોઈ કોઈ લાવે છે પણ રાગદ્વેષ નિન્દા અવગણના ભર્યા ટેપ કેન્સલ કરી નાખીએ છીએ, પરદેશમાં આત્માને શાંતિ મળે એવી આપ ભગવાનની વાણીને કોઈ આંટે એમ નથી, બધાને ટપાલ લખજ્યો, ચીઠીઓ લખજ્યો, દેવજી કાનજી તથા હરિલાલ મેપાના દંડવત્ વાંચજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૮૯ તા. ૬-૧૨-૭૭

મુસાફિક, નાં. ૩૧૮૫. દુબઈ.

શ્રીજી સંત કૃપા, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો જય થાઓ, ઓં શ્રીસ્વામિનારાયણ ભગવાન તમોને નમો નમઃ, ઓંશ્રી અક્ષરાતીતાય તમોને નમો નમઃ, ઓં શ્રીપૂર્ણ પુરુષોત્તમાય તમોને નમો નમઃ, જુનાગઢમાં નિજધામમાં બિરાજમાન પ્રગટ શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મહાપ્રભુજી શ્રીકૃષ્ણભગવાન અવતારી સર્વોપરિભગવાન પરબ્રહ્મ પરમાત્મા દિવ્ય માનવ શ્વેતમૂર્તિ તથા સંતમંડળ સર્વેને અમારા **રતિલાલ ગંગદાસ, દામજી, વિગેરે ગુરુભાઈઓના જાજા કરીને દંડવત્પ્રણામ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચવા,** આપના આશીર્વાદ પત્ર વડે ઘણો આનંદ વધ્યો છે, મોટા તહેવારોમાં સમૂહ ભેગા થઈને સત્સંગ ભજન ભોજન કીર્તન ધૂન્ય આરતી વિગેરે કરીએ છીએ, દેશમાંથી શ્રીહરિશરણાગતિમંડળના આંહિ શ્રીહરિશરણાગતિમંડળના ભક્તો ઉપર ખબર આવ્યા છે જે ભારતમાં ભગવાનના જન્મભૂમિ તથા પારાયણ વાંચ્યા તે તે સ્થળ તથા કથાઓના નિવાસના સ્થળો, બાગ-બગીચાઓ ફૂલવાડી ઉતારા વિગેર સ્થળો તથા ફુગાવાડી કાન્દીવલી તથા એવા ભક્ત સમુદાયના સ્થળોમાં સારાં ભવનો મંદિરો કરતા રહેવાં છે, તો ભક્તો પણ તન, મન, ધન વડે સેવા માટે તત્પરજ છે, રાજી થઈને કોઈને ના પાડશો નહિ,

દામજીભાઈ દેશમાં મકાન કરવાનો આશીર્વાદ લેવા જુનાગઢ આવશે, ખાતમુહૂર્ત અને શિલારોપણમાં ઉપયોગી તથા મેલવા પધરાવવા માટે પ્રસાદી જળ ફૂલ-સોપારી વિગેરે આપજ્યો, દિવ્યરૂપે ત્યાં જઈને જમીનમાં પગલાં કરી આવજો, મકાન પૂરાં થાય એમ કરજ્યો, અમારી તબીયત સારી છે, તમારું ભજન કરીએ છીએ, ગુરુદેવ ! દિવ્યદર્શન અભિલાષા પૂરતા રહેજ્યો, બીજી કંપનીમાં જવા વિચાર છે, આપ અંતર્યામી છો, ત્રિકાલનું દેખો જાણો છો, અમારે ઠીક થાય તેમ કરી દેજ્યો વધારે ઉપજ થાય, સાજા નરવા રહીએ, બે પાંચ વર્ષ સારી કમાણી દેખિયે, એવી કૃપા કરજ્યો, ભગવાનના ખોળામાં મસ્તક અર્પણ છે, ભૂલચૂક માફ કરજ્યો, સેવક રતિલાલ તથા દામજીનાં જયશ્રીસ્વામિનારાયણ વાંચશો, રક્ષા કરજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૯૦ તા. ૭-૧૨-૭૭

નાં. ૨૦૬૪, ભાટીયા કંપની, દુબઈ.

પ્રગટ શ્રીહરિ શ્રીસ્વામિનારાયણ નમો નમઃ, જય પામો, 'યજ્ઞે નહિં, યોગે નહિં, તપ તીરથકે દાન, પણ આપની કૃપા થવાથી, મળ્યા પ્રગટ ભગવાન', સર્વેના નિયંતા, સર્વેના સાક્ષી, અંતર્યામીપણે રહેલા, કરૂણાના ભંડાર, કૃપાસાગર દયાસાગર

મહાસાગર, હે નાથ! આપના **સન્લે કંપનીના ભક્તો વતી જયંતીલાલ દેવસી બાંભણીયાના પ્રેમપૂર્વક જય સ્વામિનારાયણ સ્વીકારશોજી,** હે નાથ અનેક જન્મોથી રખડતો, અજ્ઞાન અંધારામાં ભટકતો મૂઢમતિ હું આપને શરણે આવેલ છું, શરણે લેનારા હે સ્વામી આ દાસ ઉપર કૃપા દૃષ્ટિ રાખજ્યો, હું અજ્ઞાની પણ આર્ત હૃદય અને શુદ્ધ પ્રેમ વડે પ્રાર્થના કરું છું, તે સ્વીકારી ભૂલ નહિ ગણીને મારું બલ વધારજ્યો, અંત:શત્રુથી રક્ષા કરજ્યો, આપ શાસ્ત્રીજી પ્રભુજીનું સ્મરણ રહે તેવી કૃપા કરજ્યો, આપ દયાળુ ભગવાન નિજ ભક્તોના સંકલ્પ પૂરો છો.

શુક્રવારે આપની જન્મજયંતીનો મહામહોત્સવ તે અક્ષરાધિપતિ આપની કૃપાવડે મહાઆનંદે ઉજવાયો છે, અમો શ્રીહરિશરણાગતિમંડળના તથા અન્ય ભક્તો સેંકડો મળીને સન્લીમાં મહાધામધૂમે મહોત્સવો કથાકીર્તનો આરતીયો સામૈયાં ધૂન્ય ભજન સમૂહ-ભોજન અલૌકિક પ્રત્યક્ષ ભગવાન એવા આપની કૃપાવડે કર્યાં છે, આવા દિવ્ય આનંદ વાર-તહેવારે મળે તેવી દયા વરસાવજ્યો, દર્શન દેતા રહેજ્યો, કોઈ કોઈને પાટ્ય ઉપર બિરાજીને અન્નકૂટ જમતા હતા એવા દર્શન થયાં છે, આવો અલૌકિક પ્રતાપ વડે પરોક્ષવાળાઓ આશ્ચર્યમાં પડી ગયા હતા, કોટિ કોટિ સૂર્યોને તેજસ્વી કરનારા તેજસ્વી ઉજ્જ્વળ કાન્તિભરેલા શીતલચન્દ્રસમ હાસ્ય ભરેલ મુખવાળા, મસ્તકે મણિ ચળકતી પાઘવાળા, અક્ષરથી પર, સર્વશાસ્ત્રોએ વર્ણન કરેલા, આપ પ્રગટ પુરુષોત્તમનારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન આશીર્વાદો આપજ્યો, શરણમાં રાખજ્યો, કૃપા પત્ર લખજ્યો, દિવ્યદર્શનાભિલાષી ભક્તોના મનોરથો પૂરજ્યો, દેશ-પરદેશ ફરવા દિવ્યરૂપે નીકળો ત્યારે જરૂર પધારજો.

આપ અનેક સ્વરૂપે વિચરો છો, એવા મને દર્શન થયાં ત્યારથી શાન્તિ થઈ ગઈ છે, છતાં બીજાને માટે કૃપા કરજ્યો, ભક્તો ચમત્કાર કહેતા પણ દર્શન વિના ઘડ્ય બેસતી ન હતી તે દયાળુએ દર્શન આપી ભક્તિ ઉપાસના નક્કી કરી દીધી છે, અમો દૂર છીએ તોપણ આપના ખોળામાં જ છીએ, તમો દૂર નથી, બધેય છો, બધું દેખો છો, સાજા માંદાની સંભાળ લેવા આવો છો, પાલખમાંથી પડેલાની હાથ દઈને રક્ષા કરો છો, અઢળક ધનમાં સુખી કીધા છે ઉદારતા તમારો ગુણ બધા ભક્તોમાં આવ્યો છે, બધે સત્સંગ કરતો પણ આપમાં સાક્ષાત્ દર્શનથી પૂર્ણકામ થયો છું, ચમત્કારને કોઈ પહોંચી શકે નહિ, કથાવાર્તાઓમાં ચમત્કાર જાણ્યા છે, તમો અલમસ્ત ભગવાન છો, અપરાધ ક્ષમા કરજો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૯૧ તા.૧૮-૧૦-૭૭

નાં. ૫૩૪, અજમાન, દુબઈ.

જુનાગઢ વિરાજમાન પરમપૂજ્ય પ્રગટભગવાન પંડિતવર્ય શાસ્ત્રીજીશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીસ્વરૂપે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ તથા સંતમંડળ પ્રતિ, **દામજી તથા ભગવાનજીના જય સ્વામિનારાયણ વાંચશો.** આપના આશીર્વાદ મળ્યા, આનંદ થયો, નામ નીતા રાખેલ છે, અમારી તથા જીરાગઢના ભગવાનજી હીરજી ચૌહાણની ધારણા પૂરી થઈ છે, તે પાડાબેકડ ના રહીશ છે, તેણે કોઈ કામ સફળ થવા માનતા તમારી કરેલી, તે સિદ્ધ થઈ છે, તેની સેવા મળે પછી બીજી પણ ધારણા ફળશે તે પ્રમાણે મોટો ખર્ચ કરશે, ક્ષમા રાખજ્યો, મનોરથ પૂરજ્યો, ભાયલાલને પરદેશ આવવા મદદ મોકલાવી છે, અમરસી અમારા ભાઈ પણ આવશે, કૃપા કરજ્યો, મનોરથ પૂજ્યો, ભાયલાલને પરદેશ આવવા મદદ મોકલાવી છે, અમરસી અમારા ભાઈ પણ આવશે, કૃપા કરજ્યો, આવવાનું જલ્દી થાય, તમો સત્સસંકલ્પ છો, તમારું વચન ફળે છે, સંતાન સુખ વંશ વધે એવો આશીર્વાદ આપજ્યો, ટેક પાળશું, દામજી ભગવાનજી રાઠોડ જીરાગઢ, તથા ભગવાનજી હીરજી ચૌહાણ જીરાગઢવાળાના મનોરથ પૂરજ્યો, પત્ર લખજ્યો દર્શન દેજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૯૨ તા. ૧૨-૧૨-૭૭

નાં. ૧૧૭૭, મસ્કત, મુહરાવ, દુબઈ.

પરમપ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ પ્રતિ, **મસ્કતથી લિ. છોરૂ ચન્દ્રકાંત મોહનલાલના પ્રેમપૂર્વક જયશ્રીસ્વામિનારાયણ વાંચવા,** મારી તબીયત સારી છે, ક્યારેક માથું દુઃખવા માંડે છે, આશીર્વાદ આપજ્યો, મટી જાય, મોટા ભાઈના પત્ર સાથે આપની શ્રીજીરક્ષા મળી આરામ થઈ ગયો છે, માથું બીલકુલ દુઃખતું નથી, પ્રભુ તમો ચમત્કારી ભગવાન છો, મારી રક્ષા કરતા રહેજ્યો, તમારી મૂર્તિ પૂજામાં રાખું છું, જામનગરમાં હું આપની કથાઓ ખૂબ જ સાંભળવા આવતો, બાપા આપ ભગવાન છો આપની સેવા પગ દાબવા કચરવા વિગેરે કરી છે, દલપતરામ ભગત હતા ત્યારે શિક્ષાપત્રી આપ વાંચતા તે તે સાંભળવા આવતો, આપને દર્શને જામવંથળી પણ આવ્યો હતો, પરષોત્તમ પણ મારી સાથે હતો, હવે ભારતમાં આવીશ ત્યારે દર્શને આવીશ, મારી રક્ષા કરજ્યો, વધારે કામકાજ અને પગાર મળે એવા આશીર્વાદ આપજ્યો, શ્રીહરિશરણાગતિમંડળના આપ ભગવાનના ઘણા સેવકો અમો મસ્કતમાં છીએ, શુક્રવારે મોટો ઉચ્છવ સત્સંગ આપની આરતી વિગેરે કરીએ છીએ, નજર રાખજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૯૩ તા. ૨૩-૧૨-૭૭

પનગુલ્ફ કમ્પની, કાસમા સાઇડ, નાં. ૫૪૧, દુબઈ.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણ શ્રીશાસ્ત્રીજી પ્રગટભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સંતમંડળ પાર્ષદમંડળ વિગેરે પ્રતિ, **દુબઈથી સેવક મોહનલાલ રતનશી તથા શ્રીહરિશરણાગતિમંડળના જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** આપનો આશીર્વાદ પત્ર મલિયો બહુ જ આનંદ થયો છે, ખુશી મજામાં છીએ, અમારા દેહની રક્ષા કરો છો તેમ ઇન્દ્રિયો; અંતઃકરણથી પણ રક્ષા કરજ્યો, દોષ દુર્ગુણ શત્રુ વિગેરેથી રક્ષા કરજ્યો, શ્રીહરિકૃષ્ણમહારાજ આપ ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહ્યા કરે તથા અમારામાં અવગુણ હોય તે ટળી જાય એમ કરજ્યો, ભૂલચૂક માફ કરજ્યો, કથા વાર્તા ભજન સ્મરણ સમય લઈને કરીએ છીએ, શુક્રવારે સત્સંગ કરીએ છીએ, કામકાજ લખજ્યો, બધું તમારું છે, સેવક મોહનલાલ બાલંભાવાળાના જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી.

❖❖❖❖❖

પત્ર નં.-૧૯૪ તા. ૨૩-૧૨-૭૭

અહમેડીયન કંપની, જોબ્રા, નાં. ૨૫૯૩, દુબઈ.

પ્રગટભગવાન શ્રીસ્વામિનારાયણને નમોઃ નમઃ, જુનાગઢભૂમિમાં વસતા પ્રગટભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી **મહારાજના ઉપાસક દાસના દાસ રામજી તુલસી ટાંક વિગેરે શ્રીહરિશરણાગતિમંડળના જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** મહારાજને માલમ થાય જે - મોહનલાલ પૂજારી પાસે ચરણકમળનાં દર્શન કર્યાં મારી તબીયત સારી છે, મારા પિતાજી તમારા દર્શન કરી ગયા, તે કાગળમાં લખે છે જે શાસ્ત્રીજી મહારાજ તો ચમત્કારી અલોકિક અવતારી પ્રભુ છે, અમોએ કંઠી બાંધી છે, પૂર્વના પુણ્ય વડે આ ભગવાન ઓળખાણા છે, તો જીવનપર્યન્ત સ્નેહ તમારામાં જ રહે એવો રાજીપો કરજ્યો, તમારી જૈ હો, તમો શ્રીજીમહારાજ છો, અમો આંહિ બધા હળીમળીને રહીએ છીએ, રક્ષા કરજ્યો, રામજી તુલસીના દંડવત્ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૯૫ તા. ૨૯-૧૨-૭૭

નાં. ૫૪૧, જુમેરાહ નાં. ૧, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ સ્વસ્થાન શ્રીજુનાગઢ મધ્યે વિરાજમાન પ્રગટ શ્રીહરિ અનાદિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ શ્રીકૃષ્ણનારાયણ તથા સંતમંડળ પ્રતિ **દુબઈથી લિ. ચરણકમળ સેવક દયાળજી તથા ધીરજલાલ વિગેરે**

શ્રીહરિશરણાગતિમંડળના સદંડવત્ જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો, પૃથ્વીસ્પર્શી દંડવત્પ્રણામ સ્વીકારજ્યો, શ્રીહરિશરણાગતિમંડળના અખંડ ભગવાન સદા વિરાજમાન છો એમ દેખાય છે, આ દેહ દેખાય છે તેમ તમો દેખાઓ છો, વધારે કૃપા કરી દર્શન આપતા રહેજ્યો, ઘણાં ઘણાં ભક્તો ભગવાનના દર્શન માટે દરરોજ દિનરેણ તલખે છે, તમો દયાળુ છો બધાના મનોરથ પૂરજ્યો, કૃપાપાત્ર લખજો, ભેળા રહેજ્યો, ધામમાં સેવામાં રાખજ્યો, ઉપદેશ લખજ્યો, સત્સંગ દૃઢ વધે આનંદ વરતે એવી કૃપા કરજ્યો, અખંડ તમારામાં હેતવૃત્તિ રહે તેમ કરજ્યો, તમોને પરમાત્માને બધું સહેલું છે, આપ સત્ય સંકલ્પ સત્યકામ અન્તર્યામી સર્વત્ર છો, ભૂલચૂક ક્ષમા કરજ્યો,

બધા શરણાગતિમંડળ મુંબઈ પૂના વંથળી વિગેરે સ્થલે ભક્તોને યોગ્ય મદદ જરૂરી જણાય તો તે કરતા રહીએ છીએ, મંદિર પૂજા ચાલુ રહે, તે માટે બધા કુટુંબી ગુરૂભાઈઓ તત્પર છે, સેવામાં તૈયાર છે, મહિમા પ્રમાણે સર્વે આત્મનિવેદી વરતે છે, પ્રગટના મળેલાને મળે તેનો પણ મોક્ષ નક્કી છે એજ વળી મોહનલાલ, રતિલાલ, દેવરાજ, વાલજી, નાનજી, માવજી, અમરસી, તુલસીદાસ, ઓધવજી, દેવજી, શામજી, રામજી, ચમનલાલ, આદિ અમારા ઉપર જામવંથળીથી હીરજી પેથા તથા છગનભગત તથા કરશનભાઈ લુહાર વિગેરે ભક્તોનો પત્ર ફૂલવાડીનો વંડો કરવાનો છે તેનું એસ્ટીમેટ પચાસની અંદર છે. તો બધાએ મદદ કરવી. અને મહારાજને પણ પૂછી જોવું, તો આપે તે બાબત આશીર્વાદ આપ્યા છે. જેથી સર્વે મળી તેનું ધાર્યું કામ કરાશે એમ જવાબમાં લખ્યું છે.

આપ આશીર્વાદ આપજ્યો, બધા એક મતે સેવામાં સામેલ રહે, અમો કથાવાર્તામાં પ્રત્યક્ષમાં દિવ્યદૃષ્ટિ રહેવા તથા ભાગવત ધર્મ સાંચવવા, તથા ભજન પૂજન ઉત્સવ કરવા તથા જન્મજયંતી કરવા બધા મળીને સારી રીતે સત્સંગ સલાહ કરીએ છીએ અને તે પ્રમાણે વરતીએ છીએ, આપ આશીર્વાદ માત્ર આપજ્યો, ભગવાનનું કામ ભગવાન કરે અને ભક્તોનું કામ ભક્તો કરે, બધા છૂટાછવાયા પણ ભેગા જ હોઈએ એમ રહીએ છીએ, શુક્રવારે સમૂહ ભોજન મહામહોત્સવ વિગેરે કરીએ છીએ, દેશના રેકર્ડમાં સત્સંગ સેવા ઉત્સવો ઉપદેશો સાંભળીએ છીએ અને કેફમાં રહિએ છીએ, ધૂન્ય ભજન કરીએ છીએ, દર્શન આપતા રહેજ્યો, એજ. બધાવતી સેવક દયાળજીનાં દંડવત્ પ્રણામ સ્વીકારજો, આશીર્વાદ આપજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૧૯૬ તા. ૧-૧-૭૮

મુસાફિક સાઈડ, નં. ૩૧૮૫ જાસ્મી કંપની, દુબઈ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની જય હો, શ્રીઅક્ષરાતીતાય તમોને નમો નમઃ. શ્રીસ્વામિનારાયણ પ્રગટ પ્રભુને નમો નમઃ પ્રગટ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજને તથા સંત પાર્ષદ ભક્તમંડળને **ભક્ત રતિલાલ ગંગદાસ રાઠોડ તથા શ્રીહરિશરણાગતિમંડળના દંડવત્ પ્રણામ સાથે જયશ્રીસ્વામિનારાયણ.** તમારી કૃપાવડે ભક્તિ થાય છે, સાજાનરવા છીએ, ચાવડામાં મકાન બંધાય છે, પૂરા થઈ જાશે, દયા કરજ્યો, તમોએ આપેલ જળપ્રસાદી ફૂલ નાલિયેર સોપારી વિગેરે, ખાતમાં અને શિલારોપણમાં વાપર્યા છે. અમોને ઘણી શાંતિ થઈ છે, કરતા હરતા તમો ભગવાન સાથે છો, તો બધુંય છે, એમ જાણું છું, તમારા આશીર્વાદો વડે અમોને ઘણું જ સારું છે, સર્વે કામકાજ ભગવાન ગુરૂરૂપહરિને આગળ રાખીને કરીએ છીએ, તેથી નિર્વિઘ્ન થાય છે, તકલીફ પડતી નથી, કંપની ફેરફાર થાય તો બીજી કંપનીમાં કામ કરીશું, લખાણ કરીને કામે લાગશું, દેશમાં હમણાં નથી આવવું, તમારી સેવા પૂજા કરીએ છીએ, દામજી સેવા લઈ દેશમાં આવશે, ચારે પુરુષાર્થ આપમાં મળ્યા છે, ચાવડે કૃપાદૃષ્ટિ કરજ્યો, ધ્યાન ફેરવતા રહેજો, ક્ષમા કરજ્યો, આશીર્વાદ લખજ્યો, બધા વતી રતિલાલ ગંગદાસ રાઠોડના જયસ્વામિનારાયણ વાંચશો, સંભાળ રાખજ્યો, દર્શન આપતા રહેજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૯૭ તા. ૧-૧-૭૮

દુબઈ.

ઓ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ આપ ભગવાન શાસ્ત્રીજીમહારાજને નમો નમઃ, જુનાગઢ રેવતાચલની પુણ્ય સ્થળીમાં વિરાજતા ભગવાન શ્રીઅનાદિનારાયણ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજને ઘણાં હેતના દંડવત્ પ્રણામ હો, **દુબઈથી લિ. સેવક નાથાલાલ ડાયાભાઈ તથા શ્રીહરિશરણાગતિમંડળના જયસ્વામિનારાયણ,** આપની કૃપાથી બધા સુખી છીએ, જેરામભાઈના નારાણને મગજમાં ગરમી જેવું છે તબીયત બરાબર નથી તો સારું થાય તેમ કરજો, તુરત શ્રીજી મોકલજો, ફુલપાંખડીઓ પ્રસાદી મોકલજો, મુંબઈથી જુનાગઢના સ્વામી મોટા પાટોત્સવના ફાળા માટે લખે છે, તમો આશીર્વાદ આપજો તમે તે પણ કરશું, બેત્રણ મહિના પછી દેશમાં આવવું છે ત્યારે યોગ્ય લાગશે તે કરશું, ત્રીશ જણા ઉપર પત્રિકાઓ આવી છે, યથાશક્તિ થશે તે કરશું, નારણને સારું થાય તેમ કરજ્યો, શ્રીજીરક્ષા મોકલજ્યો. તમો અંતર્યામી છો, બધું દેખો જાણો છો, વિચારવાયુ મટી જાય તેમ કરજ્યો, સેવક નાનજી ડાયાભાઈ તથા નથુભાઈ ડાયાભાઈ વિગેરેના દંડવત્ પ્રણામ વાંચશોજી. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૯૮ તા. ૧-૧-૭૮

નાં ૩૨૧૨, રૂવી, મસ્કત, સુલ્તાનેટ ઑફ ઓમન. દુબઈ.

શ્રીસ્વામિનારાયણ ભગવાન, પરમપૂજ્ય ગુરુજી મહારાજ સાક્ષાત્ શ્રીહરિકૃષ્ણમહારાજ **શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીસ્વામીશ્વરના પવિત્ર ચરણોમાં જયંતીલાલ તથા રતનશી રતિલાલના દંડવત્ પ્રણામ પહોંચે,** તા. ૧૪-૧૨-૭૭ના મસ્કત હું જયંતીલાલ રતનશી આવ્યો છું, મારા મોટાભાઈ જીવરાજભાઈ તા. ૨૬-૧-૭૮ના મસ્કત આવશે, આપના આશીર્વાદ અને દર્શન કરી વિના વિઘ્ને મસ્કત આવી કામે લાગી ગયો છું. કાંઈ પણ તકલીફ નથી, સુખી છું, રાજી રહેજો, ક્ષમા રાખજ્યો, અમો સત્સંગીઓ પ્રાગજીભાઈ, નારણભાઈ, મગનભાઈ, ભગવાનજીભાઈ, કાનજીભાઈ, અમરશીભાઈ, શ્રીહરિશરણાગતિમંડળ સાથે રહિએ છીએ, ભજન કરીએ છીએ, આજે વહેલી સવારે પાધ અને લાકડી સહિત મોજડી પહેરીને ઊભા મૂર્તિના દર્શન થયા અને તુરત જ પત્ર લખ્યો છે, સુખ શાંતિ મળી ગઈ છે, આપનો શિષ્ય જયંતીલાલ રતનશી ટાંક જીરાગઢવાળાના પાયલાગણ સાથે દંડવત્ અને જયસ્વામિનારાયણ વાંચજ્યો, પ્રગટપ્રમાણ ભગવાનનો જય થાઓ. પ્રવીણ રણછોડ કાચા સાથે પરિક્રમામાં આપને દર્શને આનંદ મળ્યો હતો, આપે આશીર્વાદ આપ્યા તે ફળ્યા છે, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૧૯૯ તા. ૧-૭-૭૮

નાં. ૪૨૨૧, રૂવી, મસ્કત, દુબઈ.

શ્રીગુરુમહારાજ ભગવાન શ્રીજીની સેવામાં **રૂવી મસ્કતથી લિખિતં સેવક પ્રેમજી લાધાના કોટિ દંડવત્ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચજ્યો,** પ્રગટ પ્રભુને વિનંતિ જે, કામની જગ્યા બદલે પેટી નંબર બદલે તેથી કાગળ લખી શક્યો નથી, માફ કરજ્યો, જંગલમાં કામે જાતો, શહેર દૂર રહેતું, ૨૫ ટેક્સીના લાગતા, હવે એક જગ્યાએ સ્થિર થયો છું, આપ સંતમંડળ મજામાં હશો, હું દેશમાં આવવા વિચારુ છું, કાંઈ જોઈતું કારવતું લખજ્યો મગાવજ્યો, લેતો આવીશ, તમો ભગવાન અવતારી પરમપુરુષ સંત છો, દયા કરજ્યો, નારાયણને સારાવાનાં છે, ફુલવાડીનો વંડો છત્રી મંદિર કરવા ધારે છે, શ્રીહરિશરણાગતિમંડળ મદદમાં રહેશે તો તે કામ ટ્રસ્ટીઓ જલ્દી કરી દેશે, આશીર્વાદ આપજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૦૦ તા. ૩-૧-૭૮

મુંબઈ.

દુબઈથી મુંબઈ આવ્યા, **બહેરીનવાળા કાન્તિલાલ લાલજી ચોટલીયાના જયસ્વામિનારાયણ વાંચવા,** ભક્તવત્સલ વંદનીય વિશ્વવંધ પ્રગટ ભગવાન એવા સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને ઘણાં દંડવત્, હું કાન્તિલાલ તા. ૫-૧૨-૭૭નો દુબઈ ગયો હતો, તા. ૧૯-૧૨-૭૭ના કંપનીએ પાછો મોકલ્યો છે, આંહિથી એજન્ટ એક મહીને બેહરીન મોકલશે, આપ દયા કરજો, જલ્દી જવાય, અને કમાતા થવાય, આપની કૃપાવડે મારો ઉદ્ધાર છે, સુખી થઈશ, તમારા આશીર્વાદથી બળ રહે છે, મારી સંભાળ રાખજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૦૧ તા. ૭-૧-૭૮

દુબઈ.

શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ, જુનાગઢમાં બિરાજિત અનાદિશ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને તથા મંડળને **ગામ દુબઈથી તુલસી મનજી મકવાણા તથા શ્રીહરિશરણાગતિમંડળના જાજાકરીને જયસ્વામિનારાયણ વાંચશો,** હે ભગવાન આપ જીવનું જીવન છો, આપના ઉપદેશો પણ સૃષ્ટિની દૃષ્ટિમાં ન આવે એવા છે, નિર્વિકલ્પ સમાધિ જેવું ભગવાનની મૂર્તિમાં તમારામાં થયા કરે છે, પણ અજાણ્યાને સ્પષ્ટ ન થાય. ભક્તો મળીને ભજન કરીએ છીએ, આશીર્વાદ લખજ્યો, ફુગાવાડીમાંથી સમૂહ પરદેશ આવતો રહ્યો છે, કુટુંબો ઉપર દયા દૃષ્ટિ રાખજ્યો, રક્ષા કરજો, ભક્તોના સંકલ્પ પૂરા કરજ્યો, પ્રગટના ગુણ ગાઈએ છીએ, ચમત્કારો સાંભળીએ છીએ, દિવ્યદર્શન આપજો કોડ પૂરા કરજ્યો, માયા મટાડજ્યો, અખંડ સેવામાં રાખજ્યો, તમો રાખશો તેમ રહેવું છે, તમારો રાજીપો બહુ જ સુખ આપે છે, અક્ષરધામના સુખ આપજ્યો, વેલજીભગતને મદદ મોકલી છે, આંહિ ભક્તોનો સમૂહ વધતો જાય છે, શ્રીહરિશરણાગતિમંડળના બંને મોહનભગત, ટપુલાલભાઈ, દેવરાજભાઈ, તુલસીદાસભાઈ, દયાળજીભાઈ, રતિલાલભાઈ, જયંતિલાલભાઈ, રામજીભાઈ તથા તમામ ભક્તોના જયશ્રીસ્વામનિરાયણ વાંચજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૦૨ તા. ૧૭-૧-૭૮

નાં. ૫૨૯, અજમાન, આરબ હેવી કંપની, દુબઈ.

શ્રીમાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ નિજધામનિવાસી પ્રત્યક્ષભગવાન દયાસાગર ઘટઘટમાં વ્યાપક સંતમંડળીશ્વર એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીકૃષ્ણમૂર્તિ પ્રતિ,

દુબઈ અજમાનથી સેવકો વાલજીભાઈ વિગેરેના જયસ્વામિનારાયણ વાચજો, અમો વાલજી, નાનજી, બંને રાજકોટથી તા. ૧૫ સવારે ૭.૩૦ વાગ્યે પ્લેનમાં ઉપડી ૯.૩૦ વાગ્યે મુંબઈ થઈ તા. ૧૬ સવારે ૭.૩૦ વાગ્યે દુબઈ પહોંચ્યા છીએ, કંપનીએ કામ ઓછા હોવાથી અમુકને છુટા કરવાની જાહેરાત કરી છે, સ્થિર કરવા આપ ભગવાનના હાથની વાત છે, આપ ધારશો તે થાશે, શુક્રવારે બધા મળીને પ્રાર્થના લખશું, આશીર્વાદ લખજ્યો, નજર રાખજ્યો, બધાના જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૦૩ તા. ૪-૧-૭૮

નાં. ૮૧૯૬, સુલતાનેટ ઑફ ઓમન. સલાલાહ, મસ્કત, દુબઈ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને નમો નમ:, ભારતના સૂર્યના પ્રકાશક અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ પુરુષોત્તમનારાયણને અમારા સદંડવત્ પ્રણામ જયશ્રીસ્વામિનારાયણ, **મસ્કત સલાલાહથી લિ. પ્રગટના ઉપાસક સેવક કેશવજી વસ્તા જાવિયા વિગેરે શ્રીહરિશરણાગતિમંડળના જયશ્રીસ્વામિનરાયણ વાંચવા.** આંહિ જગજીવનભાઈ, પરશોતમભાઈ, રવજીભાઈ તથા કચ્છી હરિભક્તો બધા આપના પ્રતાપે સુખી છે, બીજું વૈશાખમાં મહાપાટોત્સવ મહોત્સવ જૂનાગઢ થવાનો છે, તેમાં પાટલાની યજ્ઞમાં વ્યવસ્થા એક યજમાનને માટે કેટલી છે તે જણાવજો, અમારા પિતાશ્રીવસ્તા પોપટ બાપાને બેસારવા અમારી ઇચ્છા છે, બીજા જાણવા યોગ્ય સમાચાર હોય તો જણાવજો, આપની કૃપાથી આંહિ સારું છે, વર્ષ પૂરું થયે દેશમાં તમારા દર્શને આવીશું, પત્ર લખજો, ક્ષમા કરજો. દર્શન આપજ્યો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૦૪ તા. ૧૧-૧-૭૮

ખાનસાહેબ ગેમન કમ્પની, નાં. ૧૯૧૨. શારજાહ, દુબઈ.

પ્રગટપુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમ: **સેવક દેવજી કાનજી રાઠોડ તથા શ્રીહરિશરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચજો.** ગુરુમહારાજ ! કારીગર આપનો સેવક મુળઝી વેલજી વીરા ત્રીશ ફૂટથી પડી ગયો તેને તમોએ ઝીલી લીધો, રક્ષા કરી છે, પગની એક પાનીમાં થોડુંક ફ્રેક્ચર થયેલ છે, તેનું ઑપરેશન કર્યું છે તે હૉસ્પિટલમાં છે, તમારી માનતા સેવા મોકલી છે, તમો અમારે શિરનામે આશીર્વાદ મોકલજ્યો તેને વાંચી સંભળાવશું, સાજો છે, બધા આનંદમાં છે, પત્ર લખજ્યો, જલ્દી ચાલતો ફરતો કામે લાગે તેમ કરજો, કંપની બધો ખર્ચ આપે છે, તકલીફ નથી, ચિન્તા નથી, હરે ફરે છે, લેરમાં છે, તેને દિવ્યદર્શન થયાં તેમ ફરીથી દર્શન દેજ્યો, એજ વિનન્તિ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૦૫ તા. ૧૩-૧-૭૮

પો. નાં. ૨૦૬૪, ભાટિયા કંપની, દુબઈ.

પ્રત્યક્ષ અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

પ્રગટ શ્રીહરિનો ભક્ત જયંતીલાલ દેવસી કચ્છ માધાપરની સ્તુતિ સ્વીકારજો.

પ્રગટ શ્રીહરિ - મધુરસ્તોત્રમ્

સુમુખં મધુરં તિલકં મધુરં, માલા મધુરા શિરકેશ મધુરા ।
નાસિકા મધુરા શ્વસિતં મધુરં, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરઃ ॥૧॥

ગ્રીવા મધુરા શ્રોત્રં મધુરં, રસના મધુરા દશનાઃ મધુરાઃ ।
અધરો મધુરઃ ચક્ષુઃ મધુરં, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરાઃ ॥૨॥

લલાટં મધુરં તેજો મધુરં, બાહુ મધુરૌ ચરણૌ મધુરૌ ।
હૃદયં મધુરં જઘનં મધુરં, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરાઃ ॥૩॥

ઉદરં મધુરં નાભિઃ મધુરાઃ વાણી મધુરા ચ કરૌ મધુરૌ ।
સ્થિરતા મધુરા અભ્યાસ મધુરઃ, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરાઃ ॥૪॥

ચિન્હો મધુરા કણ્ઠો મધુરઃ શાસ્ત્રકૃતિ મધુરા સંજ્ઞા મધુરા ।
સ્મરણં મધુરં કથિતં મધુરં, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરાઃ ॥૫॥

હસિતં મધુરં શરણં મધુરં, સુશીલં મધુરં શરીરં મધુરમ્ ।
કાર્યં મધુરં નિષ્ઠા મધુરા, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરાઃ ॥૬॥

આયુષં મધુરં જનનં મધુરં, સુલીલા મધુરા ગમનં મધુરમ્ ।
દાસ્યં મધુરં સખ્યં મધુરં, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરાઃ ॥૭॥

પ્રીતિર્મધુરા ચ નીતિર્મધુરા, ભક્તિર્મધુરા કરૂણા મધુરા ।
યોગો મધુરો જ્ઞાનં મધુરં, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરાઃ ॥૮॥

ક્ષમા મધુરા શુચિતા મધુરા, રૂજુતા મધુરા સંયમ મધુરઃ ।
તિતિક્ષા મધુરા અનસૂયા મધુરા, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરાઃ ॥૯॥

ચમત્કાર મધુરઃ વાકસિદ્ધિ મધુરા, દર્શન મધુરં સુરૂપં મધુરમ્ ।
સુવાસો મધુરઃ કરૂણા મધુરા, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરાઃ ॥૧૦॥

નિયમો મધુરો મનનં મધુરમ્, કીર્તિર્મધુરા મુનિતા મધુરા ।
મૂર્તિર્મધુરા દૃષ્ટિ ર્મધુરા, શ્રીકૃષ્ણવલ્લભઃ સદા મધુરાઃ ॥૧૧॥

પ્રગટ: મધુર: ભગવાન મધુર:, અવતાર મધુર: અવતારી મધુર: ।
સંતતા મધુરા યતિતા મધુરા, શ્રીકૃષ્ણવલ્લભ: સદા મધુર: ॥૧૨॥

જીવનં મધુરં વિજ્ઞાનં મધુરં, વિરાગો મધુરો ભજનં મધુરમ્ ।
મિત્રતા મધુરા શ્રીહરિર્મધુર:, શ્રીકૃષ્ણવલ્લભ: સદા મધુરા: ॥૧૩॥

શરણં મધુરં ચ ગતિર્મધુરા, મંડલં મધુરં સેવકા મધુરા: ।
સ્વરૂપં મધુરં નિજધામ મધુરં, શ્રીકૃષ્ણવલ્લભ: સદા મધુરા: ॥૧૪॥

સેવા ભક્તિર્મધુરા રહસ્યં મધુરં, પરમ: પુરુષ: સતતં મધુર: ।
સદ્ગુરુર્મધુર: શ્રીકૃષ્ણો મધુર:, શ્રીકૃષ્ણવલ્લભ: સદા મધુર: ॥૧૫॥

સ્તુતિર્મધુરા વિનતિ: મધુરા, નિજધામમાં મુક્તિ દેજો મધુરા ।
માગે જયંતી અષ્ટમી મધુરા, શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય: સદા મધુરા: ॥૧૬॥

જેનામાં અસાધારણ ઐશ્વર્યો રહેલાં છે, અને જેઓ સર્વે અંગોમાં સુંદર મધુર છે, તેવા શ્રીપતિ કમલાપતિ સંતપતિ મુક્તપતિ આત્મપતિ ચિન્હપતિ સર્વપતિ એવા હે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરમપુરુષોત્તમ ભગવાન આપના દાસાનુદાસ સેવક જયંતીલાલ દેવસી કચ્છ માધાપરના પ્રેમ સાથે જયશ્રીસ્વામિનારાયણ સ્વીકારશો, શ્રીહરિશરણાગતિમંડળના દેવરાજ ડાયાભાઈ મકવાણા બગીચાવાળા, તથા મોહનલાલ રતનશી બાલંભાવાળા પૂજારી, તથા મોહનભગત સન્લી કંપનીવાળા, તથા ટપુલાસ કાનજી ભગત, તથા ટપુલાલ કાનજી ભગત ચાવડાવાળા પ્રમુખ, તથા તુલસીદાસ મનજી ભગત, તથા રતિલાલ ભગત, તથા અમરશી ભગત, તથા રામજી તુલસી ટાંક તથા છૂટાછવાયા શ્રીહરિશરણાગતિમંડળના ભક્તોના પ્રેમપૂર્વક જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી, તથા કરશન હીરજી વેકરીયા કચ્છ માધાપરવાળાના પ્રેમપૂર્વક જયશ્રીસ્વામિનારાયણ સ્વીકારશો, અમો આપની કૃપાથી આનંદમાં છીએ, આપ સાંભરો તેવો ઉપદેશ લખજો, જ્ઞાનમાહાત્મ્ય તમારી ભક્તિનો કેફ વધારજો, દર્શન દેજો, રક્ષા કરજ્યો, બસ એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૦૬ તા. ૧૫-૧-૭૮

કુવેત, સફાત, મેગાસ્કી કંપની, નાં. ૨૪૧૯૭. દુબઈ.

ગુરૂકૃપા પ્રગટશ્રીહરિ શાસ્ત્રીજીમહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને **કુવેતથી દાસનો દાસ ચરણસેવક જાવિયા રણછોડ કરશનના ઘણાં દંડવત્ પ્રણામ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** આપ પ્રભુજીના આશીર્વાદો અને અમાપ દયાથી સુખી છું, સીટીમાં પગારની ખૂબ કમાણી છે, કંપનીમાં પગાર ઓછા છે, અનાદિ શ્રીકૃષ્ણનારાયણની દયાથી ભાગ્ય બળવાન થાશે, જરૂર સારા વાનાં થાશે,

દેશમાં તેટલી મદદ ઘરે કરી છે, ભગવાન ન ભૂલાય તેવી કૃપા કરજો, વાડી ખોદવા ગાળવામાં ખર્ચ જે કરજ તે ભરાઈ ગયા પછી સુખી થઈને વધારે ભજન થશે, ભક્તિમાં તલ્લીનતાના આશીર્વાદો આપજ્યો, ક્યારેક સાક્ષાત્ દર્શન આપજ્યો, આશીર્વાદના પત્ર લખજ્યો, આપ પ્રગટ શ્રીહરિ છો, આપને હથેળીમાં બધું દેખાય છે, ભૂલચૂક માફ કરશો, એજ, શ્રીહરિશરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૦૭ તા. ૧૭-૧-૭૮

બહેરીન, શેખ અહમદ કંપની, મુહારાક. દુબઈ.

શ્રીકૃષ્ણઃ શરણં મમ, શ્રીહરિઃ શરણં મમ, શ્રીસ્વામિનારાયણભગવાન શાસ્ત્રીજીમહારાજની સેવામાં બહેરીનથી સેવક હરિલાલ વેલજીનાં સાક્ષાત્ દંડવત્ પ્રણામ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચશો, પ્રગટ પ્રભુજી શ્રીગુરુજીને માલમ થાય જે આપના આશીર્વાદો મળ્યા ઘણો આનંદ થયો, વધારે કૃપા કરતા કરતા રહેજ્યો, આપની દયાથી નવી નોકરી ચાલુ છે, ૨.૩૦ થયા, તકલીફ નથી, ખૂબ આરામ છે, આપને થાળ રસોઈ જમાડીને જમુ છું, દયાદૃષ્ટિ રાખજ્યો, મૂરજી દુબઈમાં પડી ગયો તેની તમોએ ત્રીસ ફૂટોથી પડતામાં રક્ષા કરી છે, તેને પગે સારું છે, કાંઈ ચીજ જોઈએ તે તમો મગાવજો, રક્ષા કરજ્યો, સેવક હરિલાલ વેલજીનાં જયસ્વામિનારાયણ વાંચશો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૦૮ તા. ૯-૧૦-૭૮

મધુવન, એલીસબ્રીજ, ૩૮૦ ૦૦૬. અહમદાવાદ.

શ્રીજીના વહાલા ભગવાન આચાર્યશ્રીને કેશવરામ કાશીરામ શાસ્ત્રી પદ્મભૂષણના જયસ્વામિનારાયણ વાંચવા. પૂજ્ય સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ! આપને ડી. ફીલ, અને ડી. લીટ,ની માનદ્ પદવીઓ મળી તેથી મને ઘણો આનંદ છે, એક અતિ ઉચ્ચકોટિના દાર્શનિક નૈયાયિક આદર્શ વિદ્યામૂર્તિ મહાકવિ વિદ્વાનનું સન્માન થયું તે સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાત વાસીઓને ગૌરવ લેવા જેવું છે, આવું ઉચ્ચ સન્માન મળવા બદલ પૂજ્ય સ્વામીજી મહારાજ આપશ્રી દેવતાઈ પુરુષ યતિવરને મારા અભિનંદન સાથે પ્રણામ છે.

❖❖❖❖❖

પત્ર નં.-૨૦૯ તા. ૧૬-૧-૭૮

પૂના.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમ:, પ્રગટભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને નમો નમ:, જુનાગઢનિજમંદિરે વિરાજમાન પરમદયાળુ કૃપાળુસુખસાગર મોક્ષદાતા અમારા પ્રિયપ્રાણ સ્વરૂપ વ્હાલા આત્મપતિ સંતપતિ ભક્તપતિ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીસ્વામિનારાયણ ભગવાન અવતારોના અવતારી પ્રકટ પરમપુરુષ શ્રીપુરુષોત્તમનારાયણ સર્વે નારાયણોના નારાયણ મહાનારાયણ, પરબ્રહ્મપરમાત્મા અક્ષરાધિપતિને, તથા શ્રીહરિશરણાગતિમંડળ સંતહરિભક્ત સ્નેહીસત્સંગીઓને હરહંમેશા યાદ કરનાર તમારા **ચરણોની રજ સેવક ખીમજી ભગત તથા ભગવાનજી ભગત, પ્રાગજી ભગત, કેશવજી ભગત, વેલજી ભગત, રામજી ભગત, કાનજી ભગત, રતિલાલ ભગત, મગન ભગત, મધુ ભગત આદિ સર્વે નાનામોટા શ્રીહરિશરણાગતિમંડળના ખૂબ હેતસ્વી ભક્તોના આપના પ્રતિ જય શ્રીસ્વામિનારાયણ સ્વીકારશોજી,** આપના આશીર્વાદો મળ્યાથી ઘણો આનંદ થયો, એવી રીતે સંભાળ્ય લેતા રહેશો, વાલજી ભગત તથા નાનજી ભગતે તમારી તબીયત નરમના સમાચાર મુંબઈ આપ્યા, મુંબઈ મંદિરમાં પણ જુનાગઢના સાર્ધશતાબ્દિના ફાળાવાળા સાધુઓએ શાસ્ત્રીજીની કસર તબીયતના સમાચાર આપ્યા હતા, આપની તંદુરસ્તી માટે ઘણાં ભક્તો માળા કરે છે, સારી તબીયતના સમાચાર લખજ્યો, અમુક ભક્તો પરદેશ જવાની તૈયારીમાં છે, છગન, રામજી, ચન્દુલાલ તમારા દર્શને આવશે.

પેપરોમાં વાંચ્યું જે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને ડૉક્ટર તથા ડૉક્ટર ઑફ ફિલોસૉફી તથા ડૉક્ટર ઑફ લિટરેચરની મોટી મોટી પીએચ.ડી., ડી.લીટ., ડી. ફીલ.ની ડિગ્રીઓ મળી તેથી અમો ઘણા ખૂશી થયા છીએ, ભગવાનજી રાજા પહેલો સાઉદી અરેબીયા જાઉં છું, પછીથી સીટ મળવા ઉપર બીજા આવશે, અને કેટલાક દુબઈ આબુધાબી જશે, પહોંચ્યા પછી શિરનામા લખશે, દયા રાખજ્યો, સાજાનરવા રાખજ્યો, કમાણી અપાવજ્યો, સેવાચાકરી કરાવજ્યો, મુંઝવણ ન થવા દેજ્યો, જીવનમાં શાન્તિ રખાવજ્યો, આત્મામાં આનંદ વરતાવજ્યો, મિત્રોમાં સંપ રખાવજ્યો, ઋતુઓ ન નડે તેમ રક્ષા કરજ્યો, તમારી ભક્તિનું પોષણ કરાવજો, તમો સાંભરો ઉચ્છવો થાય દિવ્યદર્શન થાય પત્ર વડે કેફ વરતે જ્ઞાનવિજ્ઞાન કથાવાર્તા પૂજનભજન થયા કરે એવી કૃપા કરજો, અક્ષરધામ જેવું સુખ અપાવજ્યો, પ્રગટનો પ્રતાપ વાપરજ્યો, ભક્તો માગે તે આપજ્યો, તમો સ્વતંત્ર છો, શરણાગતિમંડળોને મનોરથો પૂરજો, બધે ઠેકાણે દર્શન દેતા રહેજો, અમારા જયસ્વામિનારાયણ વાંચજો, પત્ર લખજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૧૦ તા. ૧૬-૧-૭૮

નાં. ૩૮૧૫, એલ. સાહેબ કંપની, દુબઈ.

પરાત્પર અક્ષરાતીત પ્રગટ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુને નમો નમ: શ્રીજીના અક્ષરધામ મધ્યે વિરાજમાન સર્વોપરિ સર્વેના સ્વામી ભક્તપતિ અમારા સ્વામી નાથ સંતપતિ દેવોના દેવ ઇશોના ઈશ્વર પ્રગટ શારદા સરસ્વતી શ્રીપતિ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ પુરુષોત્તમનારાયણ પ્રભુજીના ચરણકમળોમાં **દુબઈથી શાંતિલાલ તથા દેવરાજ મકવાણાનાં જયશ્રીસ્વામિનારાયણ વાંચજ્યો,** પ્રિય પ્રભુજીને પ્રાર્થના જે - દુબઈ જવાનો આપનો આશીર્વાદ ફળ્યો, એક પત્ર દુબઈથી લખ્યો હતો, તો

'ન આવ્યો સંદેશો નાથનો રે,
જોતાં હારે જોતાં જો વાટ,
ન આવ્યો સંદેશો નાથનો.'

શાન્તિલાલ મકવાણા તથા શાન્તિલાલ નરસિંહ સાથે રહીએ છીએ, સાથે કામે જઈએ છીએ, સાંજે કાગળનો તપાસ કરીને ન મળે તેથી નરમ પડી જઈએ છીએ, તો હે મહારાજ ભક્તવત્સલ કૃપાળુ ક્ષમા કરજો પત્ર લખજ્યો, અંતરમાં તથા બાહેર ભેગા રહેજ્યો, દર્શન આપજ્યો, સન્લીમાં મોહનલાલ રતનશી ભગતને ત્યાં કથાવાર્તા દર્શનાર્થ જઈએ છીએ, નજીકમાં છે, ૩૦ રૂપિયા આંહીના રોજ મળે છે, બધા ભક્તો ખુશીમાં છે, નારાયણ જેરામ મગજ સ્થિર નથી તે તેના પ્રાગજી કાકાને ત્યાં ગયા છે, તેને માટે શ્રીજીરક્ષા મોકલજો સાજા થઈ જાય, દેવરાજ ડાયા પ્રગટની કથાઓ કહે છે, સત્સંગ વધે છે, દેશની પેઠેજ રહિએ છીએ, પરદેશ જેવું લાગતું નથી, કથાવાર્તા ઉચ્છવ કરીએ છીએ, બધે દેશી કારીગરો દુકાનદારો મોટેરાઓ નજરે ચઢે છે, ત્યાં વંથળી ફૂલવાડીમાં હોઈએ એવું જ લાગે છે, તમારા દર્શનની તાણ રહે છે, રાજી રહેજો, આ તરફ ફરવા નિકળો ત્યારે મિનિટ મિનિટ બધે દર્શન દેજો, નારણ અને પ્રાગજીભાઈ દેશમાં આવીને ત્યાં જ કંટ્રાટી કામ કરશે એજ, ભૂલચૂક માફ કરશો શ્રીહરિશરણાગતિમંડળના ભક્તોના જય સ્વામિનારાયણ વાંચશો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૧૧ તા. ૧૬-૧-૭૮

મુંબઈ.

શ્રીસ્વામિનારાયણાય નમો નમ:

પરબ્રહ્મ પ્રગટ અવતારી જગતગુરુ સૃષ્ટિસર્જક વિશ્વના પાલક પરમેશ્વર શ્રીઅનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુજી શ્રીપંડિતાચાર્યવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહાપ્રભુજીને નમો નમ: **મુંબઈથી નિરંતર આપની મૂર્તિનું ચિંતવન કરનાર દાસભક્ત પોપટલાલ**

તીર્થવાસીના દંડવત્ પ્રણામ સ્વીકારજ્યો, કાનજીભગત, મધુભગત, કેશુભગત વિગેરે શ્રીહરિશરણાગતિમંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો, પ્રભુ આપ અંતર્યામી છો, સર્વેના સંચાલક છો, પાલનહાર છો, સર્વેના જાણકાર છો, પરદેશમાં જવાય તો મુંઝવણ માટે, આશીર્વાદ આપશો, ભગવાનજી રાજા ભાઈએ ઉપદેશ આપી મને જ્ઞાનપ્રકાશમાં મેલ્યા છે, પ્રભુ અમો છ જણા તીર્થથી જુનાગઢ આપના દર્શનાર્થે પગપાળા ચાલીને આવ્યા હતા, ઉદ્વેગ મટ્યા અને શાંતિ છવાઈ ગઈ હતી, આપના ચમત્કારો જોયા હતા, થાક ઊતરી ગયો હતો, આશિષ આપજો, વ્યવહારુ મુશ્કેલી મટે, આપનું ધ્યાન ધરું છું, ધંધાનું આવરણ ખસી જાય છે.

પરદેશમાં આપના આશીર્વાદ લઈને જાવું છે, આબુધાબી જાવું છે, આંહિ ચાર જણા મળીને ગવર્નમેન્ટી કંટ્રાટ એક લાખના સેન્ટ્રીંગ સામાન શિખેનો લીધો છે, મારા હૃદયમાં તમો હૈયામાં મૂર્તિ સ્ફુરો છો, કામમાં સૂઝ પાડજો, આજે કેશવજીભાઈને ત્યાં દર્શને ગયો હતો, ધારેલા સંકલ્પો પૂરા થયા છે તમોને ફૂલમાળા ચઢાવી હતી. આનંદ થયો છે, મનોકામના પૂરજ્યો. લિ. દાસ પોપટનાં દંડવત્પ્રણામ જયસ્વામિનારાયણ વાંચજો, કેશવજી હરિભાઈ ચોટલિયા, એ ૮ શ્યામસર્જિત એપોર્ટમેન્ટ, મથુરાદાસ રોડ, કાંદીવલી વેસ્ટ, મુંબઈ-૬૭, એ શિરનામે પત્ર લખજ્યો, શ્રીહરિશરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચશો, આપણે મંદિરે દરરોજ ધૂન્ય ભજન કથા કીર્તન કરીને પછી વાળુ પાણી કરીને વિરામ લઈએ છીએ, દર્શન આપજો એ ઝંખના છે, ઘણાને દર્શન થાય છે મને તેમાં ગણજ્યો, એજ, સેવક દાસ પોપટલાલના જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૧૨ તા. ૨૩-૧-૭૮

બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી.

જુનાગઢમાં બિરાજતા દૈવમૂર્તિ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને મારા ધન્યવાદો અર્પું છું, આપને 'ડૉક્ટર ઑફ ફિલોસૉફી' અને 'ડૉક્ટર ઑફ લિટરેચર' (ડિ-ફીલૂ, ડી-લિટ્.), એવી ઉચ્ચ ડિગ્રીઓ મલી તે બદલ આપને અનેક વાર ધન્યવાદો સાથે અભિનંદન પાઠવું છું, **ડૉક્ટર લલનજી ગોપાલ પ્રોફેસરના વંદન.**

❖❖❖❖❖

પત્ર નં.-૨૧૩ તા. ૨૦-૧૧-૭૮

હોશિયારપુર.

અમિત સ્નેહ એવં વિધાપન, શ્રીસ્વામીજીમહારાજ ! આપના સંબંધમાં શુભદ એવં સુખદ સંદેશ પ્રાપ્ત કરીને અમારા બધાના અંત:કરણ હર્ષ પામે છે,

શ્રીવૈષ્ણવિધ્યત્સાર્વભૌમ મહામહોપાધ્યાય પંડિતવર્ષ સ્વામીશ્રીકૃષ્ણવલ્લભાચાર્યને શ્રીશારદાપીઠ દ્વારકાદ્વારા 'ડૉક્ટર ઑફ ફિલોસૉફી' (ડી. ફીલ્), તથા ભારતભારતીય શોધ-સંસ્થાનદ્વારા 'ડૉક્ટર ઑફ લિટરેચર'(ડી. લિટ્)ની ઉપાધિ વડે વિભૂષિત કરવા, તે સંસ્કૃતજગતને માટે પરમગૌરવનો વિષય છે, આપનું અભિનંદન કરવું તે વાગદેવતાનું અભિનંદન ગણાય, 'વશ્યવાચ: કવે: કાવ્યમ્' આ કહેવત, શ્રીશાસ્ત્રીજીમહારાજની ઉજ્જવલ અલૌકિક અનુપમગ્રંથ રચનાઓ તથા અનેક શોધપત્રો તેનું અવલોકન કરી તત્કાળ સ્મરણમાં આવે છે.

એકલાખ છવ્વીશ હજાર શ્લોકો વડે 'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા' આ યુગનું અમૂલ્ય દાન છે, તેમાં ધર્મ અર્થ કામ મોક્ષ સૃષ્ટિ ઇતિહાસ કથા કથાનક લલિતપ્રબંધસ્વરૂપો ગીતાઓ ઉપદેશો ભક્તાખ્યાનો યુગધર્મો હોવાથી, તે સંહિતા વિશ્વના શ્રેય: પ્રતિભાન સ્વરૂપ છે, આશ છે જે શ્રીસ્વામીજીનો અભિનંદન ગ્રંથ જલ્દી પ્રકાશિત થશે તે ભૂમંડલના વિદ્વાનોને હર્ષ ઉલ્લાસ આપનારો થશે, પ્રોફેસર ત્રિલોચનસિંહ બિન્દ્રા તથા અન્ય સજ્જન વિદ્વાનો આપ સ્વામીશ્રી માટે શુભેચ્છાઓ પ્રેરે છે, આપે ન્યાય વૈશેષિક વેદાન્ત મીમાંસા સાંખ્ય યોગ સાહિત્ય ઇતિહાસ કાવ્ય વિજ્ઞાન ધર્મસ્મૃતિ આદિ અનેક ગ્રંથો 'સર્વ પ્રત્યક્ષસૂત્ર', 'સર્વયથાર્થવિમર્શ', 'સર્વખ્યાતિવિમર્શ', 'પંચતત્ત્વવિમર્શ', 'શ્રીસ્વામિનારાયણદર્શન', 'સુધાસિન્ધુબ્રહ્મરસાયનભાષ્ય', 'સત્સંગભાષ્ય', 'યોગભાષ્ય', 'સાંખ્યભાષ્ય', 'કિરણાવલીટીકાએ', 'શ્વેતાયનસ્મૃતિ', 'મુક્તિવ્યવસ્થા', 'ખ્યાતિવાદ', 'શાસ્ત્રાર્થ ક્રોડપત્ર', 'દર્શનગ્રંથ' આદિક ૫૩ (ત્રેપન), ગ્રંથો લખ્યા છે સંસ્કૃતજગતની જબરી સેવા કરી છે, વિશ્વજિજ્ઞાસ્ય વિજ્ઞાનો તત્ત્વો વિકસાવ્યાં છે, ભારતીયવિદ્યાઓને જીવતી રાખી વિસ્તારી છે, જેથી આપના ચરણોમાં સાંજલિ પ્રણામ સદ્ભાવના અર્પુ છું, ઓં નમ:, આપ નિત્યજ્ઞાનાત્મા ઉર્ધ્વ આત્મા છો, નમ: સ્વીકારજ્યો,

તમારા સ્મર્તા શ્યામલાલ ડોગરા.

❖❖❖❖❖

પત્ર નં.-૨૧૪ **તા. ૧૪-૧-૭૮**

દુબઈ.

શ્રીહરિને નમો નમ:

નિજમંદિરમાં સ્વસ્વરૂપે વિરાજમાન આનંદઘન સર્વોત્તમ ભક્તવત્સલ સુખનિધિ પ્રત્યક્ષશ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ તથા સંતમંડળ પ્રતિ **દુબઈથી રતિલાલ હંસરાજ રાઠોડ તથા શ્રીહરિશરણાગતિમંડળના હેત સાથે દંડવત્ પ્રણામ સહ જયશ્રીસ્વામિનારાયણ વાંચશો,** આપની કૃપાવડે અમો અતિઅતિ સુખીયા છીએ,

આશીર્વાદો મળ્યા છે, આનંદ વધ્યો છે, છૂટીમાં શુક્રવારે સમૂહ ભોજન ધૂન્ય ભજન કથાવાર્તા કરીએ છીએ, વેલજી ભગતના બેન હરિશરણ પામ્યા તેને માટે ખર્ચ કરવા દુબઈથી ફુગાવાડી પુરતી મદદ મોકલાવી છે, બધાને દિવ્યબુદ્ધિ વધે પોતાપણાની બુદ્ધિ વધે એમ આશીર્વાદ આપજ્યો, આંહિથી કંપની અઢારમે મહીને રીટર્ન ટિકિટ સાથે ત્રણ મહિના છૂટી આપે છે, વસ્તુ જોઈતી હોય તે મગાવજો, લેતા આવશું, આપના દર્શનવડે સુખિયા થશું, પહેલાં તો સંભારીએ ત્યારે સ્થળે સ્થળે આપના દર્શન થયા કરતા, હવે બહુ સંભારીએ ત્યારે દર્શન આપો છો, વાર તહેવારે તો દર્શન આપજ્યો, મુંઝવણમાં દર્શન દેજો, છૂટા છવાયા ભક્તો દર્શન માટે તલખતા હોય છે, તેને દર્શન આપજો, દયા કરજો, ક્ષમા રાખજ્યો, પત્ર લખજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૧૫ તા. ૧૧-૧-૭૮

શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય હાયર સેકન્ડરી, કુંકાવાવ.

મનુભાઈ શાહ પ્રિન્સિપાલ, એમ.એ., ડી.ફીલ્.

પરમપૂજ્ય ભગવાન સાદર ચરણસ્પર્શી નમ:, આપ ભગવાનને જે - ડી.ફીલ્, ડી.લિટ્., ડિગ્રીઓ મળી તે નાનીસૂની વાત નથી, ગુજરાતમાં ભાગ્યે જ કોઈ ડી.લિટ્, હશે. ભારતના લિટ., ડિ. ફિલ, વિદ્વાનો, સૌરાષ્ટ્રના મહાનવિદ્વાન એવા આપને જાણે છે, અમો આપના ચરણોમાં સમર્પિત છીએ, આપશ્રી સર્વશક્તિસંપન્ન પ્રભુ છો, જીવનકાલ દરમ્યાન ભારત અને પરદેશો આપને એક પ્રતિભાશાળી તીવ્રબુદ્ધિવાળા મહાવિદ્વાન તરીકે ઓળખે છે, પછી પણ અભિનન્દન ગ્રંથ વડે ઓળખશે, તે ગ્રંથ આપના અભ્યસ્તગ્રંથો સાથે યશોગાન કરતો રહેશે, વિશ્વ સમસ્ત કુંકાવાવ નગરીનું પરિચિત રહેશે, આપના નામે કૉલેજનો ધ્વજ ફરકશે.

આપની આજ્ઞા વિના સુકું પાંદડું પણ હલતું નથી, બધી ભગવાનની લીલા છે, રમત ભગવાનની છે, અમો પામર જીવો અશક્ત જ છીએ, આપ સ્વયં જ્ઞાન સાગર અવતારી પુરુષ સર્વશક્તિ ગુણશાલી પરમપુરુષ છો, આપના વૈજ્ઞાનિક ગ્રંથોને આધારે હું ડી.ફિલ્., થયો છું, આપને આશ્રયે મારી ચઢતી કળાઓ થઈ છે, આપ ભગવાન શ્વેતાયન મહર્ષિ શ્રીનારાયણ સ્વરૂપ પરમ ભાગવત તીર્થંકર સંત છો, આશિષ આપજ્યો, અમારું કલ્યાણ થાય, એજ વંદન, પ્રભુનો ચરણસેવક, શુભમ્.

❖❖❖❖❖

પત્ર નં.-૨૧૬ તા. ૯-૧-૭૮

બગસરા.

સેવક ગોરધનદાસ જીવરાજ સોરઠિયાના વંદન. પરમપૂજ્ય સત્સંગભૂષણ સાહિત્યઉપાસક સંતવર્ય શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યસ્વામીશ્રીની સેવામાં, સાદર જયશ્રીસ્વામિનારાયણ, હર્ષિત થવાનું જે - આપશ્રીને શારદાપીઠ દ્વારા 'ડૉક્ટર ઑફ ફિલોસૉફી' D. Phil, અને 'ભારત ભારતીયશોધ' સંસ્થાપનદ્વારા ડૉક્ટર ઑફ લિટરેચર', ડી.લિટ્, ડીગ્રીઓ માનદ ઉપાધિઓ પ્રાપ્ત થવાના દૈનિકમાં સમાચાર વાંચી આપને હાર્દિક અભિનંદન પાઠવતા હર્ષ અનુભવુ છું. આપ શ્રીવિદ્યાવડે સમસ્ત સત્સંગનું ગૌરવ વધારનારા છો, હજુ પણ વધારે તેવા ખિતાબ અને સરકારી સન્માનો મળે, તથા સમ્પ્રદાયનો જયકાર વધે એવી ભાવનાએ વંદન કરું છું, ઉપરના સમાચારો વર્તમાન પત્રોથી જાણ્યા છે.

❖❖❖❖❖

પત્ર નં.-૨૧૭ તા. ૧૦-૧-૭૮

ઘર નાં. ૫૨૨, ગુલેનો વાડો, પૂના-૧૨, ફુગાવાડી.

શ્રીજીને નમ: પ્રગટશ્રીઅનાદિનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સન્તપાર્ષદમંડળ પ્રતિ, **ફુગાવાડીથી હરિકૃષ્ણ મોહનલાલ કરશનભાઈ ના સદંડવત્ જયસ્વામિનારાયણ વાંચવા.** અમારી સર્વેની રક્ષા કરજો, દયા રાખજ્યો. અનિલ, જીતેન્દ્રના જયસ્વામિનારાયણ વાંચજો. દુબઈથી પત્રમાં જણાવ્યા મુજબ સેવા મોકલાવી છે, મળે તેનો આશીર્વાદ લખજ્યો, શ્રીજીરક્ષા મોકલાવજ્યો, મારા બેન નીતા સાજા થઈ જાય તેમ આશિષ મોકલજ્યો, દુબઈ મારા બાપુજીની રક્ષા કરજ્યો, મારા માતુશ્રીને આંખ્યે ઝાંખપ્ય મટી જાય તેવી ઠંડી દવા બતાવજ્યો, તથા શ્રીજીરક્ષા મોકલજ્યો, શ્રીહરિશરણાગતિમંડળ બધા સુખી છે, આંહિ મંદિરમાં દરરોજ હિન્દીકથા ધૂન્ય ભજન કરીએ છીએ, મને ભણતર વધારે આવડે તેમ દયા કરજ્યો, બુદ્ધિ આપજ્યો, અપરાધ ભૂલ ક્ષમા કરજ્યો. રૂ.નો કાગળ તરત લખજ્યો, પોષ્ટ દાપોડી, હરિકૃષ્ણ મોહનલાલ કરશનભાઈ મનાણીને મળે, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૧૮ તા. ૨૬-૧-૭૮

આબુધાબી, નાં. ૨૫૩૬, ગુલ્ફ હોટલ સાઇડ, દુબઈ.

શ્રીજી મહારાજ જુનાગઢ વિરાજમાન અન્તર્યામી ભગવાન પરમદયાળુ ગુરુમહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી- શાસ્ત્રીજી મહારાજ, **આબુધાબીથી લિ. ચરણસેવક શાન્તિલાલ પુંજાભાઈ વાઢેરના દંડવત્પ્રણામ સાથે જય સ્વામિનારાયણ.**

પ્રભુ, આપની દયાથી પરદેશ પહોંચ્યો છું, કમાણી સારી આપજ્યો, શરીર સુખ આપજ્યો, તા. ૨૪-૧-૭૮ આબુધાબી પ્લેનમાં પહોંચીને તમારું પૂજન વિગેરે કર્યું છે, હિંમત આપજો, મુંઝવણ ન થાય તેમ કરજ્યો, મારા કુટુંબને સુખી રાખજ્યો, નજર દયા ભાવ કરજો, શ્રીહરિશરણાગતિમંડળનો યોગ રહે તેવા આશીર્વાદ લખજ્યો, આંહિ બધા કારીગરોનું રસોડું ભેગું છે, ધર્મરક્ષા કરાવજો, દસ કલાકની નોકરી છે, આપ પ્રભુ સાક્ષાત્ ભગવાન છો બધું જાણો છો, આંહિ વાતાવરણ ઇન્ડિયા જેવું જ છે, સારું કમાઈ એવી દયા કરજ્યો, આશીર્વાદ આપજ્યો, સંગ દોષથી બચાવજો, દર્શન આપતા રહેજો, સેવક શાન્તિલાલ કાર્ડ નાં. ૫૩૨૭ છે, પોષ્ટ નાં. ૨૫૩૬ છે, જે. ક્યુ. પી. કંપની છે, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૧૯ **તા. ૨૭-૧-૭૮**

આબુધાબી, દુબઈ.

સાક્ષાત્ શ્રીહરિ શ્રીસ્વામિનારાયણો વિજયતે પ્રગટપ્રભુજી શ્રીસદ્‌ગુરુસ્વામી નવ્યન્યાયાચાર્ય શ્રીકૃષ્ણજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રગટપરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવત્સ્વરૂપ પરમપૂજ્ય મોટા શાસ્ત્રીજી મહારાજ તથા સંતમંડળ પ્રતિ **સેવક નારણ પ્રેમજીના જયસ્વામિનારાયણ વાંચશોજી**, આપના આશીર્વાદ રાજીપાથી સુખી છું, કામકાજ સારાં ચાલે છે, આપનો આશીર્વાદ લેવા આવ્યો ત્યારે સેવા ધારેલ તે મોકલાવીશ, કરજ બધાં ઊતરી ગયાં છે, બીજા એક વરસની વીઝા મળી છે, રાજી રહેજો, ફૂલવાડીનો વંડો તથા છત્રી કરવાં છે, પરદેશના ભક્તોની મદદ મળે તો મોટાં ડેરાં કરવા છે, દયા રાખજ્યો. એજ, પત્ર લખજ્યો, દઃ નારણભાઈના સંદંડવત્ પ્રણામ જયસ્વામિનારાયણ વાંચજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૨૦ **તા. ૨૭-૧-૭૮**

નાં ૫૪૧, કાર્મા સાઇડ, પન્ગુલ્ફ કંપની, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

અક્ષરધામતુલ્ય જીરણદુરગ મધ્યે વિરાજમાન શ્રીપ્રત્યક્ષપુરુષોત્તમ ગુરુદેવ જગદ્‌ગુરુ આચાર્યસાર્વભૌમ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળ સમસ્ત પ્રતિ **દુબઈથી શ્રીહરિશરણાગતિમંડળ વતી મોહનલાલ પૂજારી તથા ભક્તોના હેતપૂર્વક જયસ્વામિનારાયણ વાંચજો.** આજ તા. ૨૭-૧-૭૮ના રોજ શુક્રવારે અજમાનમાં વાલજી કેશવજી વિગેરે રહે છે ત્યાં ઉચ્છવ-સમૂહભોજન, આરતી-પૂજન-કીર્તન - કથાવાર્તા - ધુન્ય - સભાચેષ્ટા - વંધુ વિગેરે કરીને સેવા નોંધી સર્વે ઘેર ગયા હતા. આપની તબીયત સારી હશે, સેવા યોગ્ય

લાગે ત્યાં વાપરજો, પ્રગટ ભગવાન સ્વતંત્ર છો આપનું ધાર્યું સર્વે થાય છે, પરચાઓ આપો છો, રક્ષા કરો છો, દર્શન આપો છો, પ્રારબ્ધ ફેરવો છો, પ્રેય: શ્રેય: આપો છો ગરીબોના બેલી છો, પ્રત્યક્ષ ઓળખનારને મોક્ષ આપો છો, ચમત્કાર-ઐશ્વર્યો વાપરો છો, દૈવી ગુણો તથા દિવ્ય ચિન્હો સહિત છો, આપના પરચાઓ વડે ઓળખતા થયા છીએ, ઉપદેશો વડે બ્રહ્મરૂપ સત્સંગ બળ ધર્મ નિયમ ભક્તિમાં વરતીએ છીએ, મીઠી નજર કરજ્યો, ક્ષમા રાખજ્યો, ભૂલચૂક માફ કરજ્યો વિશ્વંભર આપ પૂર્ણ કામ છો, પોતાના માટે કાંઈ માગતા નથી, સંતોષી પ્રભુ છો, અમોને સેવા આપજો, તીર્થ સમૈયા પારાયણ ઉચ્છવ સન્માનયાત્રામાં અમને લાભ આપજો, આપને સન્માનથી હર્ષિત નથી, જોયા અપમાનથી શોક્તિ નથી જોયા, સકામ-નિષ્કામ ભક્તોના પૂર્ણકામ પૂરક છો, આપ રાજીપો વરસાવજો, લિ. મોહનલાલ પૂજારી તથા શ્રીહરિશરણાગતિમંડળના જયશ્રીસ્વામિનારાયણ વાંચજ્યો, પ્રણતજનપ્રતિપાળ પ્રભુશ્રી શ્રીહરિના ચરણોમાં દંડવત્ પ્રણામો સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચજો, દર્શન દેજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૨૧ તા. ૨૮-૧-૭૮

અજમાન, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ પ્રભુ વિજયતેતરામ્ શ્રીઅક્ષરધામમાં વિરાજિત અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન તથા સંતમંડળની સેવામાં **અજમાનથી લિ. વાલજી કેશવજી તથા તમામ ભક્તોના શ્રીહરિશરણાગતિમંડળના સેવકોના જાજા જાજ દંડવત્ પ્રણામ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચજ્યો,** આંહિ બધા ખુશી મજામાં છે, આપની તબીયત સારી હશે, ખબર લખજ્યો, આશીર્વાદ મોકલજો, અમારા બે ફોટાની કોપી બે વાલજી ભગતને ઘેર રાજકોટ મોકલાવી દેજો, તમારું ભજન કરિએ છીએ, આપના આશીર્વાદોથી સુખિયા છીએ, સેવાલાભ આપજો, સેવા મોકલાય તે અંગીકાર કરજો, પહેલું સુખ સાજાનરવા, બીજું સુખ ભોજન પાચન, ત્રીજું સુખ અન્ન વસ્ત્ર સાધન, ચોથું સુખ રૂપિયા કમાણી, પાંચમુ સુખ સંપ સંતોષ, છઠું સુખ તમારી ભક્તિ સાતમું સુખ સેવા રાજીપો, પછી મોક્ષસાધન અને મોક્ષ તથા પ્રાણપતિપ્રભુ તરફથી આવકાર, બાકી તો કૃપા વરસાવજો, નજર રાખજ્યો. ભગવાન લેખે કરતા સત્કાર્ય કરાવતા રહેજો, પુણ્ય પ્રસન્નતા વરસાવતા રહેજો, આશીર્વાદ લખજ્યો, એજ. શ્રીહરિશરણાગતિમંડળના જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.૨૨૨ તા. ૨૮-૧-૭૮

રૂવી, મસ્તક, નાં. ૪૩૪૧, ઓમન શાપુરજી કંપની, દુબઈ.

શ્રીહરિકૃષ્ણમહારાજ સત્ય છે, સ્વસ્થાન જુનાગઢના મહલમાં વિરાજિત શ્રીગુરુજી મહારાજ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રગટ પુરુષોત્તમનારાયણની સેવામાં **મસ્કત-રૂવીથી સેવક પરશોત્તમ તુલસી ટાંક જીરાગઢવાળા તથા શ્રીહરિશરણાગતિમંડળના જયશ્રીસ્વામિનિરાયણ વાંચશો,** આંહિ મગનલાલ, પાંચુભાઈ, નથુભાઈ, મોહનભાઈ, અમરસીભાઈ, જેરામભાઈ, દામજીભાઈ, વિગેરે અમો સુખી છીએ, તમારું ભજન કરીએ છીએ, આંબાભાઈ, જીવરાજભાઈ, નરોત્તમભાઈ, ગોવિંદભાઈ તેઓ દેશમાં આવ્યા છે, કાગળની વાટ જોઈએ છીએ, ખુશી ખબર લખજ્યો, કાંદીવલી પણ લખજ્યો, મુકેશ તમોને બહુ સંભારે છે, કામકાજ સારાં ચાલે છે, અમો પ્રગટ તમારું ભજન પૂજન આરતી ધ્યાન ઉત્સવ કરીએ છીએ, દિવાળીબહેનને શ્રીજીરક્ષાવડે બીલકુલ સારુ થઈ ગયું છે, પ્રસાદીનું જળ પીએ છે, સુખી છે, દેશમાં આવશું ત્યારે સારંગપુર માનતા દેવા અને પગે લાગવા જાશું, તમારે દર્શને આવશું, તમારી દયા વડે સાજા નરવા છીએ, રામજીભાઈના પત્ર આવતા હશે, પ્રસાદીના ગુલાબ પાંખડીઓ મોકલાવજો, મંદિરનું ભર્યું થાય તે લખજ્યો, શ્રીહરિશરણાગતિમંડળ તરફથી પુરુષોત્તમનાં જયશ્રીસ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.૨૨૩ તા. ૨૮-૧-૭૮

દુબઈ.

શ્રીઅનાદિ શ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળની સેવામાં **વીરજી ડાયા ચોટલિયા, વાલજી ભગત આદિક સરવે શ્રીહરિશરણાગતિમંડળના દંડવત્પ્રણામ વાંચશોજી,** અમો આપની દયાથી મજામાં છીએ, આપશ્રીના સ્વાસ્થ્ય તથા સેવા આશીર્વાદ લખજ્યો, આ દેહ કમાણી બધું તમારું છે, બે વર્ષ પૂરાં કરિએ તો બોનસ મળે, ચાર મહીના બાકી છે, તમો કહો તો સભૈયામાં હાજર થઈએ, રજા નહિ મળે, તમો સત્ય સંકલ્પ કરજ્યો, આજે અજમાનમાં સભા રાખી છે, બધા ચારેતરફના ભેગા થાશું, ઉત્સવ ભોજન ભજન તથા પ્રોગ્રામ કરશું, રક્ષા કરજો, સાંચવજો, દર્શન દેજ્યો લાભ મળે તેમ કરજો, તમારા આશીર્વાદો વડે રાજી રાજી રહિએ છીએ, તમો ભગવાન તો રાજીજ છો, પ્રસન્ન રહેજો, પત્ર લખજ્યો, સેવા કરવી છે, અવાશે તો દેશમાં આવશું. એજ, વિરજી ડાયા ચોટલિયા, તથા ભગવાનજી જેરામ વાઘેલા તથા શ્રીહરિશરણાગતિમંડળના જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.

❖❖❖❖❖

પત્ર નં.૨૨૪ તા. ૨૯-૧-૭૮

કાન્દીવલી, મુંબઈ.

પ્રગટભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીસ્વામિનારાયણને નમો નમઃ, જુનાગઢધામમાં વિરાજમાન દયાળુ કૃપાળુ સુખસિન્ધુ મોક્ષપ્રદાતા વ્હાલા ભગવાન ભક્તસંતપ્રાણપતિ વિશ્વપતિ સર્વપતિ શ્રીકૃષ્ણનારાયણસ્વામિનાથ તથા સંતભક્તમંડળને હંમેશા યાદ કરનાર **દાસાનુદાસ ભગવાનજી રાજાના હેત સ્નેહ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચવા,** તમારા પ્રતાપદયા વડે રવિવાર તા. ૨૯-૧-૭૮ સાંજના ૬ વાગ્યે આજ પ્લેનમાં ૨૦૦ માણસોની સીટ સાથે સાઉદી અરેબીયા જાઉં છું, પાંચ ઉપર ભરીને જાઉં છું, મારું શિરનામું પત્ર મોકલીશ ત્યારે આશીર્વાદ લખજ્યો, આકાશ રસ્તે ભેળા રક્ષા કરજ્યો, હરિકૃષ્ણ ક. ની સંભાળ રાખજ્યો, ધીરજ રહે તેમ કૃપા વધારજ્યો, દર્શન દેતા રહેજ્યો, તમારો દાસ ક. ભગવાનજી રાજા.

❖❖❖❖❖

પત્ર નં.૨૨૫ તા. ૩૦-૧-૭૮

કાન્દીવલી, મુંબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યમહારાજ શ્રીસ્વામિનારાયણભગવાનના નમો નમઃ, આપ તથા સંતમંડળ પાર્ષદોને અમારા **ઓધવજી ટપુના દંડવત્ પ્રણામ સ્વીકારજો, પુરીબેનના દિકરાઓ તથા કિશોર, દિલીપ, વ્રજલાલ વિગેરેના જાજા કરીને જયસ્વામિનારાયણ વાંચજ્યો,** બીજું કે ભગવાનજી રાજા તા. ૨૯ સાંજે ૬ પછી શાન્તાક્રુજથી વિમાનમાં ઉપડી મસ્કત તરફ ગયા છે, તેમને વળાવવા વ્રજલાલ, કાનજીભાઈ, મગનલાલભાઈ, ચંદુલાલભાઈ, મધુભાઈ વિગેરે ગયા હતા, મને ઓધવજીને પ્રાગજીભાઈએ કામે લગાડી દીધો છે, દેવરાજ ડાયાભાઈને ત્યાં જમું છું, તમારી દયાથી સારી કંપનીમાં જવાશે તો જાઇશ, તમારી પ્રસાદી આંહિ મંદિરમાં વહેંચી છે, અમારા પુરીબેન બાઈ ગૌરીનું સગપણ લાલજી જાવિયાના રતિલાલ વેરે કરવામાં આપના આપના આશીર્વાદ મગાવે છે, દુબઈથી આવેલ કાગળમાં તમારી આજ્ઞા લેવાનું લખે છે, જવાબ લખજ્યો, સારાવાનાં લખજ્યો, સેવક ઓધવજી ટપુ મનાણીના જયસ્વામિનારાયણ વાંચજો, દર્શન આપજ્યો, સાજાનરવા રાખજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૨૬ તા. ૩૦-૧-૭૮

દુબઈ.

શ્રીઅનાદિશ્રીકૃષ્ણનારાયણાય સ્વામિને નમો નમઃ સૌરાષ્ટ્રમાં દિવ્યભૂમિમાં વિરાજમાન પ્રગટ શ્રીહરિ શ્રીઅનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ તથા સંતમંડળ પ્રતિ ગામ દુબઈથી લિ. આપને હરવખત યાદ કરનાર ચરણકમળ **સેવક દયાળજી લાલજી મનાણી તથા ધીરજલાલ તથા શ્રીહરિશરણાગતિમંડળના તમામ ભક્તોના જયશ્રીસ્વામિનારાયણ વાંચશો,** અમો બધા રતિલાલ લાલજીને ત્યાં ધૂન્ય કીર્તન ભક્તિ કરીને આપના આશીર્વાદો વાંચીને બહુ જ બધા રાજી થયા છીએ, ભક્તોના દેશકાળ સારા છે, ઉત્સાહમાં છે, મનોરથો પૂરજ્યો, અમારા કુટુંબ કુગેવાડી છે, તેની રક્ષા કરજ્યો, આંહિ દર શુક્રવારે છુટીમાં ભેગા થઈ આપ પ્રગટ ભગવાનના ચમત્કાર ઐશ્વર્ય ગાઈએ તથા મહોત્સવ ઉજવી આનંદ લઈએ છીએ, તથા શ્રદ્ધા મુજબ થોડી થોડી સેવા એકઠી કરીએ છીએ જે ઉચ્છવમાં સેવામાં તુરત જ ઉપયોગી થાય છે, એજ જુમેરાહ નાં-૧, બોક્સ નાં. ૫૪૧, તબીયત બધાની સારી રહે તેમ દયા કરજ્યો, ભૂલચૂક માફ કરજ્યો, દર્શન દેતા રહેજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૨૭ તા. ૩૧-૧-૭૮

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ નમો નમઃ

જીર્ણદુર્ગે વિરાજિત પ્રગટ શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સંતપતિ એવા ભગવાન તથા મુક્ત સંતમંડળ પ્રતિ, **દુબઈથી લિ. શ્રીહરિશરણાગતિમંડળના સ્નેહ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.** અમારે શુક્રવારે અજમાન સભા હતી, સન્લીમાં પ્રથમ સભા કરી હતી, બધાને આનંદ આવ્યો છે, ભક્તો આપને રાજી કરી લેવા ધારે છે, દેશમાંથી ભક્તો આપની તબીયત નરમ હતી એમ લખે છે, આપના સ્વાસ્થ્યના ખબર લખજ્યો, પૃથ્વીપર શતવર્ષ ઉપર રહો, આપના મોટા મંદિરને નિહાળો એમ બધાના ઉદ્‌ગારો છે, સોનાની કમાણી આપ લેખે વાપરવી છે, તીર્થ ધામ કરીને સેવીએ એમ લાભ લેવો છે, સેવા વડે પ્રસન્નતા વરસાવજ્યો, ભજન કરીએ છીએ, રક્ષા કરજો, પ્રમુખ ટપુલાલભાઈના હજારો વાર દંડવત્ ભગવાનને પહોંચે, સુખી છીએ ધર્મ સાંચવીએ છીએ, ભક્તિ સેવા કરીએ છીએ, આપ ભગવાનની દયાથી મારા ટપુલાલના પેટનું દરદ સાવ મટી ગયું. શ્રીહરિશરણાગતિમંડળ ભક્તોના જયસ્વામિનારાયણ વાંચશો મોટું તીર્થધામ થાય એવી ઇચ્છા છે, આહીં બસોક ભક્તો ધામ બાંધવા તૈયાર છે, ભગવાનને ધાર્યું હશે તેમ થશે, આપતી શાન્ત પાછી

વૃત્તિ છે, પણ શ્રીહરિશરણાગતિમંડળ કાર્ય ઉપાડે તેમાં આશીર્વાદ આપજ્યો, શાંતિથી પ્રતિષ્ઠા કરશું, સત્સંગ વધારશું, સત્યસંકલ્પ કરજ્યો, જેમના સંકલ્પમાં અનંત સૃષ્ટિઓ ઉપજે છે અને લીન થાય છે, તેવા માનવસન્મૂર્તિ દિવ્યશ્વેતાયનવ્યાસમૂર્તિ પરબ્રહ્મમૂર્તિ એવા આપને વિશ્વનો વિદ્વાનવર્ગ ઓળખતો થયો છે, તેને ઓથે ઓથે અમો પણ વધારે ઓળખતા થયા છીએ, તેથી હવે પછી આપનો પ્રભુપણાનો શક શ્વેતાયન વ્યાસ શક ૭૩મો શક આગળ ચાલશે એમ શાસ્ત્રો બોલી બતાવશે, ભક્તોમાં બળ મેલજ્યો, ભક્તિ સેવા તીર્થયાત્રા દર્શન વિગેરેનું અવલમ્બન થાય એવી કરૂણા કરજો, પૃથ્વીમાં ભક્તોનું ધ્યાન રાખજો, સાજા નરવા રાખજ્યો, રક્ષા કરજ્યો, વંદન સ્વીકારજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૨૮ **તા. ૩૧-૧-૭૮**

સલાલાહ, ઓમન, નાં. ૪૧૯૬, દુબઈ.

મુ. જુનાગઢ નિવાસી શાસ્ત્રી આચાર્ય સ્વામીજી પ્રગટ શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આદિ સંતમંડળ પ્રતિ **સલાલાહથી લિ. અહોનિશ યાદ કરનારા કેશવજી વસ્તા જાવિયા, જગજીવન રવજી, પરસોત્તમ શામજી, રવજી નાનજી, શ્રીહરિશરણાગતિમંડળ, અને કચ્છી સત્સંગિઓના જાજા કરીને જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** આપનો પત્ર વાંચી આનંદ થયો છે, બધા વધારે આનંદમાં છે, સેવા મોકલાવીએ તે અંગીકાર કરશો, લાગણી વિશેષ રાખજ્યો, મેઘજી બાપા કચ્છી આપની જુની ઓળખાણ તથા ચમત્કારની વાતો કરે છે, કુંજ સેવે તેમ અમોને દૃષ્ટિવડે સેવજો, કમાણી સફળ થાય એવી કૃપા કરજ્યો, મારા બાપુજી વસ્તાબાપા પૂજામાં બેસશે તો સગવડ કરી દઈશ, રક્ષા કરજ્યો, દર્શન આપજ્યો, મુંઝવણ ન આવે બે વર્ષના બીજા વીંઝા મળે તેમ કરજ્યો, પ્રગટ ભગવાન મળ્યા એ બહુ મોટી વાત છે, જય સ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૨૯ **તા. ૩૧-૧-૭૮**

સાઉદી અરેબીયા, નાં. ૧૨૧, રીયાધ, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ ભગવાન શ્રીશ્વેતાયનવ્યાસને નમો નમ: પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પરમાત્માને નમો નમ: નિજઅક્ષરબ્રહ્મની નિવાસી, દયાકૃપાવ્હાલપભરેલા ભક્તપતિ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીશ્વર **મહારાજ તથા મંડળને સદા સંભારનાર સેવક ભગવાનજી રાજાના દંડવત્ પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ,** તમારી દયાથી ૨૯-૧-૭૮, ૬ વાગ્યે પ્લેનમાં બેસી દુબઈ થઈ

સાઉદી અરેબીયા ઉતર્યા, ભારે મજા આવી, તકલીફ ન પડી, તમાંરી દયાથી હવે કંપનીમાં તૈયાર દેશી રસોડે જમું છું, મને એક પલંગ, ઓશિકું ગાદલું બે ધૂસા, ગોદરેજ કબાટ, એરકંડીશન હૉલ રહેવા, ન્હાવા ધોવા બાથરૂમ, મળેલા છે. હું એક જ આવ્યો છું, બીજા ૧૧ જણા આવશે, મારા તરફથી રસોઈ જમ્યા હશો, કંપનીએ ટેબલ ખૂરશી આપ્યાં છે, કંપની યુરોપિયન છે, તમારી દયા આશિષથી સાહેબની પેઠે રહું છું, મને કડીયામાંથી સાહેબ બનાવી દીધો, ભગવાન તમોએ અકલકળા વાપરી છે. તમારી તબીયત સારી હશે, તમારો રાજીપો મળ્યો, હરિકૃષ્ણ ઉપર આ સાથેનો કાગળ વળતી ટપાલમાં મોકલી દેજો, હું ત્યાં ધીરે રહીને લખીશ. સેવક ભગવાનજી, સી. એન. ૧૯૭, ધી સાઉદી તારમાક કંપની લિમિટેડ, બો. નાં. ૧૨૧, એલ. રાજા ઇસ્ટેટ, મુ. રીયાધ (એસ. એ.) હે ભગવાન કારીગરોમાં અગ્રભાગ લઉં છું, તમારી કૃપાથી હવે ક્યાંઈ પાછો નહિ પડુ, મને બલિયો રાખજ્યો, એજ, હરિકૃષ્ણની નજર રાખઝો, દર્શન દેજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૩૦ તા. ૧૫-૨-૭૮

ખાન સાહેબ ગેમન લિમિટેડ કંપની, પો. નાં. ૧૯૧૨. શારજાહ, દુબઈ.

જુનાગઢમાં રાજાધિરાજ શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં **શારજાહથી શ્રીહરિ શરણાગતિમંડળ તથા સેવક ભક્ત શામજી હીરજી કાચા, ધરમશી હીરજી છગનલાલ હીરજીના જયશ્રીસ્વામિનારાયણ વાંચવા.** આપ પ્રભુની કૃપા વડે સારી કમાણી છે, સેવા મોકલશું, આશીર્વાદ લખશો, ભગવાનની ઓળખાણ તથા સેવા તેથી વધારે બીજું કાંઈ નથી, અમો આનંદમાં છીએ રક્ષા કરજ્યો, સામજી હીરજીને શિરનામે ઉપર પ્રમાણે કાગળ મોકલજો, દર્શન દેજો, મારા બાપુજી તીર્થમાં તથા આપ પાસે દર્શને આવીને ફુલવાડીનું કામ ટ્રસ્ટીઓ દ્વારા ધામધૂમથી ઉપાડવા લખે છે તો આશીર્વાદ આપજ્યો, ફુલવાડીનો વંડો થઈ જાય એજ. બધાનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૩૧ તા. ૧-૨-૭૮

સલાલાહ સિમેન્ટ માર્કેટિંગ કંપની, ઓમન, દુબઈ.

શ્રીજી શ્રીસદ્‌ગુરુવર્ય શ્રીસ્વામી શ્રીશાસ્ત્રીજી મહારાજ પ્રગટપુરુષોત્તમ અવતારી વ્યાસાચાર્ય વેદશાસ્ત્રોના વ્યાસજી શ્વેતાયનમહર્ષિ દેવોના દેવ ઈશ્વરોના મહેશ્વર આત્માના અંતર્યામી મહારાજ શ્રીકૃષ્ણનારાયણ અનાદિપરમાત્મા માનવ દિવ્ય

ચમત્કારી મૂર્તિ સર્વ સ્વામી સર્વાધિપતિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સંતોના ચરણોમાં રાતદિન **સેવક વરૂ રવજી નાનજીના જાજા કરીને જયશ્રીસ્વામિનારાયણ, જયશ્રીઅનાદિશ્રીકૃષ્ણનારાયણ, જયશ્રીઆચાર્યવર્ય શ્રીકૃષ્ણવલ્લભનારાયણ જયશ્રીહરિશરણા ગતિમંડળ નારાયણ શ્રી નારાયણના નારાયણ વાંચશોજી.** હું અલ્પબુદ્ધિ છું. ક્ષમા કરજો અપરાધ ન ગણશો કેશવજીભાઈની સેવામાં મારી ચતુર્થાંશ સેવા છે, રાજી રહેજો, આંહિ આપ શ્રીજી કૃપાથી ખુશીઆનંદમાં છીએ, કામકાજ ચાલે છે, દેવદર્શનમાં અમારે માટે ભાગ રાખજ્યો, અમોને દિવ્ય દર્શન દેજો, આપ ભગવાન સિવાય પરદેશમાં તો અમારું કોઈ નથી, આપ જ હૃદયમાં અને બાહેર રક્ષા માટે સદા બિરાજો છો, સુખમય પત્ર પાઠવજો, સેવક વરૂ નાનજી તથા શ્રીહરિશરણાગતિમંડળના સર્વાર્પણ આત્મનિવેદન સાથે જયશ્રીસ્વામિનારાયણ. વાંચશો અમારી ભક્તિ સત્સંગ શરણાગતિ બધી વધતી રહે એવા આશીર્વાદ આપજ્યો, સેવા બતાવજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૩૨ તા. ૧-૨-૭૮

નાં. ૫૪૫૦, ડેરા, યુ. એ. ઈ. દુબઈ.

શ્રીગણેશાય નમઃ શ્રીકૃષ્ણનારાયણાય નમઃ શ્રીઅનાદિનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શ્વેતાયનવ્યાસ ભગવાનને નમો નમઃ શ્રીજુનાગઢ મહાપવિત્ર ધામમાં વિરાજમાન સંતપતિ પ્રગટભગવાન શાસ્ત્રીજી નિત્યવિજ્ઞાન અવતાર અવતારી અવતારશિરોમણિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વયં શ્રીહરિ તથા કોઠારી સ્વયંપ્રકાશસ્વામી તથા સંતપાર્ષદમંડળ પ્રતિ ડેરા દુબઈથી **લિ. શિષ્ય નારાયણ કરશન તથા પ્રાગજી દેવશી તથા બાબુલાલ વેલજી તથા ભીખાલાલ ડાયા તથા મગનલાલ રામજી તથા કાન્તિલાલ તથા અમૃતલાલ તથા વીરજી ડાયા તથા શ્રીહરિશરણાગતિના આંહિ વસતા ભક્તોનાં ઘણા દંડવત્પ્રણામ સાથ જયશ્રીસ્વામિનારાયણ વાંચવા,** પ્રગટ પ્રભુજી આપને પ્રતાપે અમો તા. ૧૨-૧-૭૮ના ગુરૂવારે મુંબઈથી સ્ટીમરમાં રવાના થઈ તા. ૧૬ના સોમવારે દુબઈ આનંદથી પહોંચી ગયા છીએ, તા. ૧૭ના કામે ચઢી ગયા છીએ, આપની ભક્તિ સત્સંગ આપમાં વૃત્તિ નિયમ ધર્મ રહે એવી નજર રાખજ્યો, તમારી મૂર્તિ સામે બેસીને પત્ર લખ્યો છે, આશીર્વાદ પાઠવજ્યો બે શ્રીજીરક્ષા મોકલાવજ્યો, પ્રગટનું બળ આપજ્યો, આપ અન્તર્યામી ભગવાન એક ઠેકાણે બેઠા થકા બધું દેખો જાણો છો, અમારા કુટુંબની ઉપાસના વધારજો, ઓં શ્રીકૃષ્ણવલ્લભઃ શરણં મમ, એજ નારાયણ કરશન ચૌહાણ તથા પ્રાગજી દેવશી ચોટલીયા શરણાર્પણના જય સ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૩૩ તા. ૧-૨-૭૮

મુલુન્ડ-૮૦, મુંબઈ.

અક્ષરધામ, જુનાગઢમાં મંદિરમાં વિરાજિત પ્રગટશ્રીહરિકૃષ્ણવલ્લભાચાર્યજી **મહારાજના ચરણોમાં કાન્તિલાલના ઘણા દંડવત્ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચવા.** હું મુંબઈ આવ્યો છું, તમો દયા કરો તો દુબઈ જવાય, એજન્ટે તા. ૧૫-૨-૭૮ પછી સીટ આપવાનું કહ્યું છે, તમો દયા કરજો, કાન્તિલાલના જયસ્વામિનારાયણ વાંચશો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૩૪ તા. ૧-૨-૭૮

કાંદીવલી, મુંબઈ.

શ્રીસ્વામિનારાયણ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજને નમો નમ: જુનાગઢમાં નિજસ્વરૂપે સ્થિરમૂર્તિ પતિતપાવન અધમોદ્ધારણ દિનબંધુ દયાસિંધુ અક્ષરાધિપતિ સર્વનિયંતા સર્વ કર્તા હર્તા સર્વેના સ્વામીનાથ પ્રગટપ્રભુ શ્રીહરિકૃષ્ણમહારાજ શ્રીશાસ્ત્રીજીમહારાજ તથા સંતો પ્રતિ **ચાવડાથી ચરણસેવક દાસદાસ મગનલાલ હંસરાજ તથા કાન્દીવલીવાળા શ્રીહરિશરણાગતિમંડળ પ્રાગજીભાઈ વિગેરેના જયશ્રીસ્વામિનારાયણ વાંચવા,** હું મગનલાલ પરદેશ જવા ઇચ્છું છું તમો દયા કરજો જલ્દી જવાય, ભગવાનજી ભાઈ રીયાધ ગયા છે, હું આબુધાબી જઈને કાગળ લખીશ, આપે આપેલ પ્રસાદી જળ થોડું ભગવાનજી રાજા સાથે લઈ ગયા છે, કાયમ વાપરશે, આપ ભગવાનનાં નામ લાખ લખવા છે, દર્શન દેજ્યો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૩૫ તા. ૩-૨-૭૮

જામવંથળી.

શ્રીગુરૂકૃપા, જીર્ણનગર ભંડારને મેડે, ભક્તપતિભગવાન તમારી દયાથી મહાસુખી છીએ, આશીર્વાદો વડે ઘણો આનંદ થયો છે, તમને અક્ષરાતીતભગવાનને મીઠીરસોઈ જમાડશું, જમવા પધારજો, તમો વ્યાપક પરમાત્મા સર્વકર્તા હર્તા છો પ્રગટ પ્રત્યક્ષ દર્શન આપજો, **નલિન હરિકૃષ્ણ સુખી છીએ, તમારા ભક્તનો પત્ર આવ્યો છે, સુખી છે,** નાનજી લક્ષ્મણના માતુશ્રીને પગમાં કળતર પેટમાં મંદતા ઉધરસ વિગેરે મટી જાય તેવી આશિષ મોકલજો, ક્ષમા કરજો, ભક્ત ભેળા ભગવાન હોય જ, ભૂલચૂક માફ કરજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૩૬ તા. ૩-૨-૭૮

મુંબઈ.

શ્રીહરિભગવાન પ્રગટપુરુષોત્તમ સત્ય છો.

મુંબઈથી સેવક લાલજી મનજી તથા નાનજી મનજીના કાંદીવલીથી પરમહિતકારી સર્વશુભ ગુણસમ્પન્ન ભગવાનની સંત મૂર્તિ જ્ઞાનભંડાર અશ્વર્યશાલી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીશાસ્ત્રીજી મહારાજની સેવામાં દંડવત્પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ પહોંચે. તા. ૨૩-૧-૭૮ના અમારા માતુશ્રીને પગની તકલીફ મટાડવા બોરીવલી હૉસ્પિટલમાં ઑપરેશન કરાવેલ છે, વૃદ્ધાવસ્થાને લીધે તકલીફ જણાતી હતી, ગુલકોશના બાટલાથી નભે છે ખાતા પીતા નથી, તો અમો આપને વિનંતિ કરીએ છીએ જે શ્રીજીમહારાજ ધામમાં તેડી જાય, પ્રાગજીભાઈ સાથે ધોતીયા ૧૦ રૂપિયા મોકલ્યા છે, આપ અંતર્યામી ભગવાન જેવા છો, આશીર્વાદ લખજ્યો, મહારાજ આપનું સાંભળશે ધામમાં લઈ જાશે, આપના ભક્તિ કરનાર ભક્તને દુઃખ મટાડજો, આપ મહારાજ દયાળુ છો, ભૂલચૂક ક્ષમા કરજો, સર્વે હરિભક્તો આપના આશીર્વાદ પ્રતાપવડે આનંદમાં છે, હે ભગવાન દર્શન દઈ તેડી જાઓ એમ માતુશ્રી તલખે છે, જલ્દી આવો એમ રટે છે, કાન્દીવલી ધોડબંદર રોડ, શેઠ કુંવરજી વસનજીના બંગલામાં, આપ ઐશ્વર્ય વાપરી ધામમાં મોકલાવી દેજો, અરજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૩૭ તા. ૩-૨-૭૮

શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય કૉલેજ, કુંકાવાવ.

કુંકાવાવ, ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સેવામાં, આપના સાન્નિધ્યમાં દરરોજ ધૂન્ય પ્રાતઃકાલે કરતા, મૂર્તિના દર્શન પૂજન કરતા, તથા બસ સ્ટેન્ડ સામે રાષ્ટ્રીય સ્મૃતિ ભવનમાં વિરાજીત આપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજની મૂર્તિ સંત આચાર્ય સ્વરૂપ દિવ્યમૂર્તિની સેવા પૂજા નૈવેદ્ય શર્કરા શ્રીફળ ફૂલહાર, જળ ધરતા, તથા ભક્તજનોએ કરેલા કાયમી જયનાદને પ્રત્યક્ષ સાંભળતા. **બાલુભાઈ ગોકુળદાસ ભક્તના તમો ભગવાન છો, કુંકાવાવ સામે દૃષ્ટિ કરી વિરાજો છો પ્રગટ પ્રભુ છો, તે અમારા દંડવત્પ્રણામ સ્વીકારજો,** પ્રાર્થના - મારા બે પુત્રોને નોકરી મળે તેવી કૃપા કરજો. તા. ૩૦- ૬-૭૬ના સાંજે જળપુરની હોનારતમાં પડી ગયેલ મારી દુકાનની સબસીડી સરકારથી મળે તેવી કૃપા કરજો, ભક્તિવડે મારું આત્મકલ્યાણ પણ માંગું છું, આપ ચમત્કારી વિચરતા દિવ્યમૂર્તિ સંતપ્રભુ જગતના ઉદ્ધારક છો, કાઠિયાવાડને ભગવાન જન્મીને તીર્થમાં લાવી દીધું છે, પ્રસન્ન થાઓ, બાલુભાઈ ગોકુળદાસના વંદન સાથે જયશ્રીકૃષ્ણનારાયણ વાંચજો.

મોટી કુંકાવાવમાં વિજ્ઞાન મેળાનું સ્થળ, ઉગમણિ ભાગે બની કૉલેજની ભૂમિમાં વિશ્વના એક ગૌરવશાલી સંત અને ભારતના મહર્ષિ, મહામહોપાધ્યાય, ભારતભૂષણ, શ્રીવૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, દાર્શનિક પંચાનન, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, ન્યાયવૈશેષિક શાસ્ત્રી, સાંખ્યયોગતીર્થ, વેદાન્ततીર્થ, મીમાંસાતીર્થ, સાહિત્યમનીષી, દાર્શનિકમાર્તણ્ડ, એમ. એ., પીએચ. ડી; ડી. ફિલ., ડી. લિટ, ડૉક્ટર સ્વામી આચાર્ય મહારાજ જગદગુરૂ વિશ્વવન્દ્ય એવા ભગવાન શ્વેતાયનવ્યાસજી અવતાર સ્વરૂપ આપે સાહેબે પોતાની વિસમી સદીના અદ્ભુત ગ્રંથો લખ્યા, તેમાં શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા એક લાખ છવ્વીશ હજાર શ્લોકોની રચી, તથા કુંકાવાવનું સ્થળ, વૈદિકયુગમાં કુંકુમવાપીક્ષેત્ર, લોમશાશ્રમ, અશ્વપટલસરોવર, આદિ વર્ણિત છે, આપ મોટી કુંકાવવના મહાન સંત પ્રતિભાશાલી વિજ્ઞાન સંસ્કૃતના અપરાજેય અવતાર અખંડશીલવ્રતી અદ્ભુત ચમત્કારી આચાર્ય સાહેબ દેવતાઈ અવતારી પુરુષ શ્રી સ્વામિનારાયણ પ્રભુના દિક્ષિત ભક્ત સાધુજન અવતારી પુરુષ મહાન તપસ્વી સિધ્ધ પુરુષ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આપ કુંકાવાવમાં પ્રગટ થયા છો, આપનું સ્મારક બસ સ્ટેન્ડ ઉપર મંદિર છે, આપ જુનાગઢમાં બિરાજો છો, પૂજ્ય ભગવાન સહજાનંદ સ્વામી પછી આટલા અદ્ભુત પ્રતિભા સાગર મહાલેખક સ્વામીશ્રી પ્રગટ્યા છો, દેશપરદેશના વિદ્વાનો આપને વર્તમાન શ્વેતાયનવ્યાસ મહર્ષિ વર્ણવે છે, કુંકાવાવની ભૂમિ આવા સંતોના પ્રગટપણાથી પાવન થઈ છે, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૩૮ તા. ૪-૨-૭૮

નાં. ૨૩૯૩, સંલી, દુબઈ.

ઓં શ્રીપ્રત્યક્ષ શ્રીહરિને નમ:.

નિજસ્વરૂપમાં વિરાજમાન જડચેતનમાં શરીરી અન્તર્યામી સુખમય આનંદમય મૂર્તિ ભક્તવત્સલ સર્વ કર્તાહર્તા પ્રગટશ્રી હરિશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ તથા સંતપાર્ષદમંડળને **દુબઈથી શ્રીહરિશરણાગતિ મંડળવતી ટપુલાલ કાનજી રાઠોડના દંડવત્ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચવા,** આપના આશીર્વાદો વડે સર્વે ગુરૂભાઈઓ સુખી છીએ, પાટોત્સવમાં અવાશે તો આવીશું, મુંબઈથી કાગળો પ્રમાણે તેમને કાંઈક બની શકશે તે મળી જાશે, પૂજ્ય પ્રાણપતિ જીવનપ્રાણ તમારા ભક્તોને અમાપ કૃપા વડે પરિપૂર્ણતા છે, કાંઈ તમન્ના નથી, હેતમાં અનહદ હેત છે, ઇન્ડિયા આવશું ત્યારે વધારે દર્શન લાભ લેશું, આપના દિવ્યદર્શન આપજો, ક્ષમા કરજો, ઉત્સવ બાબત જણાવશો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૩૯ તા. ૪-૨-૭૮

મધ્યપ્રદેશ-કટની.

પરમપૂજ્ય શ્રીહરિ શાસ્ત્રીજીમહારાજની સેવામાં સાદર દંડવત્પ્રણામ જયશ્રીસ્વામિનારાયણ, **કટનીથી લિ. દિલુભાઈ પોપટભાઈ દેવાણી તથા મારા સ્ટાફ હરિભક્તભાઈઓના જયસ્વામિનારાયણ,** આપની કૃપાથી સર્વે ખુશી મજામાં છીએ, જુનાગઢદર્શન કરીને કટની આવ્યો છું, નાથાલાલભાઈ ઇટારસી મધ્યપ્રદેશમાં એક કરોડ અને વીસ લાખના કંટ્રાટ કામ ઉપર છે, વધારે આનંદ છે, આપના આશીર્વાદો ફળ્યા છે, વધારે અમોને ફળીભૂત થાય એવી પ્રાર્થના છે, રક્ષા કરતા રહેજો, પત્ર પ્રસાદી પાઠવજો, દિલુના સાષ્ટાંગ પ્રણામ સાથે પ્રભુજીના ચરણવંદન.

❖❖❖❖❖

પત્ર નં.-૨૪૦ તા. ૪-૨-૭૮

રાજકોટ.

જયશ્રીઅનાદિશ્રીકૃષ્ણનારાયણના ચરણકમળોમાં કોટિકોટિવાર વંદન હો, પરમકૃપાળુ પરમાત્મા **શ્રીહરિકૃષ્ણમહારાજના ચરણોમાં રમેશચંદ્રના હજારોવાર દંડવત્ પ્રમાણ સ્વીકાર થાઓ,** આપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પરમકૃપાળુ દયાસાગર અંતર્યામી સર્વદર્શી છો, આપની મૂર્તિનું દિવ્યદર્શન થયા કરે તેવી કૃપા કરજ્યો, આપના ભક્તો રમેશ ભરત અંબાલાલ કૃષ્ણઆદિના પ્રેમથી દંડવત્ સ્વીકારજો **રણછોડભાઈ** દુબઈ ગયા છે, કમાણી સારી છે, સાજા નરવા રાખજ્યો, આશીર્વાદ આપજો, બાપા તમો રક્ષા કરજ્યો, ભૂલચૂક માફ કરજ્યો, **રાજકોટ રમેશચંદ્ર** વિગેરે શ્રીહરિશરણાગતિમંડળના ભક્તોના જયસ્વામિનારાયણ વાંચજ્યો, આશીર્વાદ લખજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૪૧ તા. ૫-૨-૭૮

બસસ્ટેન્ડ, વિશાલ રાષ્ટ્રીય સ્મૃતિ ભવનના મંદિર, કુંકાવાવ.

પ્રત્યક્ષ દર્શન આપતા ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સેવામાં હરઘડી **મૂર્તિના દર્શન કરનારા ગોરધનદાસ કાનજીભાઈ પ્રજાપતના સાક્ષાત્ દંડવત્ સાથે શ્રીહરિસ્મરણ વાંચજો,** એક કંઠી મોકલાવજો, આપ પ્રભુના આશીર્વાદ વડે આનંદમાં છું, મારી નિરાશા તમારી નિત્યદર્શન ભક્તિ સેવાવડે આશામાં પરિવર્તિત થઈ છે, આપ સાક્ષાત્ મૂર્તિરૂપે બિરાજો છો, ધજા ફરકે છે, ટ્યુબ લાઇટને અંજવાળે બધાને દર્શનનો લાભ મળે છે, અનેક ભક્તો યાત્રાળુઓ પ્રવાસીઓ સાકર નાળીએલ જમાડે છે પગે લાગે છે, તીર્થ ધામ બની ગયું છે, આપ ભગવાન પરમાત્મા અંશ પ્રગટ્યા છો, રક્ષા કરો છો, માનતાઓ ફળીભૂત કરો છો, કાઠિયાવાડની મધ્યભૂમિમાં

જીવોના ઉદ્ધાર માટે આપે પ્રગટપણું વાપર્યું છે, દુઃખિયાના દુઃખ મટાડો છો, તમારા દર્શન વડે પાંચ મિનિટ ધ્યાનવડે ધારણાઓ સિદ્ધ થાય છે, માનતાઓ ફળે છે, પ્રભુજી તમોએ કુંકાવાવને સૌરાષ્ટ્રને તારી દીધેલ મહાતીર્થ રૂપ થઈ રહેલ છે, મનોરથ પૂરા કરતા રહેજ્યો, ગોરધન કાનજી સેવક પાનવાળાના જયશ્રીકૃષ્ણનારાયણ સ્વીકારશો, આપનો સેવક ભક્ત છું, આપની મૂર્તિના દર્શન કરીને પછી દુકાન ખોલું છું, પ્રાર્થના કરું છું તે સફળ થાય, રક્ષા કરજ્યો, સુખિયો થયો છું, મારે ભગવાન જોતા હતા, બસોના ઘોરી રસ્તાને પરમાત્મા, સંતના દર્શનની આવશ્યકતા હતી તે પૂરી થઈ છે ધન્ય છે મધ્ય કાઠિયાવાડને જ્યાં ભગવાન પધાર્યા.

❖❖❖❖❖

પત્ર નં.-૨૪૨ તા. ૬-૨-૭૮

જામવણથળી.

સર્વેના આત્માના આત્મા સર્વદિર્શી ભગવાન કૃપાળુ પૂજ્ય સદ્‌ગુરુ શ્રીકૃષ્ણમૂર્તિ શ્રીશ્વેતાયનમૂર્તિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમૂર્તિ તથા સંતમંડળ પ્રતિ **જામવંથળીથી લિ. સેવક ભગવાનજી કુંવરજીના ઘણાં દંડવત્‌પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશો,** અમો આપ પ્રભુની પૂરણ કૃપાથી કુશળ છીએ, મારે દુબઈ જાવું છે, કૃપા કરજ્યો, ૩૦ તારીખ સુધીમાં દલાલ કુવેત મોકલશે, તમારું ભજન કરું છું, ભક્તિ થાય તેમ આશિષ દેજો, દુઃખમાં હાજર રહેજો, દર્શન આપજો, આપ ભગવાન છો, માબાપ છો, પત્ર લખજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૪૩ તા. ૪-૨-૭૮

બોડકા સ્વામીના.

શ્રીલાભ શ્રીશુભ

પરમગુરુજી પરમાત્મા અનેક જન ઉદ્ધારક દિનબંધુ ભક્તવત્સલ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રતિ **ભક્ત ચંદુલાલના જયશ્રીસ્વામિનારાયણ દંડવત્‌ પ્રણામ અંગીકાર કરશોજી,** સમુદ્ર તરવા બોટની જરૂર પડે સંસાર તરવા સંત ભગવાનની જરૂર પડે, આપ તારજો, રક્ષા કરજ્યો, ઉદ્ધારજો, આપ તારનારા સ્વામી પ્રભુ છો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૪૪ તા. ૭-૨-૭૮

ચાવડા.

સ્વસ્વરૂપે વિરાજતા પ્રગટપ્રભુજી સર્વકર્મફળપ્રદાતા સર્વનિયામક તમો ભક્તવત્સલ દયાળુ પરમપૂજ્ય સેવ્ય પતિતપાવન અધમઉદ્ધારણ આનંદઘન દયાસાગર પ્રગટશ્રીહરિ ગુરૂદેવ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ ભગવાન આપ પ્રભુજીને **ચાવડાથી હંસરાજ ભગત, કેશુ ભગત, શ્રીહરિશરણાગતિમંડળના સર્વેના ઘણા ઘણા સ્નેહ સાથ દંડવત્ સાથે જયશ્રીસ્વામિનારાયણ,** આપના રાજીપાથી સુખી છીએ, ઉત્તમ જોગ છે, પાસપોર્ટ આવી ગયો છે, તમારા અનન્યભક્ત થવાય, દિલ ગંગા જેવું પવિત્ર રહે, ભાવના ફળે, રાગ મટે, તમારી ભક્તિ કરું, બંધન ટળે, માયા ટળે, એવી દયા કરજ્યો, આપ ચઉદ લોકના નાથ છો, અક્ષરાધિપતિ ભગવાન છો, પ્રાણ પ્યારા છો, હૈયાના હાર નેણુંના શણગાર છો, મકાન પૂરું થવાના આશીર્વાદ આપજ્યો, સર્વાર્પણપૂર્વક દંડવત્ સ્વીકારશો, તમારાં દર્શન થયા કરે છે, તદાકાર દેખાવ છો, ભૂલ માફ કરજ્યો, જય સ્વામિનારાયણ વાંચજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૪૫ તા. ૭-૨-૭૮

ભંડારા, મહારાષ્ટ્ર.

પરમપૂજ્ય ભગવાન શ્રીશ્રીશ્રી ૧૦૦૦૮ પંડિતજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આચાર્ય મહારાજ પ્રતિ, **ભંડારાથી લિખિતંગ સુરેશ દેશકર તથા ગુલાબરાવ બાબુ લાટોકટ, આદિ શ્રીહરિશરણાગતિમંડળના ભક્તજનો તથા માધવજી ભગવાનજીભાઈ આદિ સત્સંગિઓના જાજા હેતથી જયશ્રીસ્વામિનારાયણ વાંચશો,** અમો બધા ચાલીશેક હરિભક્તો દર શનિવારે નવા આપણા મંદિરમાં આપની મહારાજની અને સ્વામી શ્રીબાળમુકુન્દદાસજીની મૂર્તિ સામે બેસી ભજન કીર્તન ધૂન્ય તથા પાઠ ખૂબ હોંશથી કરીએ છીએ, આપ પ્રગટ પ્રભુજી શ્રીઆચાર્યશ્રીને બહુ જ યાદ કરીએ છીએ, અમારા મંડળની કામના પૂર્ણ થાય તેવો આશીર્વાદ પત્ર લખજ્યો, ચૂંટણીમાં સ્વતંત્ર સીટ માટે ગુલાબરાય લાટોકટ સરકારી કાર્ય નિષ્ણાત તે આપના આશીર્વાદો વડે જય મેળવવા ઇચ્છે છે, તેનો સંકલ્પ પ્રગટ ભગવાન આપ પૂરજ્યો, તે આપનો ભક્ત છે, બીજા ચાળીસેક ભક્તોના મનોરથ પૂરજ્યો, સત્સંગ અને ઉપાસના વધશે, ગુલેરાવબાબુએ અંગ્રેજીમાં પત્ર મોકલ્યો છે. આશીર્વાદ આપજ્યો, દર્શન દેજો, હું સફળ થાઉં તેમ આશીર્વાદ દેજ્યો, આપનો ભક્ત ગુલેરાવ બાબુ, ભંડારા જયસ્વામિનારાયણ વાંચશો, મારા ભાગ્યોદય કરજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૪૬ તા. ૭-૨-૭૮

સ્વામિનારાયણ મંદિર, દાંડિયા બજાર, ભરૂચ.

પરમપૂજ્ય સદ્‌ગુરૂ મહામહોપાધ્યાય શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની પવિત્ર સેવામાં **ભરૂચથી કૃષ્ણાનંદજી બ્રહ્મચારી તથા કમીટી સભ્ય ડાહ્યાભાઈ પટેલના જય શ્રીસ્વામિનારાયણ વાંચજ્યો,** વ્યાસમૂર્તિ એવા આપના વાંચવા યોગ્ય ગ્રંથો આંહિની પુસ્તકશાળા માટે અર્પણ મળ્યા તેથી તે પુસ્તકોની જાહેરાત આંહિના બૉર્ડ ઉપર કરી છે સર્વે ભાઈઓ અને બાઈઓ બહુજ રાજી થયા છે આંહિનો સત્સંગ સમાજ આપ શ્રીનો રાજિપો ઇચ્છે છે, એજ, આશીર્વાદ આપજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૪૭ તા. ૮-૨-૭૮

રાજકોટ.

શ્રીહરિને વંદન.

શ્રીસ્વામિનારાયણ પ્રગટ ભગવાનને નમો નમઃ, શ્રીજુનાગઢ તીર્થમાં બિરાજતા પરમપૂજ્ય પ્રિય વ્હાલા દયાળુ ભગવાન ગુરૂદેવ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની પવિત્ર સેવામાં **રાજકોટથી લિ. સદા સ્મરણ કરનાર ભક્ત મુકુન્દના કુટુંબીજનોના જાજા સ્નેહભર્યા જયશ્રીસ્વામિનારાયણ વાંચવા,** અમો બધા તમારી અસીમ દયાથી આનંદમાં છીએ, મારી પરીક્ષા એસ. એસ. સી. ન્યુ. તા. ૨૦મી માર્ચથી શરૂ થશે, તથા અત્યારે પ્રીલીની પરીક્ષા આપી છે, બંનેમાં પાસ કરજ્યો, કિશોરભાઈની પરીક્ષા છેલ્લી ૨૭ માર્ચથી થશે, ઇન્ટર વ્યુ થશે, પાસ કરી દેજો, દયા કરજ્યો, તમારે દર્શને આવવું છે, કિશોર તથા મુકુંદના જયશ્રીસ્વામિનારાયણ વાંચજ્યો, આપ ભગવાન છો ધારો તે થશે.

❖❖❖❖❖

પત્ર નં.-૨૪૮ તા. ૮-૨-૭૮

નાં. ૮૦૭, આર. એ. કે. દુબઈ.

સર્વ શુભોપમા યોગ્ય પરમપુરુષ કૃપામહોદધિ અસંખ્યસદ્‌ગુણસમ્પન્ન કલ્યાણકર્તા ગૌબ્રાહ્મણભક્ત પ્રતિપાલ, બ્રહ્મધામના ધામી અધિપતિ ભક્તપતિ શ્રીસ્વામિનારાયણ ભગવાન સ્વયં શ્રીહરિ શ્રીજીમહારાજ સ્વરૂપ સાક્ષાત્ પ્રગટસ્વરૂપ સદ્‌ગુરૂસ્વામીશ્રી શ્રી અચાર્યવર્ય ધર્મધુરાધારક શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રતિ, **દુબઈથી આપનું ભજન કરનાર મગનલાલ મુળજી રામપરીયાના ઘણા દંડવત્ સહિત સર્વસ્વાર્પણ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચજો,** આપની કૃપા વડે આંહિ સાજા નરવા સુખી

કુશળ છીએ, દયા ભાવ વધારે રાખજો, આપના દાસ છીએ, અમારું ધ્યાન રાખજો, તમો અવતારોના અવતારી છો, અમી વરસાવજ્યો, કૃપાપત્ર લખજ્યો, કામકાજ સારાં ચાલે છે, કરજ ચૂકાવાઈ ગયું છે, કંપની રજા ન આપે તેવી નજર કરજ્યો, આશીર્વાદ લખજ્યો, ભૂલ માફ કરજ્યો, શ્રીહરિશરણાગતિમંડળ ગુરૂભાઈઓના જયસ્વામિનારાયણ જયઅનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વીકારજ્યો, સેવા અપાવજો, યથાશક્તિ કરશું, તમારું દીધેલ છે, લાભ તમોએ આપ્યો છે, વધારે ભક્તિ અને કમાણી આપજો, દર્શન દેજો, આશીર્વાદ લખજો, અમો તમારા બાળકો બધા પરદેશમાં તમારે અધારે છીએ, આ દેશમાં અમારું કોઈ નથી, માવતર તમો અમોને સાંચવજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૪૯ તા. ૮-૨-૭૮

નાં. ૧૯૧૨, શારજાહ, ટેકન, ૪૫૬, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ ભગવાન પ્રગટપ્રમાણ શ્રીગુરૂદેવ મહાપ્રભુજી, વેદવ્યાસ સંહિતાવ્યાસ શ્વેતાયનવ્યાસ મહર્ષિ પ્રગટ શ્રીહરિકૃષ્ણજીમહારાજ સ્વામીશ્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સંતમંડળના પ્રતિ, **દુબઈ શારજાહથી લિ. મૂળજી વેલજી પેટલ તથા ગુરૂભાઈઓના જયસ્વામિનારાયણ વાંચશોજી,** અમો મજામાં છીએ આપ ભગવાનને ભજીએ છીએ, ઘણાં ઘણાં પરચાઓ થાય છે, બધાની ખબર રાખો છો, તમો સોંઘા ભગવાન છો, મારા પગને સારું થઈ ગયું છે, પ્લાસ્ટર પાટો તા. ૨૯ ના છોડશે તમોએ જીવતો રાખ્યો છે, રક્ષા કરી છે, રાતદિન તમો ભગવાન સાંભરો છો, મને ૩૦ ફુટેથી પડતી વખતે ઝીલી લીધો, અંતરમાં તમો દેખાતા હતા, મારા વાંસામાં તમારા બંને હાથ હતા, મારી આંખોમાં અંધારાં હતાં, મેં આપની માનતા કરી હતી, જોબું આવે તેમાં બેજ મિનીટ બાકી હતી, તમો હસતા હસતા મને બે હાથ ફેરવીને અલોપ થઈ ગયા, મારી આંખ્યો ઊઘડી તમો દેખાતા હતા, બોલવાની સાધ ન હતી, પાંસલામાં શ્વાસ દબાણ હતું ધીરી ગતિએ શ્વાસ લેવાતો હતો. તમારો કેફ આવી ગયો, તેથી ભય ટળી ગયો, સારું જ થશે એવું બળ આવી ગયું.

મારા ગુરૂભાઈઓએ મારી ઘણી સંભાળ સારવાર કરી, મારું ધ્યાન તમારામાં જ હતું, બધા તમારું ભજન કરતા હતા, મારા અંગોના જોખમની તપાસ કરવામાં પગની પાનીમાં જ નુકસાની જણાવી અને હૉસ્પિટલમાં પહોંચાડીને ઘૂંટીના ફેકચરનું ઑપરેશન કરાવડાવ્યું, તમોએ જીવાડ્યો છે, ચાલુ પગારે સારવાર થઈ તે તમારો પ્રતાપ છે, મારી ધારી સેવા મળ્યા પછી આશીર્વાદ લખજ્યો, તમારો આશીર્વાદ આવ્યો, સેવાવાળા ભક્તો બધા રાજી થયા છે, પરદેશમાં મરણ ભક્તને થાય તેવું કલંક ન થવા દીધું, એવા દયાળુ છો, આજ્ઞાથી જ આવ્યા છીએ, રક્ષા તમારે

કરવાની છે, પાછલા કુટુંબોની પણ રક્ષા તમારે કરવાની છે, હે દયાળુ ભગવાન આપના ગુણ ગાયા કરું છું શ્રી હરિશરણાગતિ મંડળ પણ આનંદમાં વર્તે છે. નારણભગત પ્રાગજીકાકા ભેળા મુંબઈ પહોંચ્યા તેની રક્ષા તમોએ કરી છે, તમો રક્ષા ન કરો તો કુમળા જુવાન છોકરાઓનું કાંઈનું કાંઈ થઈ જાય, તો બીજા ગુરુદેવની કંગી બોલે, તે આપે નથી થવા દીધું, દેશકાળ લાગે, પણ શૂલીનું દુઃખ કાંટે મટાડે એવા તમો અત્યારે એક જ છો, રક્ષા કરજ્યો, મારા પિતાજી તમારે દર્શને આવ્યા હતા, તેમને આંખે સારું છે, આનંદનો પત્ર આવ્યો છે, દાસ મૂળજીના દંડવત્, દઃ વશરામ લા. મકવાણાના જયસ્વામિનારાયણ, દેવજી, શામજી, ટપુલાલ, માવજી, વાલજી, નાનજી, નટુબાવા, સર્વેના જય સ્વામિનારાયણ, શ્રીહરિશરણાગતિમંડળની રક્ષા કરજ્યો, ગુરૂદેવ ભગવાનની જય હો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૫૦ તા. ૧૦-૨-૭૮

જામવણથળી.

જામવણથળીના શ્રીહરિશરણાગતિમંડળના ટ્રસ્ટી સભ્ય છગનલાલના દંડવત્પ્રણામ સ્વીકારજો, પ્રગટભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ, રૈવતનીનગરીમાં વિરાજમાન સર્વજ્ઞ કર્મફળપ્રદાતા અન્તર્યામી ભક્તવત્સલ કરુણાનિધિ અનાદિપ્રગટ પુરુષોત્તમ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા અનાદિ મહાઆચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રતિ શિક્ષક છગનલાલ પ્રેમજીના કોટિ દંડવત્ સાથે જયશ્રીસ્વામિનારાયણ સ્વીકારવા. જીવનપ્રાણ પ્રભુજી આપના આશીર્વાદો મળ્યા, આનંદ થયો, તીર્થના જન્મભૂમિભવનનો કબજો સંભાળી લેવા તા. ૧૯-૬-૭૮ સાંજ સુધીમાં જઈશ, હીરજી પેથા પણ આવશે, બાલુ, બાબુ અને ગોવિંદ કરશનભાઈને ભેગા કરી વ્યવહાર પતાવી લેશું, પછી શરણાગતિમંડળના દેશફરદેશના ગુરુભાઈઓના વિચાર ઉપર આધાર રખાશે, આપશ્રી કુંકાવાવના કામમાં ચિત્ત દેતા નથી પણ આશિષો આપજો, બધુંમંડળ ચૂસ્ત ભક્તિ કરનારું તમારા ચમત્કાર ગુણો ઐશ્વર્યો વડે બલિષ્ઠ દૃઢ થતું જાય છે, ઉચ્છવ કરશું, સાકર આદિ વહેંચશું, ફૂલવાડીમાં પણ પ્રસાદી કરશું, આપના દર્શને આવશું, **અમો ૧- છગનલાલ પ્રેમજી, ૨-કેશવજી હરિભાઈ, ૩-હીરજી પેથાભાઈ, ૪-વેલજી રવજીભાઈ, ૫- પ્રાગજી ડાયા રાઘવભાઈ, ૬-દામજી પ્રેમજી કાચા, ૭-ભગવાન રાજા જાવિયા, ૮-હરિલાલ વેલજી ખોલિયા, ૯-મોહનલાલ રતનશી બાલંભાવાળા, ૧૦-ટપુલાલ કાનજી રાઠોડ, ૧૧- કરશન માવજી લુવાર ભગત, આ અગ્યાર જણા ટ્રસ્ટીઓ નિમેલા છે, તેમાંથી બે જણા - જ્યાં હાજર હોય ત્યાં ચાલુ કામ ચલાવ્યા કરશે, સમિતિના પ્રમુખ કરશન માવજી નીમ્યા છે, બધાને આશીર્વાદો આપજો,** ત્યાં બધાને સંતમંડળને પાર્ષદમંડળને જય સ્વામિનારાયણ કહેશોજી, તા. ૨૧-૨-૭૮, પછી તીર્થ વિગત લખીશ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૫૧ તા. ૧૨-૨-૭૮

નાં ૪૩૪૭, મસ્કત રૂવી, ઓમન, શાપુરજી કંપની, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ ભગવાનને અનંતવાર નમો નમઃ, નિજનિવાસ શહર જુનાગઢ મહાપવિત્ર તીર્થકારક ગુરૂજી ભગવાન શ્રીવ્યાસાવતાર શ્રીપુરૂષોત્તમપરમપુરૂષ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રીની સેવામાં **મસ્કતથી સેવક પરશોત્તમ તુલસી ટાંક જીરાગઢવાળા તથા મગનલાલ તુલસી ટાંક તથા પાંચાલાલ તથા અમરસી તથા નથુભાઈ તથા મોહનભાઈ તથા દામજીભાઈ તથા જેરામભાઈ તથા મગનલાલભાઈ તથા પરશોત્તમભાઈ તથા નાથાલાલભાઈ તથા જયંતીલાલભાઈ તથા વેલજીભાઈ તથા મોહનલાલભાઈ આદિ શ્રીહરિશરણાગતિમંડળના ભક્તોના ચરણસ્પર્શી દંડવત્પ્રણામ સાથે જયશ્રીસ્વામિનારાયણ સ્વીકારશોજી,** આપના ઉપદેશ કૃપાપત્રવડે બહુ જ આનંદ થયો છે, સેવા મોકલાવીએ તે તમારી ઇચ્છા પ્રમાણે ઉપયોગ લેજો, રાજી રહેજ્યો, કાંદીવલી પૂજારીની તબીયત સારી છે, સાજા નરવા રહે તેમ કરજ્યો, આંહિ તમારી દયાથી સારી કમાણી છે, ભાગ્ય સારાં છે, આપે એકજ વર્ષમાં સોનાના ક્ષેત્રમાં મેલ્યા છે, મીઠાં જળ પાયાં છે, ખામી નથી, આપના ભક્તોને લક્ષ્મી પ્રસન્ન છે, મહેરબાની વરસાવજો, દ્રવ્યશુદ્ધિ કરાવજો, તીર્થને પણ દીપાવશે એવા ભક્તો તૈયાર છે, આપ સત્યકામ સત્યસંકલ્પ ભગવાન છો, ધારશો તે થશે, કાન્દીવલી મુકેશને આશીર્વાદ લખજ્યો, બધા વતી સેવક પુરુશોત્તમ તુલસીના જયસ્વામિનારાયણ વાંચશો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૫૨ તા. ૧૩-૨-૭૮

મુંબઈ.

પરમપૂજ્ય વિશ્વવન્દ્ય સદગુરૂ અવર્ણનીય મહાવિદ્વાન બ્રહ્મશાસ્ત્ર અને બ્રહ્મશાસ્ત્ર અખંડ જેમના હાથમાં છે, હૃદયમાં કાયમ ભગવાન છે એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજની સેવામાં **ચિરંજીવી હરિકૃષ્ણ તથા ઘનશ્યામભાઈ વિગેરેના જયસ્વામિનારાયણ વાંચજ્યો,** આપને ખૂબ યાદ કરીએ છીએ, ઘેલા કાંઠે નારાયણબલિ કરાવ્યું છે, દરબારમાં નીલ પરણાવ્યાં છે, આપના આશીર્વાદો જોઈએ સુખશાન્તિ રહે, **મહેન્દ્રભાઈ તથા પ્રદ્યુમનભાઈના જય સ્વામિનારાયણ વાંચશોજી.**

❖❖❖❖❖

પત્ર નં.-૨૫૩ **તા. ૧૪-૨-૭૮**

સુરત.

પંડિતવર્ય શ્રીસ્વામિનારાયણ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીશાસ્ત્રીજી બાપા તથા પરમપૂજનીય સંતમંડળ પ્રતિ **સુરતથી લિ. શાન્તિલાલ તથા ભૂપતલાલ તથા નંનુભાઈ તથા આપના ભક્તો એવા અમારા સર્વેના ચરણસ્પર્શી જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** અમો તમારા પ્રત્યક્ષના ભક્ત છીએ, તમો દયાના સાગર છો, ક્ષમા રાખો છો, અપરાધ માફ કરો છો, તમારી નવપ્રકારની ભક્તિ આપજ્યો, કુસંગથી રક્ષા કરજ્યો, હરિભક્તોનો સંગ દેજો, તમારી દૃઢભક્તિ સદાયને માટે આપજ્યો, અમારા હૃદયમાં ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ સહિત તમારો વાસ સદા રાખજ્યો, મહારાજશ્રીક્યારેક દર્શન આપજ્યો, ભક્તોના મનોરથ પૂરજ્યો, તમો અંતરની જાણો છો, તમો અક્ષરધામના અધિપતિ છો, પ્રગટપુરુષોત્તમ છો, આપના દર્શનની ઘણી ઇચ્છા છે, દયા કરી દર્શન દેજો, ડુંગરભાઈ વિગેરે અમો દર્શન કરવા આવશું, તમારા ભગવાનપણાના પરચાઓ ઘણાં સાંભળ્યા છે, તમો પ્રગટ પ્રભુ છો, અમારી ઉપર કૃપા કરજ્યો, ભક્તપતિ ભગવાન અમો મોક્ષનું અને ચરણસેવાનું વરદાન માગીએ છીએ, એજ, આશીર્વાદો પત્ર દ્વારા આપતા રહેજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૫૪ **તા. ૧૪-૨-૭૮**

નાં. ૧૯૧૨, શારજાહ, ટોકન નાં. ૬૫૯. દુબઈ.

જુનાગઢમાં મહાપરમસુખસ્થળે વિરાજિત પરપૂજ્ય પ્રગટભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળ પ્રતિ **દુબઈથી લિ. દાસાનુદાસ ભક્ત દેવજી કાનજી રાઠોડ તથા શામજી હીરજી આદિક શ્રીહરિશરણાગતિમંડળના દંડવત્ પ્રણામ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચજો,** મૂળજી વેલજીનો પત્ર તેને આપ્યો છે, બધાને ઘણો આનંદ થયો છે, વિશેષ રાજી રહેજો, તમારું ભજન કરિએ છીએ, હિન્દી કથા સાંજે વાંચીએ છીએ, નવા ભક્તો થાય છે, આશીર્વાદ લખતા રહેજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૫૫ **તા. ૧૧-૨-૭૮**

ઇગતપુરી, દુબઈ.

ગુરુકૃપા, શ્રીજીને નમ: શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પરમપૂજ્ય ગુરુમહારાજ પ્રગટશ્રીસ્વામિનારાયણ પ્રભુના ચરણોમાં કોટિ કોટિ દંડવત્ પ્રણામ સાથે ઘણા જ હેતપૂર્વક જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી, **ઇગતપુરીથી લિ. સેવક રમણિકલાલ કરશન જાવિયા તથા જયંતીલાલના પ્રણામ.** પ્રભુજી ! તમારી દયાથી અમો બન્ને

સાથે કામકાજ કરીએ છીએ, ઘણા સુખી છીએ, રાજીપો રાખજ્યો, મને પેટનો દુઃખાવો મટવા ચાર દિવસ દવા લીધી હતી, બીલ્કુલ મટી જ જાય એમ કરશો, તમારો એક આશરો છે, આપ ભગવાન ઐશ્વર્યવાળા છો, સર્વેના દુઃખ મટાડો છો, મારું દુઃખ મટાડજો, બધા સંતમંડળને જયસ્વામિનારાયણ, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુજી સત્ય છો, આશીર્વાદ લખજ્યો, દર્શન આપજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૫૬ તા. ૧૩-૨-૭૮

રાજકોટ.

પરમપૂજ્ય ગુરૂવર્ય મહામહોપાધ્યાય ભારતભૂષણ ન્યાયાચાર્ય વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, એમ. એ., ડી. ફિલ, ડી. લિટ., ડૉક્ટર સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સર્વગુણસંપન્ન પ્રગટપ્રભુ પરબ્રહ્મ સ્વસ્વરૂપ સ્વરૂપ **ભગવાનના ચરણોમાં નાગજીનાં ઘણા દંડવત્પ્રણામ સાથે જયશ્રીસ્વામિનારાયણ સ્વીકારશો,** હું કુશળ છું, પરીક્ષા માર્ચમાં થશે, બુદ્ધિમાં પ્રકાશ આપજો, સારે નંબરે પાસ કરજો, સારા આશીર્વાદો આપજો, ક્ષમા તથા આશીર્વાદ યાચના સાથે વિરમું છું.

❖❖❖❖❖

પત્ર નં.-૨૫૭ તા. ૧-૨-૭૮

ભંડારા, મહારાષ્ટ્ર.

સદા વંદનીય શ્રીજીસ્વરૂપ આચાર્ય શિરોમણિ ૧૦૦૦૮ યોગમૂર્તિ, પણ્ડિતજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળને અમારા હાર્દિક દંડવત્પ્રણામ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી, **ભંડારા, મહારાષ્ટ્રથી લિ. દાસોનો દાસ માધવજી ભગવાનજી તથા મહેન્દ્રકુમાર, વિનીતકુમાર સુરેશ, દેશકર બાબુ, બેન્ડેબાબુ, ધર્મમાલી, માટે રત્નાકર, બીજા ધર્મમાલી, દેવસન્તદાઢી, વિશ્વનાથભૈયા, હરિભાવ ઢોમ, તથા નાના બાલમંડળ તથા શ્રીહરિશરણાગતિમંડળ બધાના હેતપૂર્વક જય સ્વામિનારાયણ સ્વીકારશો,** શ્રીહરિશરણાગતિમંડળના તમામ ભક્તો આપ પ્રભુની મૂર્તિના દર્શન કરી પોતપોતાના કામે જાય છે, આપના હિન્દીવચનામૃત વાતો શિક્ષાપત્રી ભૂમણ્ડલીય આદિકની કથા અભ્યાસ દરરોજ વાંચે છે, શનિવારે મોટી સભા થાય છે, આપશ્રીનો પ્રતાપ ખૂબ જ અમાપ કહેવાય, ભક્તજનો તમારા દર્શન માટે આવવાનાં છે, આંહી એક મકાન મંદિર માટે લીધું છે, તેમાં એક રૂમ મંદિર વાપરીએ છીએ, કામધંધો સારો ચાલે છે, તમોને પધરાવવા છે, પણ આશીર્વાદ તો મોકલાવજો, શ્રાવણમાં જન્માષ્ટમીનો મોટો ઉત્સવ કરીશું, બીજો પણ ઉત્સવ કરશું, તમો પધારો તો ઘણા સત્સંગી થાય, ભક્તિ વધે મંડળ વધે, રાતે

૯ થી ૧૨ સુધી કીર્તન કથા વત્સંગ બધા કરે છે, ધૂન્ય ખૂબ જ થાય છે, આંહી પેટીમાં જે થાય તે મંદિર અને આપની સેવામાં વાપરવા બધા ધારે છે, આપની મૂર્તિમાં પ્રગટ દર્શન થતા રહે છે, દિવ્ય દર્શન આપજો, આપ ભગવાનને કાંઈ કઠિન નથી, તમારે નજર રાખવાની છે, સોથી વધારે સત્સંગિઓ થયા છે, મનોરથ પૂરજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૫૮ તા. ૧૯-૨-૭૮

કાન્દીવલી, નાં. ૬૭, સરોજની નાયડુ રોડ, ઘડીયાલી ચાલ, મુંબઈ.

સ્વસ્તિશ્રી જુનાગઢ મધ્યે પ્રગટમહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રભુવર્ય તથા સંતો પ્રતિ **સેવક લક્ષ્મણ ડાયા પરમાર તથા ભક્તોના જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** મારે પરદેશ જાવાનું થશે ત્યારે કાગળ લખીશ, દયા કરજ્યો, મારા ભાઈ મોહન ડાયાને પગે વા છે, જલાઈ ગયેલ છે તો સાજા કરજો, નડતર હોય તો જણાવજો, આંહિથી શ્રીહરિશરણાગતિમંડળના સર્વે ભક્તોના જયસ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૫૯ તા. ૨૦-૨-૭૮

ફુગાવાડી, દાપોડી, પૂના.

ભગત રવજીનાં શ્રીહરિ શ્રીસ્વામિનારાયણ પ્રગટ ભગવાનને નમો નમઃ, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુજીના ચરણારવિન્દોમાં કોટિ કોટિ વંદન, હે પ્રભુ હે દયાળુ કરુણાસાગર દીનબંધુ તમારા ચરણોમાં અમોને સદા માટે રાખજો, તમારી અખંડ ભક્તિ આપજો, આપ સર્વજ્ઞ છો, બધું જાણો છો, મારી બેબીની જન્મ તારીખ પોષ વદ ૪ શનિવાર બપોરે સવા બારે તા. ૨૮-૧-૭૮ની છે, તેના જન્માક્ષર તથા નામ મોકલજો, ભગવાન અમારા બધાની નજર રાખજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૬૦ તા. ૧૮-૨-૭૮

સુરત.

પરમાત્મા શ્રીહરિ શ્રીહરિકૃષ્ણભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ તમો પ્રભુ ઓલખાણા છો, તમારું ભજન કરું છું, તમારે દર્શને આવવું છે, આપ ભગવાન મળવાથી ઘણી શાંતિ વરતે છે, આપની પૂજા આરતી થાળ વિગેરે કરું છું, મારી સકુટુંબ રક્ષા કરો છો, ભગવાન મળવાથી ધામ મળ્યું એવો સુખી થયો છું, ઘણા હેતથી **ઘનશ્યામભાઈ મનસુખભાઈના જયસ્વામિનારાયણ વાંચશો,** દર્શન દેવા પધારજો, બસ એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૬૧ તા. ૨૧-૨-૭૮

તોરી.

જય જય ગુરૂદેવ, જય જય ઘનશ્યામ, જય જય શ્રીહરિ ગામ **તોરીથી આપનો ભક્ત મનસુખલાલ વલ્લભભાઈ અમો સર્વે કુટુમ્બના જયશ્રીસ્વામિનારાયણ વાંચવા,** પરમાત્મા સાક્ષાત્ શ્રીહરિ ગુરૂદેવ, આપની મરજીથી મેં મુંબઈ જવા મારી માસીના દિકરા છગનભાઈ સાથે નક્કી કર્યું છે, હીરા ઘસવાને કામે બેસીશ, આપને ન ભુલું થતા ભક્તિ કરું, સેવા કરું, માયા ન વળગે એમ માગું છું, ગુરૂજી હૃદયમાં અન્તર્યામી વસતા તમો મારા આત્મા અંતરની શુદ્ધિ રખાવજો, સાજાનરવા સંભાળતાં રહેજો, તમારી પૂજા સવારે પૂજામાં કરું છું, મોટી છબી પણ સાથે લેતો જઈશ, આશીર્વાદો લખજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૬૨ તા. ૨૧-૨-૭૮

રાજકોટ.

સ્વસ્તિશ્રી જુનાગઢમાં પ્રગટ પુરુષોત્તમ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળને **કાનજી મનજી વાઢેર, વાલજી ચોટલિયાના દંડવત્પ્રણામ સાથે જય સ્વામિનારાયણ વાંચજો,** ભગવાનને અરજી કે રાજકોટમાં અમે પ્લોટ લીધો છે, સોરઠીયા વાડીની પાછળ, સદભાવના પ્લોટ, ઘનશ્યામ નિવાસ, પ્રગટ પ્રભુની જૈ. તમારી સેવા પૂજા થાળ આરતી ભજન કરીએ છીએ, મૂર્તિમાં દર્શન આપતા રહેજ્યો, દુબઈથી કાગળ આવ્યો છે, ખુશી મજામાં છે, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૬૩ તા. ૨૧-૨-૭૮

કાન્દીવલી, મુંબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમ:, જુનાગઢમાં અક્ષરબ્રહ્મધામમાં વિરાજતા રાજાધિરાજ અવતારી પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને **સેવક ચંદુલાલ કરશન મનાણીના જયસ્વામિનારાયણ વાંચશો,** તમો પ્રભુજી અંતર્યામી સર્વાધીશ સર્વકર્તા પ્રગટ પુરુષોત્તમ છો, તમારી મરજી વિના સુકું પાંદડું પણ હલવા સમર્થ નથી, મારે દુબઈ જવું છે, કૃપા કરજ્યો, આપનું પ્રસાદી જળ પીવાથી તબીયત સારી રહે છે, તમારા નામ ભજન માળા કરું છું, રક્ષા કરજ્યો, શ્વાસ ચઢી આવે છે, રક્ષણ કરજ્યો, દવા બતાવજો, આશીર્વાદ મોકલજો, ભૂલચૂક માફ કરજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૬૪ તા. ૨૧-૨-૭૮

જીનીંગ ફૅક્ટરી, વાયા અંકલેશ્વર, તાલુકો ભરૂચ, નેત્રંગ.

પરમપૂજ્ય ભગવાન ગુરૂમહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ શ્રીહરિની સેવામાં **નેત્રંગથી કુંવરજી શિવલાલના તથા ચિ. વિજયકુમારના સુકુંટુબના ભગવાનના ચરણોમાં મસ્તકાર્પણ સહિત કોટિ-દંડવત્સાથે જયસ્વામિનારાયણ વાંચશો,** આપ ભગવાનના આશીર્વાદ વડે તા. ૧૮-૨- ૭૮ શનિવારે સવારે સવા આઠે મહાશુદ ૧૧ પુત્રનો જન્મ થયો છે, જન્મરાશિના અક્ષરો અને નામ મોકલાવજો. તહેવારે નિજ દિવ્ય દર્શન દેજ્યો, સેવક કુંવરજીના દંડવત્.

❖❖❖❖❖

પત્ર નં.-૨૬૫ તા. ૨૨-૨-૭૮

રાજકોટ.

પરમ સદ્‌ગુણ સાગર, પ્રકટ પુરુષોત્તમ, શ્રીસ્વામિનારાયણભગવાનની મૂર્તિ સંતશિરોમણિ પૂજનીય ગુરૂદેવ પ્રાત: સ્મરણીય પૂજનીય વંદનીય **શ્રીકૃષ્ણવલ્લભાર્યજીસ્વામીની પરમપવિત્ર સેવામાં, સેવક દામોદર લાડવાનાં દંડવત્‌સહ જય સ્વામિનારાયણ.** આપે જે અભિગમ અપનાવી કુનેહથી કામ લીધું છે તે વડે આપ અજાતશત્રુ વખણાયા છો. મહોત્સવનું કાર્ય સારી રીતે પાર સફળ નિર્વિઘ્ન યશસ્વી પરિપૂર્ણ આપ કરશોજ, સભામંડળ માટે યોગ્ય જણાય તેમ નિર્ગમિત ઇતિમાં ફલિત કરશોજી, મિટિંગ મેમ્બરોને રૂચે તો વધારે સારું, મહોત્સવનો મંદિરનો સંત હરિભક્તોનો અને આપશ્રીપ્રમુખનો જય જયકાર ભગવાન ગાજતો કરે એવી ભાવનાસહિત સેવામાં ખડે પગે રહીશું.

❖❖❖❖❖

પત્ર નં.-૨૬૬ તા. ૨૮-૨-૭૮

લાઠી.

સદગુરૂસંતવર્ય વિદ્વાન ડૉક્ટર - ડી. ફિલ. ડી. લિટ., મહામહોપાધ્યાય, વંદનીય ગુરૂદેવ શ્રીહરિસ્વરૂપ પ્રગટપ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી બાપાશ્રીના ચરણોમાં **લાઠીથી કાન્તિભાઈ પ્રલ્હાદજી પટેલના સાષ્ટાંગ દંડવત્ સહ જયશ્રીસ્વામિનારાયણ સ્વીકારશો,** આપને દર્શને આપવું છે, મારાવતી ગઢડાના મારા સ્ટાફના શાંતિભાઈ ત્યાં આવ્યા છે, બાળગોપાળ સર્વેના દંડવત્ સ્વીકારશો, આશીર્વાદ દર્શન સ્વાસ્થ્યની આશિષ મોકલજો, ૨૧ મહાપૂજાઓ માની છે. વિઘ્ન ન આવે, ચરણરજ સેવક કાન્તિલાલના દંડવત્, વિતરણ અધિકારી, ખેતીવાડી, તાલુકા પંચાયત લાઠી, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૬૭ તા. ૨૦-૧-૭૮

હોશિયારપુર, પંજાબ.

શ્યામલાલ ડોગરા.

શ્રીવૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, મહામહોપાધ્યાય, પંડિતવર્ય સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને, શારદાપીઠ વિદ્યાલય કૉલેજ, સૌરાષ્ટ્ર બ્રાન્ચ, દ્વારા, ડૉક્ટર ઑફ ફિલોસૉફી, ડી. ફિલ, તથા ભારતભારતી શોધવિદ્યા સંસ્થાન દ્વારા ડૉક્ટર ઑફ લિટરેચર, ડી. લિટ, ઉપાધિઓ વડે વિભૂષિત કરવા, તે જગતને માટે ગૌરવ છે, શ્રીસ્વામીજીના અભિનંદન કરવા તે વાગદેવી સરસ્વતીજીના અભિનંદન છે. આપ આચાર્યવર્ય યતિયોગિ સ્વામીશ્રીના અનેક ગ્રંથ 'યસ્ય વાચ: કવે: કાવ્યમ્'-વાણી કવિઓને તો કાવ્યરૂપ થઈ પડે છે, દોઢલાખ શ્લોકો રચી ભારતની અને વિશ્વની તથા વિદ્વાનોની સેવા કરી છે, એવા વિશ્વના ધર્મ જ્ઞાન ભક્ત્યાચાર્ય મહાચાર્ય વ્યાસાચાર્ય શ્વેતાયનાચાર્ય શ્રીસ્વામીજી મહારાજ દીર્ઘજીવી રહો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૬૮ તા. ૨૩-૨-૭૮

હિન્દુ યુનિવર્સિટી, વારાણસી.

જુનાગઢના આચાર્યવર્ય સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અમારા ઘણાં ઘણાં અભિનંદનો છે, સ્વામીજીમહારાજ મહાવિદ્વાને ડી. ફિલ., અને ડી. લિટ, એવી બે ઉત્તમ ડીગ્રીઓ પ્રાપ્ત કરી તે માટે વિશ્વવંદ્ય સ્વામીશ્રીને અમારા ઘણા ધન્યવાદ છે તથા અભિનંદનો છે, **આપનો સેવક વિશ્વાસુ ડૉક્ટર લલનજી ગોપાલ.**

❖❖❖❖❖

પત્ર નં.-૨૬૯ તા. ૨૮-૨-૭૮

ફુગાવાડી, પૂના.

શ્રીસ્વામિનારાયણ બાળકૃષ્ણ પ્રભુજી સત્ય છે.

શાસ્ત્રીજી સંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ગુરુમહારાજ શ્રીબાળમુકુન્દદાસજી સ્વામી શ્રી તથા શિષ્યવર્ગ કોઠારી સ્વયંપ્રકાશદાસજી, તથા પૂજારી આત્મપ્રકાશદાસજી, તથા શાસ્ત્રી દેવપ્રકાશદાસજી, વૃદ્ધ મુનિસ્વામી, તથા પાર્ષદહેમત ભગત, આદિક મંડળ પ્રતિ **ફુગાવાડીથી શ્રીહરિ શરણાગતિમંડળના તથા દુબઈ, મસ્કત સોહારી, વિગેરે સ્થળે વસતા શ્રીહરિશરણાગતિમંડળના તમામ સંતમંડળને નમો નમ: આપને અમોને તમામને પ્રત્યક્ષભગવાન શ્રીહરિકૃષ્ણમહારાજ વધારે વધારે ચઢતી કળામાં રાખો, બધા દંડવત્ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચજ્યો,** બધા પ્રગટ પ્રભુજીની કૃપાથી

આનંદમાં છીએ, પ્રગટભગવાનના અભિનંદનો સર્વે વિદ્વાનો તરફથી થઈ રહ્યા છે, અમો સર્વે આપ ભગવાનને સર્વે વિદ્વાનો તરફથી સર્વોપરિ આપ ભગવાનને અમારા અભિનંદનો પાઠવીએ છીએ, બધે સ્થળે જન્મજયન્તીના ઉત્સવો કરવા, તથા શ્રીહરિકૃષ્ણમહારાજની મૂર્તિઓ પધરાવવી, અનાદિશ્રીકૃષ્ણનારાયણના ચરણકમળો પધરાવવા, પૂજા આરતી થાળ વિગેરે બ્રાહ્મણદ્વારા થાય વેદવિધિવડે પ્રતિષ્ઠા તથા તેવા મહોત્સવ કરાવવા, પ્રગટપ્રભુના વૃત્તાન્તોની કથા વાર્તાઓ કરવી કરાવવી, પારાયણો વંચાવવા સમૂહ ભોજન ધૂન્ય ભજન વિગેરે કરાવવા, સંત આચાર્ય સ્વરૂપે સંતપતિ ભગવાનને સંતભક્તોએ શ્રીહરિશરણાગતમંડળે મૂર્તિના ફુલેકાં ફેરવાવવાં પાસે કાંઈ ન હોય તો પૂના મુંબઈ વિગેરે સ્થળોના મંદિરે પોતાના ઉત્સાહ પત્ર વડે જણાવવા, એજ સેવાઓ કરવી, એજ ફુગાવાડી શ્રીહરિશરણાગતિમંડળના જય સ્વામિનારાયણ વાંચવા.

❖❖❖❖❖

✍ પત્ર નં.-૨૭૦ તા. ૧-૨-૭૮ ✍

રીયાધ, સાઉદી અરેબીયા, સાઉદી તારમેક કંપની, નાં. ૪૮૮૦, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ

શ્રીશ્વેતાયન વ્યાસજીને સ્વારાજ્યના શકનિર્માતા આચાર્યશ્રીને નમો નમઃ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીસ્વામિનારાયણને નમો નમઃ, મુ. રૈવતાચળ ગિરનાર તળાટી દિવ્યનગરમાં **પ્રગટ ભગવાન ભક્તપતિને ચરણ કમળ સેવક ભગવાનજી રાજાનાં સદંડવત્ જયસ્વામિનારાયણ વાંચવા,** મહારાજને અરજી જે કચ્છીના રસોડે ખાવા પીવાનું રાખ્યું છે, કોઈ ઝીણી ભૂલ નિવારણ માટે જનમંગળ પાઠ તથા માળા કરુ છું, પૂજામાં માફી માગું છું, તમારી કૃપા વડે સોરવે છે, સત્સંગિઓ ઘણાં છે, તમારે નામે માળા જપું છું, હરિકૃષ્ણ વિગેરેની ખબર રાખજ્યો, સેવા મળે તેનો જવાબ લખજ્યો, દર્શન દેતા રહેજો.

❖❖❖❖❖

✍ પત્ર નં.-૨૭૧ તા. ૨-૨-૭૮ ✍

બહેરીન, દુબઈ.

શ્રીકૃષ્ણઃ શરણં મમ, શ્રીહરિઃ શરણં મમ, પરમપૂજ્ય ભગવાન શ્રીહરિ ગુરૂદેવને ચરણોમાં, **બહેરીનથી સેવક હરિલાલ વેલજીનાં દંડવત્પ્રણામ સ્વીકારજો.** વંથળીથી કાગળ છે, યજ્ઞમાં વેલજી બાપાને બેસવું હશે તો બધી સગવડ કરી દઈશ, વળી વૃંદાવન મનજી સોનારિયામાં તમે પ્રવેશ કરીને બીજે દિવસે જ મને ઇન્ટરવ્યુ લઈને ચારથી વધારે પગારમાં કાયમી નોકરી કરી દીધેલ છે, તમારી મૂર્તિ પાસે બેસીને પૂજા ધ્યાન ભજન માળા વિગેરે કરું છું, આનંદે દિવસ પસાર થાય છે, સેવક હરિલાલના જયસ્વામિનારાયણ વાંચવા.

❖❖❖❖❖

પત્ર નં.-૨૭૨ તા. ૬-૨-૭૮

બર્નાડ સન્લી કંપની, કાર્ડ ૨૭૦૭, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ સત્ય છે.

નિજત ખતે વિરાજિત પ્રગટ અક્ષરાતીત પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણભગવાન સર્વ ધામોના ધામી, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને **દુબઈથી ચરણરજ જયંતિલાલ તથા ભગવાનજી પોરીયા તથા શ્રીહરિશરણાગતિમંડળના સન્લીના ગુરૂભાઈઓના હેત વડે જયશ્રીસ્વામિનારાયણ વાંચશો,** ભગવાન તમારી દયાથી સારું છે, રક્ષા કરો છો, ફિકર નથી, ઘરનું ધ્યાન રાખજો, સેવા લખજ્યો, તમારા છીએ, ભરત દુબઈ આવશે, તમારા દર્શન ચિન્તન થયા કરે છે, તમારી મરજીથી બધું મળ્યું છે, ભૂલચૂક માફ કરજો, તમો મહારાજ પોતે પરમ ભગવાન છો, તમારા ચિન્હ મૂર્તિ ચમત્કાર પરચા સંભારીને ભજન કરીએ છીએ, અમો બે છોકરાવની ખાસ ખબર રાખજ્યો, એજ, દર્શન દેજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૭૩ તા. ૨૨-૨-૭૮

દુબઈ.

શ્રીહરિ શ્રીસ્વામિનારાયણ સત્ય છો, અક્ષરધામના ધામી પ્રગટપરમાત્મા શ્રીકૃષ્ણનારાયણ સ્વરૂપ તમો દયાના સાગર સત્ય છો, એવા ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રતિ, **દુબઈથી ચિ. છગનલાલ હીરજી તથા સામજીનાં જયસ્વામિનારાયણ વાંચજો,** શ્રીકૃષ્ણભગવાન અમારા ગુરૂને માલમ થાય જે મારે ઇન્ડિયા તમારે દર્શને આવવું છે, અન્તર્યામી સાક્ષાત્ ભગવાન છો, ભક્તો ભેગા રહો છો, તમો ફોટામાંથી હમણા બોલશો એમ લાગે છે, એવા તેજસ્વી છો, તમારું મંદિર બનાવશું, તમારો રાજીપો ફલીભૂત થાય, જમતાં-પીતાં કામ ઉપર યાદ આવ્યા જ કરો છો, સાચા આધાર તમો છો, ગુન્હા માફ કરજો, દર્શન દેજો, છગનલાલના જયસ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૭૪ તા. ૨૭-૨-૭૮

કાન્દીવલી, મુંબઈ.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે.

સ્વસ્થાનશ્રી જુનાગઢ મધ્યે વિરાજમાન સદ્‌ગુરુ પ્રગટનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ ધર્મધુરંધર મહામહા આચાર્ય તથા સંતમંડળ પ્રતિ **સેવક મોહન ભવાન કાન્દીવલીથી રમણિકલાલ, હસમુખ, કિરણ, તથા બધા કુટુંબના**

જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી, નવહજાર આપીને બાજુમાં રૂમ રહેવા માટે રાખ્યો છે તો મુહૂર્ત મોકલાવજો, ઠાકોરજીને પધરાવીને રહેશું, દરવાજો પૂર્વમાં છે, આપ ભગવાંનના આશીર્વાદો વડે સુખી સાજા નરવા રહેશું, ત્રણ ગણો મોટો રૂમ છે, બીજું બાપાને માલમ થાય જે મારા છોકરા બન્ને દરજીનું કામ કરે છે તેને કટીંગ વિગેરે સારું આવડે એવો આશીર્વાદ આપજો, ધંધામાં આગળ વધે, શ્રીસ્વામીજી ભગવાનની જૈ, ગુરૂજી પ્રભુજીની જૈ, મોહનના જયસ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૭૫ **તા. ૨૬-૨-૭૮**

અજમાન, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ **અજમાન દુબઈથી સેવક લાલજીભાઈ તથા શ્રીહરિશરણાગતિમંડળના સહદંડવત નમન સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચજો,** આપની કૃપાએ સારું છે, કંપનીમાં કામ તો ઓછાં છે, બીજે કામે મળે એમ દયા કતરજ્યો, આંહિ બે વાર વરસાદ વાવાઝોડાં સાથે થયો એટલે આંહિના આરબો કહે છે જે - કોઈ ખુદાએ મેર કરી છે, ખુદા આયા ખુદા આયા, એમ પોકારીને ન્હાવા દોડે છે, આ દેશમાં વરસાદ બીલ્કુલ ન થાતો, તો પહેલા કેમ નહિં થાતો હોય અને હવે કેમ થવા લાગ્યો તેનું કારણ જણાવશો. અમોને તો એમ લાગે છે જે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ભગવાન ખુદાના ફિરસ્તાઓ દુબઈમાં ધર્મ પાળે છે તે ખુદાના ભક્તોને પ્રતાપે વરસાદ થયો છે, આ બરાબર છે, ખુદાને રાખીને જે ધર્મ ભક્તિ રાખશે ત્યાં વરસાદ થયા કરશે, અમો ખુશીમાં છીએ, આશીર્વાદ કાગળ લખજો, સેવા બતાવતા રહેજો, રાજકોટમાં તથા પુનામાં પ્લોટ લીધા છે તો મકાન થાય તેવા આશીર્વાદો આપજો, એજ શ્રીહરિશરણાગતિમંડળના જયશ્રીસ્વામિનારાયણ વાંચજો, લિ. વાલજી, નાનજી, માવજી, ટપુભાઈ, મોહનભાઈ વિગેરેના દંડવત્ પ્રણામ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૭૬ **તા. ૧-૩-૭૮**

પો. નાં. ૩૧૮૫, કારૈયા સાઇટ, એલ જાસ્મી કંપની, દુબઈ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જૈ હોજો, શ્રીઅક્ષરાતીતાય નમો નમઃ, પરમધ્યેય ભગવાન રાજાધિરાજ પ્રગટપુરુષોત્તમનારાયણ એવા મુક્તમંડળોના પ્રકાશ કરનારા દેવોના દેવ પ્રગટ ભગવાનના સ્નેહી ભક્તોને પણ મારા નમસ્કાર, **રતિલાલ ગંગદાસ, દામજી, દેવજી વિગેરેના જયસ્વામિનારાયણ વાંચજો,** દામજી દેશમાં

આવવાનાં છે, ભગવાન તમોને ભજીએ છીએ, તમારા પૂજા પાઠ રટણ ધ્યાન થાળ આરતી કરીએ છીએ, જીવોનું કલ્યાણ કરનારા આપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આપ અંતર્યામી છો, રક્ષા કરો છો તથા કરતા રહેજો, શ્રીરક્ષા મોકલાવજો, માથામાં દરદ જેવું છે તે મટી જાય, આશીર્વાદ મોકલાવજો, દિવ્યદર્શન આપજો. શરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૭૭ તા. ૨-૩-૭૮

પો. નાં. ૨૦૭૪, ભાટીયા કંસ્ટ્રક્શન કંપની, દુબઈ.

પ્રગટસાક્ષાત્ પ્રત્યક્ષમૂર્તિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરમપુરુષોત્તમ ભગવાનને નમો નમઃ

હે નાથ, ભવાટવીના બંધોથી છોડાવનારા ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજઆપ સ્વયં ભગવાનનું સ્મરણ કાયમ રહે તેવી પ્રાર્થના કરું છું, **જયન્તીલાલ દેવશી, તથા કરશન વીરજી વેકરીયા, કચ્છ માધાપરના તથા શ્રીહરિશરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચશો,** આંહિ જંગલમાં તમારી મૂર્તિ સાથે રાખું છું. ઉપાસના ભક્તિ સેવા પૂજા કરું છું, નજર રાખજ્યો, બળ વધારજો, કૃપા પત્ર આશીર્વાદો લખજ્યો, તમારા દર્શન ક્યારેક સવાર કોર થાય છે, અમારા ધન્ય ભાગ્ય છે, રક્ષા કરજ્યો, સેવક જયંતીલાલ દેવશીના જયસ્વામિનારાયણ વાંચજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૭૮ તા. ૩-૩-૭૮

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ, શ્રીઅક્ષરબ્રહ્મ રાજ્યમહોલમાં બ્રહ્મમહોલમાં વિરાજમાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળ શ્રીહરિશરણાગતિમંડળને **દુબઈથી સેવક મોહનલાલ રતનશીના ઘણાં કરી દંડવત્ પ્રણામ પ્રદક્ષિણા નમસ્કાર સ્તુતિ સ્વીકારજો,** તા. ૨૪-૨-૭૮ શુક્રવારે અમોએ ઉચ્છવ તથા સમૂહ ભોજન તથા રેકર્ડના ઉપદેશો કીર્તન ધુન્ય વિગેરે કર્યા હતાં. છોકરાવના લગ્ન કરાવવા અમારે દેશમાં આવવું છે, જોઈએ તે લખજો, લેતા આવશું, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૭૯ તા. ૪-૩-૭૮

દુબઈ.

શ્રીસ્વામિનારાયણ ભગવાન તમો સત્ય છો. શ્રીહરિકૃષ્ણસ્વરૂપ પ્રગટશ્રીહરિ શ્રીશાસ્ત્રીજીમહારાજ ગૌબ્રાહ્મણ સંત શરણાગત અનાથ નિજભક્ત પ્રતિપાળ

શ્રીજીસ્વયં સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ ભગવાન સ્વામીઓના સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ગિરનારી મહામહા પરમપુરુષ પ્રતિ **દુબઈથી આપને હરઘડી યાદ કરનાર ચરણરજનો અધિકારી સેવક મગનલાલ તથા શ્રીહરિશરણાગતિમંડળના સહ દંડવત્ જયસ્વામિનારાયણ વાંચશો**, આપના આશીર્વાદો વડે કુશળ સુખી સાજા નરવા છીએ, કામકાજ બરાબર ચાલે છે, આપ કૃપા હેત તથા સંભાળ રાખજો, કામકાજ લખજ્યો, ભૂલચૂક માફ કરજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૮૦ તા. ૫-૩-૭૮

અજમાન, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમ:, પૂર્ણપુરુષોત્તમ ભગવાન અવતારી પરમપુરુષ અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમ:, **નાનજી, મુળજી, વિગેરે સુખી છીએ, તમો માવતર નજર રાખજો,** કોઈ વિઘ્ન ન આવે, અક્ષરધામ સુધી બધું તમો દેખો છો, તમોએ પરદેશમાં કમાવા જવા બધાને આજ્ઞાઓ કરી છે, બધા કમાય છે, સાજા નરવા છે, દેશમાં પણ નજર રાખજો, અમારા બાવીશ જણાના સાથે સહ ભક્તોનાં જયસ્વામિનારાયણ વાંચજો, મુરજીને સાવ સારું છે, અમો બધા મુરજીને મળવા આવ્યા છીએ, એજ, પત્ર લખજો, દર્શન દેજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૮૧ તા. ૪-૩-૭૮

અમદાવાદ.

પ્રગટગુરુસ્વરૂપ શ્રીહરિને નમો નમ:, અક્ષરધામાધિપતિ દિવ્યસાકાર દિવ્યનયનગોચર સર્વચિન્હોવડે સંપૂર્ણ ભગવાન સર્વજીવ પ્રાણીમાત્રના કર્તા હર્તા પ્રગટપ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આપને કોટિકોટિ દંડવત્પ્રણામ હો, **અમદાવાદથી સેવક અમૃતલાલ તથા રમણિકલાલ તથા મારા માવતર વિગેરેના જાજા જાજા કરીને જયસ્વામિનારાયણ વાંચવા,** અમો બધા સુખી છીએ, આપ આશીર્વાદો આપો જે અમો ત્રણેય ભાઈઓ આપની ભક્તિ કરીએ સાજાનરવા રહીએ તથા કમાઈએ, આપની મરજી વિના કોઈથી તરણું તૂટે નહિ, રમણિકને માથાનો દુ:ખાવો મટી જાય એવી શ્રીજી રક્ષા મોકલાવજો, દરજી કામ શિખીએ છીએ, આંહિ નારાયણપૂરામાં પટેલ સાહેબ પરમ એકાનિતક આપના ભક્તને ઘેર જન્મ જયંતી ઉચ્છવ કરવા જાશું, જીવનચરિત્ર વિગેરે વાંચશું, કૃપાપત્ર લખજો, એજ, દર્શન આપજો, રક્ષા કરજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૮૨ તા. ૩-૩-૭૮

ઈરાનીવાડી, સગુણાબાઈની ચાલ, કાંદીવલી, વીરહેમુકલાની રોડ, મુંબઈ.

ચરણકમળ સેવક ચૌહાણ જેરામ ડાયાભાઈ તથા શ્રી હરિશરણાગતિમંડળ તથા અમારા કુટંમ્બના જયસ્વામિનારાયણ વાંચશો, નારાયણની તબીયત બીલકુલ સારી છે, કંટ્રાટ કામ ચાલુ કરી દીધા છે, આપનો રાજીપો છે, નારાયણ કામ ઉપર છે, તમોને જમાડીને જળ પાઈને જમે પીયે છે, ખીસામાં આપની મૂર્તિ ભેળી જ રાખે છે, બધા આનંદમાં છીએ, રાજીપાનો પત્ર લખજ્યો, આપ ભક્તિ મુક્તિના આપનારા છો, પ્રગટભગવાન છો અનાદિ શ્રીકૃષ્ણનારાયણ છો, પરમેશ્વરપ્રત્યક્ષ હાજર છો, અમો આપને આશરે સુખી થયા છીએ, દર્શન આપજો, ભક્તો દર્શન માટે તલખે છે, પરદેશમાં પણ બધાને સારું છે, તમો હો તે સ્વદેશ છે.

❖❖❖❖❖

પત્ર નં.-૨૮૩ તા. ૮-૩-૭૮

જામવણથળી.

નિજબ્રહ્મસ્થળ જુનાગઢ, પરમપૂજ્ય ન્યાયાચાર્ય મહારાજ શાસ્ત્રીજી કર્મફળનો ન્યાય આપનારા પ્રભુજી શાસ્ત્રીજીમહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રતિ **જામવણથળીથી સેવક હીરજી પેથા કુટુંબના જયસ્વામિનારાયણ વાંચશોજી.** તા. ૫-૩-૭૮ના રાતના સવારે તમારા દર્શન થયાં છે, અમોને ઘણો આનંદ થયો છે, ફુલવાડી ઉચ્છવદર્શન વગેરે માટે જાઈએ છીએ, તમારી આરતી થાળ વગેરે કરીએ છીએ, ગુરૂમહારાજ તમો સાચા ભગવાન છો, આ પૃથ્વી ઉપર ભગવાન પધાર્યા છો, વસંતપંચમીએ ફુલવાડીમાં ઘણો મોટો ઉચ્છવ કર્યો હતો, અમારો બળદ અનરવો છે તે માટે શ્રીજી રક્ષા મોકલજો, પેટનું દરદ મટી જાય તેમ કૃપા કરજો, પરીક્ષામાં પાસ છોકરાઓ થાય એમ આશિષ મોકલજો, આપ હૃદયમાં રહ્યા છો, પ્રશ્ન પેપરના જવાબ સુઝાડજો, ભગવાનને બધુંય હથેળીમાં દેખાય, અમારી નજર રાખજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૮૪ તા. ૩-૧૦-૭૮

જામવણથળી.

રમેશકુમાર રામજીભાઈ, જેઠાભાઈ, જામવણથળીથી લિ. સેવકો રમેશ, હરસુખ, તથા બાપા સર્વેના જયસ્વામિનારાયણ વાંચજો, લિ. છગન, ભગવાન લાલજી મહારાજને દંડવત્પ્રણામ સાથે જયસ્વામિનારાયણ. અમો તમોને લાલજી મહારાજને જમાડીને જમીએ છીએ, દર્શન દેવા પધારજો, મારે હીરા ઘસવા શીખવા જામનગર જાવું છે, આશીર્વાદ આપજો ફુલવાડીએ અને ઘરે લાલજીમહારાજની પૂજા કરીએ

છીએ, ભણતાં પણ આવડે એવા આશીર્વાદ આપશો, લાલજી મહારાજ માટે સોનાની છડી કુંડળ મુગટ કડાં સાંકળા હાર જાંજર વગેરે શણગાર કરાવ્યા છે, પહેરાવીએ છીએ, ભગવાન તમો બિરાજો છો, નજર રાખજો, આશીર્વાદ લખજો, રામજી જેઠાનું કુટુંબ સુખી રહે તેવા આશીર્વાદ આપજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૮૫ **તા. ૫-૩-૭૮**

દુબઈ.

અક્ષરાધિપતિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં **દુબઈથી શાન્તિલાલ નરસીંહ મકવાણા તથા શ્રીહરિશરણાગતિ મંડળના જયશ્રીસ્વામિનારાયણ વાંચજો,** અમારા ઉપાસ્ય પ્રગટ ભગવાન આપ અમોને સદાને માટે સુખી રાખો, કામે જાઈએ છીએ, ૩૦, રિયાલ રોજ મળે છે, દર જુમે સન્લીમાં ઉચ્છવ કરીએ છીએ, ખુશી ખબર લખજ્યો, નાં. ૩૮૧૫, જોબ નાં. ૩૭, રતિલાલ ભગત દેશમાં આવવાનાં છે, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૮૬ **તા. ૮-૩-૭૮**

કાંદીવલી, મુંબઈ.

અનાદિ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સત્ય છે, શ્રીસ્વામિનારાયણ ભગવાનને **કાંદીવલીથી લિ. ભગવાનજી મોહન માલવીના જય સ્વામિનારાયણ,** મારો પાસપોર્ટ આવી ગયો છે, જલ્દી જાવાનું થાય તેમ આશીર્વાદ લખજ્યો, બાળબચ્ચાંને પણ આશીર્વાદ આપજો, કેશવજી ડાયાનો ભાણેજ ભગવાનજી મોહન માલવી એમ. જી. રોડ, સાંઈનગર પાછળ, મહાકાળી ચાલ સામે, કમબેનની ચાલ, મુંબઈ-૬૭, કાન્દીવલી વેસ્ટ, તમો કર્તા હતાં છો, તમારી દયાથી બધુંય થાય, રાજી રહેજો, જયસ્વામિનારાયણ વાંચજો, દુબઈથી પત્ર લખીશ, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૮૭ **તા. ૧૧-૩-૭૮**

સફાત, કુવેત, નાં. ૨૪૩૧૩, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજને નમો નમઃ

સેવક જાવિયા રણછોડના જયશ્રીસ્વામિનારાયણ, આપના ચરણારવિંદો મને નજરે દેખાય છે, તમો અધમ ઓધારણ પતિતપાવન અશરણના શરણ અનાથના નાથ દીનજનના બંધુ પ્રભુ છો, તમારી આજ્ઞાથી સુખી છું, સારી કંપનીમાં કામ

મળ્યું છે, પાંચ છ દિનાર રોજ મળે છે, રસોઈ હાથે કરીએ છીએ, આશીર્વાદ આપજો, હિંમત આપજો, તમારો આશરો છે, ચાર મહીને કરજ ઉતરી જાશે, નિરાંત થાશે, અત્યારે કમાવાનો સમય છે, પૈસાની ભૂખ ભાંગે એવો લાભ અપાવજો, બે દિવસથી વાંસાની રગ પકડાણી તે મટાડવા તમારી માનતા કરી હતી, તે મટી ગઈ છે, રમણિક ઇગતપુરીમાં કામ શીખે છે, કાગળ જાવિયા રણછોડને મળે, પોષ્ટ સફાત, કુવેત, નાં. ૨૪૩૧૩, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૮૮ તા. ૨૬-૩-૭૮

બર્નાર્ડ સન્લી એન્ડ સન્સ કંપની, કાર્ટ નાં. ૨૭૦૭, દુબઈ.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમઃ, જુનાગઢ ધામમાં વિરાજિત શ્રીજી પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજના ચરણોમાં **દુબઈથી લિ. સેવક જયંતીલાલ રાઘવ તથા ભગવાનજી ટપુના તથા શ્રીહરિશરણાગતિમંડળ જયશ્રીસ્વામિનારાયણ વાંચજો.** મહારાજ આપ ધામના ધામી સર્વેના સ્વામી અક્ષરાધિપતિ છો, તમારી દયાથી સારું છે, ભગવાનજી આબુધાબી ૬૦ રૂપિયા આંહીના પગારમાં ગયેલ છે, હું પણ જઈશ બીજી કંપની છે, પછી કાગળ લખીશ, રક્ષા કરજો, તકલીફ ઊભી ન થાય તેમ કરજો, જયંતીલાલની ગોઠણની ઢાકણી ઉતરી ગઈ હતી તે ચઢાવી દીધી છે, હવે સારું છે, દુઃખે નહિ તેવી દયા કરજો, ધાર્યું તમારું થાય છે, ભજન કરીએ છીએ, ભૂલચૂક માફ કરજો, તમો માવતર છો, છોકરાવનું ધ્યાન રાખજો, સેવા લખજો, હાજર છીએ, જયંતીલાલ, ડી. પી. એચ. ક્યુ, સાઇટ, બર્નાર્ડ સન્લી એન્ડ સન્સ કંપની, કાર્ટ નાં. ૨૭૦૭ દુબઈ. સાજા નરવા રાખજો, દર્શન દેતા રહેજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૮૯ તા. ૨૮-૩-૭૮

મસ્કત, દુબઈ.

આપ ભગવાનના હજુર સેવકો પુરુષોત્તમ તુલસી ટાંક આદિક શ્રીહરિશરણાગતિ મંડળના પ્રગટ પ્રભુજી પુરુષોત્તમનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણકમળોમાં ઘણાં દંડવત્સાથે જયશ્રીસ્વામિનારાયણ. તમારી કૃપા વડે દેશકાળ સારા છે, વૈશાખમાં ઉચ્છવ ઉપર આવવું પ્રભુની તમારી મરજી હશે તો અવાશે, સેવા મળે તેનો આશીર્વાદ મોકલાવજો, બધા સાજા નરવા છીએ, રામજી તુલસીભાઈ દુબઈથી દેશમાં આવવાના છે. અમો તમારું ભજન કરીએ છીએ, કાંદીવલી કાગળ લખજો, ખુશી ખબર લખજો, દર્શન આપજો. સંભાળ લેજો.

❖❖❖❖❖

પત્ર નં.-૨૯૦ તા. ૧૩-૩-૭૮

ચાવડા.

ઓં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ સત્ય છે. જુનાગઢમાં પ્રત્યક્ષ બિરાજતા પ્રગટ સ્વરૂપ સર્વેના કર્મફળ પ્રદાતા સર્વેના નિયંતા ભક્તવત્સલ દયાળુ કૃપાળુ પૂજનીય પતિતપાવન અધમોદ્ધારણ આનંદઘન શ્રીહરિકૃષ્ણ ગુરુદેવ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણભગવાન પ્રતિ, **ચાવડાથી ચરણકમળ સેવક જયંતીલાલ હંસરાજ વશરામ તથા પૂજારી કેશવજી ભગત તથા શ્રીહરિશરણાગતિમંડળના સ્નેહ સાથે સવિનય દંડવત્ પ્રણામ તથા જયશ્રીસ્વામિનારાયણ વાંચજો,** આપના રાજીપાથી સુખી છીએ, આશીર્વાદ પત્ર લખજ્યો, ઉત્તમ જોગ મળ્યો છે, અંતરના દોષ ટળી જાય, નિર્મલ થવાય, તમારામાં અને તમારા ભક્તોમાં હેત વધે, તમારા અનન્ય ભક્ત થવાય વધારે તમારી ભક્તિ થાય અહં. મમતા ટળે તમારી અખંડ સ્મૃતિ રહે એવા આશીર્વાદો આપજો, ચૌદ લોકોના નાથ માયા થકી રક્ષા કરજો, અક્ષરાધિપતિ ભગવાન પ્રાણપતિ સાજાનરવા રાખજ્યો, એક બળદ માંદો છે તે માટે શ્રીજી રક્ષા મોકલાવજો, હું જયંતીલાલ વંથળી ભણવા જાઉં છું, પાસ થવાના આશીર્વાદો આપજો, એજ, જયંતીલાલ હંસરાજના દંડવત્.

❖❖❖❖❖

પત્ર નં.-૨૯૧ તા. ૧૩-૩-૭૮

દુબઈ.

પ્રગટ અનાદિનારાયણ પ્રગટપ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ સદા ભક્તોની રક્ષા કરજો, **પ્રગટના ભક્ત મોહન કરશન મનાણીના જયસ્વામિનારાયણ વાંચજો,** પુના કુટુંબ સુખી છે, મારે ઘરેથી મહિના દિવસ તાવ આવે છે, ટાઢ્ય આવે છે, દવાની ઉલ્ટી થઈ જાય છે, તમારો આધાર છે, નબળાઈથી દેશમાં જવાય તેમ નથી, નીરૂ હરિકૃષ્ણ મીના જીતેન્દ્ર બધાં મુંઝાય છે, તમોએ સૂંઠ ગોળ અને ચામાં કાળીજીરી પીવાનું તથા બે ત્રણ કોળીયા ખીચડી ખાવાનું લખ્યું તે પ્રમાણે કરે છે હવે સારુ થતું જાય છે, તાવ રાતમાં જરાતરા આવે છે બીલકુલ સાજા થઈ જાય તેમ કરજો, હું દુબઈથી આવું તો ઘણી હાડમારી થાય તથા નુકસાની થાય, માટે તમો આશીર્વાદ શ્રીજી રક્ષા ગુલાબપાંખડી મોકલાવજો, સાજા થઈ જાય, તમો ભગવાન છો, દર્શન દેજો, કૃપા કરજો, અપરાધ માફ કરજો, કાગળ લખજો, એજ, મોહન તથા હરિકૃષ્ણના જયસ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૯૨ તા. ૧૩-૩-૭૮

નાં. ૨૫૩૭, આબુધાબી, ગુલ્ફ હોટલ સાઇડ કાર્ડ નાં. ૫૩૨૭, દુબઈ.

પરમકુમાળુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજ પ્રત્યક્ષ શ્રીહરિને નમઃ, **આબુધાબીથી શાંતિલાલના જયશ્રીસ્વામિનારાયણ વાંચજો,** સુખી સાજા નરવા રાખજો, હે પ્રભુ શ્રીહરિશરણાગતિમંડળમાં રહું છું, ભગવાન તમો નજર રાખો છો, મને કાંઈ ઉપાધિ નથી, તમારી ભક્તિ કરું છું, નોકરી છથી છ એમ અગ્યાર બાર કલાક બજાવું છું, એક કલાક વિરામ મળે, ૯૦૦થી હજાર પગાર મળે છે, પાંચ ખર્ચીને આવ્યો છું, પાંચ મહીને મુશિબત ઊતરી જાશે, ખાવું પીવું કચ્છીઓ સાથે સગવડ સારી છે, ફાવી ગયું છે, દર્શન દેજો, આશીર્વાદ ઉપદેશ લખજો, મારા કુટુંબની રક્ષા કરજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૯૩ તા. ૧૩-૩-૭૮

દુબઈ.

શ્રીસ્વામિનારાયણ ભગવાન શ્રીશાસ્ત્રીજી મહારાજની જય, અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ, પ્રગટભગવાન શ્રીકૃષ્ણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ તથા સન્તો પાર્ષદ હરિભક્તો પ્રતિ **દુબઈથી ભગત રામજી તથા શ્રીહરિશરણાગતિમંડળના સદંડવત્ જયસ્વામિનારાયણ વાંચશોજી,** તમો સાચા મા- બાપ છો, તમારું ભજન પૂજન માળા કરીએ છીએ, અક્ષરધામના ધામી પરમપુરુષોત્તમ રક્ષા કરજો, તમારી લીલા કોઈ કળી શકે તેમ નથી, જેની પાસે કાંઈ નથી તેની પાસે સોનના દેશનું રાજ્ય છે, તમોએ પોતાના શિષ્ય સેવક સત્પુત્રોને સોનાની કમાણી આપી છે, હવે ખામી નથી, ભગવાન સમઝાણા છો, દયા રાખજો, પત્ર લખજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૯૪ તા. ૮-૩-૭૮

૧૧, જાનકી નિકેતન, રાજેન્દ્રપ્રસાદ રોડ, મુલુન્ડ, મુંબઈ.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે.

સ્વસ્થાન સંતોમાં સત્ ગુરૂ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ વિશ્વ વંદનીય દેવપૂજનીય પ્રભુના ચરણોમાં પગે લાગણ વાંચજો, બાપાને માલમ થાય જે અમો રૂમમાં શિવરાતને દિવસે રહેવા ગયા છીએ, સુખ શાંતિ રહે તેવા આશીર્વાદ આપજો, આપની મૂર્તિ પધરાવી છે, જમાડીને જમીએ છીએ, બાપા તમારામાં વિશ્વાસ હતો તે તે દિવસે જ દસહજારની રકમ મળી ગઈ અને આપી દીધાં; આ લીલા

તમારી છે, વાસ્તુમાં મોટો ઉચ્છવ કરી હરિભક્તોને જમાડ્યા છે, ચાર કલાક ધૂન્ય કરી હતી, મારા ફઈના દિકરા કંટ્રાક્ટર છે તેની પૂજામાં તમારા ફોટા છે, તે અમે માગી લીધા છે, સેવામાં ખામી નહિં રાખીએ, બીજું કે પથ્થર કાંકરીનું મશીન નાખવું છે, આજ્ઞા કરજો, રામજીને સેવકપણું સારું છે, આશીર્વાદ લખજ્યો, **મોહન ભવાન જાયવાવાળાના જયસ્વામિનારાયણ વાંચજ્યો, રામજી** દેવજી ચુડાસમા, **૧૧, જાનકી નિકેતન, રાજેન્દ્રપ્રસાદ રોડ,** મુલુન્ડ, **મુંબઈ-૮૦.**

❖❖❖❖❖

પત્ર નં.-૨૯૫ **તા. ૧૪-૩-૭૮**

જામવંથળી.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજને નમો નમઃ

જામવંથળીથી લિ. સેવક રાઘવભાઈ તથા ભરત બાલબચ્ચાંઓના જયસ્વામિનારાયણ વાંચજો, જયંતીલાલની ટપાલ આવી છે, સાજાનરવા આનંદમાં છે, ફાવી ગયું છે, બીજી કંપનીમાં કામે જશે, ભરત રાજકોટ કામ શીખે છે, શીવણનાં કામો પણ બધાં શીખે છે, બધાને આશીર્વાદ આપજો, કેડનું દરદ મટી જાય, શ્રીજી રક્ષા મોકલજો, ચાંભા મટી જાય તેવી દયા બજાવજો, માનતા મોકલાવી દેશું, ભગવાન તમો ધ્યાન રાખજો, સાજા નરવા રહીએ એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૯૬ **તા. ૧૫-૩-૭૮**

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિને નમઃ

પરબ્રહ્મ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ પ્રગટભગવાન શ્રીકૃષ્ણસ્વામી પ્રતિ **દુબઈથી મોહન ભગત વગેરે શ્રીહરિશરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચવા,** તીર્થમાં ભગવાન પધરાવ્યા ત્યારે એકની માનતા હતી તે પૂરી થાશે, વળી હમણાં સત્તાવીસોની નુકસાની થઈ છે, હિંમત આપજો, વાંક તો ખરો, ઘરે તાવ છે માંદગી મટી જાય તેમ કરજો, સાજા નરવાનું ધ્યાન રાખજો, કાંદીવલી દેવરાજ ભગતના ઘરને ઑપરેશનનું સારું થઈ ગયું છે, દર્શન દેવા નિકળજો, ભગવાનના ચરણોમાં બધાના દંડવત્ દેવરાજ ભગત, કાર્ડ નાં. ૩૩૬૦.

❖❖❖❖❖

પત્ર નં.-૨૯૭ તા. ૧-૪-૭૮

જામવંથળી.

શ્રીસ્વામિનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યાય નમો નમઃ

જામવણથળીથી લિ. આપનો ભક્ત નાનજી પોપટ પોરીયાના ભગવાનને દંડવત્, મારે મુંબઈ જવું છે, તમો આશીર્વાદ લખજો, પછી જઈશ, પ્રગટ અન્તર્યામી ભગવાન તમો મળ્યા છો, સરકાર તરફથી કામ મળશે, પ્રગટ તમો પાંસરૂ પાડજ્યો, પ્રગટમાં બધું આવી ગયું છે, તમારું ભજન કરું છું, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૯૮ તા. ૩૦-૩-૭૮

આબુધાબી, નાં. ૫૮૨, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ ભગવાન સ્વરૂપ અખંડ દિવ્યમૂર્તિ શાસ્ત્રીજીમહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ચરણોમાં **આબુધાબીથી નારણ પ્રેમજી ખોલિયાનાં જયસ્વામિનારાયણ વાંચજો,** સેવા મળે પછી જવાબ લખજ્યો, હવે કરજ ઊતરી ગયાં છે, આપના રાજીપાથી તર્યો છું, સુખી થયો છું, દેણું બધુંય ભરપાઈ થઈ ગયું છે, હવે કમાણી દેખાશે, પગમાં સૂકાં ખરજવાં જીણાં છે તે મટી જાય તેવી દયા કરજો, મારા જીવનું ભલું થાય તેમ કરજો, સંસારના ઢરડા મટતા નથી, રક્ષા કરજ્યો, દિવ્યદર્શન દેજો, દંડવત્ સ્વીકારજો, શ્રીજી ઇચ્છા નારણના દંડવત્ પ્રણામ.

❖❖❖❖❖

પત્ર નં.-૨૯૯ તા. ૧-૪-૭૮

કડીયાવાડ, શેરીનાં. ૧૦. જામનગર.

ગુરૂમહારાજ દિવ્યમૂર્તિ ભગવાન પ્રગટપ્રણામ પૂજનીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ **ચૌહાણ પ્રવીણ રણછોડ અમારા ઘર કુટુંબ સર્વેના દંડવત્પ્રણામ. જયસ્વામિનારાયણ વાંચજો,** સેવક **રણછોડ વસ્તા,** અમારા પુત્રીના બાબાને હાથના સાંધાઓમાં રસી જેવું છે, ડૉક્ટરે ઑપરેશન તા. ઉનું કરવા કહ્યું છે, તો તમો ભગવાન સાજા થવાય હાથમાં ખોટ ન રહે તેમ આશીર્વાદ પત્ર લખજ્યો, તમારો આધાર છે, તમો નજર રાખજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૦૦ તા. ૯-૧-૭૮

બંગલી ચોક, બગસરા.

પરમપૂજ્ય સત્સંગભૂષણ સાહિત્યોપાસક સંતવર્ય શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સંતમંડળ પ્રતિ **ગોરધનદાસ જીવરાજ સોરઠીયાના સાદર નમસ્કાર જયશ્રીસ્વામિનારાયણ.** હર્ષ થાય છે. આપશ્રીને દ્વારકા વિદ્યાપાઠી મહાવિદ્યાલય તરફથી ડૉક્ટર ઑફ ફિલોસોફી, તથા ડૉક્ટર ઑફ લિટરેચરની માનદ્ ઉપાધિઓ મળી એ માટે આપશ્રીનું તથા સમગ્ર સત્સંગ સમાજનું ગૌરવ છે, હજુ પણ સવિશેષ આપ સંત સ્વરૂપ પ્રભુનો જયકાર પ્રસરો તેવી ભાવના વ્યક્ત કરું છું, પેપરોમાં તે સમાચારો આવ્યા છે, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૦૧ તા. ૨૭-૩-૭૮

નાસિક.

સેવક ભગવાનજી મોહન પુંજા મકવાણા તથા ભરત ઘરમંડળનાં, પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પૂજનીય દયાળુ કૃપાળુ ભક્તવત્સલ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં દંડવત્ સાથે જય શ્રીસ્વામિનારાયણ, તમારી દયાથી બધા આનંદમાં છીએ, તા. ૨૪-૨-૭૮, ગુરુવારે રાતના ૧૨ ઉપર ચાલીસ મિનિટે બાબાનો જન્મ થયો છે, તેના જન્માક્ષર રાશિ નામ અને કંઠી તથા શ્રીજી રક્ષા મોકલાવજો, આશીર્વાદ આપજ્યો, સાજા નરવા રાખજ્યો, દર્શન આપજો, પત્ર લખજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૦૨ તા. ૨૫-૩-૭૮

કાંદીવલી, મુંબઈ.

શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમરાહાજ શ્રીસ્વામિનારાયણ ભગવાનને નમો નમઃ, પ્રગટભગવાન શાસ્ત્રીજી મહારાજની સેવામાં **સેવક કેશવજી હરિભાઈ ચોટલિયાના તથા હિતેન્દ્ર બાળગોપાલ સર્વેના દંડવત્પ્રણામ સહ જય સ્વામિનારાયણ વાંચજો,** તમારી કૃપાથી કુશળ છીએ, વધારે કૃપા રાખજ્યો, ભૂલચૂક માફ કરજ્યો, તાવ તમારી દયાથી ઉતરી ગયો છે, આંહીના શરણાગતિ મંડળના ભક્તોને આરબદેશમાં જવા કૃપા કરજો, ધંધો મળે, મોટાં કામ મળે, તો વધારે સારું, મોટા પાટોત્સવમાં આવશું, જગદીશ તેની માંના ખોળીયામાં આવીને બોલે છે, નિવારણ થાય તેમ કરજો, મહાપૂજાઓની માનતા પોપટભાઈ દઈ જાશે, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૦૩ તા. ૨૩-૩-૭૮

દુબઈ.

દુબઈથી લિ. નારણ કરશન ચૌહાણ તથા શ્રીહરિશરણાગતિમંડળના સંતભક્તોના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો, પ્રત્યક્ષપ્રમાણ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને માલમ થાય જે - શુક્રવારે ભેળા થઈને આપના ભજન ભક્તિ કરીએ, ઉત્સવ બજાવીએ છીએ, તમારી કૃપાએ પરદેશમાં ઘણાં ઘણાં સુખી થયા, પ્રગટ ઉપાસના સૌથી મોટી સમઝાણી છે, આપ દયાળુના ચરણનું બળ છે, રક્ષા કરજો, પરદેશની અસર અમોને નથી, ઘણાં સત્સંગીઓ આંહી અવારનવાર મળીએ છીએ, અમને ૨૫, રિયાલ રોજ મળે છે, ઓવર ટાઇમ એક કલાકના ૪ રિયાલ, શ્રીજી રક્ષા મળી ગઈ છે, ઘણાં આનંદમાં છીએ, તમો દેખાયા કરો છો, પ્રાગજી દેવસી ચોટલિયા ધુળકોટના તથા નારણ કરશનને ગુરૂમહારાજ તમારા સત્સંગનું બળ આપજો, ચરણમાં રાખજો, દર્શન દેજો, તમારી ભક્તિ વધે એવી દયા કરજો, ત્રણ રક્ષાઓ મોકલજો, બાબુલાલ વેલજી વગેરે તમારે દર્શને દેશમાં આવવાનાં છે, દિવ્ય દર્શન દેજો, ઉપદેશ લખજો, તમો બધું સાક્ષાત્ દેખો છો, પત્ર લખજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૦૪ તા. ૨૨-૩-૭૮

મુંબઈ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રગટ ભગવાનને નમો નમઃ, શ્રીસ્વામિનારાયણપ્રભુનો સદા જય હોજો, અક્ષરાતીતપૂર્ણપુરુષોત્તમ સ્વામિનાથ પરમાત્મા પ્રત્યક્ષપ્રભુજી સર્વેના સાક્ષી નિયન્તા અધિપતિ અવતારી ગુરૂરૂપ શ્રીહરિ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીસ્વામિનારાયણ સ્વરૂપને અમરનાથથી આપના ચરણકમળોમાં **સેવકો જયન્તિલાલ તથા ધનજી તથા અમૃતલાલના જયસ્વામિનારાયણ,** અમારા ઘરમાં બચત જણાતી નથી, નડતર હોય તો જણાવજો, હરિભાઈએ માતા તેડાવ્યા, માતા કહે કુળદેવીને માનતા નથી તે નડે છે, રતિલાલ દુબઈ ગયા છે, સુખશાંતિ થાય તેમ જણાવજો, અમો તમારું ભજન કીર્તન થાય આરતી વગેરે કરીએ છીએ, મારા અગરબત્તી ધૂપ દીપ દંડવત્ કરીએ છીએ, દર્શન દેજો, પત્ર લખજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૦૫ તા. ૨૨-૩-૭૮

કાંદીવલી, મુંબઈ.

સ્વસ્થાન જુનાગઢ મધ્યે પરમપૂજનીય હિતકારી સદ્‌ગુરુ શાસ્ત્રીજી મહારાજ પ્રગટભગવાન તથા સંતમંડળની પ્રત્યક્ષસેવામાં **કાંદીવલીથી સેવક લાલજીભાઈ તથા નાનજીભાઈના દંડવત્પ્રણામ જયસ્વામિનારાયણ વાંચજ્યો,** આપનો કાગળ આશીર્વાદ સવારે મળ્યા, હું માતાજીની સેવામાં હતો, કાગળ વાંચીને તુરત જનમંગળ પાઠ આપના કહેવા મુજબ ચાલુ કર્યા, ભક્તચિન્તામણિ વાંચી, તેથી અમારા માતુશ્રીને શ્રીજીમહારાજ છ વાગ્યે ધામમાં તેડી ગયા છે, આપનો ચમત્કાર જબરો છે, વચનસિદ્ધ સંકલ્પ સિદ્ધ છો, ૨૦ મહાપૂજાઓ કરાવજો. પહોંચ મોતીબાના નામની કઢાવજો, ધૂન્ય ભજન કરીએ છીએ, મીસ્ત્રી લક્ષ્મણ ડાયાભાઈને ત્યાં ચંદ્રગ્રહણમાં સભા રાખેલી છે, આપને સંભારીએ છીએ, આશીર્વાદ લખજ્યો, તીર્થ કૉલેજ માટે ૧૦૧ આપવા છે, પાટોત્સવ ઉપર આવીશું, ઘઉંનો ફાળો ચાલુ છે, જુનાગઢ માટે સાથે લેતા આવશું, રક્ષા કરજો, તમારા ઐશ્વર્ય ચમત્કાર ઘણા જ છે, સાક્ષાત્ શ્રીહરિ છો, માતાજીને તમારા અને શ્રીજી મહારાજના દર્શન થયાં, હાથ જોડ્યા અને બોલ્યા શાસ્ત્રીજી મહારાજ તથા શ્રીજીમહારાજ પધાર્યા છે, ધામમાં જાઉં છું, કહીને ધામમાં ગયા છે, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૦૬ તા. ૨૨-૩-૭૮

અજમાન, દુબઈ.

શ્રીપ્રગટભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમઃ, ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સંતોની સેવામાં **અજમાનથી સેવક માવજી લક્ષ્મણ મકવાણા તથા શ્રીહરિશરણાગતિમંડળના જયશ્રીસ્વામિનારાયણ વાંચજો,** કંપનીમાં આપની દયાથી ઘણું સારું છે, ચાન્સ સારું છે, વાંધો આવે તેમ નથી, ઓવર ટાઇમ રાતના બાર વાગ્યા સુધી કામ મળે છે, આપની દયાથી ઇન્ડિયાના ત્રણ જેવો હાલમાં પગાર છે, આપની તબીયત સારી હોવાથી બધાને આનંદ છે, બધાને જયસ્વામિનારાયણ પત્ર લખજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૦૭ તા. ૨૨-૩-૭૮

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

કાંદીવલી, મુંબઈ.

પ્રગટ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીસ્વામિનારાયમ ભગવાનને નમો નમઃ, પરમ દયાના સાગર અન્તર્યામી સર્વોપરિ ધામોના ધામી અવતારોના અવતારી પૂર્ણપુરુષોત્તમ શ્રીસહજાનન્દસ્વામી સ્વયં ભગવાનને કોટિ કોટિ સાક્ષાત્ દંડવત્ સાથ જયસ્વામિનારાયણ સ્વીકારશોજી, **કાંદીવલીથી નટવરલાલ તથા નવીન તથા માતાપિતા ગોવિન્દ મુરજીભાઈ તથા શ્રીહરિશરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચજો,** વ્રજવાસીઓના જેવી પ્રેમભક્તિ સ્વીકારજો, તમારી સેવામાં રાખજો, દયાસાગર ભગવાન આપ અમારા ગુન્હાહ માફ કરજો, દયા કરો તો મારા સગપણ વિવાહ વગેરે થઈ જાય, તમો સત્સકંલ્પ ભગવાન છો, આશીર્વાદ લખશો, શાંતિ થાશે, કામે જાઉં છું, દયા કરો તો પરદેશ જાઉં, નટવરના જયસ્વામિનારાયણ વાંચજો, મારા મા-બાપે દંડવત્ કહ્યા છે.

❖❖❖❖❖

પત્ર નં.-૩૦૮ તા. ૨૧-૩-૭૮

ચાવડા

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ તમો સાક્ષાત્પરમેશ્વર છો, સત્ય છો, અવતારોના અવતારી છો સર્વેના પ્રેરક છો, ધ્યાન રાખનારા છો, એવા તમોને **રામલાલ ટપુલાલ તથા અમારા કુટુંબના દંડવત્ માન્ય કરજો,** આપની દયાવડે જ અમો સુખી થયા છીએ, માફી માગું છું, આશીર્વાદ લખજો, દર્શન આપજો, સારા વાનાં જલ્દી થાય તેમ દયા કરજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૦૯ તા. ૨૧-૩-૭૮

કોસંબા, સુરત.

સેવક વેલજી ખીમજીભાઈ તરસાણીના પૂજ્ય પ્રભુજી ગુરુદેવ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ચરણોમાં વેલજી તથા દીપક વગેરે કુટુંબના દંડવત્પ્રણામ વાંચજો, ભગવાન તમોએ બધી રક્ષા કરી છે, જુનાગઢ આપના દર્શને આવવું છે, વૈશાખમાં આવશું, દુકાન માટે સારું નથી એમ કુંવરજીથી જાણ્યું, કંટ્રાક્ટ માટે સારું છે લાભ છે, રોડનું પંચોતેર હજારનું કામ છે અને બીજું એક લાખ ચાલીસ હજારનું નદીના પુલનું છે, આપ દયા કરજો નાણાંનું દુઃખ નથી, મોટો દિકરો નીલકંઠ રાજકોટ ભણે

છે, દીપક ચોથી ભણે છે, પાસ કરી દેજો, આપ પ્રભુને જમાડીને જમીએ છીએ, મારા ઘરવાળા ગોમતીની તબીયત સારી રહે છે આજ્ઞા પ્રમાણે માળા ફેરવે છે, અશક્તિ છે, આપમાં જીવ ચોંટ્યો છે, બંધાણથી સારું નથી થતું, તમોએ મને વંથળીમાં આંકડાનું બંધાણ બતાવેલ તેનાથી સારું થઈ ગયું છે, જઠરા મંદ હોય તો માથું દુઃખે તાવ આવે નબળું રહેવાય, ગભરાય, કમર દુઃખે ઓડકાર આવ્યા કરે થડક રહ્યા કરે, ગોટો ચડે, કાળજું દુઃખે, આ તકલીફો આપની દયાથી મટશે, મને તો અંતરમાં તમારા દર્શનથી બધી તકલીફો મટી જાય છે, અમારાં મોટાં ભાગ્ય છે પરમેશ્વર સાક્ષાત્ ઓળખાણા, લપ હોય તો તમો મટાડી દેજો, મુંઝવણ મટાડજો, ધૂણવામાં મારા બાપુજીનું નામ આપે છે, તેનું નારાયણ બલિ કરાવ્યું છે, નડતર તમો ટાળજો, દર્શને આવશું, બાલંભા ચાહ પીધેલ તેથી કાંઈક થઈ ગયું છે, શ્રીજીમહારાજ તમો સારું કરજો, તમારા છીએ તમારું ભજન કરીએ છીએ, પત્ર લખજો, રક્ષા મોકલજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૧૦ તા. ૧૬-૩-૭૮

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સારજાહ, દુબઈ.

શ્રી જુનાગઢમાં વિરાજમાન ગુરુસ્વયં શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ તથા સંત મંડળ પ્રત્યે **દુબઈ સારજાહ ઍરફોર્સથી લિ. આપનો દાસાનુદાસ સેવક દેવજી કાનજી આદિ શ્રીહરિશરણાગતિમંડળના જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** શામજી હીરજી ઉપરનો કાગળ ટેપરેકર્ડ કરેલ છે, બધાએ સાંભળેલ છે, પોતાના સ્વતંત્ર પત્રો લખશે, આપનું ભજન કરીએ છીએ, પ્રભુનું વૃત્તાંત વાંચીએ છીએ સ્વામીની વાતો પણ વાંચીએ છીએ, રતિલાલ તથા અમરશી ભારતમાં આવવાના છે, જુનાગઢના મહોત્સવમાં બંને આચાર્ય પધારવાનું નક્કી થાય તો કાગળ લખજો, તમો પ્રગટ ભગવાન રાજી છો, તમારામાં એકમેક થઈ રહ્યા છીએ, વધારે સુખિયા છીએ, કૃપાદૃષ્ટિ રાખજો, દેવજી કાનજીના દંડવત્ પ્રણામ સ્વીકારજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૧૧ તા. ૧૯-૩-૭૮

સારજાહ, દુબઈ.

સામજી હીરજીના પ્રગટભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજના ચરણોમાં કોટિદંડવત્પ્રણામ. ભગવાન તમો આશીર્વાદો આપજો, અમો સારું કમાઈ અને સેવા કરીએ, વંથળીથી ફુલવાડીનો કાગળ છે તેની સેવામાં સર્વે તત્પર છે, તમારા

આશીર્વાદની રાહ જુએ છે, જવાબ લખજો, મારા બાપુ હીરજી પેથાના લખવા મુજબ ચાલુ કામ થઈ જાશે, તમારા દાસ પ્રગટના ઉપાસક શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ચરણસેવક શામજીનાં જયસ્વામિનારાયણ વાંચવા. બસ એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૧૨ તા. ૧૯-૩-૭૮

દુબઈ.

અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા સ્વયં શ્રીહરિ સર્વોપરિ સર્વાધાર એવા ભગવાનનાં ચરણકમળોમાં કોટિકોટિ દંડવત્ પ્રણામ સાથે **શાંતિલાલ કેશવજી મકવાણાના જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.** શાંતિલાલ નરસિંહ, ખીમજીભાઈ તથા જેઠાલાલભાઈ તથા શ્રીહરિશરણાગતિ મંડળ બધા સુખી છીએ, મુંબઈ બાલડુંગરી પત્ર લખજો, પ્રસાદીની કંઠી મોકલજો, ફરવા નિકળજો, દર્શન દેજો, રક્ષા કરજો, નજર રાખજો, ભેગા રહેજો, કામકાજ લખજો, વિઘ્ન ન આવે તેમ બધાને દેશ પરદેશમાં સાંચવજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૧૩ તા. ૧૮-૩-૭૮

અજમાન, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણસ્વામિને નમો નમ: શ્રીનિજમંદિરમાં વિરાજમાન પ્રગટ પરબ્રહ્મ પરમપૂજ્ય અમારા ઇષ્ટદેવ મહાપ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીસ્વામિનારાયણ તથા સંતમંડળ વિગેરેને અમારા દંડવત્ સહિત **ચમનલાલ મોહનલાલ રાઠોડના જય શ્રીસ્વામિનારાયણ.** ચમનલાલ મોહનલાલ તથા ગુરૂભાઈઓ શ્રીહરિશરણાગતિમંડળના અમો ભક્તો આપની દયાથી આપની ભક્તિ કરીએ છીએ, પ્રગટના દર્શન પૂજન વંદન સ્મરણ સેવન કરિએ છીએ, શુક્વારે સમૂહ મહોત્સવ કરિએ છીએ, સન્લીમાં હૉલ વગેરે સગવડ ઘણી જ સારી છે, ત્યાંના માલિક બહુ માન જાળવે છે, તમારી દયાથી સર્વે કુશળ છીએ, પ્રગટ શ્રીહરિ આપની આપની મૂર્તિનું ધ્યાન કરીએ છીએ, તથા મૂર્તિના ચિન્હો ચિન્તવીએ છીએ, ભૂલચુક માફ કરજો. ચમનલાલ મોહનલાલ રાઠોડના દંડવત્પ્રણામ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૧૪ તા. ૧૭-૩-૭૮

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

શ્રીજૂનાગઢ બ્રહ્મમહોલમાં વિરાજિત પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ શ્રીગુરુમહારાજના ચરણકમલોમાં **સેવક રતિલાલ ઓધવજી ખોલિયા તથા શ્રીહરિશરણાગતિમંડળના ઉપર ભગવાન તમો રાજી રહો છો.** ભૂલચુક માફ કરજો, તમારા સેવક ગણીને રાખજો, અમારી કંપનીમાં ૩૦ મળે છે, બધા ભક્તો ખુશી મજામાં છે, તમો સદા ભેળા રહેજો, રતિલાલ માટે શ્રીજી રક્ષા મોકલજો, મુંઝવણ મટી જાય, સત્‌બુદ્ધિ આપજો, રાજી રહેજો, રતિલાલ વતી શાંતિલાલના દંડવત્‌પ્રણામ વાંચશો, દર્શન દેતા રહેજો, સંભાળ રાખજો, રક્ષા કરજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૧૫ તા. ૧૬-૩-૭૮

દુબઈ.

સ્વસ્થાન જુનાગઢમાં મંદિરમાં વિરાજમાન પરમપૂજ્ય પ્રગટ પુરુષોત્તમ અનાદિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આપનો **સેવક પ્રાગજી રણછોડ મનાણી તથા મિત્રો અને શ્રીહરિશરણાગતિમંડળનાં ભક્તોના દુબઈથી જયસ્વામિનારાયણ વાંચજો,** તમારી ભક્તિ કરીએ છીએ, દયા કરજો, રણછોડ ભગતે પાકી સમઝણ રાખવા લખ્યું છે, તે પ્રમાણે સમઝણ રાખી છીએ હે પ્રભુ સારી શક્તિ આપજો, તમારું નામ લેતા કામ કરીએ છીએ, ભજન સ્મરણ કરીએ છીએ, તમો અન્તર્યામી છો, મને મેલેરીયા તાવ મટી જાય તેવી શ્રીજી રક્ષા મોકલજો, તમારાથી જુદા ન રાખશો, અમો તમારા બાળક છીએ, જન્મોજન્મ સાથે રાખજો, સેવા આપજો, કમ્પની ૩૦ આપે છે, મહીને હજાર બચે છે, રસોઈ હાથે જ બનાવીને તમોને થાળ ધરીને જમીએ છીએ, પત્ર આશીર્વાદ લખજો તાવ ઉતારી દેજો, દર્શન દેજો, દર્શન દેજો, પ્રાગજી રણછોડ મનાણીના જય સ્વામિનારાયણ વાંચશો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૧૬ તા. ૧૬-૩-૭૮

રીયાધ, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ શ્રીશ્વેતાયન વ્યાસજીને નમો નમઃ

પ્રગટ ભગવાનને નમો નમઃ, અખંડ સુખ આપનારા આનંદશેવધિ મુક્તિસમર્પક ભક્તવત્સલ પ્રિયપ્રાણપતિ ભક્તપતિ સર્વપતિ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી

મહારાજ તથા સંતમંડળને **ભગવાનજીના કોટાનકોટિ દંડવત્પ્રણામ.** તમારા આશીર્વાદો વડે મને ઘણી શાંતિ વર્તે છે, પ્રસાદી ગુલાબપાંખડી મળી છે, જરાય મુંઝવણ નથી. તમારે પ્રતાપે બહુ જ સારું થયું છે, તમોને કામકાજમાં ભેળા ભેળા રાખું છું, તમારા ઉપદેશનું સુખ લઉ છું, દાસભાવે ભજું છું, બધા હળીમળીને રહીએ છીએ, દર મહિને બે બચે છે, ઘરે મોકલ્યા છે, બહેરીનમાં હવા પાણી માફક છે, કાંઈ સાહિત્યમાં જરૂર પડે તો કહેજો, મને શરીરે સારું છે, મસ્કત વાળાના કાગળો આવે છે, દુબઈ પૂના મુંબઈ વંથળી વગેરેથી પત્રો આવે છે આનંદ થાય છે, કંપનીએ રાજકુમાર જેવી સગવડો આપી છે, મારી કારીગરી જોઈને ઓવરશીયર ખુશ ખુશ થાય છે, હે ભગવાન સારી રીતે નિભાવજો, કાંઈ તકલીફ નથી, તમારા ચરણનો ભક્ત રાખજો, કાગળ લખજો, હરિકૃષ્ણને કાગળથી આશીર્વાદ આપજો સેવક ભગવાનજીને દર્શન દેજો, બધાના દંડવત વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૧૭ **તા. ૧૬-૩-૭૮**

કાંદીવલી, મુંબઈ.

સ્વસ્થાન જુનાગઢ મહાતપઃસ્થળે વિરાજિત યોગિધ્યેય દયાળુ કૃપાળુ સાચા સગા મોક્ષદાતા કલ્યાણયુક્ત શ્રીશાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની સેવામાં **કાંદીવલીથી ટાંક નાનજી મનજી તથા લાલજી મનજીનાં કોટિદંડવત્પ્રણામ સ્વીકારજો,** મારા માતુશ્રી આજે ત્રણ માસથી બીમાર છે નિદ્રા નથી રાડ્યું પાડે છે લવાન કરે છે, પ્રવાહી લ્યે છે, કૃપાદૃષ્ટિ કરો પ્રાયશ્ચિત આપો અને ધામમાં તેડી જાઓ, દુઃખ સહેવાતું નથી, અમારાથી જોવાતું નથી, આપ અન્તર્યામી પ્રભુ છો, સ્વામિનારાયણ ભગવાન વહેલા તેડવા આવે તેમ કરો, જલ્દી કરજો, એજ વિનન્તિ છે, હવે વાર લગાડશો નહિ, સેવક નાનજીનાં જયસ્વામિનારાયણ વાંચજો, પત્ર લખજો, દર્શન દેજો, તમો ઐશ્વર્ય ચમત્કારી સંત છો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૧૮ **તા. ૪-૪-૭૮**

જામવણથળી.

પરમપૂજ્ય શ્રીસ્વામિનારાયણ ભગવાન પ્રભુ અંતર્યામી સર્વેના નિયંતા સર્વેના પ્રેરક મહારાજ શ્રી આચાર્યજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભચાર્યજી મહારાજ પ્રતિ **જામવણથળીથી લી. નરસિંહ માસ્તરના કોટિ દંડવત સ્વીકારજો,** આપની કૃપાવડે બધાં દુઃખ મટી ગયાં છે, છોકરાવ મજામાં છે, આશીષ મોકલજો, સ્વામિની વાતો વચનામૃતો વાંચીએ છીએ, ઘરે, નોકરીપર, તમારું ભજન કરું છું, બે જીવવાળી

ગૌમાતા અનરવી છે તેને માટે શ્રીજી રક્ષા મોકલાવજો, સાજી થઈ જાય તેમ કરજો, તમારી ભક્તિ ભજનની શક્તિ બળ આપજો, અમારે ભગવાન જોઈતા હતા તે તમો આંહી મળ્યા છો, ઘણાં પરચાઓ થાય છે, દર્શન થાય છે, માસ્તર કુકડીયાના જયસ્વામિનારાયણ એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૧૯ તા. ૫-૪-૭૮

જામવણથળી.

સ્વયં પ્રગટપ્રભુ અક્ષરધામના અધિપતિ ધામી અંતર્યામી સ્વામીનાથ સદ્‌ગુરુજી સૂર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીભગવાનની સેવામાં, **જામવણથળીથી દેવશી વસ્તા જાવિયા તથા અમારા માતા-પિતા તથા કુટુંબ બધાના જય સ્વામિનારાયણ વાંચજો,** સવિનય પ્રાર્થના અમારા મોટાભાઈ કેશવજી વસ્તા લખે છે, જે બાપાને જુનાગઢ યજ્ઞમાં બેસવાની ઇચ્છા હોય તો ૧૧૧૧ મોકલાવી દઉં, શાસ્ત્રીમહારાજને પત્ર લખીશ, ડ્રાફ બાપાને નામે વસ્તા પોપટ જાવિયા જમા કરાવવા લખીશ, ચીજો શું શું જોઈશે તે પણ જણાવશો, શાસ્ત્રીજી મહારાજ ભૂલચુક માફ કરજો. આંહીથી બધાના ગુરુમહારાજના ચરણસ્પર્શી દંડવત્ સ્વીકારજો, વીગત વાર પત્ર લખજો દર્શન દેજો કામકાજ લખજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૨૦ તા. ૧૦-૪-૭૮

કાંદીવલી, મુંબઈ.

પ્રત્યક્ષભગવાન શાસ્ત્રીજી આચાર્યમહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને નમો નમઃ, સ્વસ્થાન જુનાગઢ અક્ષરભવનમાં વિરાજિત, પ્રગટસ્વરૂપે વર્તતા, અક્ષરાધિપતિ, પતિતપાવન, સંતભગવાન પૂર્ણપુરુષોત્તમ આચાર્ય ભગવાન એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણકમળોમાં **કિશોર તથા નિતીન આદિકના કોટિદંડવત્ સ્વીકારજો,** બીજું પૂના ભક્તમંડળમાંથી ભગવાનની મૂર્તિ મળી છે, તેની પૂજા કરીએ છીએ, સંકટ ટાળજો, સારાવાનાં વધારે દેખાડજો, દુબઈથી ભગતનો ખુશીમજામાં કાગળ છે, દર્શન દેજો, ભગવાનને પૂજામાં સ્નાન અત્તર વાધા ઘરેણાં ફુલમાળા ધૂપ દીપ નૈવેદ્ય આરતી દંડવત્ પ્રદક્ષિણા જળ તુલસી છડી છત્ર ઘરેણાં દૂધ ધરીએ છીએ, જમાડીએ છીએ, આછો રૂમાલ ઓઢાડીને પોઢાડીએ છીએ, સાકર જમાડીએ છીએ, આનંદમાં સમય જાય છે, દેખાજો, જમજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૨૧ તા. ૧૪-૪-૭૮

મલાડ વેસ્ટ, મુંબઈ.

ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રગટ પ્રભુ **તમારા ચરણભક્ત મહેન્દ્રકુમારના કોટિદંડવત્પ્રણામ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** આપ ભગવાનના દર્શનથી મને કાયમી ભજન ભક્તિનો આનંદ વધ્યો છે, અખિલભૂમંડલી વાંચું છું, આંખ્યો વીંચીને તમોને જોતો જોતો કીર્તન ગાઉં છું, મારા રૂમમાં તમો શ્રીહરિ નજરે દેખાવ છો, મારી રક્ષા કરજો, ભૂલચૂક માફ કરજો, લિ. મહેશના જયસ્વામિનારાયણ. પૂર્ણ પુરુષોત્તમ ઘનશ્યામ મહારાજની જૈ, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૨૨ તા. ૧૮-૪-૭૮

રોહીશાળા.

સેવક લવજી મોતીલાલ તથા ભૂપેન્દ્ર બધાના જયસ્વામિનારાયણ વાંચજો, પરમપૂજ્ય શ્રીહરિ શ્રીજીમહારાજ ભગવાન ગુરુદેવ આપની દયાથી સુખ શાંતિ છે, દર્શને ત્યાં આવવું છે, ઉત્સવમાં આવીશ, દર્શન આપજો, નાનો બાબો આનંદમાં છે, તમારું ભજન કરિએ છીએ, મને સુવાસ ચઢે છે મટી જાય તેમ કરજો, આપ ભગવાનને અમારા સર્વેના દંડવત્ વાંચજો, પત્ર લખજો, દયા કરજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૨૩ તા. ૨૮-૪-૭૮

મસ્કત, દુબઈ.

સ્વસ્થાન દિવ્યભવનમાં વિરાજમાન દયાળુ સ્વભક્તિ તથા મુક્તિ આપનારા પ્રગટ શ્રીહરિકૃષ્ણ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણની સેવામાં, **મસ્કતથી લિ. સેવક નારાયણ મોહનભાઈના દંડવત્ વાંચજો,** આપની દયાથી મસ્કતમાં મને કંપની સારી મળી છે, રહેવા ખાવા પીવાં ન્હાવા ધોવાની સગવડ સારી છે, ત્રણ કલાકે મસ્કત આવી શનિવારે કામ ઉપર ચઢ્યો છું, તમો એક જ રક્ષા કરનારા ભગવાન છો, દર્શન દેજો, આંહી કચ્છી હરિભક્તો ઘણાં છે, સત્સંગ કરે છે, તમો ભગવાન મારી ભેળા રહેજો, સેવક નારણના કોટિ દંડવત્ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચશો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૨૪ તા. ૫-૫-૭૮

જામવણથળી.

હરિલાલ ઓધવજી ખોલિયાના ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ, શ્રીસ્વામિનારાયણ ભગવાન આપનો સદા જય હોજો, અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ પ્રગટ પરમાત્મા સર્વેના સ્વામી સર્વેના નિયંતા સર્વેના સ્વામીશ્વર અધિપતિ, અવતારોના અવતારી એવા પ્રગટ ગુરૂ શ્રીહરિ પરમાત્મા પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીસ્વામિનારાયણમહારાજ તમો અમારા સર્વેના ઘણાં જ હેત સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચજો, દંડવત્પ્રણામ વાંચજો, ચરણસેવક દાસ હરિલાલ તથા અમારા સહકુટુંબીઓના દંડવત્પ્રણામ વાંચજો, અમો સર્વે ભક્તિ ભજન કથા ઉચ્છવ ફુલવાડીએ કરીએ છીએ, અમારા શુભ લગ્ન ૨૦૩૪ વૈશાખ શુદ ત્રીજ બુધવારે તા. ૧૦-૫- ૭૮ના નિર્ધાયા છે, તો અમોને સારા આશીર્વાદ આપજો, ભગવાન અમારી રક્ષા કરજ્યો, દર્શન દેજો, નિર્વિઘ્ન વિવાહ ઉકલી જાય તેમ નજર રાખજ્યો, પત્ર લખજ્યો, પંદર દિવસો પહેલાં તમારા દિવ્યદર્શન થયા હતા, ફળીમાં હરતા ફરતા હતા, તમારા ચરણોને જળકળશથી ધોઈને ચરણામૃત લીધું તેટલામાં તમો અલોપ થઈ ગયા, પછી મંગળ કાર્ય થશે એમ અમોને જણાણું તે આ વિવાહ પ્રસંગ થયો છે, રક્ષા કરવા આવજો, અમારા માવતર ઓધવજીભાઈ વગેરેએ દંડવત્ સાથે જયસ્વામિનારાયણ કહ્યા છે.

❖❖❖❖❖

પત્ર નં.-૩૨૫ તા. ૨-૪-૭૭

સ્વામીશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શિક્ષણસંસ્કારભવન, કુંકાવાવ, અમરેલી સૌરાષ્ટ્ર.

વિશ્વવંધ સ્વામીજીશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની આશિષો સાથે તેમના હસ્તે લખાએલ નિવેદન એ છે જે - સ્વામીશ્રીકૃષ્ણવલ્લભાચાર્ય - શિક્ષણસંસ્કારભવનના ૧૬ રૂમોનું બાંધકામ પૂરું થવા આવ્યું છે, આ કામમાં આપનો ઉદાર હાથ લમ્બાવી મહારાજ આચાર્યશ્રીની કેળવણી પ્રત્યેની ભાવનાને સફળ બનાવવા રૂ. ૧૦૧ અર્પણ કરી વિદ્યા દાનમાં ભાગ લેવા તત્પર હો, પ્રાર્થના રૂમમાં આપની રકમ સાથે નામ આરસ તકતીમાં કંડારાશે, **વિનમ્ર સેવક લક્ષ્મણ ભક્ત સુખડિયા.**

❖❖❖❖❖

પત્ર નં.-૩૨૬ તા. ૧૨-૧૨-૭૭

મગધ યુનિવર્સિટી, બુધ ગયા, બિહાર.

પ્રિયસાહેબશ્રી, ઉપેન્દ્ર ઠાકુરના સાદર નમસ્કાર, શ્રીસ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યશ્રીમહારાજને માટે પી. એચ. ડી. જરૂર આંહીની યુનિવર્સિટી દ્વારા આપવા યત્ન શીલ છું તત્ત્વપ્રભાવલીગ્રંથ તે માટે સંપૂર્ણ સહાયક છે કોઈ

પ્રકારની શરત વિના તેવા મહાનવિદ્વાન કાશીમાન્ય મહાપંડિત માટે તે કાર્ય ઉચિતજ છે, હું અવશ્ય કરાવી આપીશ, સ્વામીજીના આપના સેવક ઉપેન્દ્રકુમાર ઠાકુર.

❖❖❖❖❖

પત્ર નં.-૩૨૭ તા. ૪-૪-૭૮

રાજકોટ, સૌરાષ્ટ્ર.

શ્રીઘનશ્યામ લક્ષ્મીશંકર ભટ્ટ, એસ્ટ્રોલોજર અને પામીસ્ટ, ભાગવતભૂષણ.

શ્રીસ્વામીજી મહાપ્રભુજી રાજકોટમાં આપ દિવ્ય મૂર્તિના સચિન્હ બધાં દર્શન કર્યા હતાં, દેવતાઈ પરમપુરુષ, વેદ વેદાન્ત વ્યાકરણ ન્યાય વૈશેષિક મીમાંસા સાંખ્ય યોગ આદિ દર્શનશાસ્ત્રોમાં પારંગત વિદ્વજ્જનાગ્રગણ્ય, ભક્તિપ્રચારક, મહાપુરુષ, ભગવત્ કૃપાવતાર, શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજીમહારાજ પ્રતિ, સાદર નમસ્કાર. કૌશિક ગોત્રીય છું, કાશીમાં વ્યાકરણ સાહિત્ય પુરાણ જ્યોતિષ આયુર્વેદ વેદાંત ભણેલો છું, સનાતનધર્મોપદેષ્ટા છું, આપની કૃપાવડે સુખસંપત્તિ સંતતિ આરોગ્ય ધાર્મિક કાર્ય પરાયણ છું, આપ સમાન સંતપુરુષ ઈશ્વરથી પણ સમર્થ છો, એમ માનું છું, મારા બનેવી કુંકાવાવનિવાસી એન્જિનિયર બળવંતભાઈ પંડ્યાએ આપના દર્શન કર્યા છે, આપે કાશીમાં સન્માન મેળવેલ તે સંસ્કૃત પત્રોમાં મેં વાંચેલ, આપ જેવા દેવતાઈ પરમપુરુષોના આશીર્વાદો ચમત્કારો આર્તજનોના સુખશાંતિ માટે સિદ્ધજ સંભળાય છે.

આપની સામે આવવા વડે પાપીઓનાં પાપો પણ પુણ્યસ્વરૂપે ફેરવાઈ જાય છે, દોષો નિર્દોષ સ્વરૂપે થાય છે. આપની કૃપાવડે સર્વ અશુદ્ધિ પણ શુદ્ધિ થાય છે. વિદ્વદવર્યોમાં આપ શ્રેષ્ઠ પ્રકાંડ વિદ્વાન છો, આપથી કૃપાદાન ક્ષમાદાન ઇચ્છું છું, ફરીથી વારમવાર દર્શન ઇચ્છું છું, કૃપાદૃષ્ટિ આશીર્વચન ઇચ્છું છું, આપનો કૃપાભિલાષી પંડિત ઘનશ્યામજી લક્ષ્મીશંકર ભટ્ટના પ્રણામ, 'નહિ કલ્યાણકૃત કશ્ચિત્ દુર્ગતિં તાત ગચ્છતિ', આપના ચરણોમાં બે મત્સ્યસહિત ઉર્ધ્વરેખાઓ કમળો પદ્મચિન્હો આદિક ઘણાં છે, તથા કરકમળોમાં ધનુષ્ય બાણ ત્રિશૂળ સ્વસ્તિક ધ્વજ મત્સ્ય ચક્ર આદિ આદિક ચિન્હો મેં સાક્ષાત જોયાં છે, ત્યારથી આપને ઈશ્વરાવતાર માનું છું, તેથી વધારે મુક્તાવતાર બ્રહ્માવતાર વ્યાસાવતાર પરમેશાંશ માનું છું, આપના દર્શનો વડે મને આત્મીયશાન્તિ વધે છે, ભૂમિ ઉપર શ્રીકૃષ્ણસ્વરૂપ મહાપ્રભુજી છો, વારમવાર આપના દર્શન કરતો રહીશ, કૃપાપાત્ર ઘનશ્યામને ઘનશ્યામમૂર્તિમાં જોડી દેજો, શુભમ્.

❖❖❖❖❖

પત્ર નં.-૩૩૦ તા.૨૭-૧-૭૮

મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ.

પૂજ્યપાદ શ્રીમાન્ પંડિતવર્ય, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહોદયના ચરણોમાં, જયશ્રીસ્વામિનારાયણ સ્મરણપૂર્વક પ્રણતિતતિ સ્વીકાર, શ્રીમાન શાસ્ત્રીજી ! આપનું સંક્ષિપ્તજીવન સંસ્કૃત તથા ચાર ગ્રંથો મને મળ્યા છે, આપનું જીવનચરિત્ર સંસ્કૃતભાષામાં અથવા આંગ્લભાષામાં લખવા ઇચ્છું છું, ગઈ કાલે ભાગવત પારાયણમાં હું જુનાગઢ આવેલ પણ સમય ન મળવાથી આપના દર્શનનો લાભ લઈ શક્યો નથી, આપના ચરણરજ ઇચ્છુક એવા મને ક્ષમા આપશો, **કેશવરામ કાશીરામ પદ્મભૂષણ શાસ્ત્રીના જયસ્વામિનારાયણ સ્મરણપૂર્વક સાદર પ્રણામ.**

❖❖❖❖❖

પત્ર નં.-૩૩૧ તા. ૪-૫-૭૮

શારજાહ, દુબઈ.

ઓં અનાદિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમ:. સ્વીય નિવાસવિભૂતિ જુનાગઢ સ્થળે વિરાજમાન શ્રીપ્રગટભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંત પાર્ષદ મંડળ સર્વેને, **દુબઈ શારજાહથી લિ. દાસાનુદાસ વસરામ લખમણ મકવાણા તથા શ્રીહરિશરણાગતિમંડળના હેતપૂર્વક જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** આપ પ્રગટ ભગવાન ગુરુજીની કૃપાથી મજામાં છીએ, આપની ભક્તિ ભજન કથા કરીએ છીએ, જુનાગઢના ભર્યામાં કંપની આવવા દે તેમ નથી, બે વર્ષ પછી છૂટી મળે, વાર છે. ઓધવજી તથા તુલસીને સારી કંપની છે, આપની દયાથી સારું આરોગ્ય થઈ ગયું છે, આશીર્વાદ લખજ્યો, બસ વશરામ લખમણના જયસ્વામિનારાયણ વાંચજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૩૨ તા. ૨૭-૪-૭૮

અજમાન, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમ:

શ્રીનિવાસ જીર્ણગઢ મધ્યે પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણભગવાન પ્રતિ **અજમાનથી લિ. સેવક નાનજી લખમણ તથા શ્રીહરિશરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચશોજી,** આપના આશીર્વાદો વડે અમો સુખી છીએ, તબીયત સારી છે, કમાઈ ઘણી આપી છે, હવા પાણી સદી ગયાં છે, તમારી ભક્તિ ભજન પૂજા થાળ કરીએ છીએ, બરોબર નજર રાખજો, દર્શન દેતા રહેજો. આંહીથી ૨૦ જણા તથા શરણાગતિમંડળના ભગવાન શ્રીકૃષ્ણનારાયણના ચરણોમાં દંડવત્પ્રણામ વાંચશો, સેવા બતાવજો, બસ એજ, દર્શન દેજ્યો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૩૩ તા. ૮-૫-૭૮

કુલપતિ નિવાસ, સંપૂર્ણાનંદ વિશ્વવિદ્યાલય, વારાણસી.

દર્શનકામ:, વિદ્વદવર્ય મહામહોપાધ્યાય, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ જુનાગઢ, ભગવાનના અનુગ્રહવડે મારા પૌત્ર ચિ. ગુડ્ડુ તથા છોટુના યજ્ઞોપવીત સંસ્કાર વૈશાખ શુકલ તૃતીયા બુધવારે તા. ૧૦, મઈ, ૧૯૭૮, પ્રાત: ૮ વાગ્યે થશે. આપ શ્રીદર્શન અને આશીર્વાદ આપવા તથા બટુકોનું સંવર્ધન વિશેષરૂપે કરવા પધારશોજી, દ : **વિશ્વનાથ શુકલ બદરીનાથ શુકલ.**

આપશ્રી કાશીના વિદ્વાન વૃંદમાં અગ્રગણ્ય પ્રકાંડ સર્વશાસ્ત્રસંપન્ન પ્રસિદ્ધ સન્માન્ય વિદ્વાન છો, આપના પધારવા વડે કાશીના અમારા શુભ પ્રસંગ ઉપર યોજાએલી વિદ્વત્સભા વિશેષ શોભા ધરાવનારી થશે, અનેક વિદ્વાનો આપના ગ્રંથો ભણે ભણાવે છે, તેઓ આપના નામથી પરિચિત છે, આપની દિવ્ય મૂર્તિના દર્શન ઇચ્છે છે, આપ ભારતના વિશ્વવિખ્યાત જગતવંદ્ય સંતમૂર્તિ પધારશો તો કાશીના વિદ્વાનોને ઉલ્લાસ અતિશય વધશે, આપના દર્શન સેવા અભિલાષુક આશીર્વાદ આકાંક્ષી રાજેશકુમાર બદરીનાથ શુકલ, મારા પિતાજીએ કહ્યું છે - મારાથી તથા કાશીના વિદ્વાનોથી પણ વધારે ધુરંધર પણ્ડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી છે, તેમની ઉપસ્થિતિ અનિવાર્ય છે, જરૂર આગ્રહપૂર્વક લખીને બોલાવવા, તેથી આપને લખ્યું છે, જરૂર પધારજો, સત્કાર પણ થશે.

❖❖❖❖❖

પત્ર નં.-૩૩૪ તા. ૧૦-૫-૭૮

દુબઈ.

દુબઈથી સેવક નારણ કરશન ચૌહાણના તથા શરણાગતિમંડળના આપના ભક્તોના ભક્તોના જયસ્વામિનારાયણ વાંચજો, આશીર્વાદ લખજો, ભૂલ માફ કરજો, રજા મળે તેમ નથી સમૈયે નહિં અવાય, દિવ્યદર્શન આપજો, આપ ભગવાન અમારી સંભાળ રાખજો, તીર્થના કાનજીભાઈ તથા પોપટભાઈ તા. ૧-૫-૭૮ દુબઈ આવ્યા છે, શુક્રવારે મળ્યા હતા, તબીયત સારી છે, એજ આંહીથી પ્રાગજી દેવશી ચોટલીયા, ભીખાલાલ ડાયા ચોટલીયા, કાનજી નારણ ચોટલીયા, બાબૂલાલ વેલજી મનાણી, મગનલાલ રામજી ચૌહાણ, કાન્તિલાલ લીરા ચૌહાણ, અમરશી લીરા ચૌહાણ, જાદવજી હીરજી ગાંગાણી તમામના શ્રીહરિશરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચજો, દર્શન આપજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૩૫ તા. ૧૦-૫-૭૮

શારજાહ, દુબઈ.

પ્રગટ અનાદિશ્રીકૃષ્ણપુરુષોત્તમ નારાયણને નમો નમઃ, શ્રીહરિને નમો નમઃ

સ્વામિનારાયણ ભગવાનને હરઘડિએ યાદ કરનાર **વેકરીયા કરશન હીરજી માધાપરના તથા શ્રીહરિશરણાગતિમંડળના પ્રેમથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ વાંચશો,** હે કૃપાળુ હે નાથ પ્રગટનું અનુસંધાન રહે ઉપાસના વધે તેવું બળ આપજો, તા. ૫-૫-૭૮ અમારે મુકામે પ્રગટની ભક્તિ કીર્તન સત્સંગ સમૂહ ભોજન કર્યાં છે, પત્ર આશીર્વાદ લખજો, **સારજાહ દુબઈથી જયંતીલાલ વગેરેના જયશ્રીકૃષ્ણનારાયણ વાંચજો, એજ.**

❖❖❖❖❖

પત્ર નં.-૩૩૬ તા. ૧૦-૫-૭૮

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુજીને નમો નમઃ

શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય, શ્રીસ્વામિનારાયણાચાર્યજીને નમો નમઃ, **દુબઈથી સેવકો પોપટલાલ તથા કાનજી ભગત વગેરેના જયસ્વામિનારાયાણ વાંચજો,** આપ પ્રભુ અંતર્યામી છો, અમો આંહી તા. ૧-૫-૭૮ સાંજે પહોંચ્યા છીએ, આશીર્વાદ આપજો, તમારો આધાર છે, અમો કામ કરતાં પણ તમોને તમારી મૂર્તિને ચિન્તવીએ છીએ, પાટોત્સવ ઉપર નહિં અવાય, એજ, દર્શન આપજો, ધ્યાન રાખજ્યો, કાનજી મુળજી સોજિત્રા, તથા પોપટ નાથા ગેવરીયાના જયસ્વામિનારાયણ વાંચશો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૩૭ તા. ૧૨-૫-૭૮

દુહાકટાર, દુબઈ.

દુહાકટારથી ભગવાનજી હીરજીભાઈના જયશ્રીસ્વામિનારાયણ વાંચશો, પંચાંગ મળ્યું, બીજા વરસની વીઝા મળે તેમ આશિષ દેજો, તમો ભગવાન અમારી નજર રાખજ્યો, તુરત કાગળ લખજો, તમારું ભજન કરીએ છીએ અમો સુખી છીએ, અમારા બાપુજી ત્યાં આવશે, તમારો ઉચ્છવ શુક્રવારે કરિએ છીએ, દર્શન આપતા રહેજો, શરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૩૮ તા. ૧૫-૫-૭૮

દુબઈ.

પ્રગટભગવાનનો જય હો, અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

દુબઈથી વીરજી ડાયા તથા ટપુલાલના જયસ્વામિનારાયણ વાંચજો, અમો ઇન્ડયા આવશું પાટોત્સવમાં દર્શને પહોંચી જશું, વીરજી ડાયા ચોટલિયા સામપરના જયસ્વામિનારાયણ વાંચશો, શ્રીહરિશરણાગતિમંડળના દંડવત્ સાથે જયસ્વામિનારાયણ વાંચશો, આપ અધમ ઉદ્ધારણ છો અમારી નજર રાખજ્યો, પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

❖❖❖❖❖

પત્ર નં.-૩૩૯ તા. ૧૮-૫-૭૮

દુબઈ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ પ્રગટશ્રીસ્વામિનારાયણને નમો નમઃ, ગુરુજીભગવાન ! આપના આશીર્વાદથી સુખી છું, અમારા કુટુંબના જયસ્વામિનારાયણ વાંચજો, તમો જ સાચા ભગવાન છો, સાચા ઘનશ્યામ છો, તમારી કૃપાથી બહુ જ સારું છે, તમો જ ડૉક્ટર છો તમો જ ઈશ્વર છો, માટે તમારા આશીર્વાદથી મને સારું છે, તમો પ્રભુ દુઃખના ટાળનારા છો, સુખના આપનાર છો, દઃ **જયંતીલાલ રતનશી, નારાયણ રતનશી, જીરાગઢવાળાનાં જયસ્વામિનારાયણ વાંચજ્યો.**

❖❖❖❖❖

પત્ર નં.-૩૪૦ તા. ૨૨-૫-૭૮

દારેસલ્લામ ટાંઝાનિયા.

સ્વસ્વરૂપમાં વિરાજમાન ભગવાન શ્રીસ્વામિનારાયણના ચરણકમળો વડે અંકિત તીર્થગિરિમાં કૃતનિવાસ સંતશિરોમણિ પ્રાતઃસ્મરણીય, શ્રીરાધારમણદેવના સાર્ધશતાબ્દિમહોત્સવસમતિના પ્રમુખપૂજ્ય પ્રમુખશ્રી તથા નવા સભામંડળના બાંધકામના પ્રમુખશ્રી શાસ્ત્રીજી સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વગેરે પ્રતિ **દારેસલ્લામ ટાંઝાનિયા સ્વામિનારાયણ મંડળના પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ વાલજીભાઈ તથા મોહનલાલભાઈ આદિકના જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** ત્યાંના પાટોત્સવના સ્વયંસેવકો હરિભક્તોએ સેવા જે કાંઈ બજાવી છે, તે સંતોદ્વારા સાંભળીને રાજી થવાશે, આશીર્વાદો આપજો, લિ. માનદ્ મંત્રીના જયસ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૪૧ તા. ૨૮-૫-૭૮

દુબઈ.

અનાદિ અક્ષરપતિ સ્વસ્વરૂપસ્થ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ભગવાનને નમો નમઃ, પ્રગટપુરુષોત્તમ અક્ષરધામના પતિ સમગ્રવિશ્વસંચાલક પરદુઃખભંજન પરનારાયણ મહારાજ આપના ચરણોમાં **સેવક પોપટલાલ તથા કાનજી ભગત સદા ધ્યાનથી પ્રત્યક્ષ સાકાર મૂર્તિનું સ્મરણ કરી રહ્યા છીએ,** પ્રભુ આપનો આશીર્વાદ મળ્યો અને બન્ને બહુ જ હર્ષમાં આવી ગયા છીએ, આંહી ટપુલાલ ભગત, દેવજી ભગત, દયાળઝી ભગત, કચ્છીહરિભક્તો મળ્યા છે, આપના આશીર્વાદથી પત્રો પણ સંભળાવ્યા હતા, કામકાજ સારાં છે, આપની અપાર દયાથી શરીરે સારું છે, તમોએ હાથ ફેરવ્યો તેથી પક્ષઘાત મટી ગયો છે, આપ તો અલૌકિક ભગવાન છો, અવતારી પ્રભુ છો, ભૂલ માફ કરજો, આપ માવતર પરમ પિતા વિશ્વના રચનારા છો, આપના બાળકો કાનજીભાઈ તથા પોપટલાલના જયસ્વામિનારાયણ વાંચજ્યો, રક્ષા કરજ્યો, દર્શન દેજ્યો, જયશ્રીકૃષ્ણનારાયણ કાંદીવલી પત્ર લખ્યો છે, પરદેશમાં તમારું જ ભજન થાય છે, આપને પ્રતાપે આ વરસથી આંહી વરસાદ થવા લાગ્યા છે, આપની અકળકળા છે, આપના ભક્તોનો પ્રતાપ પણ થોડો નથી, મેઘરાજા પણ રાજી છે, જય હો પ્રગટગુરૂજી ભગવાનનો જય હો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૪૨ તા. ૮-૬-૭૮

બેરીસ્ટર, એન. કે. ઇ. લીસ્ટર, ઇંગ્લેન્ડ.

મહાગુરુદેવ પ્રભુજી પરમેશ્વરતુલ્ય સર્જક રક્ષક ધારક આશીર્વાદક શ્રીહરિસ્વરૂપ વિશ્વવંદનીય પ્રખ્યાત કીર્તિ પરાત્પર પંડિત ત્રિકાલદર્શી શ્રીસ્વામીજી શાસ્ત્રીજીમહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ભારતના મહાચાર્ય સર્વવિદ્યાઓના મહાસાગર ભગવાનના ગુણોવડે સુશોભિતમૂર્તિ, **આપના ચરણોના દાસ એન. કે. ઇ. સેવકના દંડવત્પ્રણામ સહિત સર્વાર્પણ ભક્તિ સ્વીકારશોજી,** આપે મને મારા કુટુંબને ઘણો ઊંચે દરજ્જે પહોંચાડેલ છે, મારા માવતર આપની ભક્તિ કરે છે, કાયમ સંભારે છે, આપની મૂર્તિની પૂજા સેવા દર્શન થાળ વગેરે દરરોજ કરિએ છીએ, આપે અમારી ઘણી રક્ષાઓ કરી છે, આપના જ છીએ, આપ ઉગારજ્યો, આપે સામ્પ્રદાયિક તથા ધર્મોના ઘણા મોટા કામો કર્યાં છે, કાશીજીના મંદિર નિમિત્તે મહામહાવિદ્વાનોની સભાઓ બોલાવી યશ વધાર્યું છે, અભ્યાસના ગ્રંથો શિક્ષણ વિભાગમાં આપી કીર્તિ મેળવી છે, મહાવિશાળ ઇતિહાસો ફિલોસોફીઓ લખી જગતને આશ્ચર્ય ગરકાવ કરેલ છે, વિલાયતમાં પણ આપના ગ્રંથો જર્મન અમેરિકામાં મળે છે, સંસ્કૃત વિભાગમાં આપ

જગદ્‌વન્ય એક મહાન વિદ્વાનવર્ગ અને શિક્ષણ સંસ્થાઓ વિદ્યાલયો જેમને ઓળખે વખાણે તે જરૂર ઈશ્વરાંશી દૈવી પુરુષ હોય છે, આપ એ રીતે વિદ્વાનો દ્વારા યશસ્વી વર્તો છે મુંબઈના મહા પાટોત્સવમાં શતવર્ષીય મહા મહોત્સવમાં આપે વ્યાસપીઠ શોભાવી સંપ્રદાય ધર્મની કીર્તિ વધારી હતી, રાજ્યપાલ વિશ્વનાથન્ મહોદયે સ્વયં તે સભામાં સંપ્રદાયની સ્થિતિ સાથે આપણા ધર્મને ઘણો વખાણ્યો હતો, ભારતીય સમાચાર પત્રકારોની મહાસમિતિએ ઘણા સ્તુત્ય વિષયો જાહેર કરેલા સમસ્ત દુનિયાના અંગ્રેજી પેપર્સમાં પ્રગટ થયેલા આપના નામ સહિત વાંચવામાં આવ્યા હતા, આપશ્રીના ગ્રંથો તથા મહા મહાનિબંધ કાવ્યેની જાહેરાત તથા આપના અભિનંદનોની જાહેરાત તથા આપના દૈવીપણાની જાહેરાત વિશ્વના પેપર્સમાં પ્રસિદ્ધ થયેલી વંચાય છે, મોટી મોટી લાયબ્રેરીઓના વિભાગોમાં આપના ગ્રંથો વાંચવા મળે છે.

આપ જગત ઉપર સૂર્યસમાન પ્રકાશિત છો એમ આ યુગ આપને વધાવે છે, પ્રભુ સિવાય આટલી શક્તિ પ્રશસ્તિ બીજાને મળતી નથી, આપના આમંત્રણ પત્રો મળ્યા તથા દેશીઓના પત્રો પણ મળ્યા કરે છે, જુનાગઢમાં નવો સભામંડપ રચવામાં પ્રમુખપદે આપે બીરાજી તેનું પૂરું કાર્ય તથા ઉદ્‌ઘાટન આપને હાથે જ થયેલ છે, અમારા તરફથી તેમાં ચિત્રપ્રતિમા ઉપાડ કામ સાથે કરાવેલ છે તે વિદિત થયું, શ્રીસ્વામિનારાયણ ભગવાને ૧૫૦ દોઢસો વર્ષને ગાળે જુનાગઢ મંદિર તૈયાર કરેલ તેના નિમિત્તે મહામહોત્સવ મહાપાટોત્સવ કરાવવા તથા જુનાગઢ દેશના ત્યાગી ગૃહસ્થો વગેરેની મહાસભાઓ આપે છ મહિના અગાઉથી બોલાવિઓ તેમાં સર્વેશ્રેષ્ઠ પ્રમુખપદ આપે સ્વીકારી તેની મહામહોત્સવસમિતિ રચી, અને પેટા સમિતિઓ વિશેક રચીઓ, તેમને મહામહોત્સવના તમામ કામો આપે સોંપ્યા, અને ત્યાગી ગૃહી તમામે તે તે કાર્યો ઉપાડી લીધાં.

જુનાગઢના રાજ્યાધિકારી નાગરિકોએ સત્તાધીશોએ નિજ નાગરિક સભા આપના આમંત્રણ વડે યોજિત કરી અને તેમાં મહોત્સવ માટે શહેર શણગારવું, જળ પૂરું પાડવું, વિજળી પૂરી પાડવી, બસો અને રેલ્વેઓ પૂરી પાડવી, વિજળી લાઇટો પૂરી પાડવી, સમિયાણો તંબુઓ રાવટીઓ પૂરા પાડવાં, રસોઈના - વાસણો, રસોઈઆઓ પૂરા પાડવા, સ્વયંસેવકો પૂરા પાડવા, શહેરમાં અનેક સુસ્થાનોમાં ઉતારાઓ પૂરા પાડવા, પોલિસ સ્ટાફ સર્વત્ર પૂરો પાડવો, વાહનો પૂરા પાડવા, ભોજન પાણી ચાહ નાસ્તા, પાગરણ પૂરા પાડવા, રેડિયા કથા વ્યાખ્યાનો પૂરા પાડવા, યજ્ઞમાં પાંચસૌ બ્રાહ્મણો વિદ્વાનો યજમાનોને સગવડો પૂરી પાડવી, નરનારીઓ પાંચ લાખથી વધારે માણસોને કોઈ તકલીફ ન પડવા દેવી, મહા મોટા પ્રોસેશન ફુલેકાઓ કાઢવા, રાતદિવસો ભોજન ચાહ નાસ્તા આદિ ચાલુ જ રાખવા, હજારો વાહનોની સગવડો સાંચવવી, દવાખાનાઓ માર્ગદર્શકો લાઉડસ્પીકરો સુચકવર્ગો અને

દેવના કાયમી દર્શનો અભિષેકતના મહામહોત્સવના દર્શનો આચાર્ય વિદ્વાનોના સત્કારો સંતમંડળો વિપ્રમંડળો અતિથિઓના સત્કારો, સત્સંગિ મહેમાનો યાત્રાળુઓના સત્કારો યજમાનોના સેવા કરનારાઓના સત્કારો વગેરે વગેરે આપે વારમવાર સભાઓ ભરી ભરીને પ્રમુખપદ સાંચવીને સ્વર્ગીય રીતે સંચાલન કર્યું કરાવ્યું, આવી કુશળતા વિશ્વના અખબારોમાં ઘણી પ્રસિદ્ધ થયેલી વાંચવામાં આવી છે, ટા ઈમ્સ ઑફ ઇન્ડિયામાં ઘણું વાંચવા મળેલ છે, આપ તરફથી સમગ્ર સત્સંગમાં સમિતિ દ્વારા મોકલવામાં આવેલી દેશ પરદેશોમાં મળતી કંકોત્રીઓ વાંચી, આપે વ્યાસપીઠ સાચવ્યું, વગેરે વડે ઘણો આનંદ થયો છે, આપ તમામ સમિતિઓના દૃષ્ટા સંચાલક હેડ પરમપુરુષ હતા તેથી દેવો પણ તે મહોત્સવમાં હાજર રહેલા હશે, કારણ કે કોઈ વિઘ્ન થયાં જ નહીં.

આખા વિશ્વમાં જુનાગઢ સ્વામિનારાયણ મંદિરના દોઢસો વર્ષોના પાટોત્સવની મહતી કીર્તિ માણસે માણસે વ્યાપી ગયેલી છે, ન ભૂતો ન ભવિષ્યતિ એવો એ મહાયજ્ઞ થયો છે, દેશ-પરદેશોમાં સર્વત્ર વખણાય છે, આપ જેવા સમર્થ મહાવિદ્વાન મહામહોપાધ્યાય, ભારતભૂષણ, વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, દાર્શનિકપંચાનન, ષડ્દર્શનાચાર્ય નવ્યન્યાયાચાર્ય, સાંખ્યયોગતીર્થ, વેદાંતતીર્થ, મીમાંસાતીર્થ દાર્શનિકમાર્તંડ, સાહિત્યમનીષી, તાર્કિક વાચસ્પતિ M. A. Ph. D., D. Phil, D. Lit., આવા ડિપ્લોમાઓ વડે સુશોભિત દિગન્તકીર્તિ વિશ્વના મહાવિભૂતિ સ્વરૂપે દિવ્યમહાત્મા બિરાજો ત્યાં શી ખામી હોય, લાખો માણસો જમીને લાખો દર્શન કરીને કરોડોએ સાંભળીને પણ આનંદિત રસબસ થયા છે, આપ જેવા પરમ સંત પુરુષનો પ્રતાપ જાણવો, આપની આજ્ઞાઓ શિરધરી અસંખ્ય સંત હરિભક્તો અને પબ્લીક જનતાએ કારભાર ઉપાડી લીધા અને મહામહોત્સવ યશસ્વી સરજી દીધો એ આપમાં પરમેશ્વરના પ્રવેશ વડે થયેલ છે, એમ સર્વેને માનવામાં આવે છે.

કોઈ વિઘ્ન કલેશ તોફાન આપત્ વિના લાખોનો મહોત્સવ થયો તે ગણેશજી શંકરભગવાન વિષ્ણુ નારાયણ લક્ષ્મીજી સતી ધર્મ ભક્તિ ઘનશ્યામ દિકપાળો લોકપાળો ભૌતિક દેવતાઓ યજ્ઞનારાયણ અંગદેવતાઓ ગ્રહદેવતાઓ વગેરેનો મોટો રાજીપો અને સાથ સહકાર ગણાય, અગ્નિનો ભય નહિં, જળની તાણ નહિં, ભોજનોની છોળો ઉછળે, વાહનોના મેળાઓ દોડે, માણસોના મેરામણ ઉછળ્યા, ચાહ પાણી નાસ્તા ભોજન છાયાંની સ્વર્ગભૂમિ થઈ પડી, જ્યાં નકાર બોલાતો ન હતો, યજ્ઞ નારાયણના સુગંધિત ધૂપો સ્વર્ગ સુધી પહોંચ્યા હતા, વેદમંત્રો વિપ્રોદ્વાર ભગવાનના ધામોમાં કાનોમાં પહોંચ્યા, દૂરદર્શન દૂરશ્રવણ દૂરપ્રાપણ તો દેવોએ સાંચવ્યા હોય તેમ વપરાણા, ઘૃત દૂધની તો નદીયો વહેતી હતી, ભોજનોના પર્વત શ્રૃંગો શોભતા હતા, ભગવાનની બહુ જ મોટી મહેરબાની કહેવાય, દરરોજ સપ્તદિવસો જુદી

જુદી મોહનથાળ મેશુભ બુંદી વગેરેની રસોઈઓના મહા કુંડ સરોવરો ભર્યા હતા, ભોજનોના સ્વાદ મિષ્ટતા તો સમુદ્ર પારના દેશોમાં વખાણાવા લાગ્યા છે, ભારતને ભારે શોભાડ્યું, આપના વૃદ્ધાવસ્થામાં આપમાં પરમેશ્વર ઈશ્વરો દેવોના વાસ પ્રવેશ થયા, તેથી આ આવું મોટું સંચાલન સત્યસંકલ્પ સત્યકામ એવા તમોએ મહામહોત્સવના પ્રમુખપદે રહી નિર્વહિત કર્યું, આ બધો શ્રીઘનશ્યામ મહારાજ શ્રીહરિકૃષ્ણમહારાજ શ્રીરાધારમણદેવ શ્રીરણછોડ ત્રિકમજી શ્રીસિદ્ધેશ્વર મહાદેવ શ્રીહનુમાનજી શ્રીગણપતિ સર્વ બ્રહ્મચારી સંત પાર્ષદ હરિભક્તોનો દૈવી પ્રયાસ સફળ થયો. અમોને ઘણો આનંદ થાય છે, રાજ્યે, સ્વરાજ્ય દેવતાએ નિજકાર્ય માનીને આ મહાકાર્ય પાર પાડ્યું હોય એમ જણાય છે, આચાર્ય મહારાજ સંત સદ્‌ગુરુઓ બ્રહ્મચારીઓ પાર્ષદો કોઠારિઓ મંત્રીઓ સમિતિઓ સ્વયંસેવકો સ્વયંસેવિકાઓ સત્સંગમંડળો શહેરીમંડળો રાજ્યમંડળો ચેતન અચેતન તમામ વર્તુલોને સંભારીને અમારા દંડવત્ પ્રણામ નમસ્કાર પહોંચે, એમ શ્રીજી મહારાજ પ્રતિ પ્રાર્થના કરી વિરમું છું, અમારી ખબર રાખતા આવ્યા છો એ રીતે જ રાખજો, ખુશી ખબર લખજો, દર્શન પૂજન ભક્તિ બને તેટલી કરિએ છીએ, સુખી છીએ, દેશમાં આવવા વિચાર છે, દર્શને આવીશું, ભગવદિચ્છા બલવતી, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૪૩ તા. ૧૭-૬-૭૮

ફુગાવાડી, પુના.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમ: **ફુગાવાડીથી ચરણકમળ સેવક મોહનલાલ રતનશીના શ્રીહરિશરણાગતિ મંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો,** અમારી તરફ દૃષ્ટિ રાખજો, અમોને દુબઈમાં એક મહીનો તમારી મૂર્તિમાં નિર્વિકલ્પ સમાધિ જેવું રહ્યું અને બહુ જ સુખ મળીયું, અમો તમોને આત્મનિવેદી ભક્ત અર્પણ છીએ તમારામાં અખંડવૃત્તિ રહે તેમ ખેંચજો, દુબઈ ભરતી મોળી થઈ ગઈ છે, સુરતના રામજી ટપુ તથા વેલજી ભગત દુબઈની તૈયારીમાં છે, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૪૪ તા. ૧૩-૬-૭૮

જામવણથળી.

પ્રગટ ભગવાન અંતર્યામી પ્રભુજી શ્રી કૃષ્ણનારાયણને રામજી જેઠાના દંડવત્, મહારાજ અમારા બાપા ઓગણીસ દિવસ થયા અનાજ મુકીને ભજન કરતા કરતા તમારા દર્શન થયા અને ધામમાં ગયા, બધાને કહેતા ગયા શાસ્ત્રીજી મહારાજ

પધાર્યા છે હું જાઉં છું એમ કહીને તા. ૧૩-૬- ૭૮ના સવારે ૧૧.૩૦ વાગ્યે ધામમાં ગયા છે, શાસ્ત્રીજી મહારાજ પૂના તમો દિવ્યરૂપે આવીને મારે ઘેર રસોઈ જમી ગયા, તે દર્શન થયા જ કરે છે, દ: દામજી માસ્તરના જયસ્વામિનારાયણ, બાપાને અક્ષરધામમાં રાખજો એવી પ્રાર્થના છે.

❖❖❖❖❖

પત્ર નં.-૩૪૫ તા. ૧૦-૬-૭૮

મુંબઈ.

રાજેશ ચમનલાલ ટાંક, અમૃતલાલ મેઘજીના ભાણેજ.

શ્રીશાસ્ત્રીજીમહારાજ આપ ભગવાન છો, આપના પ્રમુખપદે પાંચ લાખ માણસોએ પાટોત્સવનો લાભ લીધો. ભારતમાં ઘરે ઘરે માણસે માણસે વખણાય છે, ન ભૂતો ન ભવિષ્યતિ અભૂતપૂર્વ મહોત્સવ થયો છે, જિંદગીમાં સંભારે તેનો મોક્ષ થઈ જાય, અમોએ હોંશે હોંશે ભાગ લીધો છે, તેવા દર્શનથી અમારે જીવનને સોનેરી ભાતું મળ્યું છે, સ્વામીજી ! ગુરુ મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રગટ પ્રભુજી ! હું ૮૦૦માં નોકરી કરું છું, આશીર્વાદ આપો તો ઉંચે દરજે વધાય, મારા ભાઈઓ બહેન વડોદરામાં ભણે છે, મારા માતુશ્રી પુષ્પાબેન શિક્ષિકા છે, બધા ઉંચે દરજે છે, આપ શ્રીજી મહારાજે અમારા ઉપર ઘણી કૃપા કરી છે, આપના પૂજાપાઠ નિત્ય કરું છું, આપણા ગ્રંથો વાચું છું સુરતમાં આપના દર્શન કર્યા પછી બધાં સારા વાનાં થયાં છે, આશીર્વાદ લખજ્યો, ધ્યાન રાખજો, આપ ભગવાન રાજી રહેજો. દસ્કત રાજેશના જયસ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૪૬ તા. ૨૪-૬-૭૮

ધોરાજી.

સેવક રેવાશંકર જેરામ તેરૈયા, ધોરાજીથી ભગવાન પ્રત્યક્ષપ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ શ્રીકૃષ્ણના પ્રતિ સેવકો રેવાશંકરભાઈ તથા કિશોર, રમેશ તથા કુટુંબના જયસ્વામિનારાયણ વાંચશોજી, આપની ચરણ સેવા મળી, બધા રાજી થયા છીએ, અમારે બધાને અષાઢના પુનમ ઉપર ગુરૂપૂજા કરવા આવવું છે, જરૂર આવશું, શુભ આશીર્વાદ આપજો, ચમત્કારનાં દિવ્યદર્શન આપતા રહેજો, એજ સેવક રેવાશંકરભાઈ તથા બાળબચ્ચાઓના જયશ્રીસ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૪૭ તા. ૮-૧૦-૭૮

ધોરાજી.

શ્રી હરિસ્વરૂપ પ્રત્યક્ષપ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિશ્રી અંતર્યામી ભગવાનની સેવામાં **સેવક ભગવાન નાનજી કાચા ધોરાજીવાળાના ઘણા દંડવત્‌પ્રણામ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી,** કામધંધા માટે સારો ખટારો લેવો છે તો સારા આશીર્વાદો આપજો, બધા ઘર કુટુંબ સુખી રહીએ એવી પ્રાર્થના સ્વીકારજો, ભજનભક્તિ થાય તેવી કૃપા પણ માંગુ છું એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૪૮ તા. ૬-૪-૭૮

ધોરાજી.

શ્રી મુકામ જુનાગઢ નિજધામમાં વિરાજમાન પ્રગટ પુરુષોત્તમ નારાયણ શાસ્ત્રીજી મહારાજ ભગવાનના ચરણોમાં કોટિ દંડવત્ સાથે જયસ્વામિનારાયણ વાંચજો. **ધોરાજીથી મીસ્ત્રી કાન્તિલાલ ધનજીભાઈ ગોહેલ તથા ચિ. ઘનશ્યામ તથા ઉમેશ તથા ઘર મંડળના જયસ્વામિનારાયણ વાંચશો.** મહારાજશ્રીને માલમ થાય જે નવો પ્લોટ લીધો છે, તેમાં મકાન બાંધકામનું મુહુર્ત લેવું છે, તો તમો પધારજો, મોટર લઈને તેડવા આવીશ, અને ખાતમુહૂર્ત તથા શિલારોપણમાં જળકળશ પ્રસાદીપુષ્પ સોપારી ચોખા વિગેરે પ્રસાદી લેતા આવવાની છે, નિર્વિઘ્ને મકાન બંધાઈ જાય તેવા આશીર્વાદ આપજો. ખૂશી ખબર મોકલાવજો. દ :- કાન્તિલાલ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૪૯ તા. ૧૦-૪-૭૮

ધોરાજી.

પ્રગટપ્રભુ શ્રીહરિકૃષ્ણમહારાજ ગુરુદેવ ભગવાન શ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણારવિન્દોમાં સેવક અભ્યાસ કરતો **દિનેશકુમાર ભીખુભા જીવાભાઈ ધોરાજીવાળાના અસંખ્યદંડવત્ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચશો,** પ્રભુજી આપની મૂર્તિને કાયમ સંભારું છું, દેખ્યા કરું છું, દરરોજ પૂજા કરું છું ખાવાપીવામાં આપને જમાડું છું. ઉંઘવામાં તમોને સંભારતાં સંભારતાં ઉંઘ લઉં છું, આજ દિવસ સુધી આપની કૃપાવડે પાસ થતો આવ્યો છું, આ વખતે ફર્સ્ટમાં થયો છું, મેં નિયમ લીધો છે જે ધોરાજી આવીશ ત્યારે ત્યાંથી પગે ચાલીને તમારે દર્શને આવીશ પછી આપની આજ્ઞા પ્રમાણે આગળ વધીશ, મારા બાપુજી ભીખુભાઈ જીવુભા સોલંકી તથા મારા ભાઈઓ રમેશકુમાર તથા વિજયકુમાર વિગેરે કુટુંબના જયશ્રીસ્વામિનારાયણ વાંચજો, દયા રાખજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૫૦ તા. ૧૮-૬-૭૮

ગામ લતીપુરા, જીલ્લો વડોદરા.

સ્વસ્થાન શ્રીજુનાગઢ વિરાજિત શ્રીહરિ શ્રીકૃષ્ણભગવાન શ્રીઆચાર્યજી મહારાજ ગુરૂવર્યના પ્રતિ **ગામ લતીપુરા જીલ્લો વડોદરાથી લિ. આપનો ભક્ત મફતભાઈ તેમના ભાઈ સોમાભાઈ તથા અમારા કુટુંબના જયશ્રીસ્વામિનારાયણ વાંચજો,** ઘણાં ઘણાં દંડવત્ પ્રણામ સ્વીકારજો, ભગવાન પ્રભુજી આપના આશીર્વાદે બધા આનંદમાં છીએ, આપના દર્શને આવતે અઠવાડિયે આવીશ, આપને ત્યાં તો પાટોત્સવ દોઢસો વર્ષનો થયો તે દેશોમાં માણસોમાં ઘણો વખણાય છે, મારાથી આવી શકાયું નહિ, આંહી વરસાદ સારા છે, શ્રી ધીરૂભાઈ તથા અમારા ભાણેજ હેમંતભાઈ ગૌતમભાઈ શનિભાઈ વગેરે આનંદમાં પોતપોતાના કામો ઉપર છે, અમારા બાળબચ્ચાં કુટુંબનાં જયસ્વામિનારાયણ વાંચજો, આપ પ્રભુજી અમારી નજર રાખજો રક્ષા કરતા રહેજો, દર્શન આપતા રહેજો અને કામકાજ ખુશી ખબર આશીર્વાદ લખતા રહેજો, એજ, મફતભાઈના જયસ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૫૧ તા. ૨૩-૬-૭૮

રાજકોટ.

રાજકોટથી શ્રીગુરૂજી પ્રભુજી ભગવાનના ચરણકમળનો સેવક ગૌરીશંકરના જય સ્વામિનારાયણ વાંચજો, વરસાદ સારા છે, અમારી તબીય સારી છે, તમારું ભજન કરીએ છીએ, તમારી દિવ્યમૂર્તિના પૂજા પાઠ કરીએ છીએ, અષાઢમાં દર્શન માટે આવીશું, રક્ષણ કરતા રહેજો, આશીર્વાદ આપજો સુખી રહીએ, દર્શન આપતા રહેજો, એજ, તમારા સેવક બાળબચ્ચાંઓ તમોને કાયમ પૂજન ભજન થાળ આરતી કરે છે, સંભારે છે, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૫૨ તા. ૨૬-૬-૭૮

દુબઈ.

શ્રીકૃષ્ણનારાયણ પરમાત્માને નમો નમઃ,

અનાદિ અક્ષરાતીત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહાપ્રભુજીને નમો નમઃ, સૃષ્ટિના સર્જક બ્રહ્માંડોના અધિપતિ સમગ્રવિશ્વસંચાલક અવતારના અવતારી કરૂણાસાગર પ્રગટપ્રભુજી ભક્તોની વ્હારે દોડનારા પ્રગટ પરચા પૂરનારા મારા વ્હાલા પ્રભુજીને **કુંકાવાવ તીર્થવાળા સેવકો પોપટલાલ તથા કાનજી ભગતનાં સદંડવત્ જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.** શ્રીહરિશરણાગતિમંડળે આપનો ઉપદેશ વાંચ્યો, 'બોલો, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજની જય' એમ બોલીને પત્ર માથે ચઢાવ્યો, બધા

આનંદમાં આવી ગયા, આપ દરેકના હૃદયમાં વસો છો ત્યાં બેઠા બંધુ નિરીક્ષણ કરો છો અણુએ અણુમાં તમારો વાસ છે, ભગવાનજીભાઈ રીયાધથી પત્રમાં સાક્ષાત્પ્રભુની લીલાના ચમત્કારો લખે છે, આપની કૃપાથી અમારે દિવસે રાત્રે ડબ્બલ કામ ચાલે છે, દીરામ ૧૧૨૦ છે, આપની કૃપાવડે પ્રભુજી આવું મળ્યું છે, ગોરા લોકોએ અમારું કામ ચાર દિવસ જોયું તેને પાસ પડી ગયું હવે અમને આઠ માણસો અમારા હાથ નીચે આપ્યા છે, કામનો રીપોર્ટ દેવાનો, ભગવાન નિરન્તર દિનરાત આપનું ભજન સ્મરણ કરીએ છીએ, મુશ્કેલી બિલકુલ નથી, પ્રભુ અમો ભાગ્યશાળી છીએ જે કૂકાવાવમાં જન્મવડે તીર્થકરી જીવો ઉદ્ધાર્યા. આપ તો વ્યાપક પરમેશ્વર છો, આપની શરણાગતિ મળી, આથી બીજો લાભ શું હોઈ શકે, સૃષ્ટિને આપ સરખી રીતે જુઓ છો, અમારું ધ્યાન રાખજ્યો, દોષ ટાળજો, સુતી વખતે આપનું ધ્યાન કરતા સૂઈ જાઈએ છીએ, આપની મૂર્તિ દેખાયા કરે છે, અમારા ઊંચા ભાગ્ય છે, અમો પ્રભુને સાક્ષાત્ પત્ર લખી રહ્યા છીએ, જયશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ, પોપટલાલ તથા કાનજીના તથા શરણાગતિમંડળના જયશ્રીકૃષ્ણનારાયણ, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૫૩ તા. ૧૫-૬-૭૮

દુહાકટાર, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ ભગવાન તમો પ્રગટ પ્રમાણે ભગવાન સત્ય છો, **દુહાકટારથી દાસભક્ત ભગવાનજી હીરજી લખમણ કાચાના એક હજાર દંડવત્ પ્રણામ ચરણકમળમાં સ્વીકારજો,** મારા બાપુજી આપના દર્શન કરવા આવશે ત્યારે તેમને આશીર્વાદ આપશો, અમોને બીજું વરસ આપની કૃપાથી કંપનીમાં મળી ગયું છે, અરજી ભગવાન આપે કહ્યું તેમ કર્યું તે સ્વીકરાઈ ગઈ છે, બહુ જ આનંદ થયો છે, આજે આપના સવારે જાગતાં દિવ્યમૂર્તિના દર્શન થયાં મારો જન્મ સફળ થયો, મને બધા ભય ટળી ગયા, ક્યારેક ખબર લેજો. હું પૂર્ણકામ થયો છું, સાંજસવાર આપનું ભજન કરું છું, ભગવાન મને પ્રત્યક્ષ ભગવાન જોવાની બહુ જ ઇચ્છા હતી તે આપ દેખાઈને રાજી થઈને તુરત જ અદૃશ્ય થઈ ગયા, બસ હવે તો તે આપની અંજવાળા ભરેલી મૂરતિને જ દેખું છું, દેશમાં વરસ પછી આવીશ, દરરોજ તમોને જમાડીને જમીશ, પાણી પીઈશ એવો નિયમ લીધો છે, મારી રક્ષા કરજો, આશિર્વાદ લખજો, હું તમારો છું મને ભેગો રાખજો, એજ, સેવક ભગવાનજી કાચાના જયશ્રીકૃષ્ણનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૫૪ તા. ૨૯-૬-૭૮

લીસ્ટર, ઇંગ્લેન્ડ.

લીસ્ટર, ઇંગ્લેન્ડથી દાસ પરસોત્તમ રૂપા વરૂના સ્વ ચરણકમળમાં દંડવત્ સ્વીકારશો, ભગવાન તમારા આશીર્વાદથી સુખી કુટુંબી સર્વે સુખી છીએ, અમો આપના રાજીપાથી બહુ જ આનંદમાં છીએ, મૂરતિમાં આપના દર્શન થાય છે, આપને વધારે રાજી કરવા છે આપને ભજીને આત્માને શાન્તિ લઈએ છીએ અમારો પત્ર આવે ત્યારે આશીર્વાદ લખજો, સર્વે કુટુંબના દંડવત્પ્રણામ વાંચજો દર્શન આપતા રહેજો. એજ પ્રાર્થના, નિશ્ચયમાં કસર નથી, એજ બાપા બહુ જ ધ્યાનમાં બેસીને તમોને જોયા કરે છે, પ્રત્યક્ષ પ્રમાણ શ્રીહરિ છો એમ કરતા હોય છે. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૫૫ તા. ૧૦-૯-૭૮

મસ્કત, દુબઈ.

સ્વસ્થાન શ્રી જુનાગઢ વિરાજમાન પરમદયાળુ કૃપાળુ પ્રગટ ભગવાન આલોક પરલોકના સાચા સગા અવતારી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સદ્‌ગુરૂની સેવામાં **મસ્કતથી આપના દાસનો દાસ બાણુગારવાળા ગોહેલ નારાયણ મોહન ઘેલાભાઈ કુકડીયાના કોટાનકોટિ દંડવત્પ્રણામ સ્વીકારજો,** હું રૂવીમાં આપના આશીર્વાદે હીમખીમ કુશળ છું, તબિયત ઘણી જ સારી થઈ ગઈ છે, રહેવા રૂમ, પંખા, વિજળી, લાઇટ, બાથ વિગેરે સારી સગવડ મળી છે, બીજું પગાર પણ સારો છે, આપ પ્રભુજીની હુલ્લાસથી સેવા થઈ શકશે, મારા ઘેરથી બધા જુનાગઢ મોટા પાટોત્સવમાં દર્શને આવ્યા હતા તેનો અમોને ઘણો આનંદ થાય છે. આપ ભગવાન હો ત્યાં ત્રિલોકિમાં જય જયકાર થાય જ, આંહીથી ગુરૂભાઈઓ સત્સંગીઓ સહનિવાસીઓના જયસ્વામિનારાયણ સહિત દંડવત્પ્રણામ અંગીકાર કરશોજી.

❖❖❖❖❖

પત્ર નં.-૩૫૬ તા. ૧૦-૯-૭૮

આબુધાબી, દુબઈ.

શ્રીબાળકૃષ્ણપ્રભુજીને નમો નમઃ, અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ, શ્રીદિવ્યધામ જુનાગઢ વિરાજમાન સુખસાગર મોક્ષદાતા અમારા વ્હાલા ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને **ચરણસેવક ઓધવજી લખમણ મકવાણાના અને શ્રીહરિશરણાગતિમંડળના દંડવત્ પ્રણામ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચજો.** અમારા વ્હાલા પ્રભુજીને વિનન્તિ જે તમારી દયાથી અમો આંહી આનંદમાં છીએ, ખૂબ જ સારું થઈ ગયું છે, પ્રભુજી તમારી માનતા કરી હતી તે ફળીભૂત થઈ છે,

તો આશીર્વાદ પત્ર લખજો, સેવા આધુધાબીથી મોકલીશ, હું રતિલાલ લાલજી, માવજી ભગત, નાનજી ભગત, વાલજી ભગત પાસે અજમાન ગયો હતો, વશરામ વિ. બધા મજામાં છે, સન્લીમાં પણ મળવા ગયો હતો, શ્રીહરિશરણાગતિમંડળ ખૂબ જ આનંદમાં છે, આ મારો પહેલો પત્ર છે ભૂલચૂક માફ કરજો, તમારું ભજન કરીએ છીએ, આજે સાત મહીના થયા સુખી છીએ, તકલીફ કાંઈ પણ નથી, આ બાજુ નજર કરતા રહેજો. અમારી સંભાળ રાખજો. છોરૂં ઓધવજી તથા શાન્તિલાલ વાઢેર બે જણ ભેગા છીએ, અમારા જયસ્વામિનારાયણ વાંચજો, આશીર્વાદ લખજો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૫૭ તા. ૧૦-૯-૭૮

જામવણથળી.

હે ભગવાન તમો અંતરયામી છો, શ્રીકૃષ્ણના વિયોગને ભક્તજનો સહન કરી શકતા નથી, આપના મુખારવિંદના દર્શન આપજો, ભેંસ ત્રણ માસથી વિયાણી છે. દૂધ સુકાઈ ગયું છે, ચાલુ થાય તેવા આશીર્વાદ મોકલજો, ફુલવાડીએ ધામધૂમે ઉત્સવ કરીએ છીએ, **રામપરીયા તુલસી ડાયાભાઈ તથા અમારા શાન્તિલાલભાઈના દંડવત્ વાંચજો,** બાપાશ્રી ભેંસનું ઘી જમે એવી માનતા કરી હતી તે મોહન ભગત સાથે મોકલ્યું છે જમજ્યો, પછી અમો જમવામાં વાપરશું. આશીર્વાદ પત્ર લખજ્યો, તમો ભગવાન ટેપમાં બોલો છો તે કથા સાંભળીએ છીએ, બે ફોટાઓ પાઘવાળો અને ચિન્હવાળો મોકલાવજો, શ્રીજી રક્ષા મોકલાવજો, અમારા બધાના દંડવત્ સાથે જયસ્વામિનારાયણ વાંચજો, દિવ્યદર્શન આપજો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૫૮ તા. ૧૪-૯-૭૮

મુલુન્ડ, મુંબઈ.

સેવક પ્રવિણ બચુલાલ સવજી સોલંકી અમારા દંડવત્ વાંચજ્યો, અમારા બાપ, મા, રમણિક, હરિભાઈ, વિનુભાઈ, કાનજીભાઈ, અરજણભાઈ વિગેરે આપણા સેવકોના દંડવત્ વાંચજો, માથું દુઃખતું મટી જાય તેમ કરશો, પગનું ઑપરેશન સારું થઈ ગયું છે, આપના ચરણસ્પર્શ દંડવત્ કરીને નિશાળે જાઉં છું, મારી નજર રાખજ્યો, ભગવાનને વધારે ન લખાય માફ કરજો, દર્શન દેતા રહેજ્યો, મારા માતુશ્રીને મુંઝવણ થાય રોવે તેમાં કાંઈક પ્રવેશ જણાય, જબાબ નથી દેતા, માટે નડતર ટાળજો, સારું થાય તેમ કરજો, શ્રીજી રક્ષા મોકલાવજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૫૯ તા. ૧૮-૯-૭૮

રાજકોટ.

પ્રગટ પ્રભુજી ભગવાનને **મગનલાલ ગંગદાસના દંડવત્. જયસ્વામિનારાયણ વાંચજો,** આપની દયાથી હિતેશને સારું છે, દયા કરો તો વધારે સાજો થાય ખાવા પીવામાં વધારે સારું થાય આપ ભગવાનનો આધાર છે. પૃથ્વીમાં પ્રગટ પરચા આપો છો દર્શન આપી સારું વધારે થઈ જાય તેમ કરજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૬૦ તા. ૧૯-૯-૭૮

જામવણથળી.

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ, અક્ષરધામના ધણી અનાદિ સર્વકર્તા સર્વનિયન્તા મહાપ્રભુજી ભક્તવત્સલ ભગવાનને **વ્રજલાલ લાલજી જાવિયાના અહોનિશ દંડવત્ સહિત જયસ્વામિનારાયણ વાંચવા.** ફુલવાડીએ ધામધૂમ સાથે ઉત્સવ તથા તમારું રટન ભજન કરિએ છીએ, થાળ ધરીએ છીએ, જળ ધરીએ છીએ, અમૃત વાણી ટેપમાં સાંભળીએ છીએ, અમો સર્વે શરણાગતિમંડળ આનંદમાં છીએ, તમારા રાજીપાથી સર્વે વાતે સાનુકૂલ છે, ૨૦૦થી વધારે સમૂહ સત્સંગ ધૂન્યભજન કરીએ છીએ, રણછોડ રવજી કાચાને ત્યાં આઠમ ઉત્સવ કરવો છે, પ્રભુ દિવ્યપણે રક્ષા કરજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૬૧ તા. ૧૪-૯-૭૮

ચાવડા.

પ્રગટ પ્રભુસ્વરૂપ કર્મફળપ્રદાતા સર્વનિયન્તા ભક્તવત્સલ પતિતપાવન, અધમ ઉદ્ધારક જ્ઞાનઘન આનન્દઘન શ્રીહરિના ચરણકમળોમાં **સેવક જયન્તિલાલના દંડવત્ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચશો,** બીજું પ્રાર્થના કે ભેંસને દૂધ સુકાઈ ગયું છે તે કુંકાવાવ તીર્થની માનતા કરી ઘી જમાડવાની અગડ રાખી હતી તેથી સારું થઈ ગયું છે, વધારે સારુ થવા માટે શ્રીજીરક્ષા પત્ર મોકલજો, તમારી ઇચ્છા હશે તેમ થાશે, વરસાદ પાણી સારા છે, આપ અન્તર્યામી છો, ત્યાં બેઠા બધું જાણો છો, એજ, જયન્તિલાલ તથા જેઠા પાંચાના જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૬૨ તા. ૧૫-૬-૭૮

દુહાકતાર, દુબઈ.

શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના શિષ્ય **ભગવાનજી હીરજી કાચાના દંડવત્પ્રણામ વાંચજો,** તમામ આશીર્વાદથી ઘણો સુખી થયો છું, આપ પ્રગટને સંભારું છું, આપની દયાથી સોનાની લગડીયું મળે છે, મારા બાપુજી તમારા દર્શને આવશે, તેઓ મોકલાવેલ લઈ જાશે, આપજી કૃપાવડે મારી બીજા વરસની વીજા વધારે લગડી આપશે, આશીર્વાદ આપજો, સાજા નરવા છીએ, બાબાને સાજો નરવો રહે આશીર્વાદ આપતા રહેજો. સુખી છીએ આનંદ કરીએ છીએ, આંહીના શરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચવા, દર્શન આપજો, મારા બાપુજી ત્યાં આવ્યા પછી પત્ર લખજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૬૩ તા. ૧૫-૬-૭૮

દુબઈ.

પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ગુરૂજી પ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને **સેવક ભગવાનજી કુંવરજી સોલંકીનાં કોટિ દંડવત્સહિત જય શ્રીસ્વામિનારાયણ સ્વીકારશો**, ભગવાનજી તથા નરસીભાઈ તથા કાનજીભાઈ તથા શ્રીહરિશરણાગતિમંડળ આપની કૃપાવડે સુખી થયા છીએ, આપ સમર્થ પ્રગટ ભગવાન છો, દુબઈમાં અમારું ધ્યાન રાખજો, આપના ચરણ સેવકો અમોને દુબઈ દર્શન આપતા રહેજો, દિવ્યદર્શન થાય એવી અમારી આશા પૂરી કરશો, રક્ષા કરજો, આશીર્વાદ મોકલજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૬૪ તા. ૨૪-૮-૭૮

ફુગેવાડી, પુના.

શ્રી જુનાગઢ વિરાજમાન પરમપૂજ્ય જગત્પિતાજી સાક્ષાત્ ભગવાન અક્ષરધામના ધામી ચૌદલોકના સ્વામી અન્તર્યામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ **સદ્‌ગુરુ જગત્‌ગુરૂ મહારાજને છગનલાલ હીરજી કાચાના કોટિદંડવત,** હે ભગવાન, મારી તબીયત સારી રાખજો, મારે તા. ૨૯-૯-૭૮ સુધીમાં પરદેશ જવાનું છે, જલ્દી સાજો કરજો, આપનો શિષ્ય સુત છું મારી તરફ દૃષ્ટિ ફેરવજો, જગત્પિતાને માલમ થાય જે ધરમશીભાઈને કુટુંબને મળવા આવ્યો છું, તેમની માનતા હતી તે મોકલી છે, કાગળ લખજો અને સાજા નરવા રાખજવો, સંભાળ લેજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૬૫ તા. ૨-૮-૭૮

દુબઈ.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમ:, પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમ: **નારાયણ કરશન ચૌહાણની ભગવાનને અરજ કે,** આંહી કંપનીવાળા તરફથી તકલીફ ઘણી છે, પ્રાગજીને કમ્પનીવાળાએ ૧૫ દિવસથી બેસારી રાખેલ છે, તમારી દયા થાય તો છોડે અને દેશમાં આવી જાય, જલ્દી દયા કરજો, પત્ર આશીર્વાદ મોકલજો, અમો પણ કંપની તજી દેશું, પ્રાગજી દેવશી ચોટલીયા ધુળકોટના, ભીખાલાલ ડાયા ચોટલીયા, બાબુલાલ વેલજી મનાણી, મગનલાલ રામજી ચૌહાણ, કાંતિલાલ લીરા ચૌહાણ, અમરશી લીરા આદિક શ્રીહરિશરણાગતિમંડળના દંડવત્ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચજો, પૂજ્ય પ્રગટ ભગવાન ગુરૂજીને માલમ થાય જે આપના આશીર્વાદ પ્રાગજીને મોકલાવી દેશું, અમો સાજા નરવા છીએ ભજન કરીએ છીએ, અમોને ઉગારજો, કંપનીમાં બહુ તકલીફ છે, બેસારી મેલે છે, ઑફિસે બેસારી મેલે છે, દબાણ કરે છે, હે ભગવાન તમારા ચરણમાં રાખજો, દર્શન આપજો, સેવાની માનતા લીધી છે, ધ્યાન રાખજો, સુખી થવાય તેમ કરજો. એજ જલ્દી પત્ર લખજો, બધા શરણાગતિવતી નારાયણના દંડવત્પ્રણામ વાંચજો, બસ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૬૬ તા. ૩-૮-૭૮

જામવણથળી.

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમ:

રામજી તુલસી ટાંકના દંડવત્ તથા શ્રી હરિશરણાગતિ મંડળના જયસ્વામિનારાયણ વાંચજો, તમો ભગવાન અમારા સાચા માવતર છો, અક્ષરધામના ધામી છો, મહાપ્રભુજી અમારી રક્ષા કરજો, અન્તર્યામી છો દુ:ખ હરજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૬૭ તા. ૨૨-૮-૭૮

રાજકોટ.

લલિત તથા રજનીશના દંડવત્પ્રણામ વાંચજો.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણપ્રભુના ચરણોમાં કોટિવન્દના - ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ. ત્વમેવ વિદ્યા દ્રવિણ ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવદેવ. નિજાશ્રિતાનાં સકળાર્તિહન્તા સધર્મભક્તેરવનં વિધાતા. દાતા સુખાનાં મનસેપ્સિતાનાં, તનોતુ કૃષ્ણોઽખિલમંગલં ન: કોટિ અક્ષરમુક્તો કોટિદેવો રાત્રિદિન જેમની આજ્ઞા પાળે છે

સ્તુતિ કરે છે, કોટિ અક્ષરમુક્ત વંદન કરે કોટિ સુરો માનવો જેને રાત્રિદિને ભજે વળી સદા જેની ન આજ્ઞા તજે. તેઓ આરસમૂર્તિ છો વિલસતા આનંદ ધારાજ છો, તીર્થોમાં પ્રગટ્યા પ્રભુ ઉર ધરું આરામ સેવા કરું. દુઃખ હરિવર તે તો ભક્તનું ટાળજોજી, સુખનિધિ ધનવર્ણો શ્યામ સાહાય છોજી. સમજી ભજન જે જે આદરે તે તરે છે, નહિંતર આ દુઃખી સૃષ્ટિમાં આથડે છે. પ્રભુ તવ મૂર્તિ વિનોદકારી, પલ પલ તે વિસરે નહિં વિસારી. જુગલ ચરણ સોળે ચિન્હ જે ઓપતા છે, નજર સમિપ રહેજ્યો કૃષ્ણ નિત્યે અમારી ધર્મસુતં વસુપુત્રં દૈત્યકાલીયમર્દનમ, પ્રેમવતીમહાનન્દં હરિ વન્દે જગત્ગુરૂમ્. શ્રીહરિકૃષ્ણાય નમો નમઃ, શ્રીઘન્શ્યામાય નમો નમઃ, શ્રીપ્રગટપુરૂષોત્તમાય નમો નમઃ, અનાદિ શ્રીકૃષ્ણનારાયણપ્રભુને નમો નમઃ, હે પ્રભુ દયાળુ અંતર્યામી અમારા હજારો વંદન છે, ચરણોમાં ભક્તિ આપજો, રક્ષણ કરજો. આપ ભગવાન બધું દેખો છો રક્ષા અરજી સ્વીકારજો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૬૮ તા. ૨૪-૮-૭૮

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુજીને નમઃ

દુબઈથી પોપટલાલ ભગત કાનજી ભગતના જયસ્વામિનારાયમ વાંચશો. પ્રભુજી મને તાવ ચઢ્યો હતો, સવારમાં નિદ્રામાં આપના મુગટધારી છડીધારી દર્શન થયાં, આપે કહ્યું કામ પર જાઓ, તાવ નહિ આવે. હું સાજો થયો, તમારી મૂર્તિ રાતદિન દેખાયા કરે છે, મારો ભવ સુધરી ગયો છે, મારી નજર આગળ તમો તરો છો, રક્ષા કરજો, પ્રભુ આપના સંદેશા માનવોને પહોંચાડું છું. આપ અનાદિશ્રીકૃષ્ણનારાયણ છો, અન્તર્યામી પરમેશ્વર પરબ્રહ્મ છો, આપની લીલા અસંખ્ય અનન્ત અગણિત છે, આપ ભગવાન છો, આપના દર્શન હૉસ્પિટલમાં મને થયાં, આશીર્વાદ દેતા રહેજો, રક્ષા કરજો, ખતપત્ર લખજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૬૯ તા. ૨૭-૮-૭૮

જાઈવા.

રામજી જીવા કાશિયાણી તથા રમણિક જેરામ મકવાણા તથા જયનારાયણ રામજી કાશિયાણી તથા કિરીટકુમાર રામજી કાશિયાણી વિગેરેના દંડવત્ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો, ગાય લાલ રંગની છે તે દોવા દેતી નથી માટે શ્રીજી રક્ષા મોકલજો, તમો ભગવાન છો દયા રાખજો, સર્વ અવતારના અવતારી પ્રગટ સ્વામિનારાયણ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તમોને વારંવાર કોટિદંડવત્, અમારી ખબર રાખજો, આશિષ લખજો, સાજાનરવા રાખજો, બસ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૭૦ તા. ૧-૮-૭૮

દુબઈ.

શ્રી દિવ્ય ધામ જુનાગઢમાં વિરાજમાન સર્વાન્તર્યામી ઘટઘટમાં વ્યાપક અક્ષરાતીત ભગવાન સર્વે ધામોના ધામી ભગવાન અત્યારે માનવદેહે ભક્તો માટે આંહી પધાર્યા પ્રગટ શ્રીપુરુષોત્તમસ્વામી અસંખ્ય લીલા ચમત્કારો ભર્યા ભગવાન આપના જેટલા ગુણ ગાઈએ તેટલા ઓછા જ છે, અમારા મનના તમામ કોડ પૂર્ણ કરનાર ઓળખાણા અમારો હાથ ગ્રહણ કરનારા ભગવાન આપે અમોને પરદેશ પહોંચાડી દીધા કંપની સારી અપાવી, શરીરે સાજા નરવા રાખ્યા, આપના પરચા ઘણા અનુભવ્યા, આપ અમારે આશ્રમે રસોઈ જમ્યા જમાડ્યા, ઘૂમાડામાં પણ બિરાજ્યા, રાજીપો અઢળક વરસાવ્યો એવા હે પ્રભુ **દુબઈથી જયન્તિલાલ તથા ભગવાનજી બન્ને પોરીયા ભાઈઓના અમારા સાષ્ટાંગ દંડવતપ્રણામ સ્વીકારજો,**

આપના ચિન્હો દર્શન થયા અતિહેત જાણીને સંભારીને આનન્દ થાય છે જુનાગઢમાં અમોને ચરણ દાબવા લાભ મળ્યો વળી લખવાનું મેલીને અમોને જળ પ્રસાદી ફુલહાર આપવા ઉભા થતા, વળી હાથ ધોઈને શુદ્ધ રીતે ચરણ સ્પર્શ થવા દેતા, ભગવાનની વાતો કરતા, સમૈયા પછી રતિલાલ ભગતે ટેપ રેકર્ડ ઉતારી તે સંભળાવી તેથી એમ જ થાય છે જે આપણે જુનાગઢ ભગવાન સામે જ બેઠા છીએ, વરસાદ સારા વરસાવ્યા, માગ્યા મોલ ઉપજાવ્યા, હજુ રાજીપો આપજો તમારા આશીર્વાદો મળ્યા છે કમાણી સારી છે, ઉપદેશ ઘણો વાંચ્યો આનન્દ થયો છે બહુ દયા કરી આપને માટે અમે કાંઈ કરી શખતા નથી.

તમારું નામ તમારા ગુણ તમારી ડિગ્રીઓ મનુષ્યો વાંચે તોય જીવ પવિત્ર થાય માણસને તો માણસ દેખાય બરોબરિયાપણું આવી જાય પણ અમોને તો ભગવાન દેખાઓ છો અમારા ઉપર દયાનો આડો આંક વાળ્યો છે તમો જગન્નાથ પુરીમાં હિમાચળમાં ફરીને સૌરાષ્ટ્રમાં પધાર્યા ઘરે ઘરે ભક્તોને ત્યાં પધરામણિ ચરણ પગલાં કર્યાં ઘણાના દુ:ખો મટાડ્યા સીમમાં ક્ષેત્ર વાડીઓમાં પગલાં કર્યાં તીર્થભૂમિઓ ચાલી ચાલીને પવિત્ર કરીઓ ગાડે બેસીને વાડીયુંમાં પધાર્યા ફુલવાડીએ પધાર્યા કંકાવટી નદીને કિનારે બિરાજ્યા પ્રસાદ જમાડ્યા કામકાજ સેવા કરનારાઓને સુખડી મોતૈયા જમાડતા ચાલીસ ગાડાવાળાઓને એક સાથે ચૂના કાંકરી લઈ આવ્યા ત્યારે જમાડ્યા પથ્થર ખાણે જમાડ્યા ગુંદા આંબલીઓ વાવ લીંબુ ઝાડ પિપ્પલો તુલસી વગેરે પણ આપના ગુણગાન કરતા હોય તેમ શોભા આપનારા છે, આપ ગિરનારી ભૂમિમાં વિરાજો છો સ્વતંત્ર છો અમારું તેટલું ભાગ્ય ઓછું જે આપ વનસ્થળીમાં ન રોકાણાં, વનસ્થળીમાં મૂઠી ભરી તલના રોપડાઓ ભક્તિ કરનારા આપને માટે તલખે છે

મૂર્તિના દર્શન થાય છે ચરણદર્શન થાય છે ગઢ ચણાય છે, આપ મૂર્તિમાન ભક્તોને લાડ લડાવતા રહો તો ભક્તોને સેવા પૂજાનો લાભ મળે તમારે અર્થે જેટલું કરીએ તેટલું થોડું જ છે, બધા તમારું ભજન કરે અને દર્શન કરે તથા પ્રવચનનો લાભ મળે એમ કરજો, ભગવાન આવે ત્યારે મહિમા ન જણાય પણ વયા જાય ત્યારે જણાય, હાજર હોય ત્યારે તો અજ્ઞાની જનો પોતા જેવા ગણી કાઢે, પણ દુઃખ આવે તે ટાળવા શરણે દોઢે, આપના ભજન ધૂન્ય સમૂહ મળી કરીએ છીએ બધુ સાનુકૂલ છે બધા સુખી છે, આપ પૃથ્વી પર વિચરો બિરાજો છો તેથી અમોને ઘણો આનંદ છે, ઓળખાયા છો તેથી વધારે કયો લાભ ગણાય, ભજીએ છીએ એ જીવના મોક્ષ માટે છે, મોક્ષ તો હાજર જ છે, અમારા સાષ્ટાંગ દંડવત્પ્રણામ સ્વીકારજો, કાગળ આશીર્વાદ લખજો દર્શન આપજો સંભાળ રાખજો, ભૂલચૂક માફ કરજો અપરાધ ન ગણાશો રાજીપો રાખજો, આપ હાજર જ છો મૂર્તિમાં દેખાઓ છો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૭૧ તા. ૧૬-૯-૭૮

અબુધાબી, દુબઈ.

પ્રાગજીના દંડવત્ વાંચજો, આપ ભગવાને વચન આપ્યું હતું તે ફળી ભૂત થયું છે, ભગવાનજી ગેરેજ નાખશે આશીર્વાદ આપજો અમારી રક્ષા કરજો, તમોથી અમો દૂર થયા તેમ તેમ નજીક નજીક જણાઓ છો વધારે સંભાળ રાખજો સ્વપ્ને પણ તમો દર્શન આપો છો સેવા થાય છે આનંદ આપો છો રક્ષા કરજો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૭૨ તા. ૨૮-૮-૭૮

દુબઈ.

મોહનલાલ ખોડીદાસના દંડવત્ વાંચજો, ભગવાનના ચરણોમાં વંદન, પ્રાગજી દેવશી ચોટલીયા ધુળકોટવાળાને કંપનીએ છુટા કરી દેશમાં મોકલી દીધા છે, ચોટલીયા મોહનલાલની વિનન્તિ જે મારે શરીરે ગરમીના ગુમડા ઘણાં થયા છે મટી જાય તેવી દયા કરજો, સફેદ ડાઘ ન પડે તેમ કરજો, તમારા શરણમાં રાખજો, તમારો એક આશરો છે, પ્રસાદી પુષ્પપાંખડીઓ મોકલજો ખાવાથી મટી જાય સાજો રહું તેમ કરજો, એજ કોટિ દંડવત્ માનજ્યો હું રાઠોડ ભગવાન જીવાનો ભાણેજ છું, પ્રાગજી દેવશી મારા કાકા થાય છે, તમારા શરણમાં આવીશ ત્યારે સેવા લાભ લઈશ મારી રક્ષા કરજો, મારાં જન્મમરણ સુધરે એવી દયા કરજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૭૩ તા. ૧૮-૯-૭૮

પૂના.

વિદ્વત્તાની સર્વોચ્ચ ટોચે બેઠેલા, જેના સંસ્કૃત પુસ્તકો દેશ પરદેશની યુનિવર્સિટીઓમાં અગ્રણ્ય સ્થાન ધરાવે છે, એવા, સત્સંગમાં ભારતમાં જેનો જોટો ન મળે તેવા, તપ ત્યાગ વ્રત સમ્પન્ન છતાં સામાન્યપણે વર્તતા, અને બધા સમજી શકે તેવા સત્ શાસ્ત્રોના સાર પીરસતા, પ્રેમ સમ્પાદન કરતા **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી અંશ પુરુષના ચરણોમાં નમન કરી આશિષો ઇચ્છતો સેવક લાભશંકર પંડ્યાના જય સ્વામિનારાયણ સ્વીકારજો.**

આપે વિશ્વમાં સર્વત્ર હજારો યુનિવર્સિટીઓમાં નિજ પુસ્તકો સમર્પ્યા, ઇષ્ટદેવની ઉપાસના વધારવા વિદ્યા દ્વારા સેવા બજાવી તે બીજો કોઈ કરી શકેલ નથી કરી શકશે પણ નહિ આપ દૈવી પરમપુરુષ વિદ્વાનોમાં પ્રામાણિકપણે વર્ણવાએલા છો. સમર્પિત પુસ્તકોના વિખ્યાત મહાવિદ્યાલયો -

અમેરિકા ૩૦ સંસ્થાઓ, ઇંગ્લેન્ડ, જર્મન, ફ્રાન્સ વિગેરેની ૨૬ સંસ્થાઓ, આફ્રિકાની ૧૩ સંસ્થાઓ, રશિયાની ૨૭ સંસ્થાઓ, ચીનની ૨૯ સંસ્થાઓ, હિમાલયની ૧૧ સંસ્થાઓ, ઇન્ડોચાઈના બરમા, જાવા-સુમાત્રા, ઓસ્ટ્રેલિયા, સિયામ, સિલોન વગેરેની ૧૯ સંસ્થાઓ, જાપાનની ૪ સંસ્થાઓ, અરબસ્તાન પાકીસ્તાન ઈરાન, અફઘાન, તુર્કસ્તાન વિગેરેની ૯ સંસ્થાઓ, ભારતની ૩૦૬ સંસ્થાઓ, આવા મહાવિદ્યાલયોમાં આપે - હરિસંભવકાવ્ય, શ્રીહરિસ્વરૂપનિર્ણય સત્સંગભાષ્ય, શ્રુતિતાત્પર્યનિર્ણય, લક્ષ્મીનારાયણ સંહિતા, ન્યાય સાંખ્ય, યોગ મીમાંસા, વેદાન્ત કાવ્ય, વિગેરેના ગ્રંથો પહોંચાડી શ્રીસ્વામિનારાયણ નામને વિશ્વના વિદ્યાવિભાગોમાં અને વિદ્વાનોમાં જાગ્રત સજીવન ગાજતું કરેલ છે, હવે પછી સંપ્રદાય શાખાઓ તે આધારે જઈને પોતાની સેવાઓ બનાવી લાભ પ્રાપ્ત કરે છે, આપ કોઈ પ્રભુ છો જે બૃહસ્પતિથી થાય તેવું સર્વોપરિ નિષ્ઠાનું કાર્ય જીવનભર કર્યું છે, કર્તા જાઓ છો.

આપને માટે હજારો યુનિવર્સિટીઓના અભિનંદનો આવ્યા, ઉચ્ચમાં ઉચ્ચ ટોચની - મહામહોપાધ્યાય, ભારતભૂષણ, વિદ્વતસાર્વ ભૌમ, તાર્કિકવાચસ્પતિ, ડૉક્ટર પી.એચ.ડી., ડી.લીટ, ડી. ફીલ. આદિ મહા ખિતાબો ન્યાયાચાર્યને શોભે તેવા આપને પ્રાપ્ત થયા છે, આપ સર્વોપરિ વર્તો છો, મહાયુનિવર્સિટીઓ મહાવિદ્યાલયો વિશ્વવિદ્યાલયો કૉલેજો વગેરેથી હજારો ધન્યવાદો અને અભિનન્દનો આપને આવ્યા છે, અભિનન્દગ્રંથ કાશીમાં છપાય છે, અને સર્ટિફિકેટો જુદા જુદા વિદ્વાનોના યુનિવર્સિટીઓના પ્રામાણિક પત્રો પર લખાયેલા પૃથક્ આપના ઉપર આવેલા છે,

જે જોતાં જ વિદ્વાનના ગર્વો ગળી જાય છે, આ વિશ્વમાં આવા યશસ્વી મહાપ્રતાપી પ્રખ્યાત પુરુષવિદ્યાના લાભદાતા ભાગ્યે જ થયા હશે, આ જમાનાના યુગમાં આપને શ્રી શ્વેતાયનવ્યાસજી તરીકે વિદ્વદ્વર્ગોએ ગાયા છે તે યથાર્થ સત્ય છે, આપમાં હજારો પી. એચ., ડી. ઓ. સમાઈ જાય એવાં વ્યાપક કાર્યો કર્યા છે, આપ સદાને માટે વિજયી છો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૭૪ તા. ૨૪-૯-૭૮

દુબઈ.

અનાદિ શ્રીકૃષ્ણ નારાયણ પરબ્રહ્મ પરમાત્મા અમારા ઇષ્ટદેવ પ્રગટ ભગવાન અમારી ખબર રાખનારા દેવોના દેવ અમારા અંતર્યામિ ઈશ્વર સદા સાક્ષાત્ હાજરોહાજર રક્ષા કરનારા નારાયણ ભગવાન દિવ્યમૂર્તિ અમારા કુટુંબના ઈશ્વર વિશ્વના પરમેશ્વર સાક્ષાત્ જુનાગઢ વિરાજતા દિવ્યમૂર્તિ દર્શન આપતા અધમ ઉદ્ધારક મોક્ષના દેનારા માયા ટાળનારા સાથે રહેનારા કર્મફળ આપનારા ભક્તિથી રાજી થતા એવા પરદેશમાં નજર રાખનારા શ્રીકૃષ્ણભગવાન શ્રીરામભગવાન શ્રીહરિભગવાન બધા અવતાર જેમાં છે એવા ભગવાન આપને **રમેશ મોહન મકવાણાના લાખ દંડવત્ પ્રણામ તે સ્વીકારજો,** મારે ઘેર બાબો સંજય સાજો નરવો રહે છે, તો શ્રીજીરક્ષા મોકલાવજો, તથા ગુલાબપાંખડીયો મોકલાવજો, હું વંથળી મોકલાવી દઈશ, આશીર્વાદ દેજ્યો સારૂ થઈ જાય બધા સાજા રહે, આંહી દુબઈ બધું સારુ છે, ચિંતા કાંઈ નથી તમો ભગવાન નજર રાખો છો, અને ભેગા જ છો તેથી બહુ જ આનંદ છે કામકાજ સારા ચાલે છે હજુ એક વરસ વધારે રહેવું છે કમાણી સારી છે બધું તમારું છે તમારે માટે છે જલ્દી ગરીબના બેલી ભગવાન શ્રીહરિ કાગળ લખજો ખબર રાખજો, દુઃખ ન આવે એમ કરજો મારી રક્ષા કરજો બધાના જયસ્વામિનારાયણ વાંચજો.

મારા કાગળો મળતા તો હશે, ટપુલાલભાઈને શિરનામે કાગળ આવ્યો હતો, હવે મારે શિરનામે લખજો, રમેશ મોહન મકવાણા, પો. બો. નં. ૨૭૦૯, દુબઈ લખજો, બર્નાડ સન્લી કંપની લખજો, એ જ બધા શરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચજો, જન્માષ્ટમી સન્લીમાં ધામધૂમે ઉજવવી છે બધા ખૂબ ઉત્સાહમાં છે એજ, અમારા ઉપર દૃષ્ટિ રાખજો તમો માવતર છો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૭૫ તા. ૨૫-૯-૭૮

આબુધાબી, દુબઈ.

પ્રગટ પુરૂષોત્તમ નારાયણ પ્રત્યક્ષ હાજરોહાજર ભગવાન તમારા ચમત્કારોનો પાર નથી, આજ મને નાણાંની આપત્ આવી પડી હતી, તુરત જ મેં તમારી માનતા કરી બાધા લીધી અને આપત્ પછીથી જલદી ઉતરી ગઈ, ભગવાન પ્રભુ રક્ષા કરતા રહેજો, **નાનજી તથા ઓધવજી લખમણ મકવાણા તથા વાલજીને સેવાના આશીર્વાદ પત્રો લખી અમોને ઉત્સાહ આનંદ આપજો,** દર્શન આપતા રહેજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૭૬ તા. ૨૫-૧૦-૭૮

દુબઈ.

પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણ પ્રભુ આપ શાસ્ત્રીજીના ચરણોમાં પ્રાર્થના કરું છું, સદા સુખી રાખજો, આપની ભક્તિમાં વધારો કરાવજો, આ વર્ષ કમાણીનું સારું જાય, અને આપની પાસે દર્શને અવાય તેવા આશીર્વાદ આપજો, **સેવક મનહર ભવાનજી પરમારના દંડવત્ સ્વીકારજો.**

❖❖❖❖❖

પત્ર નં.-૩૭૭ તા. ૧૭-૧૦-૭૮

ફુગાવાડી, પુના.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સત્ય છે.

સ્વસ્થાન જુનાગઢ વિરાજમાન ન્યાયવૈશેષિકશાસ્ત્રી, નવ્યન્યાયાચાર્ય, સાંખ્યયોગતીર્થ, વેદાન્ततીર્થ, મીમાંસાતીર્થ, દાર્શનિકપંચાનન, ષડ્દર્શનાચાર્ય, કાવ્યકુશળ, વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, મહામહોપાધ્યાય, ભારતભૂષણ, તાર્કિકવાચસ્પતિ સાહિત્યમનીષી દાર્શનિકમાર્તંડ, પી.એચડી., ડી.ફિલ. ડી.લીટ. ડૉક્ટર સ્વામીજી એવા અમારા પ્રગટ ભગવાન રાષ્ટ્રીય સમ્માનિત અમારા પરમકૃપાળુ દયાળુ ગુરુ દેવ અમારી રક્ષા કરનારા વિશ્વવન્દ્ય મહારાજ આચાર્યવર્ય શ્રી અનાદિ શ્રીકૃષ્ણનારાયણ અન્તરાત્મા શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણકમલોમાં **ફુગાવાડીથી આપના સેવક રમણિકલાલ મકવાણાનાં કોટિ દંડવત્પ્રણામો સાથે જયશ્રી સ્વામિનારાયણ અને નવા વર્ષના પૂજન સાથે આત્મસમર્પણ સ્વીકૃત હો.** હું આપ ભગવાનના દર્શન કરવા આવ્યો હતો અને ફરીથી દર્શન કરવા આવવું છે. દયા કરજો સમય મળશે એટલે આવીશ આપના દિવ્ય દર્શન થયા કરે છે, મારી રક્ષા કરો છો તેમ અમારા માબાપ ભાઈઓ વગેરેની રક્ષા કરજો, ફુગાવાડીમાં જન્મજયન્તી સારી ઉજવવામાં આનંદ થાય છે, અમો તીર્થમાં અપની મૂર્તિના દર્શન કરવા ગયા

હતા, દુબઈથી મારા બાપુજી તથા વંથળીથી મારા બાપાનો પત્ર હતો ભજન કરવા ભલામણ છે, સાક્ષાત્ ભગવાન તમારા દર્શન ઘણી વાર થાય છે, તદાકાર દેખાવ છો, આપને થાળ જમાડી આરતી કરીએ છીએ, અમારું કલ્યાણ કરજો, ભૂલ ચૂક હોય તે માફ કરજો, દયાળુ પત્ર લખી ખબર લેજો તમારી મરજી હશે તો ફરીથી દર્શન થાશે. દેશમાં આવશું ત્યારે દર્શને આવશું. એજ, રમણિકલાલના જય સ્વામિનારાયણ વાંચજો, જરૂર પત્ર લખી સંભાળ લેજો. બસ એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૭૮ તા. ૯-૧૦-૭૮

મસ્કત, દુબઈ.

મસ્કતથી લી. આપનો ભક્ત ચરણસેવક રતિલાલ પ્રેમજી વાઘેલાના અમારા વ્હાલા ભગવાન મોક્ષદાતા અક્ષરધામાધિપતિ ભક્તવત્સલ આનંદઘન પ્રગટ પ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં કોટિ દંડવત્ પ્રણામ પહોંચે, ભક્તોનું ઘણું ધ્યાન રાખો છો આપની કૃપા ઘણી છે, તમો અન્તર્યામી પ્રભુજી અમારી કાંઈક તકલીફ છે તે દૂર કરજો, આંહીથી શ્રીહરિશરણાગતિમંડળના તમામ ભક્તોનાં જય શ્રીસ્વામિનારાયણ વાંચશો, દિવ્ય દર્શન આપજો, ચિન્તા મટી જાય એજ પ્રાર્થના.

❖❖❖❖❖

પત્ર નં.-૩૭૯ તા. ૧૬-૧૦-૭૮

કાંદીવલી, મુંબઈ.

પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણમહારાજને **નાથાલાલ વિગેરે શ્રીહરિશરણાગતિમંડળના શ્રીહરિ ચરણમાં મસ્તક આપી દંડવત્ પ્રણામ સ્વીકારશો,** અમો તમામ ભક્તો મળીને મહામહોત્સવ ઉજવવા નિર્ધારેલ છે આપ જન્મજયન્તીએ મૂર્તિમાં દર્શન આપજો બધા ભક્તો ભેગા થઈ બહું મોટું ભોજન કરાવશું, મહા ઉત્સવ ષોડશાંગ સમ્પૂર્ણ કરશું. આશીર્વાદ મોકલજો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૮૦ તા. ૩૦-૯-૭૮

રાજકોટ.

પ્રભુજી તમોને અમારા જયશ્રીસ્વામિનારાયણ, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ આપને નમો નમ:, સ્વસ્થાન અક્ષર ધામ શ્રીજુનાગઢ મધ્યે ભંડારને મેડે વિરાજતા એવા પરમપૂજ્ય પરમકૃપાળુ પરમદયાળુ સર્વકરતા સર્વના નિયન્તા વિશ્વના નાથ મહાપ્રભુજી અક્ષરાધિપતિ સર્વેને સુખ આપનારા પૂર્ણ પુરૂષોત્તમ શ્રીસહજઆનંદપૂર્ણ ભક્તપતિ ભગવાન આપને **અહોનિશ યાદ કરનાર કડિયા હરિકૃષ્ણ નલીન તમોને**

આપના ચરણોમાં ખૂબ જ હેતપ્રેમવહાલભર્યા હૃદય સાથે જીવમાં જોડીને ખૂબ જાજા જાજા જય સ્વામિનારાયણ વાંચસો, હે ભક્તપતિ ભગવાન તમારા પ્રતાપથી અને આશીર્વાદથી અમો સુખી છીએ તમારા ચરણસેવકનો પત્ર ત્યાં આવ્યો હશે, વ્હાલા પ્રભુજી તમારા દિવ્યદર્શન થાય છે તો વિશેષ આનંદ થાય છે, ભક્ત દૂર હોય પણ ભગવાન તો પાસે જ હોય તો ગુન્હા માફ કરીને પ્રગટ દર્શન આપવા તમારું ઐશ્વર્ય છે, તમો ધામોના ધામી ધન દોલત સમ્પત્ના કુલહોલ ધણી છો તમારા વિના સુકું પાંદ પણ હલવા સમર્થ નથી, સર્વેના એક મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાન તમોને અરજ કે તમારી સેવા થાય તેવું બળ આપશો અને તમો સમગ્ર સૃષ્ટિના એકજ પ્રભુ પ્રાણધારીના રક્ષક છો, આખું ખલક તમોને પૂજે સેવે છે, અમો બાળકોને આશીર્વાદ આપતા રહેજો ચરણસેવકોની ખબર રાખજો તમો ભગવાનોના મોટા ભગવાન પ્રગટ છો, આશીર્વાદ મોકલજો, ચરણસેવક હરિકૃષ્ણ નલીનના આપના ચરણોમાં જાજા જાજા કરીને દંડવત્ પ્રણામ જય સ્વામિનારાયણ વાંચજો, સાજા નરવા રાખજ્યો, વિઘ્ન ન થાય ભજન થાય મોક્ષમાં જવાય તે પ્રમાણે સત્સંગ વધે એવી કૃપા કરતા રહેજો, એજ, શ્રીકૃષ્ણને નમઃ

❖❖❖❖❖

✍ પત્ર નં.-૩૮૧ તા. ૨૭-૯-૭૮ ✍

દુબઈ.

શ્રીહરિશરણાગતિમંડળલેશ્વર પ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને ઘણા હેતપૂર્વક **મોહનલાલ ખોડીદાસના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.** તમારા આશીર્વાદવડે ભજન થાય છે સત્સંગ થાય છે ગુરુભાઈઓ જુમાને દિવસે મળીએ છીએ, આપના કીર્તન ભજન કરીએ છીએ, સન્લીમાં જન્મજયન્તી ઉજવવા નક્કી કરેલ છે, ધાર્યું તમારું હશે તેમ થાશે, ધૂળકોટના મોહનલાલ મને દવા કામ કરતી નથી ગરમીની શાન્તિ માટે સાકરનું શરબત અને ગુલાબપાંખડી ગ્રહણ કરું છું. આપનો આશરો છે, આપના આશીર્વાદથી ઠંડક થઈ જાશે, દિવાળી ઉપર કે પછી ભારતમાં આવવું છે, સાંજે વચનામૃતની કથા ગુરૂભાઈઓ મળીને કરીએ છીએ, એજ, આજ્ઞાલાયક મોહનના સાષ્ટાંગ પ્રણામ વાંચજો, આપ પ્રગટ ભગવાન મારી રક્ષા કરજો, એજ.

❖❖❖❖❖

✍ પત્ર નં.-૩૮૨ તા. ૫-૧૧-૭૮ ✍

જામનગર.

આદરણીય ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં વન્દના આજે ગુજરાત સરકારે આપને એવોર્ડ આપી બહુ માન કર્યું તે ભારતની ધરાને, આપ તો વિશ્વના પ્રથમકોટિના અતિવિજયી અજેય પ્રતિભા છો, આપને ચોક્કસ હવે

પછી સન્માન દિલ્લી પણ કરશે, આપ વિશ્વવન્દ્ય શ્વેતાયન પરમપુરુષ વ્યાસજી છો, હે નિર્દોષ ભગવાન! **આપના સેવક મનુભાઈ શાહ એવા અમારા આપને હમ્મેશ નિ:સ્વાર્થ વન્દન હોજો,** ઇતિ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૮૩ **તા. ૧-૧૧-૭૮**

રાજકોટ.

સ્વસ્તિશ્રી જુનાગઢ વિરાજમાન પરમપૂજ્ય પ્રભુ શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને કોટિ વન્દન હો. **સેવક કૃષ્ણના જય સ્વામિનારાયણ વાંચશો.** સૂરજ ઉગિયા છાબડે ઢંકાઈ નહિ, આપ ભગવાનની જન્મજયન્તી અનેક સ્થળે ઉજવાય છે, હું પણ દર્શન કરું છું. અને ઉજવું છું. આપ પ્રગટ ભગવાન છો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૮૪ **તા. ૨-૧૧-૭૮**

મુંબઈ.

શ્રીહરિ શ્રીશાસ્ત્રીજીમહારાજના ચરણોમાં **મુંબઈથી રસિક, ઘનશ્યામ, નવીન, વિજય વિગેરે કુટુમ્બીઓનાં દંડવત્ સ્વીકારશો,** આપના આશીર્વાદોથી કારખાનું ઘણું જ સારું ચાલે છે, અમારા લાયક સેવા લખજો, રક્ષા કરજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૮૫ **તા. ૨-૧૧-૭૮**

રાજકોટ.

પૂજ્યચરણકમળ શ્રીહરિની સેવામાં છગનલાલ એન. સોલંકીના સાષ્ટાંગ પ્રણામ, હું આપના ચરણમાં હૃદયપાંખડી સમર્પું છું, આપ મારું સર્વસ્વ છો, આપવડે પ્રભુ ભક્તિમાં આપ નારાયણની ભક્તિમાં લીન થયેલ છું, સેવકના જયસ્વામિનારાયણ વાંચવા.

❖❖❖❖❖

પત્ર નં.-૩૮૬ **તા. ૨-૧૧-૭૮**

વેળાવદર.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ સત્ય છે.

વેળાવદરના મગનભાઈ કરશનભાઈની રક્ષા કરતા રહેજો, આપનું ભજન કરું છું, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૮૭ તા. ૩-૧૧-૭૮

કાંદીવલી, મુંબઈ.

શ્રીહરિ: શરણં મમ, અનાદિશ્રીકૃષ્ણનારાયણ નમો નમ: શ્રીશ્વેતાયનવ્યાસને નમો નમ:

પ્રગટપ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીસ્વામીનું સ્વસ્થાન જુનાગઢ નિવાસી ગૌબ્રાહ્મણપ્રતિપાળ ભગવાન પ્રતિ, **કાંદીવલીથી દાસાનુદાસ સેવક વ્રજલાલ રણછોડના તથા શ્રીહરિશરણાગતિમંડળના સર્વેના જયશ્રીસ્વામિનારાયણ વાંચશો,** જન્મ જયન્તી ઘણા પ્રેમ ઉત્સાહથી આનંદ સાથે ઉજવેલ છે, જ્ઞાતિબાળકોને જમાડ્યા છે, આપને ભેટ મોકલાવેલ સ્વીકારજો, દયા રાખજો, રાજી રહેજો સેવાનો લાભ આપજો, કેશવજીભાઈએ પ્રસાદ આપેલ તે જમતાં આપના પ્રગટ દર્શનનો આનંદ મળ્યો હતો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૮૮ તા. ૩૧-૧૨-૭૮

જામનગર.

શ્રીઅક્ષરધામમાં વિરાજમાન પ્રગટ દેવદેવેશ્વર એવા શ્રીહરિસ્વરૂપમૂર્તિનું સુખ આપનારા, સંકટોથી બચાવનારા, સર્વહિતકારી પૂજ્ય ગુરૂદેવ સદ્‌ગુરૂ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યસ્વામીના મંડળના ચરણોમાં **જામનગરથી દાસોનો દાસ ચરણ સેવક શીવલાલભાઈ સોની તથા પ્રીતમલાલભાઈના જય સ્વામિનારાયણ વાંચશો.**

આપના મહાન આદેશો મારા જીવનમાં મૂરતવન્ત બન્યા છે, તથા ઉચ્ચ ઉપદેશો માર્ગદર્શક મોક્ષપ્રદ બન્યા છે, શુભાશિષોવડે વધારે ભાગ્યવાન બનાવો, અપરાધ થયો હોય તે માફ કરી રાજી રહો, સેવકને ભક્તિ દૃઢનિશ્ચય ઉપાસનાનાના રંગ રખાવો તેવું બળ આપો, નાશવન્તમાંથી વૃત્તિ તોડાવો, અલૌકિક મૂર્તિના સુખમાં વૃત્તિ રહેવા પ્રાર્થના સફળ કરો, અમારા શ્રેય: ચિન્તક આપનેજ વિનન્તિ કરવાની છે, પ્રેમ અને રાજીપો વરસાવજો, સેવક શિવલાલના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સ્વીકારજો.

❖❖❖❖❖

પત્ર નં.-૩૮૯ તા. ૨-૧૧-૭૮

જામવણથળી.

રાજમાન રાજેશ પરબ્રહ્મ પુરુષોત્તમ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સર્વેના સ્વામિ પ્રત્યે **જામવણથળીથી શાંતિલાલ ગંગદાસના સ્નેહપૂર્વક દંડવત્ સહિત જય સ્વામિનારાયણ વાંચજો.** આપની દયા પ્રેમ ભાવનાથી અમારે ઘણું જ સારું છે. મારી તબિયત શ્રાવણથી મુંઝવણવાળી થયા કરે છે વહેમ વધે છે. કામકાજે ચિત્ત લાગતું નથી શંકા પડે છે તો શ્રીજી રક્ષા મોકલાવજો મારી રક્ષા કરજો ભગવાન તમારૂ ભઝન કરૂં છું ભક્તિ ચાલું છે. એજ તમારા શિષ્ય. રતિલાલ ગંગદાસ મકવાણાના જય સ્વામિનારાયણ વાંચશો દર્શન આપજો મારો વળગાડ કાઢી મેલજો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૯૦ તા. ૨૮-૧૦-૭૮

જિદાહ, સાઉદી અરેબીયા, દુબઈ.

જિદાહ, સાઉદી અરેબીયાથી, સેવકો દામજી, મુકેશ, પરૂષોત્તમ, ભગવાનજી તથા અમારા સાથીદારોના પ્રગટ ભગવાનના ચરણોમાં કોટિ દંડવત્ પહોંચે, વેલજી ભગતને લઈને અમોને આપશ્રી પ્રભુપ્રગટમાં દિવ્યપણું સમઝાણું છે વળી દર્શન થાય છે, ખબર લ્યો છો અમારો જન્મ સુધરી ગયો છે, અમોએ બહુ મોટા ઉત્સવ કર્યો છે, તમારા દર્શન મૂરતિમાં ઝળઝળતા થતા હતાં, પાડાબેકળ મારા બાપુજીને આપના સ્પર્શ પહેરેલી ગુલાબફુલ પાંખડી પ્રસાદી મોકલાવજો, ઉપદેશ લખજો બધા ઘરના કુટુંબને વધારે શાન્તિ ભક્તિ મળે, અપરાધ માફ કરજો, અમારા કલ્યાણ કરજ્યો, અમારા ભાગ્ય ઉઘડ્યા છે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ઓળખાણા છે -

આપ ભગવાનના ચમત્કાર લીલા ગુણગાન કરીએ છીએ કીર્તન પૂજા કરીએ છીએ કમાણી સારી છે, રક્ષા કરજો, સેવા કરશું, દર્શન આપતા રહેજો, સાક્ષાત્ સ્વામિનારાયણ ગુરુદેવ ભગવાન મોક્ષ કરજો એજ માગીએ છીએ, પત્ર લખી ખબર લેજો. અનન્ત દંડવત્ સ્વીકારજો, સેવક ભગવાનજી શ્રીહરિશરણાગતિમંડળના જય સ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૯૧ તા. ૨૯-૧૦-૭૮

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમઃ, શ્રીપ્રગટપ્રભુજીને નમઃ

સ્વસ્થાન જુનાગઢ ધામે વિરાજમાન પરસ્વરૂપે વર્તતા સર્વાત્મા સર્વકર્તા સર્વ અન્તર્યામી સર્વનિયન્તા ભક્તવત્સલ પ્રગટ મહાપ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંતમંડળના **સેવકો રતિલાલ, અમરશી, દયાળજી, ટપુલાલ, મોહનભાઈ તુલસીદાસ માવજીભાઈ, નાનજી, રતિલાલ સર્વે શરણાગતિમંડળ ૧૫૦થી વધારે પોણાબસો સુધીના ભક્તોના તથા સન્લીના કારીગરો સમુદાયનાં દંડવત્ વાંચશો,** ભગવાન આપની દયાથી ખૂબ ખૂબ આનન્દ ઉત્સવ થયો છે, આ વખતે તા. ૨૪-૧૦-૭૮ના રોજ હે જીવનપ્રાણ પ્રભુજી જન્મજયન્તીની ઉજવણી અતિશય જોરદાર ઉજવાણી છે, દૂરદૂરથી બધા શરણાગતિ મંડળો આવ્યા હતા, રાસમંડળ, ભોજન ધૂન્ય ભજનકીર્તન ખૂબ ઉત્સાહથી કર્યા હતા, ફુલેકુ ફેરવ્યું હતું, આનન્દ આનન્દ થયો હતો, રિયાલ અગ્યારસોની આપની મૂરતિની આરતી ઉતરી હતી, હજારો માણસો દર્શન કરતા હતા, પગે લાગતા હતા, દેશી ભાઈઓ બધા ધર્મના આપણી ભેગા મળ્યા હતા, લાંબુ પ્રોસેશન નીકળ્યું હતું, ભાતભાતની ધૂન્યો અને આપની જય બોલાતી હતી, આંહીના રાજ્યાધિકારીએ ખૂદા બંદગીની છૂટ આપી

હતી. ફુલવાડીના ગઢ માટે પણ પૂરતા રીયાલ નોંધાયાં છે, તે કામ પૂરું થઈ જાશે. આપની અપાર દયા છે, શરણાગતિ મંડળોમાં એકપણું છે નિર્ભય છે સહનશીલતા છે સંપ છે, પ્રત્યક્ષ નિશ્ચયનું બળ છે કેફ વધતો જાય છે, આશીર્વાદ આપજો બધાય નીરોગી સુખિયા છે સન્લીવાળાઓને ધન્ય છે. ખૂબ આગળ રહી મહામહોત્સવ ઉજવ્યો ઉજવાયો છે, દેવજી કાનજી ઇન્ડિયા આંહીની ટેપ રેકર્ડ લઈને આવ્યા છે તે સાંભળજો આશીર્વાદ આપજો ભૂલચૂક માફ કરજો.

દુબઈના એરીયાના તથા નજીક દૂરદૂરના ભક્તો, મુસાબુંગા કંપનીથી તથા કાબુલાસી કમ્પનીથી તથા બર્નાર્ડ સન્લી કંપનીથી, તથા સારજાહથી તથા અલઝાહટ કંપનીથી, પી. આઈ. ઝેડ. કંપની આબુધાબીથી તથા જુકુમ કંસ્ટ્રક્શન કંપનીથી તથા એસ. સી. કંપનીથી, તથા જે. એન્ડ પી. કંપની તથા દોહા કટાર એરેબીયન ગુલ્ફથી તથા એ.એ.સી. કંપનીથી તથા સીમેન્ટ માર્કેટીંગ કંપની સલાલાહથી, તથા ડેઈરાથી બેલહાસા એન્જિનીયરીંગ કમ્પનીથી તથા અજમાનથી, તથા જુમેરાહથી, તથા કવારૈયા ટાસ્મીકથી, તથા એલ ધુરેર કમ્પનીથી, તથા જી. ટી. કમ્પનીથી, ગેમન ઇન્ડિયન કમ્પનીથી, તથા ટી. સી. સી. કમ્પનીથી, તથા એલ. સાહેબ કમ્પનીથી, તથા સફાત કુવેતથી, તથા ભાટીયા કંસ્ટ્રક્શન કમ્પનીથી, તથા મોહા બીનસેફ કમ્પનીથી તથા રાસલખીમાંથી, તથા જંગલમાંથી તથા મોન્ડ બીન સેફ કમ્પનીમાંથી તથા એસ. એસ. લુથા કમ્પનીમાંથી, ચારે કોર દૂરદૂરથી આપણા ભક્તો અને દેશીજનોએ મોટી સંખ્યામાં ઉત્સવ ઉજવ્યો છે, આશીર્વાદ લખજ્યો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૯૨ તા. ૩૧-૧૧-૭૮

વડોદરા.

વડોદરાથી દાસાનુદાસ રાજેશ ચમનલાલ ટાંકના તથા દિનેશ રોહિત રશ્મિ, પુષ્પાબા વગેરેના દંડવત્પ્રણામ વાંચશો, તા. ૩૦-૧૧-૭૮ના રાત્રે સાડા દશ વાગ્યે આપના ભારત સરકારી રાજ્ય મહાગુજરાતના ગવર્નરદ્વારા અપાયેલ ઇલ્કાબના બહુ સમ્માન સાથેના સમાચારો રેડીયા પર સાંભળ્યા હતા, આપ ભારતના અને વિશ્વના સંસ્કૃતના તમામ વિભાગોના ધુરન્ધર વિદ્વાન છો, પ્રથમ શ્રેણીના મહાન વિદ્વાનને સરકારશ્રી તરફથી બહુમાન સાથે એવૉર્ડ આપવામાં આવે છે, આપ રાષ્ટ્રીય રાજકીય વિદ્વાન છો, આપના ફિલૉસૉફીના ગ્રન્થો કૉલેજોમાં ભણાવાય છે, આપ ન્યાય તર્કના ધુરન્ધર પ્રસિદ્ધ લેખક વિદ્વાન છો, આપે ૫૩ ગ્રન્થો કાવ્યો દર્શનો સંસ્કૃતમાં લખી હાલના સમયના સાહિત્ય તથા વિદ્વાન વિભાગને ઘણો જ ઉપકાર કરેલો છે, આપ ૭૪ વર્ષની વયે વૃદ્ધતામાં પણ હજુ સારસ્વત મહાવિદ્યા ક્ષેત્રને નવીનરૂપે વિકસાવતા રહો છો તેથી ભારતીય મહાગુજરાતના ગવર્નરશ્રી તથા શિક્ષા

વિભાગના પ્રધાન તથા કલેક્ટર સાહેબ તથા સરકારી વિદ્યાલયોના મહાન વિદ્વાનો આપને ઘણું માન-સન્માન આપીને ઘણી કૃતકૃત્યતાને અનુભવે છે, આવું ઘણું વ્યાખ્યાન સાંભળ્યું હતું. સંસ્કૃતના ઉત્તેજન માટે આપને ઘણી ભલામણો કરાઈ હતી, સભા સમાપ્ત થયા સુધી વ્યાખ્યાનો થયા હતાં, અને બે વ્યક્તિઓને જ ઍવોર્ડો અપાયા હતા, આપના ચરણમાં અનન્તવાર અમારા દંડવત્ સ્વીકારજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૯૩ તા. ૭-૧૧-૭૮

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણસ્વામી તમોને નમો નમઃ

જુનાગઢમાં વિરાજતા અમારા ઇષ્ટ મહાપ્રભુજી અનાદિનારાયણસ્વામી, અમારા સાષ્ટાંગ દંડવત્ સ્વીકારશો, **દુબઈથી ચમનલાલ મોહનલાલની અરજી સ્વીકારજો,** અમારી કંપનીએ બીજી કંપનીમાં જવા છુટ આપી છે, ગુજરાતના આંહી ડાહ્યાભાઈ પેન્ટર છે, તે આપને પ્રભુ માને છે, ચરણકમળો તથા મૂર્તિ પટમૂર્તિ ચિત્રરૂપે બનાવે છે, આપના પ્રતાપથી સુખી છીએ, સર્વોપરિ ઉપાસના અને સત્સંગનો આનંદ આવે છે, આંહી ઘણા સત્સંગીઓ છે, અંકલેશ્વર ભક્તો તમારા છે, જરૂર કૃપાપત્ર લખજો, આશીર્વાદ ફૂલ-પાંખડી પ્રસાદી મોકલજો, એજ નજર રાખજો, કામ સારી કંપનીમાં મળે એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૯૪ તા. ૩૧-૧૦-૭૮

મોટી કુંકાવાવ.

નુતન વર્ષાભિનંદન. નવા વર્ષોની સુવાસી પુષ્પાંજલિ શાસ્ત્રીજી આપના જીવનને સુગંધમય રાખો સુખી હો, **કુંકાવાવથી પોપટભાઈ ગોપાલભાઈના તથા રવજીભાઈ, ભીખાભાઈ તથા નાના મોટાના જયસ્વામિનારાયણ વાંચવા,** દિલુભાઈ ઈટાંરસી ગયા છે ત્યાં રોકાશે, એજ રવજીભાઈના જયસ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૯૫ તા. ૨૨-૧૧-૭૮

ભાવનગર.

સોલંકી દિનેશના ભગવાન આપને સાક્ષાત્ દંડવત્, ભારતીયમહાગુજરાતરાજ્યસરકાર બહુસમ્માનિત આપ મારી પરીક્ષામાં બળ બુદ્ધિ આપજો, આપના આશીર્વાદની જરૂરત છે, અગાઉની પરીક્ષા લેવાણી તેમાં આપના આશીર્વાદો વડે ૭૦, ૫ ટકા આવ્યા

છે, હું મારા કલાસમાં ફર્સ્ટ આવ્યો છું, એ બધું આપના આશીર્વાદ કૃપાનું ફળ છે, એજ, આપ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોનો શિષ્ય સોલંકી દિનેશ ભીખુભાઈ જીવાભાઈના દંડવત વાંચજો. દર્શન આપજો, ખબર રાખજો, સંભાળ લેતા રહેજો, તમારો ભક્ત છું, ભક્તિ આપજો, કાંઈ ખોટું ન કરું એવું સાત્વિકપણું રખાવજો, મારા માવતરની સેવા વધારે કરતો રહું એવો રાખજ્યો, તમોને સદા ભજું એમ નજર રાખજ્યો, એજ પ્રાર્થના.

❖❖❖❖❖

પત્ર નં.-૩૯૬ તા. ૨૦-૧૧-૭૮

અમદાવાદ.

શાસ્ત્રી અનુપરામભાઈ

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આ યુગના વ્યાસ ભગવાન શ્વેતાયનપ્રભુજી આપ વિશ્વવન્દ્ય વિદ્વાન છો, હું દ્વારિકાજી, જગન્નાથજી, બદરીનારાયણજી ના શંકરાચાર્યો સાથે ઘણું વિચર્યો છું, મેં આપની કીર્તિ ઘણી સાંભળી છે, આપના વિદ્વતા ભરેલા સુવર્ણસુગન્ધિત ગ્રંથો વાંચ્યાં છે, શંકરાચાર્યોજી તે ગ્રન્થોને ભણ્યાં છે, આ યુગમાં ભારતના સર્વશાસ્ત્ર પ્રવિષ્ટ ધુરન્ધર પ્રકાંડ વિદ્વાન અજોડ એક જ વખણાઈ રહ્યા છો, મેં કાશીજીમાં આપની કીર્તિ ઘણી સાંભળી જોઈ છે, મહાગુજરાતરાજ્યે આપનું બહુસમ્માન કર્યું તેથી મને ઘણો હર્ષ થયો છે, ધન્ય છે તમારા જેવા વિદ્વાન શાસ્ત્રીઓને, આજે ભારત તમારાથી શોભે છે આપ મારા હજારો અભિનંદન સ્વીકારજો. તા. ૧૮-૧૧-૭૮ના ગુજરાત સમાચારમાં આપના બહુસન્માનના સંદેશા પ્રગટ થયા છે, અનુપરામના વન્દન.

❖❖❖❖❖

પત્ર નં.-૩૯૭ તા. ૧૭-૧૧-૭૮

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

અમારા ઉપાસ્ય સ્વયં પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજના ચરણોમાં **દુબઈથી સેવક શાંતિલાલ નરસિંહ લાલાભાઈના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો,** આશોવદ અષ્ટમી સન્લીમાં બહોળે પ્રમાણે મહોત્સવ તથા ફુલવાડી માટે ધનોત્સવ કરવાના છીએ, અમો બધા ખૂશી મજામાં છીએ, તમારું ભજન કરીએ છીએ, રાજી રહેજો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૩૯૮ તા. ૨૧-૧૧-૭૮

કુંકાવાવ.

પૂજનીય વન્દનીય પ્રભુ આચાર્યશ્રી શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની સેવામાં **સેવક જયસુખ મહેતાના અનન્ત પ્રણામ.** પ્રભુજી પ્રતિ સહર્ષ જાણવા મળ્યું કે મહાગુજરાતરાજ્ય સરદાર ગવર્નર તરફથી આપનું બહુમાન મહાસન્માન કરવામાં આવ્યું છે, પેપરોમાં વાચ્યું છે, મારા તરફથી ખાસ અભિનંદ અને પ્રણામો સ્વીકારશોજી, કુંકાવાવ અને સ્વામિનારાયણ સમ્પ્રદાયનું ગૌરવ આ જામવણથલી પણ ભાગે પડતું લઈ શકે છે, અમોને ઘણો આનંદ થયો છે, ક્યારેક દર્શન લાભ લેવા આવીશું, કૃપા રાખજો, ડૉ. આર. જે. મહેતા પણ આપને વન્દના લખે છે.

❖❖❖❖❖

પત્ર નં.-૩૯૯ તા. ૧૨-૧૧-૭૮

રાજકોટ.

ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ. પરમ આનંદ પમાડનારા સુખ આપનારા સર્વેના નિયન્તા એવા પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ મોટા શાસ્ત્રીજીના ચરણોમાં લિ. **આપનો ચરણસેવક રાજેશ તથા બાપા, બા, માતુશ્રી, ભરત, ભાઈ આદિ સર્વેના જયસ્વામિનારાયણ વાંચશો,** મને પેટનો દુ:ખાવો મટી જાય તેવી રક્ષા ચીઠી મોકલાવશો, આપનું ભજન ઘરમંડળ બધા કરીએ છીએ, ફુલવાડીએ દર્શને જઈએ છીએ, એજ દંડવતપ્રણામ સ્વીકારજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૦૦ તા. ૨૨-૧૧-૭૮

રાજકોટ.

અક્ષરધામના અધિપતિ સોળે ચિન્હ સહિત પ્રગટ ભગવાન શાસ્ત્રીમહારાજ **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ચરણ કમળોમાં લાખ લાખ વાર કાન્તિલાલના વંદન હો.** ભક્ત કાન્તિલાલ લાલજી પરમાર તથા સેવક મહેન્દ્રકુમારની પ્રગટ ભગવાનને પ્રાર્થના જે અધ્યાપનના છ માસ બાકી છે; વાર્ષિક પરિક્ષામાં પાસ થવાના આશીર્વાદો ઇચ્છીએ છીએ, સારી નોકરી મળવાના પણ આશીર્વાદો આપજો, એજ જય હો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યમહારાજ ભારતરાજ્યના સન્માનિત વિશ્વવન્દ્ય પ્રભુની જય હો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૦૧ તા. ૫-૧૨-૭૮

નાં. ૨૦૪, ફુજેરાહ, તારગેટ, દુબઈ.

સર્વે સેવકોના શ્રીજીમહારાજ પ્રગટને હરહંમેશા ભજનારા ગામ **ફુજેરાહથી લી. બચુલાલ, અમરશી, તુલસીભાઈ, અરવિંદભાઈ શાંતિલાલ વિગેરે આપના ચરણ ભક્તોના દંડવત્પ્રણામ સ્વીકારશો,** આપની આશિષોથી અમો તા. ૨૩-૧૧-૭૮ના આબુધાબી આવીને આરામથી ફુજેરાહની સાઈડમાં રહ્યા છીએ, કમ્પની સારી છે, આપની ઇચ્છા હશે તેમ થાશે, આપ અન્તર્યામી પરમાત્મા છો આપની દયાથી સારાવાનામાં ફેર નહિ પડે, અમારી રક્ષા કરતા રહેજો, આશીર્વાદ લખજો, દર્શન આપતા રહેજો, સંભાળ લેજો, પરદેશમાં પ્રગટ ભગવાન તમો રક્ષા કરનારા છો, ભૂલચૂક માફ કરજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૦૨ તા. ૨૫-૧૨-૭૮

શિવાજીનગર, પૂના.

રાજમાન રાજેશ્રી સદ્ગુરુ પૂજ્ય ભગવાન ગુરુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજની સેવામાં **ધર્મલાલ નથુભાઈ મેપા ટાંક આદિ અમારા કુટુંબના દંડવત્ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચશો,** મહારાજ ! મારે કતાર જવાની વીઝા આવી ગઈ છે, ચંદુલાલ કરશન પણ આવશે, મને પ્લાસ્ટરનું કામ બહુ સારૂ આવડે એવા તુરત જ આશીર્વાદ આપજો, તમોને સંભારતા સંભારતા કામ કરું છું, અને એમ જ કરીશ. તમારી ભક્તિ કરીએ તેવા આશીર્વાદ આપજો. પહેલીવાર પત્ર લખું છું, ભૂલચૂક માફ કરજો, સેંકડો દંડવત્ સ્વીકારજો, પરદેશથી શિરનામું લખીશ, દર્શન દેજો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૦૩ તા. ૨૩-૧૨-૭૮

રાજકોટ.

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને નમો નમઃ

મહારાજ દિવ્ય સાકાર પરમેશ્વર આપને કોટાનકોટિ સાષ્ટાંગ દંડવત્ સાથે પ્રણામ વાંચવા, **સેવકો અમૃતલાલ તથા નારણ તથા અમારા માવતર વિગેરેના દંડવત્ જય સ્વામિનારાયણ વાંચવા.** અમારા ડોશી માંને શરીર બહુ જ અનરવા થયા છે તો દર્શન આપી ધામમાં તેડી જાજો. દુઃખી મટી જાય, મારે સાઉદિયા જાવું છે, પ્રગટ ભગવાન આપ ધારશો તેમ જવાશે, દયા કરજો, આશીર્વાદ લખજો,

મારા મામાને પણ પરદેશ જાવાનું છે, પ્રત્યક્ષ ભગવાન મળ્યા જેથી અમારા ભાગ્યમાં ખામી નથી એજ...

❖❖❖❖❖

પત્ર નં.-૪૦૪ **તા. ૯-૧૨-૭૮**

લીસ્ટર, ૧૪ એપ્સમ રોડ, ઇંગ્લૅન્ડ.

સ્વસ્થાન શ્રીજુનાગઢ મહાશુભસ્થાને તીર્થસ્વરૂપ તપોનિધિ પરબ્રહ્મનિષ્ઠ પ્રાતઃસ્મરણીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજશ્રીના ચરણોમાં **હેમરાજ મુળજી ચોટલિયા તથા રણછોડ ગંગદાસ ચોટલિયાના આત્મસમર્પણ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.** આપ અદ્વિતીય દિવ્યમૂર્તિ આત્મનિષ્ઠ સન્ત પુરુષને વિનન્તિ જે લીસ્ટરમાં શ્રી હરિ સત્સંગ મંડળ સ્થપાયેલ છે તેઓ અમો દર શનિવારે ૭ થી ૯ સુધી સત્સંગ કીર્તન ધૂન્ય ભજન કરીએ છીએ, આપને સંભારીએ છીએ, શ્રીરણછોડભાઈ ગંગદાસ ચોટલિયા આપણા દેશમાં આવ્યા છે, આપને ત્યાં દર્શને આવશે, મહાપૂજા કરશે, સંકલ્પસિદ્ધ આશીર્વાદો આપશો, એજ અભ્યર્થના, હેમરાજ મુળજી ચોટલિયાના દંડવત્ જયસ્વામિનારાયણ સ્વીકારશો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૦૫ **તા. ૨૯-૧૦-૭૮**

કુંકાવાવ.

પરમપૂજ્ય શ્રીસહજાનન્દસ્વામી સાક્ષાત્‌ના પ્રત્યક્ષઅવતાર પરમપવિત્ર તથા બાળકૃષ્ણ જેવા તદ્દન નિર્દોષ આવા ભારતમાં રત્ન પૂ. સ્વામી ડૉક્ટર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આચાર્ય સાહેબના પવિત્ર ચરણોમાં નવાવર્ષના આન્દ ઉત્સવ સાથે સુખમય નવું વર્ષ હો. **આપનો ભક્ત મનુભાઈ શાહ, સાદર ચરણસ્પર્શ.**

❖❖❖❖❖

પત્ર નં.-૪૦૬ **તા. ૯-૧-૭૯**

દુબઈ.

શ્રીસ્વસ્થાન વિરાજમાન આલોક પરલોકના સાચા સગા, માવતર ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રતિ **દુબઈથી રતિલાલ મોહનલાલના અનેક દંડવત્ સાથે જયસ્વામિનારાયણ વાંચશોજી,** અમે તા. ૩૧-૧૨-૭૮ના દુબઈ પહોંચ્યા છીએ, આપ અન્તર્યામી છો, આપને સંભારીએ છીએ, અમારી ખબર રાખજો, આશીર્વાદ લખજો, અમારો નંબર ૧૯૧૧ છે, કમ્પની સારી છે, પગાર પણ સારા છે, શાન્તિના આશીર્વાદ આપજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૦૭ તા. ૭-૧-૭૯

આબુધાબી, દુબઈ.

તુલસી મુળજી, તથા વાસુદેવ કાનજી બન્નેના દંડવત્. પ્રભુજી તમારો રાજીપો છે, તેથી આંહી સુખે પહોંચી ગયા છીએ, ખાતાપીતાં કામકાજ કરતા રાતદિવસ ભજી આપને યાદ કરીએ છીએ, અમ જેવા તમોને ઘણા છે પણ અમારે તમો એક જ પ્રભુજી છો, સર્વ કર્તા છો, અન્તરાત્મા છો, સત્બુદ્ધિ વધારે આપજો, તમારી દયાથી આંહી ઘણું સારું છે, કામધંધા સારા ચાલે છે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તમારી ભક્તિ કરીએ છીએ, તમારો જયકાર છે, અમારા કોટિ દંડવત્ સ્વીકારજો, ભૂલચૂક માફ કરજો, દિવ્યદૃષ્ટિવડે સેવજો, નજર રાખજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૦૮ તા. ૧૮-૧-૭૯

દુબઈ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ

પરમદયાળુ પ્રગટ ભગવાન ભગવાન ધામોના ધણી સર્વ નિયન્તા પ્રભુ પૂર્ણ પુરુષોત્તમ સન્ત પુરુષોત્તમ નાડીપ્રાણ જેમના હાથમાં છે અધમ ઉદ્ધારણ પતિતપાવન ભક્તવત્સલ શ્રીહરિ દિવ્યમૂર્તિ આપને યાદ કરનાર **ચરણસેવક વ્રજલાલ લાલજી જાવિયાના દંડવત્ સહિત જય સ્વામિનારાયણ વાંચજો,** હે ભગવાન ! અમારા જીવનો મોક્ષ થાય, ભક્તિ થાય ભગવાન પાસે રહેવાય, સેવા થાય એ માંગીએ છીએ. રતિલાલભાઈ, પરદેશથી આવવાના છે, આવશે કે તુરત જ આપના દર્શને આવવાનું લખે છે, આપ ભગવાન કોઈ વિઘ્ન ન થાય એમ નજર રાખજો, રક્ષા કરજો, આપની મૂર્તિ દેખાયા કરે છે, ધન્ય ભાગ્ય ગણાય જે ભગવાન નજર આગળ તર્યા કરે છે, મહારાજ માનવ દેહે જે જોઈએ તે તમો મળ્યા છો, અમોને સાચવજો કોટિદંડવત્ વાંચજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૦૯ તા. ૧૬-૧-૭૯

જામનગર.

જુનાગઢ મધ્યે વિરાજતા અમારા મહાપ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજ, અમારા દંડવત્ વાંચજો. **જામનગરથી સેવક ઓધવજી, તથા મહેન્દ્રકુમાર તથા કૃષ્ણકુમાર તથા હરેશકુમાર આદિકનાં જયશ્રી કૃષ્ણનારાયણ વાંચશો.** અમો તા. ૧૭-૧-૭૯ના રોજ મસ્કત જવા રવાના થાશું, સ્ટીમરમાં મુમ્બઈથી બેસશું,

બધે રક્ષા કરજો, તમારી દયાથી અમારે કમાવા પરદેશ જવાનું થયું છે, એમ. કો. કમ્પની છે, દયા દૃષ્ટિએ સંભાળ રાખજો, મારા ઉપર કૃપા વરસાવજો, ૧૦૫ મળશે, એજ. દ: મહેન્દ્રકુમારના દંડવત્.

❖❖❖❖❖

પત્ર નં.-૪૧૦ તા. ૧૩-૧-૭૯

જામવણથળી.

સાક્ષાત્ ભગવાન અનાદિનારાયણ ભગવાન અવતારી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણારવિન્દોમાં **રણછોડ રાજા ભક્તના કોટિ દંડવત્ સાથે જય સ્વામિનારાયણ વાંચશો,** શ્રીહરિકૃષ્ણમહારાજ ! તમો પ્રભુ અમારા છોકરાંની દેશપરદેશ સંભાવના રાખો છો, તેથી અમો ઘણા સુખી થયા છીએ, તમારી શક્તિ પૂજા કરીએ છીએ, અમારું કુટુમ્બ બધું આનન્દમાં છે, ભક્તિવાળું રહે એવા આશીર્વાદ વધારે માગીએ છીએ, બધાનાં દંડવત્ વાંચજો, દિવ્યદર્શન આપતા રહેજો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૧૧ તા. ૧૬-૧-૭૯

દુબઈ.

સેવક ટપુભાઈ, તથા બાબુભાઈ, તથા જગદીશ તથા કુટુમ્બ બાળબચ્ચાં આપ શ્રીકૃષ્ણના ચરણોમાં આનન્દમાં છે, આપને ભજે સંભારે છે, અમારા દુબઈ વાળા ભક્તજનો ઉપર રાજી છો, અમોને આનન્દ થાય છે, ભગવાનજી આવવાનાં છે. દ : જગદીશના જય સ્વામિનારાયણ વાંચજો, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજના જય થાઓ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૧૨ તા. ૮-૧-૭૯

દુબઈ.

દુબઈથી આપનો ભક્ત જયન્તીલાલ વિગેરે શ્રીહરિશરણાગતિ મંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો, પ્રભુ પરમ પ્રતાપી મહારાજ પ્રગટ શ્રીકૃષ્ણજી નન્દનન્દન આપનો સેવક પરદેશમાં છે. પરદેશમાં બે કંઠીઓ પ્રસાદીની મંગાવે છે જરૂર મોકલજો, અમારા અપરાધ માફ કરજો, સૃષ્ટિના સર્જનહાર દીનદયાળ માનવસ્વરૂપે વરતનારા પ્રતાપી ભગવાન વેદવ્યાસજી શ્રીજીના ચરણોમાં અમોને રક્ષા કરતા રહેજો, દેશમાં આપના દર્શને આવવું છે, આશીર્વાદ લખજો, સંસારથી તરવું છે, એજ પ્રાર્થના.

❖❖❖❖❖

પત્ર નં.-૪૧૩ તા. ૯-૧-૭૯

આબુધાબી, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે.

સ્વસ્થાન જુનાગઢ નિજભવનમાં શ્રીજુનાગઢમાં મહાશુભસ્થળમાં મહારાજાધિરાજ વિરાજમાન પરમકૃપાળુ પરમદયાળુ જીવને વ્હાલા લાડિલા ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભગવાન તથા સન્ત પરમહંસ મંડળને **આબુધાબીથી તમારા ચરણસેવક મનાણી તુલસીમૂળજી તથા ચોટલીયા વાસુદેવ કાનજી ગંગદાસ તથા સર્વે ગુરૂભાઈઓ શ્રીહરિશરણાગતિમંડળના ઘણા ઘણા હેતપૂર્વક કોટિદંડવત્ પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.** આપના ચરણમાં એક કાગળ લખ્યો છે, આપના સવારે દિવ્યમૂર્તિ દર્શન થયા છે ઘણો આનન્દ થયો છે, તુરત જ આ બીજો કાગળ લખ્યો છે, હર્ષ માતો નથી, અતિ સુખ થઈ પડ્યું છે, પ્રભુજી તમોએ તુરત જ અમારી સંભાળ લીધી, અમારી ચઢતી કળા થાશે.

સદ્‌ગુરૂજી મહારાજ ! તમારો રાજીપો આશીર્વાદ દયાથી કુશળ છીએ સુખી છીએ, રાજી રાજી રહેશો, કમ્પની તારગેટ સારો પગાર આપશે ૩૦ રૂપિયા રેટ લાગશે એવું વાતાવરણ જણાય છે, પછી ભગવાન કરો તે સારૂજ છે, તમારા નવા વર્ષના આશીર્વાદની કંકોતરી વાંચી ઘણો ઘણો આનન્દ થયો હતો, તમોને રાતદિવસ યાદ કરીએ છીએ, ખાતા પીતાં કામકાજે પ્રભુજી અમોએ જેવા તમોને જાણ્યા છે તે પ્રમાણે ભજીએ છીએ, અમારે આપ ભગવાન એકજ છો, તમો બધું જાણો છો, કરતા હરતા તમો પ્રભુ છો, બધાને એક તમારો જ આધાર છે, અને સારો નરસે કામકાજે તમારોજ ડર છે, અમારાથી કોઈ ભૂલ તો નથી થતી એવું ભાન રહે છે, ગુરૂજીમહારાજ તમારા ચરણની સેવા અને આપણો સત્સંગ સમાજ દિવસે દિવસે વધે એવી અમો શ્રીસ્વામિનારાયણ અક્ષરાતીત પુરૂષોત્તમ મહારાજ પાસે પ્રાર્થના કરીએ છીએ.

પ્રભુજી ગુરૂમહારાજ અમોને સત્‌બુદ્ધિ આપજો, કોઈ ખરાબ રસ્તો કે આસુરી વેરી દુશ્મન દોષો થકી રક્ષા કરજો, તમો તો બધું જાણો છો દેખો છો. કરતા હરતા તમો છો, પ્રભુજી તમોએ અમોને ઘણું સુખ સાધન દ્રવ્ય આંહી આપ્યું છે, સન્તોષી સુખી છીએ, શ્રીહરિ તમારી દયા તથા આશીર્વાદથી વધારે વધારે દિવ્યદર્શનથી સુખી થયા છીએ, જેવું હેત છે એથી વધે એવી એમો ગુરૂમહારાજ પ્રભુજી તમારી પ્રાર્થના કરીએ છીએ, કામધંધા સારા ચાલે છે, તમારી કૃપાવડે હાલમાં વધારે સારું છે, બાહેર પણ કામકાજ કમ્પની આપે છે તે પણ કરીએ છીએ, શરીરે નરવાઈ છે, ભજન ભક્તિ કરીએ છીએ, અને વધારે ભક્તિ કરીએ

એવી અમો તમારી પાંસે પ્રાર્થના કરીએ છીએ, ભૂલચૂક માફી માગીએ છીએ. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ! તમારે કોઈ વસ્તુ મગાવવી હોય તો વળતા કાગળમાં જરૂર લખજો, તો વધારે શું લખવું, તન મન ધન ભવન જીવન બધું તમારું છે, અમારે તમારાથી વધારે કાંઈ છે નહિં, એક તમો જ સાચા માવતર ગુરુદેવ પરમાત્મા પ્રભુજી છો, પ્રગટ પ્રભુજી પરમ ગુરુદેવ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને પૃથ્વીમાં પડીને ઘણાં ઘણાં હેતપૂર્વક દંડવત્ પ્રણામ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચશો, રક્ષા કરતા રહેજો, દીનબંધુ દયાસિન્ધુ કૃપાસાગર ક્ષર અક્ષર પતિ પ્રાણપતિ ભગવાનને ચરણોમાં અનન્તવાર શ્રીહરિ શરણં મમ હો, અભિનન્દન વાંચવા મોકલાવજો, ઉપદેશ લખજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૧૪ તા. ૨૧-૧-૭૯

જામનગર.

જામનગરથી પ્રવીણના અસંખ્ય દંડવત્ સ્વીકારજો, ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ! તમારા આશીર્વાદોથી અમારું કુટુમ્બ ઘણું સુખી અને શાન્તિ આનન્દમાં છે, તમારી કૃપાથી બાપુજીનું કામકામ સારુ ચાલે છે, અમોને દયાથી આશીર્વાદ આપ્યા છે તેથી સુખ શાન્તિ ઘણી મળી છે, અમારા જેવા તો તમારે ઘણા ભક્તજનો છે પણ અમારે તમો એકજ છો, મારી પરીક્ષા તમારા આશીર્વાદો હશે તોજ સફળ થશે, આશીર્વાદ વિના અશક્ય છે, મને ઊંચે દરજે પહોંચાડશો, અત્યાર સુધીની દરેક સફળતા તમારી આશિષો વડે મળી છે. અમારા માતુશ્રીને આપના દિવ્ય દર્શન થયા હતાં, તે લખાવે છે અમોને સાજા નરવા ધામમાંથી તેડવા આવજો, બાળબચ્ચાંઓનું ધ્યાન રાખજો, આપના ચમત્કાર પરચાઓ સંભારીએ છીએ આપને ભજીએ છીએ, પુરુષોત્તમભાઈ તથા તેનું કુટુમ્બ ખૂબ જ આપના પ્રતાપથી સુખી છે, ભૂલચૂક માફી આપશો, આપનો પ્રવીણ આર. ચૌહાણ, એજ. પ્રગટ પ્રભુજીના ચરણકમળોમાં હજારો વાર વન્દન પ્રણામ હો, જય સ્વામિનારાયણ વાંચશો પત્રથી આશીર્વાદ આપજો, શિષ્ય પ્રવીણ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૧૫ તા. ૨૬-૧-૭૯

જામવણથળી.

જય અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમ:

સ્વસ્થાન શ્રીજુનાગઢ મધ્યે પરમપૂજ્ય પ્રગટ ભગવાન સર્વકર્તા સર્વેના નિયન્તા નાથ મહાપ્રભુજી અક્ષરધામના ધણી તમોને અહોનિશ યાદ કરનાર **ચરણસેવક કુંવરજી**

પ્રેમજીના ઘણા જ કરીને આપના ચરણેમાં જયશ્રી સ્વામિનારાયણ વાંચશો, મહાપ્રભુજી ! તમારી કૃપાથી સુખી છીએ, અમારો બાબો નાનો આઠ મહિનાનો છે, તેને તેર દિવસ થયા તાવ અને ટાઢય આવે છે, દવા પાઈએ છીએ એક ઇંજીક્શન દેવાર્યું છતાં તાવ કે તાઢય ઉતરતા નથી, તો સારું થાય તેવા આશીર્વાદ તથા શ્રીજીરક્ષા મોકલશો, અલીયાબાડા દવા કરાવવા ગયા હતા તોય ફેર નથી પડતો, આપ સારું થાય તેવા આશીર્વાદ આપશો, અત્યારે તાવ છે, આપની દયાથી બધું સારું થાય તેમ કરજો, બીજું બધું સારું છે, બધાના જય સ્વામિનારાયણ વાંચજો, મહાપ્રભુ તમો સર્વ કર્તા નાથ આપ છો તમો ધામના ધણી છો, આપ આશીર્વાદનો કાગળ જલ્દી લખશો, અમૃતલાલ લાધાનો પરદેશથી કાગળ હશે, આંહી આજ કાગળ આવ્યો છે, લી. આપનો ચરણકમળ સેવક કુંવરજી પ્રેમજીનાં સદંડવત્ જય શ્રીસ્વામિનારાયણ વાંચજો, આંહી જલ્દી પધારીને બાબાને હાથ ફેરવીને તાવ ઉતારી જાજો સાજો નરવો કરી જાજો દર્શન દેજો, એજ. પ્રાર્થના, મુંઝવણ થઈ પડી છે, થોડું લખ્યું ઘણું માનજ્યો કૃપા કરશો તો સાજો થાશે, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૧૬ તા. ૨૦-૧-૭૯

દુબઈ.

ભૂમંડળમાં વિચરતા મહાપ્રભુજી મારા પ્રાણનાથ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ! આપના ચરણકમળોમાં જીવિત **સેવક કુંવરજી મેપા મનાણીના દુબઈથી અનેક દંડવત્ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો,** પ્રભુજી, આંહી કમ્પની સારી મળી છે, ૧૪-૧-૭૯ના આવીને કામે લાગી ગયા છીએ, દુબઈથી ૨૦૦ કિલોમિટર દૂર છીએ, વિદેશમાં દેશકાળ ન લાગે તમારું ભજન વધારે થાય એમ ધ્યાન રાખજો, રક્ષણ કરજો, આ બધું તમારી દયાથી પરદેશમાં આવવાનું થયું છે, તમારામાં અમારી વૃત્તિ કાયમ રહે, આપ શ્રીહરિ દર્શન દેતા રહેજો, ફુગાવાડી મુમ્બઈ કુટુમ્બનું રક્ષણ કરતા રહેજો, લાભ કમાણી થાય એમ કૃપા કરજો, આશીર્વાદ મોકલજો, એજ, દાસના ચરણોમાં પડી વન્દન સ્વીકારજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૧૭ તા. ૧૨-૨-૭૯

લિબિયા.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે, શ્રીઅનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સ્વસ્થાન ગામ જુનાગઢ મધ્યે પ્રગટ ભગવાન અલોક પરલોકનું સુખ આપનારા સર્વોપરિ સ્વયં પ્રભુ જગતતારક હૃદયના નાથ મારા પ્રભુ લાડિલા શ્રીકૃષ્ણનારાયણ

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સેવામાં આપનો **ચરણસેવક દાસનો દાસ અંબાલાલ ડાયાભાઈ ટાંક તથા નરસી મનજી રાઠોડ તથા કિશોર તથા પ્રાગજીના બનેવી પરશોતમ આદિકના ઘણા કરીને જય શ્રીસ્વામિનારાયણ વાંચશો**, અમો આંહી કામે લાગી ગયા છીએ નવું પાવર હાઉસ બનાવાય છે ગેમન ઇન્ડિયા કમ્પની છે, પરદેશમાં અમારી રક્ષા કરજો, સવારના આઠથી સાંજના આઠ સુધી કામ કરવાનું છે, બપોરે દોઢ કલાક છુટી છે, અઢી કલાક રાતે ઓવર ટાઇમ આપે છે ખાવુ પીવું કમ્પનીનું છે, ૧૫૦૦ જેવો પગાર છે, લિબિયાથી છ મહિના સુધી પૈસા ડ્રાફ થતા નથી, એ મુસીબત છે પણ ૩૫૦ રૂપિયા ઘરે કમ્પની મોકલશે, આખોદિવસ ઠંડી છે ગરમ કપડે કામ કરવું પડે છે જે કામ થાય તે કરાય છે, સાંજે તમારું ભજન કરીએ છીએ માળા ફેરવીએ છીએ, પલંગ ગાદલું ઓશિકું થાળી વાટકો ગ્લાસ એ કમ્પનીએ આપ્યા છે, આંહીનો શિક્કો બધાં આરબ દેશો કરતાં મોટો છે, મોંઘાઈ બહુ જ છે, ખાવા પીવાની વસ્તુ સસ્તી છે, જુમાને દિવસે કામ કરાવે તો બમણા પગાર આપે છે, તમો ત્યાં બેઠા અમોને દેખો છો બધું જાણો છો સર્વ કર્તા હર્તા છો આંહીથી નાઇરોબી જવા પ્લેનને એક કલાક લાગે છે, લિબિયામાં **ત્રિપોલી**માં અમો રહ્યા છીએ, આશીર્વાદ પત્ર લખજો, બધાની રક્ષા કરતા રહેજો દર્શન આપતા રહેજો બાળબચ્ચાંઓની દિવ્યદૃષ્ટિએ ખબર રાખજો, દ: આંબાલાલના કોટિ દંડવત્ સ્વીકારજો, નમ:

❖❖❖❖❖

પત્ર નં.-૪૧૮ તા. ૨૨-૩-૭૯

શિવાજી નગર, પુના.

શ્રીપુરુષોતમનારાયણ પ્રગટ સ્વામિનારાયણ ભગવાન સદ્‌ગુરુની સેવામાં **શિવાજી નગરથી સદા યાદ કરનાર સેવક નથુભાઈ, નટવરલાલ, દયાળજી, ધર્મલાલ, તથા બાળબચ્ચાં સેવક કુટુંબના જય સ્વામિનારાયણ વાંચજો,** શ્રીપ્રભુજીને માલમ થાય જે અમારા ઘરમાં પિતૃના સ્વપ્ના આવે છે, પંદર દિવસો પહેલાં ધર્મલાલને સ્વપ્નામાં કુવામાં સરપ દેખાણો, ધર્મલાલ પાણીમાં હતા, તે વખતે આપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, ઉજળી હસતી મૂરતિ દેખાણા, આપે રાંઢવું બાંધીને ઉપર જળ ઉપર આવીને પછી કાંઠે આવીને સરપને બહાર કાઢી ફેંકી દીધા અને સરપમાંથી માણસ બનાવીને તમો ધર્મલાલને કીધું કે ધર્મલાલ તમારા બાપદાદા છે તો તું બાપા પાસે બેસ, ત્યારે ધર્મલાલ ધ્રુજવા બીવા માંડ્યો, તો આપે હાથ જાલીને તમારી બાજુમાં બેસાડીયો અને પિતરૂ અલોપ થઈ ગયા, આ પ્રમાણે દેખાણું છે, તો આપ કહો તે પ્રમાણે નારાયણબલિ કરાવીએ, નડતર મટે એમ નકી લખજો જેથી તૈયારીમાં રહેવાય, અમારા કુટુમ્બના જય સ્વામિનારાયણ વાંચશો, દુબઈથી દયાળજી બે મહિનામાં દેશમાં આવશે, તમારે દર્શને આવવું છે, લાંબે રસ્તે રક્ષા કરજો, એજ અરજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૧૯ તા. ૨-૫-૭૯

કડિયા બૉર્ડિંગ, એમ. એચ. રોડ, મોરબી.

સોલંકી અમૃતલાલ રવજીના ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનાં ચરણોમાં લાખ લાખ વન્દન દંડવત્ સ્વીકારશોજી, હાલમાં મારે બે પરીક્ષાઓ છે, તેમાં ભગવાન તમો પાસ થવા આશીર્વાદ આપશોજી, તમારી કૃપાથી મારી તબીયત ઘણી સારી છે, મારા ગુરુજી પ્રભુ તમો છો, મારા ઈશ્વર પણ તમો જ છો, હાલતાં ચાલતાં તમારા શ્લોકનું રટન કરું છું, સવારમાં તમારૂં પ્રસાદી ચરણામૃત જળ પીઉં છું, આપ મારે સર્વસ્વ પરમેશ્વર છો, મારે જે કાંઈ છે તે તમારામાં જ છે, હું માંદગીમાં જુનાગઢ પહેલી વખત આવ્યો હતો અને આપના દર્શનમાં પ્રભુના પરચાનો અનુભવ થયેલ હતો જેથી આપને પરમાત્મા માનું છું, કૃપા વરસાવજો, આપની મૂર્તિપૂજા કરું છું, તમોને મારા પ્રગટ પરમેશ્વર માનું છું, મને દર્શન આપતા રહેજો, તમો પરમ ભગવાન છો, મને ધ્યાનમાં રાખજો, એજ અમૃતલાલ રવજી સોલંકીના દંડવત્ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૨૦ તા. ૧૯-૪-૭૯

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમ: શ્રીશ્વેતાયનવ્યાસજીને નમો નમ: પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમ:, આપને અમારા લાખો કોટિવાર દંડવત્ પ્રણામ જય સ્વામિનારાયણ હો. આપની પ્રસાદી ગુલાબ પાંખડીઓ ખાઈને ઘણો આનન્દ વધે છે, આપ ભગવાન મળવાથી અમારા આ સમય બહુ જ મોટાં ભાગ્ય છે, તમારી દયાથી સેવા થાળ દીવા બત્તી નૈવેદ્ય ધૂપ આરતી જે કાંઈ જળ અમૃત ઉત્સવ કરવા તે આપના ભક્ત એવા અમારે માથે છે, આપે ઘણું જ આપ્યું છે, ભક્તો એવા અમો વાપરીએ છીએ અને વાપરીશું, આપની ચારે ભુજાઓ અમારે માથે છે, આપ ભગવાન ઓળખાણા ત્યારથી સુખનો સાગર ઉછળવા લાગ્યો છે, નજર રાખજો, દર્શન દેજો, સૌનાનું મંદિર કરવું છે, કુંકાવાવ સૌરાષ્ટ્રનું મધ્ય ધામ મહાવિશાળ શહેર થવા લાગ્યું છે, **અમો દુબઈથી આપના ભક્તો કાનજી ભગત, બે મોહન ભગત, બે તુલસી ભગત, વાલજી ભગત, આબુધાબી રામજી ભગત, છગન ભગત, શાન્તિલાલ બે, રતિલાલ બે, દયાળજી ભગત બે, ધીરજલાલ બે, વિગેરેના જય સ્વામિનારાયણ વાંચજો,** તીર્થમાં કાયમી પૂજા બંધાવશું, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૨૧ તા. ૨૦-૩-૭૯

ઇરાક, બગદાદ, દુબઈ.

ઇરાક, બગદાદથી ચરણરજ સેવક રતિલાલ તથા અમરસીના હેતભર્યા દંડવત્ પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો. પ્રગટ શ્રીહરિ આપની કૃપાવડે અમો દુબઈથી તા. ૧૮-૪-૭૯ના બગદાદ આવ્યા છીએ, કમ્પનીએ રાશન આપ્યું છે હાથે રસોઈ કરીને તમોને જમાડીને જમીએ છીએ, ભગવાન આપ પૃથિવી ઉપર છો આપની કૃપાવડે અમોને લ્હેર સુખ છે, ૧૫૦૦ સુધી આંહીના સિક્કા પગાર આપશે.

❖❖❖❖❖

પત્ર નં.-૪૨૩ તા. ૧૪-૪-૭૯

બગદાદ, દુબઈ.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને શ્રી પ્રગટ પ્રભુજીને નમો નમઃ

બગદાદથી નિજભક્તોના દંડવત્ વાંચજો, લિ. ચરણસેવક રતિલાલ તથા અમરશી હંસરાજના દંડત્ વાંચજો. નિજ સ્વરૂપે વિરાજમાન સર્વ અન્તર્યામી સર્વેના નિયન્તા સર્વકર્તા સર્વાધાર સર્વઉપાસ્ય આનંદઘન શરણાગતવત્સલ માનવાકૃતિમાં ભૂતલે વિરાજમાન દિવ્યસુખપ્રદાતા શ્રીહરિ સર્વેના ભજનીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ આપની અપાર દયા વડે અમોને સારે કામે લગાડી દીધા છે, આંહી માનવોમાં ધર્મ ઓછો છે, આપની દયા વડે સુખ શાન્તિ છે, ન્હાવા ધોવા પૂરતાં પાણી મળે નહિ તેથી સંક્ષેપથી પૂજા પાઠ કરી લઈએ છીએ, રાજી રહેજો, કામકાજ નવા નીકળ્યાં છે, માનવોની ભરતી આવે છે, દયાળજી ભગત, મોહન ભગત, પણ આ તરફ કમ્પની મોકલવાથી આવશે, ટપુલાલભાઈ છગનભાઈ વિગેરેને અમારા ખુશીખબર વંથળી ચાવડા આપજો, અમો ધીરેથી કાગળ લખશું, પડખાની કમ્પનીથી, શિરનામું મળેલ છે તો કાગળ મળશે. આશીર્વાદ લખજો, શીરકે કમ્પની, ખાન્દરી પ્રોજેક્ટ, નાં. ૫૭૭૨, રસીદ સ્ટ્રીટ, બગદાદ ઈરાક, આ એડ્રસ શ્રીહરિશરણાગતિ મંડળોને કાગળો લખો તેમાં મોકલતા રહેજો, અમોને પત્ર વ્યવહાર કરશો, આપ આશિષ મોકલજો ધ્યાન રાખજો, દર્શન આપજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૨૪ તા. ૨૦-૪-૭૯

કુવેત, સફાત, દુબઈ.

સ્વસ્વરૂપમાં વિરાજમાન શ્રીજીમહારાજના ચરણોમાં **નરેન્દ્ર અમરશી, મનસુખ અમરશી નરસી, અમૃતલાલ લાધા, નટવર ધનજી, દામજીભાઈ રણછોડભાઈ સર્વેના**

દંડવત્ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચજો, મહારાજ આપના ચરણોમાં દેશમાં આવવા વિચાર કરીને રજા લઈને ચાલવા તૈયારી હતી ત્યાં એક કંટ્રાટી આરબ કહે અમારી કમ્પનીમાં આવો, પહેલી કમ્પનીની કાર અમોને એરફોર્સ ઉપર મેલી ગઈ અને બીજી આરબી કમ્પની અમોને પોતાના કામ ઉપર લઈ ગયેલ છે, ભગવાન આ તો આપનો મહાપ્રતાપ અમોને જણાણો, આપને સંભારતા હતા, ભગવાન રક્ષા કરો, તમોએ રક્ષા કરી, નહિ તો કામકાજ વિના રખડી પડત, હેરાન થાત, હવે મહિમા વધારે વધારે સમઝાણો, આપને સંભારતાં જ આરબે આવીને કામે લગાડ્યા છે, દેશમાં આપના દર્શને આવવું હતું, ભગવાન આહિ દિવ્યદર્શન દેજો, તમારી સ્મૃતિ કરીને તમોને વચમાં રાખીને શરણાગત થઈ ગયા તમોએ કમાવાનું બધૂંય આપીયું તો આપ રક્ષા કરજો, દેશમાં અમારા કુટુમ્બને જલ્દી ખબર આપજો, ચિન્તા ન કરે, અમો કાગળ લખીશું. પો.બો. નંબર નક્કી થયે લખીશું, આ કમ્પની વધારે પગાર આપશે, અમારી ટિકીટ દેશની હતી તે આ આરબે કેન્સલ કરાવીને બહુ જ મદદ કરી છે, આપની કૃપા અપરમપાર છે, પ્રસાદીના ફૂલ મોકલજો, બીજો કાગળ બે ચાર દિવસમાં શિરનામાસહિત મોકલશું, આપનું ભજન કરતાં કરતાં કામે જાઈએ છીએ, કામ કરીએ છીએ, ઘરને સરનામે બધાને ખબર આપજો, સરનામું કાગળમાં છે, નરેન્દ્ર વિગેરેના કોટિ દંડવત્ પ્રગટ શ્રીહરિના ચરણોમાં હો, જોઈએ તે મંગાવજો.

❖❖❖❖❖

✍ પત્ર નં.-૪૨૫ તા.૫-૫-૭૯ ✍

મોટી કુંકાવાવ.

ચરણસેવક મધુભાઈ ધનજીભાઈ તથા મનસુખભાઈ તથા વિનુભાઈ તથા વિઠલભાઈ તથા દિનુભાઈ એ શ્રીહરિશરણાગતિમંડળના સેવકોના કોટિ દંડવત્ સાથે જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ શ્રીહરિકૃષ્ણ પરમાત્મા તમો સત્યપરમેશ્વર છો, આપની કૃપાથી અમો આનન્દમાં છીએ, આપની દયા વડે દુકાન કરી છે તમારા દર્શન કરવા આવવું છે પણ તમારી રજા સિવાય કેમ આવવું, આંહી આપની મૂર્તિના દર્શન કરીએ છીએ, ખીમજીભાઈ દરશને યાત્રાએ આવ્યા હતા ત્યારે મળ્યા હતા, ભૂલચૂક માફ કરજો, આજ્ઞા આપજો, લી. મધુના દંડવત્ વાંચજો, પ્રગટ ભગવાન રક્ષા કરજો, આશીર્વાદ આપજો, સુખી થવાય ભજન થાય, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૨૬ તા. ૧૩-૫-૭૯

જે. એન્ડ પી. કમ્પની, આબુધાબી, દુબઈ.

આબુધાબીથી આપના ચરણશિષ્ય વેલજી હીરજીનાં પ્રગટ ભગવાનને કોટિદંડવત્ પ્રણામ હો, અમને પેટમાં દુખાવો તમારા આશીર્વાદથી મટી ગયો છે, વધારે આશીર્વાદ તથા ગુલાબ પાંખડી પ્રસાદી મોકલજો, તદ્દન સારું થઈ જાય તેમ કરજો, હું અને મારો નાનો ભાઈ ભગવાનજી પ્રત્યક્ષ ભગવાન આપના દર્શન કરવા દેશમાં આવશું, ભગવાન તમો અમારા આત્માની રક્ષા કરજો, અમારો ઉદ્ધાર કરજો, દર્શન આપજો, શ્રીહરિશરણાગતિમંડળના જયસ્વામિનારાયણ વાંચજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૨૭ તા. ૨૯-૫-૭૯

કાંદીવલી, મુંબઈ.

શ્રીપુરુષોત્તમભગવાન સર્વોપરિ પ્રભુજીની સેવામાં **કાંદીવલીથી ભગત રતનશીના દંડવત્પ્રણામ વાંચશો,** હે શ્રીહરિ મારે પરદેશની પરમીટ મળી છે, શરીરમાં ગરમનરમ રહ્યા કરે છે, જલદી સાજો કરી દેજો આશીર્વાદ આપજો, તા. ૧૪-૬-૭૯ના રોજ જવું છે, મારી સાથે મારા મામાનો દિકરો હરિલાલ પ્રેમજી પણ આવશે, બન્નેની રક્ષા કરજો, કમાણીમાં બરકત રહે તમારી પૂજા થયા કરે સાજા રહેવાય, પેથા પમાને માટે ચૈત્રમાં નારાયણ બલિ નાસિક કરાવ્યું છે તેનો ઉદ્ધાર તમારે પ્રતાપે થયો છે, અમો બધા લાલજી મૂરતિ પૂજીએ છીએ, વધારે ભક્તિ માગીએ છીએ દર્શન દેજો, અમારા અમારા જીવનો મોક્ષ થઈ જાય તેમ કરજો, માળાનો જપ બતાવજો જેથી વધારે ભજન થાય, લક્ષ્મી ટકે તેમ દયા આશીર્વાદ દેજો, માયામાં જીવ ન રહે તેમ કરજો, કંઠી મોકલજો, જલદી આશીર્વાદ મોકલજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૨૮ તા. ૧૧-૫-૭૯

મસ્તક, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ, શ્રીશ્વેતાયનવ્યાસજીને પ્રગટ ભગવાનને નમો નમઃ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણભગવાનને નમો નમઃ, શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ, સ્વસ્તિ શ્રીજુનાગઢ બિરાજમાન મહાપ્રભુજી પ્રતિ **ગામ મસ્તકથી લિ. તમારા દાસનો દાસ ધનજી ભીમજીનાં ઘણાં સમર્પણ સાથે ચરણોમાં દંડવત્ વાંચજો,** તમારી દયાથી ખૂબ જ સુખીઓ થયો છું, પગાર સારા છે, સાજા નરવા રહેવાય છે, ટિપ્પણી ફૂલપાંખડી ફોટા મૂર્તિઓ મળ્યા છે, અમારી નજર રાખજો, અવતારી ૨૪ અવતારોના દસ ફોટા મોકલાવજો, આ દેશમાં ઘણાં

હરિભક્તો માગે છે જરૂરત છે, અભિનન્દન મોકલાવજો, અથવા દર્શને આવશું ત્યારે લઈ જાશું, રક્ષા કરજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૨૯ તા. ૨૭-૫-૭૯

ભાકુંપ.

પ્રગટભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમહારાજ અક્ષરધામના ધણી અનાદિ શ્રીકૃષ્ણનારાયણની સેવામાં આપનું ધ્યાન ભજન સ્મરણ કરી જીવન સાર્થક કરતા **ભાકુંપથી લી. વાલજી ચકુભાઈ તથા જયસુખલાલ તથા શાન્તિલાલ સર્વેના જયસ્વામિનારાયણ વાંચજો,** મારો પાસપોર્ટ બની ગયો છે હવે જલદી મોકલી દેજો, તમારી આજ્ઞા હોય તો મકાન બદલીએ જલદી, આશીર્વાદ લખજો, તમારી દયાથી સારા કામ મળશે, આત્મનાથ પ્રાણનાથ રક્ષા કરજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૩૦ તા. ૧૮-૫-૭૯

દુબઈ.

સ્વસ્થાન શ્રીજુનાગઢ વિરાજમાન સાક્ષાત્ ભગવાન અવતારોના અવતારી પ્રગટ શ્રીહરિભગવાન્ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અમારા ઘણાં ઘણાં દંડવત્પ્રણામ છે. **દુબઈથી ચરણસેવક દામજી ગંગદાસ રાઠોડના ઘણાં ઘણાં હેતથી જયશ્રી સ્વામિનારાયણ અને દંડવત્પ્રણામ સ્વીકારજો,** બાપાને જણાવવાનું જે રતિલાલભાઈ દર્શને આવ્યા તેમનો પત્ર છે, આપના આશીર્વાદ વચનથી અમારે ઘરે બાબાનો જન્મ તા. ૧૮-૫-૭૯, શુક્રવારે સાંજે આઠ પછી થયો છે, જન્મરાશિ નામ અક્ષરો સાથે લખી મોકલજો, આપ ભગવાન છો મારા મનોરથો ફળાવ્યા છે, સાજા નરવા રહેવાય એવા આશીર્વાદો મોકલજો, ઘર કુટુમ્બ બધાની રક્ષા કરજો, અમારે રાજકોટમાં જમીન લઈ મકાન કરવા વિચાર છે આપની આજ્ઞા હોય તો આગળ વધીએ, આજ્ઞા આપો તેમ કરીએ, અમારું ધ્યાન રાખજો, સેવા મોકલવી છે, પગાર થયે મોકલાવીશ. દામજી ગંગદાસ રાઠોડ, પોષ્ટ બોકસ નાં. ૧૫૨, દુબઈ, યૂ એ.ઇ. સાઈડ બી- ૬૩, લખજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૩૧ તા. ૨-૬-૭૯

મુંબઈ.

કાચા દામજી હીરજીના દંડવત્ વાંચજો, ભગવાન શ્રીહરિ સદ્‌ગુરુદેવ આપની કૃપાથી મુમ્બઈમાં સુપરવાઇઝરની સારી નોકરી મળી ગઈ છે બહુ જ આનન્દ થયો છે, મારી નજર રાખજો, આગળ રક્ષા કરજો દર્શન આપજો. પરીક્ષામાં પણ પાસ થવાય તેવી દયા કરજો, મારી પ્રગતિ આપની કૃપાએ ઘણી થશે, ચરણરજ સેવકની ખબર રાખજો, ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ચરણોમાં કોટિ વન્દન જય સ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૩૨ તા. ૧-૬-૭૯

સફાત કુવેત, દુબઈ.

પ્રગટપ્રભુજી શ્રીઅનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ, શ્રી શ્વેતાયનવ્યાસજી શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુજીને નમો નમઃ, **સફાત કુવેતથી શ્રીચરણસેવક રતિલાલ પ્રેમજી વાઘેલા વિગેરે સાત ભક્તોનાં ચરણસ્પર્શી દંડવત્ વાંચજો,** મહારાજ ! આપના આશીર્વાદોથી તુરત જ ટિકિટો સીટો મળી ગઈ છે, મેગેસ્કી કંપનીમાં કામે લાગી ગયા છીએ, પગાર સારા છે, હવા પાણી સદે તેવા છે, ખોરાક દેશી પટેલીયા કડીયા વિગેરેને રસોડે છે, બહુ જ ઠીક છે, રૂમ સારા મળ્યા છે, ભજન થાય છે, કામકાજ સારા ચાલે છે, બધા સત્સંગીઓ છીએ સાંજે ભજન વિગેરે કરીએ છીએ, અમારી નજર રાખજો, અમારો નંબર-૨૪૧૯૭ છે, કાર્ડ નાં. ૭૩૨ છે, કુવેત પત્ર લખજો, બીજા સત્સંગીઓને મળીએ છીએ, ઘણો આનન્દ થયો છે, સાજાનરવા રહીએ એવી અમારી અને કુટુમ્બોની સંભાળ રાખજો, બસ એજ, જય સ્વામિનારાયણ વાંચવા.

❖❖❖❖❖

પત્ર નં.-૪૩૩ તા. ૧-૬-૭૯

સફાત કુવેત, દુબઈ.

ગુરુકૃપા, જુનાગઢ બિરાજમાન પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીસ્વામિનારાયણ પ્રભુજી આપના ચરણોમાં **કુવેતથી લી. નાનાલાલ ડાયા તથા ભાઈ નારણ ડાહ્યા, તથા મગનલાલ તથા ભાણેજ રમેશ તથા રતિલાલ તથા રણછોડ તથા દામજી વિગેરે શ્રીહરિશરણાગતિમંડળના તથા અન્ય ગુરુભાઈઓનાં જય સ્વામિનારાયણ સાથે દંડવત્ પ્રણામ સ્વીકારજો,** ભગવાન આપની કૃપાથી અમો દીલ્હીથી તા. ૧૭-૫-૭૯ના પ્લેનમાં બેસીને પાંચ કલાકે કુવેત પહોંચ્યા છીએ,

તકલીફ પડી નથી, રક્ષા કરજો, આશીર્વાદ આપજો, નજર રાખજો, સાજા નરવા રાખજો, પત્ર લખજો, કામે લાગી ગયા છીએ, રહેવાની જમવાની સગવડ સારી છે, એરકંડીશન રૂમ અને ગુજરાતી મેશ છે, સારાવાનાં છે પગાર સારા આપશે, અમો તમારું ભજન કરીએ છીએ, શાન્તિ થયા કરે તેમ દૃષ્ટિ રાખજો, આપના દિવ્ય દર્શન થાય તેમ ઇચ્છીએ છીએ, દાસના દાસ નાનાલાલ ડાયા કાચાના જય સ્વામિનારાયણ વાંચજો. કુવેત સફાત, નાં. ૨૪૧૯૭, કાર્ડ નાં. ૭૩૭, મેગેસ્કી ઈન્ટર નેશનલ કમ્પની. રાજી રહેજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૩૪ તા. ૯-૬-૭૯

રાજકોટ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રગટ શ્રીઅનાદિનારાયણ શ્રીપ્રગટપ્રભુ ભક્તોની રક્ષા કરો, પ્રગટના લાડિલા **ભક્ત પરસોત્તમ સામજી ચોટલિયા તથા કુટુમ્બના ઉમેશ વિગેરેની રક્ષામાં રહો,** તા. ૬-૬-૭૯ના ૭' વાગ્યે લક્ષ્મીના જન્મના નામ અક્ષરો મોકલાવજો અગ્યારશ અને બુધવાર હતા, ભૂલચૂક માફ કરજો, આશીર્વાદ મોકલજો, પ્રભુની રજમાં વારંવાર ભગતના વન્દન વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૩૫ તા. ૧-૬-૭૯

સફાત કુવેત, દુબઈ.

રતિલાલ પ્રેમજી વાઘેલા તથા નાનજી ભગત, રણછોડ ભગત, દામજી ભગત, નારણ ભગત, વેલજી ભગત, વિગેરેના જાજા જાજા દંડવત્ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો, મહારાજ આપની કૃપાએ અમો કુવેતમાં વધારે સુખી થયા છીએ, ખાવાપીવામાં પણ સારૂં છે, દયા દૃષ્ટિ રાખજો, પત્ર લખજો નજર રાખજો સાજાનરવા રાખજો, પગાર સારા છે, આપણા ભગતોને જય સ્વામિનારાયણ કહેજો, દર્શન આપતા રહેજો રક્ષા કરજો, આપ ભગવાન અમારે આધાર છો, બધાની સંભાળ રાખજો, પરદેશમાં આપ સંરક્ષક છો, એજ લી. રતિલાલ પ્રેમજી વાઘેલાના જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૩૬ તા. ૨૩-૬-૭૯

માધાપર-કચ્છ.

નિશ્ચપદ, (ગઝલ)

પ્રથમ વિચાર સહુ કરજો, વિકટ છે માર્ગ પ્રગટનો-॥૨॥
પછી ડગલું તમે ભરજો, વિકટ છે માર્ગ પ્રગટનો-॥૨॥ ...॥૧॥

દુઃખોના પહાડ ઉતરશે, જગત્ નિન્દા બહુ કરશે,
પ્રભુ કાંઈ એમ ના મળશે, વિકટ છે માર્ગ પ્રગટનો ...॥૨॥

પ્રશંસા આજ જે કરશે, તે કાલે શત્રુ થઈ ફરશે,
દુરિજન સંગતે રહેશે, વિકટ છે માર્ગ પ્રગટનો ...॥૩॥

સગાં સ્નેહી વિરૂદ્ધ થાશે, ન કોઈને સત્ય સમજાશે,
કસોટીમાં જીવન જાશે, વિકટ છે માર્ગ પ્રગટનો ...॥૪॥

જરા જો લોકથી ડરશો, તમે પાછા જરૂર પડશો,
ન સાચી મુક્તિ મેળવશો, વિકટ છે માર્ગ પ્રગટનો ...॥૫॥

ખરા ભક્તો નથી ડરતા, કદાપિ ફાંસીએ ચઢતા,
પ્રભુજી એમને મળતા, વિકટ છે માર્ગ પ્રગટનો ...॥૬॥

શ્રીહરિ શરણાગત મંડળે, છે ઓળખ્યા આજ તો તમને,
તેઓને શરણમાં લેતાં, વિકટ છે માર્ગ પ્રગટનો ...॥૭॥

ન પરવા લેશ પણ જેને, પ્રીતિ શ્રીહરિજીમાં તેને,
કહે દાસ જયન્ત તે તમને, વિકટ છે માર્ગ પ્રગટનો
પ્રથમ વિચાર સહુ કરજો, વિકટ છે માર્ગ પ્રગટનો....॥૮॥

❖❖❖❖❖

પત્ર નં.-૪૩૭ તા. ૨૫-૬-૭૯

મુલુન્ડ, મુંબઈ.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમોસ્તુ, સ્વસ્થાન શ્રીગામ જુનાગઢ મધ્યે પરમ પૂજ્ય જગત્ પિતા શ્રી તથા અમારા ગુરુ સદ્‌ગુરુ પ્રગટ અનાદિ પ્રાણપતિ ભગવાન શ્રીકૃષ્ણનારાયણસ્વરૂપ ભગવાન તમો શ્રીઘનશ્યામ છો, ધામોના ધામી બ્રહ્માંડોના ચૌદ લોકોના ધણી છો, અન્તરજામી છો, દયાના સાગર છો, ઉદારતાના નિધિ છો, હે પ્રભુ તમો તપોવન છો, ભગવાન છો, પૃથ્વી ઉપર માનવ વેશે વિચરો છો, આપને શ્રીકૃષ્ણ નામે જેણે જાણ્યા છે,

તથા તમારું ધાર્યું થાય છે, તમારી રજા વગર પાંદડું પણ નથી હલતું એવા તમોને જેણે જાણ્યા છે, તે તો મોક્ષ પદમાં જ પહોંચ્યા છે, તમારી રજા હોય તો બધું થયા કરે.

એતાન શ્રીગામ **મુલુન્ડથી લી. છગનના જયસ્વામિનારાયણ વાંચજો.** વિશેષ જગતપિતાશ્રીને માલમ થાય કે-દિકરાને મા-બાપ બધું માફ કરે છે, દિનદયાળુ બધું માફ કરજો, પ્રભુ તમારી તબીયત સારી હશે, શરીરે સાજા રહો, આશીર્વાદ આપો સેવક સેવા કરી શકે.

કીર્તન

શાસ્ત્રીજી મારે મંદિરે પધાર્યા ઘનશ્યામ રે,
શાસ્ત્રીજી કુંકાવાવથી ચાલીને આવ્યા રે,
સાથે ઘનશ્યામને તેડી લાવજો રે ...॥૧॥

ઘનશ્યામ મૂરતિ ચંચળ ચળકતી રે,
શાસ્ત્રીજી તમને શિરપર પાઘ નવરંગી રે ...॥૨॥

શાસ્ત્રીજી એ સુખ સંભારતા દિલડું રે મારું રે,
પૂર્વે પ્રગટ અનાદી ઘનશ્યામરે ...॥૩॥

ઘનશ્યામ તમાર શરણે રે, લાગું પ્રણામ રે,
મને મળ્યા શાસ્ત્રીજી મહારાજ રે ...॥૪॥

તમો અક્ષર ધામના નિવાસી રે,
શાસ્ત્રીજી ઓળખિયા આજ ઘનશ્યામને રે ...॥૫॥

ક્યારે હવે પૂરશે મનના કોડ રે,
નારાયણ નામ લઉં દર્શન આપો રે ...॥૬॥

છગન ભગત કહે સામું જોઈને, મનડું લીધું રે,
ઘનશ્યામ દયા કરીને દર્શન આપજો રે ...॥૭॥

શ્રીશાસ્ત્રીજી મહારાજ રે અન્તરની આંખ રે,
દીલડાના દામ રે, જીવમાત્રના ભગવાન રે ...॥૮॥

શ્રીશાસ્ત્રીજી પ્રગટ નારાયણ રે,
ભજો તજીને ભવના લોચા ભળો પદ પારાયણમાં રે. ...॥૯॥

❖❖❖❖❖

પત્ર નં.-૪૩૮ તા. ૩૦-૬-૭૯

અમદાવાદ.

મહામહોપાધ્યાય વિદ્યાનિધિ પ્રાત: સ્મરણીય મહાપ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની પવિત્ર સેવામાં **કૃષ્ણકેશવશાસ્ત્રીજીનાં સદંડવત્પ્રણામ જય શ્રીહરિ વાંચજો,** પત્ર દ્વારા દર્શન આપશો, પાંચ હિન્દીવચનામૃતો હરિભક્તો સાથે મોકલાવશો, આપશ્રી સાક્ષાત્ ભગવાનના અવતાર વ્યાસજી છો, વ્યાસમુનિએ એક લાખ શ્લોકોનું મહાભારત રચ્યું, આપશ્રીએ દોઢ લાખ શ્લોકોમાં ગ્રન્થો અને લક્ષ્મીનારાયણસંહિતા એક જ સવાલાખ શ્લોકોમાં લખી છે, ભારતમાં અને વિદેશોમાં વિદ્વાનોમાં વખણાય છે, અંગ્રેજી ગવર્નમેન્ટે આપવા નક્કી કરેલી તે કાશીના અગ્રગણ્ય પંડિતોએ અને શંકરાચાર્યોએ તે મહામહોપાધ્યાય પદવી આપને આપી છે ભારતમાં એક રાષ્ટ્રપતિ તેમજ એક વડાપ્રધાન હોય છે, તેમ હિન્દુસ્તાનમાં કાશીમાં હાલમાં એક જ મહામહોપાધ્યાય સ્વરાજ્યમાં ત્રીસ વર્ષે જાહેર આપ થયા છો, સાક્ષાત્ શ્રીજીમહારાજનો આપશ્રીમાં આવિર્ભાવ થયો છે, તે વિના આવું મહત્ કાર્ય મહત્તા સાથે થઈ શકે નહિ, આ દિન સેવકને શુભઆશીર્વાદ આપજો પત્રદ્વારા દર્શન આપજો, દંડવત્ સ્વીકારજો શુભમ્.

❖❖❖❖❖

પત્ર નં.-૪૩૯ તા. ૧-૭-૭૯

દુબઈ.

અનાદિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજને નમ:, શ્રીશ્વેતાયન વ્યાસજીને નમ: અનાદિશ્રીકૃષ્ણનારાયણ આત્મપતિને નમ:, પ્રગટ અક્ષરાતીત શ્રીહરિકૃષ્ણપ્રભુજી જનોના નયન ગોચર વિચરતા માનવ મૂર્તિ ભગવાન્ અમારા રક્ષક માતાપિતા પ્રાણનાથ દયાળુ કૃપાળુ મહારાજ આપને અરજ જે કાંદીવલી સેવકોની નજર રાખજ્યો અન્ત:કરણથકી રક્ષા કરજ્યો, આપના દર્શન માટે આવીશું, અમારા અન્તરમાં અખંડ રહેજો, હે પુરુષોત્તમ નારાયણ તમો મળ્યા તેથી મોક્ષ થઈ ચૂક્યો, હે અવતારી આશીર્વાદ લખજ્યો દર્શન પણ દેજ્યો, ચરણોમાં સેવામાં રાખજ્યો, **લિ. સેવક દાસ રામજી તૂલસી તથા શ્રીહરિ શરણાગતિ મંડળના કોટિ દંડવત્ સ્વીકારજો,** એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૪૦ તા. ૨૭-૨-૭૯

જામવણથળી.

સ્વસ્થાન શ્રીગામ જુનાગઢ મધ્યે વિરાજમાન પરમ પૂજ્ય પરમદયાળુ પરમકૃપાળુ પ્રગટ પરમેશ્વર ભગવાન અક્ષરધામના ધણી સર્વકર્તા સર્વ નિયન્તા અનાથના નાથ પ્રગટ પુરુષોત્તમ નાડીપ્રાણ તમારા હાથમાં છે દીનદયાળુ અધમ ઉદ્ધારણ પતિતપાવન કરૂણાનિધાન ભક્તવત્સલ શ્રીહરિ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરમાત્મા શ્રીશ્વેતાયનવ્યાસમુનિ દિવ્યમૂર્તિએ વિચરી રહ્યા એવા શ્રી પ્રગટ ભગવાન સ્વામીનાથ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો **ચરણકમળ સેવક વ્રજલાલ લાલજી જાવિયાના કોટિ દંડવત્ સહિત જયસ્વામિનારાયણ વાંચશો.**

પ્રગટ પ્રભુના આશીર્વાદો વડે ખૂબ જ સુખી છીએ, કુટુમ્બપરીવાર બધા આનંદથી તમારું ભજન પૂજન કરીએ છીએ, તમારી કૃપા વડે આનંદમાં છીએ, પ્રાર્થના જે હાલમાં પરીક્ષા નજીક આવે છે અન્તરની આંખ્યો ખોલજ્યો મને લખવામાં સૂઝ પડે તેમ દયા કરજો, વાંચવામાં ઘણું જ ધ્યાન દઉં છું, પરીક્ષા વખતે વધારે કૃપા કરજો, બધાના જય સ્વામિનારાયણ વાંચજો, દિવ્યદર્શન થયા કરે છે, વધારે દર્શન આપજો, જીવાત્માનું રૂડું કરજો, એ જ ચરણરજ સેવકના ચરણસ્પર્શી દંડવત્ વાંચજો...

❖❖❖❖❖

પત્ર નં.-૪૪૧ તા. ૧૬-૨-૭૯

ભુજ, કચ્છ.

સ્વામિનારાયણ સત્ય છે, સ્વસ્તિ શ્રી જુનાગઢ મધ્યે પરમપવિત્ર સંત આચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રતિ ભુજથી તમોને હરવખત યાદ કરનાર સંભારનાર **સ્વામી હરિપ્રકાશદાસજીનાં સપ્રેમ જય સ્વામિનારાયણ વાંચશોજી,** તમો તમારી વાતું સ્વામિનારાયણ સર્વોપરિના નિશ્ચયની શુદ્ધ ઉપાસનાની સત્સંગિજીવનની પણ કેસીટમાં ઉતારીને બાબૂલાલભાઈને આપી દેજો, આપણા સમ્પ્રદાયમાં તમારા જેવા વિદ્વાન અમોએ બીજા જોયા નથી, આટલી વિદ્યાઓ ભણીને આચાર્ય મહામહોપાધ્યાય પદવી મેળવીને શુદ્ધ ઉપાસના સર્વોપરિ નિશ્ચય રાખ્યો તે તમારે વિષે છે, આપના મુખની વાણી અમર રાખવાની અમારી ઈચ્છા છે તેથી વાતો મોકલજો, આંહીથી સન્તોના જય સ્વામિનારાયણ વાંચશો, કેસીટ ઉપદેશ તે પરોપકારનું ઉત્તમ કામ કરી આપજો, એજ, જુનાગઢના દોઢસો વર્ષોના પાટોત્સવના કથાના સ્ટેજ ઉપરથી આપના વ્યાખ્યાનની કેસીટ રેકર્ડ ઉતારી લીધી છે તે અમો સાંભળીને આનન્દ પામીએ છીએ, વધારે ઉતારી આપજો, ભુજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૪૨ તા. ૧૦-૩-૭૯

ભંડારા, મહારાષ્ટ્ર.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે.

શ્રી ૧૦૦૮ શ્રી વેદ યોગ તપ ત્યાગી તીર્થરૂપ સંસ્કૃત પંડિતવર્ય સમગ્ર ભારતના દેવતા દાતાર પરમહંસોની અધિક ઉપાસના પ્રવર્તક અધિક ઉપમાવાળા, મહાસાગર તુલ્ય ગંભીર અવર્ણનીય મહોપમા સંસાર કર્દમમાંથી બહાર કાઢીને પાવન કરનારા સૃષ્ટિ કિરતાર ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રીના ચરણકમલોમાં **મહેન્દ્રકુમાર નિતીનકુમાર આદિ સમસ્ત હરિભક્તમંડળના કોટિ દંડવત્ સ્વીકારશો,** આપના શુભ સાહિત્યકાર્યમાં લગાવવા સમર્પિત સહાય સ્વીકારશો, પુષ્પદળ પ્રસાદી મોકલાવજો, અમારા મોક્ષ કરજો, સુખી રાખજો, નજર દર્શન આપજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૪૩ તા. ૧૨-૩-૭૯

રાજકોટ.

પ્રગટ અનાદિ નારાયણ શ્રી પ્રગટ પ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સદાને માટે ભક્તોની રક્ષા કરજો, **અનિલ, જીતેન્દ્ર આદિ સેવકો સહિત હરિકૃષ્ણ શ્રીહરિ શરણાગતિમંડળની રક્ષામાં રહેજો,** તમારી દયાથી અમોને સર્વેને આંહી તથા આબુધાબી બધાને બહુ જ સારું છે, આંહી વાના સાંધા કળે છે તે મટી જાય તેવા આશીર્વાદ અને પ્રસાદિ પાંખડીઓ મોકલાવજો, સાજા નરવા રહીએ તેમ દયા કરજો, ગોકુલ અને દ્વારિકા છેટા છે પણ શ્રીકૃષ્ણનારાયણ દયા કરે તો દર્શન લાભ મળે, કૃપા રાખજો ઉધારજો, સાંચવજો, લખતા આવડશે, ભજન કરશું, દીનાનાથને પ્રણામ, સેવા થઈ નથી, ફૂલ પાંખડીએ રાજી રહેજો શાન્તિ સુખ વરતે તેમ આશિષ આપજો, આપની જૈ. ગોલોકપતિ શ્રીરૂકિમણીનાથને શ્રીકૃષ્ણને હજારો અભિનન્દન હોજો આપ સન્તમૂર્તિ ભગવાનની મૂર્તિને હજારો લાખો દંડવત્ છે, એજ... આશીર્વાદ મોકલજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૪૪ તા. ૧૨-૩-૭૯

આંકોલા.

ગુરૂકૃપા અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમ:, પૂજ્ય ગુરૂદેવ, અવતારી પ્રભુ, સર્વેના નિયન્તા, સર્વેના રક્ષક, સર્વે પંડિતોના પંડિત, સર્વ કારણના કારણ, પ્રમાતા પ્રદાતા પ્રભુજી, ભક્તોના વ્હાલા ભક્તવત્સલ, ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ

પ્રભુના ચરણોમાં હજારો વાર શિર સાષ્ટાંગ નમન સાથે દંડવત્ પ્રણામ સ્વીકૃત કરજો, **આંકોલાથી આશીર્વાદ ઇચ્છુક ચરણસેવક રમણિકલાલ કરશન જાવીયા તથા જયન્તિલાલ ઓધવજીનાં હેતપૂર્વક જય શ્રીસ્વામિનારાયણ વાંચજો,** દયાળુ પ્રભુ આપને અભિનન્દન આપતાં ઘણો આનન્દ થાય છે, એ આનન્દ કયા શબ્દો વડે પ્રગટ કરું, આપને મોટા મોટા વિદ્વાનો પંડિતો ડોક્ટરો મોટી મોટી પદવીવાળાઓ એ આપને અલૌકિકપણે અભિનન્દનો લખ્યા છે, તેઓને આપનો પ્રતાપ ઓળખાણો છે, અમોને આપ ભક્તવત્સલ ભગવાન ભેટ્યા ઓળખાણા અનેક સેવાઓ સ્વીકારીને સુખીયા કર્યા છે, અમારા પૂર્વજન્મનો યોગ સારો જેથી આ જન્મે સાક્ષાત્ પ્રભુ શ્રીહરિ ઓળખાણા, અહો ભાગ્ય અમારા પ્રગટ્યાં છે, ભલાભલાએ પ્રયત્ન કરીને ભગવાન માટે મહેનતો કરી પણ તેમને નથી મળ્યા એવા દિવ્ય પ્રભુ ભગવાન આપની સેવાચાકરી ભક્તિનો લાભ અમોને મળ્યો એ અમારું મોટું ગૌરવ છે, મારી શ્રદ્ધા ભક્તિ ચરણધ્યાન વધતાં રહે અલભ્ય લાભ મળે એવા આશીર્વાદ આપજો, માથા મુકીને સેવીએ એવું બળ આપજો, સૂર્ય ચન્દ્ર રહે ત્યાં સુધી આપ બ્રહ્માંડમાં વિચરી ભક્તોને સુખીયા કરતા રહો, એ જ ચરણસેવક રમણિકલાલ તથા જયન્તિલાલના જય સ્વામિનારાયણ વાંચશો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૪૫ **તા. ૧૨-૩-૭૯**

ફુગાવાડી, પુના.

પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને જાજા કરીને **પૂના ફુગેવાડીથી મનસુખલાલ તથા રમેશકુમારના જયશ્રીસ્વામિનારાયણ વાંચશો,** હું મનસુખ સાજો રહેતો નથી, માથું કાયમ દુઃખે છે તો શું બાબત છે તે જણાવજો, સાજો રહું તેમ આશીર્વાદ દેજો, મોઢું આવી જાય છે તે મટી જાય તેવી ખાવાની દવા સાથે પ્રસન્નતા પુષ્પ પાંખડી પ્રસાદી મોકલાવજો, દાસના દંડવત્ વાંચજો રક્ષા કરજો દર્શન આપજો, લી. સેવક મનસુખના જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૪૬ **તા. ૧૪-૩-૭૯**

કાંદીવલી, મુંબઈ.

કાંદીવલીથી લાધાભાઈ વીરજીનાં કુટુમ્બના દંડવત્ સહિત જય સ્વામિનારાયણ વાંચજો, આપની દયાથી સુખી છીએ, જમણી આંખમાં મોતીયો ૧૭-૩-૭૯ના ૧૦ વાગ્યે ઉતારવો છે, અમારી નજર રાખજો, આપનો રાજીપો આશીર્વાદ દિવ્ય આશિષો પ્રસાદી ફૂલપાંખડી મોકલાવજો, મારી નજર રાખજો, પ્રભુજીના ચરણોમાં

કોટિ વન્દન સ્વીકારજો, દાદા લાધાભાઈને મુશ્કેલીમાં દર્શન દેજો ઉગારજો, આપને અજાણ્યું કાંઈ નથી, બધું હથેળીમાં દેખો છો, વધારે શું લખવું, નાડી પ્રાણ સંચવાવજો એ જ, શરણાગતની રક્ષા કરતા રહેજો, એજ, કુટુમ્બની ભક્તિ સ્વીકારજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૪૭ તા. ૭-૩-૭૯

મુંબઈ.

સેવક નારણ કરશનના ચિરંજીવી નવીનના ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ દંડવત્ પ્રણામ સ્વીકારજો, મારા બાપુજી મુમ્બઈ આપની કૃપાથી પહોંચીને કામે લાગી ગયા છે, ખુશીમજામાં છીએ, પરોઢીએ આપના દર્શન થયા તેથી મારા બાપુજી જૂનાગઢ દર્શન કરવા આવવાનાં છે, અમો બધાં આવશું, પ્રફુલ્લભાઈની તબીયત મોળી છે તો શ્રીજીરક્ષા જલદી મોકલાવજો, હું નવીન પાસપોર્ટ આવે એટલે પરદેશ જાવા ઇચ્છું છું તે આપ ભગવાન કરી દેવારજો, તમારા આશીર્વાદથી મનને શાન્તિ છે બધા કામમાં શાન્તિ વરતે છે મારી ભૂલચૂક માફ કરજો, લી. નવીન નારાયણ ચૌહાણના દંડવત્ સહિત જય સ્વામિનારાયણ પગે લાગણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૪૮ તા. ૧૦-૩-૭૯

ભુજ.

જુનાગઢમાં પવિત્ર સન્ત શિરોમણિ આચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજી પ્રતિ **ભુજથી તમારો સેવક સાધુ હરિપ્રકાશદાસજીનાં સદંડવત્ જય સ્વામિનારાયણ વાંચશોજી.** આપના મહાપાટોત્સવમાં વ્યાસાસને બિરાજતા આપને સર્વોપરિ કથાની ઉતારેલી કેસીડમાં આપના મુખના વચનો સર્વોપરિપણાનાં સાંભળી મને બહુ જ આનન્દ થયો છે બહુ જ હું રાજી થયો છું આંહી બધા કેસીડ સાંભળીને ઘણા રાજી થાય છે, આપ કચ્છભુજ પધારો સ્વામીનારાયણ ભગવાનના સર્વોપરિપણાની વાતો સાંભળીએ, તમારા મુખની વાતો સાંભળીની પ્રગટ ભગવાન સ્વામીનારાયણનો મોટો નિશ્ચય મહિમા વધારે દૃઢ થતો જાય છે, આપણા સત્સંગમાં તમારા જેવા મહાવિદ્વાન સુદ્ધ ઉપાસનાવાળા બીજા કોઈ દેખાતા નથી, બધા ઉપાસનાના લોચા કરી નાખે છે, શુદ્ધ ઉપાસનાનો ફેલાવો આપે ઘણો કર્યો કરાવ્યો અને ટકાવી રાખ્યો છે, તો અમારા ઉપર કૃપા કરજો, શ્રીજી મહારાજના પ્રત્યક્ષ દર્શી આપ જેવા સન્તથી મોટો લાભ થતો રહેશે બધાને અમારા જય સ્વામિનારાયણ કહેવા, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૪૯ તા. ૧૧-૩-૭૯

રાજકોટ.

ઓં અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુજીને નમ: શ્રીઘનશ્યામ મહારાજના ચરણોમાં હજારો વન્દન પ્રણામ હો, પ્રભુ દયાળુ દયાના સાગર અન્તરજામી ભગવાન તમોએ દયા કરી તેથી મને સારી નોકરી મળી ગઈ છે, તમારા ચરણોમાં ભગવાન તમારી ભક્તિ આપજો, સહુના મનના મનોરથો પૂરા કરો અમારા મનોરથ પૂરા કરજો રક્ષા કરજો દર્શન આપજો ફૂલ દોળની સેવા હારડો અંગીકાર કરજો, **મનસુખ સેવક તમારો પ્રાર્થના કરે છે મારી નોકરી ચઢતી થાય તેમ કરજો,** એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૫૦ તા. ૮-૩-૭૯

જામવણથળી.

સેવક મગનલાલ કેશવજીનાં ભગવાનના ખોળામાં મસ્તક અર્પણ સાથે દંડવત્ સ્વીકારજો, અમો નારાયણબલિ કરાવી લેશું, નડતર મટી જાય તેમ કરજો, સરાવણું પણ ગોર કહેશે તેમ કરાવી લેશું, આપના સ્વપ્નમાં દર્શન થાય છે એવીને એવી દયા કરજો ઉદ્ધાર કરજો ભગવાન વિના બીજો કોઈ તારણહાર નથી આપ તારજો મુમ્બઈમાં હાલમાં કાન્દીવલીથી કામે જાઈએ છીએ, નજર રાખજો, દેશમાં આપના દર્શન કરવા આવવું છે એજ... આશીર્વાદ આપજો, તુલસીમામાને કાગળ લખ્યો છે, રાજી ખુશી છીએ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૫૧ તા. ૧૮-૪-૭૯

વડતાલ.

પરમ પૂજ્ય ભારતવિખ્યાત શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રતિ **વડતાલથી સેવક પાર્ષદ કાનજી ભગતના ઘણા દંડવત્ સ્નેહથી જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.** આંહી વડતાલ મંદિરમાં પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી પ્રમુખપણા નીચે ગાદીવાળે મેડે શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી જયન્તી મહોત્સવ ઉજવવા સમ્બન્ધે સર્વ સન્ત હરિભક્તોની સભા યોજી હતી, જૂનાગઢથી કોઈ આવી શક્યા નથી, પણ તમારા તરફથી આવેલ પત્ર સભામાં વંચાયો હતો, જૂનાગઢમાં ફાગણ વદી ૨ની સભા રાખવાના છો તેમાં આંહીના પાંચ સન્તો આવશે વિચારણા હેતુઓ કર્તવ્ય દર્શાવશે, યોગ્ય લાગે તે આપ સહાનુભૂતિ આપશો તો વિશાળ સાહિત્ય સાથે મહોત્સવ ધારણાઓ પૂરી થાશે, વિદ્વાનો વડે થાય તે બીજાથી ન થઈ શકે, આપ ભારતસરકાર માન્ય, પંડિતમંડળ માન્ય દિગન્તકીર્તિ વિદ્વાન છો આપનો ટેકો

મળશે તો પણ ઘણું જ સફળ થશે, ચૈત્રના સમૈયા ઉપર જનરલ મહાસભા તથા મિટિંગ રાખેલ છે, આપે પધારવું, અભિપ્રાય આપશો, પત્ર લખજો, વડતાલના કોઠારી શ્રી તથા શાસ્ત્રીઓ આપને મળ્યા પછી મગનલાલ છીતાભાઈ સહિત વડતાલમાં આપની સહાયતાની જાહેરાત કરશે, અમો રાજી થઈએ તેમ આશીર્વાદ પાઠવજો લી. સેવક કાનજી ભગતનાં જય સ્વામિનારાયણ વાંચશો, આપ સમર્થ છો, શાસ્ત્રો આપની કીર્તિ ગવરાવે છે. જ્ઞાનબાગ, વડતાલ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૫૨ **તા. ૨૫-૪-૭૯**

જામનગર.

પ્રગટ ભગવાન શાસ્ત્રીજી મહારાજ પરમપૂજ્ય પરમદયાળુ અક્ષરધામના અધિપતિ સર્વકર્તા સર્વનિયન્તા સર્વના નાથ પ્રગટપુરૂષોત્તમ નાડીપ્રાણ રક્ષક સંચાલક અધમઉદ્ધારણ પતિતપાવન કરૂણાનિધાન ભક્તવત્સલ શ્રીહરિ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પરમાત્મા શ્રીશ્વેતાયન વ્યાસમુનિ દિવ્યમૂર્તિએ વિચરી રહ્યા એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો **ચરણકમળ સેવક વ્રજલાલના કોટિ દંડવત્ સહિત જયશ્રી સ્વામિનારાયણ વાંચજો,** અમો આપની કૃપાથી આનન્દમાં સાજા નરવા છીએ ધૂન્ય ભજન કરીએ છીએ, પરીક્ષામાં પાસ થયો છું. આપને દર્શને છૂટીમાં આવવું છે, અમારા માબાપ ભાઈઓ કુટુમ્બના દંડવત્ સાથે જય સ્વામિનારાયણ વાંચશો દર્શન આપતા રહેજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૫૩ **તા. ૪-૩-૭૯**

અંધેરી, મુંબઈ.

અંધેરીથી શામજી હીરજી, વશરામ લખમણ તથા મૂરજી વેલજી તથા જેરામ વાલજી ચોટલીયા તથા નથુ પ્રેમજી ધુળકોટ એ પાંચ જણાને આપના આશીર્વાદથી લીબીયા જાવાનું થયું તો તા. ૫-૩-૭૯ના પ્લેનમાં ઉપડીશું ત્યાં પહોંચતા રક્ષા કરજો, પછી કાગળ લખીશું રસ્તે રક્ષા કરજો, અમૃતલાલ આદિ ખુશીમાં છે બધાની રક્ષા કરજો, પ્રગટ ભગવાન આપ નજર રાખજો, ત્યાં પહોંચાડજો, અને વેલી સંભાળ લેજો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૫૪ તા. ૩-૩-૭૯

દુબઈ.

જય સ્વામિનારાયણ, જુનાગઢ મધ્યે આલોક તથા અક્ષરધામના સાચા માવતર ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીજીમહારાજના ચરણોમાં આપનો **દાસના દાસ રતિલાલ મોહનલાલના દુબઈથી કોટિદંડવત્ સ્વીકારજો,** શ્રીહરિ આપની ભક્તિ કરીએ છીએ, સુખી છીએ કમ્પની સારી છે પગાર પણ સારા છે, સેવકનું નામ રમેશ રાખ્યું છે, ધન્ય ભાગ્ય છે તે આચાર્ય ભગવાનના ખોળામાં બેઠો અમોને ઘણો આનન્દ આવ્યો, તમારા દર્શન આંહી તમારી મૂર્તિમાં કાયમ કરીએ છીએ, આપ અમારી સામે જ બીરાજો છો અમારી સંભાળ રાખો છો, રક્ષા કરજો સાજા નરવા રાખજો એજ, રતિલાલના તથા શ્રીહરિશરણાગતિમંડળના જય સ્વામિનારાયણ વાંચશો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૫૫ તા. ૧૫-૨-૭૯

જામનગર.

ભગવાન શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને મારા **મગનલાલ ધનજી સાપરીયાના અસંખ્ય દંડવત્ હો,** આપની શ્રીજીરક્ષાવડે મારાં બધાં સ્વપ્ના બંધ થયેલ છે, મને ધંધો સારો મળે તેવા આશીર્વાદ આપજો, સારો લાભ થાય તેવી વિનંતિ સ્વીકારજો, આપ મારે સર્વસ્વ છો, મારી ચિન્તા પણ મટાડજો સવાર સાંજ આપ ભગવાનની માલા કરું છું અને આપની પૂજાનું ચરણામૃત પાન કરું છું, દર્શન આપજો, વધારે સુખી રહું એજ... પ્રાર્થના.

❖❖❖❖❖

પત્ર નં.-૪૫૬ તા. ૧-૩-૭૯

સાઉદિયા રીયાધ, દુબઈ.

શેઠવડાળાના નરોત્તમ ગોવિંદના સદંડવત્ જય સ્વામિનારાયણ વાંચશો, તમારી દયાથી સાઉદિયા રીયાધ પહોંચી ગયો છું, કંપની ઝરમની છે, બોલી આવડી જાય તેવો આશીર્વાદ આપજો, આંહી રહેતા શ્રીહરિશરણાગતિ મંડળના એડ્રેસ મોકલજો તેમને મળવા જઈશ પગાર સારા છે, તમો અન્તરજામી છો, મારા મામા અંબાલાલભાઈ લીબીયા છે, કવરમાં કેસર ચપટી મેલી છે તે વાપરજો, મારે તમારા દર્શન થયા ત્યાંથી ભાગ્ય ઉઘડ્યું છે અને વધારે ઉઘડે તેમ કરજો, મુમ્બઈ મારા મા-બાપ સગા કુટુમ્બને આશીષ લખજો, દર્શન આપજો ટીપણું મોકલજો, ફૂલપાંખડી પ્રસાદી મોકલજો, અમારૂં ધ્યાન રાખજો, તમોને ભજું છું સેવું છું, મારા આત્માના આધાર અન્તરજામી રક્ષા કરજો... એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૫૭ તા. ૩-૩-૭૯

જીદાહ, દુબઈ.

પાડાબેકડવાળા ભગવાનજી હીરજી ચૌહાણના જીદાહથી જૂનાગઢ તીર્થમાં બિરાજતા અવતારોના અવતારી ધામોના ધામી અનન્તકોટિ મુક્તો જીવો ઈશ્વરો માયા અક્ષર આદિકના સ્વામી નિયન્તા ઇષ્ટદેવ પ્રભુજી મહાપ્રભુજી મહારાજા અધિરાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો શરણાગત ભક્ત સ્તુતિ કરે છે તે સાંભળજો, અમો ખુશીથી કામ કરીએ છીએ આનન્દથી રહીએ છીએ ભજન કરીએ છીએ સેવા સ્વીકારજો, ગ્રન્થ વાંચી આનન્દ થાય છે, તમારે શરણે આવ્યો તે વખતે જે ઓળખાણ ભગવાનની હતી તે કરતાં આપના ભક્તો સાથે આંહી કથા વાર્તા લીલા ચમત્કારો વડે તથા ગ્રન્થ અભિનન્દનો વડે જબરી ઓળખાણ સમઝાણી છે મારા ઉત્તમ સારા ભાગ્ય જે આપના એકાન્તિક ભક્ત સન્તોનો સમાગમ મળ્યો છે તમારે ચરણે સાક્ષાત્ આવી ગયો તે પણ મારૂં મોટું ભાગ્ય ઉઘડ્યું છે, હવે મારો ભક્તિભાવ આ જન્મેજ મોક્ષમાં જવાય એવો ઉદય પામ્યો છે સેવા લાભ લેતો રહીશ દિવ્ય દર્શન થાતાં રહે છે ભગવાન ભજવાની અલૌકિક સ્થિતિ અને ગુણ કથા કરીએ છીએ, માયિક ઘાટ ટળ્યા છે થાવા દેશો નહિં આ દેશમાં ધરમ ઓછો પળે છે પણ તમારો આશરો જબરો છે, ગાંડાઘેલા સેવકને તારજો, ઉધ્ધારજો, પ્રભુજી તમારા છીએ, આશીર્વાદ લખજો, પુષ્પપ્રસાદી મોકલજો, ઘરબાર કુટુમ્બ તમારૂં છે, તેની ચમત્કાર સાથે ખબર રાજજો જે તમોને ભૂલે નહિં તે પ્રમાણે તેને સાચવજો એજ અપરાધ ભૂલચૂક માફ કરજો ગમાર જીવને દેવતાઈ નજર આપી દીધી છે મારે કાંઈ બાકી નથી... એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૫૮ તા. ૪-૩-૭૯

આબુધાબી, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમ:, સ્વયં શ્રીહરિ અમારા ભગવાન પ્રાણનાથના ચરણોમાં **આબુધાબીથી મસ્તક આપનારા રામજી જેઠા મોહન કરશન વિગેરેના ઘણાં હેતથી જય શ્રીકૃષ્ણ નારાયણ શ્રીસ્વામિનારાયણ વાંચશો,** પ્રભુજી તા. ૧-૩-૭૯ના પ્લેનમાં ત્રણ કલાકે દુબઈ પહોંચી ગયા છીએ, કમ્પનીએ મોટરમાં આબુધાબી પહોંચાડ્યા છે, શનિવારે કામે લગાડ્યા છે, ઘણો આરામ છે, સન્લી કમ્પની રહેમ વાળી છે. મોહન કરશન ભગત પણ દેરા દુબઈથી આબુધાબી આવી ગયા છે, રહેવા ખાવા ન્હાવા વિગેરેની રાજકુમાર જેવી સગવડો છે, એરકંડીશન હોલ છે આઠ જણા ગુરૂભાઈઓ સાથે છીએ ભારે આનન્દથી કથા ભજન થાય છે, સવારે છથી બપોર પછી સાડાચાર સુધી કામ કરીને છૂટી મળે છે, અવર ટાઈમ આપે

છે, સારો લાભ છે, તમારો ગણીને રાખજો, વણથળી કુટુમ્બની ખબર રાખશો તેઓ આનન્દમાં રહે તેમ રાખજો, સેવા કહેતાં રહેજો, દયાળજી ભગતે ઘણી મદદ કરી, સારાવાનાં થયાં છે, મારા મનોરથ પૂરા થયાં છે, હવે કમાણીથી સેવા થાશે બધા સુખી કર્યા છે આપના મહિમાનો પાર નથી અકળકળાઓનો પાર નથી ગરીબાઈમાંથી તાલેવાનીમાં લઈ લીધા છે, ધ્યાન રાખજો સાજા નરવા રાખજો, ફૂલ ગુલાબ પાંખડી પ્રસાદી મોકલજો આશીર્વાદ લખજો, સંભાળ તમારે રાખવાની છે, દાસની ભક્તિ સ્વીકારજો... એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૫૯ તા. ૫-૩-૭૯

કાંદીવલી, મુંબઈ.

મહારાજના ચરણોમાં કાંદીવલીથી દાસ લખમણ ડાયાના જય સ્વામિનારાયણ વાંચજો, મહારાજ આપને નિવેદન જે અમારા ભાઈ મોહનના ઘરે મગજ ફરી ગયેલ હોય તેમ જણાય છે પિતરૂ નડતર કે જે કાંઈ ઉપદરવ હોય તે તથા તેના નિવારણ માટે લખજો આશીર્વાદ દેજો, મારા ઉપર મહેરબાની કરતા રહેજો. તમારો છું તમને ભજું છું, ક્યારેક દયા કરી દિવ્યપણે ફરવા નિકળો ત્યારે ઘડિક દર્શન દઈ જાજો, આપ મહારાજના દર્શનથી અમારો જન્મારો સુધરી ગયો છે બહુ જ ખુશી રહિએ છીએ અગડ લેવી પડે તો તે પણ લખજો નિવારણ થાય તેમ કરજો તમારે સુખે સુખીઆ છીએ સંસાર તર્યા છીએ... એજ, દરરોજ કાંદીવલી મંદિરમાં આપના પૂજા પાઠ થાળ વિગેરે હરિભક્તો શ્રીહરિશરણાગતિમંડળ સર્વે કરીએ છીએ, આપનો પરતાપ ઘણો છે... એજ, વધારે ધ્યાન રાખજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૬૦ તા. ૬-૩-૭૯

સત્સંગ સમાજ, ઓડ.

સર્વશાસ્ત્રસમ્પન્ન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સેવામાં અત્રેના સત્સંગ સમાજના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો આપ સત્સંગના વડા પ્રસિદ્ધ વિદ્વાન સન્ત છો જેથી આપને વિનંતી જે આંહી સત્સગિજીવનના પારાયણમાં પધારો અને સમ્પ્રદાયના ભાવિ ફેલાવા માટે સંકલના કરી આગળ માર્ગદર્શન આપો એમ ઇચ્છીએ છીએ, પૃથ્વીમાં સાહિત્ય પુસ્તકો દ્વારા આપે ઘણી પ્રસિદ્ધિ કરી છે સત્સંગ દીપાવ્યો છે અને ભાષાન્તરોમાં સિદ્ધાન્તો પ્રવર્તાવ્યા છે જે ભગીરથ કાર્ય કરેલ છે, ભગવદિચ્છાક્ષી મોટું આયોજન કરેલ છે, આપની અનુકૂલતા જણાવજો આપને સ્પેશ્યલ વાહન લઈ તેડવા આવીશું, વ્યવસ્થા બધી સાંચવશું, પત્ર લખવા કૃપા

કરજો, **ઓડ સત્સંગ સમાજના જય શ્રીસ્વામિનારાયણ વાંચવા, લી. દઃ જયન્તીલાલભાઈ, ઇન્દ્રવદનભાઈ, છોટાલાલભાઈ વિગેરે.**

❖❖❖❖❖

પત્ર નં.-૪૬૧ **તા. ૨૪-૨-૭૯**

કાંદીવલી, મુંબઈ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ, **કાંદીવલીથી ચન્દુલાલના જય સ્વામિનારાયણ વાંચશો,** ભગવાન આપના આશીર્વાદો વડે મુંબઈમાં એક ખોલી લીધી છે, આપના દર્શન કરવા આવવું છે, તમારી પ્રભુજીની મરજી હશે તેમ થાશે, સેવા લખજો, મોક્ષનું સાધન લખજો, અમારા માતા પિતા પરમેશ્વર છો, તમારી દયાથી સુખીયા છીએ, લાખ ખરચે મર રૂપિયા, શાસ્ત્ર ભણે મર ગાય, પ્રગટ પ્રભુ ઓળખ્યા વિના, ટળે ન ભય જમરાય. સ્વામી કહેતાં સુખ ઉપજે, કૃષ્ણ કહેતાં કાળ જાય, વલ્લભ આચાર્ય બોલતાં, અક્ષરધામ જવાય. કરી પ્રગટ ઉપાસના, ભક્તિ સેવા સુખદાય, તર્યા ને તરશે આશ્રયે, અસંખ્ય ધરી હરિ પાય, દર્શ સ્પર્શ કિયે જહાં, અનન્ત સુખિયા થાય, માયા મૃત્યુ ટળી ગયા, તાર્યા ભવ હરિરાય. આપ બિરાજો ધામમાં, જીવમાં દિલમાં નાથ, ભેગા રહી ઉદ્ધારજો, લઈ જજો નિજ પાથ. ચન્દુલાલના દંડવત્ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૬૨ **તા. ૨૧-૨-૭૯**

કાંદીવલી, મુંબઈ.

શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ, **કાંદીવલીથી પુરૂષોત્તમ આદિ શ્રીહરિ શરણાગતિ મંડળના જય સ્વામિનારાયણ વાંચશો,** પુરૂષોત્તમ ભગતને ઘરે કાંઈ પારકા પલ્લા જેવું જણાય છે તો શ્રીજીરક્ષા મોકલજો, અને તકલીબ મટી જાય તેમ આશીર્વાદ લખજો, દુઃખ ટાળજો, દર્શન આપજો ફૂલપાંખડી પ્રસાદી મોકલજો, સૂર્યસમાન શક્તિ વાપરીને દુઃખ ટાળજો, અલૌકિક શક્તિ ચમત્કાર વાપરજો, માનતા હતી તે ભૂલથી રહી ગઈ છે મોકલાવી આપશું, ખૂબ જ દયા કરજો, સારૂં થાય તેમ ભગવાન ભક્ત માટે અઢળક ઢળજો... એજ, પ્રાર્થના.

❖❖❖❖❖

પત્ર નં.-૪૬૩ **તા. ૮-૨-૭૯**

આકોલા.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ, પૂજ્ય ગુરૂદેવ વ્હાલા પ્રભુજી ભક્તોના લાડિલા ભગવાન સર્વેના નિયન્તા આપના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ સાથે જય

સ્વામિનારાયણ વાંચવા, **આકોલાથી શિષ્ય રમણિકના પ્રભુજી ઘણાં ભાગ્ય ખોલ્યાં છે, સારી રીતે કામે લાગી ગયો છું,** આખી જગતના વિદ્વાનોએ દયાળુ પરમેશ્વરને અભિનન્દનો આપ્યા છે તેથી અમોને મહા કેફ વરતે છે, કામ સેવા ફરમાવજો, આપના ચરણોનાં ધ્યાન વર્ણન વડે અતિશય કૃતાર્થ પાવન થઈ ગયો છું, નિત્ય ચરણકમળ ચિન્હોનું ધ્યાન ધરુ છું, આપના મુખકમળને જોઈ જોઈ રહું છું, ગુલાબ પાંખડી પ્રસાદી લાભ આપતા રહેજો, કોટિ દંવડત્ સ્વીકારજો, દર્શન આપજો ઉગારી લેજો, આત્મનિવેદની છું, બધું તમારૂં છે, નજરમાં રાખજો, એજ, લી. સેવક રમણિકના લાખ લાખ વન્દન છે, આપના ચરણકમળચિન્હોમય રમણિકને જયન્તીલાલ સાથે ચરણમાં રાખજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૬૪ તા. ૨૫-૧-૭૯

મસ્કત, દુબઈ.

ઓધવજી ટપુ મનાણી મસ્કત, વિદેશમાં અમારી રક્ષા કરજો, તમારી ભક્તિ થાય, દેશકાળ ન લાગે, તમારી દયાથી વિદેશમાં જવાનું થયું છે, કમાઈને સેવા કરતા રહેશું, તમારામાં અમારી વૃત્તિ કાયમ રહ્યા કરે એ માગુ છું, લાભ કમાણી આપજો, ભગવાન શ્રીશાસ્ત્રીમહારાજ ભૂમંડળમાં વિચરતા મહાપ્રભુજીના ચરણોમાં **સેવક છોરૂ ઓધવજીનાં અનેક દંડવત્ વાંચજો જય સ્વામિનારાયણ વાંચજો.**

❖❖❖❖❖

પત્ર નં.-૪૬૫ તા. ૧૯-૨-૭૯

દુહાકટાર, દુબઈ.

ભગવાનજી હીરજી તથા તુલસીભાઈના દંડવત્ જય સ્વામિનારાયણ વાંચજો, શ્રીહરિકૃષ્ણભગવાન શાસ્ત્રીજી મહારાજ તમારા પ્રસાદી ગુલાબ પાંખડી ખાવાથી પેટનો દુખાવો બીલકુલ સો એ સો ટકા મટી ગયો છે, આપના આશીર્વાદોથી બધાં સારાવાના થયાં છે, નારાયણબલિ કરાવશું, મને સહિતના સભ્ય તરીકે ગણીને વાંચવા લાયક પુસ્તકો મોકલતા રહેજો, સેવા કરતો રહીશ, આપના પત્ર દ્વારા અમૃતવાણી સાંભળી ઘણો આનન્દ થાય છે તમારૂં ભજન કરીએ છીએ શરીર સારૂં છે વાતો વાંચીએ છીએ અભિનન્દન વાંચીએ છીએ તુલસીભાઈને દર શુક્રવારે મળીએ છીએ વણથળીના પાંચ જણા છીએ કતારમાં બધા છીએ, ધર્મમાં ડાઘ ન પડે તેમ રહીએ છીએ, આપ મહારાજશ્રીની ઇચ્છા હશે તેમ અમારૂં થશે ધ્યાન રાખજો દયા ભાવના રાખજો ભૂલચૂક માફ કરજો, બાબાને દેશમાં આશીર્વાદ લખતા રહેશો... એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૬૬ તા. ૧૯-૨-૭૯

સુરત.

ઓં અનાદીશ્રીકૃષ્ણનારાયણ નમો નમઃ, આલોક પરલોકના સત્યસગાં ભક્તિ મુક્તિના આપનારા પ્રગટ ભગવાનની જૈ થાઓ, **સેવક પ્રવીણ, ભગવાનજી કાકા, વાલજી કાકા, રાજેશ, નાનો બાબો, બધાનાં સાષ્ટાંગ પ્રણામ દંડવત્ સાથે જય સ્વામિનારાયણ વાંચજો.** આપની દયાથી અમો ખૂબ જ સુખી છીએ, આ દાસ ઉપર મહેરબાની કરીને આશીર્વાદ પાઠવજો, ભૂલચૂક માફ કરજો, ક્ષમા કરજો, થાય તેટલું આપ પ્રગટ ભગવાનનું ભજન કરીએ છીએ, દર્શન આપજો, આવજો, સંભાળ લેજો, દાસાનુદાસ પ્રવીણના દંડવત્ પ્રણામ સાથે જય સ્વામિનારાયણ સ્વીકારજો, પ્રવીણ મોહનલાલ ચૌહાણ, ભગવાનજી મોહન વેગડ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૬૭ તા. ૧૯-૨-૭૯

દુબઈ.

શાન્તિલાલ મેપા રાઠોડ આપ પ્રભુજીની પ્રાર્થના કરી પરદેશ જાઉં છું, બધા મનોરથ પૂરજો, દસ વરસથી આપના પૂજા પાઠ કરૂં છું, સુખી રાખજો, નજર રાખજો, આપથી કોઈ મોટું નથી, ભક્તોના મનોરથ પૂરજો, પરદેશથી કાગળ લખીશ. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૬૮ તા. ૧૯-૨-૭૯

કાંદીવલી, મુંબઈ.

જય ભારતભૂષણ ભગવાનને જણાવવાનું જે મારે હરિલાલ ગોવિંદ મેપા ટાંકને પરદેશ જાવાનું આપની કૃપા વડે થયું છે, તો રક્ષા કરજો, મારે ઘેરથી પારકો પલ્લો હતો તે મટી ગયો છે શ્રીજી રક્ષા મોકલજો, લી. હંમેશા આપના ચરણનો **ભક્ત હરિલાલના જય સ્વામિનારાયણ વાંચજો.**

❖❖❖❖❖

પત્ર નં.-૪૬૯ તા. ૬-૨-૭૯

દુબઈ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમઃ, **દુબઈથી સેવકો જયન્તીલાલ નથુભાઈ નાનજીભાઈ રતિલાલભાઈ ટપુલાલભાઈ રમણિકભાઈ મગનભાઈ હરિભાઈ શ્રીહરિશરણાગતિમંડળના જય સ્વામિનારાયણ વાંચજો,** અમારી તબીયત સારી છે, આપની કૃપા વડે બધા સુખી છીએ, સંભારીને આશીર્વાદ પુષ્પ પાંજડી મોકલજો, સેવા મોકલવી છે, બધા તમારા પત્રની વાટ જુએ છે, ભગવાન તમો પૂર્ણકામ

છો તમોને રાજી વધારે વધારે કરવા એમ સેવવા છે, એજ. જયન્તીના દંડવત્ પ્રણામ સ્વીકારજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૭૦ તા. ૧૭-૨-૭૯

શારજાહ, દુબઈ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સત્ય છે સ્વસ્થાન શ્રી તીર્થ જુનાગઢમાં વિરાજિત પ્રગટ ભગવાન રાજાધિરાજ દયાસાગર શ્રીહરિની ચઢતી કળાઓ છે, **સારજાહથી સેવક છગનલાલના ઘણા દંડવત્ સ્વીકારજો,** આપના આશીર્વાદો વડે સુખી છું, અભિનન્દનો વાંચી ઘણો આનન્દ થાય છે, તબીયત સારી છે, મારા જેવા નાના સેવક ઉપર દયા વધારજો, છોકરાઓના ખ્યાલ રાખજો રક્ષા કરજો દર્શન આપજો, છગન ડાયા મકવાણાના જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૭૧ તા. ૧૮-૩-૭૯

રાજકોટ.

શ્રીહરિને વન્દન પ્રણામ હોજો, અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામિનારાયણ ભગવાનને નમો નમ: સ્વસ્થાન શ્રી જુનાગઢ મધ્યે વિરાજતા પ્રિય પ્રાણરક્ષક દયાળુ ભગવાન ગુરૂદેવ પરમપ્રભુની પવિત્ર સેવામાં **મુકુન્દલાલ તથા નારાયણલાલ તથા હરઘડી યાદ કરનારા રાતદિન આપની ભક્તિ કરનારા અમારા માવતર ભાઈ કુટુમ્બ બાળબચ્ચાંઓના જાજા કરીને નાના મોટાનાં જય શ્રીસ્વામીનારાયણ વાંચશો,** તમોને સ્મરણ કરીને આનન્દી રહિએ છીએ, તમારી સેવા દર્શન ભજન ભક્તિના લાભ સદા મળતા રહે તેવી દયા કરજો અન્તસમે તેડવા આવજો દર્શન દેતા રહેજો, અમારા પણ કોટિ કોટિ અભિનન્દન હોજો, પરીક્ષામાં પાસ થવાય એડમીશન મળી જાય તેવી દયા કરજો, ભૂલચૂક માફ કરજો રાજી રહેજો બધાંને પાસ કરી દેજો, બધા કુટુમ્બના જય સ્વામિનારાયણ વાંચજો, અનુકૂલતાએ સેવા સ્વીકારતા રહેજો, ભગવાન તમારી દયાથી બધાને સદ્‌બુદ્ધિ આપજો, ભજન ભક્તિ આપજો તમારી કરૂણાનો પાર નથી રક્ષા કરતા રહેજો અજ્ઞાન અણસમઝણ ટાળજો સાચાં સુખ આનન્દ આપજો દિવ્યદર્શનના સુખ આપજો, તદાકાર પધારજો. આપના ચરણોમાં કોટિ વન્દન હો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૭૨ તા. ૨-૪-૭૯

રાજકોટ.

અમારા ભગવાન્ શ્રીકૃષ્ણવલ્લભચાર્યજી સ્વામિનારાયણ ભગવાન તમારા આશીર્વાદથી પ્રગટ દર્શનનો આનંદ થાય છે, મસ્તકથી કાગળ આવ્યો છે સિરનામું લખ્યું છે. અમો તથા ત્યાં આપ પ્રગટ ભગવાનની કૃપાથી સુખી છીએ, મહારાજ આપ તો બધા બ્રહ્માંડોને એક જ મિનિટે દેખો છો, **લી. આપના ચરણાજીવી નરેન્દ્રકુમારના દંડવત્ સ્વીકારજો,** અમે હરિલીલામૃત વાંચીએ છીએ આપને ભજીએ છીએ, વધારે વાંચતા લખતા આવડે તેવી દયા કરજો, દયાના સાગર કાગળ લખજો દર્શન દેજો એજ જામનગરથી અમારા જાજા કરીને જય સ્વામિનારાયણ વાંચજો, આજ આપના દર્શન થયાં છે, તેથી પહેલો વહેલો કાગળ પ્રાર્થના લખેલ છે, ભૂલચૂક માફ કરજો, મસ્કત દર્શન દેજો આંહી નજર રાખજો. એજ દીનબંધુ સાચા સગા માવતર અમારૂં ધ્યાન રાખજો. મહેન્દ્રના દંડવત્ એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૭૩ તા. ૪-૪-૭૯

મસ્કત, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ શ્રીશ્વેતાયનવ્યાસજીને નમો નમઃ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ભગવાનને નમો નમઃ, શ્રીપ્રગટ ભગવાન પ્રતિ **મસ્કત સુરગાંવથી લી. સેવક ધનજી ભીમજી હાલાઈ દહીંસરાવાળાના ઘણા સમર્પણો સાથે દંડવત્ તથા સ્વામિનારાયણ વાંચશોજી,** તમારી દયાથી સુખી છીએ, અમારા મોટાભાઈ વિશ્રામભાઈ દ્વારા તથા શાસ્ત્રદ્વારા તમારી અલૌકિક ઓળખાણ મહિમા સમઝાયા છે, આપને શરણે આવ્યો છું, આપના દર્શન કરવા દેશમાં આવશે ત્યારે આવીશ, જૂનાગઢ મોટા પાટોત્સવ આપે કરેલાના દર્શને આવી શક્યો નહિ, આપની કૃપાથી કામધંધા ઘણા મળશે, એક તમારો ફોટો મોકલજો, દર્શન આપજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૭૪ તા. ૧૮-૩-૭૯

લિબિયા.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ, પ્રગટ ભગવાન પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને કોટિ દંડવત્ સાથે **લિબિયા ત્રિપોલીથી દાસાનુદાસ વશરામ, તથા મૂળજી તથા શામજી, તથા અંબાલાલ આદિ શ્રીહરિ શરણાગતિમંડળના કોટિ દંડવત્ સાથે જય જય શ્રીસ્વામિનારાયણ વાંચજો,** વશરામની વિનંતિ જે મારી પેટી એરપોર્ટમાંથી હજુ આવી નથી, તેમાં પૂજા હતી, તે વઇ ગઈ છે, તો મને

પૂજા કરવા શ્રીહરિ અને આપની મૂર્તિ મોકલાવજો, આપની દયાથી ખુશી મજામાં છીએ આપનું ભજન કરીએ છીએ અન્તરમાં ધ્યાનથી દેખીએ છીએ, અમારી નજર રાખજો દર્શન દેજો, કષ્ટ ન આવે તેવી કૃપા કરતા રહેજો, આશીર્વાદ લખજો, પંદર દિવસે સવારમાં આપના દર્શન થયાં તેથી ઘણો આનન્દ થયો છે, અને પૂજા તથા પુષ્પ પાંખડીઓ મોકલાવજો, પ્રસાદિ પાંખડી ખાઈને આનન્દ થશે, અપરાધ માફ કરજો, વશરામ લખમણ મકવાણાનાં દંડવત સ્વીકારજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૭૫ **તા. ૩-૪-૭૯**

મુલુન્ડ, મુંબઈ.

જુનાગઢ નિજનિવાસે વિરાજમાન ભગવાન શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્રીના ચરણોમાં **મુમ્બઈ મુલુન્ડથી લી. દાસના દાસ નવીનચંદ્ર તથા મનહરભાઈ આદિ કુટુમ્બના દંડવત્ પ્રણામો સાથે જય સ્વામિનારાયણ સ્વીકારજો.** આપ મહારાજ શ્રીહરિને પ્રતાપે દિન પ્રતિદિન અમારી ચઢતી કળા છે, ભક્તિ વૃદ્ધિ પામે અને ચઢતો રંગ રહે દોષો ટળે અને મોક્ષ મળે એવી કૃપા કરજો, ભક્તોનો કાયમ સમાગમ આપજો, આંહી મુલુન્ડમાં અમારા રહેઠાણથી પાંચ મિનિટ જતાં થાય છે આપણું વડતાલનું સ્વામિનારાયણ મંદિર થયું છે તેથી ભજન ભક્તિ દર્શનનું સુખ આવે છે, આંહી સર્વેને આપનો આપનો લાભ આપો એમ તલખે છે, દિવ્ય દર્શન આપજો, રક્ષા કરજો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૭૬ **તા. ૪-૪-૭૯**

રાજકોટ.

ભગવાન શ્રીઘનશ્યામમહારાજના ચરણોમાં કોટિ કોટિ વન્દન હો, અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ગુરૂદેવ આપને ઘણાં દંડવત્ હો, **લાભુભાઈના જય સ્વામિનારાયણ વાંચજો,** દયાસાગર આપ અન્તર્યામી ભગવાન છો, અમોએ આપની દૈવી માનતા નાથજીને કરી છે સંકટ મટ્યાં છે દર્શન આપો છો એવા દર્શન આપતા રહેજો, આપને અમારા અભિનન્દન હો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૭૭ તા. ૨૧-૩-૭૯

મોટી મોણપરી.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે. ઓં શ્રીસત્પુરૂષાય નમઃ, સવિનય નમ્ર સ્તુતિ.

મુદ મંગલમય સન્ત સમાજુ, જીમી જગ જંગમ તિરથ રાજુ.
સુરપુર નરપુર નાગપુર, તામે તો સુખ નાહીં.
કાં સુખ હરિકે ચરણમેં, ઔર સન્તનકે માંહી.
ઉત્તમ સન્ત સમાગમ સમ, દૂસરો લાભ ન કછુ આન.
વિના ભાગ્ય ન મિલત હૈ, કહત હૈ વેદ પુરાણ.
સન્ત બડે પરમાર્થી જાકો, શીતલ અંગ તલપ બુજાવે.
ઔરકો, દેવે, અપના, રંગ, મણિ, પારસ, અરૂ, સન્તમેં.
બડો અંતરજામી ઓ લોહકું, કંચન કરે કરે આપ સમાન.

કહે વૈસે સન્ત, પરમપૂજ્ય પ્રાતઃ સ્મરણીય વંદનીય પરમ દયાળુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સદ્‌ગુરૂના યુગલચરણોમાં વન્દન, ચરણરજ માથે ચઢાવનાર કૃતાર્થતાની અભિલાષા રાખનાર મોટી મોલીના દરજી ભગત નાથા હરજીનાં કોટિ દંડવત્ તથા ચન્દન અર્ચા હાર તોરા પૂજા આપને અર્પણ કરી સેવામાં સદા આનન્દકારી શ્રીજીમહારાજના સ્વરૂપ એવા તમારા વરદ્ હસ્તે ધરાવેલ જળવડે પવિત્ર પાવનકારી ચરણામૃત લેવાની ઇચ્છા વાળો જીજ્ઞાસુ શુભસંકલ્પ કરી આવ્યો એવો આ દાસ છે.

આજથી વીસ દિવસો પહેલાં આપની દિવ્ય મૂર્તિનું મને રાતના ચાર વાગ્યે સન્તના સભા મંડપમાં મહા સભામાં દર્શન થયું, જે કાયમ દેખાય છે, આજ આંહી જુનાગઢ આવી આપ દીનદયાળને એક ઝગમગતો હાર પહેરાવવા ઇચ્છું છું મારા મંગળ પ્રભાતે શુભ સંકલ્પ પૂરજો આપનું ચરણામૃત આપો. દયા કરો, આશીર્વાદ આપજો સત્સંગ વધે એમ ઇચ્છું, આપની ઘનશ્યામની મૂર્તિ સાંભરે દેખાય એમ દયા કરજો, બસ એજ, **લી. મોટી મોણપરીના દરજી નાથા હરજીના આપના યુગલ ચરણોમાં પ્રદક્ષિણા સાથે પ્રણામ હો.** આપના આશીર્વાદે સવારે ઇષ્ટદેવનું સ્મરણ કરૂં એજ... ભક્તની ભક્તિ સ્વીકારજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૭૮ તા. ૧૭-૩-૭૯

દુબઈ.

શ્રીકૃષ્ણનારાયણ ભગવાન સત્ય છો, અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન પ્રગટ પ્રાણપતિ ભગવાન અક્ષરાતીત આપની કૃપાથી **રામજી તુલસી, રતિલાલ, અમરશી, બન્ને મોહનભગત, કાનજીભગત, શાન્તિલાલ, બન્ને, ચમનલાલ, તથા રવજીગોપાળ ધૂળકોટ શ્રીહરિશરણાગતિમંડળના કોટાનકોટિ દંડવત્ સ્વીકારજો.** પ્રગટ ભગવાન આપના ચરણારવિંદમાં ગોપગોપીમંડળોના સમાન પ્રીતિ છે ભક્તિ છે, અમારા પૂર્વના પુણ્યવડે આપના દર્શન થાય છે, સેવા થાય છે દર્શન આપતા રહેજો અનન્ત કોટિ બ્રહ્માંડોના રાજાધિરાજ દયાળુ અમારી ખબર રાખજો આશીર્વાદ લખજો, ઘરે ભક્તોને દિવ્ય મૂર્તિએ સંભાળ લેતા રહેજો દર્શન આપતા રહેજો દુબઈ આવજો દાસની સંભાળ લેજો, રામજીના પ્રાણનાથને અસંખ્ય દંડવત હો. એજ. તુરત લખજો. સુખ આપજો. બધા દરરોજ દર્શન ઇચ્છીએ છીએ ફરવા નિકળજો, ફુલવાડીમાં ઉત્સવમાં આવીશું. પ્રાણપતિના હાથમાં નાડી પ્રાણ છે ભગવાન ભક્તનાં છે ભક્તો ભગવાનનાં છે ભેગા રહો છો અને રહેજો. એજ. બધાનાં જયઅનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વામીનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૭૯ તા. ૧-૩-૭૯

લીસ્ટર, ઇંગ્લૅન્ડ.

શામજી લક્ષ્મણ સાપરીયા તથા પરસોતમ વરૂ જીરાગડવાળાનાં પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ કોટિ દંડવત્ વાંચજો જય સ્વામિનારાયણ વાંચશો. આપના દર્શન થયા આપનો ગ્રન્થ વાંચી આનન્દ થયો, એવાને એવા દિવ્ય દર્શન આપતા રહેજો, આખી પૃથ્વીમાં આપ સેકન્ડમાં પહોંચો છો, આપ સાક્ષાત્ પ્રભુ છો, અમારી રક્ષા કરજો. ફુલ પાંખડી પ્રસાદી મોકલજો, ભક્તિવાળાને વા મટાડી દેજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૮૦ તા. ૨૦-૩-૭૯

દુબઈ.

સેવક રવજી ગોપાળ ધૂળકોટવાળા રતિલાલભાઈ, અમરશીભાઈ આદિ શ્રીહરિશરણાગતિમંડળના જય સ્વામિનારાયણ વાંચશો. અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમઃ. સ્વસ્વરૂપે વિરાજમાન ભગવાનને ખૂબ ખૂબ હેત ભર્યા કોટાનકોટિ દંડવત્ પ્રણામ હો, આપની દયાથી સુખીયા થયા છીએ, પ્રત્યક્ષ શ્રીહરિ મળતા રહેજો,

સત્સંગ વધે તેમ દિવ્ય દેખાજો, રતિલાલભાઈ તથા અમરશીભાઈ તારીખ ૧૯-૩-૭૯ ઈરાન બગદાદ જવાના છે, મને ભક્તોમાં ઓળખાવજો તમારો દાસ સેવક એકલો છું. રતિલાલભાઈના બનેવી રવજી ગોપાળ ધૂળકોટવાળાના કોટિ પ્રણામ વાંચજો, મારા સસરા હંસરાજભાઈ કાનજીભાઈ રાઠોડ ચાવડાવાળાનો કાગળ છે, આપની ભક્તિ કરવા બહુ જ ભલામણ કરે છે, હું પણ ખૂબ જ ભજું છું વધારે દર્શન આપજો. એજ. એકાત્મા કરજો.

❖❖❖❖❖

પત્ર નં-૪૮૧ તા. ૩-૬-૮૦

રાજકોટ.

તા. ૩-૬-૮૦ સોમવાર, રાજકોટ-૨, શ્રીસ્વામિનારાયણ સત્ય છે, **રાજકોટથી આપ પ્રભુજીના ભકત સેવક બચુભાઈ તથા રાજેશ, ઉમેશ, પરેશ, તથા અમારા માતા પિતા કુટુમ્બના સ્નેહભર્યા માનસહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી.**

પૂજય ભગવાનને અરજ નાથાભાઈનો ભાણેજ સુનીલ ૧૫ વર્ષનો છે તેને ઘૂરી ચડે છે મગજ સ્થિર નથી, રખડે છે, તેનો મગજ સ્થિર થાય તેવી કૃપા કરજો, આપ તો દયાળુ સાક્ષાત્ પરમાત્મા છો, બધું જાણો છો, તેના બાપુજી દુબઈ છે, આખો દિવસ રડયા કરે છે, સાજાનરવા થાય તેમ કરજો. કૃપાનિધિ આપ સારૂ કરી દેજો, સુનીલને કંઠીવર્તમાન અપાવવા અમો જુનાગઢ આવશું, આપ અન્તર્યામી છો, આટલી દયા કરજો ધૂળ કોટવાળા ડાયાભાઈ પૂંજાભાઈ સાપરીયાને ઘેર આપની મૂર્તિ છે, તેના દિકરાને જમાઈ કર્યા છે અને સત્સંગી પ્રગટના ભકત મળ્યા તેથી ઘણો આનન્દ થાય છે. ચમ્પાના ભાગ્ય સારા છે, આશીર્વાદ આપજો બાળબચ્ચઓ સુખી થાય, કોટિદંડવત્ વાંચશો, કૃપા દૃષ્ટિ વડે અમારું કલ્યાણ થાય તેમ નજર રાખજો, દર્શન આપજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૮૨ તા. ૪-૬-૮૦

મહાજનવાડી શેરી, કુંકાવાવ.

મોટા ગુરૂજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજ, જૂનાગઢ. **સેવક રવજીભાઈ પોપટભાઈ ગોપાળભાઈ દેવાણીના જય સ્વામિનાયરાયણ વાંચજો.** તમો ભગવાન છો, દયા કરો, હે પ્રભુ અમારા બાબાના ઘૂંટીના ભાગે ગૂમડા જેવો સોજો રયો છે, તો તમો દયા કરો અને આશીર્વાદ આપો. સાજોનરવો કરો, અમોએ બાબાનું નામ હરેશ રાખ્યું છે, અમો જૂનાગઢ કંઠી બંધાવવા આવ્યા હતા. તમો ચમત્કારી છો, તમારા પરચાઓ ઘણાંય થાય છે, અમારૂં સારૂં કરો, હે દીનબન્ધુ, શ્રીજી રક્ષા મોકલજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૮૩ તા. ૫-૬-૮૦

ભરૂચાની વાડી, રાંદેર, સુરત.

કુંવરજી કેશવજી ચૌહાણના કોટી દંડવત્ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશો, પ્રગટ પ્રતાપ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજી મહારાજની સેવામાં સેવક કુંવરજીભાઈની વિનન્તિ જે હે કૃપાસિન્ધુ ગરીબનિવાજ પરમાત્મા મૂર્તિ શ્રીહરિ આપને પ્રાર્થના જે, મારી તબીયત માંદગીમાં રહે છે આઠ મહિનાથી પેટનો દુ:ખાવો છે તો મટાડી દેજો, કવરમાં ફુલપાંખડી મોકલજો, પ્રસાદી ખાવાથી સારૂં થાય તેમ કરજો અને આપનો ફોટો આશીર્વાદ આપજો. સાજો નરજો થઈ આપ શ્રીહરિના સાક્ષાત્ દર્શને આવીશ એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૮૪ તા. ૩૧-૫-૮૦

દુબઈ.

દુબઈથી દાસાનુદાસ ચરણકમળ સેવક નારણ હંસરાજ રાઠોડના ખૂબ ખૂબ સ્નેહથી તથા શ્રીહરિશરણાગતિ મંડળના દંડવત્ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી.

સ્વસ્થાન જૂનાગઢ સ્વસ્વરૂપમાં વિરાજમાન સર્વકર્મફલોના પ્રદાતા સર્વેના નિયન્તા સર્વના અન્તર્યામી ભકતવત્સલ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તમે બધા ભકતોને સુખી રાખો છો. હે મહારાજ આપના આશીર્વાદોથી ખૂબ સુખીયા છીએ, હું તા. ૨૦-૪-૮૦ ના રોજ દુબઈ આવ્યો છું, દર જુમાને દિવસે બધા ભકતો ભેગા થાય છે, દયાળજી ભગતનો પત્ર બધાએ વાંચ્યો. ગુલાબ પાંખડીઓ પ્રસાદી ખાધી, ખૂબ જ આનન્દ થયો છે. હું આપનું ભજન કરૂ છુ, તત્વપ્રભાવળીનો પાઠ કરૂ છું.

હે મહારાજ કૃપાનાથ પ્રાણપ્યારા કાયમ તમારૂં ભજન થાય તેવા આશીર્વાદ આપજો, હે પ્રગટ ભગવાન તમારામાં કાયમ હેત વધે તેવી દયા રાખજો, રાજી રહેજો, મારા જેવી સેવા લખજો, અપરાધ માફ કરજો, સેવક નારાયણના પૃથિવી સ્પર્શી દંડવત્ નમસ્કાર સ્વીકારજો દર્શન આપતા રહેજો રક્ષા કરતા રહેજો, પરદેશમાં તમારા સિવાય કોઈ માવતર નથી, પ્રગટ ભગવાન શાસ્ત્રીજી મહારાજની જય. જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૪૮૫ તા. ૩૦-૫-૮૦

દોહાકતાર, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

પૂજય દેવોના દેવ પરમગુરૂદેવ પરમાત્મા પ્રગટ સ્વામિનારાયણ પ્રભુજી ભકતોના લાડિલા ભગવાન, સર્વેના નિયન્તા, સર્વેના કારણ, ભકતવત્સલ, ભગવાનશ્રી અનાદિશ્રીકૃષ્ણનારાયણપ્રભુજીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સાથ હજારોવાર જય શ્રીસ્વામિનારાયણ સ્વીકારશોજી.

દોહાકતારથી લી. ચરણ સેવક રમણીકલાલ તથા વ્રજલાલ તથા જયસુખ વિગેરેના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો, દયા કરી હેતથી આશીર્વાદ પત્ર લાભ આપવા કૃપા કરશો. ભજનભક્તિ હરહંમેશા થાય તેવું બળ આપજો, આ ભકતની પ્રાર્થના સ્વીકારજો, નમ્બર મળ્યો ઘણો આનન્દ થયો, મંડળને અમારા વતી જય સ્વામિનારાયણ કહેજો. દર્શન આપતા રહેજો. સેવા મંગાવજો સાજાનરવા રાખજો, અરબસ્તાનમાં પણ બ્રહ્મસ્થાનનું સુખ આપતા રહેજો એજ. રમણીકલાલ કરશન જાવીયાના જય સ્વામિનારાયણ વાંચજો, આપશ્રી ગુરૂની કૃપાએ સુખી છીએ.

❖❖❖❖❖

પત્ર નં-૪૮૬ તા. ૩૧-૫-૮૦

દુબઈ.

શ્રીજીસન્તકૃપા, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને નમો નમઃ, શ્રીઅક્ષરાય નમઃ, શ્રીવાસુદેવાય નમઃ શ્રીગુણાતીતાય નમઃ, શ્રીકૃષ્ણાય નમઃ, શ્રીદેવાધિદેવાય નમઃ, એવા પ્રગટ ભગવાન ઘનશ્યામ મહારાજ શાસ્ત્રીજી મહારાજ તમોને **દુબઈથી આપના ભકત સેવક રતિલાલ તથા દામજી આદિ શ્રીહરિ શરણાગતિમંડળના સ્નેહ ભર્યા જાજા કરીને જય શ્રીસ્વામિનારાયણ સ્વીકારશોજી,** ફુલપાંખડી જમીને નજરે સામા દર્શન કરીએ છીએ, અમારે કદાચ તા. ૧૦ સુધીમાં બહેરીનથી વીઝા આવશે, દામજીની

કમ્પનીમાં ભરતી થાશે, ઈન્ટરવ્યુમાં પાસ છીએ, અમારી તબીયત તમારા આશીર્વાદો વડે બરાબર છે, કમ્પનીને નવા કામ મળ્યા છે, જયેશની જોડ દિનેશ ભગવાનના રાજીપાથી થાય તેમ ઈચ્છીએ છીએ, પ્રગટ ભગવાન મળ્યા છો એટલે વાસના કયાંઈ નથી પણ કુટુમ્બનું વલણ હોય તેમ વરતવુ પડે, મનુષ્ય દેહનું ફળ પ્રગટ તમો મળ્યા છો ધામ જાવું છે અને ચાવડા નજર રાખજો, જયેશને સાજો રહે તેવા આશીર્વાદ મોકલજો. આપનો ભગત દામજીના દંડવત્ સહિત જય સ્વામિનારાયણ વાંચજો કામકાજ જરૂર લખજો, દર્શન આપજો, ભેગા રહેજો, શરણાગતિમંડળને સુખી રાખો છો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૮૭ **તા. ૨૪-૫-૮૦**

ફુગાવાડી, બાગલ દુકાન, પોષ્ટ દાપોડી, પુના.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ સ્વસ્થાનશ્રી જૂનાગઢ મધ્યે વિરાજમાન પરમકૃપાળુ અતિદયાળું અક્ષરધામના ધામી પ્રગટ પરમેશ્વર શ્રી સર્વેના કર્તા શ્રીઅનાદિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના **ચરણરજ સેવક ચન્દુલાલ રણછોડ કાચાના કોટિ દંડવત્ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** પ્રગટ પ્રભુના આશીર્વાદોથી સુખી છીએ, અમો સર્વે તમારૂં ભજન કરીએ છીએ, આપના આશીર્વાદોથી સાજાનરવા છીએ, તમારી દયાથી કામ મળ્યા કરે છે, મારો નાનો ભાઈ જગદીશ તા. ૧૫-૫-૮૦ ના રોજ સુરત હિરા ઘસવા કામે ગએલ છે, મારે પાસપોર્ટ કરાવવો છે, તમો અમારા ભગવાન છો, અમારા અદા તથા અમારા પિતાશ્રી તમારૂં ભજન કરે છે, તમો બધુ જાણો છો, મને કયારેક દર્શન આપજો. સેવક ચંદુલાલ રણછોડના જય સ્વામિનારાયણ વાંચજો. ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્રીકૃષ્ણને ચરણોમાં જય સાથે દંડવત્ આળોટુ છુ, મારી રક્ષા કરજો મને દર્શન જરૂર દેજો સેવા આપજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૮૮ **તા. ૧-૬-૮૦**

ચાવડા.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ સ્વસ્થાન જીરણગઢ પ્રગટ ભગવાન સર્વે કારણોના કારણ, સર્વે જીવો ઉપર દયાના સાગર, જીવોના અવગુણ સામું નહિ જોનારા, એવા પ્રભુજી અમારા પરમ ગુરૂમહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સર્વે સંતોની સેવામાં **ચાવડાથી લી. સેવક દાસોનો દાસ જવરાજ અરજણનાં દંડવત્ વાંચજો,** શ્રીજીમહારાજને માલુમ થાય, જે અમો તમારી દયાથી ખૂબ જ સુખી છીએ તમારૂં ભજનન કરીએ છીએ, ટપુલાલ ભગત મારા કાકા થાય છે તેમણે કહેલ કે કાંઈ કષ્ટ પડે

તો પ્રગટ ભગવાનને કાગળ લખજો, તો મારે ઘરેથી એક માસથી બીમારી છે, દવા ઘણી કરી છે, ફેર પડતો નથી, કાંઈક વ્હેમ જેવુ છે, પિતૃ બાબત કે પ્રેતભૂત જેવું લપ જણાય છે, આપ પ્રગટ બીરાજો છો અને નાડીપ્રાણ તમારા હાથમા છે તો ભાનુમતીને માટે શ્રીજીરક્ષા મોકલજો જેથી સાજા થઈ જાય, અમો જૂનાગઢ દર્શન કરવા આવશું આટલી ગરીબ ભકતની અરજી સ્વીકારજો.

તમો તો ગરીબોના બેલી છો, મારે ચાર બાળકો છે તેમની રક્ષા કરજો, રક્ષામંત્ર શ્રીજીરક્ષા જરૂર મોકલજો સાથે ફુલપાંખડી પ્રસાદી મોકલાવજો, વળી મંજુબેન આદિ ઘર બધુ તમારૂં ભજન કરે છે, અમારૂં કુટુમ્બ બધું તમારૂં શિષ્ય સેવક છે, રાઠોડ કુટુમ્બે શ્રીહરિશરણાગતિના પ્રતાપે તમારો ચમત્કાર જાણ્યો છે ઓળખાણ થઈ છે, સગા સમ્બન્ધિઓ સારા મળે એવા આશીર્વાદ આપજો, મહારાજને પ્રાર્થના જે સારા સેવક સત્સંગી સગા થાય એમ માગીએ છીએ. શ્રીજીરક્ષા ચીઠી મોકલાવજો. બધાને સારૂં થઈ જાય પછી કુટુમ્બ બધું તમારા દર્શન કરવા આવીશું. મહારાજ ! તમો દયાના સાગર છો, અનેક ભકતોના મનોરથ પૂરા કર્યા છે, તથા હાલમા કરો છો, અમારી પ્રાર્થના ધ્યાનમાં રાખજો, મગજની ચીંતા મટાડજો, ફુલપાંખડી પ્રસાદી જરૂર મોકલજો, દયાદ્રષ્ટિ રાખજો, દર્શન આપજો, ભક્તિ વધે તે માગીએ છીએ. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૮૯ તા. ૨૧-૫-૮૦

સલાલા, દુબઈ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય નમઃ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પૃથ્વીને વિશે વિચરતા રમણીય મૂર્તિ સદા સુખ પીરસનારા દયાળુ પરમેશ્વર **સલાલાથી આપના ચરણરજ ભકત આજ્ઞાંકિત જગજીવન પરશોતમ અને કેશવજી વસ્તા તથા શ્રીહરિશરણાગતિ મંડળના સાષ્ટાંગ દંડવત્ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો,** જગજીવનભાઈ તથા પરશોતમભાઈને મસ્તકથી સલાલા કમ્પનીએ બોલાવ્યા છે અમો ત્રણ સેવકો આપ જેવા સમર્થ ભગવાન શ્રીહરિની કૃપાથી ભેગા થયા છીએ જેથી વધારે ભજન ભક્તિ કરીશુ, તીર્થરૂપ પ્રભુજી અમારી નજર રાખજો, દર્શન દેતાં રહેજો, ફુલવાડી માટે સેવા કાંઈક એકઠી થયેલ છે તે જૂનની આખરે મોકલાવી દેશું.

કેવશવજી વસ્તા જાવીયા સેવકો દ્વારા સેવા લાભની તકલીફ ઉઠાવેલ છે, આપના બાળબચ્ચાઓની રક્ષા કરજો, આહી કચ્છી હરિભકતો ઘણાં છે મંદિર ઓરડી રાખેલ છે, કથા ભજન આરતી નિયમ ઉત્સવ થાય છે સત્સંગનું સુખ લઈએ છીએ દેશકાળ પ્રમાણે રહીએ છીએ. અમારી નજર રાખજો, સેવા કરનારા આહી સલાલામાં બસો જેટલા દેશી

ભકતોની પણ રક્ષા કરજો, આપના સેવક કેશવજી વસ્તાના જય સ્વામિનારાયણ વાંચજો, પત્રદ્વારા ખબર રાખજો, પ્રણામ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૯૦ **તા. ૨૨-૫-૮૦**

ઈરાક, દુબઈ.

શ્રીસ્વામિનારાયણ સત્ય છે, જૂનાગઢ પરમેશ્વર પરમપ્રભુ પરમહંસ શાસ્ત્રીજી મહારાજ તથા મંડળસન્ત વગેરે પ્રતિ **ઈરાક ફીરફુકથી લી. સેવક પરશોતમ તુલસી તથા મગનભાઈ તથા શ્રીહરિશરણાગતિ મંડળના જાજા કરીને જય સ્વામિનારાયણ વાંચજો.** તમારી દયાથી કમાણી સારી છે, તબિયત પણ સારી છે, સારા આશીર્વાદ આપશો, પ્રસાદી ફુલપાંખડી મોકલજો, કાગળ લખતા રહેશો, શાન્તિલાલ તથા નારણ બધા સુખી છે, ભજન કરે છે, સેવક પરશોતમ તુલસીના દંડવત્ વાંચજો રક્ષા કરજો. ભગવાન તમો ભકતોની સંભાળ લેતા રહેજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૯૧ **તા. ૬-૬-૮૦**

ગાંધીનગર, અમદાવાદ.

પરમકૃપાળુ પરમદયાળુ પ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને કોટિ કોટિ પ્રણામ, **ચરણ સેવક બાબુભાઈ તથા કાન્તિલાલ આદિકના જય સ્વામિનારાયણ વાંચજો.** વ્યાવહારિક મુંઝવણ તથા નાણા મુંઝવણ મટે તેવા આશીર્વાદ આપશોજી. એક મૂર્તિ પૂજા ફોટો મોકલશોજી. તમારી છબી જોઈએ છીએ. આપ અંતરયામી છો ચિન્તા દૂર કરજો, શરીરે સાજા રહેવાય તેમ કરજો, કોઈ દેવનો પ્રભાવ નડતો હોય તો મટાડજો, કુળદેવીને કુટુમ્બ માને છે તો રક્ષા કરજો. આશીર્વાદ લખજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૯૨ **તા. ૫-૬-૮૦**

રાજકોટ.

પરમકૃપાળુ પરલોક આલોકના સાચા સગા જ્ઞાનભક્તિ આપનારા ભકતપતિ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં **જાયવાવાળા જયન્તીલાલ મોહનના રાજકોટથી મારા માં બાપ વિગેરેના જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** હું દુબઈથી આવેલ છું. આપના આશીર્વાદથી મારા ઘેર બાબાનો જન્મ તા. ૨૬-૪-૮૦ ના શનિવારે સવારે થયો છે. આપ ભગવાને મારા મનોરથ પૂર્ણ કર્યા છે. તેમનું નામ રાશિ અક્ષર ઉપર લખી મોકલજો, શ્રાવણમાં કંઠી બંધાવવા પગે લગાડવા આવશું, રક્ષા

કરજો આશીર્વાદ લખજો. હે ભગવાન આપનું ધાર્યુ સર્વે થાય છે, આપના મહિમાનો પાર નથી, આપનું ભજન થાય તેવા આશીર્વાદ માગું છું. જયન્તિલાલ મોહન કાશીયાણીના આત્મ સમર્પણ સ્વીકારજો હૃદય જયોત્સના પ્રગટાવજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૯૩ તા. ૨૫-૪-૮૦

દુબઈ.

શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ। શ્રી શ્વેતાયન વ્યાસજીને નમો નમઃ। પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ પ્રભુજીને નમો નમઃ। જૂનગાઢ મહાશુભ સ્થાને બિરાજમાન અમારા ઈષ્ટદેવના ચરણકમળમાં સદાને માટે રાખજો.

હું કાનજી મૂળજી સોજીત્રા ગામ એલાનથી લખુ છું, અમે તા. ૧૮-૪-૮૦ ના રોજ દુબઈ ગયા હતા અને સાંજે હોડકામાં બેસીને પડખે ઉભા હતા, ત્યાં બીજું મોટુ હુડ્યું આવ્યું તેમાં બેસવા ગયો કે સમુદ્રમાં પડી ગયો, તે રાતના આઠ વાગ્યા હતા, તે સમયે તમે અમારી રક્ષા કરી એમ દેખાણું. એક ઉજળો પુરુષ ચળકાટ જેવો વેશ પહેરેલ અમારો હાથ પકડવા મહેનત કરી અમે લાંબો હાથ કર્યો પણ પાણીમાંથી નીકળાઈ નહિ. હાથ તેને પહોંચે નહિ ઉંડુ પાણી હતું, પછી પાણીમાં પડીને તેણે પૃથ્વી ઉપર હોય તેમ મને ઉભો કરીને ઉછાળ્યો. સેવા પૂજાની થેલી સાવ કોરી હાથમા રહી ગઈ તેને પાણી ન અડયું, મને દિવ્ય ભગવાને હાથ પકડી પાણીમાં પડીને બહાર કાઢયો અને હોડકામાં ચઢાવી દીધો. આમ ભગવાન તમે ભકતનું ધ્યાન રાખ્યું નહિ તો અંધારે હુ પાણીમાં દરીયામાં મરી જાત, તમે બચાવ્યો. મને તમો દેખાઓ છો રક્ષા કરજો.

મોહન ભગત વાલજી ભગત નાનજી ભગત દયાળજી ભગત વસરામ ભગત રામજી ભગત તુલસી ભગત શ્રીહરિ શરણાગતિ મડળ સુખી મજામાં છે તમારૂં ભજન પૂજન કર્યા કરીએ છીએ, રાજીપો ખૂબ જ રાખજો, રક્ષા કરજો, તીરથમાંથી બધાનો કાગળ છે, સાજા છે. હે ભગવાન હવે મોટા મોટા ભકતોને પરદેશ મોકલો, બધાના જય સ્વામિનારાયણ વાંચજો કામકાજ લખજો, આપત્માં રક્ષા કરજો, રક્ષા કરો છો માગવું પડે તેમ નથી, બધા આશ્ચર્ય પામ્યા છે. ધુન્ય ભજન કરે છે. એજ. કાનજી સોજીત્રા, નવો અવતાર.

❖❖❖❖❖

પત્ર નં.-૪૯૪ તા. ૩-૫-૮૦

રીયાધ, દુબઈ.

પ્રગટ ભગવાન શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રતિ રીયાધથી આપનું ભજન કરનાર **સેવક અમરશી તથા શ્રીહરિશરણાગતિ મંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** ભગવાનને પ્રાર્થના જે આહીની કમ્પનીમાં કામ પુરૂ થાય છે, બીજુ મળશે તો રોકાશુ, તમો આન્તર્યામી પરમેશ્વર છો તમે બધું જાણો છો તમો અવતારોના અવતારી છો, તારમીકના કેમ્પના હરિભકતો દરરોજ એક રૂમમાં મંદિરમાં કથા કરે છે વાતો કરે છે સત્સંગનો લાભ કયારેક થાય છે, આહીં ખબર રાખજો નજર રાખજો, દર્શન દેતા રહેજો રક્ષા કરજો, અમરશી તથા પરસોતમ તથા જીવણભાઈ તથા ધીરજલાલ તથા વલ્લભભાઈ સર્વેના દંડવત્ સહિત જય સ્વામિનારાયણ વાંચશો. અમરશીના હજારો દંડવત્ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૪૯૫ તા. ૨૯-૫-૮૦

દુબઈ.

શ્રીસ્વામિનારાયણને નમો નમઃ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ શ્રીશાસ્ત્રીજી મહારાજાય નમો નમઃ શ્રીશ્વેતાયન વ્યાસજી ભગવાનને નમો નમઃ

સખી મે તો નિરખી જોયા ભગવાન રે,
સહુની સાથે બાળલીલા બહુ કરીયા રે,
સખી સોળે ચિન્હ સહિત ભગવાન રે
પ્રગટ ભગવાન કુંકાવાવમાં અવતરીયા રે
સખી મે તો (૧)

સખી અમે સાથમાં બાળલીલા વિચર્યા રે,
મેં તો સારી રીતે અત્તર જળ નવરાવ્યા રે,
આજ મારે આંગણે શાસ્ત્રીજી પધાર્યા રે
સખી મે તો નિરખી જોયા ભગવાન રે (૨)

મેં તો આસન ગાલીચો આપ્યુ મનગમતુ રે,
મે તો જુગતે પ્રેમે જમાડી ઘણી વસ્તુ રે,
શાસ્ત્રીજીની પૂજા કરી સર્વે વસ્તુ રે
સખી મે તો નિરખી જોયા ભગવાન રે (૩)

મે તો દિવ્ય સ્વરૂપે હરિ નિરખ્યા રે,
જોતાં દિવ્ય મૂરતિ આનન્દથી ભરિયા રે,
પ્રગટ હરિ એ ભવનાં મેણા મારા હરિયા રે
સખી મે તો નિરખી જોયા ભગવાન રે (૪)

હાં રે જોતા મારૂ હૃદય ભરાઈ આવે રે, જોયા ભેગા શ્રીકૃષ્ણ ભગવાન ભાવે રે
પ્રભુ તમો સહાય કરજો ટાણું આવે રે, સખી મે તો નિરખી જોયા ભગવાન રે (૫)

શાસ્ત્રી મહારાજ પધાર્યા અવનિ ઉપર રે, તમે કરજો ભગવાન સહુનો ઉદ્ધાર રે
શાસ્ત્રી મહારાજ કરજો અમારી સારવાર રે, સખી મેં તો નિરખી જોયા ભગવાન રે (૬)

શાસ્ત્રીજીની વાણી મધુર અતિ પ્યારી રે, સાંભળતા તો ઉપજે પ્રીતિ સુખ ભારી રે
એમાં ગરકાવ પ્રવીણદાસ જાય વારી રે, સખી મેં તો નિરખી જોયા ધણીધારી રે (૭)

ધામો તણા ધામી પૂરણકામ સ્વામી રે, સ્વયં જેની ભક્તિ મુક્તિમાં નથી ખામી રે
એવા અક્ષરધામના શાસ્ત્રીજી ધામી રે, સખી મેં તો નિરખી જોયા અન્તરજામી રે (૮)

❖❖❖❖❖

પત્ર નં.-૪૯૬ તા. ૭-૬-૮૦

ફુગાવાડી, દાપોડી, પૂના.

પરમ દયાળુ, અનાથના નાથ, પરબ્રહ્મ પુરૂષોતમ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ **સેવક પ્રવીણનાં જય સ્વામિનારાયણ વાંચજો,** દર્શન આપજો, મહેરબાની રાખજો, ગુન્હા માફ કરજો, કીર્તન કરીને તમારૂં વન્દન કરૂ છું, અંતર્યામી ભગવાન ગરીબ પ્રવીણની ભૂલચૂક ગણશો નહિ, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૯૭ તા. ૪-૬-૮૦

દુબઈ.

પ્રગટ પુરૂષોત્તમ નારાયણ ભગવાન શાસ્ત્રીજી મહારાજ તમારા આશીર્વાદથી **હું રતિલાલ જીબ્રાલ્ટર આવેલ છું** દર્શને આવવાનો સમય ન મળ્યો, આહી તમારી મૂર્તિ ભેગી છે કમ્પની સારી છે આપને ભજુ છું, મારી સંભાળ રાખજો દર્શન દેતા રહેજો રક્ષા કરજો. તુલસી જેઠા મારા સસરાએ મને તેમની પુત્રી મારી પત્ની જશવન્તીએ મને તમારા આશીર્વાદ માટે શિરનામું મોકલવા લખેલ તે આ પ્રમાણે છે, હે ભગવાન તમારા ગરીબ ભકત દમ્પતીની નજર રાખજો, દર્શન દેજો, આશીર્વાદ લખજો સાજા નરવા રાખજો, તમો બધું હથેળીમાં દેખો છો મારી ખબર રાખજો, એજ. રતિલાલના દંડવત્.

❖❖❖❖❖

પત્ર નં.-૪૯૮ તા. ૮-૬-૮૦

કુંકાવાવ.

રવજીભાઈ પોપટભાઈ દેવાણીના સદંડવત્ જય સ્વામિનારાયણ વાંચશો, આપ સાક્ષાત્ શ્રીજી ભગવાન બિરાજો છો. આપના શ્રીજીરક્ષારૂપી આશીર્વાદ વડે ઘરના બધા સાજાનરવા છીએ, દિવ્યદૃષ્ટિએ કૃપા વરસાવતા રહેજો, અલૌકિકપણું ઓળખાણું છે, માટે નિર્ભય થયા છીએ.

❖❖❖❖❖

પત્ર નં.-૪૯૯ તા. ૧૬-૬-૮૦

કુંકાવાવ.

પરમ પ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીશ્રીના ચરણોમાં **મધુભાઈ ધનજીભાઈ બાબરીયાના કોટિ કોટિ દંડવત્પ્રણામ સાથ જયશ્રીસ્વામિનારાયણ વાંચવા.** આપની કૃપા અને આશીર્વાદો વડે સુખી છીએ ભજન કરીએ છીએ કામકાજ ઉદ્યમ સારો ચાલે છે, મારે ઘરે તબીયત આપની શ્રીજીરક્ષા વડે ખુબજ તન્દુરસ્ત છે, આપ દેવેશ્વર છો, આપનો બદલો જન્મોજન્મ આપી શકીએ એમ નથી, સેવક મધુના દંડવત્ જય સ્વામિનારાયણ વાંચશો. આશીર્વાદ આપતા રહેજો.

❖❖❖❖❖

પત્ર નં.-૫૦૦ તા. ૧૭-૬-૮૦

ફુગાવાડી, પુના.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ સ્વસ્થાને શ્રી જૂનાગઢ મધ્યે મહાશુભસ્થાને સ્વસ્વરૂપ બિરાજમાન સર્વાવતારી આનન્દઘન દિવ્યસ્વરૂપે વિરાજમાન ભકતવત્સલ, સર્વના અન્તર્યામી સર્વઉપાસ્ય પ્રગટ શ્રીહરિ શ્રીપતિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આપ સર્વેને સુખી રાખો છો, **ફુગાવાડીમાં દાસાનોદાસ સેવક રતિલાલ, દેવજીભગત, કુંવરજી ભગત, જયન્તીલાલ ભગત, સામજી ભગત, રામલાલ ભગત, ચંદુલાલ ભગત, પ્રવીણકુમાર ભગત, પ્રભુલાલ ભગત, હરિલાલ ભગત, ઘનશ્યામ ભગત તથા શ્રીહરિ શરણાગતિ મંડળ વગેરેના ખૂબ ખૂબ હેત ભાવભર્યા કોટાનકોટી દંડવત્ પ્રણામ સાથ જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.** આપની દયા કૃપાથી અમો ખૂબ ખૂબ સુખિયા સાજાનરવા છીએ, આપ પ્રગટ ભગવાન મળ્યા અને પૂરતી ઓળખાણ થઈ તેથી બધી જાતની ઉપાધિઓ બીક મટી ગઈ છે, અને પ્રત્યક્ષ નિશ્ચય વડે ખૂબ જ આનન્દ મંગળ છે, આપનું ભજન કરીએ છીએ, કામે જાઈએ છીએ, વિદેશ જવા બધા ભકતો પ્રયત્નો કરે છે, જેમ બને તેમ વેલાસર બધાને મોકલી દેશો, કાલાઘેલા સર્વે તમારા બાળકો

છીએ, બધાના ધાર્યા સંકલ્પો મનોરથો પૂર્યા છે, તેમજ તમારા સર્વે બાળકોના મનોવાંછિત પૂરા કરજો, બધા પ્રત્યક્ષ ભગવાનને આશરે છે, શ્રધ્ધાવાન છે, કુંજવૃતિ વડે તમારા બાળકોને સેવજો, પુરુષોત્તમમાસમાં આપને જમાડવા માટે ઘરે ઘરેથી હરિભકત મંડળીએ જૂનાગઢ થાળ ખર્ચા મોકલ્યા તેથી અમો રહી ન જાઈએ તે માટે પ્રગટ પ્રભુજીને ગુરૂદેવને થાળ જમાડવા જોઈએ તે માટે તા. ૯-૬-૮૦ ના યથાબળ શક્તિ પ્રમાણે અમોએ ખર્ચ માટે સેવામાં મોકલાવેલ છે.

સેવકો (૧) રતિલાલ હંસરાજ (૨) દેવજી કાનજી (૩) શામજી કાનજી (૪) જયન્તીલાલ હંસરાજ (૫) કુંવરજી મેવાભાઈ (૬) રામલાલ ટપુલાલ (૭) ચન્દુલાલ રણછોડ (૮) શામજી પમા (૯) પ્રવીણકુમાર દામજી (૧૦) પ્રભુલાલ છગનલાલ વિગેરેએ સેવા થાળ જમાડવા તમોને રાજી કરવા મોકલાવેલ છે. તે સર્વેના થાળ ભગવાન તમો જમજો રાજી થાજો અને આશીર્વાદ આપજો. આપના દાસ શરણાગતિ મંડળ છીએ, બધાને સુખિયા રાખજો, બધા સેવકો શરણાગતિ મંડળ વતી લી. ભકતદાસ સેવક અંગભકત રતિલાલના દંડવત્ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચજો. સેવા મળે કે તુરત જ પત્ર લખજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૦૧ **તા. ૭-૬-૮૦**

ફુગાવાડી, પૂના.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો નમો નમઃ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અમારા જય શ્રીસ્વામિનારાયણ.

ફુગાવાડીથી દાસોનાદાસ સેવક ચન્દુલાલ રણછોડભાઈ, આપની દયાથી મેં પાસપોર્ટ કરાવ્યો છે, તમારૂં ભજન કરીએ છીએ, ગુલાબ પાંખડી પ્રસાદી મકલાવજો, હેત મહેરબાની રાખજો, દર્શન આપજો, આપ અક્ષરધામના ધામી છો, પરબ્રહ્મ પુરૂષોતમ અનાદિશ્રીકૃષ્ણનારાયણ આપ છો, પ્રગટ ભગવાન આપ છો, જે ધારો તે કરો એમ છો, બસ એજ. પુના.

❖❖❖❖❖

પત્ર નં-૫૦૨ **તા. ૯-૬-૮૦**

ફુગાવાડી, પૂના.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્રીકૃષ્ણ ઘનશ્યામ મહારાજને નમો નમઃ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સન્તમંડળને **ફુગાવાડીથી સેવક દેવજી કાનજીભાઈ આદિ શ્રીહરિશરણાગતિ મંડળના પરમેશ્વર શ્રીજીને દંડવત્પ્રણામ સ્વીકારજો,**

અમો એશરકો કમ્પનીમાં ફોર્મો ભર્યા છે. મંદિરમાં રસોઈ બનાવી તમોને જમાડી પ્રસાદી જમીએ છીએ, દયાદૃષ્ટિ જલ્દી કરજો, બધું મંડળ વિદેશ જલ્દી પહોંચે, આશીર્વાદ આપજો પત્ર લખજો, અન્તર્યામી પ્રભુને આરાધના છે, દર્શન આપજો. બલૂનમાં બેસાડી દેજો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૫૦૩ **તા. ૯-૬-૮૦**

ચાવડા.

શ્રીસ્વામિનારાયણ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય, જૂનાગઢ પ્રગટ પ્રત્યક્ષ ભગવાનના ચરણોમાં **ચરણસેવક રાઠોડ જયન્તીલાલ હંસરાજ વશરામના દંડવત્ પ્રણામ સ્વીકારજો,** આપની દયાથી અમો બધા ખુશી આનન્દમાં છીએ, અમારા વતી અધિકમાસમાં ભોજન અન્નકૂટ જમજો, મેં અને નારાયણ ભગતે પેંડા જમાડયા હતા, સાક્ષાત્ જમ્યા તે રીતે તમો સાક્ષાત્ જમજો, આપ બહુજ રાજી થયા હતા, તેવા રાજી થશોજી, દૂબઈ જલ્દી મોકલશોજી, આહીં શ્રીહરિશરણાગતિ મંડળ ઘણુ ભેળુ થયુ છે. થોડું લખ્યું બહુ જ માનજો, કામ ઉપર જાઈએ છીએ વરસાદ ખૂબ જ છે, શ્રીજીરક્ષા મોકલાવજો, દર્શન આપવા આવજો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૫૦૪ **તા. ૯-૬-૮૦**

આબુધાબી, દુબઈ.

અમારા પ્રાણપતિ પ્રત્યક્ષ સ્વયં પુરૂષોતમનારાયણ, અક્ષરધામની દિવ્યસેવામાં રાખનારા પ્રગટ ભગવાન શ્રીહરિના ચરણકમળોના **આબુધાબીથી તુલસીદાસ તથા રામજી ભગત તથા શ્રીહરિશરણાગતિ મંડળના જય સ્વામિનારાયણ વાંચશો,** ભગવાન શ્રીહરિ આપ ખૂબ જ નજર રાખો છો અને કાયમ વધારે નજર રાખજો, આપના આશીર્વાદો મળ્યા, વિશેષ સુખિયા થયા છીએ, પ્રગટ આપના ગુણગાન ગાઈએ છીએ, ડનલોપ ગાદલું આપ માટે લેતા આવવું છે, સેવા લખતા રહેજો.

નાનજી ભગત દેશમાં આવવાનાં છે, કુંવરજી ભગત દેશમાં તા. ૪-૬-૮૦ ના પહોંચી ગયા છે, મુંમ્બઈથી શ્રીહરિશરણાગતિ મંડળ આંહી આવવાની તૈયારીમાં છે, એમ જણાવે છે, વંથળીનું બાંધકામ જલ્દી થાય તેમ વહેલાસર કરી લેવા જણાવીશું. સેવા માટે બધા આજ્ઞા પ્રમાણે હાજરોહાજર છે, ભગવાન શ્રીહરિ આપની ઈચ્છા તે અમારૂં પ્રારબ્ધ અને આપ પોતેજ અમારૂં દોયલું નાણું ધન છો, રાજી રહેજો. આપ રાખજો તેમ રાજી રહેશું. ભૂલચૂક માફ કરજો દર્શન દેવા પધારજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૫૦૫ તા. ૧૧-૬-૮૦

જામવણથલી.

હે શ્રીહરિ, આજે દુબઈથી પત્ર હતો, તુરત જ ફુલવાડી સારડા માટે તીર્થના ડંકી બાથ માટે શક્તિ પ્રમાણે સેવા તુરત જ મોકલેલ છે. આશીર્વાદ પત્ર લખજો, રાજીપો ખૂબજ વરસાવજો સાજાનરવા રાખજો, ભગવાનનો લાંબા સમયનો સંકલ્પ મૂર્તિસ્વરૂપમાં આવે છે તેથી બહુજ રાજી થવાય છે, પાણીના પરબ બંધાય જીવપ્રાણી માત્ર લાભ લ્યે તે ઘણું જ સારું થાશે, ત્યાં સમસ્ત મંડળને જય સ્વામિનારાયણ કહેવા. પ્રગટ ભગવાન શ્રીશાસ્ત્રીજી મહારાજની જય હો, લી. **સેવકો તુલસીદાસ તથા રામજી ભગત એજ.**

❖❖❖❖❖

પત્ર નં.-૫૦૬ તા. ૧૭-૬-૮૦

ફુગાવાડી, પૂના.

ઓં શ્રી અનાદિ નારાયણને નમઃ જૂનાગઢમાં વિરાજમાન સર્વેમાં વિરાજમાન પરમ પૂજય દયાળુ પ્રગટ પરમેશ્વર ભગવાન અક્ષરધામના ધણી સર્વકર્તા સર્વનિયન્તા અનાથોના નાથ, પ્રગટ પુરૂષોતમ નાડીપ્રાણ તમારા હાથમાં છે દીનદયાળુ અધમ ઉદ્ધારણ પતિતપાવન કરૂણાનિધાન ભકતવત્સલ શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરમાત્મા શ્રીશ્વેતાયન વ્યાસમુનિ દિવ્યમૂર્તિ વિચરી રહયા એવા પ્રગટ ભગવાન સ્વામિનાથ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રતિ **ફુગાવાડીથી આપના ભકત તુલસી મનજીના કુટુમ્બ પરીવાર ધર્મેશ ભાવેશ આદિ બાળકોના હેતપૂર્ણ જય સ્વામિનારાયણ વાંચશો,** હંસવૃતિ કુંજવૃતિ વઢે સેવજો, ભકતવત્સલ ભગવાન છો, ભક્તિ વધે તેવી સમઝણ બુદ્ધિ આપજો.

આબુધાબીથી પરચાનો કાચળ હતો આપની મરજી હશે તેમ થાય છે, આંહીના શ્રીહરિશરણાગતિ મંડળના તરફથી અધિકમાસ તથા જેઠ અષાઢમાં ભાવતી રસોઈઓ જમવાની સેવા સ્વીકારજો, કુંવરજી મેપા સાથે લાવે તે આમ્રફળ મોકલવા તમારા કહેવા મુજબ સેવા ભકતરાજ કરે છે, આજે જેજે દિવ્યદર્શન તદાકાર મૂર્તિના આનન્દભર્યા થયા છે તેવા દર્શન આપતા રહેજો, અમારી રક્ષા કરતા રહેજો, આબૂધાબી ધ્યાન રાખજો, માળા ફેરવજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૦૭ તા. ૧૨-૬-૮૦

સુરત.

પરમાત્મા પ્રભુજી પ્રગટ રક્ષા કરનારા બધું દેખનારા શ્રીહરિ કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને **શહેર ઉતરાણથી (સુરત) શ્રી લી. રામજી ભગત, જીવરાજ ભગત, કાન્તિભાઈ, ભરતભાઈ, નારણભાઈ એ આદિક શ્રીહરિશરણાગતિ મંડળના દંડવત્ પ્રણામ જય સ્વામિનારાયણ વાંચજો,** તમારી શ્રીજીરક્ષા વડે ઘણું જ સાવસારૂં થઈ ગયું છે, સુરત ઉતરાણ, તથા બાલંભાના શિરનામા આ પત્રમાં લખ્યા છે, આશીર્વાજો લખજો પ્રસાદી ગુલાબ પાંખડી મોકલાવજો સેવા અંગીકાર કરજો દર્શન આપજો આવજો. આંબાના ફળો જમવા પધારીને અલોપ થઈ જાજો, ફળ જમી પ્રસાદી કરીને આપવા આવજો. બીજા ફળ ત્યાં મોકલાવશું એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૦૮ તા. ૧૧-૬-૮૦

અગરવાડા, ભંડારા.

જૂનાગઢ તીર્થના પ્રભુજી અનાદિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ વિશ્વંભર ઈશ્વરનો ખૂદ અવતાર, અવતારોના અવતારી, આપને અમારા દંડવત્ પ્રણામ હો, સેવક માધવજીએ જોએલા પરચાઓ હિન્દીમાં લખાય છે, અષાઢમાં પુરૂ થાશે, ભકતોને વાંચવા માટે કામ આવશે, આપના આશીર્વાદ વડે લક્ષ્મીજી અઢળક ઢળ્યાં છે કાંઈ ખામી નથી, સેવાઓ કરતો રહીશ, એજ. **ચરણોના દાસ માધવજીના સદંડવત્ જય સ્વામિનારાયણ વાંચવા એજ.**

❖❖❖❖❖

પત્ર નં-૫૦૯ તા. ૧૨-૬-૮૦

જામવણથલી.

ભગવાનજી મોહન ડાયા માળવીના શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્વામિનારાયણના સાક્ષાત્ ચરણોમાં દંડવત્ પ્રણામ વાચજો, આપના સંકલ્પોથી અમારૂ કામ સિદ્ધ થયું છે, બધું ઘર કુટુમ્બ રાજી થયુ છે, રવિવારે જરૂર થાળ જમવા તથા દર્શન દેવા પધારજો, દિવ્યરૂપે દર્શન દઈ જમીને પાછા નિજભવને પધારી જજો, સર્વ કર્તાહર્તા તમોજ છો ભગવાન છો પરચા પૂરો છો, અમો તો નિમિત માત્ર ભકત છીએ, ભૂલચુક માફ કરજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૧૦ તા. ૧૨-૬-૮૦

જામનગર.

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અમારા ઘણા સ્નેહથી દંડવત્પ્રણામ છે, **જામનગરથી મહેન્દ્રકુમાર તથા કૃષ્ણકુમાર અને હરિશકુમારના સર્વ કુટુમ્બના જાજા કરીને જય સ્વામિનારાયણ વાંચજો,** આપશ્રી અમારા તરફથી થાળ જમજો જમાડજો આશીર્વાદ દેજો, પ્રેમલક્ષણા ભક્તિ ગોપગોપીઓ જેવી સાધ્ય ભક્તિ દેજો, તમારા ભકતોના અખંડ સમાગમ દેજો, કુસંગતથી રક્ષા કરજો, કુટુમ્બમાં સંપ અને ભક્તિ તથા મોક્ષ આપતા રહેજો, મનકર્મ વચને ભકતનો દ્રોહ ન થાય તેવુ આપજો, સદા દિવ્ય ભાવે રહેવાય એવી કૃપા કરજો, તમારો દૃઢ આશરો અમોને મળેલ છે, ભગત આવે ત્યારે દર્શન વધારે આપજો, અમને પોતાના જાણી રક્ષા કરજો નિભાવજો, અમારી નાની મોટી ટહેલચાકરી સ્વીકારજો, આ દેહે દિવ્ય ભાવ કરાવીને તેવા ધામમાં સેવામાં રાખજો, આલોકમાં તુચ્છ પદાર્થમાંથી વૈરાગ્ય ઉપજાવજો, ભગવાનમાં અસાધારણ પ્રીતિવડે સુખ આનન્દ મળે તેવા ભકત બનાવજો, ભગવાન તમારી અખંડ મૂર્તિ સેવાય તેવી શક્તિ ભક્તિ આપજો, આ બધું માગીએ છીએ, સકામ સેવકોના મનોરથ પૂરજો, કુટુમ્બ મહેન્દ્રકુમારના આત્મનિવેદન સાથે જય સ્વામિનારાયણ વાંચશો.

❖❖❖❖❖

પત્ર નં-૫૧૧ તા. ૯-૬-૮૦

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ શ્રીશ્વેતાયન વ્યાસજીને નમો નમઃ

સર્વત્ર બ્રહ્માંડોમાં વિરાજતા શ્રીપતિ સર્વસૃષ્ટિપતિ ભકતપતિ સર્વનિયન્તા સર્વકર્તાહર્તા સર્વેના અધારપતિ પ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનાથ મહારાજના ચરણોમાં મસ્તક અર્પનારો **શ્રીહરિશરણાગતિ મંડળ વતી વિસરામ ભીમજી હાલાઈ દુબઈથી જય સ્વામિનારાયણ દંડવત્ વાંચજો,** આશીર્વાદો લખતા રહેજો. તીર્થ માટે તથા ફુલવાડી માટે દયાળજી લાલજી ભગત તથા તુલસી ભગત તથા રામજી ભગત તથા મોહનલાલ ભગત તથા શ્રીહરિ શરણાગતિ મંડળ બધા તૈયાર છે સેવા એકઠી કરવા લાગ્યા છે, જરૂર જરૂર તીર્થમાં ફુલવાડીમાં પાણીના પરબ કરવા છે, ભકતો સુખી થાય, યાત્રાળુ સુખી થાય, બીજા પણ પાતાળ પાણી વડે જીવપ્રાણી માત્ર સુખી થાશે, જુમાને દિવસે બધા મળ્યા હતા, સેવા ચાલૂ કરી છે, પ્રગટનું ભજન કરીએ છીએ, પ્રસાદી પાંખડી જમીએ છીએ, કામ ઉપર શેઠ તરફથી સખાવટ ઘણી છે, રક્ષા કરતા રહેજો, પ્રગટનો આશરો છે, દર્શન આપજો વધારે સેવા લખજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૧૨ તા. ૭-૮-૮૦

દુબઈ.

અનાદિ બ્રહ્મ શ્રીહરિને નમઃ ગુરૂદેવને નમઃ

સેવક હરિલાલ દેવસી તથા વલ્લભ તથા માવજીભાઈ તથા શ્રીહરિશરણાગતિ મંડળ સેવકોના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો. દેશમાં છોકરાના લગ્ન વખતે તમારે દર્શને આવવુ હતુ પણ બીમાર પડવાથી ન આવી શકયો, દિવસો ભરાઈ જવાથી રીયાધ તા. ૬ શુક્રવારે પહોંચી ગયો છુ, તમારી દયાથી વધારે સાજો નરવો છું, આશીર્વાદ લખજો સ્વપ્નમાં પણ દર્શન આપજો, ફુલ પાંખડીઓ પ્રસાદી મોકલજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૧૩ તા. ૧૧-૬-૮૦

બહેરીન, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

અમારા જેવુ સેવાનું કામકાજ જણાવજો, પરમદયાળુ આલોક પરલોકના સાચા સગા મુક્તિભુક્તિ પ્રદાતા સન્તસ્વરૂપ પ્રગટ ભગવાન શાસ્ત્રીસ્વામીજી ગુરૂરૂપ દિવ્ય અક્ષરપતિ શ્રીહરિની પવિત્ર સેવામાં, **બહેરીનથી ચરણરજ સેવકો શાંતિલાલ પરશોતમ પરમાર તથા મનસુખલાલ ડી તથા હરિલાલભાઈ પ્રેમજી, તથા હરિલાલભાઈ વેલજી તથા વેલજી મનજી કાચા તથા જયન્તિલાલ મનજી કાચા તથા બચુલાલભાઈ મનાણી તથા જીવરાજભાઈ મનાણી તથા છગનભાઈ મકવાણા એ આદિ જામવણથલીના હરિભકતો તથા શ્રીહરિશરણાગતિ મંડળના દંડવત્ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.**

આપના ૨૬-૬-૮૦ ના પત્રમાં આશીર્વાદો ફુલ પાંખડીઓ પ્રસાદી મળ્યા હતા, ઘણાંજ ખુશી છીએ તબીયત પાણી સારા છે કમાણી સારી છે તમારી કૃપા ઘણી છે, હાલમાં ઓવર ટાઈમ ઓછો મળે છે. ગરમી ખૂબ પડે છે, આપ સર્વત્ર ભગવાન છો બધુ દેખો છો બધુ જાણો છો, આપની ભક્તિ ભજન કરીએ છીએ, કામકાજ આરામના છે, જમવાની સગવડો પણ હાથે બનાવીએ છીએ તેથી આનન્દ છે, નીલકંઠવર્ણીને વનમાં જમાડીને જમીએ છીએ આપ હાજરો હાજર જમજો, અમો અમારા કેમ્પમા તા. ૬-૬-૮૯ ના મળ્યા હતા. હરીલાલ વેલજીભાઈ પણ આવ્યા હતા, એજ સેવા લખજો, શાન્તિલાલ પરશોતમ પરમાર ના દંડવત્ સાથ જય સ્વામિનારાયણ વાંચશો આ દેશમાં દર્શન દેવા પધારતા રહેજો, અમો સુખી રહીએ દેશમાં બધાની રક્ષા કરજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૧૪ **તા. ૮-૬-૮૦**

આબુધાબી, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

બ્રહ્માંડોમાં પ્રગટ ભગવાન સર્વકારણના કારણ ક્ષર અક્ષરથી પર રાજાધિરાજ સર્વોપરિ સર્વ અવતારોના અવતારી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ઉર્ધ્વ રેખાવાળા બન્ને ચરણોમાં **આબુધાબીથી સેવક બાળક હરઘડી યાદ કરનારા ભજનારા ભકત છગનલાલ ડાયા તથા ગોપાલ વીરજી વેગડ બાલંભાવાળા તથા શ્રીહરિશરણાગતિ મંડળના દંડવત્ જય અનાદિશ્રીકૃષ્ણનારાયણ જય સ્વામિનારાયણ વાંચશો,** તમારી અમીદ્રષ્ટિથી અહી ખુશી મજામાં છીએ, કામકાજ ખૂબ ચાલે છે, દુબઈ ૭-૬-૮૦ ના રોજ ભકતો મળ્યા હતા, બોરીંગ ફુલવાડી માટે તથા ડંકી વિગેરે તીર્થ માટે સેવા વાંચી તે ચાલુ કરી દીધેલ છે, આહી કાનુન ઉપર આધાર છે રહેવુ કે દેશમાં આવવુ, તે સારી દયા કરજો હાલમાં કમાવાય તો સારૂ, વંથલી મારા માવતરોની સંભાળ રાખજો દર્શન દેતા રહેજો, આંહી આવજો તમારી વાટ જોઉ છું, બધાને જય સ્વામિનારાયણ કહેજો. ગુલાબ પાંખડીઓ મોકલજો. સેવાઓ તાત્કાલીક આવશે એજ લી. છગનલાલ ડાયા ભગત મકવાણાના દંડવત.

❖❖❖❖❖

પત્ર નં-૫૧૫ **તા. ૧૦-૬-૮૧**

રીયાધ, દુબઈ.

પ્રગટ શ્રીજીસ્વરૂપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજી સ્વામી મહારાજ ગુરૂદેવને **રીયાધથી દંડવત પ્રણામ તથા શ્રીહરિશરણાગતિ સત્સંગ મંડળના ઘણાંજ સ્નેહપૂર્વક જય સ્વામિનારાયણ વાંચજો.** પ્રગટના એકાન્તિક ધર્મને પામેલા પ્રગટના ભકતરાજ અક્ષર સ્વરૂપે વર્તનારા ભકતોનો સત્સંગ આપે આપ્યો છે. જેથી આખા વચનામૃતો સ્વામીની વાતો દરરોજ વંચાય સંભળાય કીર્તન તથા કથા ચાલે છે. આપની અમારા ઉપર ખૂબ જ દયા છે, આહી સ્વામિનારાયણ સંપ્રદાયના પુસ્તકો વંચાય છે. ઘણોજ આનંદ થાય છે. આપ ભગવાનના દર્શન થાય છે સદા રાજી રાખજો, પૂજય બાપાને માલુમ થાય જે મારા પેટનો ઝીણો જીણો દુઃખાવો મટાડી દેજો. **માવજી રણછોડ મનાણી, હરીલાલ રણછોડ મનાણી, ધીરજલાલ તુલસી કાચા, પરસોતમ ધનજી ખોલીયા સર્વે શ્રીજીના શરણાગતિ અક્ષર મંડળના જય સ્વામિનારાયણ વાંચશો.** અક્ષરધામનું સુખ મળે તેવો રાજીપો તમારી સેવા મળે તેવો અનુગ્રહ કરજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૧૬ તા. ૧૭-૬-૭૯

કાંદીવલી, મુંબઈ.

શ્રી સદ્‌ગુરૂ શાસ્ત્રીજી કૃષ્ણવલ્લભાચાર્યજીને નમો નમઃ

પરમદયાળુ કૃપાળુ સાચા સગા ભક્તિ મુકત આપનારા પરમ પૂજય આનન્દધન ભગવાન અનાદિ પરનારાયણ પરમાત્માની સેવામાં **કાન્દીવલીથી નારાયણ મોહન ઘેલાભાઈના જય સ્વામીનારાયણ વાંચશો**. કોટી દંડવત સ્વીકારજો,પ્રભુજી આપતો અંતર્યામી છો બધુજ જાણો છો, ડગલે ને પગલે આપ ભગવાનને સંભારીએ છીએ, આપનું ભજન કરીએ છીએ રક્ષા કરતા રહેજો, આપ દયાના સાગર છો. હું તા. ૩-૭-૮૦ ગુરૂવારે સવારે ૯-૩૦ પ્લેનમાં મસ્કત જાઈશ આશીર્વાદ આપશો, સાક્ષાત્ દર્શન આપી ચાંદલો કરી મેવો જમી જજો, આ દાસનો દિવ્ય ભાવે મનોરથ પૂરજો. શ્રીહરિ શરણાગતિ મંડળના કોટિપ્રણામ સ્વીકારશો. ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજની જય હો.

❖❖❖❖❖

પત્ર નં-૫૧૭ તા. ૧૨-૬-૮૦

રાજકોટ.

પુજય ભગવાન ગુરૂજી પરમપિતા પરમેશ્વરને જય સ્વામિનારાયણ સાથે જણાવવાનું જે આપના આશીર્વાદોથી પાસ છુ, એડમીશન મળવા કૃપા કરજો. આગળ અભ્યાસ કરીશ. આપ સાક્ષાત-ભગવાન છો અધમોદ્‌ધારણ છો, **બાલકૃષ્ણના કોટી દંડવત્ પ્રણામ સ્વીકારજો.**

❖❖❖❖❖

પત્ર નં-૫૧૮ તા. ૧૨-૬-૭૮

પૂના.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

આપના ભકત વિનેશ કેશવજીના અનાદિશ્રીકૃષ્ણનારાયણને પ્રગટ ભગવાનને શ્રી પતિપુરૂષોતમ નારાયણ ને કોટિવાર નમો નમઃ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજી મહારાજ પુરૂષોતમ નારાયણ સર્વ અવતારના અવતારી સર્વ કર્તા હર્તા આપ છો, હે દયાળુદેવ ગરીબના બેલી છો, જીવનનું ધન છો, માથા કરતા મોંઘા છો, પ્રાણથી પ્યારા છો, આખ્યોના તારા છો, હૈયાના હાર છો, સર્વ જગતના આધાર છો, અન્તરયામી તમો છો. હે મહારાજ પુરૂષોતમ માસમાં માબાપે ધારણા પારણા તથા એકટાણા કર્યા છે, તે નિમિતે રસોઈ જમજો, પૂર્ણ ફળ આપજો, ભુલચુક માફ કરજો, જાજી ભક્તિ દેજો

સત્સંગ દજો દર્શન દેજો સુખી રાખજો પુજા સુતક ન નડે તેમ આડોસી પાડોસી મળીને કરીએ છીએ, ફળફુલ વિગેરે ધરાવીએ છીએ, ધામમાં મોક્ષ આપજો, બધુ તમારૂ છે, ઉતમભક્તિ માગીએ છીએ. ગરીબ ભકત કુટુંબના કોટિ કોટિ પ્રણામ સાથે જય સ્વામિનારાયણ વાંચશો, આપનો ભકત વિનેશ કેશવજીના કુટુંબના જય સ્વામિનારાયણ વાંચજો બસ એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૧૯ **તા. ૧૨-૬-૭૮**

દુબઈ.

દુબઈથી માવતરના ચરણોમાં આશીર્વાદ પાત્ર સેવક ભકત મનસુખ જગજીવન રવજી ચોટલીયાના જય સ્વામિનારાયણ વાંચજો. આપ ભગવાનની કૃપાથી અમોને પરદેશમાં કાંઈ ચિંતા નથી. અમારા બાપુજી જગજીવન રવજીભાઈ સલાલામાં છે તેમને આશીર્વાદ લખજો એડ્રેસ નીચે લખેલ છે. દુબઈના બધા સુખી છીએ. તીર્થ માટે ફુલવાડી માટે પાણી પરબ બાંધવા બધા ઉત્સાહિત છીએ. ભગવાન તમો નજર રાખજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૨૦ **તા. ૧૭-૬-૭૮**

કોલ્હાપુર.

કોલ્હાપુરથી શાન્તિલાલ અરજણ ગોહેલના અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ સ્વામી પરમકૃપાળુ ઈષ્ટદેવ મહાપ્રભુજી પ્રગટ ભગવાન શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રતિ અમારા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા, આપ અન્તર્યામી પ્રભુ છો, આપ બધુ જાણો છો, આપની માળા ભક્તિ પૂજા કરીએ છીએ, સદા બળ રહે એવી શક્તિ આપજો, સુખી રહીએ, ભાઈઓ બધાએ ખાણ રાખેલ છે તેમાં અમો ત્રણે ભાઈઓ કમાયે છીએ અને તમારી સેવા કરીએ એવી દયા કરજો રાજી રહેજો દર્શન આપજો. કર્તા હર્તા તમે છો અમારા સર્વ કુટુંબની નજર રાખજો. પ્રજા ભણે તેવી દયા કરજો રક્ષા કરજો ભક્તિ કરાવજો ધ્યાનમાં દેખજો હાજર રહેજો. તમે આત્માના આધાર છો તમારા ધામમાં લઈ જજો તમારા ચરણોમાં રાખજો. તમારા ભકત એવા અમારી સંભાળ રાખજો, આશીર્વાદ પત્ર વડે સંભાળ્ય લેજો બસ એજ. શાંતિલાલ ના જય સ્વામીનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૨૧ **તા. ૧૩-૬-૮૦**

મસ્કત, દુબઈ.

પ્રવીણ મોહનલાલ ચૌહાણના ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ રાજાધિરાજ સર્વોપરિ પ્રગટ પ્રમાણ ભગવાન શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સર્વે સન્તોની પૂર્ણિમાના ચંદ્રની પેઠે ચઢતી કળા રહો. આપની કૃપાથી તા. ૧૨-૬-૮૦ ના સવારે હુ મસ્કત પહોંચી ગયો છું. કામે લાગી ગયો છુ, ચારચાર જણા હાથે રાંધીએ છીએ. પુજય અંબાલાલ ડાયાલાલને કોઠારી બનાવાયા છે. અમારૂ ધ્યાન રાખજો દયા રાખજો આપની દયાથી બધુય સારૂ છે આશીર્વાદ પત્ર લખજો દર્શન આપજો નજર રાખજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૨૨ **તા. ૩૦-૬-૮૦**

વીલેપાર્લે, પૂના.

વીલેપાર્લેથી ચરણભકત મોહનલાલના દંડવત સાથે જય અનાદિશ્રીકૃષ્ણનારાયણ સ્વીકારશો. મારે પરદેશ જવાનુ થાય તેવા આશીર્વાદ આપજો, મને પડી જવાથી પગ દુખાઈ ગયો છે ઢીંચણ દુઃખે છે, બધુ દરદ મટી જાય તેવી દયા કરજો. મારા ફુવાને હીસ્ટોરીયા મટી જાય તેમ શ્રીજી રક્ષા મોકલજો, આપ સાક્ષાત ભગવાન કહેવાઓ છો બધાના દુઃખ મટાડો છો આટલી વિનંતી સાંભળજો એજ જલ્દી દયા કરજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૨૩ **તા. ૨૭-૬-૮૦**

સુરત.

ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં **સુરતથી કાન્તિલાલ મીસ્ત્રીના આત્મ સમર્પણ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો,** હું આપને પ્રગટ શ્રીહરિને ભજુ છુ મારે સાધુ થાઉ છે. તમારી આજ્ઞા આવે એટલે તુરતજ આપની સેવામાં હાજર થાઉ, દયા કરજો. અક્ષરધામ પહોંચાડજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૨૪ **તા. ૨૬-૬-૮૦**

મોટી કુંકાવાવ.

તીર્થમાંથી રાઘવભાઈના દંડવતપ્રણામ વાંચજો. એક ગોવિંદભાઈ ભકત બીમાર છે. તે સાજો થાય તેવી રક્ષા અને આશીર્વાદ મોકલશો. પ્રસાદીનું જલ તમે આપ્યુ તે વડે સારૂ થતુ જાય છે તેણે ગુલાબની પાંખડી ખાધી અને સારાવાના થતા જાય છે. શ્રધ્ધા વડે આપને પ્રગટ પ્રભુને ભજે છે એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૨૫ તા. ૨૬-૬-૮૦

ચાવડા.

સેવક જયન્તિલાલ રાઠોડ આપના ભકતના જય સ્વામિનારાયણ વાંચજો. દિવ્ય મૂર્તિ સર્વશ્રી હાજર ભગવાન ઈષ્ટદેવ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તમોએ દરીયામાં તળે પહોંચી ગયેલા તીર્થના કાનજીભગત ને બહાર કાઢી વાણમાં બેસાર્યો તેમ મારી રક્ષા કરતા રહેજો, પરદેશ જાવુ છે, ધ્યાન રાખજો, પત્ર લખજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૨૬ તા. ૨૮-૬-૮૦

મોટી કુંકાવાવ.

પરમેશ્વર શ્રીકૃષ્ણ ભગવાન શાસ્ત્રીજી મહારાજ તમે મુળજી રામજીના દિકરાને દરીયામાંથી ઉપાડી અને ઉગાર્યો વ્હાણમાં બેસાર્યો તેમ મને ઉપાડી ધામમાં મુકવા છેવટે અરજ કરૂ છુ. મારો પુત્ર નગીન તમારે ચરણે આવેલ હતો. મારા ઉપર દયા કરજો એજ. **સેવક જીવરાજ ડુંગરશી, ઠે. ભજારમાં, તીર્થભુમીથી, આરાધના સાંભળજો** એજ, અમારા જય સ્વામિનારાયણ વાંચજો. મોટી કુંકાવાવ જન્મસ્થળમાં દરરોજ સાંજે રાતે એક કલાક ધૂન ભજન થાય છે, નજર રાખજો, ઘણા સત્સંગીઓ કથા વાર્તા કરે છે, ડંકી માટે સારડો ચાલુ છે, બાથરૂમ થઈ ગયા છે, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૨૭ તા. ૩૦-૬-૮૦

રાજકોટ.

અક્ષરપતિ પ્રત્યક્ષ પુરૂષોતમ જગદ્‌ગુરૂ સાર્વભૌમ આચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના શરણમાં **માવજી મનજી રાઠોડ, દિલસુખ, ઘનશ્યામ, ધર્મેશ, કાશી ભગત, કાનજી માસા સર્વેના દંડવત વાંચજો,** તીર્થમાં જન્મ સ્થાને રાત રોકાણા પોપટબાપા ગોપાળબાપા દેવાણીને ઘેર વાળુ પાણી કર્યા સવારે આરતી કરી પુજા કરી સાકર નાળીયેર થાળ ધર્યો, નાળીયેરનું તોરણ બાંધ્યુ. રાઘવભાઈને સેવા આપી, ગામ ઉગમણે મુરતિની આરતી કરી, ધોઈને ફળ ફુલ ધુપ દીપ આરતી ભજન પ્રસાદ કર્યા, બીજે દિવસે રાજકોટ આવ્યા છીએ કામે લાગી ગયા છીએ સાજા નરવા રાખજો, એજ અનાદિ પ્રગટ ભગવાનની મૂર્તિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય હો.

❖❖❖❖❖

પત્ર નં-૫૨૮ તા. ૩૦-૩-૮૦

રૂવી, દુબઈ.

ધામના ધામી પૃથ્વી પર પધાર્યા ભગવાન શ્રી સાર્વભૌમ પરમેશ્વર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ના **ચરણકમળ સેવક દાસ પ્રવીણ ચમનલાલ, રતિલાલ, મોતીલાલ ગોરધન વિગેરે શ્રીહરિશરણાગતિ મંડળના સાષ્ટાંગ દંડવત પ્રણામ જય સ્વામીનારાયણ વાંચશો,** શ્રીજી મહારાજને માલુમ થાય જે આપની દયાથી તા. ૧૨-૬-૮૦ ના અમો ચાર જણા રૂવી આવી પહોચ્યા છીએ, હાથે રાંધીને તમને જમાડીને જમીએ છીએ, તબીયત સારી છે, પરદેશમાં દર્શન દેતા રહેજો, પ્રસાદી પત્ર ફુલ પાંખડી મોકલજો, પુજા ધ્યાનમાં તમારૂ દર્શન થયા કરે તેવી કૃપા કરજો, અમોને સાંચવજો તમારી ભક્તિ કરીએ છીએ ,એજ જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૨૯ તા. ૨૫-૬-૮૦

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ, શ્રીશ્વેતાયન વ્યાસ ભગવાનને નમો નમઃ

શ્રીકૃષ્ણનારાયણ પ્રાણપતિ અક્ષરપતિ જગત્‌ભકતોના વાલમ હરિકૃષ્ણ ભગવાન તમારા ચરણમાં લીન ભકત **અમુલકુંજથી લી. સેવક રામજી વિગેરે બાર જણા શ્રીહરિશરણાગતિ મંડળ વસન્ત ભગત આદિના દંડવત સ્વીકારશો,** કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ અમારે તમારો આનન્દ છે, વીજામાં આવવુ છે. ફુલવાડી સેવા મોકલાણી છે, પ્રલ્હાદે માગ્યું ઈન્દ્રિય અન્તકરણથી રક્ષા કરજો, મહારાજ પરદેશમાં અમારી રક્ષા કરજો, હે નાથ કાગળ જલ્દી લખજો, દર્શન દેવા પધારજો, સેવા કરશું એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૩૦ તા. ૨૮-૬-૮૦

જામવણથલી.

હસમુખલાલ મૂરજીભાઈ તથા છગનલાલ, મનસુખ, દેવસી, નારણ, તુલસી, માતા-પિતા ગુરૂબાંધવોના જયશ્રીસ્વામિનારાયણ. વરસાદ આપને પ્રતાપે સારા છે, વાવણી થઈ ગઈ છે, આપનું ભજન કરીએ છીએ દર્શન થાય છે, ફુલવાડીમાં સત્સંગ કીર્તન ભજન નિયમ ઉત્સવ થાય છે. પ્રગટ શ્રીહરિ આપ મૂર્તિમાં દેખાવ છો, પી.ટી.સી. માં ઉતમ માકર્સ ફસ્ટસ કલાસમાં છું, આપ ભગવાન જીવનપ્રાણ અન્તર્યામી પ્રભુ નોકરી મળવા કૃપા કરજો, આશીર્વાદ વરસાવજો, આપના આશીર્વાદો ખૂબ જ બધાને સફળ નીવડે છે, સવળું પડે છે, આપ પ્રભુ સાક્ષાત્ ભગવાન છો, દયાસાગર પ્રત્યક્ષ બધું જાણો

છો રાજીપો રાખજો. મકાન કરીને વેચાણુ ઘણો લાભ ૧૪ નો રહયો છે, છગનભાઈ પાસપોર્ટ લઈને દુબઈ જવા મુમ્બઈ ગએલ છે, તેનું ધ્યાન રાખજો, અમારા માતુશ્રીને તબીયત મોળી રહે છે માટે આશીર્વાદ આપી સાજાનરવા રાખજો, શ્રીજીરક્ષા લખી મોકલજો, પ્રસાદી ગુલાબ પાંખડીઓ મોકલજો.

હસમુખ કુટુમ્બીના જય શ્રીસ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં-૫૩૧ **તા. ૨૬-૬-૮૦**

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમઃ શ્રીશ્વેતાયન વ્યાસને નમો નમઃ

જૂનાગઢ શુભ તીર્થ પ્રગટ શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વ ધામોનાધામી બ્રહ્મપતિ ઈશ્વરપતિ ભકતપતિ પ્રગટ પ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ બધાને સુખી રાખો. **દુબઈથી ચરણાશ્રિત નારણભાઈ આદિક અગ્યાર શરણાગતિ ભકતોના પૃથ્વિમાં પડી દંડવત્ સ્વીકારજો.** આપનું ભજન કરીએ છીએ, ફુલવાડી તથા તીર્થ માટે પુરતી સેવા ભેળી થઈ ગઈ છે. નારણભકતને મુદતીયો તાવ અને માથુ ચઢવુ પીડા છે તો કૃપા કરી શ્રીજી રક્ષા મોકલજો, અવીરસાઈડમા કામ ચાલે છે, એજ. શિરનામુ કવર ઉપર છે, દર્શન દેજો દુઃખ ટાળજો, રક્ષા કરજો, ગર્ભમા રક્ષા કીધી, બાળપણે રક્ષા કીધી, આ અવસ્થાએ પરદેશમાં રક્ષા કરજો, એજ અરજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૩૨ **તા. ૭-૭-૮૯**

દુબઈ.

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમઃ

સ્વસ્થાન શ્રી જૂનાગઢ મધ્યે પરમપૂજય અનાદિશ્રીકૃષ્ણનારાયણ દયાનાનિધી કરૂણાસાગર પરમકૃપાળુ પરમાત્મા ભકત પ્રતિપાલ સર્વજ્ઞ સર્વકર્તા સર્વકારણ અમારા જીવનપ્રાણ એવા પરમ પુરૂષોતમનારાયણ તમો આ ભરતખંડમાં પોતાનું નામ ગજાવીને વિચરો છો. **ગુરૂદેવ પ્રીતમપ્રભુજીને નરસીભાઈના ઘણા ઘણા દંડવત્.** આપની કૃપાથી અમો આનન્દમાં છીએ આપ સર્વજ્ઞ બધું જાણો છો. મારો જીવ અવાર નવાર મુંઝાય છે આપ આશીર્વાદ તથા શ્રીજી રક્ષા મોકલજો ગુલાબ પાંખડીઓ પ્રસાદી મોકલજો મને મુંઝવણ ન થાય એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૩૩ **તા. ૮-૭-૮૦**

મસ્કત, દુબઈ.

સ્વસ્થાન નગર જુનાગઢ મધ્યે પ્રત્યક્ષ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ માનવ સ્વરૂપ ધારણ કરીને નયનગોચર વિચરતા વ્હાલામાં વ્હાલા પ્રાણપતિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજનાં ચરણોમાં **સેવક વસન્તલાલના સદંડવત્ જયશ્રીકૃષ્ણનારાયણ વાંચશો,** ભગવાનને માલમ અરજ કે શાન્તિલાલ કેશવજી ભકતે ભગવાનના સારા ફોટા લીધા અને મોકલાવ્યા છે, મસ્તકમાં મુકુટ, કાનમાં કુંડળ ફુલડા, હારતોરા હૃદયમાં, મસ્તકમાં અને હાથમાં ગજરા પોચીબંધ તથા ભુજ બંધ ધારણ તથા હથેળીમાં કેરી ધારેલ છે, આ ફોટાના દર્શન કરીને સાક્ષાત્ શાસ્ત્રીજીમહારાજ દિવ્ય પ્રગટ દેખાયા એવા દર્શન કર્યા છે, પ્રહલાદની માફક તમારી શરણાગતિમાં રક્ષા કરજો, લી. કચ્છના વસન્તના ૧૦૮ વાર દંડવત્ સહિત દુબઈથી જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૩૪ **તા. ૨૬-૬-૮૦**

દુબઈ.

અક્ષરાતીત શ્રીસ્વામિનારાયણ ભગવાન સર્વનિયન્તા સર્વ તારણહાર ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને **દુબઈથી જયન્તિલાલ તથા ભગવાનજી તથા ચન્દ્રકાન્તના દંડવત્ સ્વીકારશો જય સ્વામિનારાયણ વાંચજો,** તમારી દયાથી સારુ છે, સેવા મોકલાવી છે, અમોએ આંહી ટેલરીંગ ખોલેલ છે, કાયમી લાયસન્સ મેળવેલ છે, સ્વતંત્ર કામ કરી શકીએ, લોકલ પાર્ટનર ભાગીદાર થઈને કાનુન પ્રમાણે કામ થાય એ પ્રમાણે કરેલ છે, ઉદ્ઘાટન ૨-૬-૮૦ નું કરેલ છે, તમારી પાઘવાળી મૂર્તિ મઢાવીને પૂજવા રાખેલ છે વિઘ્ન ન થાય તેવો આશીર્વાદ કમાણી થાય તેમ આપજો, તમારા દર્શન સાક્ષાત્ આવીને કરશુ તમારી દયાથી અમોને કાઈ તકલીફ પડેલ નથી, તમારો રાજીપો જોઈએ, જલ્દી તમારા દર્શન થાય તેમ કરજો, ભૂલચુક માફ કરજો, આશીર્વાદ પાઠવજો, મંડળને જય સ્વામિનારાયણ કહેજો. જયન્તીલાલના દંડવત્.

❖❖❖❖❖

પત્ર નં-૫૩૫ **તા. ૧૬-૭-૮૦**

અરબસ્તાન, દુબઈ.

શ્રીહરિકૃષ્ણ નમો નમઃ શ્રીસ્વામિનારાયણ પ્રભુનો સદાયને માટે જય હો જો, અક્ષરાતીત પ્રગટ પુરૂષોતમ શ્રીસ્વામિનારાયણ પ્રગટ પરમાત્મા પ્રગટ પ્રભુ સર્વના

સ્વામિ નિયન્તા સર્વના અધિપતિ સર્વ અવતારોના અવતારી એવા પ્રગટ શ્રીહરિ પરમ ગુરૂસ્વરૂપ પરમાત્મા પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્રીસ્વામિનારાયણ પરમાત્માને અમારા સર્વના ઘણા જ સ્નેહપૂર્વક દંડવત્ પ્રણામ સહિત જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી, તા. ૧૬-૭-૮૦ એતાનગામ મસ્કત **અરબસ્તાનથી લી. પ્રગટ પ્રભુના ચરણરજ સેવક દાસ ખોલિયા જયન્તિલાલ ઓધવજી તથા રતિલાલ તથા સર્વે ગુરૂભાઈઓ દંડવત્ પ્રણામ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચશોજી.**

હું તા. ૧૨-૬-૮૦ ના રોજ ગલ્ફ એર માર્ગે મસ્તક આવેલ છુ, બી.સી.સી. કમ્પનીમાં છું પાગર સારો છે અવર ટાઈમ પણ મળે છે, આપ ભગવાનની દયાથી બહુજ સારૂ થયું છે, ખાવા પીવાનું સારૂ છે, થાય તેટલુ કામ કરવાનુ છે, મહિના પછી ઠંડી રૂતુ આવશે, દર્શન દેજો, નજર રાખજો, સાજા નરવા રાખજો સાંચવજો, આશીર્વાદ લખજો, કામકાજ લખજો. ભુલચુક માફ કરજો, તમારૂ ભજન કરૂ છુ, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૩૬ **તા. ૨૨-૮-૮૦**

દુબઈ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ

આપનો સેવક રતિલાલ, ધીરજલાલ જશવન્ત વિગેરેના જય સ્વામિનારાયણ વાંચજો. શ્રીજી રક્ષા વડે સારૂ છે, અમારી રક્ષા કરજો, અમારા ભગવાન તમારી દયાથી તાવ ઉતરી ગયો છે, ધાર્યુ તમારૂ જ થાય છે, આપની મરજી વિના સુકું પાંદડુ પણ હલવાનુ નથી, આપના શરણમાં મસ્તક મુકયુ છે, તમો અધમ ઉધ્ધારણ છો પતિતપાવન છો, હે મહારાજ દિવસે ચાર વાગ્યે તમારા સાક્ષાત્ દર્શન થયા, ફરી દર્શન દેજો જયન્તિલાલ શ્રાવણ મહીને આવશે, દૂધ પીવા અને પ્રસાદી દુધ સાકરીયા કેશરીયા કઢેલા દૂધ પ્રસાદી કરીને અમને પાવા દિવ્યમૂર્તિ જરૂર પધારજો. ચાતુર્માસ નિયમ પાળશુ એજ. પરદેશ રક્ષા કરજો, શ્રીજી રક્ષા મોકલજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૩૭ **તા. ૨૬-૭-૭૯**

અમદાવાદ.

ચેરમેન, મોરારજીભાઈ આર. દેશાઈ, સેક્રેટરી, મનુભાઈ એ વ્યાસ, ટ્રેઝરર મહોનલાલ બી. વ્યાસ ૫૪-૭૯-૮૦ શ્રી ભાગવત્ વિદ્યાપીઠ ટ્રસ્ટ મું. સોલા, તા. દશક્રોઈ અમદાવાદ – ૫૧ રજીષ્ટર્ડ ૨૫૩૫, સારડા સોસાયટી.

શ્રીપરમમાન્યવર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, શ્રી સ્વામિનારાયણ મંદિર જૂનાગઢ. સવિનય નિવેદન જે. સાથેના પત્ર મુજબ શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીનું બહુમાન કરવા માટે નિયકુત કરેલી વિદ્વત્સમિતિ પ્રમુખ તરીકે આપની વરણી કરી છે, તેમજ તેઓશ્રીના પ્રત્યક્ષક પરમ્પરા થી અનુભવમાં આવેલા ભાવોને કતિપય પંક્તિમાં ગમે તે ભાષામાં આપ ખાસ મોકલાવી આભારી કરશો, ઉપકોરત બાબતમાં શિઘ્ર આપની સમ્મતિ મોકલાવશો, **શ્રીયુત કે. કા શાસ્ત્રી વગેરેની સાથે મળીને આ નિર્ણય લીધેલે છે એજ ભવદીય શાસ્ત્રી ગોપીનાથ શુકલ.**

પરમમાન્યવર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ જૂનાગઢ લગભગ ૪૮ વર્ષ પછી પત્ર લખવાનો પ્રસંગ આવે છે, આપશ્રી વારાણસીમાં બ્રહ્મઘાટ ગુર્જર છાત્રસમિતિમાં રહેતા હતા, આપના જાળીવાળા રૂમમાં હું કિરાતાજૂનીય ૧૧ થી ૧૪ સર્ગ કલકતાની પરીક્ષા માટે આપની પાસે ભણતો હતો, વચમાં ઘણી વખત પ્રસંગોપાત સ્મરણ થયા જ કરતુ, પેટલાદ શાળામાં દશ વર્ષ અધ્યાપન બાદ ૨૮ વર્ષ હાઈસ્કુલમાં કામ કરી નિવૃત થઈ અમદાવાદ રાયપુર પાઠશાલા સ્વામિનારાયણ પાઠશાલા મણિનગર, સન્યાસાશ્રમ કાશીવિશ્વનાથ સંસ્કૃત મહાવિધાલયમાં અધ્યાપન કરાવ્યા બાદ હું વિદ્યાપીઠમાં પ્રધાનાચાર્ય તેમજ અધ્યક્ષ તરીકે કામ કરૂ છુ, વારાણસીમાં જયારે અગાઉ ગયેલો ૧ માસ રહેલો ત્યાં પ્રેસમાં આપનું મોટું પુસ્તક છપાતુ જોયેલુ, બીજા ટીકા ગ્રન્થો ન્યાય વેદાન્ત સાંખ્ય યોગ મીમાંસા સાહિત્ય વિગેરેના પણ જાણવા જોવામાં આવેલા.

અમોને ઘણું જ ગૌરવ થયુ કે, આજે સુયોગ્ય વ્યક્તિઓ માટેની વાતચીતમાં શ્રી કે. કા. શાસ્ત્રીજીએ આપનું નામ સુચવ્યુ, મે મારો આપનો પરિચય જણાવ્યો આપ વિગતવાર પત્ર લખશો, હવે અવસ્થા વાળુ શરીર હશે એમ ધારૂ છુ, મોરબીવાળા લાભશંકર વ્યારણાચાર્ય સાથે જ હું રહેતો હતો, હાલ તે ભુજમાં છે, આપનો શિષ્ય ગોપીનાથ શુકલ સાહિત્યતીર્થ અભિવાદન અધ્યક્ષશ્રી મોરારજીભાઈ દેશાઈ, વ્યવસ્થાપક શ્રી લક્ષ્મીકાન્તભાઈ ભગુભાઈ, ઉપાધ્યક્ષ શ્રી હિરાલાલ ભગતતિ કોષાધ્યક્ષ, શ્રી મોહનલાલ જોષી, મહામણ્ડલેશ્વર વેદ દર્શનાચાર્ય શ્રી ગંગેશ્વરાનન્દજી મહારાજ, ચેરમેન ડો. શ્રી સતીશચંદ્ર દિલ્હી વારાણસી વિશ્વવિદ્યાલય વાઈસ ચાન્સેલર શ્રી વિશ્વંભરનાથ ત્રિપાઠી, મદ્રાસ, શ્રી એસ. અજાકુરઈ આયંગર, વાઈ ચાન્સલર ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ડો. શ્રી પી. શી. વાઘરાજ, કે. આર. રામનાયન, ટી. એન. દવે એમ.એ. પી.એચ.ડી. લંડન, શ્રી રામાનુંજ ટાઢાચારી કુંભકોણમ, શ્રી પ્રભાકર ડોંગરે એમ.એ., એમ.એડ, પી.એચ.ડી. પ્રિન્સીપાલ વડોદરા, ડાઈરેકટર ભારતીય વિદ્યાભવન મુંબ્બઈ, નવલભાઈ શાહ શિક્ષણમંત્રી છે.

❖❖❖❖❖

પત્ર નં-૫૩૮ તા. ૨-૧૦-૮૧

અમર અલંકાર જવેલર્સ, ભંડારા, મહારાષ્ટ્ર.

માધવજી ભગવાનજીભાઈ પટની, પુજય પરમેશ્વર ગુરૂ મહારાજને મારા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ. અનાદિશ્રીકૃષ્ણનારાયણ વિશ્વવિખ્યાત, પ્રકાંડ પંડિત ભારત મહાગુજરાત ઉતરપ્રદેશ ભારતરાજય સન્માનિત મહામહોપાધ્યાય એમ. એ., પી.એચ.ડી., ડી.ફીલ., ડી.લીટ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજકી જન્મજયન્તી સંવત્ ૨૦૩૫ કે આશ્વિન કૃષ્ણ પક્ષ અષ્ટમી શનિવાર તા. ૧૩-૧૦-૮૧ કે દીન મનાઈ જા રહી હે અતઃ આપ સહકુટુંબ મિત્ર સહિત પધારનેકી કૃપા કરે. મહેન્દ્રકુમાર માધવજીભાઈ માતુશ્રી માણેકબેન સમસ્ત લુહાર જ્ઞાતિના જય સ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં-૫૩૯ તા. ૧૫-૭-૮૦

રીયાધ, દુબઈ.

પ્રગટ ભગવાન સાક્ષાત અવતારોના અવતારી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ દિવ્યમૂર્તિ આપના ચરણના જળ વડે ઘણો આનંદ થયો, પત્ર મળ્યો ફુલ પાંખડી પ્રસાદી મળી. આપ પ્રગટ ભગવાન છો, પરદેશમાં અમારી રક્ષા કરજો, તમો પલે પલનું જાણો છો, દર્શન દેજો. **સેવક અમરસી તથા પરસોતમના જાજા કરીને જય સ્વામિનારાયણ તથા દંડવત્ વાંચજો.**

❖❖❖❖❖

પત્ર નં-૫૪૦ તા. ૨૫-૭-૮૦

જામવણથલી.

સ્વસ્થાન જૂનાગઢ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પરમ દયાળુ પરમેશ્વર પરમ વિવેકી પરમપૂજય પતિતપાવન અધમઉધ્ધારણ સન્તભૂષણ સત્સંગરક્ષક ઉપકારી હિતકારી આનંદમુર્તિ અક્ષરધામના ધામી અનન્ત સૃષ્ટિઓના તથા બ્રહ્માણ્ડોના પતિ અમારા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પરમાત્મા સદગુરૂદેવ તમો કેશવ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પરમાત્મા સદગુરૂદેવ તમે સર્વેના કારણ છો ભકતોના સંકલ્પોના જાણનારા છો અમારે તમારો આશરો છે અક્ષરધામની ગતિ તમારા હાથમા છે તમો શ્રીજીમહારાજ પોતે છો અમારે તમારો આશરો છે તમારી ભક્તિ તમારા દર્શન નિરંતર આપજો અન્તકાળે તમારા ધામમાં લઈ જજો. **દાસ નરસીના દંડવત્ તથા જયશ્રીકૃષ્ણનારાયણ વાંચજો.**

હે ગુરૂ મહારાજ તમો અમારા ભગવાન છો અમારા સંકલ્પ પૂરા કરો છો અને કરજો એવી અમારી પ્રાર્થના. તમો મધુસુદન ભગવાન મેઘ સરખા છો ગંભીર વાણીવાળા છો, હું તમોને અસંખ્ય નમસ્કાર કરૂ છું તમોને અમારા અભિનંદન હો. તમો કેશવ ભગવાન છો તમો અજીત ભગવાન છો તમો સ્વરૂપાનંદન છો અમો તમોને અનેકરૂપે દરશન કરીએ છીએ તમો અનેક સ્વરૂપને અનેકવાર નમન કરૂ છુ. નાનો ભાઈ દુબઈ ગયો છે, તો આપ તે પરશોતમનું શિરનામૂં મોકલજો. અમારા અભિનંદન વાંચજો, નાનજી ભગતની ટપાલ પુનાથી આવી હશે, દર્શન દેજો, જ્ઞાન દેજો, રક્ષા કરજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૪૧ **તા. ૮-૭-૮૦**

મસ્કત, દુબઈ.

મસ્કતથી આપનો દાસાનુદાસ ચરણ કમલ સેવક રતિલાલ મોહનલાલ ચૌહાણ, પ્રવિણ ચન્દુલાલ મોહનલાલ, ચમનલાલ, કમલસિંગ, સરદારજી, નટુ, જગુ, ગુમા, સર્વે શ્રીહરિશરણાગતિ ભકતોના હેત પૂર્વક જય સ્વામિનારાયણ વાંચજો, અમો એલસલાહ ટ્રેડીંગ કંપનીમાં કામ કરીએ છીએ, તમારી કૃપા વડે સુખી છીએ, ધંધામાં જરાય તકલીફ નથી, તમોને સંભારીને કામ કરીએ છીએ, ઉપજમાં વાધો નથી, તમારા આશીર્વાદથી સુખી છીએ, ઘણોજ આનંદ મળે છે, અમૃતપાન કરીએ છીએ. તમારી દયાનો પાર નથી, સીતેર રીયાલ મળે છે, મજામા છીએ. અમોને ભગવાન તમો કાયમ યાદ આવો છો, પુસ્તકમા બ્લોકમાં તમારા દર્શન કરીએ છીએ. તમો ત્યા છો અમારી નજર રાખો છો, દેશમાં પણ બધાની દેખરેખ રાખો છો, અન્તર્યામી છો, ધામોના ધામી છો, સાજા નરવા રાખજો, એજ દાસાનુદાસ રતિલાલના દંડવત્.

❖❖❖❖❖

પત્ર નં-૫૪૨ **તા. ૧૨-૭-૮૦**

ઈરાક, દુબઈ.

પરબ્રહ્મ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સર્વેને સુખી રાખો છો. **ઈરાકથી આપનો દાસ લી. ભગત રામજી તથા કુંવરજીના આપના દિવ્ય ચરણોમાં સમર્પણ રાખજો.** બાલંભા અમારા માવતર ઉપર પત્ર આશીર્વાદ લખજો, દંડવત્ સ્વીકારજો, તમારા ધામની ભક્તિમાં છેવટે પહોંચાડજો, નજર રાખજો, અમો પહેલા સુરત હતા, આપની ખુબજ દયા સાંભરે છે, આપ દિવ્ય ઐશ્વર્યવાળા ભગવાન છો, આપના સંકલ્પે હજારો સાજા થાય છે, દુઃખ મટે છે, પુત્ર પરીવાર વધે છે, ધનાઢય થાય છે, ગરીબોને સોનાવાળો દેશ ખોલી દીધો છે, ભકતો સુખી થાય છે. જન્મજયન્તી આહી ઉજવવી છે દર્શન આપજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૪૩ તા. ૧૯-૭-૮૦

જામખંભાળીયા.

શ્રીપરબ્રહ્મ ગુરૂ સદગુરૂ ચરણોમાં ગુરૂપૂર્ણિમાએ પુષ્પાંજલી અર્પિત **મુળજી દામજી વોરલીયાના તથા બાબા ધવલકુમારના આપના આશીર્વાદના પુત્રના હસ્તક ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને ગુલાબ પાંખડી પુષ્પાંજલિ અર્પીએ છીએ,** નિત્ય કલ્યાણ કરનારા સાક્ષાત શ્રીહરિકૃષ્ણ ભગવાન સંસાર દાવાનળથી બચાવનારા આપશ્રીના સ્મરણ વડે મારી સમગ્ર ચિન્તાઓ દૂર થઈ અને ભજનમાં લગ્નિ લાગી છે, નવી શક્તિ પ્રાપ્ત થયેલ છે, દામજી ભગવાન વોરલીયા, નવાપરા, જામખંભાળીયા.

દર્શન આપજો ધામ આપજો મોક્ષ આપજો પ્રાર્થના સ્વીકારજો, અમો કુટુમ્બ આપના દર્શને વરસાદ ખૂલ્યા પછી આવશું વિનંતિ, ગુલાબકેરી પાંખડી ગુરૂ ચરણે ધરૂં, આત્માના અંધારા દૂર કરો શ્રી ગુરૂદેવ નમુ આપને ચરણે સદા ભક્તિ આપો દિન રાત, મનકર્મ વચનથી સદા આપ ચરણે નિરાંત, સ્વીકારો મારા અન્તરના પ્રણામ અન્તર્યામી પ્રભુ તમો છો જગત તણા તારનાર, મને તારજો અન્તકાલમાં સર્વે તારણ હાર કરૂ ફરી ફરી પરણામ એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૪૪ તા. ૨૮-૭-૮૦

જામવણથલી.

ખીમજી ડાયા સાંપરીયાના દંડવત્ વાંચજો. હે ભગવાન સર્વશ્રેષ્ઠ સન્તપતિ હું સાઉદિયાથી અઢી માસની રજા ઉપર આવ્યો છું, મારા પત્નીને કોઈ લપ વળગેલ છે, દોઢયે દાંત ભીડાય જાય છે, ૬, ૮, કલાકે ઉઘડે છે, જલ્દી સારૂ થાય તેવી રક્ષા મોકલજો, તમારે દર્શને આવવુ છે, દયા કરજો, પ્રગટ પ્રભુ આશીર્વાદ દેજો પત્ર લખજો સારાવાના થાય, પ્રથમ બીજા પુત્ર માટે પ્રાર્થના સાઉદિયાથી કરી હતી તો સાજાનરવા બધી ધારણા પુરી થાય આપ સાક્ષાત ભગવાન શ્રીહરિ કર્તા હર્તા છો મારા જેવા ભકતના મનોરથો પુરજો, એમજ બહુ કરીને માનજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૪૫ તા. ૩૦-૭-૮૦

રાજકોટ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ શ્રી જૂનાગઢ સ્વસ્થાનમાં વિરાજમાન પ્રગટ સ્વરૂપ સહજાનંદ સ્વામી સર્વે આચાર્યોના આચાર્ય વ્યાસોમાં વ્યાસ શાસ્ત્ર બનાવનારા સાક્ષાત ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો ચરણ સેવક ગુરૂ સદ્‌ગુરૂ સ્વરૂપ

શ્રીહરિનો ચરણ દાસ **રાજકોટથી માવજી મનજી તથા ઘનશ્યામ તથા ધર્મેશ તથા કાશી, કાનજી મનજી વાઢેર બધાના જય સ્વામિનારાયણ વાંચજો,** પ્રભુ આપના આશીર્વાદો વડે કામે જાઉં છું, સારો લાભ છે ૬૦ મળે છે સુખીઆ છીએ. આપની મૂર્તિની પુજા કરીએ છીએ, આનંદમાં વર્તીએ છીએ, ભજન ભક્તિ પૂજન પાઠ કરીએ છીએ મન્દિરે જાઈએ છીએ. ધર્મેશની તબીયત મોળી છે ગુલાબ કમળ પુષ્પ મોકલજો, સારૂ થઈ જાય આશીર્વાદ આપશો, આપના ચરણોમાં હજારો વન્દન.

❖❖❖❖❖

પત્ર નં-૫૪૬ **તા. ૨૮-૭-૮૦**

મોટી કુંકાવાવ.

તીર્થમાંથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનને નમો નમઃ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય હો, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ વિજયતે. પરમાત્માની હજુરમાં વિનંતિ જે ધોરણ દશમાં ન્યુ એસ એસ સી માં અભ્યાસમાં ગુજરાતી, હિન્દી, સમાજ નવરચના, વાણિજયગણિત, માનવ જીવનવિજ્ઞાન, અંગ્રેજી, ભૂગોળ, શારીરિક શિક્ષણ, એ આઠવિષયોમાં સફળતા મળે તેવા આશીર્વાદ આપજો વાંચેલુ યાદ રહે તેવી કૃપા કરજો, તમારો **ભકત રમેશકુમાર રાઘવ જેરામભાઈ ગેવરીયાના દંડવત્ વિનતિ અંજલી સ્વકારજો,** તીર્થમાં બધા ધામધૂમે ભજન કીર્તન કરે છે, રાજી રહેજો, દર્શન દેજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૪૭ **તા. ૨૯-૭-૮૦**

સાઉદીઅરેબીયા, દુબઈ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને શ્રીહરિ કૃષ્ણભગવાનને નમો નમઃ

પ્રગટ ભગવાનને સાઉદિઅરેબીયાથી હરિભકતો શાન્તીલાલ તથા અમરશી તથા પરસોતમભાઈ તથા જીવણભાઈ તથા ધીરજલાલભાઈ તથા વલ્લભભાઈ તથા સર્વે ગુરૂભાઈઓના દંડવત્ સાથે જય સ્વામિનારાયણ વાંચજો, અમારી રક્ષા કરતા રહેજો દર્શન આપજો. બેવીશ કમ્પનીમાં છીએ, દયાભાવ રાખજો, બે કંઠીઓ મોકલજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૪૮ **તા. ૨૨-૭-૮૦**

મોટી કુંકાવાવ.

શ્રીહરિઃ શરણં મમ, પ્રગટ પ્રભુજી શ્રી શાસ્ત્રી મહારાજને નમો નમઃ શ્રી સદ્‌ગુરૂ દેવાય નમઃ સ્વામી શ્રીકૃષ્ણનારાયણ સ્વામીજી મહારાજ અક્ષરાતીત પ્રભુ ધામોના ધામી

પ્રગટ ભગવાન મહાપ્રભુજીની સેવામાં નાનો **સેવક તીર્થવાસી રાઘવ જેરામ તથા શ્રીહરિશરણાગતિ મંડળ સર્વેના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો,** રવિવારે ગુરૂપૂર્ણિમાએ અમોએ સમૂહ ભોજન તૈયાર કરાવીને બાસુંદી ચુરમાના લાડુ તથા ભજીયા દાળ ભાત શાક અથાણા થાળ પ્રગટ ભગવાન તમોને ધરાવીને સર્વ મંડળે ગુરૂ દક્ષિણા આપીને શાસ્ત્રીજી મહારાજ પ્રભુજીની જય બોલીને સાથે બેસીને પ્રસાદ પ્રેમે ભોજન જમ્યા હતા.

સવારે અમો મંડળ બધાં સાડાસાત વાગ્યે તમોને મૂર્તિને અભિષેક સ્નાન કરાવવા રાષ્ટ્રીય ભવનમાં ગયા હતા, નવરાવ્યા ત્યારે તમોએ અમોને સાકરનો ગાંગડો એમ પ્રસાદી આપી હતી, અમો બહુ જ રાજી થયા હતા, પછી શ્રીફળ સાકર ધરીને બધાએ પ્રસાદી લીધી હતી, આ રવિવારેથી દરરોજ દશ મીનીટ સ્વામિનારાયણ નામની ધૂન્ય બોલિએ છીએ, મંડળ ઘણુ વધ્યુ છે અને વધતુ જ જાય છે, દર્શન દેતા રહેજો અમારી સંભાળ રાખજો સદબુદ્ધિ આપજો ભક્તિ થાય, આપ સન્તસ્વરૂપે ભગવાન છો, રક્ષા કરજો, એજ પ્રાર્થના. સદગુરૂ પૂજન પૂર્ણિમાની સેવા મોકલાવેલ છે. બાબુભાઈ કાથરોટીયા સાથે મોકલાવેલી છે અંગીકાર કરજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૪૯ **તા. ૩૦-૭-૮૦**

રાજકોટ.

શ્રીમાન અનાદિપ્રભુ બ્રહ્માણ્ડનાથ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રગટ ભગવાનને કેનેડા બેન્કના મેનેજર મેં આપનું દર્શન સામર્થ્ય ગુરૂમંત્ર કંઠી નિયમ લીધા છે. સત્સંગી થયો છું, **હું સખુદેવ નામક આપના શિષ્ય આપની મુર્તિના દર્શન પુજન કરૂ છું. મારૂં કુટુંબ સમસ્ત આપનું ભકત થયેલ છે.** ટુંક સમયમાં આપના દર્શન માટે આવીશું. હું ધર્મમાં માનતો ન હતો પણ આપના આકર્ષણે મને આસ્તિકપણું આપેલ છે, કંઠી બાંધી છે, દેવાશ્રયનો ભાવ પૂર્ણ કરવા વિનન્તિ છે. આપને શરણે મુક્તિ મળશે જ.

વલ્લભભાઈ જીવરાજ ખુબજ ભક્તિ કરે છે. જન્માંતરે કલ્યાણ થવાનું તે આ જન્મે થઈ ગયું છે. આપની મૂર્તિના દર્શન વડે હું આપની રૂબરૂ આવી જૂં છું મારૂ નામ સુખદેવ શુકદેવ છે, ગુણ તો આપ વડે મેળવીશ, સરવે શાન્તિ અનુભવીશ. પત્ર દ્વારા આશીર્વાદ આપી વધારે પાવન કરશો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૫૦ તા. ૪-૮-૮૦

મોટી કુંકાવાવ.

શ્રીહરિકૃષ્ણ પરમાત્મા શ્રીસ્વામિનારાયણ શાસ્ત્રીજી મહારાજ **તમારા દાસનો દાસ મધુ ધનજી બાબરીયા.** ચરણોનો દાસ મધુ, ભગવાનજીભાઈ સાથે રાજકોટ ગયા હતા અને પરદેશ જવા તમારો આશીર્વાદ સિદ્ધ થયો ફળીભૂત થયો છે, તા. ૭ મુંબઈ જઈશ. ભગવાન તમો મારી નજર રાખજો, બધા કામ થાય એજ. શ્રીહરિ જય શ્રીહરિ શ્રીહરિ શ્રીહરિ શ્રીહરિ તમો જય પામો છો, તમોને નમો નમઃ દાસ મધુના દંડવત વાચજો, ભૂલચુક ક્ષમા કરજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૫૧ તા. ૮-૮-૮૦

નાના ગોખરવાળા.

સ્વસ્થાન શ્રીઅક્ષરધામ જૂનાગઢ અનન્ત કોટિ બ્રહ્માંડોના અધિપતિ પુરૂષોતમ નારાયણ ભકતવત્સલ દીનબંધુ દયાના સાગર કરૂણાનિધિ ભકતોને ધામ લઈ જનારા પોતાની મૂર્તિનું સુખ આપનારા સદ્‌ગુરૂજી શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સન્ત મંડળને અમારા જાજા કરીને દંડવત પ્રણામ સાથ જય શ્રીસ્વામિનારાયણ વાંચજો, **નાના ગોખરવાળાથી લી. આપનો સેવક હરજીભાઈના જાજા કરીને દંડવતપ્રણામ સાથે જય શ્રી સ્વામિનારાયણ સ્વીકારજો**. લખવાનું જે મારા પિતાશ્રી અમારા પરમપૂજય મનજી આતાને સંવત ૨૦૩૬ અષાઢવદી ૯ નોમને સોમવારે બપોર પછી બેને પાત્રીશ મીનીટે તમોએ બહુ ઉતાવળથી તેડી જઈને તમારા અક્ષરધામમાં તમારી મૂર્તિનું સુખ આપ્યુ છે, આવી તમોએ ધાર્યા બારી વાત દયા કરીને પરચો આપ્યો છે, તમોએ બહુજ સુખીઆ કર્યા છે.

મેં તમોને પ્રાર્થનાની ટપાલ શનિવારે લખેલી તે સોમવારે તમોને બપોરે મળતાંજ તુરત ઢીલ વિના ઉતાવળા થઈને અતિતીવ્ર વેગે પ્રાર્થના સાંભળી જલ્દી તમો પધારી ધામમાં લઈ ગયા. તમો અતિ દયાળુ કૃપાળુ છો, ભકતવત્સલ છો ભકતોને સુખ આપનારા ભકતોના અવગુણ નહિ જોનારા દયાળુ ભગવાન છો, અમારા આતાને જલ્દી બોલતા બેઠા બેઠા દેહ તજાવી અક્ષરધામમાં તમો મૂર્તિના સુખમા લઈ ગયા. બાપા જય સ્વામિનારાયણ કહીને તુરતજ નીકળી ગયા. અમારા સર્વેના ધન્ય ભાગ્ય છે, એવી તમોએ દયા કરી છે, ઉતર ક્રિયા બારમું ૨૦૩૬ ના શ્રાવણ શુદ બીજી ચોથને શુક્રવારે ૧૫-૮-૮૦ રોજ રાખેલ છે, તમારા આશીર્વાદ લખજો. **આપના સેવકો કાનજીભાઈ હરજીભાઈ શંભુભાઈ હરદાસભાઈ વિગેરેના જય સ્વામિનારાયણ વાંચશો.**

❖❖❖❖❖

પત્ર નં-૫૫૨ તા. ૬-૮-૮૦

આબુધાબી, દુબઈ.

સ્વસ્થાન શ્રી જૂનાગઢ ગુરૂજી ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સન્ત મંડળોને **આબુધાબીથી લી. રામજી કાનજી તથા શ્રીહરિશરણાગતિ મંડળ જ્ઞાતિ ભાઈઓના જય સ્વામિનારાયણ વાંચશોજી.** આપના શુભ આશીર્વાદો વડે હું આબુધાબી તા. ૪-૭-૮૦ ના મુંબઈ એરોડ્રામથી ૧૦ વાગ્યે રાતે ઉપડીને મસ્કત થઈને રાતે ૧૨ વાગ્યે આબુધાબી પહોંચી ગયો હતો. ભીજા પણ ભાઈઓ છે જે એન્ડ પી કમ્પનીના માણસો લેવા આવેલા તેઓ રાત્રે કેમ્પમાં લઈ ગયા હતા, શ્રી પ્રગટ ભગવાન આપની દયા દર્શનથી સુખે પહોંચી ગયા હતા. ૨૫-૭-૮૦ શુક્રવારે સવારે રહેવા માટે પલંગ ગાદલુ ઓશીકુ ધૂસા પહેરવા કપડા વગેરે આપ્યા છે. એક તંબુમાં ચાર જણા રહીએ છીએ રસોડા ત્રણ છે. એક પાકીસ્તાની રસોડું, બીજુ ઈન્ડીયન બધા માટે રસોડુ, ત્રીજુ ગુજરાતી કચ્છી રસોડુ છે તેમાં અમારે ખાવાની સગવડ છે, ખર્ચ બધાને ભાગે પડતુ છે, આવા સવારે સાડા છ વાગ્યે ચાર રોટલી શાક, બપોરે દાળ ભાત શાક રોટલી, છાશ, સાંજે ખીચડી રોટલી છાશ, આવી સગવડ સારી છે, તમારી દયાદૃષ્ટીથી સારૂ છે.

કામનો ટાઈમ સવારે સાડા છ થી બપોરે સાડા બાર, અને દોઢ ખાવાની છુટી, અને પછી સાંજે સાડા પાંચ સુધી કામ, અને છુટી, બે કલાક ઓવર ટામ મળે છે, પગાર કેટલો આપે તે એક મહીનો મળ્યા પછી નકકી થાય, પછી બીજી ટપાલ લખીશ, તમારા આશીર્વાદ ચાહું છું, વિઘન ન આવે તેવી દયા આશીર્વાદ માગું છું, આનંદમાં છું, જે દિવસે નકકી થઈ આ કમ્પનીમાં જવાનુ નકકી થઈ ગયુ હતુ, પગાર એજન્ટે વધારે કહયો હતો પણ ઓછો પગાર કમ્પની આપે છે, હું આનંદમાં છું, કુંજ પક્ષી પોતાના બચ્ચા ઉપર દૃષ્ટિ રાખે તેમ જૂનાગઢથી વિશ્વંભર સર્વદર્શી ભગવાન તમો દૃષ્ટિ અમારા તરફ રાખજો, સુખી રાખજો આશીર્વાદ લખજો, ભકત રામજીનાં સદંડવત્ જય સ્વામિનારાયણ વાંચજો, દિવ્યદર્શન આપજો સંભાળ રાખજો આ તરફ ફરવા નિકળજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૫૩ તા. ૯-૮-૮૦

રાજકોટ.

શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ ઓં અનાદિશ્રીકૃષ્ણનારાયણના ચરણોમાં કોટિ કોટિવાર રમેશના વંદન પ્રણામ હો, **રાજકોટથી આપનો દાસ રમેશ તથા કુટુંબના કોટિ દંડવત્ વાંચજો,** પ્રગટ પ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં તમોને હરઘડી હદયમાં રાખતા તમારા દાસોના દાસ રમેશકુમાર ભરત બાલકૃષ્ણ માતાપિતા

કુટુંબના હેત પૂર્વક જય સ્વામિનારાયણ વાંચજો, તમારી અસીમ દયા વડે અમો કુશળ છીએ સુખી છીએ. માથું દુઃખતુ મટાડી દેજો, પ્રસાદીનું જળ મોકલજો, જયન્તી સાથે પાણી માટે શીશો આપ્યો છે, રાખડી બાંધજો, અંતરના આશીર્વાદ મોકલજો, તમો દયાળુ કૃપાળુ અન્તર્યામી દયા વરસાવતા રહેજો, તમો માતાપિતા ભાઈ બન્ધુ સગા સમ્બન્ધી ભગવાન છો, હે પ્રભુ મારા બાપુજી દવાખાનેથી સાજા નરવા થઈ ઘરે આવી ગયા છે, તમારા દર્શન કરવા ત્યાં આવશું, પ્રસાદી ગુલાબ પાંખડી મોકલજો દર્શન આપજો રક્ષા કરી છે વધારે રક્ષા કરજો, એજ. રમેશના દંડવત.

❖❖❖❖❖

પત્ર નં-૫૫૪ **તા. ૧૨-૮-૮૦**

જામવણથલી.

સન્તમુર્તિ અવતારી પ્રભુ શિરોમણી શ્રીજી મહારાજ શાસ્ત્રીજી **મહારાજની સેવામાં હાજર ગોવિંદ મેપાના કુટુંમ્બના જય સ્વામિનારાયણ વાંચજો,** મારી તબિયત નરમ હતી જીવવાની આશા ન હતી, તમારી માળા કરવા લાગ્યા પછી તુરત જ સારૂં થવા લાગ્યું, તમે પ્રગટ દર્શન દીધા. હવે ભોજન પાણી લેવાય છે હરાય ફરાય છે સારૂં થઈ ગયું છે એજ, તુરત જ આશીર્વાદ લખજો. રાજકોટમાં પ્લોટ લેવો છે તો આજ્ઞા પ્રમાણે કરીશું. એજ. આપનો સેવક ગોવિંદ મેપાના દંડવત વાંચજો આશીર્વાદ લખજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૫૫ **તા. ૧૫-૮-૮૦**

સાઉદીઅરેબીયા, દુબઈ.

સાઉદી અરેબીયાથી પરસોતમ, જીવણભાઈ, ધીરૂભાઈ, હરીભાઈ સર્વે શ્રી હરિશરણાગતિ મંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો, પ્રગટ ભગવાન અવતારોના અવતારી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજી મહારાજ આપના દાસના દાસ સેવકોની તમો અન્તર્યામી સંભાળ રાખજો. તમો તન મન ચિત જાણનારા ભગવાન છો, અમારા રૂમમાં વીસ માણસો છે, ચીજ રોકડ ઉપડી જાય છે તો દયા કરજો ધ્યાન રાખજો, પાછી રોકડ આવશે તો ધર્મ કાર્ય સેવામાં વાપરીશું એટલી દયા દ્રષ્ટિ કરજો, મુદ્દો મુકી જાય મળી જાય. અન્તર્યામી છો એવી કૃપા કરજો. દાસ પુરૂષોતમના જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૫૬ તા. ૧૩-૮-૮૦

મુંબઈ.

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ

અક્ષરધામના ધામી અધિપતિ સર્વનિયન્તા સર્વેના કારણ પરમ દયાળુ પરમાત્મા સર્વે કર્તા સર્વેના બેલી ભગવાન આપને કોટિ કોટિ વંદન તથા સાષ્ટાંગ દંડવત જય સ્વામિનારાયણ. **દાસ વ્રજલાલ લાલજી જાવીયાના ગ્રાન્ટરોડ મુંબઈથી જય સ્વામિનારાયણ વાંચશો.** મહારાજ હું બે વર્ષથી આહી છું પરદેશ જાવુ છે, દયા દ્રષ્ટિ મારા પર ફેરવજો, સુખી થાઉ, કાગળ લખજો, તમો કર્તા હર્તા છો, તમોને ભજુ છું, સંભારૂ છું સદ્‌બુદ્ધિ સદ્‌ગુણો આપજો, ભક્તિ કરૂ છું, કામકાજ મળ્યા કરે છે પણ ચન્દુભાઈ ૧૨-૮-૮૦ ના બહેરીન ગયા છે ત્યાં જાવુ છે તો દયા કરજો આપના આશીર્વાદની વાટ જોઉં છું, પાસપોર્ટ બહેરીન જવા કઢાવ્યો છે, ૧૫ દિવસમાં જાવાનું થાશે એમ એજન્ટે કહયું છે, ગુલાબ પાંખડી પ્રસાદી મોકલજો, શાન્તિ અને જીવમાં શુદ્ધિ રહે. ટપુલાલ કાનજી, રતિલાલ હંસરાજ, રતિલાલ લાલજી, અમરશી હેમરાજ, છગન મૂળજી તા. ૧૮ ના બહેરીન ગયા છે, એજ દર્શન દેજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૫૭ તા. ૧૩-૮-૮૦

સુરત.

પટેલ હસમુખરાય ગોકળદાસના દંડવત વાંચજો. ભગવાન આપે કંઠી પહેરાવી તે દિવસથી હું ઘણો ઘણો સુખી થયો છું, આવક ખૂબ છે, મગજમાં શાન્તિ વર્તે છે, ભજન કરૂ છું, આપની પૂજા કરૂ છું, વધારે તમારી પાસેથી માંગુ છું, અમારી વાણી તમારા ગુણાનુસાર ગાવામાં મસ્ત રહો, અમારા કાન તમારી કથા સાંભળવામાં મસ્ત રહો, અમારા હાથ તમારી સેવા ચાકરીમાં મગ્ન રહો, અમારૂ મન તમારા ચરણકમળના ધ્યાનમાં દિવ્યમૂર્તિમાં ડૂબેલુ રહો, અમારૂં મસ્તક તમારા નિવાસરૂપ મૂર્તિ સ્વરૂપોને નમતુ રહો, અમારી દ્રષ્ટિ તમારા સ્વરૂપમાં સ્થિર રહો, આપ સદ્‌ગુરૂ શ્રીમન્નારાયણની મૂર્તિ સદા સેવાય એવો આશીર્વાદ માગું છું, એજ કરશનદાસ ગોકળદાસ ઉનડકટના ભાઈ હસમુખરાયના દંડવત જય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહાપ્રભુજી વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૫૮ તા. ૧૮-૮-૮૦

રાજકોટ.

શ્રીઘનશ્યામ મહારાજ શાસ્ત્રીજીના ચરણોમાં સેવક લક્ષ્મીદાસભાઈના કોટિ કોટિ વન્દન પ્રણામ હો. હે પ્રભો દયાળુ દયાના સાગર અન્તર્યામી ભગવાન આપ તો ત્યાં બેઠા બધુ જાણો છો, હે પ્રભુ મે ધર્મના ભાઈ માનેલા હરિભકત છે, નાની વાવડી છે, તો મને જીવન સુખે ધર્મ સાથે વીતે એવો આશીર્વાદ આપજો, અમો સાતમ આઠમ ઉપર જૂનાગઢ તીર્થ કરવા નીકળવાના છીએ, ભગવાન દયાળુ પ્રભુ આપ સાક્ષાત ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ થઈ અનેક જીવોના કલ્યાણ કરવા રહયા છો, અક્ષરધામના ધામી છો સૃષ્ટિઓના નાથ તમો અમોને અખંડ ભક્તિ આપજો, તમારા ચરણોમાં રાખજો, રક્ષા કરજો, આશીર્વાદ આપજો, દયાળુ મૂર્તિ છો.

❖❖❖❖❖

પત્ર નં-૫૫૯ તા. ૧૮-૮-૮૦

મીઠાપુર.

જૂનાગઢ તીર્થમાં વીરાજતા પુર્ણ પુરૂષોતમ શ્રીકૃષ્ણનારાયણ મહારાજાધિરાજની સેવામાં **મીઠાપુરથી ચરણસેવક ઓધવજી ડાયાભાઈના હજારો દંડવત્ સાથે જય સ્વામિનારાયણ વાંચજો.** આપના દર્શન કરવા જન્માષ્ટમી ઉપર આવશું બાબાને કંઠી બંધાવવી છે, દયા કરજો, આશીર્વાદ પત્ર લખજો, આપ ત્યાં તે વખતે હશો તો જ આવવું છે, મહારાજ હું તો નાનો જીવ છું કૃપાવડે મારો આત્મા સુખી રહે તેમ માગુ છું, આપના ચરણ જળ પાન વડે અમારા પાપો બળે માટે પવિત્ર થઈ ભજન ભક્તિ કરીશ, સેવકના દંડવત સ્વીકારજો, દર્શન દેજો, કુટુંબ દર્શન કરવા આતુર છે. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૬૦ તા. ૫-૮-૮૦

કુંકાવાવ.

કુંકાવાવથી વીનોદકુમારના દંડવત સાથે પ્રગટ ભગવાનને જય સ્વામિનારાયણ. શ્રીજી રક્ષા મોકલાવજો, પિતૃ નડતર મટે તેવા આશીર્વાદ અને સત્કાર્ય લખી મોકલજો, તે પ્રમાણે કરીશું. અમારા બધાના જય સ્વામિનારાયણ વાંચજો દયા કરજો તમોને ભજવાનું બળ આપજો, બધા તમોને ભજે છે, ધુન્ય ભજન કરીએ છીએ, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૬૧ **તા. ૯-૮-૮૦**

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ પરમ પૂજય આલોક પરલોકના સાચા સગા સદ્‌ગુરૂ સ્વયં પ્રત્યક્ષ પ્રગટ ભગવાન સાર્વભૌમ પરમેશ્વર વિશ્વંભર સન્તપતિ મહાપ્રભુજીની જય સદા થાઓ, **ચરણકમળ સેવક પ્રવીણલાલ મોહનલાલ તથા ચીમનલાલ તથા શ્રીહરિશરણાગતિ મંડળના જય સ્વામિનારાયણ દંડવત વાંચજો,** આહી સાઈડ બદલીને અમો ચારે કોર પર્વતની તળાટીમાં કામ કરીએ છીએ, ઠંડક રહે છે, આનન્દ છે, નૈમિષારણ્ય ક્ષેત્ર જેવુ સ્થળ છે, બંગલા બનાવીએ છીએ ફાવી ગયુ છે, અમારી ખબર રાખજો, અગ્યારશું રહીએ છીએ, કામકાજ હોય તો જણાવજો.

તમારી દયાથી સુખી છીએ, પ્રગટનો મહિમાં આહી ઓળખાય છે, પ્રગટ તમારા દર્શનની ઈચ્છા વર્તે છે દેશમાં આવીશ ત્યારે દર્શન લેવા લાભ લઈશ, જોઈએ તે મંગાવજો, ધર્મ પળાય તેટલો પાળીએ છીએ. નરસિંહ મનજી ટાંક, તુલસી ડાયા રાઠોડ વિગેરે છ જાણા તથા જીરાગઢના છ હરિભકતો તથા માણામોરાના છ હરિભકતો તથા આપણા વાળા ૨૭ સતાવીશ જણા બધા પ્રગટ ભગવાનના સેવક હરિભકતોના જય સ્વામિનારાયણ વાંચજો, દર્શન દેજો. આસુરી મુલકમાં પ્રગટ પ્રભુ વિના કોઈ અરજ સાંભળે તેમ નથી, રક્ષા કરજો, સેવક પ્રવિણને દર્શન આપજો, આશીર્વાદ લખજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૬૨ **તા. ૬-૮-૮૦**

મુંબઈ.

પ્રત્યક્ષ પ્રમાણ ભગવાન શ્રીકૃષ્ણચન્દ્ર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અક્ષર બ્રહ્મધામના ધામી અનાદિ ભગવાન શ્રીકૃષ્ણનારાયણની સેવામાં આપનું ધ્યાન ભજન સ્મરણ કરી જીવન સાર્થક કરનારા ભાડુંપ **મુંબઈથી સેવક લાલજી ચકુભાઈ છોરૂ જયસુખલાલના સાષ્ટાંગ નમસ્કાર દંડવત સ્વીકારજો,** દયા રાખજો, રાખડી બાંધજો, બે નાના ફોટા મોકલાવજો. તમો બેઠા છો તેથી આનન્દમાં કાંઈ ફીકર નથી, ભય નથી, ગુન્હા માફ કરજો, દયા રાખજો, દર્શન આપજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૬૩ **તા. ૮-૮-૮૦**

બગદાદ, દુબઈ.

ગામ જૂનાગઢ ભગવાનની સેવામાં **બગદાદથી શિષ્ય રવજી મુળજીના હેતથી દંડવત વાંચજો,** તા. ૮-૮-૮૦ આહી કમ્પની સારી છે પગાર સારા છે. હવામાન સારા

છે ભારત જેવો આનંદ સુખ છે, શરીરે સારૂ છે, પુજય સદ્‌ગુરૂ પ્રભુજીને હજારો દંડવત તમારી દયાથી ખુશી આનંદમાં છીએ. નરસીભાઈનો પત્ર સુરતથી આવે તેમાં અમારા સુખી ખબર લખજો, તમારો ફોટો મોકલાવજો કાંઈ જોઈતુ હોય તો મંગાવજો તરત જ મોકલી દઈશ, કાગળ લખજો દર્શન દેજો આશીર્વાદ પાઠવજો, મારી કાંઈ ચિન્તા મારા ભાઈ ન કરે એમ લખજો, આંહી શ્રીહરિશરણાગતિ ગુરૂભાઈઓ ઘણા છીએ રાજકોટ વિગેરેના હરિભકતો છે આનન્દમાં છીએ એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૬૪ **તા. ૧૫-૮-૮૦**

ટાન્ઝાનિયા, આફ્રિકા.

પ્રગટ ભગવાન સ્વરૂપ પરમતીર્થ સ્વરૂપ સદા સ્મરણીય પરમ ભાગવત ભગવાન સન્ત સદ્‌ગુરૂવર્ય શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સર્વેની પવિત્ર સેવામાં **ટાન્ઝાનિયા પ્રમુખ, મન્ત્રી, સેક્રેટરી, ઉપ પ્રમુખ મોહનભાઈ વિગેરે સત્સંગિ મંડળના સ્નેહ સાથ જય સ્વામિનારાયણ વાંચશો,** દ્વિશતાબ્દિના ઉત્સવમાં કે સત્સંગના ઉત્કર્ષમાં શ્રીહરિના સ્વામિનારાયણ નામ ઉપદેશમાં આપને ઠીક લાગે જયાં યોગ્ય લાગે ત્યાં અમારી સેવા વાપરશો રાજી રહેજો, કામકાજ લખજો, આપે આખી પૃથ્વીમાં ગ્રન્થો દ્વારા સ્વામિનારાયણ ભગવાનનું નામ મોકલ્યુ છે, તેવો કોઈ બીજો વિદ્વાન કરી શકશે નહી. આખા જગતના શિરનામા યુનિવર્સિટીઓ શિક્ષણ સંસ્થાઓ ત્યાના પ્રખ્યાત વિદ્વાનો ગુરૂકુલો વિદ્યાલયો સંસ્કૃત અંગ્રેજી હિન્દીના ઉપદેશ પુસ્તકો તત્વજ્ઞાન પદાર્થ વીભાગ ઉંડા તર્કિત વિચારો સિદ્ધાન્તો બીજો કોઈ ફેલાવી શકેલ નથી.

આપના ગ્રન્થો જયાં ત્યાં સરસ્વતિ લાઈબ્રેરીઓમાં ચળકે છે, લોકો વાંચે છે, અને સ્વામિનારાયણ સમ્પ્રદાય ગાજે છે, આપના સંસ્કૃત ગ્રન્થો ઈન્ડલેન્ડ અમેરિકા જર્મન આફ્રિકા ચીન ભારત ઓસ્ટ્રેલીયા રશિયા વિગેરેમાં પહોચ્યા છે, ત્યાંના વિદ્વાનો તેમાંથી સાર લ્યે છે. ભગવાનને સંભારે છે, હાલમાં સત્સંગ સૂર્યરૂપી આપ ઉદય પામ્યા છો, અમો શ્રીહરિલીલામૃતનું પારાયણ દારેસલામમાં જાહેરમાં શ્રાવણમાં ત્રણ દિવસ રાખેલ છે પબ્લીક ઘણી લાભ લે છે, દારેસલામ ખાતે લક્ષ્મીનારાયણનું પબ્લીક મન્દિર છે, તેમા રાખેલ છે, આશીર્વાદ આપજો સત્સંગ વધે તેમ આશિર્વાદ આપજો. દ્વિશતાબ્દિ સફળતા મળે તેમ પત્ર દર્શન પાઠવજો એજ. લી. સેવક મંડળ વતી મોહનભાઈ વાઢેર.

❖❖❖❖❖

પત્ર નં-૫૬૫ તા. ૨૦-૮-૮૦

બગદાદ, દુબઈ.

બગદાદથી લી. સેવક જીવન ધનજી ગોહીલના ભગવાન શ્રીકૃષ્ણ વલ્લભાચાર્યજીના ચરણકમળ પુજારીના જય સ્વામિનારાયણ વાંચજો, અમો આંહી કામે જઈએ છીએ, વિશેષ સમય લઈને કથા વાર્તા કરીએ છીએ, એક સુતાર ભકત અમદાવાદના છે તે પ્રત્યક્ષ સન્તમાં ભગવાન બિરાજે એવી બળની વાતો કર્યા કરે છે, આજે સુતા જાગતા સવારે તમારા દિવ્ય મુકુટ પહેરેલા દિવ્ય જામા પહેરેલા સોના રૂપા આભુષણ પહેરેલા ફુલમાળાઓ ભુજબંધ છડી મોજડી સોનેરી પહેરેલી અને સાથે પાર્ષદો સંતો મુકતો ઘણા હતા એવા દર્શન થયા, જાગીને તુરત જ આ પત્ર આનન્દ ભર્યો લખેલ છે. મારા મોટા ભાગ્ય કે જે આપ પ્રગટ પ્રભુજીના શ્રીહરિના દર્શન થયા કૃપા ઘણી છે. દયાળુ દયા રાખજો મારી સંભાળ લેતા રહેજો પરદેશ છે પણ તમો ભેગા છો, માટે બધો ભય મટી ગયો છે હવે તે દર્શનમાં દેખાવ છો મૂર્તિમાં દેખાવ છો કામે કાજે રસ્તે બધે દેખાયા કરો મને બહુજ મોટો લાભ થયો છે. ભુલ માફ કરજો જીવન નજીવા જીવનના અપરાધ ગણશો નહી. દંડવત સહીત જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૬૬ તા. ૫-૯-૮૦

જામવણથલી.

પરમ કલ્યાણકારી ગૌબ્રાહ્મણ સન્ત ધર્મ પ્રજા પ્રતિપાળ શરણાગત રક્ષક સ્વામીશ્વર સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત ઘનશ્યામ મહારાજ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજના ચરણોમાં **જામવણથળીના આપનો શરણાગત સેવક મગનલાલ એમના ઘણા જ દંડવત પ્રાણાર્પણ સાથે જય સ્વામિનારાયણ વાંચશો.**

આપના અનુગ્રહ વડે પરદેશમાં ઘણે સુખી રહયો કમાણી સારી થઈ શરીરે નિરોગી રહયો દેશમાં પણ સુખી છુ, ભગવાન આપની કૃપા અપરમપાર છે. આપના ચરણજળ પ્રસાદી પીશે તે પાવન થઈ ધામમાં જશે નિષ્પાપ થઈ સુખી થઈ આનંદમાં રહેશે. મેં મુંબઈ પાસપોર્ટ ફરીથી જમા કરાવેલ છે. મારા બનેવી શાંતીલાલ બહેચર કાશીયાણી ભાડુંપ રહે છે. ત્યાં મારા મોટા બહેનને શરીરે કસર જેવુ હતુ, તેમણે પ્રાર્થના કરાવી છે કે અમો બધા સાજાનરવા રહીએ એવા આશીર્વાદ આપજો, મુંજવણ અને હૃદયનો દુઃખાવો મટી જાય તેવા આશીર્વાદ મોકલાવજો એજ દિવ્ય દર્શન દેજો, પધારજો પોતાના ગણીને ઉધ્ધાર કરજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૬૭ તા. ૩-૯-૮૦

જામવણથલી.

અનાદિશ્રીકૃષ્ણ નારાયણને નમો નમઃ શ્રી સ્વામિનારાયણ શ્વેતાયન વ્યાસાવતારને નમો નમઃ અવતારી ઈષ્ટદેવ પરબ્રહ્મને નમો નમઃ જૂનાગઢ મહા પવિત્ર સ્થાને સ્વધામમાં બિરાજમાન પરમદયાળુ સુખસાગર પરમાત્મા સાક્ષાત્ પુરૂષોતમ નારાયણને **સેવક દાસ નારાયણ ચકુ જાવીયાના ઘણા હેતથી દંડવત તથા ચરણોમાં સમર્પણ સાથે જય શ્રીહરિ વાંચજો.**

આનન્દ સાથે જણાવવાનું જે મારે ઘેર તા. ૨૪-૮-૮૦ ના પુત્ર જન્મ થયો છે તેના રાશિ નામ અક્ષરો મોકલાવજો. તમારી દયાથી સર્વે કુશળ છે સારાવાના છે પત્ર લખવા કૃપા કરજો પ્રસાદી ફુલ પાંખડીઓ મોકલાવજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૬૮ તા. ૩૦-૮-૮૦

આબુધાબી, દુબઈ.

આબુધાબી રણછોડ ધનજી જાવીયાના કોટી દંડવત વાંચજો. આપ ભગવાન અન્તર્જામી છો આપના આશીર્વાદ વડે ધંધામાં બરકત મળે દિવ્ય દર્શન આપના મળે સેવા મળે તેવુ માગુ છુ. ધોરાજીવાળા રણછોડ ધનજી જાવીયા, માતાજી લક્ષ્મીબેન, મોટા બેન નરબદા ડાયા પોપટ પોરીયા, કમરબેન પોપટ ડાયા રાપરીયા, મેઘજીભાઈ જીવનભાઈ, ધીરજલાલ અમો બધા તમારૂં ભજન કરીએ એવા આશીર્વાદો માગુ છું એજ. ભગવાન શ્રીકૃષ્ણ તમો મારા ઉપર મહેરબાની કરતા રહેજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૬૯ તા. ૮-૧૦-૮૦

મોટી કુંકાવાવ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુ વિજયતે. પરમેશ્વર શાસ્ત્રીજી મહારાજ અમો દર્શને આવવાના છીએ. એક મંડળી અમો ભજન કીર્તન ધૂન રાસ જન્મસ્થળમાં દરરોજ કરીએ છીએ, સવારે રાષ્ટ્રીય ભવનમાં બિરાજતા આપ ભગવાનના દર્શન તથા ધુન્ય પ્રભાત કીર્તન કરીએ છીએ, ડાંડીયારાસ રાસ લઈએ છીએ. તમારા આશીર્વાદ ફળ્યા છે, અમને ઘણુ બધુ યાદ રહેવા લાગ્યુ છે, એજ દર્શન આપજો. **આપનો સેવક રમેશકુમાર રાઘવભાઈ જેરામભાઈના જય સ્વામિનારાયણ વાંચજો એજ.**

❖❖❖❖❖

પત્ર નં-૫૭૦ તા. ૧૧-૯-૮૦

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ પરમ પૂજય રાજાધિરાજ સર્વ મુનિમંડળમાં સુર્યમૂર્તિ દયાસાગર ભકતરક્ષક પરલોકના સાચા સગા શ્રીહરિ ભગવાન ગુરૂ મૂર્તિની સેવામાં આપનો **સેવક પ્રવિણ તથા ચમનલાલ તથા નરસિંહ મનજી તથા તુલસી ડાયા, ભગવાનજી પુંજા તથા પરશોતમ લક્ષ્મણ તથા છગનલાલ તથા ખીમજી હરિલાલ તથા ફાટસરના રમેશ કેશવજી તથા જૂનાગઢના વરૂ તથા કચ્છી ભકતોના જાજા કરીને જય સ્વામિનારાયણ વાંચજો.**

આપની કૃપા વડે સર્વે સાજા નરવા છીએ અને આ મહિને પગાર મળ્યા છે, ફુલાવાડીમાં જોરદાર કામકાજ ચાલે છે મંદિરનું કામ પણ થશે. આપની ગુલાબ પાંખડીમાં આપની મૂર્તિના દર્શન થયા તેથી ઘણો રાજી થયો છું, સેવાનું કામ કાજ જણાવશો પ્રસાદીની બે મૂર્તિ પુજામાં રખાય તેવી મોકલાવજો, આપનો ચરણકમળ સેવક પ્રવિણ મોહનલાલ ચૌહાણના દંડવત જય શ્રીસ્વામિનારાયણ વાંચશો, ભુલચુક માફ કરશો. આપના ભજન ભક્તિ પુજા પાઠમાં તન મન ધન સ્થિરતા વડે સેવિએ એવી આશિષ આપશો, શ્રીહરિશરણાગતિ મંડળમાં આમ ભગવાનની સેવા સત્સંગ વધે તેવી કૃપા કરજો દર્શન દેજો. બીજથી પુનમના ચન્દ્રની પેઠે સત્સંગ વધતો જ છે, શ્રીહરી શરણાગતિ મંડળ તીર્થમાં ફુલવાડીમાં કાન્દીવલીમાં ધોરાજીમાં દુધઈમાં આબુધાબીમાં બહેરીનમાં સાલાલામાં રૂવી મસ્કત વિગેરેમાં સત્સંગ વધતો છે ચઢતો રંગ છે, જન્મ મહોત્સવ સર્વે ઠેકાણે ઉજવવા માટે મંડળોએ તૈયારી કરી છે.

❖❖❖❖❖

પત્ર નં-૫૭૧ તા. ૧૯-૯-૮૦

ફુગાવાડી, પૂના.

ઓમ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ ભગવાનને નમો નમઃ

મહાપ્રભુજી દીનાનાથ અનાથના નાથ સર્વના સાક્ષી પ્રગટ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ વલ્લભાચાર્યજી મહારાજ પ્રતિ **ફુગાવાડીથી ચરણરજ સેવક કાચા ચંદુલાલ રણછોડભાઈ ઘનશ્યામ વાસુદેવ વિગેરે અમારા કુટુમ્બ માતા પિતા સર્વેના સદંડવત પ્રણામ જય સ્વામિનારાયણ વાંચજો.** અમોને સિરકે કમ્પનીમાં ઈન્ટરવ્યું છે મનસુખ પણ સાથે છે અમોને સારાવાના થાય તેમ કરજો અમૃત ફળ મોકલજો, પરદેશ મોકલીને રક્ષણ કરવુ પ્રભુજી તમારા હાથમા છે તમારી મરજી વીના કોઈથી તરણું તોડાય તેમ નથી.

વાસુદેવને ખાવાનું ભાવતુ નથી અપચો રહે છે. તો શ્રીજી રક્ષા મોકલશો ગુલાબ પ્રસાદી મોકલજો શ્રીહરિ તમો પ્રગટ મળ્યા છો તમારૂં ભજન કરીએ છીએ સાજા નરવા રાખજો બધાના જય સ્વામિનારાયણ વાંચજો દર્શન આપતા રહેજો આશીર્વાદ લખજો. ચંદુલાલ ડાયાના દંડવત સ્વીકારજો. અન્તર્યામી મારા જીવમાં ધ્યાન રાખજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૭૨ તા. ૧૫-૯-૮૦

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રગટ પ્રત્યક્ષ પ્રભુજીને નમો નમઃ અમારા ઈષ્ટ પરમેશ્વર શ્રીકૃષ્ણનારાયણના ચરણોમાં કોટિ કોટિ દંડવત હો.

મહારાજ આપના લખેલા આશીર્વાદો મળ્યા. આત્માને ખૂબ ખૂબ શાંતિ થઈ છે હે પ્રભુજી તમોએ અમારી ઘણી રક્ષા કરી છે નકર હું બચત નહિં તા. ૧૩-૯-૮૦ ના રોજ ૧-૪૦ મિનિટે સીડી ઉપરથી ૧૫ ફુટ નીચે પડયો તેની નીચે માલનો ગેબ હતો પણ વચ્ચે રહી ગયો તમોએ જીલી લીધો જેથી બચ્યો. લાગેલ તો હાથ પગમા દાઢીમાં ઘસારો થયો તે ૬ ટાંકા લીધેલ છે. આરામ કરૂ છું તમોએ મારી રક્ષા કરી લીધી છે. મારા આત્માના ધણી ભગવાન પ્રભુજી હું બચુ તેમ ન હતો. હે મહારાજ તમોએ નવી જીંદગી આપી છે. તમારી મરજી હોય તો દેશમા આવુ. સદા નજર રાખજો સેવામાં રાખજો, સંસારમાં દુઃખ જ દેખાય છે કાંઈ સારૂ લાગતુ નથી. હે અન્તરયામી સંસારથી પણ બચાવજો નજર રાખજો સાજાનરવા રાખજો એજ પ્રાર્થના છે. દર્શન દેતા રહેજો **ભકત દાસના દાસ શાંતિલાલ વાઢેરના જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.**

❖❖❖❖❖

પત્ર નં-૫૭૩ તા. ૨૪-૯-૮૦

મોટી કુંકાવાવ.

ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તમારા ચરણકમળોમાં **દેવાણી પુરૂષોતમલાલભાઈના બાલબચ્ચાઓ કુટુમ્બના દંડવત પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો,** મહારાજ ! અમોએ સાંજે ભાત-દાળ કરીને વાળુ કર્યુ, મારી દીકરીની વાટકીમાં દાળમાં વીંછી દેખાણો બધાએ દાળ-ભાત ખાધા હતા, બીક તો બહુ જ લાગી, ઝેર ચઢશે તો પ્રાણ જાશે, પણ તમારી માનતા કરી અને છબી – મૂર્તિ પાસે ઘી દીવો કરીને હાથ જોડીને રક્ષા કરવાની પ્રાર્થના કરી તેથી તરત તમો દિવ્ય મૂર્તિ દેખાણા, તમોએ બધા અમારા ઉપર હાથ મેલીને આશિષ દીધા કે ઝેર નહિ ચઢે, કાંઈ

નહિ થાય, તમો આરામ લો પછી અમોને ઉંઘ આવી સવારે સાજા-નરવા જાગ્યા, માથું ન ચઢયું તેમ ઉલટી કે ઝાડા કે ગભરામણ કે ગરમી કાંઈ ન થયું તે તમારી માનતા કરી તે દર્શન કરવા રૂબરૂ આજે આવ્યા છીએ, અમારી નજર રાખજો, વ્હાલા પ્રભુજી જગતારણ પરમેશ્વર છો, સુખી રાખજો, બધાના વતી દંડવત સ્વીકારજો, માનતા સ્વીકારજો (તા. ૨૪-૯-૮૦) આજે રોકાશું કાલે પાછા તીર્થમાં ગામ જાશું, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૭૪ **તા. ૧૬-૯-૮૦**

ફૂગાવાડી, પૂના.

ફુગાવાડીથી ભકતો ચન્દ્રકાન્ત, ભરત તથા દામજીભાઈના દંડવત વાંચજો, અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ પ્રભુજી શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને ચરણે સ્વાહા, ગોપીપતિ, લક્ષ્મીપતિ, મુકતપતિને સ્વાહા, શરણાગતિ મંડળના પ્રભુજી શ્રીવલ્લભ પુરૂષોતમ નારાયણને કોટિવાર વન્દન વિનતિ પ્રીતમપ્રભુ ગિરનાર તળેટીમાં બિરાજમાન શ્રીકૃષ્ણના વ્હાલા ચરણોના સેવકના વન્દન કોટિવાર સ્વીકારજો, સૌની રસોઈ જમજો અમારા પિતૃનો ઉધ્ધાર કરજો, કરશન બાપા તથા પ્રેમબાઈનો ઉદ્ધાર કરજો, હે નાથ અમારા ગુન્હા માફ કરજો, તમારા ચરણકમળમાં રાખજો, તમારી ભક્તિ વધારે દેજો, રક્ષા કરજો, દર્શન દેતા રહેજો, ખુશીનો સંદેશો મોકલજો, વિદેશમાં તમારા ભગતની રક્ષા કરજો, કંઠી મોકલજો, પગવન્દે પ્રભુને વન્દુ છું, સેવક ચન્દ્રકાન્ત.

❖❖❖❖❖

પત્ર નં-૫૭૫ **તા. ૨૦-૯-૮૦**

મસ્કત, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણની જય હો !! સર્વ શુભ સ્વસ્થાન શ્રી નગર જૂનાગઢ મધ્યે પરમ પૂજય આલોક તથા પરલોકના સાચા માવતર તથા સર્વે જીવપ્રાણીમાત્રના કર્મફળ આપનાર ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ દિવ્ય મૂર્તિ ગુરૂ મહારાજ આપને અમારા સાક્ષાત દંડવત પ્રણામ છે. **મસ્કતથી રતિલાલ મોહનલાલ, પ્રવિણ, ઓધવજીભાઈ, કમલસિંહભાઈ, ચંદુલાલ, ચમનલાલ તથા અન્ય હરિભકતોના ઘણા જય શ્રી સ્વામિનારાયણ વાંચજો.**

આપ તો અન્તર્યામી છો છતાંય જગતની દષ્ટિએ પ્રાર્થના કરીએ છીએ પત્ર લખીએ છીએ, આપે મોકલેલી પ્રસાદી ફુલપાંખડી ખાઈએ છીએ, તમો ત્યાં છો છતાં પ્રભુજી અમારી સાથે છો તમો માવતર છો તમો અમારૂ ધ્યાન રાખો છો, હવે અમારા મનને શાન્તિ થઈ ગઈ મળ્યા તુલ્ય આનન્દ થયો, તમારી દયાનો પાર નથી, જીવ સીધો

ચાલે તો અક્ષરધામ માટે રસ્તો મળે, અવળાઈમાં દુઃખ છે દુઃખી થાય ત્યારે જડીબુટી લેવા જાય દવા કરે, સીધો ચાલે તો અક્ષરધામ માટે રસ્તો મળે માવતર ગુરૂ પુરષોતમનારાયણ મળે રાજીપો મળે અમને આશીર્વાદ મળે તો આલોક, પરલોકમાં સુખી થાય, અમોને એવો કરજો, એજ. દર્શન દેજો કામકાજ લખજો, રતિલાલના જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૭૬ **તા. ૨૫-૯-૮૦**

ચાવડા.

આલોક પરલોકના ઉદ્ધાર કરનારા સાચા સગા પરમાત્મા અવતારીના **સેવક પરસોતમભાઈ તથા નવીનચંદ્રના જય સ્વામિનારાયણ વાંચજો,** ભગવાન પરસોતમને આશીર્વાદ આપો, દુબઈ જલ્દી જાવાનું થાય, ગળામાં એક ઓપરેશન કર્યુ છે, બીજુ ઓપરેશન કરવાનું છે, આજ્ઞા આપો તો પણ જલ્દી થાય અને જલ્દી દુબઈ જવાય, સાજા કરી દયો તો ઓપરેશન કરવુ પડે નહિ. આપના સેવકને દર્શન દઈ સંભાળ લેશો, આપની પૂજા આરતી વિગેરે કરૂ છું, આપ પ્રગટ પ્રભુજી છો, સારાવાના આપો, પરસોતમના જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૭૭ **તા. ૨૫-૯-૮૦**

ફૂગાવાડી, પૂના.

શ્રી પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં કોટિ દંડવતપ્રણામ સ્વસ્થાન શ્રી શહેર જૂનાગઢ મધ્યે મહા શુભ સ્થાને સર્વેના કર્મફલપ્રદાતા સર્વેના નિયન્તા હૈયાના હાર નેણુંના શણગાર ભકતવત્સલ પ્રગટ ભગવાન અમારા ઈષ્ટ ગુરૂદેવ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સેવામાં **ફુગાવાડીથી લી. દાસોનાદાસ ચરણકમળ સેવક રાઠોડ જયન્તીલાલ હંસરાજ વશરામના સાષ્ટાંગ દંડવત પ્રણામ સ્વીકારશોજી.** રામલાલ ટપુલાલ તથા ચન્દુલાલ, પ્રવિણ દામજી શ્રીહરિશરણાગતિ મંડળના જાજા કરીને દંડવત પ્રણામ સ્વીકારશોજી. હે અનાથોના નાથ અમારા નાથ તમારી દયાથી ખૂબ જ સુખીયા છીએ તમારૂં ભજન કરીએ છીએ, પાસપોર્ટ લઈને કોશીષ કરીએ છીએ. આપે જે જે પરચાઓ ચમત્કારો જણાવ્યા છે. તે તે લખીએ છીએ.

પ્રગટ ભગવાન પૃથ્વી ઉપર જૂનાગઢમાં બિરાજમાન છો, આપના જે જે પરચાઓ સાંભળ્યા છે અને થયા છે તથા મળે છે તે તે લખાય છે પ્રભુ આપના અખૂટ પરચાઓ લખીને એક બૂક ભરી છે, પરદેશ જાવાનું થાતુ નથી, માટે જલ્દી જવાય તેવી દયા

કરજો, સર્વે અમારા ૨૦૦ ગુરૂભાઈઓ સાથે ૨૦૧ મો ગુરૂભાઈ મને ગણીને જલ્દી કમાવા મોકલજો, પ્રભુ તમો અન્તર્યામી છો, માવતર છો આશીર્વાદ પત્ર લખજો. તમારા ધામમાં સેવામાં રાખજો દર્શન દેજો. ચરણ સ્પર્શી સેવક જયન્તીલાલના દંડવત પ્રણામ જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૭૮ **તા. ૧૯-૯-૮૦**

દોહાકટાર, દુબઈ.

પૂજય ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સર્વેના સ્વામી સર્વે નિયન્તા સર્વ કારણ એવા પ્રગટ પ્રભુજી ભકતોના લોક લાડીલા ભગવાનના ચરણોમાં હજારો સષ્ટાંગ દંડવત પ્રણામ જય સ્વામિનારાયણ સ્વીકૃત હો. **દોહાકટારથી ચરણ સેવક રમણીકલાલ તથા વ્રજલાલ બન્ને ભાઈઓ જાવીયા કરશનભાઈના પુત્રોના જય સ્વામિનારાયણ વાંચજો,** અમારા પ્રગટ ભગવાનની મૂર્તિ તબીયત સારી હશે, અમો તમારી દયાથી ખુબજ સુખીયા છીએ કામકાજ જોરમા છે કામ કર્યા પછી વિશ્રાન્તિએ ભગવાન આપને દિવસ રાત ખાતે પીતે સંભારીએ છીએ, સાજા નરવા છીએ. પ્રભુજી આપ ન ભુલાવ એવી કાયમી દયા રાખજો વધારે વધારે ભક્તિ બળ આપજો દર્શન આપજો ફુલ પાંખડી તુલ્ય સેવા સ્વીકારજો, રક્ષા કરજો. કુંજ પક્ષીની માફક આપના બાળકોને સેવજો કામકાજ લખજો. ભજન કરીએ છીએ એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૭૯ **તા. ૨-૧૦-૮૦**

જામવણથલી.

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ અક્ષરધામના અધિપતિ સર્વચિન્તામણિ સર્વોપરિ અવતારોના અવતારી મહારાજ પ્રભુજી **આપના ચરણોમાં જશવંતના જય સ્વામિનારાયણ વાચજો.** સંચો ચલાવુ છું કામકાજ મળે છે, તમારી જન્માષ્ટમી ગામ સમસ્ત ખુબ ઉજવશે ફાળો ચાલે જ છે તમારા દર્શન દેજો, પ્રવીણને જુનાગઢ દર્શન કરવા આવવુ હતુ, પણ પરદેશ જવા ઓચિંતા તાર આવવાથી મુંબઈ ગયેલ છે, ગુલાબ પાંખડી મોકલજો, દિવ્ય મૂર્તિ દર્શન થાય એવી દયા કરજો, આપ ઘટ ઘટમાં રહયા છો, બધુ દેખો સાંભળો છો મનની જાણો છો જરૂર નિજભકતને ભેટવા પધારજો, ખૂબજ તલખીએ છીએ, મૂર્તિમા પ્રકાશ ભરેલા દર્શન થાય છે, અમારી તથા પરદેશમાં તમારા ભકતોના ખબર રાખો છો વધારે રાખજો, આશીર્વાદ લખજો, ચરણમા વાસ આપજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૮૦ તા. ૨૬-૯-૮૦

કાંદીવલી, મુંબઈ.

કાંદીવલીથી આપજો ભકત ભગવાનજી મોહન માલવી દંડવત સાથે આપનું ધ્યાન ભજન પૂજન કરૂ છું. આપના આશીર્વાદથી મારે ઘેર તા. ૨૪-૯-૮૦ ભારદવા પુનમના બુધવારે સવારે સાડા દસે પુત્ર જન્મ થયો છે, આશીર્વાદ નામ રાશી મોકલજો આપના ચરણ સેવક કુટુમ્બના જય સ્વામિનારાયણ વાંચજો દર્શન આપજો સ્વપ્રમાં સંભાળ લેજો સારા નરવા રાખજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૮૧ તા. ૨૭-૯-૮૦

આબુધાબી, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીલક્ષ્મીનારાયણ શ્રીશ્વેતાયન વ્યાસ ભગવાનને નમો નમઃ રાજાધિરાજ અક્ષરથી પરબ્રહ્મ સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન પરબ્રહ્મ આપની મરજી વિના સુકુ પાંદડુ પણ હલતુ નથી, નાડી પ્રાણ જીવન આપના હાથમાં છે, અમારા દયાસાગર હદય નિવાસી ભગવાન શ્રીકૃષ્ણ મહારાજ પ્રાણવલ્લભ ભકત પતિ **ભગવાનનો ચરણ સેવક છગનલાલ ડાયા ભગતના જય સ્વામિનારાયણ વાંચજો.** હું તમારી દયાથી આબુધાબીમાં સુખી આનન્દથી કમાવ છું, મારી તબીયત સારી છે ખલીવલીમાં કામ કરૂ છું. વીજા મળશે તો તમારી સેવા દર્શન તથા ચરણામૃત પાન દર્શન ભક્તિ માટે આવીશ. દેશમાં માતા પિતા પર દયા દષ્ટી રાખજો એક કંઠી મોકલજો આશીર્વાદ કવર લખજો. છોરૂ છગનના દંડવત વાંચજો દર્શન દેવા પધારજો, આનન્દ આપનો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૮૨ તા. ૩૦-૧૦-૮૦

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ શ્રીશ્વેતાયન વ્યાસજીને નમો નમઃ

શ્રીહરિ : નૂતન વર્ષાભિનંદન, જન્માષ્ટમી દુબઈ,

સ્થળ : - જયન્તિલાલ રાઘવજી પોરીયાને ઘેર, તા. ૩૦-૧૦-૧૯૮૦ શુક્રવાર.

સ્વસ્થાન ગામ જૂનાગઢ મધ્યે પ્રગટ ભગવાનની જય જય હો, જન્મ જયન્તીએ શ્રીહરિના જય જયકાર નાદો ગુંજવી ઉઠયા, પ્રગટ ભગવાનના દર્શન માટે સન્તોના મંડળો શ્રીહરિ જયન્તિ ઉજવવા માટે શ્રીહરિના દર્શનાર્થે શ્રીહરિને લાડ લડાવવા માટે

પ્રગટ શ્રીહરિના આશીર્વાદ પત્રો દ્વારા ભકતોને કરેલ ભલામણનું અનુમોદન કરવા માટે શ્રીહરિશરણાગતિ મંડળના સભ્યો...

આરબ દેશ- એલાન, આબુધાબી, અજમાન, અવીરસાઈડ, અમૃતકુંજ, સારજાહ, દુબઈ તથા ડેસ આસપાસમાં વસતા શ્રીહરિશરણાગતિ મંડળ, નાના મોટા હરિભકતો, સેવક જયન્તીલાલ રાઘવજી પોરીયા તથા ભગવાનજી ટપુભાઈ પોરીયાના નિવાસ ભવને શ્રીહરિની જન્મજયન્તિ ઉજવવા માટે ભકતો ઉમટી પડયા હતા.

ભકતોના મંડળો એક પછી એક આવવા લાગ્યા, ભકતો બાથમા ભેટીને મળ્યા, આંખમાં હર્ષના આસુડા વહયા, ઘણા દીર્ઘ ટાઈમથી ન મળેલા ભકતે એક બીજા ભકતોને જોઈએ હર્ષોથી ભેટી પડયા, સાતમની રાતે ભકતોની સભા ભરાઈને બેઠી, હાજરીમાં ભકતોના નામો સેવા લીસ્ટ પ્રમાણે હતા તથા બીજાઓ પણ ઘણાં ભકતો હતા, પ્રભુજીના આશીર્વાદો, પત્રો વાંચી સંભળાવ્યા, બહેરીન, વંથલી, કાંદીવલીથી આવેલા પત્રો ભકતોના હર્ષ ભરેલા વાંચ્યા, પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય જયના નાદો ગગનમાં ગુંજવા લાગ્યા, સવારે શ્રીહરિની જયન્તિ તનતોડ તૈયારી થઈ રહી હતી, ભકતો બધા સોંપેલા જુદા જુદા કાર્યોમાં અનુકુળતા પ્રમાણે વહેચાઈ કામે લાગી ગયા હતા, રસોઈની તૈયારીમા અમુક ટુકડી ગોઠવાઈ ગઈ હતી, અમુક ટુકડી ભગવાન અને ભકતોને યાદ કરતા વૃન્દો શ્રીહરિના ચરિત્રોમાં ગુમ થઈ ગયા હતા અને શ્રીહરિએ ભલામણ કરેલ તીર્થમાં પડખાંની જમીન-મકાન લેવાનું સૂચનપત્ર પણ રાત્રે મંડળો વચ્ચે મુકવામાં આવ્યુ. સેવાના શબ્દો સાંભળતા જ ભકતો હર્ષઘેલા બની ગયા અને કથા વાર્તા કરી થાકયા પાકયા અને સવારે વહેલા ઉઠવાની તૈયારીમાં સુઈ ગયા. અને અમુક ભકતો રાતોરાત જાગતા રહયા, અને શ્રીહરિ જન્મ જયન્તિની તૈયારી કાર્યોમાં ગોઠવાઈ ગયા.

નિયમ પ્રમાણે સવારે ભકતો ઉઠયા, નાહી, ધોઈને પૂજા પાઠ કરીને તૈયાર થયા, નવા વર્ષના હાર્દિક આશીર્વાદો પરસ્પર આપ્યા અને ભેટયા, પ્રભાતિયા, શ્લોકો કીર્તનોના જય જયકારો મહાગર્જના નાદો થવા લાગ્યા, સવારે છ વાગ્યે સૂર્ય-કિરણો નીકળવાની સાથે શ્રીહરિ પ્રાદુર્ભાવની આરતી જય સદ્‌ગુરૂ સ્વામીથી શરૂ થઈ, આરતીમાં ચઢાવો રાખેલ ન હતો, સર્વાનુમતે જયન્તીલાલ અને ભગવાનજી પોરીયા બન્નેએ મળી સમુહ મિષ્ઠાન-ભોજનનો ખર્ચો ઉપાડેલ હતો, બન્નેએ સરખે ભાગે ખર્ચ નકકી કરેલ હતો, તેમને આરતીનો લાભ આપવામાં આવ્યો હતો.

આરતી પૂરી થઈ, રામ-કૃષ્ણ ધુન, કીર્તન, શ્લોક-સ્તુતી બોલીને ગગનમાં પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય જય જયના નાદો બ્રહ્માંડોમાં ગુંજી

ઉઠયા, આકાશમાં બીજા ધામોના શ્રીહરિના દર્શન કરવા માટે ભકતો ઉમટી પડયા હતા, આસપાસની વસતિએ ખૂબ દર્શન કર્યા હતા, ગાંધર્વો વાજીંત્ર વગાડીને ગાતા હતા, અપ્સરાઓ અત્તર, અબીલ, ગુલાબ અગરબતી, ગુલાબજળ, ચંપો મોગરો, તરેહ તરેહના પુષ્પોના ગુચ્છો લાવેલ ભગવાનને ચઢાવતી હતી, તે ભકતમંડળ શ્રીહરિને વધાવવા માટે ઉમટી પડી હતી.

આરતી ભજન-કીર્તન પૂરા થયા, વચનામૃતનું પાન કરીને સેવા માટેની આજ્ઞા પ્રસ્તુત કરી, પાંચ-પાંચથી શરૂઆત એક ઉપર અરધા, સવા લખાયા, ભકતો ભગવાન માટે સર્વસ્વ ફનામકા કરી નાખવા ભગવાનના શબ્દોને વધાવી લેવા માંડયા, દુબઈ, આબુધાબી, એલાન વિગેરેના ભકતોની સેવા પુરી નિર્ધારિલ હતી તેથી વિશેષ સેવા થઈ, હજુ વધારે થશે, બહેરનવાળાએ પણ રંગ રાખ્યો છે. સગવડતાએ ભરાઈ જશે સેવામાં અંત સુધી આપનું ભજન ચાલુ હતુ, ખૂબ જ દીલ ઠરે તેવી આપની સેવા થઈ છે. રાજી હોજો.

નવા વર્ષના શ્રીહરિ શરણાગતિ મંડળ દુબઈ, આબુધાબી, એલાન વિગેરેના ભકતોના ઘણા ઘણા સ્નેહ ભાવભિના હાર્દિક જય શ્રીસ્વામિનારાયણ સાથે કોટાનકોટી દંડવત પ્રણામ વાંચજો, ફુલવાડીના સમાચાર લખજો.

રતિલાલ ગંગદાસ ચાવડાવાળા તથા રતિલાલ ઓધવજી પોરિયાને પુત્ર પ્રાપ્તિના આશીર્વાદો ભકતોએ આપ્યા છે. ભગવાન બધાના મનોરથો પુરા કરો સારાવાના થાઓ, પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય શ્રીશ્વેતાયન વ્યાસ ભગવાનની જય, અનાદિશ્રીકૃષ્ણનારાયણની જય, રાજી રાજી રાજી રહેજો, અહીંના દેશ-પરદેશના સેવકોના નવા વર્ષના જય સ્વામિનારાયણ અભિનંદન સ્વીકારશોજી.

❖❖❖❖❖

પત્ર નં-૫૮૩ **તા. ૯-૧૧-૮૦**

સુરત.

શ્રીસ્વામિનારાયણ ભગવાન આપ સત્ય છો સુરતથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અસંખ્ય દંડવત કરતા **અમરશી રાઘવજી પરમાર બોડકાવાળાના હજારો નમસ્કાર પહોંચે.** આપના બધા ફોટાઓ દિવ્ય ભગવાનની મૂર્તિઓ, શોભે એવા આવ્યા છે, દરરોજ ફોટામાં તમારી પ્રકાશમય ઉજળી મૂર્તિ દેખાય છે, દર્શન ભક્તિ કરી રાજી થઈએ છીએ, તમારા આશીર્વચન સત્ય વચન સમર્થ ભગવાન આપની કૃપા વડે કામકાજ કમાણી સારી છે ઘણો લાભ થયો છે, તમો તો સાક્ષાત ભગવાન છો, તમારા દર્શનથી પણ જીવ શુદ્ધ થઈ જાય છે, દરરોજ તમારી પુજા કરીએ છીએ, ભગવાન રક્ષા કરજો. વેલજી રાઘવજી પરમારના દંડવત્ સાથે જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૫૮૪ તા. ૧૯-૧૧-૮૦

મોટી કુંકાવાવ.

ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ જૂનાગઢ તીર્થમાં બિરાજતા પ્રભુજી આપની કૃપા વડે તા. ૧૬-૧૧-૮૦ અમારે ઘેર પુત્ર જન્મ થયો છે. આપની અમારા પર ઘણી જ કૃપા થઈ અમારી ઈચ્છા પુરી થઈ છે, આપની મૂર્તિ સદા પુજીએ છીએ. આપ વચન સિદ્ધિ પ્રભુને મારૂં માથુ દિલ નમ્યા છે, ભવો ભવના બેલી આપ શ્રીમહાપ્રભુજીને શરણે છું, આપનો ભકત છું, મારૂ કુટુમ્બ આપને ભજે છે ભક્તિમાં વધીએ એમ આશીર્વચન આપજો. **ગોરધન રામભાઈ ટાંકના દંડવત સ્વીકારજો,** તીર્થનો પ્રતાપ જબરો છે, દરરોજ ૨૦૦ માણસો ધુન્ય ભજન કીર્તન કરીએ છીએ રાજી રહેજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૮૫ તા. ૧૧-૧૧-૮૦

બહેરીન, દુબઈ.

સર્વાન્તર્યામી સર્વાધાર સર્વાત્મા સર્વના પ્રેરક પ્રગટ પુરૂષોતમ સ્વામિનારાયણ ભગવાન હરિભકતોને સુખી રાખો, **બહેરીનથી શરણાગતિ મંડળના કોટિ દંડવત પ્રણામ વાંચજો,** આપની જન્મજયન્તી ખુબ ધામધુમથી ઉજવેલ છે, જૂનાગઢમાં બેઠા છો અને આંહી ખુબ દર્શન થયા, ખૂબ જ મજા પડી, સેવા-ભેટ અંગીકાર કરજો, અનાદિશ્રીકૃષ્ણનારાયણે સારાવાના કર્યા છે, પાસપોર્ટ રીલીઝ લેટર પણ જુની કંપનીમાંથી મળી ગયો છે, નવા બનાવવા છે, આપ ભગવાને ખુબ કૃપા કરી સારાવાના કર્યા, ભગવાને ભગવાનનું કાર્ય પુરૂ કર્યુ, ખુબ સુખીયા થયા, દુબઈવાળાઓએ તીર્થભૂમી માટે જોરદાર સેવા તૈયાર કરેલ છે, ભગવાને રાજી કરી દીધા છે, અમારા જે કાંઈ ધન-દોલત છે તે અમારા ભગવાન લેખે વપરાય, ભગવાન રાજી રાજી થાય એમ હંમેશા ઈચ્છીએ છીએ, પટેલ સાહેબને ત્યાં પત્ર વાંચ્યો તેઓ દેશમાં દર્શને આવશે. બહેરીને શ્રીહરિશરણાગતિ મંડળ ખૂબ જોરમાં છે, આપ અન્તર્યામી છો, બધું જાણો છો, દર્શન આપતા રહેજો, શ્રીહરિશરણાગતિ મંડળના કોટાનકોટિ દંડવત-પ્રણામ સહિત જય સ્વામિનારાયણ વાંચજો.

હરિલાલની વિનંતી છે જે મારે લાલજીની મૂર્તિ પુજવા કાયમી જોઈએ છીએ તો મારા માટે બંદોબસ્ત મુંબઈ કે અન્યત્ર થઈ શકે તેમ તૈયારી રખાવજો, મારે દેશમાં આવવુ છે, થોડુંક રહીને પાછું મુહારક આવવાનું છે એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૮૬ તા. ૫-૧૧-૮૦

બહેરીન, દુબઈ.

શ્રીહરિ શ્રીહરિકૃષ્ણ શ્રીજી સ્વામિનારાયણ શ્રીહરિકૃષ્ણ નારાયણ પ્રગટ પરબ્રહ્મ પુરૂષોતમ નારાયણ શ્રી અક્ષરધામના અધિપતિ મહાપ્રભુજી શ્રીકૃષ્ણચન્દ્રમાં જગતના આધાર ધામોના ધણી અનેક કલ્યાણકારી ગુણયુકત દિલના દયાળ દયાના સાગર જીવને જ્ઞાન આપી માયા-પાર કરનારા અધમોદ્ધારણ પતિતપાવન શ્રી પરમ ગુરૂ મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામિનારાયણ પરમેશ્વરની દિવ્ય મૂર્તિની સેવામાં **બહેરીનથી આપને ભજતો ભકત હરિલાલ પ્રેમજીના ઘણા વ્હાલથી પ્રેમપૂર્વક જય સ્વામિનારાયણ વાંચશો,** હેત, પ્રેમભાવ, પ્રીતિ, દયા, ક્ષમા, ખૂબ રાખજો, ગુન્હા માફ કરજો, આપનો બાળક સેવક-દાસ છુ મને જરૂર ધ્યાનમાં રાખજો, આપના અનન્ત નામો, ગુણ ચમત્કારો, વિદ્યાઓ, ઐશ્વર્યોને કોઈ પાર પામે તેમ નથી, આપે કાશીમાં મન્દિર કરાવ્યું, લક્ષ્મીનારાયણ ભગવાન, કાશીવિશ્વનાથને દેરાઓમાં પધરાવ્યા, આપ જગતના માતા-પિતા ગુરૂ ભગવાન પ્રગટ બિરાજો છો, દર્શન આપજો, સદા પોતાનો દાસ ગણજો મોક્ષમાં સમયાનુસાર લઈ જજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૮૭ તા. ૨૬-૧૦-૮૦

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ **દુબઈથી શ્રીહરિશરણાગતિ મંડળના ઘણા ઘણા હેત ભર્યા દંડવત સ્વીકારજો,** જન્મજયન્તી ઘણી ધામે ધૂમે ઉજવી છે. આહીના છાપાઓમાં પણ આપેલ છે. હેત ભર્યા દંડવત સ્વીકારજો, સેવાની રકમો ખુબ જ કરી છે, ભકતરાજ જયન્તીલાલ ભગવાનજી પોરીયાએ સમૂહ ભોજન, આરતી ,ઉત્સવ બધો ખર્ચ ઉપાડયો છે, તમારા સિવાય આલોકમાં કોઈ સગુ નથી, સર્વ કર્તા તમો છો, રક્ષા કરજો, આપ અન્તર્યામી છો બધાં સારાવાના થાય તેમ દયા કરતા રહેજો, સગા સબન્ધી ભકતરાજ મળે તેવી પ્રાર્થના છે, સાંજ સવારે સમય લઈને તમારૂં ભજન કરીએ છીએ, અમારા બધા દુબઈ એરીયા આસપાસના વિસ્તાર મંડળ શ્રીહરિશરણાગતિ મંડળોના જય સ્વામિનારાયણ વાંચજો, શુક્રવારે મળીએ છીએ, તમારો ઉત્સવ કરીએ છીએ દિવ્ય દર્શન થાય છે એ મોટો પ્રતાય છે, પ્રગટ ભગવાન છો પોતાના કરીને સાંચવજો. એજ. દેશમાં બધા સેવકોની સંભાળ રાખજો પ્રાર્થના.

❖❖❖❖❖

પત્ર નં-૫૮૮ તા. ૩૧-૧૧-૮૦

દુબઈ.

ભગવાન કૃષ્ણ પોતે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, ભકતોના મનોરથો પુરનારા, લાડ લડાવનારા આનન્દ પમાડનારા અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ તા. ૩૧-૧૦-૮૦ ના રોજ **ભગવાન આપની જન્માષ્ટમી ખુદા તરફથી શુક્રવારે રજામાં શ્રીહરિશરણાગતિ મંડળના તમામ ચારે તરફના ભકત મંડળો હાજર થયા હતા.** રસોઈ, આખી રાત ભજન કીર્તન પ્રાતઃ ચાર વાગ્યે મહાપૂજન પાઠ કરીને મહારાજ આપને હિંડોળે ઝુલાવ્યા, ધામ ધૂમથી આરતીઓ ઉતારી, પ્રસાદ લીધા, તીર્થના જન્મસ્થળ લેવા તમામે ઘણી સેવા એકત્રિત કરી અને શાન્તિ પામ્યા, અર્ધા કલાકમાં સવાલાખ બહેરીનમાં અર્ધો લાખ એમ જમીન મન્દિર વિગેરે માટે વધારે પણ થશે આમ વિજયની ધજા ફરકાવી દીધી છે.

શ્રીહરિશરણાગતિ મંડળનું બળ આ સમય સ્વર્ગમાં પણ પહોંચી ચુકયુ છે, ભાવના ખૂબ જ છે પ્રગટ ભગવાન આપની કૃપા વધે છે, પ્રગટ પરચાની સાથે મારો અનુભવ, કોઈને પ્રાપ્ત થાશે તેના દિલમાં પ્રગટની ભાવના શ્રદ્ધા, વિશ્વાસ, ભક્તિ, દીવ્યતા, જાગશે તેના જીવનું રૂડુ થાશે બોલો પ્રગટ શ્રીકૃષ્ણનારાયણની જય ! જયન્તી લાલ પોરીયાના કમ્પાઉન્ડમાં ઉત્સવ સુવર્ણ જયન્તી સુવર્ણ અક્ષરે લખાણી છે.

❖❖❖❖❖

પત્ર નં-૫૮૯ તા. ૧૯-૧૧-૮૦

મોટી કુંકાવાવ.

સવારે ધ્યાન પૂજનમાં સેવાએલા દિવ્ય મૂર્તિ શ્રીહરિ શ્રીકૃષ્ણનારાયણ આપનો આશીર્વાદ દયા વચન ફળ્યા. કાર્તિક સુદી ૮ ને રવિવારે ૧૬-૧૧-૮૦ ના બપોર પછી સાડાચારે પુત્ર જન્મ થયોછે, સાચા ભગવાન છો, મારા મનોરથ પૂર્ણ થયા કુટુમ્બની ઈચ્છા તૃપ્તિ થઈ, આપને સદા ભજીએ એવી પ્રાર્થના, થોડા સમય પછી આપના દર્શને પુત્ર-સકુટુમ્બ આવશું, આપના ચમત્કારને મારૂ માથુ ઝૂકે છે, આપ નામકર મોકલજો, વચનસિદ્ધ યોગેશ્વર ભગવાન છો, **આપના ભવભવનો ભકત ગોરધનભાઈ ટાંકના સદંડવત સ્વીકારજો.**

❖❖❖❖❖

પત્ર નં-૫૯૦ તા. ૧૫-૧૧-૮૦

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

જૂનાગઢમાં પ્રગટ ભગવાન ઉપાસ્ય અન્તર્યામી સર્વકર્તા મહાપ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં **દુબઈથી ચરણકમળ સેવક શાન્તિલાલ તથા શ્રીહરિશરણાગતિ મંડળના જય સ્વામિનારાયણ દંડવત સ્વીકારજો.** જન્મભૂમિમાં તીર્થ શિખરબંધ મંદિર થાય એવી આંહી બધા મંડળોની ઈચ્છા છે, જન્માષ્ટમીને દિવસે બધાએ મહાસભામાં ધામધુમે કરેલ મહોત્સવમાં ઠરાવ કરેલ છે અને ખુશી મજામા છે, અમો છોકરાવ તમારા પુત્રો છીએ, તમારે માટે શું શું ન થાય, દર્શન દેજો, સેવા ફંડ ખુબ જ થતુ જાય છે, તમોને ભજીએ છીએ, સૌરાષ્ટ્ર મધ્યે મહાધામ લોમશ આશ્રમ ચમકે છે, વધારે રાષ્ટ્રીય ભવનમાં પ્રત્યક્ષ શ્વેતાયન વ્યાસ શ્રીહરિ વિરાજે છે, શંકરાચાર્યજીએ સ્થાપ્યા પુજયા છે, જગતના ગુરૂ છે, લોકના કલ્યાણ માટે બિરાજો છો, શાસ્ત્રોમાં જણાઓ છો, આપ સર્વત્ર છો, અમારી રક્ષા કરજો, જલ્દી મન્દિરનું તાન છે, બધાનો ભાવ પૂરો થાય, એજ પ્રાર્થના, દુબઈમાં દર્શન આપવા આવજો, દૂધ પીઈને ફળ જમીને અદશ્ય થઈ જજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૯૧ તા. ૧૪-૧૧-૮૦

રિયાધ, દુબઈ.

શ્રી જૂનાગઢ મધ્યે પ્રગટ ભગવાન સર્વ અવતારોના અવતારી શાસ્ત્રોમાં વર્ણવેલા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રગટ ભગવાન પ્રતિ **રિયાધથી અમરશી તથા પરશોતમભાઈ તથા શાન્તિલાલભાઈ તથા ધીરજલાલભાઈ તથા જીવણ ભગત એ સર્વે શ્રીહરિશરણાગતિ મંડળના ભકતોના દંડવત સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો.**

તમારી પ્રસાદી ગુલાબ-પાંખડી ખાધી છે, ઘણો આનન્દ થયો છે, ગઈ કાલે તા. ૧૨-૧૧-૮૦ ના બપોરે સાડા અગિયાર વાગ્યે પ્રાંત ઉપરથી ત્રીજે માળેથી પડી ગયો પણ નીચલી પ્રાંતમાં મને તમોએ ઝીલી રાખ્યો નીચે ન પડયો મારી કોણી ઉપર આધાર રાખીને તમારી દયાથી બચી ગયો છું તમારા દર્શન થયા છે, લાગ્યુ નથી, રક્ષા કરી છે, પરદેશમાં રક્ષા કરતા રહેજો, પ્રાંત ઉપરથી બીજા પ્રાંત ઉપર રોકી દીધો, સાવ નીચે ન જવા દીધો તો ભગવાને ભકતની રક્ષા કરી છે, તમારી દયાથી બે દિવસ ઘરે રહીને કામે જઈશે રક્ષા કરતા રહેજો, તમોને ભજુ છુ, સેવક ઉપર દયા કરી તેમ કરતા રહેજો, રીટર્ન ટીકીટ લઈને ચારેક મહિના પછી દેશમાં તમારા દર્શન કરવા આવીશ,

પગાર સારો વધ્યો છે, સેવકને ફરીથી દર્શન દેજો, અમરશી તથા પરશોતમભાઈ અમરશી ગોપાલ મકવાણાના રીયાધથી જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૫૯૨ તા. ૬ -૧૧-૮૦

રાજકોટ.

શ્રીહરિ સ્વરૂપ અનેક બિરૂદાવળીથી વિભૂષિત અનન્ત કલ્યાણ ગુણસાગર, દયાળુ મૂર્તિ કરૂણાનિધિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ **મહાપ્રભુજીના ચરણોમાં સેવક નૌતમલાલ સોલંકીના દંડવત સ્વીકાર હો,** આપના સ્વરૂપનો સર્વોપરિ ઉતમ નિર્વિકલ્પ નિશ્રય અડગ રહે એ વરદાન આપો, આપની એકાન્તિકી ભક્તિ વૃદ્ધિ પામો, સત્સંગમાં આપ ભગવાન બિરાજો છો તે સત્સંગના ઉદય માટે જ છે, શ્રીહરિ આપ જનતાને સ્વસ્વરૂપ ઓળખાવો અને શરણાગતોને મોક્ષ આપો એજ પ્રાર્થના. આ દીન સેવકની સમયે સમયે ખબર રાખજો, અનન્તવાર દંડવત સ્વીકારજો.

❖❖❖❖❖

પત્ર નં.-૫૯૩ તા. ૬-૧૧-૮૦

રાજકોટ.

શ્રીસ્વામિનારાયણ ભગવાન, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મોટા શાસ્ત્રીજીને નમો નમઃ આપનો સદા જયકાર હોજો, અક્ષરાતીત પૂરણ પુરૂષોતમ શ્રીહરિ પ્રગટ પરમાત્મા સર્વેના પ્રભુ સર્વેના સ્વામીનાથ નિયન્તા અધિપતિ સર્વે અવતારોના અવતારી સર્વોપરી શ્રીહરિ પ્રગટ શ્રી સદુગુરૂ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને સ્નેહ પૂર્વક દંડવત-પ્રણામ સ્વીકાર હો, **રાજકોટથી પ્રગટના ઉપાસક રમેશચન્દ્ર, સંજય, વિપુલ, આદિકના દંડવત જય સ્વામિનારાયણ સ્વીકારજો,** આપ ભગવાનની દયાથી અમો આપના પુજા-પાઠ વન્દન ભજન, સેવા કરીએ છીએ, આપના દિવ્ય દર્શન થયા ત્યારથી ભક્તિ વધી છે, જન્માષ્ટમીનો મહોત્સવ ફુલવાડીમાં થયો ત્યાં દર્શન કર્યા હતા, કીર્તન ધુન્ય ભજન ભોજન વિગેરે મહોત્સવ કર્યો હતો, આપની મૂર્તિ ચારે તરફ દેખાતી હતી, ધન્ય છે પ્રગટ ભગવાનને જેમણે ભકતોને તાર્યા લાડ લડાવ્યા, સુખી કર્યા, નવો દેશ ઉદ્યમ આપ્યા, સેવાઓ આપી, ભગવાન આપ ધામમાં સાથે રાખજો એજ પ્રાર્થના.

❖❖❖❖❖

પત્ર નં-૫૯૪ **તા. ૨૦-૧૧-૮૦**

જામવણથલી.

પ્રગટ શ્રીહરિકૃષ્ણ મહારાજને નમઃ ભગવાન આપના આશીર્વચન વડે અમારે ત્યાં પુત્ર જન્મ તા. ૧૯-૧૧-૮૦ ના થએલ છે. અમારૂં કામ આપના આશીર્વાદોથી સિદ્ધ થયું છે, અમો આનન્દમાં છીએ, આપ પ્રગટ પુરૂષોતમ છો, નામકરણ જણાવશો, આપની ભક્તિ આપજો, **આપનો શિષ્ય શાન્તિલાલ.** જયન્તિલાલ જાદવજીનાં પ્રણામ વાંચશો, ઘર-કુટુમ્બે જય સ્વામિનારાયણ કહયા છે, આપને ભજે છે, રક્ષા કરજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૯૫ **તા. ૨૩-૧૧-૮૦**

પૂના.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ, શ્રીરાધારમણદેવને, શ્રીહરિકૃષ્ણ ભગવાનને નમઃ શ્રીહરિ તમારી ભક્તિ ખુબ જ આપો, **વિનેશ કેશવલાલ ટાંકના કોટાનકોટી દંડવત્.** દર્શન આપજો, મૂર્તિમાં જમજો, અમારી નજર રાખજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૯૬ **તા. ૨૫-૧૧-૮૦**

રાજકોટ.

પુજય અનાદિશ્રીકૃષ્ણનારાયણ ગુરૂદેવ ભગવાનના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ નવા વર્ષે આપની ભક્તિના મુળિયા મજબુત થાય, ઉપાસના વધે, બળ મળે, સુખી રહેવાય, દર્શન થાય એજ પ્રાર્થના. **રમણિકલાલના ઘણા કરી જય સ્વામિનારાયણ વાંચશો.**

❖❖❖❖❖

પત્ર નં-૫૯૭ **તા. ૨૮-૧૧-૮૦**

જામનગર.

અક્ષરધામ જૂનાગઢ રાધારમણદેવ ઘનશ્યામ મહારાજ પ્રગટ પ્રભુ એવા સન્ત ભગવાન સર્વોપરી સર્વેના ઉપાસ્ય સ્વામિનાથ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના પવિત્ર ચરણોમાં જામનગરથી પ્રીતમલાલના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ વાંચશો, અમારા સર્વે અપરાધ ક્ષમા કરશો, પ્રગટ પ્રભુ રક્ષા કરજો અને સાચો સમાગમ સત્સંગ ભક્તિ આપજો, સેવક સુખલાલભાઈના સુપુત્ર.

❖❖❖❖❖

પત્ર નં-૫૯૮ તા. ૨૯-૧૧-૮૦

દુબઈ.

દુબઈ રમણિકલાલ દેશાભાઈ લુહાર એન્ડ સન્સના પ્રગટ પ્રભુને હજારો દંડવત્. આપની જન્મજયન્તી ખૂબ ધામધૂમે સેવકોએ મળીને ઉજવેલ છે. આવા દેશોમાં અમારો સત્સંગ ટકે, વધે અને પ્રસરે એવા આશીર્વાદ અને બળ આપજો. હરિભકતો અહીં ધામધૂમ કરે છે બહુ જ આનન્દ કેફ વર્તે છે, મંદિર કરવા ઉત્સાહ ધરાવે છે, આશીર્વાદ આપો, આપ પ્રભુ છો, અહી અખબારોમાં ઉત્સવ છપાયો છે ,પ્રચાર વધે એ માગીએ છીએ, શ્રીહરિશરણાગતિ મંડળના જય સ્વામિનારાયણ વાંચજો, અહીં બધા શહેરોમાં છૂટા છવાયા સત્સંગીઓ ઘણા છે, બધા આપના શિષ્યો છે, દર્શન કરવાથી પાપ બળી જાય, જીવાત્મા પવિત્ર થાય એવા ભકતો છે, આપ પ્રગટ તીર્થના પ્રભુજીને ધન્ય છે, અમારો ઉદ્ધાર કર્યો, સત્સંગ તાજો કર્યો રક્ષા કરજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૫૯૯ તા. ૧૫-૧૧-૮૦

બહેરીન, દુબઈ.

વિદ્યામૂર્તિ ભગવાન વ્યાસજી શ્વેતાયન ઋષિ ભગવાનને નમો નમઃ પરસ્વરૂપે વિરાજમાન પ્રાણપતિ કૃપાળુ ભકત વત્સલ ભગવાન પ્રગટ શ્રીહરિ શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં **બહેરીનથી અમરશી, ટપુલાલ, રતિલાલ, હરિલાલ, છગનલાલ, વેલજી , શાન્તિલાલ, ચન્દ્રકાન્ત, આદિ શ્રીહરિશરણાગતિ મંડળના કોટિ દંડવત્ સાથે જય સ્વામિનારાયણ સ્વીકારશો,** અમોએ હરિલાલ વેલજીને ભવન જન્મજયન્તી ઘણા ધામધૂમે ઉજવી છે. સમૂહ ભોજન મહાઉત્સવ, ધુન્ય, ભજન, પૂજન, કથા વાર્તા કર્યા છે. દુબઈમાં પણ ખુબ જ ઉજવેલ છે એમ વિગતવાર પત્ર આવ્યો છે, મોટા મોટા ભકતોનો યોગ થયો છે, કથા વાર્તાનું બહું જ સુખ આવે છે. આપની મીઠી દ્રષ્ટિ વડે અમારા જીવન સફળ છે, તમારામાં હેત વધ્યા જ કરે એ પ્રાર્થના, હે મહાપ્રભુજી દોષ ટળે, ભક્તિ વધે નિર્વિકલ્પ નિશ્ચય સદા ચઢતા રંગમાં રહે એ માગીએ છીએ.

રતિલાલની પ્રાર્થના છે બન્ને સ્થળોમાં નજર રાખજો, બધા ભક્તિમાં ગરકાવ રહે તેવા આશિષ પત્ર પાઠવજો, દેહે સાજા-નરવા રહે રક્ષા કરજો, પ્રગટ મળેલાના મળેલાનો સત્સંગ વધતો જાય છે, આપના વચનામૃત-વાણી વાંચીને સમઝણ વધતી જાય છે, વધારે દયા કરજો, પ્રાણપતિ પોતાના જાણી સંભાળ રાખજો, વ્હાલા પ્રભુ ચરણ-સેવા આપજો, તમારા કાલા-ઘેલા બાળકો છીએ, પૃથ્વી સ્પર્શ દંડવત્ સ્વીકારજો, દર્શન આપજો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૬૦૦ તા. ૧૯-૧૧-૮૦

જામવણથલી.

હસમુખ તથા જયસુખ તથા નારણભાઈ વિગેરેના દિવ્યમૂર્તિ ભગવાન શ્રી મોટા શાસ્ત્રીજી મહારાજના ચરણોમાં હજારો દંડવત્પ્રણામ સ્વીકારજો, અહી ગામ મળીને જન્મજયન્તી ઉત્સવ ખુબ ધામધૂમે ઉજવ્યો છે, ભજન કીર્તન, રસોઈ, ભોજન થાળ, ફુલહાર, આરતીઓ ઘણી ચઢાવા વડે કરી છે. ફુલવાડીમાં કામકાજ ચાલુ છે, તુલસી, છગન વિગેરે પરદેશમાં તમારા પ્રતાપે સુખી છે, તમોએ આશીર્વાદ દીધો, વિદેશ પહોંચાડયા તે ઘણું સારૂ થયું, તેમનું ધ્યાન રાખજો, આપે ઘણું કુટુમ્બ, સાચુ ધન સુખ આપ્યુ છે, આપની દયાનો પાર નથી, નારણભાઈ પ્લોટ લઈને કામ કરે છે, લાભ રહે તેવા આશીર્વાદ આપજો, શ્રીજી રક્ષા મોકલજો, અમે પાસ થઈ, ભણી લઈ અને આગળ વધીએ, કામ કરીએ, ભક્તિમાં વધીએ, તમારૂં ભજન કરીએ, ધામમાં તમારા ભેગા રહીએ એવા વચનો માગીએ છીએ, દર્શન આપતા રહેજો, આપના નામનું ભજન કરીએ છીએ એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૬૦૧ તા. ૨૪-૧૧-૮૦

કાંદીવલી, મુંબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સ્વસ્થાન તીર્થ જૂનાગઢ મધ્યે બિરાજમાન પ્રગટ પુરૂષોતમ પરબ્રહ્મ પરમાત્મા સર્વના કર્તા હર્તા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં સેવક **કાન્દીવલીથી લી. પ્રાગજી ડાયાભાઈ તથા સર્વે શ્રીહરિશરણાગતિ મંડળના ઘણા દંડવત પ્રણામ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશો,** ભગવાનને અરજી જે અમારા મોટા ભાઈ નાથાલાલ (નથુ) ભાઈ તા. ૨૨-૧૧-૮૦ ના સવારે સાડા આઠ વાગ્યે અક્ષરધામ નિવાસી થયા છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણની મરજી હતી તેમ થયું. અમારા નાથાલાલભાઈના ઘરની પાછળના રૂમમાં હરીલાલ મનજી રાઠોડ રહે છે, તેના પુત્ર મહેન્દ્ર તથા ધર્મપત્ની એ સવારે સાડા પાંચ વાગ્યે આપ શ્રીકૃષ્ણનારાયણ પધાર્યા એવા દર્શન થયા હતા, એમ કહે છે જે શાસ્ત્રીજી મહારાજ નાથાભાઈને તેડવા આવ્યા હતા, અને આખી ચાલીમાં આટા મારતા હતા અને આખી ચાલીમાં અલૌકિક સુગન્ધ ફેલાઈ ગઈ અને નાથાભાઈને શાસ્ત્રીજી મહારાજે ચાલીમાં એક આટો લગાવીને કહયુ ઘડી-બેઘડી પછી લઈ જશુ એમ કહીને અદૃશ્ય થઈ ગયા, એવો પરચો મળેલ છે, માટે દયા છે. તેમ રાખજો, ભાઈને તમારા ધામમાં રાખજો, દયા સિન્ધુ ભગવાન છો, પત્ર આશીર્વાદ લખજો, નારણને

સારુ છે, ભજન કીર્તન કર્યા કરે છે કામે જાતો નથી, કહે છે કે અન્તર્યામી ભગવાન માળા ફેરવવાનું કામ કરો એમ કહે છે, હે પ્રભુ અમો કોસ્ટન કમ્પનીમાં ઈન્ટરવ્યુમાં બધા શ્રીહરિશરણાગતિ મંડળના ભકતો પાસ થયા છીએ, સોમવારે ડોકટરી છે, અમારે જાવાનુ થાય તો કેમ કરીએ દર્શન વખત રહેશે તો આવીશું, કુંજની પેઠે સેવજો, નજર રાખજો, કારજ પતિ ગયા પછી થાય તેમ પ્રાર્થના સ્વીકારજો, એજ, આપનો ભકત પ્રાગજીના જય સ્વામિનારાયણ વાંચશો, પરચો મળવાથી બધા રાજી થયા છે, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૦૨ તા. ૨૧-૧૧-૮૦

ફુગાવાડી, પૂના.

સેવક મહેન્દ્રકુમાર તથા હરીશ કૃષ્ણકુમારના આપ ભગવાન અમારા પ્રગટ પ્રભુજી સર્વેના રક્ષક અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વ અવતારી ભગવાનને નમો નમઃ અમારા કોટી દંડવત્ વાંચજો, ગરીબ ઉપર આશીર્વાદ લખજો, પરદેશથી બાપુજી વીજા લઈને બે મહીને આવવાનું લખે છે, તમારી દયાથી તબીયત સારી છે, અમારા માતાપિતા સાચા સગા આપ ભગવાન છો, આપને સુખે સુખીયા છીએ, તમારી ભક્તિ ઉપાસના આપજો, કુસંગથી રક્ષા કરજો, નવધા ભક્તિ દેજો, બ્રહ્મરૂપ સ્થિતિ આપજો, તમારા ધામમાં બ્રહ્મસુખ આપજો, ભક્તિરસ પાજો, સેવા આપજો, ભગવાન મળ્યા છો, કલ્યાણમાં વિઘન થાય નહિ, અમારા પુણ્યનો પાર ન કહેવાય, અખંડ તમારી સ્મૃતિ રહે તેમ રાખજો, તમારા સ્વરૂપનું જ્ઞાન કાયમ રહે તેવુ કરજો, બ્રહ્માંડ બધુ ફરે પણ તમારી ઉપાસના ભક્તિ ન ફરે એવુ આપજો, દઢ વિશ્વાસ આપજો, વીજા લઈને આવશે ત્યારે બાપુજી સાથે દર્શને આવશું, અમોને દર્શન દેજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૦૩ તા. ૨૦-૧૧-૮૦

ફુગાવાડી, પૂના.

શ્રીશ્વેતાયન વ્યાસજી ભગવાનને નમો નમઃ

પ્રગટ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુજી શ્રીહરિ સદાને માટે દીર્ઘ આયુ રહે, આપના ભકતોને સદાને માટે ચઢતી કળી રહો, જોગ **ગામ ફુગાવાડીથી લી. આપની પળે પળે સ્મૃતિ ભક્તિ કરતા સેવા ઈચ્છતા શ્રીહરિશરણાગતિ મંડળના ભકત તુલસીદાસનું કુટુમ્બ દયાળુ ભગવાનના સેવક ધર્મેશ, ભાવેશ સર્વેના જય સ્વામિનારાયણ વાંચશો,** ખૂબ ખૂબ અનાદિશ્રીકૃષ્ણનારાયણ વાંચશો, નિત્ય નિયમ કરીએ છીએ, આબુધાબી જન્માષ્ટમી ધામધૂમે ઉજવવાનો પત્ર આવ્યો છે, બ્રહ્મભોજન, બાળભોજન,

શરણાગતિ મંડળ ભકત-ભોજન, ધૂન - ભક્તિ, લાલજીની આરતી આદી કર્યા હતા, અમોએ પણ મંદિરે તથા ઘરે ખૂબ ધામધૂમે પૂજન કરી જમાડયા હતા, ભક્તિ કરીએ છીએ મંદિરે કથા-વાર્તા કરીએ છીએ, જયન્તી જન્મપીયુષ વાંચીએ છીએ, લાલજીની સેવા પુજા કરીએ છીએ, કયારેક દર્શન થાય છે, બહું જ ચમત્કાર જણાય છે, દિવ્ય સમઝણ બુદ્ધિ તથા ભક્તિ આપો, ધામમાં સાથે રાખજો, તમારા પરચા લખીએ છીએ, નિયમ લખીએ છીએ જ્ઞાન આપજો, તમારી કથા ટેપમાં ચાલુ છે તે સાંભળીએ છીએ, પ્રગટ પ્રભુજી બોલે છે, તે આનન્દ આપે છે, દર્શન થાય છે, તેમ દેખાવ છો, બળ બહુ જ આપજો, એજ તુલસીના સુપુત્રોના જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૬૦૪ **તા. ૨૯-૯-૮૦**

કોલ્હાપુર.

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ દિવ્ય સાકાર પરમેશ્વર આપને કોટાનિકોટિ સાષ્ટાંગ દંડવત હો. **સેવક શાન્તિલાલ એ. ગોહેલ, આશિષ, ઘર મંડળ કોલ્હાપુરથી તમોને બધાના જય સ્વામિનારાયણ કહયા છે,** ભૂલચુક માફ કરજો, દિનદયાળ ભગવાન છો, અમો તમારા બાળક છીએ, ક્ષમા કરજો, કારખાનામાં રૂમમાં રહીએ છીએ રક્ષા કરજો, તમારા ચરણોમાં રાખજો, આશિષ બળવાન થાય ખૂબ ભણે એવા આશીર્વાદ આપજો, પ્રસાદી ફુલ તથા શ્રીજી રક્ષા મોકલજો. મારી ઉપાધી બધી શાન્તિ મળે તેમ કરજો, આપનો આશરો છે, કુટુમ્બની રક્ષા કરજો, મનોરથ પુરા કરજો, દર્શન દેતા રહેજો અમારી પૂજા મૂર્તિમા પધારજો, આપની ઈચ્છા હશે ત્યારે દર્શન કરવા આવશે, આપની મરજી સિવાય પાંદડુ પણ હલતુ નથી, મારા જીવને મૂંઝવણ ન થાય સાચા અન્નદાતા પુણ્યદાતા રક્ષક તમો છો, દંડવત પ્રણામ સ્વીકારજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૬૦૫ **તા. ૨૭-૯-૮૦**

અંધેરી, મુંબઈ.

કર્મફળ પ્રદાતા પ્રગટ પુરૂષોતમ નારાયણ જગતના ભગવાનોમા શક્તિ મેલનારા નેતાઓમાં ન્યાય વસાવનારા નરનારીઓમાં પ્રેમસાગર એવા ભકતવત્સલ બાળબોધક, માયામોહક ધામના ધણી, આત્માના સ્વામી સર્વેના પતિ ભગવાન શ્રીકૃષ્ણ મહારાજના ચરણોમાં **અંધેરીથી શામજી હરજી, દામજી, આદિ ભકતોના જય શ્રીકૃષ્ણનારાયણ વાંચજો,** ઈરાકમાં લડાઈ છે જેથી હાલમાં મુમ્બઈ રોકાશું, ભગવાન તમો જે કરો તે ઠીક કરો છો, ધાર્યુ તમારૂં થાય છે, ઈરાક ગયા હોત તો તકલીફમાં મુકાઈ જાત, આ તરફ

કૃપાદૃષ્ટિ ફેરવજો, સાજા-નરવા રહેવાય, કામધંધા મળ્યા કરે, આપનું ભજન કરીએ છીએ, આપ અન્તર્યામી છો, રમિલાને વળગાડ જેવુ જણાય છે તો રક્ષા મોકલજો, પ્રગટ ભગવાન ઉગારી લેજો, સાજા કરી દર્શન દેજો, એજ વિનન્તિ સાથે અમારી નજર રાખજો, દર્શન આપીને પારકો પલ્લો ભગાડી મેલજો, એજ અરજી.

❖❖❖❖❖

પત્ર નં-૬૦૬ તા. ૨૫-૯-૮૦

દુબઈ.

દુબઈથી આપનો ભકત શિષ્ય ચિરંજીવી પુત્ર મનસુખના દંડવત સાથે જય સ્વામિનારાયણ વાંચજો, મહારાજશ્રીને માલમ થાય જે નિર્ણય બાર માસના વ્રત ઉપર જોવા જરૂર મોકલજો. બાપને ભજીએ છીએ પૂજા કરીએ છીએ, આપની જન્માષ્ટમી બધા ભકતો ઉજવશે આપના આશીર્વાદ પત્ર વડે અમો બધાને ઘણું જ સુખ શાન્તિ થાય છે, શ્રીહરિશરણાગતિ મંડળ તમામ ભકતો દુબઈમાં ધામધૂમે ઉજવણી કરશે, આપ દિવ્ય રૂપે પ્રભુજી તમારા પ્રોસેશનમાં પધારજો, આરબાઓ આપને હજારો ઠેકાણે નવાજી આપે છે, નમી નમીને પગે લાગે છે, દેશી-પરદેશી હજાર માણસો ગાજતે વાજતે ભગવાનની પધરામણીમાં ઉત્સવ કરતા ચાલે છે, જયકાર બોલે છે, અહીંના રાજા તરફથી પણ હિન્દુઓને પોતાના ધર્મના દિવસે મહા મહોત્સવ જાહેર રીતે કરવાની છૂટ છે, કમ્પનીઓના સતાધીશો પણ સાથે ભળે છે, ધુન્યમાં ભળે છે અને પ્રસાદ લ્યે છે, ભગવાન તમો ત્રિલોકનાથ સર્વના સ્વામી છો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૦૭ તા. ૨૭-૧૧-૮૦

રાજકોટ.

ભગવાનના શિષ્ય રમેશના પુત્ર મયુરના આપ ભગવાન છો, આપ અમારા ઉપર રાજી છો તેથી વધારે રાજી રહેજો, તમારી દયાથી અમો સુખી સુખી થઈ ગયા છીએ, ભગવાનને પ્રાર્થના કે મારી બદલી અમરેલી થઈ હતી, હમણા છૂટી લીધી છે, જામનગર જગ્યા ખાલી છે તો ત્યાં હું આવી જાઉં એવી કૃપા વરસાવજો, પ્રવીણે સેવા મોકલી તે અંગીકાર કરજો અમારી સંભાળ રાખજો એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૬૦૮ તા. ૨૨-૧૧-૮૦

રિયાધ, દુબઈ.

ભગવાન ગુરૂદેવ પ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી અમારા પ્રગટ ભગવાનને અસંખ્ય દંડવત્, તમારી દયાથી ખૂબ ખુશી મજામાં છીએ, **ગામ રીયાધથી લી. તમારો દાસ માવજી રણછોડ તથા હરિલાલ રણછોડ મનાણીના જય સ્વામિનારાયણ વાંચવા,** આશીર્વાદ લખજો, અમારા પિતાજી રણછોડ રાજા મનાણી તથા પ્રાગજી તમારા દર્શને આવ્યા હતા તેથી અમોને વધારે આનન્દ થયો વળી અમો તમારૂં ભજન કરીએ છીએ અને કામ કરીએ છીએ, અમારી નજર રાખજો, લી. સેવક માવજી.

❖❖❖❖❖

પત્ર નં.-૬૦૯ તા. ૨૨-૧૧-૮૦

ભંડારા, મહારાષ્ટ્ર.

અનાદિ પુરણ પુરૂષોતમ અવતારોના ખૂબ ઈશ્વરોના અવતારી સીરતાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના **ચરણસેવક ભંડારાથી માધવજી ભગવાનજીના દંડવત્ પ્રણામ વન્દન સ્વીકારજો,** આ વખતે જન્મજયન્તીની શોભાયાત્રામાં ૩૫૦ બાઈઓ ભકત અને ૬૦૦ થી વધારે પુરૂષો બાળકો, બગીગાડી, શણગાર માટે ટોપલાફુલો ગુલાબના હારમાળાઓ, અલગ અલગ મોગરા વિગેરેથી સુશોભિત આબેરગી શોભાયાત્રા મહા ધોરી બજાર રસ્તામાં ધુન્ય, કીર્તન, દાંડીયારાસ શોભા પૂરા શહેરમાં વીચરીને ગૂંજાવી ઉઠયું, માર્ગમાં છ ઠેકાણે પધરામણીઓ થઈ, ભેટયો થઈ, આરતીઓ થઈ, ખુબ જ આનન્દ નગરમાં ઉછળ્યો હતો, મેંદરડાવાળા વેવાઈ તથા મહેન્દ્રના મામા જબલપુરથી આવેલા હરીભકતો ઘણા આવેલા જમણવારનો આનન્દ રોનક મંદિરમાં પ્રતિષ્ઠા કરી નાગપુરથી બ્રાહ્મણ બોલાવેલા, વેદમંત્રો વડે પ્રગટ ભગવાનને પ્રતિષ્ઠા હવનનું કામ લગભગ પાંચ કલાક ચાલ્યુ હતુ, આ યજ્ઞને જોવા ગામ ઉમટયુ હતુ.

શ્રીસ્વામિનારાયણ ભગવાનને એવં શ્રી શાસ્ત્રીજી મહારાજ શ્વેતાયન શ્રીકૃષ્ણવલ્લભ વ્યાસના નામનો મહાઘોષ ખૂબ જ જોવા સાંભળવા જેવો હતો, મારા હદયમાં આસુખો ભરાઈ આવ્યા, બધાને પ્રેમરસ-ભક્તિરસ ઉભરાણો હતો, હું ખુબ જ ભાગ્યશાળી છું, વિશ્વનાથ ચારે હાથ મારા ઉપર છે કેવી મહેરબાની છે, આવી શોભા દિલ્હીપતિને ન મળે તેવી મને મારા ભગવાને આપી છે, નાગપુરના દરવાજા સુધી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય પરમેશ્વરનું નામ ગુંજી ઉઠયું, હવે મારૂં ભાગ્ય વધ્યું, જલ્દી ત્યાં આવીશ, મૂરતિ માટે મુંબઈવાળાનો જવાબ નથી તો ખૂદ જાતે જવાનું થાશે તો જઈશ ભગવો જભ્ભો કરાવી લીધો છે મૂર્તિ જલ્દી મળે તેમ કરો, હજારો માણસોને મીઠાઈ માલ દાળ ભાત શાક

બકાલા સંભારા સાકર ખુબ જ જમાડયા, ભજીયા વડી દહીં જમાડયા, માલ ભરપૂર પુરાએલો જ દેખાય ખૂટે જ નહીં તે તો ચમકાર થયો છે, શું શક્તિ છે, શું પ્રતાય છે, શું ખૂબ અવતારોના અવતારી શાસ્ત્રી મહારાજ પૂરણ કરે છે, માધવજીને દર્શન થયા કરે છે, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૧૦ તા. ૨૭-૧૧-૮૦

રાજકોટ.

ભગવાન તમારો ભકત શિષ્ય રમેશ તેનો પુત્ર મયુર તેના જાજા કરીને જય સ્વામિનારાયણ વાંચજો, તમારા આશીર્વાદથી આનન્દ થયો છે, આપ તો ભગવાન છો, અમારા ઉપર વધારે વધારે રાજી રહેજો, તમારી દયાથી સુખી છીએ, પ્રભુજી અમારા જેવા તમોને અનેક હશે પણ તમો તો પરમેશ્વર અમારે એક જ છો, મારી બદલી જામનગરમાં જ રહે અમરેલી ન જવું પડે તેવી કૃપા કરજો, પછી તમારા દર્શન કરવા આવવું છે, ધોતિયા પ્રવિણ લાવશે અંગીકાર કરજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૧૧ તા. ૨-૧૨-૮૦

ફુગાવાડી, પૂના.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રગટ ભગવાનને નમો નમઃ શ્રી ગણેશાય નમઃ

સ્વસ્થાનમાં વિરાજમાન નિજભાવે પ્રગટ ભગવાનને મૂળા રોડથી **આપનો દાસ રમણિકલાલ હસમુખ સર્વે મંડળના જય સ્વામિનારાયણ વાંચજો,** મહાપ્રભુજીને પ્રાર્થના જે મારા લગ્ન માગશર શુદ ૨ ના છે, આપ પ્રગટ ભગવાન દર્શન દેવા પધારજો, આપનું ભજન કરીએ છીએ, આપ અન્તર્યામી શ્રીહરિ છો, રહેમ કરજો, આશીર્વાદ આપજો, પછી તમારા દર્શને આવવું છે, દયા કરજો, એજ. મૂળજી ટપુ સોલંકી ફુગેવાડી તથા રમણિકના દંડવત સ્વીકારજો.

❖❖❖❖❖

પત્ર નં-૬૧૨ તા. ૧-૧૨-૮૦

જામવણથલી.

પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણ પ્રભુજી શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ચરણોમાં **જામવંથલીથી લક્ષ્મણ જેઠા, માવજી લખમણ, નાનજી લખમણ, ઓધવજી લખમણ તથા વશરામ તથા પ્રવીણ લખમણ, ધીરજલાલભાઈ, રમેશ, દિનેશ વિગેરે ઘર મંડળીના કોટિ દંડવત સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચજો,** પ્રગટ પુરૂષોતમ

શ્રીહરિને માલુમ થાય જે અમારા માવધજી વિગેરેના માતુશ્રી તા. ૨૬-૧૧-૮૦ ના કાર્તિક વદી ૫ ના રોજ અક્ષરધામ ગયા છે તો જેવી આપ પ્રભુજીની ઈચ્છા, કર્યુ બધુ તમારૂ જ થાય છે, પ્રભુજી અમારા વ્હાલા દયાળુ દીનાનાથ તેમના આત્માને વધારે વધારે શાન્તિ આપશો, આંહી ઘણી આપેલી શાન્તિમાં હતા, તે અમોએ જોયુ તો પ્રગટ ભગવાન તેમને માટે તમોને સંભારીને અમો બધા ભજન કરીએ છીએ, દર્શન દેતા રહેશો, ઘર મંડળના જય સ્વામિનારાયણ વાંચજો, નાનજીભાઈ દુબઈથી આવ્યા છે, ત્યાં દર્શને આવવું, લી. માવજી લખમણના જય સ્વામિનારાયણ વાંચજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૧૩ **તા. ૧૦-૧૨-૮૦**

ફુગાવાડી, પૂના.

જયન્તીલાલ હંસરાજના પૂનાથી દંડવત જય સ્વામિનારાયણ વાંચજો, સર્વના નિયન્તા અન્તર્યામી કર્મ ફળ પ્રદાતા પોષણહાર અનન્ત બ્રહ્માંડોના અધિપતિ અક્ષર ધામાધિપતિ દિવ્ય સ્વરૂપે હાલ પરબ્રહ્મ પૂર્ણ પુરૂષોતમ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને ફુગાવાડીથી અસંખ્યવાર વન્દન સ્વીકારજો, હે દયાળુ ભગવાન હાલ કર્મ અને માયા થકી રક્ષણ કરજો, ઈરાક જવાનું બે મહિનાથી લડાઈને કારણે બંધ છે, તમો રસ્તો બતાવજો તુરત જ જાવાનું થાય તેમ કરજો અને રક્ષા કરજો, બધા ના પાડે છે, તમો કહો તો જાઉં, તુરત પ્રસાદી પત્ર લખજો, હું ઈરાક જઈને પત્ર લખીશ. હે ભગવાન જેવી તમારી ઈચ્છા હશે તેમ થશે તમારૂ ધાર્યુ સર્વે થાય છે તેજ અમારૂ પ્રારબ્ધ છે, આપ સર્વેના કર્તા હર્તા છો, તમારી ઈચ્છા વીના સુકુ પાંદડુ પણ હલવા સમર્થ નથી, તમો જગત્વ્યાપી છો, મને સદબુદ્ધિ આપજો, જયન્તીલાલ તથા ચન્દુલાલના જય સ્વામિનારાયણ વાંચજો, ભેગા રહેજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૧૪ **તા. ૩-૧૨-૮૦**

દિલ્હી.

આચાર્યજી પરમેશ્વર, આપકે દર્શનશે ઈશ્વરી ધ્યાનમે મેરી સ્થીરતા હુઈ, મે બહુત આકર્ષિત હુઆહું, આપકી મૂર્તિ દીખતી હૈ, આપકે હિન્દી ગ્રન્થ વાંચનેમેં લગ્ન લગી હૈ, ૧ શિક્ષાપત્રી, ૨ ગુણાતીતાનન્દ સ્વામીકી વાર્તા હૈ, ૩ ગોપાલાનન્દ સ્વામીકી વાર્તા હૈ ઓર ૪ હિન્દી વચનામૃત મુજ પર ભેજા દેના, મેં આપકા શિષ્ય હુઆહુ તબસે ભારી સુખ આનન્દ અનુભવતા હું, આશીર્વાદ દેના. મેરી નજર રખના ભગવાન મેરા ઉદ્ધાર કરના, પ્રાર્થના.

❖❖❖❖❖

પત્ર નં-૬૧૫ તા. ૧૮-૧૨-૮૦

જામવણથલી.

પરમ દયાળુ ભગવાન આપના ચરણોમાં સેવક હરીલાલ દેવશીના દંડવત્. જય સ્વામિનારાયણ વાંચજો, મને દરદ આપના આશીર્વાદથી મટી ગયું છે મારા માતુશ્રીને મગજમાં ચકકર આવે છે, તમો આશીર્વાદ આપજો પ્રસાદી જળ મોકલાવજો, જેથી તે દરદ મટી જાય તેમ કરજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૧૬ તા. ૧-૧૨-૮૦

આબુધાબી, દુબઈ.

રામજી જેઠાના દંડવત વાંચજો. આબૂધાબી ન્યુકુમ કમ્પનીની ગયાતી સાઈડમાં છું, એકલો છું તમો ભેગા છો, દર્શન થાય છે, બીજા ગુજરાતીઓ ઘણાં છે, કમ્પની ભોજન ખર્ચ ફ્રી આપે છે, સુખે કામે જાઉં છું, ગુરૂભાઈઓ શ્રીહરિશરણાગતિ મંડળને બે ચાર મહીને મળવા જવાશે, મારી નજર રાખજો, સાજો નરવો રાખજો, આશીર્વાદ લખજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૧૭ તા. ૧૦-૧૨-૮૦

રળિયાણા.

રળિયાણાથી આપ ભગવાનનો ઉપાસક ભાનભાઈના કોટિ દંડવત વાંચજો, આપ સાક્ષાત પ્રભુ છો, અષ્ટાંગયોગ સાધવાના માર્ગ ઉપર છું, આપના યોગના પુષ્ટિના પુસ્તક મળે તેમ ઈચ્છુ છું, આસન ૨૦ થી ૨૫ કરૂ છું, પ્રભુજીનો દિવ્ય સાક્ષાત્કાર કરવો છે, આપ દ્વારા તે થશે અને આપ પ્રગટ ભગવાન આશિષ આપો કે મારા હૃદયના પડલ ખુલી જાય, માટે ગુરૂ પાસે રહેવુ છે, આપ આજ્ઞા આપો તો ત્યાં આવુ, મને આત્મા પરમાત્મા સાક્ષાત્કાર થાય તેમ કરજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૧૮ તા. ૧૧-૧૨-૮૦

કાંદીવલી, મુંબઈ.

સર્વ અન્તર્યામી ધામના ધામી ભકત વત્સલ ભગવાન અમારા માતુશ્રી અક્ષરધામ ગયા, સવારે રેલના પાટા પાસે પડી ગયા, પગ કાંડુ ભાંગી ગયું અને માથા પાછળ તરડ પડી ગઈ અને તમારા દર્શન થયા કે તુરત જ ધામમાં ગયા, હું ત્યાં પાસે ગયો તેટલામાં તો હાથ જોડી તમારૂં નામ લેતા લેતા જય સ્વામિનારાયણ કહીને ધામમાં ચાલ્યા ગયા છે,

રેલ્વેના માણસોએ ઘરે લઈ આવવા મદદ કરી હતી, આપનો મહીમા ખૂબ જ દેખાણો, આશીર્વાદ આપજો ભજન કરીએ, **કાન્દીવલી શાન્તિલાલ મોહનલાલ પરમારના દંડવત સ્વીકારજો,** દર્શન દેતા રહેજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૧૯ **તા. ૧૨-૧૨-૮૦**

જામવણથલી.

સ્વસ્થાન જૂનાગઢ બિરાજતા પ્રત્યક્ષ ભગવાન અક્ષરાધિપતિ સર્વના નિયન્તા શ્રીહરિ ભગવાન નારાયણ ભકતપતિ ભગવાન તમારા દર્શન મને ૧૧ ના સવારે ખુબજ સુખ આપનારા થયા છે, એમ દર્શન આપતા રહેજો, **હરિકૃષ્ણ તમારો ભગત સુખી છું, આપની સેવા-પૂજા કરૂં છું,** દુધ રોટલી જમાડું છું, પ્રસાદી આપો છો તે જમુ છું, આપનો આશરો મોટો છે, એજ રક્ષણ કરતા રહેજો.

❖❖❖❖❖

પત્ર નં-૬૨૦ **તા. ૧૫-૧૨-૮૦**

અમદાવાદ.

સેવક રાજેશ, અમદાવાદ, આપના દર્શન ઘણીવાર કર્યા છે તો પણ જુનાગઢ રહેવા ઈચ્છા થાય છે, મારા જન્મમાં જીવને બાળકી મટીને બાળક રૂપે જન્મ આપના આશીર્વાદો વડે થએલ છે, હું ગુરૂ મહારાજ તમારો દીધેલ પુત્ર છું, મારા પિતાએ આપની વિનંતી કરી, પુત્ર આપો તેથી આપે પુત્ર રૂપમાં મને ફેરવ્યો છે, આવા ભગવાને મને સાંભળ્યો છે તે ટેક રહે છે, આપે જૂનાગઢ મને ખુબ ભણવાનો આશીર્વાદ આપેલ છે તે પ્રમાણે ખૂબ જ ભણું છું અને ભણવુ છે, આપની મૂર્તિમાં આપને જોયા જ કરૂ છું, મારો મોક્ષ થાય તેમ ધ્યાન રાખજો, ભરતને ઘણું જ સારૂં છે, રાજેશના દંડવત પ્રણામ વાંચજો, બી.એ.માં ભણુ છુ, પાસ થવાય તેમ કૃપા કરજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૨૧ **તા. ૧૯-૧૨-૮૦**

રિયાધ, દુબઈ.

સ્વસ્થાન શ્રી જૂનાગઢ મધ્યે વિરાજમાન પ્રગટ ભગવાન શાસ્ત્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સદ્‌ગુરૂ સુર્ય શ્રી ગુરૂ મહારાજને **સેવક અમરશી તથા પુરૂષોતમભાઈ તથા શાન્તિભાઈ તથા ધીરજલાલ તથા જીવણભાઈ તથા હરીભાઈ તથા વલ્લભભાઈ સર્વે શ્રીહરિશરણાગતિ મંડળના જય સ્વામિનારાયણ વાંચજો.**

હું પડી ગયો હતો, તમોએ જીલી લીધો હતો, તમારી દયાથી બહુ જ સારૂં થઈ ગયું છે, અમારી સાઈડ બદલી છે. રીયાધથી ૧૭૦૦ કિલોમીટર દુર જોર્ડનની સરહદ ઉપર છે. રિયાધથી બે કલાકનો રસ્તો લાગ્યો, બસ અઢી દિવસે પહોંચે છે, આંહી જંગલ છે કાંઈ પણ મળતુ નથી રણ ડુંગરા છે, કોરીયાની કમ્પની છે, પ્લાસ્ટરનું કામ છે, રક્ષા કરતા રહેજો, તબિયત સારી છે ઠંડી પડે છે, અમરશી અને પુરૂષોતમભાઈ સાથે છીએ ત્રણ મહિના પછી ફેરફાર થશે, અમરશીના દંડવત વાંચજો, એજ. ૩૦ કિલો મીટર એક ગામ છે ત્યાંથી રેશન સામાન લઈ આવીએ છીએ, તમારૂં ભજન કરીએ છીએ, પુજા પાઠમાં આનન્દ રહે છે. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૨૨ તા. ૨૦-૧૨-૮૦

આબુધાબી, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન શ્રીશ્વેતાયનવ્યાસજીને નમો નમઃ

પ્રગટ ભગવાન દયાળુ કૃપાળુ સુખ સાગર મોક્ષ દાતાર અમૃતલાલ આપણા પરમ પ્રિય વ્હાલા સ્વામીજી મહારાજ **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ચરણોમાં સેવક ભગવાનજી, દેવરાજ ભગત, પ્રાગજી ભગત, કુંવરજી ભગત, મધુ ભગત, રતિલાલ ભગત, રામજી ભગત, વ્રજલાલ ભગત અમો તમારા ચરણોમાં દંડવત કરી.** તા. ૧૮-૧૨-૮૦ ગુરૂવારે મુંબઈથી ૬-૨૦ સાંજે ૭-૪૭ સીટના વિમાનમા ઉપડી મસ્કત થઈ આબુધાબી રાતે સવાનવે પહોચ્યા, એરોડ્રામે બસ આવી હતી, કમ્પનીએ કેમ્પમાં લઈ જઈ બધાને જમાડયા, પાગરણ ગાદલા ગોદડા આપ્યા ખુબ ઉંઘ્યા, સવારે ચાહ પાણી નાસ્તા કરાવીને એરોડ્રામે પહોંચાડયા, તા. ૧૯-૧૨-૮૦ ના સવારે ૮ વાગ્યે પ્લેનથી ૯ વાગ્યે ડેસ સાઈટ ઉપર આવ્યા, રાતે બધાએ કીર્તન ભજન પરચા ગાયા, બધો આનન્દ છે, આવા પીવા ઓઢવા પહેરવા રહેવાની બહુ જ સગવડ છે.

રતિલાલ તથા રામજી સાથે પ્રસાદી વસ્તુઓ મોકલેલ હશે તે મળી જાશે, અમારા બધાના જય સ્વામિનારાયણ વાંચજો, આશીર્વાદ લખજો નજર રાખજો, ભગવાનની દયાથી દેશ દેશાન્તરો બલુનમાં જોવા મળે છે, કમાણી મળે છે, ભજન થાય છે મહિમા વધારે સમઝાય છે, તમારી લીલાનો કોઈ પાર નથી, રક્ષા કરતા રહેજો, સંભારીએ છીએ, આ તરફ ફરવા નીકળો ત્યારે દર્શન દેતા જાજો, અમારા પડાવમા ઘડીક રોકાજો ઉતાવળ કરશો નહી, બધા તમારે માટે તલખીએ છીએ, દેશમાં બધાને ધીરજ અને સુખ શાન્તિ આપજો, દિવ્યભાવે નજર રાખજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૨૩ તા. ૧૨-૧૨-૮૦

અમરેલી.

સેવક મહેન્દ્ર ઓ. ટાંક અમરેલીથી પૂજય સદ્‌ગુરૂ શ્રીહરિની સેવામાં ભકત મહેન્દ્રના જય સ્વામિનરાયણ વાંચજો, મારી તબીયત સારી છે તા. ૧૧-૧૨-૮૦ ના ગુરૂવારે વહેલી સવારે મારા રૂમમાં સુતેલા મને સ્વપ્નમા આપના દર્શન થયા તથા તમારા રૂમમાં પેઈન્ટેડ આપનું ચિત્રપટ છે તેના પણ દર્શન થયા, તે વખતે હું તમારા રૂમમાં પગ દાબતો હતો એ પણ દર્શન થયા, પછી નિંદ્રા ઉડી ગઈ પણ આનન્દભર હૃદય વર્તે છે, દરરોજ નિયમથી માળાઓ ફેરવુ છું, ત્યાં આપના દર્શને ૧૩, ૧૪ માં આવીશ, મહેન્દ્રના દંડવત પ્રણામ, જય સ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં-૬૨૪ તા. ૧૧-૧૨-૮૦

આબુધાબી, દુબઈ.

આબુધાબીથી મનોરથ પુરા કરનારા અમારા હદયાકાશમાં બિરાજમાન ભગવાનને વિનન્તિ જે ફુલવાડીનો કુવો શ્રીજીની પ્રસાદીનો છે તેનું પાણી જે પીશે તેનું કલ્યાણ થશે, સારડો છસો ફુટ ગયો છે અને વધારે ચાલે તો જવા દેજો, તે કામ કરવા જેવુ છે, તેનું જળ કંકાવટીમાં મલે તેમ કરવુ છે, શિખરબંધ મંદિર પણ કરીશુ ધજાઓ ફરકશે, ડંકાઓ વાગશે, વાડીને શાસ્ત્રીજીએ સ્વીકારી ત્યારે માણસો મન્દિરને આપવાનું કહેતા, પણ મન્દિર કાંઈ કરે તેમ નથી, ગઢચણાણો, મકાનો થશે જળ પ્રવાહ થશે.

શ્રીનારાયણદાસજી સ્વામી કહેતા કે રાજકોટમાં પ્રસાદીની બોરડીના દસ હજાર આપ્યા છે, ખેતર તે જોઈએ, માટે તે પ્રમાણે પ્રસાદીના કુવાના પચાસ હજાર ખર્ચયા છે ગઢ બાંધ્યો છે તે મુખ્ય ઉદેશ છે, માણસોને હવે ભાન થયુ જે સારૂં થયુ, સમુદાયને ઉતરવા ભોજન સુભીતા સંચવાય છે, વધારે રૂબરૂ વિનન્તિ કરીશ, રાજી રહેજો, એજ.

નારાયણ પ્રેમજીભાઈ ખોલિયાના જય સ્વામિનારાયણ વાંચજો, તીર્થ માટે લાખ દોઢ લાખનો ફાળો થાશે તે કામ પણ કરવુ છે, શ્રીહરિશરણાગતિ મંડળ દેશ પરદેશમાં જયાં જયાં છે તેમની હેમ ખેમ નજર રાખજો, દર્શન દેજો એજ માગણી છે, ઓટા ઉપર છત્રી જરૂર કરવી છે તે કરીશ અર્ધી કલાકે જન્મજયન્તીને ઉત્સવે દોઢ લાખનો પરચો ચમત્કાર ભર્યો થએલ છે, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૨૫ તા. ૨૨-૧૨-૮૦

આબુધાબી, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાનને નમો નમઃ

અમારા ઈષ્ટ મહાપ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં **આબુધાબીથી મોહન ભગત, દેવરાજ ભગત, ભગવાનજી ભગત, જીરાગઢ રામજી ભગત, મધુ ભગત, કુંવરજી ભગત, પ્રાગજી ભગત, વ્રજલાલ રણછોડ રતિલાલ બાણુગારવાળા સર્વે શ્રીહરિશરણાગતિ મંડળના જય સ્વામિનારાયણ વાંચજો.** ભગવાન હું મોહન ભગત આપની દયાથી દેવરાજ ભગત પાસે આબુધાબી ટાપુમાં પહોચી ગયો છું, આહી બધી સગવડ સારી છે, કોઈ જાતની ખામી નથી, રહેવાની સગવડ સારી છે, પગાર સારો છે, તા. ૧૮ ગુરૂવારે સાંજે ૭ વાગે પ્લેન મુંબઈથી રવાના થઈ સાડા સાતે મસ્કત પહોંચ્યુ ત્યાંથી ૮ વાગ્યે ઉપડી પોણા નવ વાગે આબુધાબી આવ્યું, ત્યાં સાઈડ ઉપર ખુબ મીજમાની જમ્યા ઉંઘ્યા, સવારે નવ વાગ્યે પ્લેનમાં પોણાદશે ટાપુમાં પહોચ્યા તા. ૨૦ કામે લાગી ગયા છીએ. ચરણ સેવક મોહન ભગતના જય સ્વામિનારાયણ વાંચજો. દેવરાજ ભગત વિગેરેના દૂંડવત વાંચજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૨૬ તા. ૬-૧૨-૮૦

દુબઈ.

શ્રી જુનાગઢ મધ્યે પ્રગટ ભગવાન શ્રીહરિ શ્રીકૃષ્ણ મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં **દુબઈથી તમારો અનન્ય ભકત લાડિલો સેવક રમેશ મકનભાઈ મનાણીના દંડવત જય સ્વામિનારાયણ વાંચજો,** તમો પ્રગટ એવા ભગવાન છો, મને સદ્‌બુદ્ધિ આપજો તમારી દયાથી સાજો નરવો છું, કમાણી આવે છે, કામકાજ મળે છે, હવા પાણી અનુકુળ છે, બધા સત્સંગીઓ તમોને ભજે છે, તમો તો હાલમાં પ્રગટ એવા ભગવાન છો અમારી સાથે રહો છો રહેજો અને સંભાળ રાખજો દર્શન દેજો રક્ષા કરજો માફ કરજો, તમોને ભજુ છું, આશીર્વાદ મોકલજો સેવાની શક્તિ આપજો, સેવા મોકલું છું, અંગીકાર કરજો, આપનો લાડિલો સેવક રમેશ મકનભાઈ અમદાવાદવાળા.

❖❖❖❖❖

પત્ર નં-૬૨૭ તા. ૨૩-૧૨-૮૦

મસ્કત, દુબઈ.

સ્વસ્થાન જૂનાગઢ નગરીમાં વિરાજમાન પૂર્ણ પુરૂષોતમ પતિતપાવન અનન્તકોટિ બ્રહ્માંડોના પતિ રાજાધિરાજ અનન્ત કિરણો એક એક રોમમાં પ્રગટે છે, ચન્દ્રસમ

મુખકમળ હંસ સરખી ગતિ અમારા માતા-પિતા પ્રગટ અનાદિશ્રીકૃષ્ણનારાયણના ચરણોમાં **ચન્દુલાલના કોટિ દંડવત પ્રણામ સ્વીકારજો, મસ્કતથી મારા તથા શ્રીહરિ શરણાગતિ મંડળના જય સ્વામિનારાયણ વાંચજો,** તમારી દયાથી મારી તબીયત બહુ જ સારી છે, કામકાજમાં તકલીફ નથી ખાવાપીવામાં પાચન થાય છે, અમારી પરદેશમાં આટલી બધી રક્ષા કરો છો, અમો ભાગ્યશાળી છીએ, રક્ષા કરજો, દયા કરજો, રાજી રહેજો, સેવા લખજો, દર્શન આપજો. 'શાસ્ત્રીજી કહેતા સુખ ઉપજે, કૃષ્ણ કહેતા કાળ જાય, વલ્લભાચાર્યજી વદતા અક્ષરધામ પમાય.' ચંદુલાલના દંડવત એજ. આપના દિવ્ય દર્શન થાય છે, સ્વપ્નમાં ખૂબ જ દર્શન થયા કરે છે, તમારો એક આશરો છે, પતિવ્રતાની સમાન ભક્તિ કાયમ હોય તેવી ભક્તિ આપજો, દાસના દંડવત વાંચજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૨૮ **તા. ૨૪-૧૨-૮૦**

દુબઈ.

સ્વસ્થાન શ્રી જૂનાગઢ મધ્યે વિરાજમાન પરમ પૂજય પિતાશ્રી અક્ષરાતીત શ્રીસ્વામિનારાયણ ભગવાન સર્વ ધામોના ધામી પ્રગટ પુરૂષોતમ સહજાનંદ સ્વામી આપના ચરણોના દાસ **દુંબઈથી જયન્તીલાલ તથા ભગવાનજી પોરીયાના ઘણા દંડવત સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.** મહારાજ તમારી દયાથી હવે ઘણું સારૂં છે, કામ સારા ચાલે છે, આબુધાબી સેહનમાં બે જગ્યાએ કામ રાખ્યા છે, કમાણી સારી છે, ડીસેમ્બર સુધીમાં કે જાન્યુઆરીમાં ઈન્ડિયા આવવાનો વિચાર છે, બધી સેવા સાથેસાથ થઈ જશે, વીશેક-લાખ અહીના નાણા પ્રમાણે કામ રાખેલ છે, એ બધું મહારાજ તમારૂં જ છે, કાંઈ ફિકર ચિન્તા નથી, તમારી મરજીથી આગળ વધારો થશે તે કરીશું. તમોને સંભારીને કરીએ છીએ, કાયમ તમારૂં સ્મરણ થાય છે, જૂનાગઢ આવવું છે, અહિ શ્રીહરિશરણાગતિ મંડળ બહુ જ જોરમાં છે, બધાને સારૂ છે, ચઢતી કળા છે ભુલચુક માફ કરજો, તમારે માટે શું લેતો આવુ તે લખજો, મંડળ માટે જે જોઈએ તે લખજો, રાજી થઈને લખજો, માવતર માટે કાંઈક લઈ આવ્યા એમ બધાને લાગે તેવુ લખજો, બન્ને શિષ્ય પોરીયા જે બી. ના જય સ્વામિનારાયણ વાંચજો, બસ, દર્શન દેજો.

❖❖❖❖❖

પત્ર નં-૬૨૯ **તા. ૧-૧-૮૧**

અજમાન, દુબઈ.

નાનજી લખમણ મકવાણા તથા પ્રવીણ ભગત વિગેરે શ્રીહરિશરણાગતિ મંડળના કોટિ દંડવત જય સ્વામિનરાયણ વાંચશો, આપ પ્રગટ ભગવાનને પ્રતાપે અમારા

માતુશ્રીને પરચો થયો, બોલતા ચાલતા તેમને ધામમાં તેડી ગયા સુખીયા કરી દીધા, અમારા પિતાશ્રી વિગેરે રસોઈ જમાડવા તથા તિથિ બાંધવા જૂનાગઢ આવ્યા હતા તેથી વધારે આનન્દ, અમારા કુટુમ્બનું ધ્યાન રાખજો, આપ ભગવાન માનવરૂપે વરતો છો, અમોને સુખ દેવા પધાર્યા છો, અમારૂં કલ્યાણ થયું છે, મંદિર કરવુ છે, પરદેશમાં ભકતોનું ઘણું બળ છે, આશીર્વાદ આપજો, દર્શન દેજો, સેવા અંગીકાર કરજો આશીર્વાદ મોકલજો દયા રાખજો એજ. નાનજીભગત વિગેરે શરણાગતિ મંડળ વતી.

❖❖❖❖❖

પત્ર નં-૬૩૦ તા. ૩૦-૧૨-૮૦

બહેરીન, દુબઈ.

શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ

સ્વસ્થાન શ્રી જૂનાગઢ વિરાજિત શ્રી પૂર્ણ પુરૂષોતમ ભગવાનના ચરણોમાં કોટિ દંડવત પ્રણામ વાંચજો, હે પ્રાણપતિ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ **બહેરીનથી નાના છગનભગતના તથા ટપુલાલ ભાઈ વિગેરે શ્રીહરિશરણાગતિ મંડળના ઘણા ઘણા દંડવત પ્રણામ વાંચજો,** અમારા પ્રગટ ભગવાનને માલમ થાય જે ભજન કીર્તન કથા વાર્તામાં આપને ભજીએ પૂજીએ છીએ, હરિલાલભગત ડેલચોન કંપનીમાં આવે છે, દર જૂમે તેમને ઘેર ખુબ ભજન કરીએ છીએ, આપના આશીર્વાદ હતા જે રોકાવાનું થાશે તે પ્રમાણે અમોને રોકયા છે, અમોને છુટા કરે એવો વારો નહિ આવે, મુંમ્બઈ આવ્યો ત્યારે તમારા દર્શન કરીને ગયો. તમોએ કહયુ જાતાવેત પરદેશમાં જવાનુ થાશે તેવી જ રીતે એજન્ટે મને તરત ટીકીટ આપી અને રવાના કર્યો, મારા ભાઈ તુલસીને તમોએ તરત જ સાજો કરી દીધો, મને ગડ-ગુંબડ વિગેરે બધુ મટાડી દીધુ, ચાર મહીનામાં અહીં માથું કે આંખ્ય પણ દુઃખ્યા નથી, તમો મારા ઈષ્ટદેવ છો અમારી સંભાળ લેજો, દર્શન દેજો, રક્ષા કરજો, આપ સ્વપ્નમાં દર્શન દઈ ચિન્હોના દર્શન આપીને અદૃશ્ય થઈ ગયા હતા, તમારો ભકત છગન મુળજીના જય સ્વામિનારાયણ વાચજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૩૧ તા. ૫-૧-૮૧

અમદાવાદ.

મહેન્દ્રકુમારના કોટિ દંડવત સ્વીકારજો, ભગવાન તા. ૪-૧-૮૧ ના બપોરે જમીને ઉંઘ આવતા આપના અદ્‌ભુત દર્શન થયા છે, તમારા ચરણ દાબુ છું, પ્રસાદી જમ્યો, તમારા ઘણા ભકતો આવેલા, તમારા નિવાસ રૂમમા તમોને કાંઈ કાંઈ ભેટો

ધરતા હતા, તેવામાં તમારી સેવામાં બે દેવીઓએ આવીને તમારી આરતી ઉતારી, પૂજા કરી, તેઓ કાંઈક ગાતી હતી એ પણ મને યાદ ન રહયું, તમારા ચરણ ધોઈ પ્રદક્ષિણા, દંડવત, પગે લાગી અદૃશ્ય થયા, તમો માળા લઈને ઉભા હતા, આરતી પૂરી થયે તમોએ મને કહયુ, ભાઈ મહેન્દ્ર પગ દાબવા બસ કરી, ઘણી સેવા કરી, ઘરે જા, મારી ઘડીયાળમાં છ વાગ્યા છે, મારે હવે મંદિરે આરતીમાં જવુ છે, ત્યારબાદ હું મારા ઘરે જવા નીકળ્યો, તેવામાં જાગ્રતમાં મારી ઘડીયાળમાં મેં જોયું તો મારા કાંડા ઘડીયાળમાં બરાબર છ વાગેલા, આ અદ્‌ભુત ચમત્કાર, બન્ને ઘડીયાળનો મેળ, બન્ને દેવીઓની સેવા, અનેક ભકતોની ભેટ-સામગ્રી, વિગેરે દર્શન થયા, એજ હું રાજકોટ ઈન્ટરવ્યુ આપવા તા. ૧૧-૧-૮૧ ના જવાનો છું, મારી નજર રાખજો, પુષ્પ પ્રસાદી મોકલજો, એજ, સેવકના દંડવત જય સ્વામિનારાયણ વંદન વાંચવા.

❖❖❖❖❖

પત્ર નં-૬૩૨ તા. ૧૩-૧-૮૧

રાજકોટ.

શ્રીસ્વામિનારાયણ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને ગુલાબ નગરથી **સાપરીયા બચુ માધવજીના કોટિ દંડવત તથા છોરૂ પ્રભુલાલ તથા હરીલાલ તથા કુટુંબ બધાના હેત સાથે જય સ્વામિનારાયણ વાંચજો,** આપની પરમ દયાથી બધાને ઘરમાં સારૂં છે, કામકાજ મળે છે, તમારૂ ભજન કરીએ છીએ, મકાનનું કામ પણ પુરૂ થયુ છે, આપના જણાવવા મુજબ મુહૂર્ત કરેલ છે, દર્શન આપજો, સુખી રાખજો, રક્ષા કરજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૩૩ તા. ૬-૧-૮૧

અજમાન, દુબઈ.

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનાારયણને નમો નમઃ

અજમાનથી ચરણસેવક નાનજી તથા પ્રવીણ વિગેરે ૧૪ શરણાગતિ મંડળના હેત ભર્યા જાજા કરીને જય સ્વામિનારાયણ વાંચશોજી, હવામાન બદલવાથી તબીયતમાં ફેરફાર હતો પણ દવા વડે અને તમારી દયા વડે સારૂં છે, આપની પ્રસાદી ગુલાબ-પાંખડી ખાઉં છું, તબીયત ઘણી જ સારી છે, કર્તા હર્તા તમો છો, દાસાઈલેન્ડમાં ઘણા ભકતો એક સાથે સારા પગારે મોકલ્યા તેવો આપનો રાજીપો છે, કાનજી ભગતને તમો પ્રગટ ભગવાને ઘણી દયા કરી છે તેની કમ્પનીમાં તેમને બહુ માને છે, એક વરસ વધારે કામ આપ્યું છે, તમો પ્રગટ પ્રભુ છો, અમારી રક્ષામાં બેઠા છો, તમોને જેટલા લાડ

લડાવી એ તેટલા ઓછા છે, આપે આ જીવો ઉપર ઘણી દયા કરી છે, ઉગારી લીધા છે, ખુબ જ કમાણી આપી છે, ભક્તિ બહુ જ આપી છે, તમારી ઓળખાણ થઈ તેથી પ્રગટ ભગવાનને પ્રતાપે અક્ષરધામમાં બેઠા હોય તેવા સુખ મળે છે, ઘણાને ધામમાં મોકલ્યા, અમારા માતુશ્રી બોલતા તમારૂં નામ લેતા લેતા ધામમાં ગયા, આપનો જબરો પ્રતાપ છે, આશીર્વાદ લખજો, તમો સાંભરો એવી કૃપા રાખજો, દર્શન દેજો. બધા તમારી મૂર્તિમાં તમોને દેખે છે, ઘણો મોટો પરચો પૂરો છો, આબુધાબીમાં ચારણો નવા સત્સંગીઓ થાય છે તે તમારી પૂજા કરે છે. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૩૪ તા. ૧૭-૧-૮૧

દુબઈ.

સ્વામીનાથ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પરમેશ્વર, **પરેશકુમાર, પરસોતમભાઈ, કાન્તિલાલભાઈ, શાન્તિલાલભાઈ અમારા બધાયના જય સ્વામિનારાયણ વાંચજો,** તમોએ મારા પરદેશના બધા પાપ બાળી નાખ્યા છે, મારા દીલમાં વાસ કરજો, અમૃતલાલ પરસોતમના દંડવત વાંચજો, બોટાદનો રમણિક મારો દોસ્ત છે, અમારી ઉપર કૃપા કરજો, પરેશકુમાર મકવાણાના જય સ્વામિનારાયણ વાંચજો, દર્શન દેજો બાળક છીએ ભૂલ માફ કરજો, પ્રભુજી પધારજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૩૫ તા. ૨૯-૧૨-૮૦

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ સ્વસ્તિ શ્રી જૂનાગઢ મધ્યે પરમધામાધિપતિ પરાત્પર સર્વોપરિ શ્રીહરિ ભકતોના વ્હાલા પ્રાણપતિ સ્વામિનાથ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રગટ પ્રભુજી મહારજના ચરણકમળોમાં કોટિ કોટિ દંડવત પ્રણામ પહોંચે, આપની મૂર્તિનું સુખ આનંદ રાજીપો ઈચ્છતા **શાન્તિલાલ તુલસીદાસ, શાન્તિલાલ પુંજાભાઈ, દેવજી કાનજી રાઠોડ, કાન્તિલાલ ડાયા, છગન માવજી, રતિલાલ ઓધવજી, ધનજી ઓધવજી, આદિ ભકતો તથા પોરબંદર પ્રદેશના મેર ભકતો માલદે રામા ગોદાણિયા તથા માલદે ભુરા તથા કેશુ હજા તથા સાંગા દુદા કુકડીયા, મોરબીના આબોટી બ્રાહ્મણ ગોવિંદજી નારણજી કુકડીયા તથા કારાભાઈ, દેવાભાઈ આદિ શ્રીહરિશરણાગતિ મંડળના ઘણા જ વ્હાલા શ્રીહરિને આનન્દથી, સ્નેહથી, પ્રેમથી દંડવત જય શ્રીકૃષ્ણનારાયણ જય સ્વામિનાથ કૃપા વાંચશોજી.**

આપ દયાસાગર, કરૂણાનિધાન, ભકતવત્સલ પ્રભુજીના રાજીપાથી સર્વે સુખીયા વર્તે છે, પ્રસાદી પાંખડી વડે સદા સાક્ષાત સુખ વર્તે છે, દર્શન સુખ આપતા રહેજો, ભકતોની અભ્યર્થનાઓ વાંચીએ છીએ, પ્રભુજીની ચિન્હવાળી મૂર્તિ મેર ભકતોએ રૂમમાં પધરાવી છે, મૂર્તિ પ્રતિષ્ઠા નિમિતે પૂજન-વિધિ પ્રસાદ, થાળ, સમૂહભોજન કર્યા હતા, પાંચેય મેર ભકતોને શરણાગતિના ત્રણ મંત્રો આપ્યા હતા, દારૂ, માસ, ચોરી, વ્યસન તજાવ્યા છે, પાણી મેલીને વ્યસન તજયા અને પ્રસાદ થાળ જમ્યા હતા, તેઓ કાયમ પૂજા-ધ્યાન કરે છે, પ્રસાદ જમાડે છે, જમવા પધારતા રહેજો, મૂર્તિમાં દર્શન આપતા રહેજો.

આ દેશ મલિન છે, આશીર્વાદ આપજો, તમારા વગર પ્રભુ કોણ ઉગારે, હિન્દુસ્તાન આખાના માણસો આ દેશમાં બધે કારીગરો છે તેમાં શ્રીહરિશરણાગતિ મંડળના ભકતો નિર્લેપ વર્તે છે, આપના ભકતોના વર્તન જોઈને માણસો આશ્ચર્યમાં પડી જાય છે, કે આવા મલિન દેશમાં પણ આવા ભગાવનમય, વ્યસન રહિત, ભક્તિ-સેવામા મસ્ત આદિ શ્રીહરિશરણાગતિ ભકતોનું વર્તન ગજબ છે, આપ પ્રતાપે બધા વિચાર કરતા થઈ જાય છે, સુખડા દીધા બહુ સાંભરે રે, રંગડાની વાળી છે રેલ પુરૂષોતમ પ્રગટી રે. હે પ્રભુજી દર્શન, સેવા સુખ આપતા રહેજો, ભકતોને અવિચળ નિશ્ચય યાદશક્તિ વધે તેવા આશીર્વાદ દેજો, રાજી રહેજો, ઈન્ડીયાના ૩૦૦૦ જેટલો પગાર છે, વંથલી હરિકૃષ્ણ આદિકને આશીર્વાદ આપજો, પ્રિય શિષ્ય શાન્તીલાલ કે. બગીચાવાળાના દંડવત સ્વીકારજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૩૬ તા. ૯-૧-૮૧

ફુગાવાડી, પૂના.

સર્વેમાં વિરાજમાન પ્રગટ જૂનાગઢમાં વિરાજતા એવા પ્રગટ અનાદિ શ્રીપૂર્ણ પુરૂષોતમ, બ્રહ્માડોને સુખ આપનારા તથા દર્શન આપતા પ્રગટ ભગવાન શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ **ફુગાવાડીથી સેવક ચન્દુલાલ રણછોડના જય સ્વામિનારાયણ વાંચજો,** આપ અન્તર્યામી ભગવાન દર્શન આપજો, આપની દયાથી અમારી તબીયત સારી છે, પુનામાં સીર્કે કમ્પીનો પાસપોર્ટ ઈન્ટરવ્યુ તથા ડોકટરી વિગેરે કમ્પલીટ છે, પાસ થયો છું, અમારે ઘણાને ઈરાક જાવાનું તા. ૧૨-૧-૮૧ નું છે, તમારા દર્શન કરવા છે, પ્રગટ પ્રત્યક્ષ આવજો કાં તો મને ત્યાં બોલાવી લેજો, રજા આપો તો ઈરાક જઈએ, સારી સાઈડમાં મોકલજો, ધ્યાન રાખજો, તમારૂં ભજન કરૂ છું, મારા જેવી સેવા જણાવજો, બધી દુનીયા તમારી છે, હે પ્રાણપતિ સ્વામિનાથ મારા

માટે શ્રીજી રક્ષા મોકલજો, હે મહારાજ તમો મનની જાણો છો, બધુ તમારે માટે જ છે, દામજી માસ્તરનો પ્રવીણ તા. ૧૦-૧-૮૧ ઈરાક ઉપડે છે, દસ તારીખનું પ્લેન છે, રાઠોડ જયન્તીલાલ હંસરાજનો કાગળ છે તે લખે છે મહીને હજાર બારસો મળે છે, રક્ષા મોકલજો, દર્શન આપજો, મને કમ્પની સારી આપજો, હે પ્રગટ પ્રભુજી, અનાદિશ્રી કૃષ્ણનારાયણ મારા દંડવત્ સ્વીકારશો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૩૭ **તા. ૧૭-૧-૮૧**

દુબઈ.

પ્રગટ ભગવાન શ્વેતાયન વ્યાસજીને નમો નમઃ શ્રી કૃષ્ણનારાયણને નમઃ અવતારી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને નમઃ શ્રીઅક્ષરધામમાં બિરાજતા મહારાજના ચરણોમાં **સેવક ધનજી ભીમજીના દંડવત પ્રણામ વાંચજો,** તમારે પ્રતાપે ભજન કરીએ છીએ સુખીયા છીએ. મહારાજ તમારી આજ્ઞાની બહુવાટ જોઈએ છીએ, હું એક ભગત સાથે વાત કરતો હતો જે મારો કાગળ જુનાગઢથી આવે આજ્ઞા મળે તો મારે ઈન્ડીયા જાવું છે, અને ફારમ ભરવુ છે, તે વખતે એક માણસ આવ્યો તે મને કાગળ આપી ગયો તે માણસ મને ઓળખતો પણ ન હતો , તે ચાલીને મારા રૂમમાં આવીને અંદર કાગળ આપી ગયો, મેં કાગળ વાંચીને તરત જ ફારમ ભર્યા છે, ફેબ્રુઆરી ૧૫ તારીખ લખાવી છે, એકાદશી અને રવિવાર છે, હવે હું આવીશ ત્યારે જૂનાગઢ પ્રત્યક્ષ દર્શને આવીશ, અમારી સાથે કચ્છના હરિભગત ઘણા છે તે પણ જૂનાગઢ આવશે, એમ વિગત છે. જરૂર અમારી સંભાળ લેજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૩૮ **તા. ૨૩-૧-૮૧**

એલાન, દુબઈ.

મહારાજાધિરાજ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં અવતારોના અવતારી અક્ષરાતીત શ્રીહરિકૃષ્ણ મહારાજને ભકત રક્ષક ભગવાનને **એલાનથી તુલસી મુળજી શ્રીહરિશરણાગતિ મંડળ તમામ ભકતોના દંડવત સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચવા,** આપના પ્રતાપથી ૧૫ ભકતો એક મકાનમાં કામ કરીએ છીએ, આબુધાબીવાળા પણ છે, અમારી નજર રાખો છો, તેમ રાખજો, મકાન સળગ્યુ હતુ તેમા ઘણાને ઉગાર્યા, લડાઈ જાગી તેમાં બધા ભકતોને ઉગાર્યા, પાલખેથી પડતા ઘણાને ઉગાર્યા, દરિયામાં પડેલાને ઘણા ઉગારી વહાણમાં પાછા ચઢાવ્યા, માંદા ગરમીથી અકળાતા ભકતોને સાજા કર્યા, તાવમાંથી ઘણાને ઉગાર્યા, જંગલમાં રક્ષા કરો

છો, પરદેશમાં ભજન ભક્તિ કરાઓ છો દર્શન આપો છો મહારાજ ઘણી કમાણી આવી છે. કોસ્ટેલમાં છીએ, આપના રાજીપાથી સૌરાષ્ટ્રના ગરીબ કારીગરો આપની સેવાના પુણ્ય પ્રતાપે આજ બબે ત્રણ ત્રણ ચાર ચાર હજાર મહીને કમાય છે, રાજકુમારની જેમ બંગલાઓમાં ઉચા પ્રકારની સગવડોમાં રહે છે, દરરોજ હેલીકોપટરમાં બેસીને કામે ટાપુઓમાં જાય છે, દેશમાં જેમ છે તેમજ આંહી સુખી છીએ, બહુજ આનન્દ છે.

હું બીમાર થયો ત્યારે પ્રભુ તમોએ મને ઉગારી લીધો છે, તમારા દર્શનો ઘણાને થાય છે આવા અનેક પરચાઓ છે, ઘણા અમો ટોકન નમ્બરમાં છીએ. એ.પો.બો. ૪૨૭૨ માં છીએ, ૧૪૨૫૨ ટોકન નમ્બર છે, કોસ્ટેલ ઈન્ટર નેશનલ કમ્પની ઘણા સારા પગાર આપે છે, કારીગરોને સાંચવે છે, મહારાજ તમારી કૃપા છે, ભુલચુક માફ કરજો, તુલસી મુળજી, કાન્તિલાલ ડાયા, છગનલાલ માવજી, ખીમજી રવજી, શાન્તિલાલ હીરજી વિગેરે તથા વાસુદેવ કાનજી, ધનજી ઓધવજી, રામજી કાનજી, તુલસી નાનજી, તુલસી મનજી વિગેરે સર્વે શ્રીહરિશરણાગતિ મંડળના તથા શાન્તિલાલ કેશવજી તથા બે શાન્તીલાલ તથા બે રતીલાલ તથા છ ચારણ ભકતો વિગેરેના જય સ્વામિનારાયણ વાંચજો, દર્શન દેતા રહેજો, રક્ષા કરતા રહેજો, દેશમાં બાળ-બચ્ચાઓને કુંજની પેઠે નજરમાં રાખી રક્ષા કરતા રહેજો, દર્શન આપતા રહેજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૩૯ તા. ૧૭-૧-૮૧

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીશાસ્ત્રીજી મહારાજ પ્રગટ શ્રીહરિને નમો નમઃ

અક્ષરધામના ધણી પૂરણ પુરૂષોતમ અનાથના નાથ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રીના ચરણોમાં દંડવત સાથે નિવેદન જય સ્વામિનારાયણ પ્રણામ વાંચજો.

તા. ૧૦ ના રોજ રાતે પોણાનવ વાગ્યે પ્લેનમાં રવાના થઈ વચ્ચે આબુધાબી બે કલાક રોકાઈને બાર વાગ્યે પ્લેનમાં કુવેત પહોચ્યા, જયન્તીલાલ હંસરાજવાળી સાઈડ ઉપર ટેકસી વડે ગયા, ત્યા બે દિવસ રોકાણા, બુધવારે ત્રણ વાગ્યે અમારા કામ ઉપર સાઈડ ઉપર પહોંચ્યા, ગુરૂવારે કામે ગયા છીએ, આપ ભગવાન કર્તા હર્તા છો દયાદૃષ્ટિ રાખજો દર્શન દેજો, સાજા નરવા રહીએ. તમોને ભજીએ છીએ, કામકાજ લખજો, **પ્રવીણના જય સ્વામિનારાયણ. પાંચ જણા ભેગા છીએ ગુરૂભાઈઓ છીએ,** બધા તમારી પુજા સ્તુતિ ધુન્ય કરે છે હું પણ આનન્દથી રસોઈ સાથે કરૂ છું. તમારી મૂર્તિને જમાડીને જમીએ છીએ દર્શન દેતા રહેજો.

❖❖❖❖❖

પત્ર નં-૬૪૦ તા. ૨૨-૧-૮૧

આબુધાબી, દુબઈ.

આબુધાબીથી તુલસીદાસ મુળજી રાજા મનાણી, શ્રીહરિશરણાગતિ મંડળના પ્રગટના ઉપાસકો કૃપાપાત્રો ભકતજનો સેવકો તુલસી મુળજી રાજા, દેવજી કાનજી, કાન્તિલાલ ડાયા બગીચા, છગન માવજી, શાન્તિલાલ હીરજી કાચા, ખીમજી રવજી, રતિલાલ ઓધવજી, શાન્તિલાલ કેશવજી, તુલસીદાસ મનજી, રામજી જેઠા, તુલસી નાનજી મનાણી, રામજી કાનજી, વાસુદેવ કાનજી, ધનજી ઓધવજી, નારણભાઈ ખોલિયા સર્વે ગુરૂભાઈઓના ઘણા ઘણા હેતના દંડવત વાંચજો, પ્રભુજી કૃષ્ણનારાયણ સાક્ષાત ભગવાન શ્રીહરિ તમારા આશીર્વાદ વડે બધા ખૂબ જ સુખી છીએ. પરદેશમાં ભજન ભક્તિ આનન્દ થાય છે દયા રાખજો નજર રાખજો, મુંઝાતા નથી, તમો સાક્ષાત દેખાઓ છો ભકતોનો સમાગમ છે, ચઢતો રંગ વધારે વધારે છે, કમ્પની સારી છે બધા સારાવાના છે, વધારે નરવા છીએ, મારી માંદગી તમોએ મટાડી છે, મને સાજો કર્યો છે ઉગારી લીધા છે રાત દિવસ તમારી ભક્તિ ભજન કરીએ છીએ. તમારી મૂર્તિની ચરણ રજ માથે ચઢાવીએ છીએ, તમારા અનેક પરચાઓ છે. તુલસી મુળજી, કાન્તિલાલ ડાયા, છગનલાલ માવજી, ખીમજી રવજી, શાન્તિલાલ હીરજી ટોકન નમ્બર ૧૪૨૫૨ માં છીએ પોષ્ટ નાં ૪૨૭૨ મા છીએ. આબુધાબી દર્શન આપજો.

❖❖❖❖❖

પત્ર નં-૬૪૧ તા. ૧-૪-૮૧

બહેરીન, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ શ્રીશ્વેતાયન વ્યાસજીને નમો નમઃ શ્રી પ્રગટ મહાપ્રભુજીને નમો નમઃ સ્વસ્થાન શ્રી જુનાગઢ મધ્યે સ્વ સ્વરૂપમાં વિરાજમાન સર્વેના અવતારી સર્વોપરી, સર્વ ઉપાસ્ય, સર્વાધાર, સર્વના નિયન્તા, સર્વ પ્રેરક અક્ષર બ્રહ્માધિપતિ સર્વના કારણ, સર્વ કારણોના કારણ, પર થકી પર અને તે થકી પણ પર, પરાત્પર, દિવ્ય મૂર્તિ, મહાપ્રભુજી, દીનદયાળુ, પરમ કૃપાળુ શરણાગત વત્સલ શ્રીહરિ, નિજ ભકતોની રક્ષાર્થે માનવ નાટય ધારણ કરી અખિલ ભૂમંડળ તેમજ સૃષ્ટિ મંડળમાં સર્વત્ર વિચરતા, ભરપૂર ભંડારને મેડે અમારા નાથ દયાસાગર પ્રગટ પ્રભુજી વિરાજતા શ્રીકૃષ્ણ સ્વયં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તથા સંત મંડળ સદા આશીર્વાદો આપો શ્રીહરિશરણાગતિ મંડળ ચઢતી કળામાં વધતુ રહો.

બહેરીનથી લી. દાસાનુદાસ ચરણરજના અધિકારી સેવક રતિલાલ હંસરાજ તથા અમરસી હંસરાજ તથા ટપુલાલ કાનજી તથા રતિલાલ જાવીયા તથા છોટા મુકત

છગનલાલ રાજા તથા વેલજી મનજી તથા હરીભાઈ વિગેરે શ્રીહરિશરણાગતિ મંડળના ખૂબ ખૂબ જ સ્નેહ હેત ભાવભર્યા કોટિ કોટિ દંડવત પ્રણામ સહિત જય સ્વામિનારાયણ વાંચશો.

પ્રિય સર્વેના જીવનપ્રાણ પ્રાણપતિ આત્માના આત્મા એવા હે શ્રીહરિ આપની દયા કૃપાથી અમો સર્વે સુખીયા છીએ, સાજા-નરવા છીએ, ગુલાબ પાંખડી પ્રસાદી જમીએ છીએ, આશીર્વાદ પ્રસાદી પત્ર સમાચાર મળ્યા કરે છે, જેથી ખુબ ખુબ આનન્દ રહે છે, અમો બધા કાયમ સાંજ સવાર ભગવાનની આરતી ધુન્ય પૂજા વંદના કથા વાર્તા કરીએ છીએ, ભગવાત તમો કાયમ અમારા હદયને વિષે નિવાસ કરીને રહયા છો, વધારે રહો એવી સારી સ્થિતિ મુકત રીતિ ઉતમ સમઝણ અમોને વધારે આપજો, પ્રત્યક્ષ નિશ્ચય વડે નિર્ભયપણું છે, ઈન્દ્રિયો અંતઃકરણ માયિક મટી દિવ્ય અમાયિક ભગવાનમય બનતા જાય જગતની વાસનાઓ તુટી, સર્વે જગ્યાએ અમારા ઈષ્ટ ઉપાસ્ય દેવેશ્વર પરમેશ્વર એવા તમોને જ દેખિયે એવા આશીર્વાદ આપશો, તમો પ્રભુઓના પ્રભુ જબરા ધણી મળ્યા છો માટે કાંઈ ચિન્તા નથી, સુખે તમારૂ ભજન ધ્યાન કર્યા કરીએ છીએ બધાને આનન્દ થાય છે, લીલા ચરિત્ર ગાઈએ છીએ, તમારી વાણી વધારે કેસેટમાં જરૂર મોકલાવશો, હરીભાઈ સાથે આશીર્વાદ મોકલાવાજો, તમો અન્તર્યામી ભગવાન સર્વ જાણો છો, ભુલચુક માફ કરજો, દર્શન દેતા રહેજો, ચરણરજ ભકત દાસ સેવક રતીલાલના જય સ્વામિનારાયણ વાંચજો,

પ્રગટ શ્રીહરિ કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ને નમો નમઃ

ચોપાઈ શ્રી કંભરાત્મજ રમતા બાળ ગોપાલકૃષ્ણ ભર કૃષ્ણ થગયા સુલાલ
નમો કૃષ્ણ નમો નારાયણ નમો જીવ ઈશ પરાયણ
નમો બળવન્ત બહુનામી નમો અકળ અન્તરજામી
નમો સર્વે જીવના સુખકારી નમો દીનબંધુ દુઃખહારી
નમો દાસોના ખાસ નિવાસ નમો સહુના આદિ અધિવાસ
નમો શ્રીપુરૂષોતમ પાર નમો અક્ષર ધામ આધાર
નમો નિર્ગુણ સગુણ સ્વામી સર્વે ધામ તણા તમો ધામી
નમો અપરમપાર અકળ નમો સર્વેના સ્વયં સબળ
નમો ક્ષર અક્ષર નિયન્તા નમો ગુણપાર ગુણવન્તા
નમો અવતારોના અવતારી નમો સન્ત તણા સુખકારી
નમો દીનના બંધુ દયાળ નમો ભકતવત્સલ પ્રતિપાળ

નમો પ્રભુજી પૂરણ કામ નમો ભકતોતણા સુખધામ
નમો ઈશો તણા મહા ઈશ નમો ભકતપતિ જગદીશ
રતિલાલ નમે શ્રી પતિને નમે ભકતોને ભકતપતિને

હે પ્રભુજી ભૂલચુક માફ કરજો, રતિલાલના કોટિ દંડવત પ્રણામ સ્વીકારીને પ્રગટ વ્હાલા પ્યારા આંખ્યોના તારા શ્રી શાસ્ત્રીજી મહારાજને નમઃ

રતિલાલ નમે શ્રી પતિને નમે ભકતોને ભકતપતિને
તમો અક્ષરધામ આધાર તમો સન્તોના સુખભંડાર
સન્ત હેતે ધરી અવતાર કરો અનેક જીવ ઉદ્ધાર
જયારે જયારે જેવુ પડે કામ ત્યારે તેવું ધરો તન શ્યામ
નમો શ્રીબાલકૃષ્ણ કૃપાળુ નમો ગોપાલ બાળ દયાળુ
જે જે કરીયા પૃથ્વી આદિ કાજ તે છે તમારા સર્વે મહારાજ
વળી થાઈ છે જે જેહ કાંઈ તે તો સર્વે તમારી ઈચ્છાઈ
માટે નમો નમો નાથ તમોને મોટે ભાગ્યે મળ્યા છો અમોને
આજ પ્રગટાવ્યો છે પ્રતાપ એવો આગલ્યે ન કર્યો આપ
આજ જનોને આપ્યા જે સુખ તે તો કહયા જાયે કેમ મુખ
સર્વે થકી પાર છો મહારાજ તેહ અમોને મળ્યા છો આજ
દર્શ સ્પર્શ તમારા તે કયાંથી થોડે ભાગ્યે કરી થાતુ નથી
માટે આજ પુરૂષોતમ તમે નિશ્ચય કરી જાણીયા છે અમે
અવતારોના છો અવતારી કાશી ભણવા પધારીયા હરિ
પ્રતાપ અતિ અપાર તમે પ્રગટાવ્યો છે આ વાર
અતિ પવિત્ર ચરિત્ર ગાતા નથી ગાતા મારાથી મુકાતા
કહું કાલાવાલા કરી કાંહી દાસ માની રાખો ચરણમાંહી
જે તે લોકના જે અધિપતિ કરે પ્રભુ તમારી વિનન્તિ

હે પ્રગટ ધામપતિ જીવપતિ પરમાત્મા અમરશીના કોટિ દંડવત પ્રણામ સ્વીકારજો, પ્રગટ પ્યારા જીવ વ્હાલા હૃદયના સુરજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ

❖❖❖❖❖

પત્ર નં-૬૪૨ તા. ૩-૨-૮૧

એલાન, દુબઈ.

અમૃતલાલ પરસોતમ, પરેશ પરસોતમ મકવાણાનાં કોટિ દંડવત વાંચજો, **એલાનથી ગાંડો સેવક નગણત્રીનો ભગત અમૃતલાલને ભગવાને સંભાળ્યો, મને તો એમ હતુ ભગવાન છે તે મારા જેવા ગાંડાને નઈ લખે મારા ભાવને જોઈને ભગવાન સાક્ષાત છો, મને સાંભળ્યો, શાન્તિલાલ કાકાએ જય સ્વામિનારાયણ કીધા છે,** પ્રભુ તમો અમારા જેવા છોકરાને ઉદ્ધાર કરજો, પ્રભુ મને ધનુષ્ય બાણ સહિત ભગવાનના દર્શન થયા, આવીશ ત્યારે દરશને આવીશ, મારા હૃદયમાં તમો છો, ફોટો પૂજવા મોકલજો, કેશુઅદા, દેવજીકાકા બધા તમારૂં દર્શન કરે છે, તમારા વિના પાંદડું પણ નથી હલતુ, આ વાત મને પહેલા સમજાણી પણ આજ મને બહુ જ યાદ આવે છે, મને દર્શન દેજો, રાહ જોઈશ, જય સ્વામિનારાયણ પહોંચે, ભૂલ માફ કરજો.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ હાજરો હાજર દર્શન દેજો, આવજો, જમીને પછી જજો, મીઠા સફરજન જમાડીશ અને દુધ પાઈશ અને પગ દાબીશ અને પછી જાવા દઈશ જરૂર આવજો, ભૂલશો નહિ પાંચ વરસ પહેલાની વાત મને યાદ છે, પ્રભુ શાસ્ત્રીજીના દિવ્ય મૂર્તિ હરતા ફરતા દર્શન થયા છે, દયા કરજો, તમે તુલસીને ઝીલ્યો, રતિલાલને ઝીલ્યો, મૂરજીને ઝીલ્યો, કાનજીને તાર્યો, રામાને જેલથી છોડાવ્યો, જીરાગઢવાળાને કોઢ મટાડયા, દયાળજીને દીકરો આપ્યો, ઘણાને પુત્ર-ફળ આપ્યા, લક્ષ્મીના આશીર્વાદો તો અઢળક નિવડયા છે, કુકડા જેવા છોકરાઓ સોના મહોરૂ કમાય છે, કાંઈ રાજીપો ઓછો નથી, રાજા સાહેબ જેવા તો ઉતારા-પાણી મહોલ બગીચા બંગલા બલુન વાહન છે.

અહો પ્રગટ પ્રભુની દયા, સુદામાને નાના મહેલ, કુકડીયા મજુરને સોનાની લગડીઓ રિયાળમાં છે ધન્ય છો, પ્રભુ, કૃપા કરી કરજો, સાંચવજો, ભેગા રાખજો, બધા સંપ રાખશુ, સેવા કરશુ, બધુ તમારૂ છે, મસ્કત હતો ત્યારે પણ તમોને ભજતો હતો, આંહી પણ બધા સાથે ભજૂ છુ, હમણા બરડાના ચારણો ઘણાંય તમોને ભજવા માંડયા છે, કચ્છીઓ ભજે છે, ભગવાન તમો વિશ્વંભર છો, બધું તમારૂં છે, દર્શન આપજો, જરૂર આવજો, પછી જલ્દી વયા જાજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૪૩ તા. ૫-૨-૮૧

જોડીયા.

જોડીયાથી પ્રવીણચંદ્ર વી. પાઠકના પ્રગટ ભગવાનને અનન્તવાર પ્રણામ.

હે ભગવાન તમારા દર્શન કરવા આવવુ છે, ઘણી આતુરતા છે, આપ જીવ પ્રાણી માત્રના અન્તર્યામી ભગવાન બધાના દિલની વાતો જાણો છો, તા.૧-૨-૮૧ના સ્વપ્નમાં સવારે આપના પાઘડી, સોટી, ફુલહારા સહિત દર્શન થયા અને મારા કેટલાક સંકલ્પ માનતા પૂરી થઈ, આપ પૃથ્વીમાં પ્રગટ બિરાજો છો, આ નકકી થયું, હવે આપની મૂર્તિના દર્શન સાક્ષાત પણ કરીશું, પુરૂષોતમભાઈના સત્સંગ વડે મને તમો ભગવાન છો એવો દીલમાં નિશ્ચય થયો અને દર્શન વડે દૃઢ થયો હવે મારે તરવા પુરતુ જ તમારા ચરણરજ લેવા તથા જલ પીવા આવવું છે, આશીર્વાદ લખજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૪૪ તા. ૧-૨-૮૧

એલાન, દુબઈ.

સેવક વાલજી દેવરાજ ટાંકના એલાનથી દંડવત સાથે જય સ્વામિનારાયણ વાંચજો, સાક્ષાત શ્રીહરિ આપ મારી ખબર રાખજો, બાપા પ્રભુજી આપને સંભારૂં છું, સેવા કરવી છે, આશીર્વાદ મોકલજો, દયા ભાવના રાખશો, તમારૂં ભજન કરૂ છું, દર્શન થાય છે, ખૂબ જ સંભારૂં છું, ભજૂં છું, જરૂર દિવ્ય દર્શન દેવા આવજો, સેવક વાલજી તથા શ્રીહરિશરણાગતિના જય સ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં-૬૪૫ તા. ૩૧-૧-૮૧

દુબઈ.

શ્રીહરિ સ્વરૂપ દિવ્ય મૂર્તિ ભકત વત્સલ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રતિ ભુવેલથી **લી. રવજી દેવશી રાંપરીયા તથા શાન્તિલાલના જય સ્વામિનારાયણ વાંચશો,** પ્રભુજી તમારા દર્શન અને આશીર્વાદ લઈ મુમ્બઈ પહોંચતા જ સાઉદી અરેબીયા જવાનું નકકી પ્લેન મળી ગયું, રહેવાનું જૂબેલમાં શાન્તિલાલભાઈ સાથે છે, ખુશી મજામાં છીએ, આપ પ્રભુજીની ઈચ્છાથી જૂબેલ અવાયું છે, દયા કરજો, સાજા-નરવા રહેવાય, તમો અન્તર્યામી છો, બધું જાણો છો, આશીર્વાદ આપજો, દેશમાં જયેશ ઉપર કાગળ લખજો, ત્યાંથી સેવા માનતા મોકલશે, ભગવાનના ભગત ભેગા રહીએ છીએ જેથી ભજન ભક્તિ થાય છે, કમાણી ઘણી છે, તમારી મૂર્તિની સેવા-પૂજા સાથે છે, હેત મહેરબાની વિશેષ નજર રાખજો, હસ્તાક્ષર આશીર્વાદ આ એડ્રેસ પ્રમાણે લખશો

ગુલાબ-પાંખડી પ્રસાદી મોકલજો પરદેશમાં પવિત્ર રહેવાય વહેલી તકે દર્શન આપજો સંભાળ રાખજો, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૪૬ તા. ૨૭-૨-૮૨

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ

સ્વસ્થાન દિવ્ય સ્થાન જૂનાગઢ મધ્યે વિરાજમાન રાજાધિરાજ ભગવાન દિનબન્ધુ દયાસાગર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રીના ચરણકમળોમાં **દુબઈથી પ્રેમજી શામજી રાઠોડ તથા શ્રીહરિશરણાગતિ મંડળના ઘણા કરી દંડવત સાથે જય સ્વામિનારાયણ વાંચશોજી,** કથા વાર્તા પૂજા-પાઠ કરીએ છીએ, આપ ભગવાનને જમાડીને જમીએ છીએ, આપની મૂર્તિને ધૂપ-દીપ કરીએ છીએ, જલ પાઈએ છીએ, પોઢાડીએ છીએ, દર જૂમાએ ગુરૂભાઈઓ ભેગા થાઈએ છીએ, ભગવાનની પ્રસાદી ગુલાબ-પાંખડીઓ ખાઈએ છીએ, આપ તો પ્રભુ અન્તર્યામી છો, અવની પર પધારી અનેકોના કલ્યાણ કરી રહયા છો, આપના દર્શન બરાબર કરી જાણે તેના બેડા પાર થઈ જાય છે, પાપ દુઃખ ટળી જાય છે, આશીર્વાદ રાજીપો, મોકલજો, બધા સારા વાના થઈ જાય, ઘરેથી ટપાલમાં લખે છે હિતેશને આશીર્વાદ મહારાજનો કાગળ મળ્યો તબીયત સારી થઈ ગઈ છે.

તમારો પ્રસાદી-પત્ર ઓચિંતા મળ્યો મને તો એમ જ થયું જે અન્તર્યામી સાક્ષાત ભગવાન છો, તમારા ગુણો ગવાય છે, સવાર સાંજ કીર્તનો કરે છે, અમો બધા ગુરૂભાઈઓ સેવા ચાકરી કરતા રહેશું, ચાવડ ધ્યાન રાખજો, સંકટ તરત જ દૂર કરો છો, આપની દયાથી આંહીના સખત કાયદા અમોને નડતા નથી, અમારી પર નજર રાખજો, પ્રભુ રક્ષા કરો છો અને કરજો, વિજા મળી ગઈ છે, પાસપોર્ટમાં લાગી જવાય તેવા આશીર્વાદ મોકલજો, તમે પ્રગટ પ્રભુ છો તેનો બહુ જ આનન્દ આવે છે, તમારા ચરણકમળમાં અમારા સો સો વાર દંડવત પ્રણામ સ્વીકારજો, હવે દેશમાં આવીને જૂનાગઢ ચરણામૃત પ્રસાદી માટે આવશું, જરૂર દર્શન કરવા આવશું, ચાવડા ગુલાબ-પાંખડી મોકલજો, લી. ભગત પ્રેમજીના જય સ્વામિનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં-૬૪૭ તા. ૨૧-૨-૮૧

દુબઈ.

અનાદિ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ પ્રગટ પુરૂષોતમ શાસ્ત્રીજી મહારાજ અનાદિશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને નમો નમઃ હે ભગવાન આપના

આશીર્વાદથી યાદશક્તિ વધે છે, તમારો સત્સંગ કરીએ છીએ તમો ચિન્તામણી છો, માનવો તમોને ભજે છે તેના ચિન્તવવા પ્રમાણે મળે છે, તો હે પુરૂષોતમ નારાયણ તમો અવતારોના અવતારી છો, પર નારાયણ સતં સ્વરૂપે આવ્યા છો, વિશ્વપતિ છો, અક્ષરપતિ છો, સૃષ્ટિપતિ છો, તત્વપતિ છો, આત્મપતિ છો, પરમાત્મા છો, ગોલોકગોપી પતિ છો, ધામના ધામી છો, કર્તા હર્તા તમો છો, શ્વેતાયન વ્યાસ તમો પ્રગટ ભગવાન છો, દિનાનાથ છો, વલ્લભસ્વામી છો, હે ભગવાન તમારા નામ અપાર છે તે તમારા તમારા સિવાય કોઈ જાણી શકે નહી, હે નાથ । બ્રહ્મા જેવા દેવતા જાણી ન શકયા તો મનુષ્ય કયાંથી જાણી શકે, તમારી મોટયપ કયાંથી સમઝી શકે, હે ભગવાન આપે સ્વપ્નમાં દર્શન દીધા તેવા જ દિવ્ય દર્શન દેજો, અમોને આપની સેવામાં લેજો, કુસંગ ન થાય તેવી બુદ્ધિ આપજો, ભગતોની ઓળખાણ કરાવજો.

હે ભગવાન ૨૨ વર્ષો માયામાં કાઢયા, હવે માયામાં ન લેવાય તેવુ બળ આપજો, આપને ઓળખ્યા પછી તો કથા વાર્તા સેવા વધ્યા છે, આશીર્વાદ આપજો, અમને આપનો કેફ છે, આપ વિશ્વના કર્તા હર્તા છો, બધાની જીવનદોરી છો, મારા નાથ રક્ષા કરતા રહેજો, ચરણ સેવાનો લાભ આપજો, આપ કૃપાળુ દિનદયાળુ છો, શરણાગતિ મંડળની સેવા આપજો, હે પુરૂષોતમ નારાયણ વિદેશમાં ભકતોના સત્સંગ વડે આપના દર્શન કીધા, આપ ભગવાન સાક્ષાત છો, હવે આપે દિવ્ય આંખ આપી છે, આંહી ભકતો શાન્તીલાલ, ગોવિંદ, માલદે, રામા, કારા, સાંગા, કેશુ વિગેરે ભકતોના જય સ્વામિનારાયણ સ્વીકારજો, શ્રીશ્વેતાયન વ્યાસ ભગવાનને નમો નમઃ **ચરણ સેવક દાસાનુ દાસ ગોવિન્દજીના જય સ્વામિનારાયણ વાંચજો.**

❖❖❖❖❖

પત્ર નં-૬૪૮ **તા. ૧૩-૨-૮૧**

આબુધાબી, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીહરિકૃષ્ણ મહારાજ શ્રીશ્વેતાયન વ્યાસ પ્રગટ ભગવાનને નમો નમઃ શ્રી જૂનાગઢ ધામમાં બિરાજમાન ભગવાન પ્રતિ **આબુધાબી દાસાઈલેન્ડથી શ્રીહરિશરણાગતિ મંડળ ભગત મધુભાઈ ધનજીભાઈના દંડવત પ્રણામ સહિત જય સ્વામિનારાયણ વાંચજો.** મારી નજર રાખજો, માનતા કરી છે તે તીર્થમાંથી આપી જશે, તમો આંહી પરદેશમાં દર્શન દેતા રહેજો, ઘરનું ધ્યાન રાખજો, ભુલચુક સુધારીને વાંચજો, અન્તર્યામી ભગવાન છો, મહીનો પાંચથી વધારે મળે છે, કામકાજ સુખ શાન્તિ છે. ભોજન રહેવું વિગેરે સગવડ કમ્પનીની છે, હેલીકોપ્ટરમાં બેસીને ટાપુમાં દરરોજ કામે જવાય છે સાંજે પાછા મુકી જાય છે, રક્ષા કરતા રહેજો, તમારૂં ધ્યાન ભજન કરીએ છીએ, એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૪૯ તા. ૧૯-૨-૮૧

દુબઈ.

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ
સેવક રાઘવ જેરામનાં દંડવત સ્વીકારજો.

રાગ – ધનાશ્રી

જોયા શ્રી શાસ્ત્રીજી મહારાજ સંતો રે ભાઈ જોયા શ્રી શાસ્ત્રીજી મહારાજ,
પ્રીતમ પ્રણ આધાર સંતો રે ભાઈ જોયા શ્રી શાસ્ત્રીજી મહારાજ.

કુમકુમવાપીમાં વહાલો પ્રગટયા; સાથે છે મુકત અપાર....
સંતો રે ભાઈ... જોયા શ્રી... ૧

ફુલાવડીમાં વહાલો બીરાજયા; લીલા કરી અપાર...
સંતો રે ભાઈ... જોયા શ્રી...૨

આંબલીના વૃક્ષ નીચે હરિ બેઠા; મુકત સભા મોઝાર...
સંતો રે ભાઈ... જોયા શ્રી...૩

અંગો રે અંગમાં આભૂષણ ઓપે; કંઠે હજારીના હાર...
સંતોરે ભાઈ... જોયા શ્રી...૪

શિર પર અતિ પાઘ રે શોભે; લલાટે તિલક સાર...
સંતો રે ભાઈ... જોયા શ્રી...૫

અંગો રે અંગની કાંતિઓ દીસે; ભૃકુટી ભભકાદાર...
સંતો રે ભાઈ... જોયા શ્રી...૬

રેશમી કરમાં ચિન્હ અતિ શોભે ; કલમો આઠે જામ...
સંતો રે ભાઈ... જોયા શ્રી...૭

શ્રીહરિશરણાગતિએ મંડળે; ઓળખીયા છે આજ...
સંતો રે ભાઈ...જોયા શ્રી...૮

દાસ જયંત તવ છબી નિહાળી; પુરણ ઉપજે પ્યાર...
સંતો રે ભાઈ... જોયા શ્રી...૯

પ્રગટ શ્રી હરિને આજ્ઞા આપવા નમ્ર વિનંતી.

આજ બપોરના દોઢ વાગ્યે વાડામાં આગ લાગી, અમારા ઘરેથી તમારે માટે ૧ નાળીયેર સમર્પણની માનતા કરી એટલે તરત જ માણસો ભેગા થઈ ગયા અને આગ ઓલવી નાખી નહિં તો નીરણ ઘર વધુ ભસ્મ થઈ જાત, તમારો આ ચમત્કાર બધા બોલતા હતા કે સાક્ષાત પ્રભુ ઘર પાસે છે, તે વિના આગ કોઈ સમાવી શકે નહી એજ. સેવકોના જય સ્વામિનારાયણ વાંચજો. **લી. આપનો આપનો સેવક જયંતિલાલ.**

કીર્તન

ઘનશ્યામ હરિ ઘનશ્યામ હરિ, મારે કંઈક તમોને કહેવુ છે,
મારી નૈયાને પાર ઉતારજો
દીન જાણી મને દર્શન દેજો
મારે તવ ચરણોમાં રહેવુ છે
મારે કાંઈક તમોને કહેવુ છે - ઘનશ્યામ હરિ ૧

પ્રભુ બહુ બહુ દુ:ખ છુપાવીને
મારા દરદ લીધા દફનાવીને
મારે માથે તમારૂં દેવુ છે
મારે કાંઈક તમોને કહેવુ છે - ઘનશ્યામ હરિ ૨

પ્રભુ આપ વિના દિલ કયાં ખોલું
જયાં પ્રેમ નહિં ત્યાં શું બોલું
મારે મૂંગે મોઢે રહેવું છે
મારે તમોને કાંઈક કહેવુ છે - ઘનશ્યામ હરિ ૩

પ્રભુ આપ વિના નથી કયાંઈ આરો
હું જન્મ જન્મનો દુ:ખિયારો
મારૂં જીવન જાણવા જેવું છે
મારે કાંઈક તમોને કહેવુ છે - ઘનશ્યામ હરિ ૪

પ્રભુ પ્રેમ સેવા દર્શન દેજો
મારી આગળ આવીને રહેજો
મારે તમારી સેવામાં રહેવુ છે
મારે એટલુ તમોને કહેવુ છે - ઘનશ્યામ હરિ ૫

❖❖❖❖❖

પત્ર નં-૬૫૦ તા. ૧૮-૪-૮૧

ભંડારા, મહારાષ્ટ્ર.

માધવભાઈ ભગવાનજીભાઈના દંડવત્. પ્રગટ પ્રભુના પરચા.

હું ટેકસીમાં નાગપુર જતો હતો, સામેથી આવતા કેરીયરમાં મારો દાબો હાથ અથડાણો, બાવડાથી ભાંગી ગયો, મને લોકોએ સીવીલ હોસ્પીટલ દાખલ કર્યો, હું બેહોશ પડયો હતો, ૩૯ દિવસ હોસ્પીટલમાં રહેવુ પડયું, ડોકટરે મૂળથી કાપવાનું નકકી કર્યુ, ત્યારે મેં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ભગવાનને સંભાર્યા સ્તુતિ કરી, ભગવાન સન્ત દિવ્ય રૂપે તુરન્ત પધાર્યા, મેં નમીને કહયું આપને ઠીક લાગે તેમ રક્ષા કરો, સેવા કરાવો, ભગવાન અદ્દશ્ય હો ગયે ચોથે દિવસ ફરીથી પધાર્યા અને દયાથી બોલ્યા તમારો હાથ બીલકુલ સાજો નરવજો થઈ જાઓ, એમ કહી તુરન્ત હાથ ફેરવી ભાંગલા હાથે સાજો કરી અદ્દશ્ય થઈ ગયા, આ પરચો મને કાયમ સ્મૃતિમાં આવે છે.

એકવાર દિવ્ય રૂપે આવીને પ્રગટ પ્રભુજીએ કહયુ તમોને ઉત્સવ પુજા પાઠ કરવા મકાન નાનું પડે છે, માટે મકાનો ગમે તે લઈ લ્યો, મંદિર કરો, ભંડારામાં ભૂતિયુ મકાન મને મળતુ હતુ તેમાં જાય તે બેહોશ થઈ જાય, મે શ્રી પ્રગટ પ્રભુજીના પાઠ નામ રટન કરીને બધા ભૂતોને મોક્ષ આપ્યો અને પ્રગટ પ્રભુજીને પ્રતાપે તેમની પ્રસાદી જળ પીને ભૂતો મોક્ષમાં ગયા, તે મકાનને મંદિર બનાવ્યું આજે સો સો માણસો ધુન્ય પુજન ભજન કરે છે તે તીર્થ સ્થાન બન્યુ છે.

એકવાર પ્રગટ પ્રભુના ચરણોમાં ધરવા નાણું કાઈ ન હતુ, ગુરૂ મહારાજે ભંડારાના વતની છો, તમારો ભંડાર અખૂટ હો એવો આશીર્વાદ આપ્યો તે દિવસથી સમ્પતિ આવવા લાગી, લાખોના કામ થવા લાગ્યા છે, શ્રીહરિશરણાગતિ મંડળના સો ઉપર કંઠી ભકતો ભંડારામાં મહારાષ્ટ્રીઓ થયા છે, શ્રીકૃષ્ણનારાયણની ભક્તિમાં ગરકાવ રહે છે, પ્રભુજીને પૂજે છે, સાપ્તાહિક ભજન ધુન્ય કીર્તન શોભાયાત્રા વિગેરે કરે છે, નરનારીઓ ભકતજનો પ્રગટ ભગવાનના કીર્તન ગાય છે,

એકવાર પ્રગટ ભગવાનના દર્શનાર્થે જઈને ચાલતે સમય રજા ન લીધી, મને ઘર પર જાતાં જ તાવ ચઢયો અને ભાન થયુ પગે લાગ્યો નહિ, તુરત ભગવાનને સંભાર્યા પોતે દિવ્ય મૂર્તિ ભંડારામાં પધાર્યા, મેં ક્ષમા માગી, ભગવાને તાવ ઉતારી દીધો, રક્ષા કરી, દર્શન દઈને અદ્દશ્ય થઈ ગયા.

ભંડારાના સુરેશકુમારે પ્રગટ ભગવાનથી જૂનાગઢમાં કંઠી બાંધી, ભંડારા જઈ વ્યસનને રસ્તે ચઢી ગયા, હૃદયના હાડકામાં દુઃખાવો થયો, ફેફસા બગડી ગયા છે, ડોકટરે સારૂં નહિ થાય તેવી સલાહ આપી, ગાડી ભંડારા જાવા ચાલતી હતી, નાગપુર

જવા અટકતી હતી, ગુરૂ મહારાજને સંભાર્યા ભંડારા આવી આરાધના પૂજા કરી પ્રભુજી પ્રગટ આવ્યા હાથ ફેરવી નીરોગી થવાનું વચન આપી અદૃશ્ય થયા, અહો ભગવાન દેવાધિદેવે મારી રક્ષા કરી, સાજા થયા અને સુરેશકુમાર મૃત્યુથી બચ્યા, બિલકુલ સાજા નરવા ભક્તિ કરે છે, પ્રગટ પ્રભુજીને પૂજે છે,

હું સ્કુટર વડે નાગપુર જતો હતો જોખમ ભેળુ હતુ, સ્કુટર અટકયુ, રાત પડી અંધારા ઘેરાણા બીકના માર્યા પ્રત્યક્ષ શ્રીકૃષ્ણનારાયણને રટવા લાગ્યો, ભગવાન પધાર્યા સ્કુટરને હાથ લગાડી ચાલતુ કરી અદૃશ્ય થઈ ગયા, હું રાતે બાર પછી નાગપુર પહોચ્યો મારી ઘણી રક્ષા કરી.

❖❖❖❖❖

પત્ર નં-૬૫૧ તા. ૨૩-૫-૮૧

આબુધાબી, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રભુને નમો નમઃ શ્રીબાલકૃષ્ણ પ્રભુજીને નમો નમઃ શ્રીકૃષ્ણનારાયણ સ્વામીને નમો નમઃ શ્રીગોપીનાથજી પ્રભુજીને નમો નમઃ શ્રીગોપાલકૃષ્ણ બાલપ્રભુજીને નમો નમઃ, શ્રીવિદ્યામૂર્તિ ભગવાનને નમો નમઃ, શ્રીપરબ્રહ્મ પરમાત્માને નમો નમઃ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રગટ પ્રત્યક્ષ પ્રભુજીને નમો નમઃ શ્રી જૂનાગઢ અક્ષરધામમાં સ્વસ્વરૂપે બિરાજમાન આનન્દ ધન સુખનિધિ સર્વે તત્વોમાં પ્રત્યક્ષ મૂર્તિઓ અનાદિશ્રીકૃષ્ણનારાયણ મહાપ્રભુજી દયાનિધિ કરૂણાસાગર પરમ દયાળુ ભકતવત્સલ પરમાત્મા સર્વ ધારક રક્ષક પ્રેરક ભકત પ્રતિપાલ સર્વજ્ઞ સર્વકર્તા સર્વ કારણ અમારા જીવનપ્રાણ પુરૂષોતમ નારાયણ ભરત ખંડમાં વિચરતા ગોપાલકૃષ્ણ ભગવાનનન્દન શ્રી અન્તર્યામી ભગવાન પ્રતિ -

આબુધાબી લિ. આપને હર ક્ષણોમાં ભજતો દાસ શાન્તિલાલ આદિ શ્રીહરિશરણાગતિ મંડળના દંડવત સ્વીકારજો, પ્રભુજી અમારી અલહુઈસ સાઈડ બદલી થઈ છે, રક્ષા કરજો, તમો બધુ જુઓ છો, જાણો છો, રામજી ભગત ઉપ કીલોમીટર દુર છે, તેઓ બધા મળવા આવ્યા હતા, ખૂબ આનન્દ થી ભેટયા કીર્તન કર્યા પછી તેઓ સાથે, અમો તા. ૧૫-૫-૮૧ ના ગીયાસી જવા નીકળ્યા રામજી ભગત વિગેરે એક સાથે જતા હતા. રસ્તામાં ટેકસી ઉંધી પડતા પડતા રહી ગઈ ત્રણ ચાર ફુદરડી ફરી ગઈ, તમોને જોર જોરથી નામ બોલ્યા અને ટેકસી ઉભી રહી ગઈ અમો પાંખ જણા તરત બચી ગયા, નહિં તો ત્યાં જ મરી જાત, આપ રક્ષામાં બેઠા છો, બધા અમો સુખીયા છીએ તમારા દિવ્ય દર્શન થયા અને ભાન આવ્યું , અંધારા આવી ગયા હતા. ટેકસીવાળા ડ્રાઈવરે કહયુ ખુદા લકડી વાલા પઘડીવાલા આયા થા, ઉસને ટેકસી ખડી રખ દિયા

મહારાજ ચલા ગયા, અમારા સ્વામી ધણી પરમેશ રક્ષા કરી તેમ કરજો, અમોએ તમારા નામની ચુંદળી ઓઢી છે, અમારા સ્વામીનાથ પ્રાણપતિ ભગવાન છો, બચાવજો, રાજી રહેજો, તમારી સેવા આપજો દર્શન આપતા રહેજો આશીર્વાદ લખજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૫૨ તા. ૨૮-૫-૮૧

દુબઈ.

ભગત નરસી મૂળજી વીરાના દંડવત જય સ્વામિનારાયણ વાંચશો, ભગવાન હું પાલખ ઉપરથી બે વાર પડી ગયો મને નીચેથી તમે ઝીલી લીધો, એક આરબો નીચે ઉભો હતો તે કહે લાલ ખૂદા આયા, તુમ બચ ગયા, ખુદાકી નમાજ પઢોં. મે હાથ જોડી દંડવત કર્યા પગે લાગ્યો તમો વયા ગયા, આમ છુટી ઉપર બે દિવસ રહીને કામે લાગી ગએલ છું, દર્શન દેતા રહેજો રક્ષા કરજો, સેવા માનતા મોકલીશ એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૫૩ તા. ૩૧-૫-૮૧

દુબઈ.

દુબઈથી સર્વનિવેદી ભકત કાનજી મૂરજીના સદંડવત જયઅનાદિશ્રીકૃષ્ણનારાયણ વાંચશો, શ્રીશ્વેતાયન વ્યાસ ભગવાનને નમો નમઃ મહારાજ પ્રગટ ભગવાનને નિવેદન જે તીર્થના કુટુમ્બીઓ જણાવે છે, તીર્થભૂમિનું કામ હાલમાં પાર પડે તેમ જણાતુ નથી, તો જામવણથળી માટે જૂમામા ભેગા થએલા તમામ શ્રીહરિશરણાગતિ મંડળોએ ફુલવાડીમાં ભગવાનનું મોટુ દિવ્ય ગગન સ્પર્શિ ત્રિશુંગી પ્રસાદીભવન બનાવવું, તૈયાર કામ હાલમાં એક દસકામા પૂરેપુરૂ કરી લેવુ, મસ્કત બેહરીન રૂવી સલાલાહ અજમાન સફાત કુવેત બગદાદ સાઉદી અરેબીયા દુબઈ આબુધાબી દાસાઈલેન્ડ ધોફર સુદાન સોજેકસ ત્રિપોલી સીલ અમલકુંજ અસાબ પૂના ભંડારા કાન્દીવલી સુરત રાજકોટ જામવણથલી ધોરાજી ચાવડા શ્રીનગર તીર્થભૂમિજીર્ણદુર્ગ વિગેરે સ્થળોના શ્રીહરિશરણાગતિ મંડળોના પત્રો દ્વારા યાત્રા દ્વારા મોઢોમોઢ તથા મહોત્સવો દર્શનાર્થી ભકત સેવકોના વિચારો એકી સાથે ગુંજી ઉઠયા છે જે ફુલાવાડીમાં અઢળક નાણા ખર્ચીને ભગવાનનો દિવ્ય મહા પ્રસાદ સદા દર્શન પુજન યાત્રા માટે કરવો.

બધા શ્રીહરિશરણાગતિ મંડળો અમો એ બાબતમાં એકમત છીએ તો આપ આશિર્વાદ આપજો, કુંજપતિની પેઠે મીઠી નજર સાથે આપતા રહેજો ,એજ બધાની પ્રાર્થના છે. કુંકાવાવ કાંદીવલી ફુગેવાડી ભંડારા ફુલવાડી ધોરાજી જૂનાગઢ વિગેરે સ્થળોએ ચાલુ હરિ મન્દિરો છે, તો મહા મન્દિર કરવા અમો આશીર્વાદ માગીએ છીએ, રાજી રહેજો.

❖❖❖❖❖

પત્ર નં-૬૫૪ તા. ૧૮-૬-૮૧

મુંબઈ.

વેદવ્યાસ પરમેશ્વર સાક્ષાત પરબ્રહ્મ માનવ સ્વરૂપે બિરાજમાન અમારા કુટુમ્બના પરમગુરુ મહારાજ દિવ્ય અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન પ્રતિ **મુમ્બઈથી સેવક કાન્તિલાલ પુરૂષોતમ તથા તુલસીભાઈના કોટિ દંડવત સ્વીકારજો,** મારી તબીયત બહુજ નબળી હતી, રોગે ઘેરાઈ ગયો હતો, રાજકોટ આવવાથી આપ જૂનાગઢ બિરાજો છો એ ખબર મળ્યા તરત જ આપના દર્શને આવ્યા, અમોને પ્રસાદી જળ આપ્યા આશીર્વાદ આપ્યા અને આરામ થવા લાગ્યો, આજકાલ તબીયત બહુજ સારી છે, બધું કુટુમ્બ સાજા નરવા છે, આપના સમાગમ દર્શન સેવા વડે લાંબા સમયે હું સુખી થયો, આપના દર્શન આપતા રહેજો, ડોકટરની સલાહ મળી કે હવે જીંદગી રહેશે નહિ, પણ તમારી પ્રસાદી જળ વડે મારી જીંદગી વધી ગઈ. મારી તથા મારા કુટુમ્બની નજર રાખજો, મારા માવતરોએ મને કહેલ છે જે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્રીકૃષ્ણનારાયણ પોતે પ્રગટ બિરાજે છે તેવા પરચાઓ અમે જોયા, અમારા વસનજી ભાઈ તથા અમો સવારે કાયમ આપની મૂર્તિ સેવા પુજા કરીએ છીએ, આપના આશીર્વાદ કાયમ માગું છું રક્ષા કરજો, આપના ચરણરજ કાન્તિલાલના દંડવત. જય સ્વામિનારાયણ વાંચજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૫૫ તા. ૧૭-૬-૮૧

જામનગર.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ પ્રભુજી સ્વામિનારાયણ સત્ય છે,**ચરણસેવક ચન્દ્રવદન તથા ભરત કુમારના દંડવત વન્દન સ્વીકારજો,** પરમદયાળુ રસિયા પ્રિયતમ પ્રાણનાથ પ્રભુજીના ચરણોમાં કોટિવન્દન હો, લક્ષ્મીનાથ અક્ષરપતિ સન્તસ્વરૂપ પૂર્ણ પુરૂષોતમ ભગવાન આપ શ્રીકૃષ્ણનારાયણ વ્હાલા ભગવાનને અનન્ત વન્દન હો, શ્રીહરિશરણાગતિ મુકત મંડળને અમારા વન્દન હો, હે ભગવાન ! અમારા પર અઢળક ઢળ્યા ઓળખાવ્યા કર ગ્રહયો તે મુકશો નહી ભક્તિ વધે તેમ દયા કરજો, અમારા અવગુણ જોશો નહિ. તમારૂં દિવ્ય નિરગુણ અવિનાશી સુખ ધામમાં આપજો દાસ ભકત માનજો જાગ્રત સ્વપ્ન સુષુપ્તિમા દર્શન થતા રહે તેવી કૃપા કરજો, અન્તરયામી અમો જૂનાગઢ દર્શને આવવા ધારીએ છીએ અને રાજકોટમાં રહેવા ઈચ્છીએ છીએ અમો બાળ બચ્ચાઓ સેવકોની સંભાળ રાખજો, તમારૂં ધામ આપજો, તમારા દિવ્ય ચિન્હો વડે અલૌકિક સુખ થાય છે એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૬૫૬ તા. ૧૯-૬-૮૧

જામવણથલી.

સેવક ચરણરજ ભકત પુરૂષોતમ ડાયા મકવાણા બગીચાવાળાના કોટિ દંડવત પ્રગટ ભગવાનનાં ચરણોમાં હો. મારા ઉપર કૃપા રાખી છે મારો પુત્ર આપનો ભકત પરેશ દુબઈ હોસ્પીટલમાં એક મહીનાથી છે તેને સાજો નરવો કરી દેજો, દર્શન આપજો ભગવાનને સર્વના દષ્ટાને આંતરિક પ્રાર્થના છે માફ કરજો પરદેશ છે માટે ભુલચુક માફ કરજો, સારા સમાચાર આવે તેમ કુટુમ્બ વાટ જુએ છે એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૬૫૭ તા. ૨૧-૭-૮૧

આબુધાબી, દુબઈ.

આબુધાબીથી તમારો દાસ વ્રજલાલ લાલજી જાવીયાના કોટિ દંડવત પ્રણામ જય સ્વામિનારાયણ વાંચશો, રતિલાલભાઈનો પત્ર આવતો હશે હું સુખી છું કમ્પની સારી છે, કામકાજમાં આરામ છે, તેમને પ્રગટ ભગવાનને ભજું છું, તા. ૨૦ ના રાતે સંભારીને સૂતા પછી તમો તરત જ દિવ્યરૂપે આવ્યા, તમારા પગમાં પડીને મેં દંડવત કર્યા, તમને છાતીમાં ભીડીને મળ્યો, મારા મસ્તકે તમોએ બન્ને હાથ મેલ્યા, રાજી થયા, સુખી રહે ભજન કરજે એમ કહયું, મને ભગવાન ગુરૂદેવ પ્રભુજી દર્શન આપો તો સારૂં એવા મારા સંકલ્પો પૂર્યા, પછી મેં આરબી પરદેશી ખાવા-પીવાની આભળછેટના દોષો દૂર કરવા તમારા પગનો અંગુઠો મોઢામા લીધો અને ચુસ્યો તેટલામા તમે શુદ્ધ થઈ ગયા એમ કહીને તુરત જ અદશ્ય થઈ ગયા, તુરત જ રાતે મેં આ પત્ર લખ્યો છે, સવારે પોષ્ટમાં રવાના કર્યો છે, મહારાજ ભગવાન દર્શન દેતા રહેજો મારી રક્ષા કરજો, આંહી બધા તમારૂં ભજન ધુન્ય કીર્તન થાળ આરતી કરીએ છીએ દયાળુ દયા વરતાવતા રહેજો ગુલાબ પાંખડી પ્રસાદી મોકલજો, જય સ્વામિનારાયણ વાંચજો સેવા મોકલવી છે તે મોકલીશ. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૬૫૮ તા. ૨૩-૭-૮૧

દુબઈ.

શાન્તિલાલ પુંજાભાઈ વાઢેર દાસનાદાસ ચરણરજ ભકતના ભેટીને દંડવત્ પ્રણામ સ્વીકારજો, હે ભગવાન શ્રીકૃષ્ણનારાયણ શ્વેતાયન વ્યાસજી પ્રગટ પ્રભુ, તમો અરબસ્તાનમાં બહુ જ રક્ષા કરો છો, આપત્માં દર્શન થાય છે દુઃખ દૂર થઈ જાય છે, દુઃખ આવા દેશો નહી. હે નાથ પ્રાણપતિ સાક્ષાત્ લક્ષ્મીપતિ મહાપ્રભુજી શ્રીકંભરા

લક્ષ્મી ગોપાલકૃષ્ણના બાળ પ્રભુજી તમોને નમો નમઃ સ્વ સ્વરૂપમાં જૂનાગઢ તીર્થમા બિરાજતા આનન્દઘન સર્વ તત્વોમાં પ્રત્યક્ષ મૂર્તિ શ્રીહરિકૃષ્ણ મહારાજ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરમ પ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રતિ **આબુધાબીથી લખિત આપને અહોર્નિશ ભજનાર, ચરણકમળના દાસોનો દાસ સેવક શાન્તિલાલ પુંજાભાઈના કોટાનકોટિ દંડવત્ પ્રણામ સહિત ઘણા સ્નેહ સાથે જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી, દંડવત્ સ્વીકારશોજી,** વિનન્તિ જે મારા બધા પત્રો મળતા હશે આપ તરફથી મારા આત્માના સાચા ધણી નાથ મારા હે સ્વામિ મારા ભગવાન તમારો પ્રસાદી પત્ર નથી તેથી ઘણી ચિન્તા થયા કરે છે, કયારેક તો મારા આત્મપતિ નિંદર પણ આવતી નથી અને વિચાર આવ્યા કરે છે જે હું સાચા ભગવાન ભકતના ધણીના વાંકમા આવી ગયો હઈશ, પણ હે નાથ ! કાંઈપણ જાણે અજાણે મારાથી ભુલ થઈ ગઈ હોય તો પ્રભુજી મને માફ કરજો, ક્ષમા માગું છું, માફી માગુ છુ, આપના પ્રસાદી પત્ર આશીર્વાદની રાહ તરસીયા માણસની પેઠે જોઈને બેઠો રહુ છું, પ્રસાદી પત્ર નથી આવતો તેથી સોરવતુ નથી, તો મારા પ્રાણપતિ દેવ ભકતના ધણી મારા સ્વામી મારા ભગવાન ધામવાસી પ્રભુજી મારી નજર રાખજો, આંહી મને આપત બહુ જ આવ્યા કરે છે, હું ઘણી શાન્તિપૂર્વક કામ કરૂ છું, તેમાં મુશીબતો આવ્યા કરે છે, અન્તર્યામી પ્રભુજી તમો પ્રત્યક્ષ આંહી આવીને મને આફતમાંથી બચાવો છો તે હું જોયા કરૂ છું, નકર તો મને કમ્પની ઈન્ડીયા મોકલી આપત, પણ દયાળુ તમોએ મારી રક્ષા કરી લીધી, તો મારા દેવ મારા રક્ષણહાર દયાળુ મારી નજર રાખજો શરીરે સાજા નરવા રાખજો, દેશમાં તમારા ભકતોની બાળ-બચ્ચાઓની રક્ષા કરજો.

અમે તો ભગવાનને સર્વસ્વ શરણે અર્પણ કરી ચૂકયા છીએ, તમો પ્રગટ પ્રભુજી તમારે જેમ રાખવા હોય તેમ રાખજો, તમારે શરણે ભક્તિમા સુખીયા છીએ, હવે તો ભગવાન મલકના ધણી રાજીપાની અહીં નજર રાખજો, મુશીબતમાથી તમો બચાવતા રહેજો, દર્શન અમોને આપજો. દેશમાં મંડળ તમારે સાચવવાનું છે, અમોને તમારા પરમ એકાન્તિક બ્રહ્મરૂપ ભકતોનો મુકતોનો સમાગમ આપજો, આલોકમાંથી અમોને બચાવજો અણસમઝણની ઘણી ભુલો માફ કરજો, સદાયને માટે તમારો કરીને ચરણોમાં રાખજો, અમો તમારા બાળકો છીએ તમે અમારા મા બાપ છો, આપ અક્ષરધામના ધણી સ્વયં પરબ્રહ્મ પ્રગટ પ્રભુજી છે, અમારા અહોભાગ્ય કે જે આપ પ્રગટની ઓળખાણ થઈ તમારો રાજીપો મેળવીને રાજી કરીએ છીએ, તમો જયાં હો બેઠા હો ત્યાંથી અમારી નજર રાખજો, આંહી રક્ષા કરજો, આંહી ભકતો બધાના જય સ્વામિનારાયણ વાંચજો, બધા તમારી દયા વડે સુખી થાય છે મજામાં છે, પ્રસાદી પત્ર લખજો, રાજકુમારો જેવા

સુખ આવ્યા છે, ભજન કરીએ છીએ, માળાઓ ફેરવીએ છીએ, દર્શન દેજો. શાન્તિલાલ પુંજાદાસના દાસના જય સ્વામિનારાયણ વાંચજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૫૯ તા. ૧૪-૮-૮૧

દુબઈ.

ઈરાક બગદાદથી રવજી મૂળજી ટાંક આપના દંડવત્ સ્વીકારજો. પ્રભુજી મુકત ઈશ્વર પૂજય ગુરૂદેવ પરમાત્મા પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું અનેક ચિન્હ સુશોભિત ચરણકમળોવાળા શ્વેતાયન વ્યાસજીની મૂર્તિ ધ્વજ ધનુષ્ય ત્રિશુલ સ્વસ્તિક મત્સ્ય અષ્ટચક્ર શિખર ધ્વજ આદિ ચિન્હો સહિત કરકમળવાળા પ્રભુજી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ સાકાર મનોહર દિવ્ય મૂર્તિ સર્વ શક્તિ ઐશ્વર્ય સામર્થ્ય વિભૂતિપતિ ભગવાન આપને આરાધના જે આશીર્વાદ આનન્દપત્ર લખશો પરદેશમાં રક્ષા કરજો દિવાળી સુધીમાં ઈન્ડિયા આવવુ છે જરૂર સેવા લખજો, દર્શન દેજો, દયાળુ બધા સારાવાના કરજો, નાના દાસને પોતાનો જાણી સંભાળતા રહેજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૬૦ તા. ૨૮-૭-૮૧

બહેરીન, દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ શ્રી પ્રગટ પ્રભુજીને નમો નમઃ શ્રીબાલકૃષ્ણ પ્રભુજીને નમો નમઃ જૂનાગઢ સ્વધામમાં સ્વ સ્વરૂપમાં બિરાજમાન સર્વાવતારી સર્વોપાસ્ય પ્રગટ પરબ્રહ્મ દિવ્યમૂર્તિ સ્વયં શ્રીહરિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આપ નિજ ભકતોને સુખીયા રાખો છો, **બેહરીનથી લી. દાસાનુદાસ સેવક વેલજી મનજી કાચાના તથા શ્રીહરિશરણાગતિ મંડળ તથા જયન્તીલાલ મનજી કાચાના ખુબ ખુબ હેત ભર્યા દંડવત સહિત જય સ્વામિનારાયણ વાંચજો,** આપે નિજ જન્મજયન્તિ આસો વદ અષ્ટમી નિમિતે અમોને નામ લખી સેવામાં લાભ આપ્યો તેથી ખુબ ખુબ રાજી થયા છીએ અમારા મહા બળવાન ભાગ્ય છે કે ભગવાન આપ રાજી થકા સેવા આપો છો તમોએ અમોને યાદ કરીને સર્વની સાથે લેખમાં રાખ્યા, તેથી ખૂબ જ આનન્દ મંગળ થયેલ છે, દેશમાં છોકરાવની નજર રાખજો કુશળ લખશો. હરીલાલ ફોટાઓ લાવ્યા છે તે ધોવરાવ્યા છે પ્રગટના ભકતોને અતિ અતિ આનન્દ થઈ પડયો છે. વેલજી મનજી જયન્તીલાલ મનજી હરીલાલ વેલજીભાઈ ટપુલાલભાઈ કાનજી ચાવડા મંડળ વિગેરેના જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૬૬૧ તા. ૧-૮-૮૧

બીલીમોરા.

પ્રગટ પ્રભુજી અનાદિ પરનારાયણને નમઃ પ્રભુજીનો સદા વિજય હો.

અક્ષરાતીત પુરણ પુરૂષોતમ પ્રગટ પરમાત્મા પ્રગટ શ્રીસ્વામિનારાયણ પ્રભુજી સર્વેના સ્વામિ નિયન્તા અધિપતિ અવતારોના અવતારી પ્રગટ પરમાત્મા પુરૂષોતમ ગુરૂ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્વામિનારાયણ પરમાત્માને અમારા સર્વના ઘણાંજ દૂડવત પ્રણામ છે, **બીલીમોરાથી પ્રગટના ચરણ કમળ સેવક દાસ હરીલાલ તથા દિનેશ તથા ધીરજલાલ તથા વ્રજલાલ તથા નરસિંહભાઈ મગનભાઈ નવીનભાઈ વિગેરે અમારા સર્વેના દંડવત પ્રણામ જય સ્વામિનારાયણ વાંચશોજી.** આપના આશીર્વાદોથી અમોને સદા આનન્દ વરતે છે અમારા કામકાજ ખુબજ લાભમાં છે. ચોમાસામાં ભક્તિ વિશેષ કરીએ છીએ. અમારી રક્ષા કરજો દર્શન દેજો આવજો મળજો ભેટજયો. દિનેશકુમારના જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૬૬૨ તા. ૨૯-૩-૮૧

કોલ્હાપુર.

સેવક શાન્તિલાલ તથા આશીષ વિગેરેના સદંડવત્ જય સ્વામિનારાયણ વાંચજો, હે પરમ દયાળુ પ્રગટ બ્રહ્મ સદ્‌ગુરુ ભગવાન શ્રીહરિજી શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણ સ્વયં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ભગવાનની સેવામાં અન્તર્યામી પ્રભુજીના ચરણોમાં હજારો દંડવત હો, આપની મરજી સિવાય સુકુ પાંદડુ પણ હલે નહી, પુનાભાઈ પાસે એક ટ્રક છે તે બરાબર ચાલે તેવો આશીર્વાદ આપજો તથા કોલ્હાપુરમાં મારે મકાન બાંધવુ છે તેમાં સફળ થવાય તેમ આશીષ આપજો. જમીનના ભાવ બહુ જ છે અમારી આશા પુરી પાડજો, આપ દિવ્ય દર્શન દેતા રહેજો, પ્રસાદીના પુષ્પો મોકલાવજો, કુટુમ્બની રક્ષા કરજો, આશીષ ખૂબ ભણે તેવી દયા રાખજો, અમારી મનોકામના પૂર્ણ કરજો, આપ ભગવાન બધું દેખો છો, અમારા ઉપર રાજીપો રાખજો એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૬૩ તા. ૧-૮-૮૧

ફુગાવાડી, પૂના.

શ્રીશ્વેતાયન વ્યાસજીનો નમઃ પ્રગટ પ્રભુજી અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં **ફુગાવાડીથી આપની મૂર્તિનું અખંડ ઘરમાં દર્શન સેવન કરતા તુલસીભાઈ મકવાણા ધર્મેશ ભાવેશ તથા શ્રીહરિશરણાગતિ મંડળ**

સમસ્તના દંડવત વાંચજો. ફુગાવાડી મંદિરમાં પ્રગટનું જીવનચરિત્ર વાંચીએ છીએ, ભકતોની રક્ષા કરો છો તે તમો પ્રગટ ભગવાન કરી શકો બીજો કોઈ કરી શકે નહીં, પાપી જીવ પણ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમઃ જપીને મોક્ષમાં જાય એવો તે બળવાન મંત્ર છે, તે પ્રગટ પ્રભુનું પ્રત્યક્ષ બળ કહી બતાવે છે. ધામમાં અમોને સેવામાં રાખજો, રાજકોટ પ્લોટ છે તે અમારે ખાતે થઈ જાય તેવી કૃપા કરજો, શ્રીહરિશરણાગતિ મંડળ છોકરાવની ઉપર દયા કરજો, દર્શન દેજો, ગરીબ ભકતના તારણહાર પ્રભુજી ઘણું ઐશ્વર્ય વાપરતા રહો. એજ.

❖❖❖❖❖

પત્ર નં.-૬૬૪ તા. ૩-૮-૮૧

નાસિક.

શ્રી પરમ પુરૂષોતમ શાસ્ત્રી નારાયણને નમો નમઃ પરમ પૂજય ભગવાન મોટા શાસ્ત્રીજી મહારાજ હે દયાળુ કરૂણાનિધી પતિતપાવન મોક્ષપ્રદાતા શ્રીસ્વામિનારાયણ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ચરણોમાં **નાસિકથી આપનો ચરણરજ ભરતકુમારના જય સ્વામિનારાયણ વાંચજો,** આપની દયા કૃપા અને આશીર્વાદોથી સુખી છું, ભજન ભક્તિ કર્યા કરૂ છું, આપનું ધ્યાન ધરૂં છું બહુ જ સુખી થાઉં છું, આપ દયાળુ સર્વ જીવોના મોક્ષના દાતા છો, બળ આપજો હૃદયમાં સદા રહેજો, કામકાજ આવડી ગયુ છે, મારો પાસપોર્ટ આવી ગયો છે, કામ સિદ્ધ થાય પરદેશ જલ્દી જવાય તમારી સેવા થાય ભજન થાય તેવુ બળ આપજો, હું તમારી મૂર્તિની સેવા પૂજા કરૂં છું, મંદિરે પણ જાઉ છું. પ્રસાદી ગુલાબ પાંખડીયો મોકલજો, મને તમારા દર્શન થાય છે.

તમો અન્તર્યામી છો તમારી મરજી આજ્ઞા વડે આ સૃષ્ટિ ચાલે છે, તમારી મરજી વિના કોઈ સુકુ પાંદડુ પણ હલાવી શકે તેમ નથી, આ પૃથ્વી પર ભગવાન અવતાર ધરે છે ત્યારે મનુષ્ય જેવી ક્રીયા કરે છે તેને પાપીઓ ઓળખતા નથી. આપ સાક્ષાત શ્રી કૃષ્ણનારાયણ રૂપે ઓળખાણા છો, આપ સર્વ ભગવાનના ચિન્હો સહિત વિરાજો છો, વિચરો છો, લીલા કરો છો, દિવ્ય સ્વરૂપે પૃથ્વીમાં નવ ખંડમાં ફરવા નીકળો છો ભકતોને દર્શન થયા કરે છે. મૂર્તિમાં બિરાજો છો. તેમાં સેવાપૂજા અંગીકાર કરો છો તમારી ઓળખાણ જેને થઈ તેને આંહી બેઠા જ અક્ષરધામ છે. તમો સર્વ નિયન્તા છો, પતંગનો દોર તમારા હાથમાં છે. તમો ભગવાન ગુરૂદેવ અમારી રક્ષા કરજો અમારી સાથે છો સેવા થાય તેમ કરજો એ પ્રાર્થના. ભરતકુમારના ચરણ સ્પર્શી દંડવત વાંચજો જય અનાદિશ્રીકૃષ્ણનારાયણ.

❖❖❖❖❖

પત્ર નં-૬૬૫ તા. ૫-૮-૮૧

ફુગાવાડી, પૂના.

શ્રીશ્વેતાયન વ્યાસજીને નમો નમઃ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરબ્રહ્મ પરમાત્મા અમારા પ્રગટ ભગવાન અમારી નજર રાખનારા દેવોના દેવ અન્તર્યામી ઈશ્વર પરમેશ્વર સાક્ષાત હાજરા હજૂર રક્ષા કરનારા શ્રીકૃષ્ણ ભગવાન દિવ્ય મૂર્તિ અમારા કુટુમ્બના ઈશ્વર વિશ્વના પરમેશ્વર સાક્ષાત શ્રીહરિ જૂનાગઢ વિરાજતા દિવ્ય મૂર્તિ દર્શન આપતા અધમઉધારક મોક્ષદાતા સાથે રહેનારા ભક્તિ વડે રાજી થતા પરદેશમાં નજર રાખનારા શ્રીકૃષ્ણ ભગવાન બધા અવતાર જેમાં છે એવા **પ્રાણપતિ પ્રિય પ્રભુજી અમારા લાખ દંડવત શરણાગતિ મંડળ કુટુમ્બોના જય સ્વામિનારાયણ વાંચશો,** રક્ષા કરજો, દયા કરજો, દર્શન દેજો, પ્રસાદી પુષ્પ મોકલજો, સમૈયાની ફિલ્મમાં તમારા દર્શન ખુબ થયા છે, વળી અવાર નવાર દર્શન થાય છે, સેવા અંગીકાર કરજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૬૬ તા. ૧-૮-૮૧

બીલીમોરા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ શ્રીસ્વામિનારાયણ પ્રભુજી આપનો સદા જય હો, અક્ષરાતીત પૂરણ પુરૂષોતમ શ્રી પ્રગટ પરમાત્મા સર્વના સ્વામી વારમવાર પ્રગટ થતા સર્વના કલ્યાણ કર્તા નિયન્તા અધિપતિ અવતારોના અવતારી એવા પ્રગટ સદગુરૂ શ્રીહરિ પરમાત્મા પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સર્વના ઘણા જ સ્નેહથી સાષ્ટાંગ જય સ્વામિનારાયણ દંડવત પ્રણામ વાંચજો, **પ્રગટ પ્રભુના ચરણરજ હરીલાલ તથા દિનેશના બિલીમોરાથી વ્રજલાલ તથા નરસીંહભાઈના તથા મગનભાઈના નવીનભાઈના વગેરે કુટુમ્બીઓના દંડવત સ્વીકારજો,** આપના આશીર્વાદો વડે અમો આનન્દમા છીએ સુખીયા છીએ, પ્રસાદી ગુલાબ પાંખડીઓ મળી છે ખાધી છે તબીયત સારી છે આપની પ્રત્યક્ષ ભક્તિ કરીએ છીએ, પ્રત્યક્ષને મળ્યા વિના ઉદ્ધાર નથી, તમો અમારી રક્ષા કરજો, હરિલાલ તથા દિનેશ કુમારના કોટિ દંડવત વાંચજો, દર્શન દેજો.

❖❖❖❖❖

પત્ર નં-૬૬૭ તા. ૪-૮-૮૧

અરબસ્તાન, દુબઈ.

શ્રીપ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રી પોતાની જીર્ણ નગરીમાં વિરાજમાન શ્રી ગુરૂદેવની સેવામાં **ગામ તાઈફ અરબસ્તાનથી લી. આપના દાસોનાદાસ સેવક પ્રાગજી રણછોડ રાજા મનાણી તથા માવજી રણછોડ મનાણી તથા ઓધવજી**

વિગેરે શ્રીહરિશરણાગતિ મંડળની શ્રી ગુરૂજીને વિનન્તિ જે તમારી દયાથી અમો ખુશી મજામાં છીએ, તમારૂં ખૂબ ભજન કરીએ છીએ. અમો વિચાર કરતા હતા જે ગુરૂજી ભગવાનનો કાગળ કે દી આવે ત્યાં તમારા આશીર્વાદ પત્ર ગુલાબ-પાંખડીઓ પ્રસાદી આવી એ જોઈને અમોને ખૂબ આનંદ થયો. આપ અન્તર્યામી ભગવાન છો, રમજાન મહીના પછી મોટાભાઈ દેશમાં આવે છે, અમારૂં તમો જ ધ્યાન રાખનાર છો, કરતા હરતા તમો અમોને એવા યોગ આપો જેથી તમારી સેવા કરીએ તે તો તમારા હાથમાં છે. અમે તો બાનારૂપી છીએ તમો દુનીયામાં માલિક છો અમો તમારા છીએ.

રણછોડ ભગતને બહુજ યાદ કરીએ છીએ, તમારી સેવા તથા રણછોડ ભગત માવતરની સેવા મળી તે તો અમારા ભાગ્ય છે, જેથી આંહી અક્ષરધામ જેવા સુખમાં છીએ કોઈ બીક નથી, ભગવાન જયાં જન્મ લીયે છે ત્યાં તેનો ભેળા ભકતો હોય જ છે, તેમના દિવ્ય કુટુમ્બમાં શી ખામી હોય, ભગવાનને રાજી કરવામાં પુણ્ય આવી જાય છે, અમોને પ્રગટ પુરૂષોતમ ભગવાન તથા તેમના એકાન્તિક ભકતોની ઓળખાણ થઈ પ્રાપ્તિ થઈ સેવા મળી જેથી અમારૂં કલ્યાણ થઈ ચુકયુ છે, જલા બાપાએ ભગવાનને રાજી કર્યા સર્વસ્વ અર્પણ કર્યુ, અને જલા સો અલ્લા થયા એવા એવા ભકતોને ભગવાન મળે છે, અહી મમતાવાળાને નથી મળતા, ભગવાનની સેવા મળે અને ન કરે ભૂલે તે બધુંય ભૂલ્યા કહેવાય, અમો બન્નેએ ભગવાન અને માવતરો મુકતોને સેવીને રાજી કર્યા છે તેનું ફળ મહાસુખીયા છીએ, તમોએ આશીર્વાદ આપ્યા હતા જે પ્રાગજી તમો બન્ને મુકતો જેવા રહેશો અને એકભાવે સેવક થશો એવા સેવક છીએ. દયા રાખજો, અપનાવજો, દર્શન દેજો ખબર કાઢવા આવજો. રણછોડ મનાણીના જય સ્વામિનારાયણ વાંચજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૬૮ તા. ૧-૮-૮૧

દાસાઈલેન્ડ, દુબઈ.

દાસાઈલેન્ડથી ભગવાનજી રાજા તથા શ્રીહરિશરણાગતિ મંડળ ૧૨ ના જય સ્વામિનારાયણ વાંચશો, ભગવાન આજ બપોરે બેઠા બેઠા જોલું આવ્યું તેમાં લાકડી હાથમાં પુરા ડ્રેસમાં સામે આવીને ઉભા રહયા દિવ્ય દર્શન થયાં બહુ જ સુખીયો થયો, ફુલપાંદડી આશીર્વાદ વિગેરે સુખ છે જ. જે સેવા ચાકરી અમૃતવાણીના પીયુષપાનના કેફ તો છે જ આજ. વધારે સુખીયો થયો દિવસે દર્શન આપ્યા, મહારાજ સર્વસ્વાર્પણ મહાભાગ્ય હોય જેને ત્રણે અવસ્થામાં ભગવાન વરતે તેને સોંઘા છો, નજર રાખજો, રક્ષા કરજો, હરિકૃષ્ણ વિગેરેને સાચવજો, સુખી કરતા રહેજો, આપનું મુખારવિન્દ સોળ

વર્ષની ઉમરનું જબકાર મારતુ હસતુ નજરે તરે છે, બીજી વસ્તુમાં આડુ પુરૂ દેખાય છે, મહારાજ કમ્પનીમાં બોનસ આપે છે તમારી આજ્ઞા હોય તો વધારે રોકાઈએ જેમ આજ્ઞા તેમ કરશું, બધા ભકતો સુખી છે, બધાનું કલ્યાણ કરતા રહેજો, દંડવત સાથે જય સ્વામિનારાયણ વાંચશો.

❖❖❖❖❖

પત્ર નં-૬૬૯ તા. ૨-૮-૮૧

દાસાઈલેન્ડ, દુબઈ.

દાસાઈલેન્ડથી ચરણસેવકો પ્રાગજીભાઈ વિગેરે શ્રીહરિશરણાગતિ મંડળના દંડવત વાંચજો, દર્શન આપો છો તેમજ આપતા રહેજો, જામવંથળીમાં ખળાવાડ ફુલવાડી સાથે ભળે તેવી જમીન છે તે લેવાનો અતિ ઉત્સાહ બહેરીન મસ્કત આબુધાબી દાસાઈલેન્ડ છુટા છવાયા તમામનો છે, પત્ર દ્વારા સર્વેને એક તાન છે અને સગવડ કરવા ધારે છે તો તમોને પ્રાર્થના અમોને આશીર્વાદ આપજો એ કામ થાય તથા મોટું મંદિર થાય એમ સંકલ્પ કરતા રહેજો, પ્રગટની બહુ જ મોટી કૃપા છે, સેવામાં મુંઝાશુ નહી, બળ આપતા રહેજો, કાન્દીવલી મન્દિર માટે સેવા મોકલતા રહીએ છીએ, રીપેરીંગ માટે મોકલાવેલ છે, આપ પૃથ્વી પર પધાર્યા ઓળખાણા નિજ મુકત મંડળને સાથે લાવ્યા તે સન્તોમાં અલૌકિક રીત પ્રવર્તાવી, સર્વેના મનોરથો પૂરો છો, ફુલવાડીમાં ધામધૂમ થાય અખંડ મૂર્તિ સેવા તીર્થની માફક જલ્દી થવા લાગી તેમ ઉત્સાહ છે, કર્તા-હર્તા તમો છો સારા સંજોગો નિભાવજો. સત્સંગમાં ડંકો વાગે તેમ ભક્તિ કરવી છે, મનોરથ પૂરજો એજ. પ્રગટના દર્શન ગુણગાન સેવા થયા કરે તેવી ઝંખનાઓ પૂરી કરતા રહેજો, દેશમાં બધાને સાંચવતા રહેજો, એજ પ્રાર્થના, થોડા ભકતો દેશમાં આવ્યા છે તે દર્શને આવશે અને દિવાળી પહેલા પાછા પરદેશમાં નિજ ઠેકાણે પહોંચી જાશે કમાતા થાશે સેવાઓ કરશે ભક્તિ કરશે બળ આપજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૭૦ તા. ૧૧-૧-૮૧

રાજકોટ.

ભકત જયન્તી ચરણસેવકના કોટિ દંડવત સ્વીકારજો. બ્રહ્માંડોના અધિપતિ પુરુષોતમ નારાયણ ભકતવત્સલ દીનબન્ધુ દયાસિન્ધુ સુખસાગર ભકતોને સુખ આપનારા ધામમાં પહોંચાડનારા ચરણમાં રાખનારા દયાળુ સદ્‌ગુરૂ ભગવાન શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ચરણોમાં હેતના પ્રણામ સાથે જય સ્વામિનારાયણ વાંચજો, રાખડી બાંધજો રાજીપો આશીર્વાદ આપજો, તમારી મૂર્તિની સેવા કરૂ છું, દૂધ થાળ

જમાડું છું રાજી થજો અને સદ્‌બુદ્ધિ આપજો, તમારી મૂર્તિમાં અખંડ હેત રહે તેવી સ્થિતિ આપજો ભણવામાં હુશિયાર પાસ કરજો, સારા સંસ્કાર આપજો આવા આશીર્વાદ માગુ છું, રક્ષા કરજો દિવ્ય દર્શન આપજો, સંભાળ રાખજો, એજ જયન્તીના અનન્તવર પ્રણામ સ્વીકારજો.

❖❖❖❖❖

પત્ર નં-૬૭૧ **તા. ૧૩-૧-૮૧**

ઈરાક, દુબઈ.

પ્રગટ પ્રભુ દિવ્ય મૂર્તિ ભગવાન ચમત્કારી પરમ પુરૂષોતમ ભગવાન પ્રાણનાથ સ્વામીજી તમારાં દર્શન થયા આનન્દ થયો દિવ્ય મૂર્તિ દેખાણા, **અમો તમારા દાસ ધીરજલાલ દેવરાજ તથા નાનજી તથા હીરજી તથા દામજી તથા શ્રીહરિશરણાગતિના ભકતોની સંભાળ લ્યો છો બહુ જ સુખી છીએ,** કરોડો દંડવત વાંચજો, વચનામૃત તથા ફોટાઓ મોકલજો, એજ. ભુલચુક માફ કરજો, ઈરાક આકાશીત સાઈડ દાઉદી બગદાદ.

❖❖❖❖❖

પત્ર નં-૬૭૨ **તા. ૧૪-૮-૮૧**

ઈરાક, દુબઈ.

દિવ્ય ધામમાં બિરાજમાન સર્વેના અન્તર્યામી સર્વેના કર્મફલ પ્રદાત, હૈયાના હારા નેણાના શણગાર સર્વેના પાલનહાર દીનદયાળ પરમાત્મા અક્ષરના અધિપતિ પરિપૂર્ણ પુરૂષોતમ પ્રગટ અમારા ઈષ્ટ દેવ ગુરૂદેવ શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભકતોને સદા સુખિયા રાખો.

ઈરાક, આકાશિતથી લી. ચરણકમળ સેવક જયન્તીલાલ હંસરાજ રાઠોડ તથા ગુરૂબન્ધુ ચન્દુલાલ તથા પ્રવીણકુમાર તથા કુંવરજી આદિ શરણાગતિ મંડળના લાખો દંડવત સાથે જય સ્વામિનારાયણ વાંચજો, પ્રભુજી સેવા મોકલેલ છે તે સ્વીકારજો શ્રાવણમાં રસોઈ જમજો, અમો થાળ બોલીને આંહી મૂર્તિને જમાડીએ, પછી પ્રસાદી જમતા આનન્દ થાય છે, રક્ષા કરતા રહેજો દર્શન દેતા રહેજો ખબર કાઢતા રહેજો આવતા ફરતા હરતા અમોને સંભાળજો, ઈષ્ટદેવ કર્તા હર્તા આપ જ છો, આપની ગોકુલ અષ્ટમી જન્માષ્ટમી ઉજવશું સારી રીતે ધામધૂમ કરશું, અનાથોના નાથ જરૂર દિવ્ય રૂપે પધારજો, અમારા દિલ નિર્મળ રાખજો, ભૂલચુક માફ કરજો, હે ઈષ્ટદેવ તમોએ પ્રાર્થના પ્રમાણે તરતજ ગુરૂબન્ધુઓને એક સાઈડમાં બદલીમાં ભેગા કરી દીધા છે, સુખી કરી દીધા છે, ક્ષમા કરજો, હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ શ્રીશ્વેતાયન વ્યાસજી તમોને હજારોવાર નમો નમઃ, પ્રત્યક્ષ આત્મપતિ પતિતપાવન, આપના ચરણોમાં

ચન્દુલાલ વિગેરેના કરોડો દંડવત સ્વીકારજો, આપની રજીસ્ટર્ડ પહોચ મળી ગઈ છે, ગુલાબ પાંખડી પ્રસાદી જમીને બહુ જન રાજી થયા છીએ, આપની અમારા ઉપર દયા છે, જમવાની રસોઈનો લેખ કોતરાય છે તેમાં અમારા નામ ભગવાનના મંદિરમાં દયા વડે કાયમી વંચાય તેમ કોતરાવજો અને સેવા પુરેપુરી મોકલાવશું, ચન્દુલાલ મનાણીની પહોંચ મોકલાવી દીધી છે, અમોને સાથે રાખજો, દર્શન આપજો. હે પરમાત્મા ! અમોને સાજા-નરવા રાખજો, કામ-ધંધામાં લાભ રહે તેવા આશીર્વાદ આપજો, ફોટા મળી ગયા છે તે ગુરૂભાઈઓ લઈ ગયા છે, વળી બીજા મોકલાવજો, ભૂલ ક્ષમા કરજો, એજ. બધાના જય સ્વામિનારાયણ વાંચજો, ચન્દુલાલ કરશન રૂવીમસ્કત છે, ચન્દુલાલ હંસરાજ રાઠોડ અમો સાથે છીએ.

❖❖❖❖❖

પત્ર નં-૬૭૩ **તા. ૧૪-૯-૮૧**

ઈરાક, દુબઈ.

સ્વસ્થાન શ્રી જૂનાગઢ નિજધામ વિષે વિરાજતા અક્ષરધામના અધિપતિ સર્વેના અન્તર્યામી સર્વેના કર્મફળ પ્રદાતા અનન્ત કોટિ બ્રહ્માંણ્ડોના નાથ સર્વેના કર્તા હર્તા પરમાત્મા પરબ્રહ્મ પૂર્ણ પુરૂષોતમ પ્રગટ ભગવાન એવા અમારા ઈષ્ટદેવ પ્રાણપતિ ગુરૂદેવ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આપ બધા સેવકોને સુખી રાખો, **ઈરાક આકાશીત સાઈડથી લી. સેવક કુંવરજી ખીમજી ચાવડાવાળા તથા ચંદુલાલ તથા પ્રવીણચન્દ્ર તથા શ્રીહરિશરણાગતિ મંડળના જય શ્રીસ્વામિનારાયણ વાંચશો,** હે ભગવાન હું કુંવરજી મુલુન્ડમાં કામ શિખવા ગયો હતો જેને ત્યાં રહયો હતો તે માતાજીના ભુવા છે તેણે માતાજીનો પાઠ બેસાર્યો હતો ત્યાં જારની ઢગલીઓ કરેલ હતી, તેમાં એક ઢગલી ઉપર મારો હાથ મેલવા કહેલ, મેં હાથ મુકયો ત્યારે મારૂં હદય મુંજાણું રોણું આવ્યું દશ મિનિટ એવુ રહયુ પછી મેં તે ભુવાને પુછયુ આ શુ થયું ! તે કહે તારે પિતૃ નડતર છે ! તે દિવસથી પિતૃ મને હેરાન કરે છે, ઈરાકમાં પણ તેવી નડતર આવી જાય છે, તો આપ ભગવાન તે નડતર મટવા માટે શું કરવુ એ જરૂર જલ્દી લખી મોકલજો, આપની આજ્ઞા પ્રમાણે તેનું નિવારણ કરી નાખીશુ, આંહીથી શ્રીહરિશરણાગતિ મંડળના જય સ્વામિનારાયણ વાંચશો, પ્રસાદી ગુલાબ પાંખડીઓ મોકલજો, આશીર્વાદો આપજો, દર્શન આપજો, નડતર મટે તેમ કરજો, એજ વિનન્તિ સેવક ભકત કુંવરજી ખીમજી ચાવડાના જય સ્વામિનારાયણ વાચશોજી.

❖❖❖❖❖

પત્ર નં-૬૭૪ તા. ૧૫-૮-૮૧

દુબઈ.

પ્રગટ મહાપ્રભુજીને નમો નમઃ **સેવક જયન્તીલાલ વશરામના જય સ્વામિનારાયણ વાંચજો,** પ્રભુજી ! આજ રોજ તબીયત ઢીલી હોવાથી સાઈડ ઉપર ગયો નહિ, ઘરે સૂતો હતો, ત્યારે દિવસના ચાર વાગ્યે આપે દિવ્યમૂર્તિએ દર્શન આપ્યા, જૂનાગઢ મંદિરમાં આપના રૂમમાં તમોએ મને ચાર લાડુ પ્રસાદી ખવડાવી પછી આશીર્વાદ આપ્યા અને ઈરાકના પ્લેનમાં બેસારીને મોકલી દીધો, ઈરાક આવ્યા પછી જાગ્યો, મને પરચો થયો હું સાજો હતો, આપે દયા કરી, વાંચી પ્રસાદી પત્ર લખજો, દર્શન આપતા રહેજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૭૫ તા. ૨૦-૮-૮૧

આબુધાબી, દુબઈ.

સર્વના નિયન્તા અનાદિશ્રીકૃષ્ણનારાયણ સર્વના તારણહાર સર્વેના બેલી પૂર્ણ પુરૂષોતમ પ્રગટ ભગવાન પરબ્રહ્મ પતિતપાવન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ચરણોમાં **આબુધાબીથી આપના ચરણોનો ઉપાસક વ્રજલાલ સેવકના કોટિ કોટિ દંડવત વાંચજો,** હે શ્રીહરિ પ્રાણનાથ સ્વામિ આપના આશીર્વાદ વડે સુખે કમાઉ છું, સાજા નરવા રહેવાય છે, આંહી શુક્રવારે શ્રીહરિશરણાગતિ મંડળ બધા ભેગા થઈને પ્રગટના કીર્તન ધુન્ય ભજન કરીએ છીએ.

મહારાજ આજ સવારના ચાર વાગ્યે અમો જામવંથલી ફુલવાડીમાં ફરવા દર્શન કરવા ગયા, ત્યાં ઉત્સાહથી ડેરાનું કામ કરી રહયા હતા, ઘણા હરિભકતો હતા, તમો મહારાજ મન્દિરની આસપાસ ચકકર લગાવી રહયા હતા, બધા હરિભકતો ખૂબ સેવા આપતા હતા આપ આશીર્વાદો આપતા હતા. ફુલવાડીમાં આપની પૂજા અબીલ ગુલાલ વડે કરી અને ફુલાવાડીમાં બધેય ચારેકોર અબીલ ગુલાલ દેખાતો હતો એવા ફુલહારે શણગારેલા ભગવાન આપ હતા, પછી શણગારેલા મોટા ફુલેકામાં આપ બિરાજમાન થયા, હજારો ભાઈ બાઈઓ કીર્તન ગાતા ધુન્ય કરતા વાજા વગાડતા તાળીઓ પાડતા આપની પાછળ જયકાર બોલતા ગામમાં બધે ફર્યા હતા, આવા દર્શન થયા, પછી જાગ્યા ત્યાં આબુધાબીમાં હતા. એવા દર્શન જરૂર આપજો, સેવા મોકલાવશુ, સેવક વ્રજલાલ જાવીયાના જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૬૭૬ તા. ૨૪-૧૨-૮૦

દુબઈ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ મધુ ધનજી ભગતને પરચો થયો તે.

સંવત ૨૦૩૬ ના માગશર સુદ પૂનમને દિવસે રાત્રે દસ વાગ્યે મુમ્બઈ કાંદીવલીમાં મંદિરમાં કથાવાર્તા કરીને પછી શાસ્ત્રીજી પ્રગટ પ્રભુજી ભગવાનને અંતરમાં સંભારતા એવા મને મધુ ભગતને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે દર્શન દીધા અને હાથમાં મુઠી ભરેલી હતી તેનો ઘા કર્યો એટલે ૧૨ ફુગા ઉડયા તે સ્પષ્ટ પ્રત્યક્ષ દેખાણા ભગવાન તુરત જ અદશ્ય થઈ ગયા, પછી મારા (મધુના) અંતરમાં એમ નકકી થઈ ગયુ કે બારેય ભકતોને વિદેશમાં જવાનું જરૂરને જરૂર થઈ જાશે, એમ ભગવાને જણાવવા આ પરચો આપ્યો, તેમ સમજીને ત્યાં ભગવાનજી ભગત સુતા હતા તેને જગાડીને બેઠા કર્યા અને વાત કરી જે ભગવાને દર્શન દીધા અને બાર ફુગા ઉડાડીને એમ જણાવ્યું જે તમો બારેય ભકતોને થોડા જ દિવસોમાં જવાનું થશે. દર્શન દીધા પછી છ દિવસ બાદ ગોરો ઈન્ટરવ્યુ લેવા આવેલ હતો.

તા. ૧૬-૧૧-૮૦ ને રવિવારનું છાપું પાર્લા અધેરી બાંદરા વિગેરેમાં તપાસ કર્યુ પણ ન મળ્યુ તેમાં શીવરી ઓફીસનું એડ્રેસ હતુ, તે મુજબ વિદેશની ભરતી હતી ફીઓફ માં જવાનું હતુ, પણ છાપુ ન મળ્યુ એટલે છ એ કાંદીવલીથી અંધેરી આવતા રહયા અને હું તથા ભગવાનજી ભગત બીજો સજાકની ઓફીસે પહોચ્યા ત્યાં તો ઓફિસનો પટ્ટાવાળો કહે તમો બધા ભેગા થઈને જલ્દી ગોરેગાંવ જાઓ તમોને સજાક ખૂબ જ યાદ કરતો હતો, પટ્ટાવાળાએ ગોરેગાંવમાં ઈન્ટરવ્યુ ઓફીસનું એડ્રેસ આપ્યું, અમો બન્ને તુરત જ ટેકસી કરી ગ્રાન્ટ રોડ આવી સીધા કાંદીવલી આવ્યા, વાટ જોતા જ અર્ધી કલાકમાં ભકતો બધાં કાંદીવલી આવ્યા તેમને તૈયારીના સમાચાર ભગવાનજી ભકતે કહયા, તુરત જ બધા સામાન લઈ ગોરેગાંવ એડ્રેસવાળી ઓફીસે ગયા, ત્યાં ઈન્ટરવ્યુ ચાલુ હતુ, અમારૂ ઈન્ટરવ્યુ લેવાવા લાગ્યુ.

જેમ જેમ જે જે ભકતો ઈન્ટરવ્યુમાં બેસતા ગયા, તે તે પ્રગટ ભગવાનના પ્રતાપથી પાસ થતા ગયા, બધા ભકતો પાસ થઈ ગયા, તુરત જ ભગવાને વરસાદ ચાલુ કર્યો હતો, તા. ૧૭-૧૧-૮૦ સોમવારે પાસ થયા અને ૧૮-૧૨-૮૦ તારીખે એકાદશી શુક્રવારે પ્લેનમાં બેઠા, ભકતોનું પ્લેન સાંજના છ વાગ્યે ઉપડયું રાતના નવ વાગ્યે આબુધાબી એરપોર્ટ ઉપર ઉતર્યુ, અમો પ્લેનની સીડીએથી ઉતર્યા, ત્યારે પણ ભગવાને રાજીપાનો વરસાદ ઝરમર વરસાવ્યો, રાતે દર વાગ્યે કમ્પનીએ કેમ્પમાં પહોચાડયા, ભકતોને નાસ્તા પાણી કરાવ્યા, ત્યાં દેવજી ભગત છગન ભગત કાન્તિલાલ ભગત

મળ્યા એક બીજાને બાથમાં લઈને ભેટયા, કમ્પનીના કેમ્પમાં લોકોએ સુવા પલંગ પાગરણો આપ્યા અને કહયુ જે સવાર પાંચ વાગ્યે ચા પાણી નાસ્તો ખાઈ પી ને તૈયાર રહેજો, ગાડી છ વાગ્યે લેવા આવશે, તમારે બધાને દાસાઈલેન્ડમાં જવાનુ છે.

હે પ્રગટ ભગવાન તમોને સંભારી આનન્દથી સુતા, સવારે દાસાઈલેન્ડ ગયા, કામે લગાડવા પ્લેનમાં બેસી કામ ઉપર ઉતર્યા, બહુજ સુખી કર્યા. હેલીકોપ્ટર દરરોજ લઈ જાય છે, આનન્દથી કામ કરીએ છીએ, આશીર્વાદો મોકલજો, સાંજે સવારે પ્લેન લઈ જાય અને લઈ આવે છે, તમારૂ કીર્તનભજન પૂજન કરીએ છીએ. પાંચથી વધારે આવક લાભ છે, રાજી રહેજો, પ્રભુજી દર્શન દેવા પધારજો, **લી. દાસાનુદાસ મધુ ભગત, ભગવાનજી ભગત, પ્રાગજી ભગત, દેવરાજ ભગત, વજૂ ભગત, રામજી ભગત, કુવરજી ભગત , રતિલાલ ભગત, મોહન ભગત, પ્રવીણ ભગત, બીજા રામજી તથા રતિલાલ બધાના દંડવત સહીત જય સ્વામિનારાયણ વાંચજો.**

જીવ અવળો તમોને ન ભૂલે એવુ કરતા રહેજો. એજ.

❖❖❖❖❖

પત્ર નં-૬૭૭ **તા. ૧૪-૯-૮૧**

રાજકોટ.

સાક્ષાત પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહાપ્રભુજીના ચરણોમાં **વિનોદરાય પોપટલાલના દંડવત સ્વીકારજો,** અમારા બે નાના ભાઈઓ અભ્યાસ કરે છે તે પાસ થાય આગળ વધે કોલેજમાં વધારે માર્કસ મેળવે એવો આશીર્વાદ આપજો, દિવ્ય દર્શન આપજો, આપ સ્વયં ભગવાન છો, આપની કૃપાદ્રષ્ટિએ અમારે આલોકમાં પ્રેયઃ અને પરલોકમાં પ્રેયઃ શ્રેયઃ બન્ને લાભમાં ગતિ થાય તેવી નજર રાખજો, લાખાણી જયન્તિલાલ તથા રાજેન્દ્રકુમારના દંડવત પ્રણામ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં-૬૭૮ **તા. ૧૮-૯-૮૧**

અમરેલી.

અમરેલીથી ધીરૂભાઈ લાલજીભાઈ ઢોલરીયા તથા મગનભાઈ, દેવશીભાઈ, હરજીભાઈ વિગેરેને આપશ્રી પ્રગટ શ્રીહરિમાં ભક્તિ વધે તેમ આશીર્વાદ આપજો, અમારી જ્ઞાતિમાં ભગવાનનો અવતાર છે આ વાત ચિન્હો ચમત્કારો તથા વિદ્વાનો અને શાસ્ત્રો વડે જાણી ઘણો આનન્દ થયો છે, અમારા કુટુમ્બના દરેક સભ્યોને આપનુ ભજન થાય તેવા આશીર્વાદ આપજો, આપ અન્તર્યામી છો, દરેકના હૃદયમાં રહયા છો, પરમેશ્વર મૂર્તિ આપના ચરણમાં જરૂર પહોચાડજો એજ પ્રાર્થના છે.

❖❖❖❖❖

પત્ર નં.-૬૭૯ તા. ૨૮-૯-૮૧

રાજકોટ.

પ્રગટ ભગવાનને કોટિ દંડવત અક્ષરધામ રૂપી જૂનાગઢમાં વીરાજમાન પરમ કૃપાળુ પુજનીય પ્રગટ પરમેશ્વર ભગવાન બ્રહ્મધામના ધણી સર્વ કર્તા હર્તા સર્વનિયન્તા અનાથના નાથ પુર્ણ પુરૂષોતમ ભગવાન અમારા સર્વેના સૃષ્ટિના નાડી પ્રાણ તમારા હાથમાં છે દીનદયાળુ અધમઉધારણ પતિતપાવન ભકતવત્સલ પ્રગટ પુરૂષોતમ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીશ્રી પ્રાણપતિની સેવામાં ચરણકમળોમાં **સેવક ભરતકુમાર ગોવિંદભાઈ મકવાણાના ઘણા જ સ્નેહ સાથે હજારો દંડવત પ્રણામ સ્વીકારીજો.** આપના આશીર્વાદો વડે બહુ જ આનન્દ વર્તે છે.

સાતપુર ગામે કામે છું પ્લાસ્ટર ચાલે છે, બધી કારીગરી આવડી જાય તેવી દયા કરજો, સર્વના નિયન્તા એવા આપ છો, આપની કૃપાદૃષ્ટિ સિવાય પાંદડુ પણ હલતુ નથી રક્ષા કરજો, પ્રસાદી પાંખડીઓ મોકલજો, સાજા-નરવા રાખજયો, ગોકુલ દ્વારિકા આઘા છે પણ શ્રીકૃષ્ણનારાયણ તમો આઘા નથી, દર્શન આપતા રહેજો, માયાથી અહંમમત્વથી રક્ષા કરજો, અન્તર્યામી પ્રભુ છો, નજર રાખજો, અપરાધ માફ કરજો, આપની મૂર્તિને દરરોજ સેવા-પૂજા વડે સેવીએ છીએ, ટાણે કટાણે સંભાળ લેજો. કયાં હુ અલ્પ પ્રાણી અને કયાં તમો સૃષ્ટિ સર્જનહાર પરમાત્મા, રાજી પ્રસન્ન રહેજો, ભરતકુમાર ગોવિંદભાઈ મકવાણાના અસંખ્ય દંડવત સહિત જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પત્ર નં.-૬૮૦ તા. ૧૬-૧-૮૨

ચાવડા.

અક્ષર બ્રહ્મલોક નિજ ભવનમાં વિરાજમાન અસંખ્ય સેવક દ્વારા સુસેવિત શ્રીકૃષ્ણ વલ્લભાચાર્યજી મહારાજની જય હો. સદ્‌ગુરૂ પ્રાણેશ્વર આત્મપતિ ભગવાન શ્રીશ્વેતાયન વ્યાસજીની જય હો, ચાવડાથી નિજ ચરણસેવકના કોટિદંડવત્ પ્રણામ સ્વીકારજો, મહારાજ આપના આશીર્વાદ વડે ઓપરેશન કરાવવું પડયું નથી, દરદ મટી ગયુ છે, સાવ સારૂ થઈ ગયુ છે, ઘરમાં આગલે દિવસે તમારા પ્રત્યક્ષ દર્શન થયા અને દરદ મટી ગયું, તેથી નાના મોટાભાઈઓ કુટુમ્બી બધાં સુખી થયા છીએ, રક્ષા કરતા રહેજો, આશીર્વાદ આપજો, **અમરશી વિગેરે ભાઈઓ તથા માવતરોના દંડવત્પ્રણામ જય સ્વામિનારાયણ સ્વીકારજો.**

❖❖❖❖❖

પત્ર નં-૬૮૧ તા. ૨૮-૧-૮૨

દુબઈ.

સેવક દાસ શાન્તિલાલ કે બગીચાવાળા વિગેરેના જય સ્વામિનારાયણ. પ્રાણપતિ ભગવાન આ વર્ષે આપના દર્શન કરવા આવવુ છે અને રામજી જેઠા ભગવાનને પ્રગટ મૂર્તિ દૂધ રોટલી જમતા એવા આપના દર્શન થયા તે સ્વરૂપે સાંભળીને નિરખીને આનન્દ આનન્દ થઈ રહયો છે. હે નાથ સેવા ભક્તિ આપજો ચરણમાં રાખજો, અનાદિશ્રીકૃષ્ણનારાયણનો જય થશે, મહારાજ ભકતોના મનોરથ પુરા કરજો. સેવક શાન્તિલાલ તથા વિપ્ર ગોવિંદજી તથા કાન્તિલાલ ડાયાભાઈ તથા શાન્તિલાલ હીરજી બધાના જ દંડવત સાથે જય સ્વામિનારાયણ વાંચજો.

❖❖❖❖❖

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને નમો નમઃ

ગુરૂપૂર્ણિમાના દિવસે ભકતોએ કરેલ ગુરૂપુજનની યાદી

જામવંથળી ફુલવાડી

છગનલાલ પ્રેમજી કાચા	પંકજ રામજી
હંસાબેન છગનલાલ	ઋષિરાજ રામજી
ચમેલી છગનલાલ	વિજય રામજી
બકુલા છગનલાલ	મંજૂલાબેન નાનજી
ગીતા છગનલાલ	વર્ષા નાનજી
અરૂણા છગનલાલ	હિતેશ નાનજી
કેશવજી ડાયાભાઈ મકવાણા	દિલીપ રામજી
ઉજીબેન કેશવજી મકવાણા	શાંતાબેન દામજી કાચા
જયાબેન કેશવજી મકવાણા	અંજના દામજી
નર્મદા કેશવજી મકવાણા	કિર્તી દામજી
ભાનુ કેશવજી મકવાણા	અનસૂયા દામજી
જાદવજી કેશવજી મકવાણા	જશુબેન દામજી
ઈશ્વર કેશવજી મકવાણા	ગીરધરલાલ નરશી
નર્મદા હિરાભાઈ મકવાણા	અમૃતબેન ભરત પોરિયા
હરસુખ રામજી મકવાણા	જશવંતિ રતિલાલ

પાનીબેન રાઘવ પોરિયા
વનિતા લાધા કાચા
હેમલતા રાઘવ પોરિયા
કસ્તુરબેન ભગવાનજી
નલિના ભગવાનજી
હરિકૃષ્ણ ભગવાનજી
જયાબેન જયંતિલાલ
હંસાબેન જીવરાજ
કંચનબેન અમરસી
કાંતાબેન લક્ષ્મણ મકવાણા
રતિલાલ ઓધવજી
ધનજી ઓધવજી
પ્રભાબેન તુલસી
પુરીબેન ઓધવજી
મણીબેન હિરજી કાચા
મંજુલાબેન સામજી
ગૌરીબેન હિરજી
ભાનુબેન હિરજી
મુકતાબેન નરસી
પાનીબેન રામજી
પ્રભાબેન રામજી
પુષ્પાબેન રામજી
વેલીમા
મણીબેન વેલજી ખોલિયા
સવિતા ધીરજલાલ કાચા
ભાનુબેન વેલજી
રાજેશ તુલશી
જયંતીલાલ રામજી
દામજી પ્રેમજી
શાંતાબેન મુળજી
મનસુખ મુળજી
ધીરજલાલ લાલજી
જયસુખ રણછોડ
દિનેશ કરશન
વેલજી મનજી
જયાબેન વેલજી
અમૃતેબન ડાયા મકવાણા
હિરજી પેથાભાઈ
હરિલાલ મોહન સાપરિયા
હેમીબેન કરશન મનાણી
મુકતાબેન રણછોડ કાચા
વનિતા નાનાલાલ
ગોદાવરી ભગવાનજી
ગંગાબેન કુરજી સોલંકી
કરશન માવજી લુહાર
સુંદરબેન મોહનભાઈ
દયાબેન મોહન ખેલિયા
હેમીબેન રામજી કાચા
ડાઈબેન નાનજી
કાંતિલાલ નાનજી
કરશનભાઈ માવજીભાઈ
હીરજીભાઈ પેથાભાઈ
કેશવજી ભગત
ચકુબાપા
છગનલાલ ભગત
રાઘવભાઈ
વેલજીભાઈ પટેલ
શિક્ષક દામજીભાઈ

એ આદી સર્વના જય સ્વામિનારાયણ વાંચશો. શ્રીહરિશરણાગતિ મંડળ રજીસ્ટર્ડ થઈ ગયું છે, તેનો રજીસ્ટર્ડ નં. એ. ૧૨૭૯ જામનગર તા. ૨૨-૪-૮૨ છે. બેંક નંબર સ્ટેટ બૅંક ઓફ ઈન્ડિયા, એકાઉન્ટ નંબર ૭-૧૫૩૦ શ્રીહરિશરણાગતિ મંડળ જામવણથલી (ખાતુ – કરશનભાઈ માવધજીભાઈ, હરીજી પેથાભાઈ, કેશવજી હરીભાઈ) નામ જોઈન્ટ ખોલાવેલ છે, ગમે તે બેની સહીથી નાણા ઉપાડી શકાય, ઉપર મુજબના પત્રોથી પરદેશમાં તમામને લખી ખબર આપ્યા છે, એજ.

❖❖❖❖❖